


વર્ષ ૩૭
અંક ૪

સં. ૨૦૧૮
મહા

આદ્ય તંત્રી
૫૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક 卐

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

પ્રકાશક : રણછોડજી કેશુરભાઈ મિસ્ત્રી, ૧૨/અ, ભારતીનિવાસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ.
મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ.
તા. ૧-૨-૧૯૬૦



DIRINF (G)

FYP (iv)

આઝાદી મળ્યા પછી આપણે આયોજિત વિકાસ દ્વારા નવનિર્માણનું કાર્ય આરંભ્યું છે. પહેલી ત્રણ પંચવર્ષીય યોજનાઓ હેઠળ આપણે વિવિધ ક્ષેત્રે પ્રગતિ સાધી છે. ત્રીજી પંચવર્ષીય યોજનામાં કરવામાં આવેલી રૂ. ૧૪૫ કરોડની જોગવાઈની તુલનામાં ગુજરાત રાજ્યની ચોથી પંચવર્ષીય યોજનામાં રૂ. ૨૩૫ કરોડના ખર્ચની ધારણા છે. આમ, આ વિકાસ કાર્યક્રમમાં લોકોનો સક્રિય સાથ અને અસરકારક ભાગીદારી મહાન ભાગ ભજવે છે. આવો, આપણે સૌ સાથે મળીને આપણી અને આવતી પેઢીની સમૃદ્ધિ અને સુખના સૂર્યોદય માટે કામે લાગી જઈએ.

રાજ્યના અને રાષ્ટ્રની પ્રગતિ અને આબાદીમાં ફાળો
આપવાની ઉમદા તક પ્રત્યેક નાગરિકને
નાની બચત યોજના દ્વારા મળે છે.

卐 પ્રસ્થાન 卐

॥ દૃષ્ટિપૂતં ન્યસેત્ પાદમ્ ॥

પુસ્તક ૭૩ | ૨૦૧૮ : મહા | અંક ૪

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧ ચૂંટણીની ધમાલ	૪ ટી. ટી. કે.
૨ કૃપાલાની-મેનન	૫ માધ્યમ અંગે સુધારો
૩ કોંગ્રેસ એક ન્યાત	૬ અંગ્રેજીનું સ્થાન

પ્રશ્ન : ચૂંટણીની ધમાલ બરાબર શરૂ થઈ ગઈ લાગે છે?

ઉત્તર : હા. છાપાંઓ વાંચીએ તો એમ માનવું પડે ! પણ લોકોમાં જાણે કે બહુ ઉત્સાહ જેવું દેખાતું નથી. 'જેને આવવું હોય તે આવે' એવી વૃત્તિ થઈ ગઈ હોય એમ દેખાય છે. કોંગ્રેસપક્ષની પાસે સૌથી વધારે પૈસા, ચૂંટણીનું મોટું યંત્ર, સરકારી સત્તા, બીજા કોઈ પક્ષની પાસે આવું કાંઈ નહીં,—એટલે લોકો માની લે છે કે કોંગ્રેસ ફરી સત્તા ઉપર આવશે. પણ એ બાબતમાં ય કોઈને કાંઈ ખાસ લાગણી કે આવેશ હોય એમ દેખાતું નથી. કોંગ્રેસમાંથી રસ ઓસરતો જાય છે અને છતાં બીજું કોઈ નથી એટલે કોંગ્રેસને મત આપવો એવી મનોદશા દેખાય છે. આ કાંઈ બહુ સારું તો ન જ કહેવાય. છતાં બીજું કશું પ્રજા પાસે ઉત્સાહ આપે એવું છે પણ નહીં. આપણા દેશમાં લગભગ રશિયાની જેમ, એકપક્ષીય રાજતંત્ર ચાલશે એમ લાગે છે. ફેર એટલો જ કે રશિયામાં બીજા કોઈ પક્ષો માથું ઊંચું કરી શકે નહીં; જ્યારે ભારતમાં એ થઈ શકે છે. પણ એનું કંઈ પરિણામ સત્તાના ફેરફારમાં આવતું નથી. એટલે એકપક્ષીય રાજ્યતંત્ર આપણા દેશને માફક આવી જશે એમ લાગે છે. કદાચ આ કારણથી જ—સામ્યવાદીઓએ કોંગ્રેસમાં ઇન્ફિલ્ટ્રેશન આદરવા માંડ્યું હશે !—અસ્તુ.

જે કંઈ પક્ષભેદો થવા જોઈએ તે કોંગ્રેસમાં જ થાય છે. સોશ્યાલિસ્ટ પેટર્નને વેગપૂર્વક અમલમાં મૂકવા ઇચ્છતો એક પેટાપક્ષ; મૂડીવાદી તંત્રમાં જ સામર્થ્ય જોનારો બીજો પેટાપક્ષ; અને કશું એવું બહુ નહીં સમજનારો એવો, મોટી સંખ્યાનો સમુદાય, જેને પક્ષ કે પેટાપક્ષ ન કહી શકાય! આમ કોંગ્રેસપક્ષમાં જ પેટાપક્ષો છે અને જુદી જુદી દળબંદીમાં દેખાઈ આવે છે.

દાખલા તરીકે, 'શ્રી કૃષ્ણ મેનન જોઈએ કે નહીં' એ બાબતમાં કોંગ્રેસીઓમાં સાચાં મતોનું 'સેમ્પ્લીંગ' કરવામાં આવે તો, કોંગ્રેસમાં કેટલા પેટાપક્ષો છે તે આપોઆપ દેખાઈ આવે. બહાર નીકળી જનાર બજાજ-ટોળી (રામકૃષ્ણ બજાજ) તો નાની સરખી,

પણ એવુ માનનારો, અંદર રહી રોગી ઘણી ભોગી આ પરિસ્થિતિ કોંગ્રેસપક્ષના સંગઠન માટે આરોગ્યપ્રદ તો ન જ કહેવાય જવાહરલાલ જેવા નાયકોના વ્યક્તિત્વથી જ સંગઠિત રહેતો એ પક્ષ છે એમ કેટલાક તટસ્થ નિરીક્ષકોનું માનવુ છે એમાં તથ્ય હોય ! જે હોય તે ખરુ

પ્રશ્ન કૃપાલાની–મેનનનુ કેમ લાગે છે ?

ઉત્તર કંઈ કહેવાય નહી આપણને જે રીતે કોંગ્રેસની પરંપરા સમજવાની ટેવ પડી છે તે પ્રમાણે તો કૃપાલાની જ કોંગ્રેસની પરંપરાના વધારે મોટા ધારક કહેવાય પણ આપણી પરંપરા જો કોંગ્રેસમા રહી ન હોય તો કૃપાલાની ધારક ન જ કહેવાય પણ વિચિત્રતા એ છે કે કોંગ્રેસ જૂની સેવાના બળે એ લોકોમાં સ્થાન સાચવી રહી છે, જ્યારે એ સેવાના કેટલાયે મહારથીઓ કોંગ્રેસમાથી નીકળી ગયા છે

પણ એ તો એમ જ હોય જે ન્યાતમાથી બહાર નીકળી ગયા કે બહાર કઢાયા તે ન્યાતબહાર ! અને અંદર રહ્યા તે ન્યાતીના ન્યાતનુ લહાણુ તો ન્યાતીલાને જ મળે, બહાર નીકળી ગયેલાને ન મળે એ ન્યાયે મેનન એ કોંગ્રેસ–ન્યાતીના જ્યારે કૃપાલાની ન્યાતબહાર ! એટલે મતનુ લહાણું મેનનને જ મળે કૃપાલાનીને ન જ મળે !

બાકી મારે અભિપ્રાયે તો બન્ને સમર્થ માણસો છે અને બન્ને પોતપોતાની રીતે દેશની સાચા દિલથી સેવા કરનારા છે કદાચ દેશને એ બન્નેની જરૂર હોય પણ આ મારો અભિપ્રાય કોઈ રાજકારણી વિચારના કહેવાય, એટલે એની બહુ કિમત નહી

પ્રશ્ન કોંગ્રેસને ન્યાત કેમ કહી ?

ઉત્તર એક બાબતમાં એ ન્યાત જેવી ન ગણાય ન્યાત તો જન્મથી જ પ્રાપ્ત થાય છે એ કોઈ પસંદગીથી પ્રાપ્ત થતી નથી જ્યારે પક્ષ પસંદગીથી પ્રાપ્ત થાય છે એ મોટો તફાવત પણ ન્યાતના બીજા લક્ષણો લઈએ તો પક્ષમાં દેખાશે જેમકે મારી નાત ઊંચી, બીજા બધા નીચા અથવા જરા જુદી રીતે કહીએ તો, મારો પક્ષ સારો અને બીજા બધા નઠારા પણ બીજી એક બાબતમા તો રાજકીય પક્ષ ન્યાતના લક્ષણમાં ન્યાત કરતા પણ આગળ વધી ગયા છે ન્યાતો વચ્ચે ક્યારે પણ જે દ્વેષભાવ નહોતો પ્રવર્તતો તેવો અત્યારે રાજકીય પક્ષોમાં પ્રવર્તે છે કોંગ્રેસન્યાતીનાને એમ જ લાગે કે 'બીજા બધા તુચ્છ છે', 'હલકા છે' 'નાશ પામવા યોગ્ય છે' અમે અહિંસક છીએ એટલે એનો નાશ ન કરીએ ' 'પણ એનો નાશ થાય એમા જ જગતનુ કલ્યાણ છે, વગેરે વગેરે ન્યાતો જાય એનો બહુ શોક કરવા જેવુ નથી, પણ લોકજીવનમાં રાજકીય પક્ષો જે દ્વેષભાવ ઊભો કરે છે અને વેરઝેર રેડે છે તે પ્રજાજીવનના સુખ માટે બહુ હાનિકારક દેખાય છે કોઈક વાર વળી લાગે કે ન્યાતોની અને રાજકીય પક્ષોની તુલના કરવા જેવી છે અને કદાચ એમાથી એવુ પણ નીકળે કે ન્યાતોને દૂર કરી પક્ષોમા પડવામાં હોનામાથી ચૂનામા પડીએ છીએ કે શુ ? ન્યાત જાતના વેરઝેર જાય એ તો ઈષ્ટ છે પણ એના જગાએ રાજકીય પક્ષાપક્ષીના વેરઝેર જામી જાય એ વધારે 'જોખમકારક' છે

કુળની વાસ્તવિક ભૂમિકા વિના અમારા પક્ષમા આવે તે સારા અને બીજા બધા ખોટા એવુ સ્વરૂપ કોંગ્રેસપક્ષ ધારણ કરતો જાય છે બીજા પક્ષોમાં પણ એમ જ હશે

બીજા દેશોમાં રાજકીય પક્ષોના વિવાદો, ઝઘડાઓ હોય છે; પણ એ અમુક મુદ્દાઓ પૂરતા જ મર્યાદિત રહેતા હોય છે. પણ કોંગ્રેસે પહેલાં ગાંધીજીની સરદારી નીચે જીવનના સમસ્ત પ્રશ્નોમાં પ્રવેશ કર્યો અને પરિવર્તન કરવા પ્રયાસ કર્યો. અત્યારે સરકાર જીવનના ઘણા પ્રદેશમાં પ્રવેશ કરે છે અને નિયંત્રણ કરે છે. એ સરકાર કોંગ્રેસી છે. એટલે એ રીતે પણ, કોંગ્રેસના મતભેદો રાજકારણમાં મર્યાદિત રહી બીજી બાબતોમાં જુદા જુદા સંયોગો નિર્માણ કરવાની છૂટ આપી શકતી નથી: શાસનની બાબતમાં, અર્થકારણની બાબતમાં, શિક્ષણની બાબતમાં, સમાજસુધારની બાબતમાં, અરે ધર્મની બાબતમાં પણ કોંગ્રેસ કહે તેમ કોંગ્રેસીઓએ કરવું જોઈએ. કરે કે નહિ એ બીજી બાબત. પણ સર્વવ્યાપી નહીં તો બહુક્ષેત્રવ્યાપી આર્થિક રૂપમાંથી જે ઓળખો અનુસરે તેને જ જીવવાનો હક. એટલે ખ્યાત કરતાં પણ વધારે રૂંધી નાખે એવો એનો પ્રકાર થતો જાય છે!

પ્રશ્ન: આ ટી. ટી. આવે છે એમ સંભળાય છે એ શું છે?

ઉત્તર: આપણામાં બનવું કે ઉપરાઉપરી તેઓ ચૂંટાયા છે, અને એ રીતે બનેલી ચૂંટણીઓમાં સૌથી વહેલા ચૂંટાનાર વકીલનું માન એમને મળે છે. થોડા દિવસ પહેલાં કોઈએ કહ્યું હતું કે ટી. ટી. નું નૉમિનેશન આવ્યું અને શેરના ભાવ ગગડવા માંડ્યા! આ બલિહારી કોની? શેરબજારની કે ટી. ટી.ની? ટી. ટી.ની તો નહીં પણ આ શેરસટોડિયાઓની તો ખરી! એ લોકોને ગમે તેનો ગમે તેની જોડે સંબંધ બાંધી નફાનુકસાન નક્કી કરતાં આવડે છે! એમની એ શક્તિને કોઈ નહીં પહોંચે. ટી. ટી. પણ પહોંચી શકે નહીં!

ટી. ટી. લોકસભામાં સભ્ય થાય એટલે એ ક્રમપ્રાપ્ત કોંગ્રેસમંત્રીમંડળમાં સ્થાન મળે અને એમને સ્થાન મળે તો બીજા ક્યા સ્થાને ક્યાં ક્યા એની ચર્ચા ઉડાવવાની રાજદ્વારીઓને મજા આવે. પણ આપણે તો હવે પતંગો ઉડાવવામાંથી નિવૃત્ત થયા છીએ; છોકરાઓ ફીરકીઓ ઝાલવા દે તો એમનો પાડ, અને પતંગને એક બે ગોથાં ખવરાવવા દે અથવા ઢીલ લેવા દે તો આભાર. એટલે આપણે પતંગ કે તરંગના ઘોડા ઉપર ચડ્યા વિના ટી. ટી.નું સ્વાગત કરીએ!

તા. ૨૪-૧-૬૨

* * *

પ્રશ્ન: ગુજરાત યુનિવર્સિટીના માધ્યમ અંગેનો ચુકાદો વાંચ્યો?

ઉત્તર: આખો તો વાંચ્યો નથી અને જેટલો ભાગ વાંચ્યો છે, પણ બહુ ધ્યાનપૂર્વક વાંચ્યો નથી. પણ ધારણ અને કાયદાની દલીલો અને અમુક કલમની અમુક શબ્દ ઉપર શી અસર, એ બધી વિચારસરણી બુદ્ધિને તર્પક હોય છે. પણ એ ઉપર અભિપ્રાય આપવા જેટલું ધારાશાસ્ત્રનું આપણને જ્ઞાન નથી અને કાયદાઓ વિશે તો આપણે લગભગ અજાણ.

પણ આ ચુકાદો ઘણી રાષ્ટ્રીય અને સામાજિક બાબતોનો વિચાર કરાવે એવો છે. મને પોતાને એમ લાગે છે કે આપણી મધ્યસ્થ સરકારે શિક્ષણને એક નમાયા અને નબાપા બાળકની જેમ રખડતું મૂકી દીધું છે, જેને જેમ ફાવે તેમ કરે; અને બીજી બાજુએ કોઈ કશું ન કરી શકે! શિક્ષણ એ રાજ્યોના અધિકારમાં આવતું હોય, પણ એ ભારતના

integrationની વાત કરે છે અને જેઓ શિક્ષણને ઇન્ટેગ્રેશનનું સબળ સાધન માને છે તેઓની તો ફરજ છે કે શિક્ષણની બાબતોમાં અખિલ ભારતીય મધ્યસ્થ સરકારે સ્પષ્ટ દોરવણી આપવી જોઈએ. સ્વરાજ્ય મળ્યા પછી તે આજ દિન સુધી શિક્ષણના વિષયમાં મધ્યસ્થ સરકારે અથવા તેના શિક્ષણમંત્રીમંડળે આ બાબતમાં પોતાની જવાબદારીનું ભાન રાખ્યું નથી એમ દેખાય છે. હા, કમિશનો નીમ્યાં પણ એના અમલની બાબતમાં પછી ચર્ચાઓ જ ચાલવા દીધી! અને વળી એમાંથી નવાં કમિશનો અને નવી સમિતિઓ નીમવાનો અવકાશ મેળવી લીધો! દુનિયાના પ્રથમ પંક્તિના શિક્ષણકારોનું બનેલું રાધાકૃષ્ણન કમિશન જાણે કોઈ પુરાતત્ત્વની બાબત હોય તેમ વીસરાઈ ગયેલું, ખોદકામ કરીને શોધી કાઢવાનો વિષય બન્યું હોય એમ લાગે છે. નહીં તો, રાધાકૃષ્ણન કમિશને સૂચવેલા ધોરણો મધ્યસ્થ સરકારે કેમ અમલમાં મૂક્યાં નહીં તે ન સમજાય એવી બાબત છે. એટલે, આ ચુકાદામાં મને એક બાબત સારી લાગી છે, અને તે એ કે યુનિવર્સિટીના માધ્યમની બાબતમાં મધ્યસ્થ સરકારે બધાં રાજ્યોને દોરવણી આપવી જોઈએ. આમ કરવું એ બંધારણના કાયદા પ્રમાણે છે કે નહીં એ અંગે મારે કશો અભિપ્રાય આપવાનો નથી, પણ દેશમાં શિક્ષણના ક્ષેત્રમાં અરાજકતા ફેલાવવી ન હોય તો, મધ્યસ્થ સરકારે સમગ્ર રાષ્ટ્રનું ઐક્ય અને રાજ્યોનું વૈવિધ્ય ધ્યાનમાં રાખી હિંમતભેર દોરવણી આપવી જોઈએ.

સામાજિક દૃષ્ટિએ વિચાર કરીએ તો કેટલીક વિચિત્ર પરિસ્થિતિ ઊભી થતી દેખાય છે. લઘુમતીઓને અને નાના નાના વર્ગોને મૂંઝવણ ન થાય એ ધ્યાનમાં રાખવાની જરૂર છે અને એ ગુણ કેળવવા જેવો પણ છે. એટલે શિક્ષણની બાબતમાં લઘુમતીઓને મૂંઝવણ ન થાય એવી સગવડ રાખવી જોઈએ; પણ આ ચુકાદાથી તો એમ લાગે છે કે ફક્ત લઘુમતીઓનો જ વિચાર કરવાનો હોય, બહુમતીઓને માટે તો કંઈ વિચાર કરવાનો હોય જ નહીં!

રાષ્ટ્ર કે રાજ્યોની દૃષ્ટિથી કોઈ પણ એવો કાયદો તો નહીં જ હોય કે જેમાં કોઈ વર્ગને અને કોઈક વ્યક્તિને ક્યાંક અડચણ ન પડતી હોય. પણ કોકને ક્યાંક અડચણ પડે છે એટલા ખાતર, કાયદા કરવાનું કોઈ મોકૂફ નથી રાખતું. સમસ્તની દૃષ્ટિથી કાયદા કરવાના હોય છે, અને તેથી કેટલાકને અડચણ પડે તો તે નિર્વાહ્ય જ ગણવું પડે છે. કોઈ એક પ્રદેશમાં એ પ્રદેશની ભાષા શિક્ષણનું વાહન બને એ હકીકતમાં તો કહેવાનું પણ ન હોય અને એને અંગે કાયદો પણ કરવાનો ન હોય; પણ અંગ્રેજોના અમલ દરમ્યાન અંગ્રેજી ભારતમાં શિક્ષણનું વાહન બન્યું એટલે એને સ્થાને સ્વભાષાને વાહન તરીકે મૂકવી જ હોય તો કાયદો કરવો પડે! આવો કાયદો થતાં કેટલાકને અડચણ પડે એ અનિવાર્ય છે, પણ તેથી જો શિક્ષણની દૃષ્ટિએ પ્રદેશની સ્વભાષાને વાહન બનાવવું ઇષ્ટ હોય તો તે પ્રમાણે કાયદો કરવો જ જોઈએ; અને તેથી થોડાકના સાચા કે કલ્પિત હક્કોને નુકસાન પહોંચતું હોય તો તે સહન કરી લેવું જ પડે. આ દૃષ્ટિએ તો આ ચુકાદો ન સમજાય તેવો છે. જેમનો અમલ ચાલુ છે એવા કેટલાયે કાયદાઓને જો આ રીતે આક્ષિપ્ત કરવામાં આવે તો મૂળભૂત હક્કોની દૃષ્ટિથી ક્યાંક ને ક્યાંક એ હાનિકર્તા કે અડચણકર્તા દેખાશે. એટલે ગુજરાત યુનિવર્સિટીની બોધભાષા ગુજરાતી હોય એવા કાયદાને આમ ગેરકાયદે ઠરાવવામાં આવે એ તો કાયદાશાસ્ત્રમાં નિષ્ણાત ન હોય એવા ઘણાઓને ન સમજાય એવી બાબત છે.

ચર્ચા—

આજે કેમ થયું, શા માટે ગુજરાતી બોધભાષા તરફ આટલો બધો વિરોધ થઈ રહ્યો છે અને વધતો જાય છે તેનાં કારણોમાં ઊંડા ઊતરીએ તો એક કારણ એ પણ લાગે છે કે ગુજરાતી બોધભાષાના હિમાયતીઓને એ હિમાયત કરતાં આવડી નથી. લોકોને વસ્તુ મનમાં ઉતારી, તેમને સમજાવી, ધીરજથી તેમની શંકાઓને દૂર કરી, એનાથી ઊભી થતી મુશ્કેલી અને અડચણોનો વિચાર કરી જરૂરી છૂટછાટો મૂકી, ઉદાર દૃષ્ટિ રાખી, આ હિમાયત કરવાને બદલે દંડાના જોરથી અને કાયદાની કલમને જોરે ગુજરાતીનો દમામ બેસાડવાના પ્રયત્નમાંથી આ વિકૃત એવી પ્રતિક્રિયા ઊભી થઈ છે એટલે ઘણીવાર એમ થાય છે કે ભગવાન ગુજરાતીને ગુજરાતીના હિમાયતીઓથી બચાવે!

પ્રશ્ન : તમે અંગ્રેજીનું કયું સ્થાન ઉચિત માનો છો?

ઉત્તર : હું તો એમ માનનારો છું કે ગુજરાતી બોધભાષાને સફળ અને સમર્થ બનાવવાને માટે અંગ્રેજીનું જ્ઞાન પહેલાંના કરતાં પણ હાલ વધારે આવશ્યક છે. જુદા જુદા વિષયોમાં પાઠ્યપુસ્તકો તૈયાર થાય પછી જ સ્વભાષાને બોધભાષા કરી શકાય એ વિચાર હેત્વાભાસી છે. કારણ કે બોધભાષા થવું એ તે ભાષામાં ગ્રન્થો સરજાવવાનું એક પ્રબળ નિમિત્ત છે, અને તેથી એવું ચક્ર ફરે કે ગ્રન્થો ન હોય ત્યાં સુધી બોધભાષા ન થાય, અને બોધભાષા ન થાય તો ગ્રન્થો થવાનું એક પ્રબળ નિમિત્ત ન રહે! કદાચ ક્યારે પણ સ્વભાષા બોધભાષા ન થાય એવી પરિસ્થિતિ ઊભી કરનારો આ તર્ક છે.

છતાં એ સાથે જ ગુજરાતી બોધભાષાનું રક્ષણ કરવાનો એક માર્ગ એ છે—ખાસ કરીને ઉચ્ચ શિક્ષણમાં, અને તે એ કે વિદ્યાર્થીઓને અંગ્રેજીનું એટલું જ્ઞાન હોવું જોઈએ કે જેથી તે તે વિષયના પ્રમાણભૂત ગ્રન્થો વિદ્યાર્થીઓ પોતાની જાતે સમજી શકે અને એનો ઉપયોગ કરી શકે. આવું જ્ઞાન આપવાને માટે અંગ્રેજીને પાંચમા ધોરણથી શીખવવું પડે તો તેમ કરવામાં મને કંઈ વાંધો દેખાતો નથી. ખરી રીતે તો હિંદીને વહેલું દાખલ કરવાથી એ ભાષા શક્ય રૂપ બની ગઈ છે. શાળાન્તના છેલ્લા વર્ષમાં કે તે પહેલાંના વર્ષમાં હિંદી દાખલ કરવામાં આવે તો પણ એ શિક્ષણ બોલવા-લખવા માટે પર્યાપ્ત થાય એમ ભારતીય ભાષાઓના તુલનાત્મક અભ્યાસથી મને લાગે છે. નાનપણથી શીખવવા જેવી ભાષા તો સંસ્કૃત અને અંગ્રેજી છે. આ વિચારસરણી paradoxical લાગે, પણ બુદ્ધિના વિકાસની દૃષ્ટિએ અને જ્ઞાનનો સંભાર ઘટી ન જાય એ માટે શિક્ષણમાં આ ક્રમ મને ઠીક લાગે છે : સ્વભાષા, પછી સંસ્કૃત, અને સાથે અથવા પછી અંગ્રેજી, શાળાન્ત અથવા એ પૂર્વેના વર્ષમાં હિંદી.

* તા. ૨૭-૧-૬૨

*

રાજ્યોનો વિસ્તાર અને વસ્તી

	વિસ્તાર (૦૦૦ ચોરસ માઇલમાં)	વસ્તી ૧૯૫૧ ('૦૦૦)	વસ્તી ૧૯૬૧ ('૦૦૦)	૧૯૫૧-૬૧ દરમ્યાન વધારો ટકા
આંધ્ર	૧૦૬	૩૧,૧૧૫	૩૫,૯૮૩	૧૫.૬૫
આસામ	૪૭	૮,૮૩૧	૧૧,૮૬૦	૩૪.૩
બિહાર	૬૭	૩૮,૭૮૪	૪૬,૪૫૫	૧૯.૮
ગુજરાત	૭૨	૧૬,૨૬૩	૨૦,૬૨૧	૨૬.૮
જમ્મુ અને કાશ્મીર		૩,૨૬૬	૩,૫૮૪	૯.૭૬
કેરળ	૧૫	૧૩,૫૪૯	૧૬,૮૭૫	૨૪.૭૬
મધ્ય પ્રદેશ	૧૭૧	૨૬,૦૭૨	૩૨,૩૯૪	૨૪.૩
મદ્રાસ	૫૦	૩૦,૧૧૯	૩૩,૬૫૧	૧૧.૭
મહારાષ્ટ્ર	૧૧૯	૩૨,૦૦૩	૩૯,૫૦૪	૨૩.૪
મૈસૂર	૭૪	૧૯,૪૦૨	૨૩,૫૪૭	૨૧.૪
ઓરિસ્સા	૬૦	૧૪,૬૪૬	૧૭,૫૬૬	૧૯.૮
પંજાબ	૪૭	૧૬,૧૩૫	૨૦,૨૯૮	૨૫.૮
રાજસ્થાન	૧૩૨	૧૫,૯૭૧	૨૦,૧૪૬	૨૬.૧
ઉત્તર પ્રદેશ	૧૧૩	૬૩,૨૧૬	૭૩,૭૫૩	૧૬.૭
પશ્ચિમ બંગાળ	૩૪	૨૬,૩૦૨	૩૪,૯૬૭	૩૨.૯
યુનિયન ટેરીટરીઝ	૧૯	૩,૫૪૪	૫,૨૨૨	૪૭.૩
તેમાં દિલ્હી	૦૬	૧,૭૪૪	૨,૬૪૪	૫૧.૬
કુલ	૧,૧૨૭	૩૫૯,૨૧૭	૪૩૬,૪૨૪	૨૧.૫

મત્યાઘાતીઓનું જોર વધશે ખરું?

ડૉ. સુમન્ત મહેતા

૧૯૪૭ના ઓગસ્ટની પંદરમી તારીખે હિંદ અને પાકિસ્તાન બન્ને દેશો બ્રિટિશ સરકારની ધૂંસરીમાંથી છૂટા થયા, આ બન્ને દેશોને સ્વરાજ્ય પ્રાપ્ત થયું.

આ લગભગ પંદર વર્ષોના લાંબા સમયમાં પાકિસ્તાનમાં એક પણ સાર્વત્રિક ચૂંટણી એટલે જનરલ ઇલેક્શન થયું નથી અને હિંદદેશમાં ત્રીજી ચૂંટણી થવાની છે. આવી હકીકત જાણીને ઘણા ભારતવાસીઓ ખુશ થાય છે અથવા ફુલાય છે. અંગ્રેજ લોકોમાં એક કહેવત છે કે જે મનુષ્યને છેવટે હસવાનું (એટલે ખુશ થવાનું) પ્રાપ્ત થાય છે તે જ ખરું હસ્યો કહેવાય—"He laughs most who laughs last." મુખ્ય મહત્ત્વનો પ્રશ્ન તો એ છે કે આપણા પ્રજાજનો બરાબર સમજપૂર્વક મતદાન કરે છે ખરા? એ મતદારો સમજે છે ખરા કે જે સરકાર સત્તા પર આવશે તેને આપણે પાંચ વર્ષ માટે આપણું કલ્યાણ અકલ્યાણ કરવાની સત્તા સોંપી દઈએ છીએ?

આપણા રાષ્ટ્રીય બંધારણ પ્રમાણે આપણે લોકશાહી સરકાર, લોકશાહી વ્યવસ્થા, દેશમાં સ્થાપવી છે—પ્રધાનો તો માત્ર આપણા મુનિમો છે. એ આપણા શેઠ નથી. શેઠ તો આપણે છીએ. અને પ્રધાનો પોતાના હાથ નીચે નોકરો રાખે છે, તે માત્ર સરકારી વહીવટ કરનારા છે. હવે જો આ વહીવટદારો આપણા પર શેઠાઈ કરવા બેસે તો લોકશાહીનું ખૂન થયું કહેવાય.

આ વખતની ચૂંટણી (એટલે આ લેખ છપાશે પછી થોડા જ દિવસો પછી જે ચૂંટણી થશે તે) ખરેખરી કટોકટીના પ્રસંગની છે. નવા મતાધિકાર પ્રમાણે ચૂંટાયેલી ધારાસભાઓ દ્વારા ચાલતી સરકારોના વહીવટનો આપણે દશ વર્ષ જેટલા લાંબા વખતનો અનુભવ મેળવ્યો છે આપણે બે પંચવર્ષીય યોજનાઓ માટે માની ન શકાય તેટલો—અબજો રૂપિયાનો—ખર્ચ કર્યો છે. તે ખર્ચ કરવા માટે આપણે પેટે તંગ પાટા બાંધ્યા છે પ્રજાના ઘણા મોટા ભાગની વસ્તી એટલે મધ્યમ અને ગરીબ પ્રજાએ ભયંકર મોંઘવારી ભોગવી છે, પણ તેના પ્રમાણમાં આપણું કલ્યાણ થયું છે ખરું? આ દસ વર્ષના અમલ પછી સાચું કલ્યાણકારી રાજ્ય મેળવ્યું છે? આ વાત ઘણી જ મહત્ત્વની છે, પણ તેની પરીક્ષા કરવા માટે સેંકડો બાબતો વિગતવાર તપાસવી પડે. આ ટૂંકા લેખમાં તેમ કરવું અશક્ય છે. તેમ છતાં આપણે કેટલાક મુદ્દા તપાસીશું અને તેના પરથી નક્કી કરીશું કે આ મહામૂલું સ્વરાજ્ય આવ્યું ત્યારપછીનાં પંદર વર્ષ પછી આપણે રડવા જેવું કડવું મોં કરવાનું છે કે મોં મલકાવવાનું છે? અડધા ભૂખ્યા પેટે હસવું તો શી રીતે આવે?

આ સ્થાને એક બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરી દેવો જોઈએ. આ લેખ ચૂંટણી માટેના પ્રચાર અર્થે લખાતો નથી કારણ કે ચૂંટણી તો તદ્દન નજીક આવી ચૂકી છે. આજે તો આપણે એટલું જ જોઈ શકીશું કે મતદારો છેતરાયા છે કે નહીં.

આપણા દેશમાં આજે (૧) કોન્ગ્રેસ, (૨) પ્રજાસમાજવાદી પક્ષ, (૩) સામ્યવાદી પક્ષ, (૪) જનસંઘ, (૫) મુસ્લિમ લીગ, (૬) સ્વતંત્ર પક્ષ અને બીજા અનેક ઉદ્દામ 'ધા મેળા પક્ષો ચૂંટણી માટે ઊભા થયા છે.

આ પક્ષોની મોટી સંખ્યા જ જરા બતાવી આપે છે કે ભારતની પ્રજાએ ઘણી ઓછી પ્રગતિ કરી છે. ગ્રેટ બ્રિટનમાં પ્રજાકીય મુખ્ય બે જ પક્ષો છે. અમેરિકામાં પણ મુખ્ય તો બે જ પક્ષો છે: રીપબ્લિકન અને ડેમોક્રેટિક. વળી, દસ પંદર વર્ષના અનુભવ પછી આપણે ઘણી મોટી શોધ કરી છે કે જો સરકારની સામે એક જબરો વિરોધપક્ષ ન હોય તો જે પક્ષના હાથમાં સરકાર હોય છે તે સ્વચ્છંદી, બિનજવાબદાર, તથા આપખુદ બની જવાનો પૂરેપૂરો સંભવ રહે છે. આ સત્ય આપણે અનેક કડવા અનુભવો સહન કરીને શીખ્યા છીએ. પણ હજી કેટલાક લોકો એવું સમજે છે કે આવો વિરોધપક્ષ સરકારે પેદા કરવાનો છે. આવો એક વિરોધપક્ષ સ્થપાય તો તે અટકાવવા માટે હાલની સરકારે કોઈ જબરાં સખત પગલાં લીધાં હોય તેમ પણ બન્યું નથી. ખુદ પ્રજાજનોમાં જ એટલું ડહાપણ, એટલી માનસિક ઉદારતા નથી કે સરકારમાં જે પક્ષો જોડાયા ન હોય તે પક્ષોમાંથી અનેક એકઠા થઈને સરકારને તેમની ફરજોનું ભાન કરાવે. જે જે દેશોમાં બ્રિટિશ પાર્લમેંટ જેવી રાજ્યવ્યવસ્થા છે ત્યાં પક્ષો ઓછા હોય છે અને સરકારની સામેના પક્ષો સરકારને હરાવી શકે છે. અમેરિકામાં આઈઝેનહોવરની રીપબ્લિકન સરકાર હતી તે જ્યારે અમેરિકન પ્રજાને ન ગમી ત્યારે નવી ચૂંટણી વખતે ડેમોક્રેટિક પક્ષની સરકારને સત્તા આપવામાં આવી, પણ ત્યાર પહેલાં વિરોધપક્ષે સરકારની નીતિની ઝાટકણી કાઢીને સંગીન પ્રજામત કેળવ્યો.

વારુ, ત્યારે આપણા દેશમાં આવું વાતાવરણ ઊભું કરવાનાં કોઈ શુભ ચિહ્નો દેખાય છે ખરાં? હું તો તે જોઈ શકતો નથી. તેનો અર્થ એ થયો કે આપણે જે સરકારને સત્તા સોંપી છે તેનાથી આપણે સર્વ સંતોષ અનુભવીએ છીએ. એમ પણ હોય કે બીજો કોઈ પક્ષ હાલની સરકારના જેટલો કાર્યદક્ષ કે પ્રમાણિક અને પ્રજાનું કલ્યાણ કરી શકે એવો નથી. જો આવું જ હોય તો પ્રજાજનોને આજે હસવાનો પ્રસંગ નથી પણ રડવાનો છે. પ્રજા તો અત્યંત દુખી છે. લાખો લોકો જગતી કંગાલિયત ભોગવે છે. કરોડો હિંદીઓ સમાજથી બહિષ્કૃત છે અને તેથી જાનવર જેવા રહી ગયા છે. આપણા બંધારણ પ્રમાણે તો દશ વર્ષ પછી જે જે વિશિષ્ટ હકો વર્ગીકૃત જાતિને આપ્યા હતા તે બંધ કરવાની આશા રાખી હતી તેનું કેવું કારસ થયું? હમણા ગુજરાતમાં ઘોડાઓને અમુક રોગ લાગુ પડ્યો હતો ત્યારે બે ત્રણ હજાર ઘોડા મરી ગયા હતા. જો બે હજાર ઘોડાને બદલે બસો બળદો મરી ગયા હોત તો હજારો વર્ગીકૃતોને ગામડાંના લોકોએ અભાનુષી માર માર્યો હોત—મારા મનમાં આ વિશે રજકણ જેટલીયે શકા નથી.

છેલ્લાં પંદર વર્ષોમાં કેટલીક પ્રગતિ જરૂર થઈ છે—શા માટે ન થાય? થવી જ જોઈએ, પણ પ્રજાવર્ગમાં સરકારની આબરૂ કાંકરા જેવી થઈ ગઈ છે; અને તે અકારણ નથી. પોલીસનો ભયંકર ત્રાસ હોવા છતાં અણવિચારી પ્રધાનો તેમના ગુણગાન ગાય છે. પોલીસ વિશે ન્યાયાધીશોને કડક ટીકાઓ કરવી પડે છે. પ્રધાનો અને પ્રધાનોના "સાળાઓ" સરકારી વહીવટમાં ડખલગીરી કરે તો રાજવહીવટ પ્રમાણિકપણે ચાલે શી રીતે?

બેકારી ઘટતી નથી. ખોરાકની બાબતમાં સ્વાવલંબી થવાની વાતો પ્રધાનો કરે છે ત્યારે લોકો મશ્કરી કરે છે! કરોડો રૂપિયા ખર્ચીને અમુક યોજનાઓનો અમલ કર્યો છે. લોકો તો એમ પૂછે છે કે નાણાં વેડફાયાં છે તેના પ્રમાણમાં તેનું પરિણામ આટલું બધું કંગાલ કેમ છે!

કોઈ પણ ગામના રસ્તામાં નીકળો અને જે લોકો હાડીઆ મજૂરી કરે છે તેમની સ્થિતિ જોઈ લો. તમારે કોઈ રિપોર્ટો વાંચવાની જરૂર નથી. લોકોનાં શરીર પર નથી આવશ્યક કપડાં, ખોરાક વિના શરીર ઝાંખા અને કંતાઈ ગયેલાં જોવામાં આવશે. લાખો લોકો રહે છે ઝૂંપડીઓમાં મોંઘવારી વધ્યાં જ કરે છે. અનેક મનુષ્યોને આપઘાત કરવો પડે છે !

સૌ કોઈ જાણે છે કે દેશમાં કેટલાક થોડા ધનપતિઓને ત્યાં કમાણી વધ્યાં કરે છે. આવકવેરો આપનારાની સંખ્યા પ્રમાણમાં જુજ છે. આવકવેરા આપવામાં કયા પ્રકારની બદમાશી થાય છે તે સરકાર તથા પ્રજા જાણે છે, અને સરકાર પર અનેક ધનવાનોની જબરી લાગવગ છે.

સ્પષ્ટમાં સ્પષ્ટ શબ્દોમાં કહેવું પડે છે કે કોન્ગ્રેસની ભૂલભરેલી નીતિ (અનીતિ)ને લીધે જ મુસ્લિમ લીગને સજીવન થવાનો મોકો મળ્યો છે કોન્ગ્રેસને લીધે જ રાજવીઓએ તથા મોટા જમીનદારોએ માથું ઉંચક્યું છે.

આ બધું પુરાણું અટકાવી દઈને નજીકના ભવિષ્યમાં આવતી ચૂંટણી વિશે થોડુંક લખીને આ લેખ પૂરો કરીએ.

આપણે એક અનુમાન કરી શકીએ તેમ છીએ કે કેન્દ્રની લોકસભામાં તેમજ લગભગ બધા જ પ્રાંતો (રાજ્યો)ની ધારાસભાઓમાં કોન્ગ્રેસને બહુમતી મળશે. આ પરિણામ કોન્ગ્રેસના પુરુષાર્થને લીધે નહીં પણ ગાંધીજી તથા નેહરુની પ્રતિષ્ઠાને આભારી છે. સંયુક્ત કુટુંબમાં સૌથી મોટો પુત્ર પિતાની બધી મિલ્કત પચાવીને બેસે તેવો આ કિસ્સો છે. કોન્ગ્રેસનું ઘડતર માત્ર આજના કોન્ગ્રેસીઓએ કર્યું નથી કૃપાલાની અનેક વર્ષો સુધી કોન્ગ્રેસના મુખ્ય મંત્રી અને સચાલક હતા. આજે એમના ડહાપણ તથા સમજની ઠેકડી કરતાં કોઈ અચકાતું નથી. જ્યારે કોન્ગ્રેસમાં હતા ત્યારે તેમની બુદ્ધિ તથા વિચક્ષણતા વિશે કોઈને શંકા નહોતી. આવાં અનેક નામો બતાવી શકાય. આ બન્નેના જમાનામાં તો સ્વાર્થત્યાગ અને આર્થિક હાડમારી તથા સરકારની ખફામરજી સિવાય કાંઈ મેળવવાનું નહોતું. ૧૯૩૭ પછીથી સરકારમાં સત્તા ભોગવવાની લાલચનું તત્ત્વ આવ્યું, અને ત્યાર પછીથી કોન્ગ્રેસ પક્ષમાં ફાટફૂટ અને આંતરકલહ જાગ્યા છે તેનો ખ્યાલ સંપૂર્ણાનંદ અને ગુપ્તાની સાઠમારીથી આખું હિંદ પરિચિત છે.

ત્યારે જો આપણું અનુમાન ખરું પડે તો ચૂંટણીમાં હવે રસ લેવા જેવું શું રહ્યું છે ? આ પ્રશ્ન પણ ઘણો મહત્ત્વનો છે એમ માની લો કે બધી ધારાસભાઓમાં કોન્ગ્રેસ જીતશે તે છતાં ચૂંટણીમાં બીજા કોણ કોણ ચૂંટાશે એ પ્રશ્ન ઓછો મહત્ત્વનો નથી.

કોન્ગ્રેસ પક્ષમાં અમુક માણસો એવા છે કે જેમની વિચારસરણી જનસંઘ અથવા સ્વતંત્ર પક્ષના જેવી પ્રગતિ વિરોધક છે તેમને જમીનદારોને તથા રાજાઓને મદદ કરવી છે તેમને બધા ઉદ્યોગો ખાનગી ક્ષેત્રોને સોંપી દેવા છે. તેમની કુણી નજર કરોડપતિઓ પ્રત્યે છે. કોન્ગ્રેસી હોવા છતાં આવા માણસો નેહરુને તથા પ્રધાન મંડળને આગળ વધવામાં રોકાણ કરે છે આવા પ્રતિનિધિઓ વધારે મોટી સંખ્યામાં ચૂંટાશે કે નેહરુને ટેકો આપનારાઓની સંખ્યા મોટી હશે ?

અને તે ઉપરાંત બીજો પ્રશ્ન એ છે કે જનસંઘ, મુસ્લિમ લીગ, હિંદુ મહાસભા, રામરાજ્ય પરિષદ અને સ્વતંત્ર પક્ષના વધારે આવશે કે પ્રગતિશીલ પક્ષોના ?

આની રીતે ૧૯૬૨ની ચૂંટણીમાં કોન્ગ્રેસના માણસો ભલે બહુમતી મેળવે પણ ગરીબ તથા અભણ, સ્પૃશ્ય કે અસ્પૃશ્ય, બેકારો, કે મજદૂરો કે ખેડૂતોનું કલ્યાણ કરે એવા કેટલા સભ્યો ચૂંટાઈ આવશે એ પ્રશ્ન ઓછી કિંમતનો નથી.

નાનો તો યે મોટાં કામ

નટવરલાલ પ્રભુલાલ બુચ

નાનાભાઇ જ્યારે વીરમગામની નિમક સત્યાગ્રહ છાવણીના નાયક તરીકે પકડાઈ, જેલ ભોગવી, ૧૯૩૧મા સાબરમતીથી છૂટીને ભાવનગર દક્ષિણામૂર્તિ સંસ્થામાં પાછા આવવાના હતા ત્યારે દક્ષિણામૂર્તિ વિનય મંદિરના હસ્તલિખિત દૈનિક પત્રના સ્વાગત અંકમાં ગિજુભાઈએ તેમને વિશે સરસ જોડકણું લખ્યાં હતાં, તેમાં આ લીટીઓ હતીઃ

નાનો તો યે મોટાં કામ,
કાળો તો યે ધોળાં કામ,
ચીથે નાકે નાકવાન ...

નાનાભાઈના ગુણવિકાસ અને સિદ્ધિઓનો ખ્યાલ આટલી આ ત્રણ લીટીઓ સચોટ રીતે આપે છે.

તેમના સજીહ ગુરુભાઈ, તેમના અત્યંત નિકટના વડીલ મિત્ર, ભાવનગરના તે વખતના પ્રખ્યાત સ્ટેશન માસ્તર સ્વ૦ હરગોવિંદ અજરામર પંડ્યા તે મોટાભાઈ અને નૃસિંહ-પ્રસાદ કાળિદાસ ભટ્ટ તે નાનાભાઈ. નાનાભાઈના વિચારો અને તેના વ્યવહાર રૂપે થતાં પ્રવૃત્તિઓ-પ્રયોગોને મોટાભાઈએ, પોતે જીવ્યા ત્યાં સુધી, પોતાનાં ગણી પોષ્યાં. જાણે કે એ ઋણનો સ્વીકાર નૃસિંહપ્રસાદે કાયમ માટે નાનાભાઈ નામ ધારણ કરીને કર્યો—પછીથી નૃસિંહપ્રસાદ નાનાભાઈ જ રહ્યા; પણ પોતાનાં મોટાં કામથી તેમણે "નાંના" નામને મોટું કરી દીધું.

વ્યક્તિમાત્રના જીવનમાં જુદાં જુદાં બળોની ખેંચતાણ થતી જ હોય છે. એ બળોથી ન ખેંચાઇને કે તેમની વચ્ચે ન ભીંસાઇને, તેમને વશ રાખીને, તેમની વચ્ચે સમતુલા સ્થાપીને જે જીવી શકે તેનું જીવન સફળ કહેવાય. નાનાભાઈનું જીવન એ આવા મેળનો સરસ અને સંપૂર્ણ નમૂનો હતું. તેઓ સ્થિતિચુસ્ત છતાં ઉદાર, આદર્શસેવી છતાં વ્યવહાર-કુશળ, જ્ઞાનવાન કર્મયોગી, વર્ડ્ઝવર્થે

"Type of the wise, who soar, but never roam
True to the kindred points of Heaven and Home"

એ શબ્દોમાં વર્ણવેલા ખરેખરા "wise" હતા. પણ એ મેળ કે સમન્વય એ એમનું ધ્યેય નહીં પણ એમની, પોતાના આદર્શને અમલમાં મૂકવાની આવડત ને એમના wisdomનું પરિણામ હતું. સમન્વય કે મેળ ખાતર એમણે કદી આદર્શને નીચો પડવા દીધો નથી. લોકભારતીમાં, ભારત સરકારે સ્થાપેલી નેશનલ કાઉન્સિલ ફોર રૂરલ હાયર એજ્યુકેશન સાથે સંલગ્ન રૂરલ ઇન્સ્ટિટ્યૂટ વિભાગ શરૂ થયો. સરકાર તરફથી લખાઇ આવ્યું કે આ વિભાગમાં વિષયશિક્ષણનું માધ્યમ અંગ્રેજી રાખવું. જેમણે છેક ૧૯૨૦થી પ્રાદેશિક ભાષાના માધ્યમ દ્વારા જ શિક્ષણ આપવાના સિદ્ધાન્તને સ્વીકાર્યો હોય અને સફળ રીતે આચર્યો હોય તેઓ આ દરખાસ્ત શી રીતે સ્વીકારી શકે? તરત જ નાનાભાઈએ જવાબ

લખ્યો—"માધ્યમ અંગ્રેજી રાખવાની આપની સૂચનાનો મારો ઉત્તર સ્પષ્ટ અને અસંદિગ્ધ ના છે; માધ્યમ ગુજરાતી જ રહેશે. જો આપને મારો નિર્ણય સ્વીકાર્ય ન હોય તો મને તે પ્રમાણે લખી જણાવો એટલે હું આપે મોકલેલ રૂપિયા એક લાખની ગ્રાન્ટનો ચેક પાછો મોકલી દઉં." દરખાસ્ત પર પુનર્વિચારણા થઇ અને અંગ્રેજી માધ્યમનો આગ્રહ પડતો મુકાયો.

આધ્યાત્મિકતા અને માનવતા એમના જીવનના પાયામાં હતી, એમના જીવનનું પ્રેરક-બળ પોષકબળ હતી. કદાચ એ એમને સહજ હતી. પ્રોફેસરી છોડીને પાંચદસ વિદ્યાર્થીઓનું છાત્રાલય શરૂ કરવાનું તેમને કેમ સૂઝ્યું તે તેઓ કહી શકયા નથી. કોઇક ન સમજાય તેવી અંતઃપ્રેરણાથી તેમણે આ પગલું લીધું તેમ તેઓ કહેતા. તેમનું, તેમના મિત્રોને વિચિત્ર અને હળી હળીને ઢાંકણીમાં ઉતરાવવા જેવું લાગતું આ પગલું, ભવિષ્યમાં શિક્ષણમાં ક્રાન્તિ લાવનારું નીવડ્યું. દેખીતી રીતે નીચે ઊતરીને તેઓ ઊંચે ચડ્યા. તેમણે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની સ્થાપના કરી ને તેમને ગિજુભાઇ-હરભાઇ જેવા સાથીદારો સાંપડ્યા, અને પછી તો પોતાને સૂઝતા અથવા પશ્ચિમમાંથી આવતા શિક્ષણના વિચારોના નવા પ્રવાહોમાંથી લેવા જેવું લઇને જે નવા સાહસિક પ્રયોગોની પરંપરા શરૂ થઇ તેનું મૂલ્યાંકન હજુ આજે પણ પૂરી રીતે થયું નથી. નાનાભાઈએ લખ્યું છે કે ભાવનગર રાજ્ય હોય તો જ દક્ષિણામૂર્તિ જેવી સંસ્થા ફૂલીફાલી શકે. તે જ રીતે આપણે કહેવું જોઇએ કે નાનાભાઈ હોય તો જ દક્ષિણામૂર્તિમાં આ સાહસિક પ્રયોગો થઈ શકે અને સફળતા પામી શકે. નાનાભાઈએ પોતે સીધા પ્રયોગો કર્યા છે તે કરતાં તેમના સાથીદારોએ ઘણા વધારે પ્રયોગો કર્યા છે. પણ તેમના સાહસવીર સાથીદારોને હૂંફ અને પીઠબળ આપનાર, તેમને પ્રયોગો માટે જોઇતા પૈસા અને સાધનોની બાબતમાં નિશ્ચિંત કરનાર, Go ahead એમ કહેનાર નાનાભાઈ જ હતા. નાનાભાઇ જેવા સંસ્થા ઘડનાર સિવાય બીજાની એ તાકાત નથી. આ પ્રયોગોએ છાત્રાલય-સંચાલન, શિક્ષણપદ્ધતિઓ, શિસ્ત, સહશિક્ષણ એ બધાંના તે વખતના ખ્યાલોમાં મૂલગામી ફેરફારો કર્યા છે. નાનાભાઈએ સંસ્થા-સંચાલનના ઘણા સફળ પ્રયોગો કરી બતાવ્યા છે.

આ જ પ્રમાણે નાનાભાઈએ ગાંધીજીની રાષ્ટ્રભાવનાને ઝીલી અને દક્ષિણામૂર્તિ ભવનને રાષ્ટ્રીય સંસ્થા બનાવી. દક્ષિણામૂર્તિમાં નૂતન શિક્ષણ અને રાષ્ટ્રભાવનાનો સુભગ સમન્વય થયો. નાનાભાઈનો આ એક ભારે મોટો ફાળો શિક્ષણના ક્ષેત્રે ગણાય. દેશમાં બીજી ઘણી રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓ હતી પણ તે નવી કેળવણીની, વિદ્યાર્થીકેન્દ્રી કેળવણીની ચિન્તા જ ન કરતી; અને થોડી નૂતન કેળવણીની સંસ્થાઓ હતી તે અરાષ્ટ્રીય અને પરદેશી મૂડીથી ચાલતી India Limited પેઢીઓ જેવી હતી. નાનાભાઈની સંસ્થાનું વાતાવરણ જ કોઇ નવી જાતનું, નિર્બંધ, નિર્બંધ હતું. ત્યાં નિયામક અને આચાર્યોના અન્ય કાર્યકરો સાથેના સંબંધો, શિક્ષકો અને વિદ્યાર્થીઓના સંબંધો, વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓના સંબંધો મુક્ત, સ્વાભાવિક, પ્રેમભર્યા, સમાનતાવાળા અને છતાં જરાયે વિનયશૂન્ય નહીં તેવા હતા. વર્ડ્ઝવર્થની પેઠે જરૂર કહી શકાય કે

> "Bliss it was to be a teacher there
> And to be a pupil was very Heaven"

નાનાભાઈ તે વખતે સૌથી મોટા હતા અને બહારના સમાજમાં પણ મોટા ગણાઈ ચૂક્યા હતા. તો પણ નાના સાથે નાના થઈ જતા. નાનાભાઈ, ગિજુભાઈ, હરભાઈ અને તેમના સાથીદારો હોળીમાં વિદ્યાર્થીઓને હાથે નખશિખ રંગાતા–રંગતા, પહેલી એપ્રિલે 'એપ્રિલ ફૂલ' બનતા–બનાવતા, નવરાત્રિના ઉત્સવમાં બેતાલ ગરબી–ડાંડિયારાસ લેતા અને છાત્રાલયની રાત્રિપ્રવૃત્તિમાં નાટકો હોય ત્યારે, માથે ટોપનીની હેટ પહેરી અને મોંમાં ચોકસ્ટિકની સિગારેટ રાખી વીરમગામના ફ્લેચર અને કાઇડના પાઠ પણ ભજવતા. સામાન્ય રીતે કડક અને ગંભીર ગણાતા નાનાભાઈમાં sense of humour ઘણી હતી. વિનય મંદિરનો એક વિદ્યાર્થી શરીરે જરા ભર્યોભર્યો અને ચહેરેમહોરે પીઢ હતો. તેને બધા "બાપા" કહેતા. એક વાર નાનાભાઈને તે વિદ્યાર્થી સામો મળ્યો. નાનાભાઈએ ખુશમિજાજથી આંખો ચમકાવતા કહ્યું, "કેમ છે, બાપા?" પેલાએ શાંતિથી જવાબ આપ્યો, "ઠીક છે, બેટા!" નાનાભાઈએ સ્મિતપૂર્વક બેટાપદ સ્વીકારી લીધું! वृद्धाः शिष्या गुरुर्युवा! આવા તો અનેક પ્રસંગો નાનાભાઈની સંસ્થામાં શિક્ષકો–વિદ્યાર્થીઓ વચ્ચે બનતા. અને છતાં તે જ બાપા રાતે થાકયાપાકયા બેટા નાનાભાઈના પગચંપામાં પહોંચી જતા. નાનાભાઈની કોઈ સંસ્થામાં સામુદાયિક શિસ્તભંગનો પ્રસંગ આજ સુધી એક પણ નથી બન્યો તેનું રહસ્ય ગુરુઓ અને શિષ્યો વચ્ચેના આ પરસ્પર વિશ્વાસભર્યા, નિર્ભય વાતાવરણમાં રહેલું છે. નાનાભાઈની સંસ્થાઓમાં ભણી ગયેલાં વિદ્યાર્થીઓ–વિદ્યાર્થિનીઓ નાનાભાઈ માટે, તેમના ગુરુજનો માટે અને પોતાની માતૃસંસ્થા માટે જે પ્રેમ અને આદર લઈ જાય છે તે નિત્ય વધતા જ રહે છે તેના, નાનાભાઈના હાથ નીચે કામ કરવા મારા જેવા જે ભાગ્યવાન થયા છે તેઓ બધા સાક્ષી છે.

નાનાભાઈ bold thinking કરી શકતા અને bold action લઈ શકતા! દક્ષિણામૂર્તિ ભાવનગરમાં તેઓ એકવાર મુખ્ય ગૃહપતિ હતા. ગૃહપતિ મંડળમાં વિચારણા ચાલતી હતી કે છાત્રોને સત્રમાં સિનેમા વગેરે તમાશા કેટલા બતાવવા? દરખાસ્ત એવી આવી કે સત્રમાં બે તમાશા બતાવવા અને બધાને સાથે લઈ ગૃહપતિઓ જાય. નાનાભાઈએ કહ્યું; "તમે આર્થિક દૃષ્ટિએ તમાશાની સંખ્યા સત્ર દીઠ બે રાખો તે બરાબર છે, પણ બધા એક જ દિવસે એક જ સાથે તમાશો જુએ અને તમે મુકાદમો સાથે જ હો એવો આગ્રહ શા માટે? બે તમાશાની મર્યાદામાં કોઈ વિદ્યાર્થી એકલો કે બેચાર મિત્રો એકલા જઈ ભલેને તમાશો જોઈ આવે. ધારો કે તેમને ચાપાણી પીવાના, પાન–તમાકુ ખાવાના કે smoking (આ વખતે તેમણે બે આંગળી હોઠ પાસે લઈ જઈ બીડી પીવાનો અભિનય પણ કરેલો તે મને બરાબર યાદ છે) કરવાના boyish pleasures લેવા હોય તો? 'Laboratory'માંથી આખરે તો આપણે તેમને lifeમાં છોડવાના જ છે. તો તેનાં જોખમોથી ડરવું શા માટે?" તેઓ એમ કહેવા માગતા હતા કે આપણે સંસ્થામાં તંદુરસ્ત વાતાવરણ ઊભું કરીએ. પછીથી તો વ્યક્તિ વ્યક્તિની રીતે જ વિકસશે. બધા એક જ ઢાળાના થાય તેવો આગ્રહ શા માટે? અને ખરેખર નાનાભાઈની સંસ્થાઓની ખાસિયત એ રહી છે કે ત્યાં બધાં કામ જડ નિયમોથી અને ફરજિયાતપણે નહીં પણ સૂચનો અને સમજાવટથી ચાલે છે. માત્ર સમાજમાં મૂળભૂત સારપ છે એવી તેમની શ્રદ્ધા હતી અને પોતાની એ શ્રદ્ધાને તેમણે હિંમતભેર સાકાર કરી બતાવી છે.

પોતાની શક્તિ નાના અને તીચા ગણાતાને ચરણે ધરવાની પ્રેરણા તેમના સ્વભાવમાં જ હતી. તેથી જ એમ. એ. થઈ તેમણે પ્રાથમિક શાળામાં શિક્ષકનું કામ કરવાની ઇચ્છા દર્શાવેલી. દુર્ભાગ્યે પ્રાથમિક શિક્ષકોને તેમાં સ્વાર્થહાનિ લાગી અને નાનાભાઈને તેમણે પોતાના ક્ષેત્રમાં આવવા દીધા નહીં; નહીં તો પ્રાથમિક શાળાઓ બાળકો માટે બંધનને બદલે નંદન બની જાત અને હરિનાં લોચનિયાં શોકને બદલે હર્ષથી આંસુભીનાં હોત. તે જ રીતે તેમણે પ્રોફેસરી છોડી ચાર છ વિદ્યાર્થીઓના ગૃહપતિ થવાનું પગલું ભર્યું; અને આગળ ચાલતાં તેમણે શહેર છોડી ગામડાંનાં "લોક" માટે લોકશાળા અને લોકભારતી સ્થાપી. ભાવનગરમાં કામ કરતાં નાનાભાઈએ જોયું કે ગાંધીજીની કલ્પનાની રાષ્ટ્રભાવના ગામડાંમાં વસતી પ્રજાની સેવા દ્વારા જ મૂર્ત થઈ શકે. નાનાભાઈ ૧૯૩૦–૩૨ પછીથી પોતે કરેલા નૂતન શિક્ષણના પ્રયોગોનો લાભ ગામડાંની પ્રજાને આપવા ઝંખતા હતા. ત્યાં ૧૯૩૭માં ગાંધીજીએ વર્ધાયોજના દેશ સમક્ષ ધરી. તેણે નાનાભાઈના વિચારોને ધક્કો આપ્યો અને તેમણે કોઈ પણ ભોગે ગામડાંમાં જઈ બેસવાનો પોતાનો અફર નિર્ણય જાહેર કર્યો. અને પરિણામે દક્ષિણામૂર્તિ ભવનની શાખા આંબલામાં સ્થપાઈ. આંબલાની તેમની શિક્ષણયોજના ગામડાંની પરિસ્થિતિ અને જરૂરિયાતોને અનુકૂળ—ઉદ્યોગકેન્દ્રી, શ્રમયુક્ત, સ્વાવલંબન અભિમુખ—હતી અને તેનો વ્યવહાર નૂતન શિક્ષણની ઢબે, દક્ષિણામૂર્તિ ભવનના જેવા નિર્ભય, પ્રેમમય, મુક્ત વાતાવરણમાં થયો. નઈ તાલીમનો એ ઉત્કૃષ્ટ નમૂનો ગણી શકાય. નઈ તાલીમ એ માનવકેન્દ્રી જીવનદૃષ્ટિનો વ્યવહાર છે. નાનાભાઈએ તે કરી બતાવ્યો છે.

નાનાભાઈ ઘણે મોટે અંશે અનાસક્તિ સિદ્ધ કરી શક્યા હતા. પ્રસંગ આવ્યો ત્યારે ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થા, જે મુખ્યત્વે તેમનું પોતાનું જ સર્જન હતી તેને જોતજોતામાં શિવનિર્માલ્ય ગણી છોડી દીધી. નથી તેમને ત્યાર પછી કયારે ય લાગ્યું કે આ મેં ભારે મોટો ત્યાગ કરી નાખ્યો કે નથી તેમને આવડી મોટી મિલકત ત્યાગી દીધાનું કદી દુઃખ થયું. તેઓ ઠીકઠીક અંશે દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ રહી શકતા; સાચા અર્થમાં પ્રસન્નચિત્ત—પ્રસન્નાત્મા—હતા. જીવનની સમતોલતા-દર્શક શાંત રસ મોટે ભાગે તેમના જીવનમાં નિત્ય વહ્યા કરતો. અનાસક્તિમાંથી જન્મેલી એ પ્રસન્નતાને બળે જ તેઓ પોતાના યુવાન પુત્ર નરેન્દ્રની ખોટ ધીરજપૂર્વક સહી શક્યા.

પગ ભાંગ્યા પછી તેમને પથારીમાં કે ખુરશીમાં જ રહેવું પડતું. ભૂદાન આંદોલનમાં તે વખતે પૂ. વિનોબાજીએ જીવનદાનનો વિચાર મૂક્યો હતો. તે દિવસોમાં એક વાર નાનાભાઈ પોતાને ત્યાં પોતાની ખુરશીમાં બેઠા હતા. ત્યાં એક જૂના કાર્યકર મિત્ર તેમને મળવા આવ્યા. તેમણે વાતવાતમાં નાનાભાઈને કહ્યું: "નાનાભાઈ, આપ પણ જીવનદાન આપો." નાનાભાઈ પોતાના ડાબા હાથની હથેળીમાં જમણા હાથની બે આંગળીઓ અસ્ત્રાની માફક ફરફરાવતાં સ્મિત કરી બોલ્યા: "ત્યારે આ પિસ્તાળીસ વર્ષ લગી મેં શું હજામત જ કરી?" અમે સૌ ખડખડાટ હસી પડ્યા. ફેરવી રાગ ગવાઈ ગયા પછી ફેરવી રાગની ફરમાઈશ કરતાં નવાઈની વાત મને યાદ આવી. 'જીવનદાન' શબ્દ નવો છે અને ભૂદાન પ્રવૃત્તિ પાછળ જીવન આપવાની જરૂરિયાત પર પૂ. વિનોબાજી ભાર બરાબર જ

મૂકે છે. (અને નાનાભાઈએ એકવાર કહેલું: "શું કરું કે મારા પગ ખોટા થયા છે, નહી તો કે' દિવસનો હું વિનોબાજીની પદયાત્રામાં જોડાઈ ગયો હોત. ઘરડો વાંદરો હજુ ગુલાંટ ભૂલ્યો નથી!") પણ જીવનદાન તો યુગોથી ક્ષેત્રે ક્ષેત્રે થતાં આવ્યાં છે. તેથી જ સમાજ પ્રગતિ કરી શક્યો છે. નાનાભાઈ આવા એક જીવનદાની હતા. જે ધ્યેયને સ્વીકારી તેમણે પ્રોફેસરી છોડી ગૃહપતિપદ સ્વીકાર્યું તે જ ધ્યેયને માટે તેમણે આખું જીવન ગાળ્યું.

નાનાભાઈ બુદ્ધિથી નિત્યયુવાન અને નાના જ રહ્યા હતા. છેલ્લાં ચાર વર્ષથી તેમની જાત ચાલતી નહોતી પણ તેમનાં વાચન અને વિચાર તો યથાવત્ ચાલુ જ હતાં. હમણાં હમણા તેઓ અવકાશયાત્રા વિશે વાંચતા. આમ આધુનિક વિચારોથી તેઓ પરિચિત રહેતા. સંસ્થા માટે પણ તેઓ કાંઈ ને કાંઈ ચિંતન કે વિચાર કર્યા જ કરતા. ૧૯મી ડિસેમ્બરે સવારે લગભગ ૧૧-૦ વાગ્યે હું તેમને મળવા ગયો ત્યારે તેમણે કહ્યું. "આપણે રસોડામાં રાંધનારાં રાખીએ છીએ તે બરાબર કરતા નથી. આપણે ત્યાં આટલી બધી વિદ્યાર્થિનીઓ છે. તેઓ ત્રણચાર ત્રણચારની ટુકડીમાં આપણાં રસોડાંઓની રસોઈનું અને વ્યવસ્થાનું કામકાજ કેમ ન સંભાળે? બહેનોને આધુનિક શિક્ષણ જરૂર આપીએ, પણ તે પછી પણ તેઓ માતા થવાની છે તે વાત ભુલાવી ન જોઈએ, અને રસોઈ કરી જમાડવું અમારા મનથી માતૃત્વનો જ એક ભાગ છે. આપણે આપણી બહેનોને આ કામથી અને આ તાલીમથી વંચિત રાખી તેમની અને સમાજની અસેવા કરીએ છીએ તમે બધાં વિચારી જોજો" આ તેમનો છેલ્લો વિચાર સાંજે ચાર વાગ્યે ભાવનગર દક્ષિણામૂર્તિના તેમના ઝરિયામાં રહેતા એક ભૂતપૂર્વ વિદ્યાર્થી પોતાનાં ભાઈ બહેનો બાળકો સાથે તેમને મળવા આવ્યા. તેમની સાથે એકાદ કલાક ખૂબ વાતો કરી, ઘણાં સંસ્મરણો ઉખેળ્યાં અને એ મુલાકાત પૂરી થઈ તે જ વેળા તેમને થ્રોમ્બસિસનો હુમલો થયો. તેઓ અવાચક અને બેશુદ્ધ થયા અને તે જ સ્થિતિમાં તા. ૩૧-૧૨-૬૧ના રોજ સવારે ૧૦-૧૫ વાગ્યે તેમણે દેહ છોડયો

નાનાભાઈ ગયા, મહાન નાનાભાઈ ગયા મહાન માણસો મરતા નથી. શિક્ષકો માટે તેઓ વિચારવાનું અને આચરવાનું ઘણું ઘણું મૂકતા ગયા છે. શિક્ષકોની ફરજ છે કે તેઓ નાનાભાઈનાં કાર્યોને આગળ ચલાવે અને વધારે વ્યાપક બનાવે એમ કરવાનો પાકો નિશ્ચય કરી આપણે કહીએ કે

"નાનાભાઈ મૃત્યુ પામ્યા; ઘણું જીવો નાનાભાઈ!"

૧૫-૧-૬૨

'પ્રસ્થાન'ના ગ્રાહકોને

જેમનુ લવાજમ હજી બાકી છે તેમને તે મ. ઓ. થી યા ચેકથી બનતી ઉતાવળે મોકલી આપવા વિનતી છે.

વ્યવસ્થાપક

પશ્ચિમમાં ગાંધી વિચારધારા

કુરંગી દેસાઇ

ગયા વર્ષમાં જુલાઇ – ઓગસ્ટ – સપ્ટેમ્બર દરમ્યાન મને પરદેશમાં ફરવાની તક મળી. Experiment in International Living [આંતરરાષ્ટ્રીય જીવનપ્રયોગ] એ સંસ્થાને આશ્રયે અમે ૭ ભાઇબહેનો અમેરિકા ગયાં હતાં. અમારો મુખ્ય હેતુ કુટુંબજીવનનો હતો. આ સંસ્થા પાછળની ભાવના એવી છે કે એક પ્રજાનાં માણસો બીજી, પોતાનાથી તદ્દન જુદી પ્રજાનાં કુટુંબોમાં રહે — મહેમાન તરીકે નહિ, પણ કુટુંબી તરીકે રહે ને એ દ્વારા એ પ્રજાના જીવનને સમજવાનો પ્રયત્ન કરે; તો આંતરરાષ્ટ્રીય સુમેળના મહાકાર્યમાં મદદ થઈ શકે.

આ દષ્ટિએ અમેરિકાના ન્યૂ હેમ્પશાયર પ્રદેશમાં ૧૭,૦૦૦ ની વસ્તીના એક નાનકડા કીન નામના ગામમાં અમે રહ્યાં હતાં. અમારામાંનાં એક બહેન જુદા ગામમાં હતાં; બાકીનાં પાંચ જણાં એકેક કુટુંબમાં વહેંચાઈ ગયાં હતાં; પરંતુ નાનું સરખું ગામ, એટલે દરેકના પોતાના યજમાન – કુટુંબ ઉપરાંત બીજાં બધાંને પણ પાંચે જણમાં રસ હતો. આથી એ નાના ગામમાં જુદી જુદી કક્ષાનાં, જુદા જુદા ધંધાનાં તેમ જ જુદી જુદી વિચારધારાનાં, લગભગ એ પ્રદેશનું પ્રતિનિધિત્વ ધરાવનાર ભાઇબહેનોને મળવાનું બન્યું હતું.

અમેરિકામાં પાંચ અઠવાડિયાં ગાળીને અમે ઈંગ્લંડ ગયાં. ત્યાં અમારી સંસ્થાના આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ભાગ લીધો.

પાછા વળતાં એક અઠવાડિયું સ્વીટ્ઝરલન્ડમાં ગાળ્યું.

હું પરદેશમાં હતી તે દરમ્યાન એક સ્નેહીનો ભારતથી પત્ર આવ્યો. તેમાં તેમણે સૂચવ્યું કે પાશ્ચાત્ય દેશોમાં ગાંધીજી વિષે કઈ જાતની માહિતી – વૃત્તિ વગેરે છે તેને વિષે મારે લખવું. મારા મુખ્ય હેતુમાં ગાંધીજી વિષે જાણનારા લોકોને મળવાનો સમાવેશ થતો ન હતો; પણ સમાજના વિવિધ પ્રકારના લોકોમાં એવી વ્યક્તિઓની મુલાકાત જરૂર થઈ હતી કે જેઓ ગાંધીજીથી પ્રભાવિત થયેલા હોય, એ પરથી મારા સ્નેહીની સૂચના અમલમાં મૂકવાનું મન થયું.

જે જે દેશમાં — વધારે ચોક્કસપણે કહીએ તો ત્રણ દેશના જે જે ભાગોમાં હું ગઈ ત્યાં લગભગ દરેક જણે ગાંધીજીનું નામ તો સાંભળેલું હોય. ગાંધીજીએ ભારતને સ્વતંત્રતા અપાવી અને શાંતિ તથા અહિંસાનો સંદેશો જગતને આપ્યો એ પણ ઘણાંને ખબર હોય. કીનમાં જે બહેનને ત્યાં હું પહેલાં રહી તેને ત્યાં કામ કરવા આવનાર બાઇને પણ 'ગાંધી' એ નામ અપરિચિત નહોતું. અલબત્ત તેને અહિંસાની કે ભારતની સ્વતંત્રતા વિષે કંઇ જ ગમ ન હતી. પણ એક ધાર્મિક વ્યક્તિ તરીકે તે 'ગાંધી'નું નામ જાણતી હતી.

આવી જ રીતે પંડિત નેહરુનું નામ પણ ઠીક ઠીક પ્રસિદ્ધિ પામેલું છે. પછી ભલે તેમના વિષેની માહિતી નહિવત્, અધૂરી કે ખોટી હોય!

ગાંધીજી ને નેહરુની સરખામણીમાં વિનોબાજીનું નામ ઘણાં ઓછાં જાણતાં હોય છે. ભારતમાં રસ ધરાવનાર અને ભારત વિષે બીજી બાબતોમાં ઠીક પ્રમાણમાં માહિતી ધરાવનાર ભાઈબહેનો પણ વિનોબાનું નામ સુદ્ધાં ન જાણતાં હોય એવું ઘણીવાર નજરે પડતું.

જે દષ્ટિએ અમારો પ્રવાસ થયો તે રીતે ગાંધી વિચારધારા પશ્ચિમમાં કેટલી ને કેમ ફેલાયેલી છે તેનો વ્યવસ્થિત અભ્યાસ મેં કર્યો ન હતો; એટલે આ લેખમાં કંઈ એ વિષેનો ગોઠવેલો ને ક્રમબદ્ધ અનુભવો નહિ લખાય; જે અનેક ભાઈબહેનો અમને મળ્યાં તેમાં જેમની સાથે મારે ગાંધીજી કે વિનોબાજી વિષે વાતચીત થઈ તે પ્રસંગોનું દર્શન માત્ર અહીં આપી શકાશે.

૧. કીન ગામમાં જેક ઍન્તીયટી નામે એક સદ્‌ગૃહસ્થ મળ્યા. તેઓ માટીકામ દ્વારા પોતાનું ગુજરાન ચલાવે છે. અમેરિકામાં કોઈપણ ધંધાની પ્રતિષ્ઠા સમાજમાં ઊતરતી ન ગણાતી હોઈ એ ભાઈ પોતાને કુંભાર તરીકે ઓળખાવવામાં ગૌરવ માને છે. તેમને ઘેર અમે ગયાં ત્યા જોયું તો નાનકડો પગે ચલાવાતો (સિંગરના સીવવાના સંચા જેવો) ચાકડો તે કોલસાની તેમ જ વીજળીની ભઠ્ઠીઓ. એ તેમનાં નિર્વાહનાં સાધન ઘરના ભોંયરામાં હતાં.

અમેરિકામાં આજે જ્યારે દરેક ક્ષેત્રમાં યંત્રની તથા યંત્રવાદની બોલબાલા છે, ત્યારે એક નાનો વિચારક વર્ગ એમ માને છે કે જીવનને યંત્રવાદની જડતાથી બચાવવા માટે રચનાત્મક હસ્તઉદ્યોગનો પ્રચાર થવો જોઈએ. આ રીતે હસ્તઉદ્યોગને અપનાવનાર ભાઈબહેનો એક આધ્યાત્મિક આદર્શની દષ્ટિએ એ કાર્ય કરતાં હોય છે.

ભાઈ જેક પણ આવા વિચારો ધરાવતા હતા. માટીકામના ધંધામાં તેમને અમેરિકાના જીવનધોરણને હિસાબે ઘણી ઓછી આવક થતી, પણ તેમને પોતાને તેમ જ તેમનાં પત્નીને પોતાની સ્થિતિનો સંતોષ હતો.

બીજા મહાયુદ્ધ દરમ્યાન જેકે સિદ્ધાંતની દષ્ટિએ યુદ્ધવિરોધ કર્યો હતો. પાશ્ચાત્ય દેશોમાં જેને પેસિફિસ્ટ (શાંતિચાહક) કહે છે એવી વિચારશ્રેણીના કેટલાક ભાઈઓએ બંને યુદ્ધમાં આવી રીતે યુદ્ધ-વિરોધ કરેલો. તેમને માટે ખાસ શબ્દ અંગ્રેજીમાં conscientious objector છે. આ ભાઈઓ સંપૂર્ણપણે સત્યાગ્રહ કરતા ને કેદ નોતરી લેતા. કેટલાક યુદ્ધમાં ભાગ ન લેતા પણ યુદ્ધ સાથે સંબંધ ધરાવતી બીજી પ્રવૃત્તિઓમાં ભાગ લેતા. જેકે પોતાનો એક પ્રસંગ કહ્યો તે બહુ યાદ રહી ગયો છે. તેમના જ શબ્દોમાં એ વાત જાણવા જેવી છે:

"હું યુદ્ધવિરોધી તરીકે જેલમાં હતો તે દરમ્યાન અમેરિકન સરકારને વિચાર થયો કે જે યુદ્ધવિરોધીઓ યુદ્ધ સાથે સંકળાયેલી બીજી પ્રવૃત્તિમાં ભાગ લેવા માગતા હોય તેવાને છોડવા. કોણ એ પ્રમાણે બાંધછોડ કરવા તૈયાર છે તે જાણવા અમને એક મેજિસ્ટ્રેટ આગળ લઈ જવામાં આવ્યા. મારો વારો આવ્યો ત્યારે બીજા સવાલો ઉપરાંત મને એકાએક મેજિસ્ટ્રેટે પૂછ્યું: "તમને આવી રીતે યુદ્ધવિરોધ કરવાનું શાથી સૂઝ્યું?" મેં જવાબ આપ્યો: "ઘણાં વર્ષોથી મારી દઢ માન્યતા તો હતી જ કે શ્રદ્ધાળુ ખ્રિસ્તી તરીકે મારે યુદ્ધનો વિરોધ કરવો જોઈએ. પણ મારી માન્યતાનું ઊંડાણ વધ્યું મહાત્મા ગાંધી વિષે વાંચ્યા પછી."

મારો જવાબ સાંભળીને મેજિસ્ટ્રેટે ધારી લીધું કે ગાંધીથી પ્રભાવિત થનાર યુદ્ધની કોઈપણ પ્રવૃત્તિમાં ભાગ નહિ લે; ને મને બીજું કશું પૂછ્યા વિના પાછો જેલમાં મોકલી દીધો."

૨. કીનમાં જ એક પાદરી મળ્યા, રેવરન્ડ કેસ્ટી. તેઓ પણ યુદ્ધવિરોધી છે છતાં પાદરી હોવાથી તેમને યુદ્ધમાં જવાની ફરજ પાડવામાં આવી ન હતી. ભોળાભોળા અને શાંત સ્વભાવના રેવ. કેસ્ટી સાથે થોડી જ વાતો કરવાની તક મળી. તે દરમ્યાન તેમણે

અમેરિકાનાં દક્ષિણ રાજ્યોમાં ચાલતાં હબસીઓના સત્યાગ્રહ વિષે વાતો કરી. તેમાં હબસીઓ પ્રત્યેનો પક્ષપાત, સત્યાગ્રહની પદ્ધતિ માટેનો આદર વગેરે સ્પષ્ટ જણાઈ આવતું હતું. ગીતાના તત્ત્વજ્ઞાન વિષે પણ તેમણે થોડું વાંચેલું. ગાંધીજીએ સત્યાગ્રહની જે અમૂલ્ય ભેટ દુનિયાને આપી છે તે જો વધારે લોકો સમજે તો દુનિયામાં વેરઝેર ઓછાં થાય વગેરે પોતાના અભિપ્રાયો ધીમા અવાજે, નમ્રતાપૂર્વક છતાં મક્કમતાથી વ્યક્ત કરતા સભિગોને એક સાચા નિષ્ઠાવાન ગાંધી-ભક્તને મળ્યાનો આનંદ થતો હતો. તેમની સાથે વધારે પરિચય કરવાની તક ન મળી તેનો અફસોસ મને રહી ગયો છે.

૩. ઇંગ્લંડમાં અમારી સંસ્થાનું આંતરરાષ્ટ્રીય સંમેલન ચાલતું હતું. તે દરમ્યાન પર્યટનો ગોઠવાતાં. આવાં પર્યટનોમાં યુરોપના દેશોના સંસ્થાના કાર્યકર્તાઓની સાથે છૂટથી વાતચીત કરીને તેઓના ઘનિષ્ઠ પરિચયમાં આવવાનો લાભ મળતો હતો. એક દિવસ જર્મનીના કાર્યકર્તા શ્રી. વોલ્ટર ગાઉપ સાથે વાતો કરવાનું મળ્યું. આ ભાઈ ધર્મશાસ્ત્રનો વિષય લઈને ગ્રેજ્યુએટ થયેલા છે ને ધર્મશાસ્ત્રના શિક્ષક છે. ગાંધીજી વિષેનું વાચન ઠીક વિશાળ છે. અત્યંત પ્રેમાળ અને ભાવનાશીલ એવા એ ગૃહસ્થની સાથેના પરિચયમાં એક વાત જાણવાની મળી તે ગાંધીજી સાથે સંબંધ ધરાવતી ન હોવા છતાં સાચી અહિંસક વૃત્તિની ઝાંખી કરાવતી હોવાથી ગાંધી વિચારધારાની વાતોમાં જ તેનો સમાવેશ થઈ શકે તેવું છે.

શ્રી. ગાઉપ જર્મન હોવા છતાં નાઝીવાદના વિરોધી હતા. બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું તે વખતે તેમને નાઝી અધિકારીઓને હાથે થોડું સહન કરવું પડ્યું; પણ તે વખતે ધાર્યા કરતાં ઓછી તકલીફ પડી. પણ હજી અમેરિકા યુદ્ધમાં જોડાયું ન હતું. તેથી તેઓ Experiment in International Livingનું કામ કરવા અમેરિકા ગયા. જ્યારે તેઓ અમેરિકાથી પાછા આવ્યા ત્યારે તેમના ગામનો જર્મનીનો વિસ્તાર અંગ્રેજોના તાબામાં આવી ગયો હતો. શ્રી ગાઉપને થોડા જ વખતમાં અંગ્રેજોએ ગિરફતાર કર્યા! અમેરિકામાં નાઝીવાદનો પ્રચાર કરવાનો તેમના પર આરોપ હતો!

પોતાના દોઢ વર્ષના કારાવાસની વાત શ્રી. ગાઉપે કરી. વારંવાર તેઓ પોતા પરનો આરોપ ખોટો હોવા વિષે અરજી કરે; તેમને સવાલ જવાબ માટે અધિકારીઓ પાસે લઈ જવામાં આવે; વચ્ચે વચ્ચે છૂટકારાની આશા આવે ને વળી બધું હવાઈ જાય. એક-બે વખત તો છૂટવાની તારીખ પણ લગભગ નક્કી થઈ ગઈ; પણ તે પણ ગઈ ને એ સજ્જનની એની એ દશા રહી. થોડા વખતમાં ખબર પડી કે એક જ અધિકારીના પૂર્વગ્રહનું એ પરિણામ હતું. વારંવાર એ અધિકારી શ્રી. ગાઉપની અરજીઓને નિષ્ફળ બનાવ્યા કરતો હતો એટલું જ નહિ, પણ બીજી અનેક રીતે પણ એ અધિકારી શ્રી. ગાઉપને પજવ્યા કરતો. અપમાનો કરે, તેઓ નિયમનું પાલન કરતા હોય છતાં ખોટા આરોપો મૂકીને સજા કરાવે, એવું બધું.

આ બધી વાત શ્રી. ગાઉપે મને સાવ સ્વાભાવિક અવાજે જણાવી. તેમની વાત કરવાની ઢબમાં ક્યાંય ઉશ્કેરાટ કે કોઈ પ્રત્યે અન્યથાભાવનો અંશ પણ નહોતો. છતાં મારું કુતૂહલ મારાથી અટકાવી શકાયું નહિ ને મેં પૂછ્યું: "અત્યારે તો આ બધી વાત ભૂતકાળની થઈ ગઈ પણ તે વખતે તમને અંગ્રેજો પ્રત્યે કે ખાસ કરીને પેલા અધિકારી પ્રત્યે ગુસ્સાની કે કડવાશની લાગણી થતી હતી કે નહિ?" સહેજ જ વિચાર કરીને તેમણે જવાબ દીધો: "ના, તે વખતે લડાઈ ચાલતી હતી-લડાઈમાં, સારામાં સારા અધિકારીનું માનસ વિકૃત થઈ જાય છે એ જાણીતી વાત છે. પોતાની સમજણ પ્રમાણે એ અધિકારી વર્તતો હતો. અને

એનો દોષ ગણીએ તો પણ એ દોષને લીધે આખી પ્રજાનો તિરસ્કાર શી રીતે કરાય? તે 'વખતે મને દુઃખ થતું, નિરાશા થતી, પણ ક્યારેય કોઇ વ્યક્તિ કે પ્રજા પ્રત્યે તિરસ્કાર કે કડવાશની લાગણી નહોતી થઈ. એ અધિકારી મને ત્યાર પછી કોઇ પણ વાર મળ્યો હોત તો હું તેને પ્રેમથી બોલાવી શકત—આજે પણ બોલાવી શકું."

"પાપને તિરસ્કારો પણ પાપી પર પ્રેમ રાખો" એ ઇસુ ખ્રિસ્તના આદેશને જીવનમાં ઉતારનાર, ભારતમાં હોય તો સાચા ગાંધીવાદી ગણાય એવા આ અહિંસક સજ્જન માટેનો મારો આદર આ પ્રસંગ પછી ઘણો વધી ગયો.

૪. પ્રવાસના છેલ્લા અઠવાડિયા દરમ્યાન હું સ્વીટ્ઝરલેન્ડમાં હતી. ત્યાં ઝુરિક શહેરથી પંદર માઈલ દૂર એક ગૃહઉદ્યોગ કેન્દ્ર જોવા અમે ગયાં હતાં. આલ્પ્સ પર્વતમાં રહેતા ખેડૂતોને લાંબા ને આકરા શિયાળા દરમ્યાન ઘણો સમય ફાજલ પડતો હોય છે. તેવે વખતે તેઓ સમયનો ઉપયોગ કરીને, પોતાનાં મકાનોનું બાંધકામ ને સમારકામ કરીને પૈસા બચાવી શકે ને તે ઉપરાંત સુથારીકામ, વણાટકામ વગેરે કરીને કંઇક કમાણી કરી શકે એ હેતુથી આ કેન્દ્રમાં ઉપર જણાવેલા ઉદ્યોગો શીખવવામાં આવતા હતા.

અમને હિંદીઓને જોઇને વણાટકામનાં શિક્ષિકાબહેને પાસે આવીને પૂછ્યું, "તમે ભાવેને ઓળખો છો?"

જર્મન માતૃભાષા બોલનાર બહેન, તેમને ભારતીય શબ્દનો અંગ્રેજી ઉચ્ચાર ક્યાંથી આવડે? ઘડીકવાર તો હું સમજી જ નહિ. ફરીથી પૂછ્યું. જરા મુશ્કેલીથી 'વિ–નો–બા ભાવે' એ નામ સમજાયું. મેં કહ્યું, "હા, તેમને વિષે હું જાણું છું, કેમ?" બહેન કહે, "ચાલો તેમના જેવું કામ કરનારાંને તમારી સાથે મેળવું." તેઓ મને વણાટ વિભાગમાં લઈ ગયાં. ત્યાં આર્જેન્ટિના (દક્ષિણ અમેરિકાનો એક દેશ)નું એક યુવાન યુગલ હતું. તે દંપતીને અંગ્રેજી આવડતું ન હતું. માત્ર ફ્રેન્ચ ને સ્પેનિશ આવડતું હતું. તેથી અમારા સ્વિસ યજમાનને દુભાષિયા તરીકે રાખીને અમે થોડી વાતો કરી.

ફ્રાન્સના એક સજ્જન થોડાં વર્ષ પર વિનોબાજી પાસે આવેલા; તેમનું મૂળ નામ તો ઉચ્ચાર આવડે તેવું ન હોવાથી યાદ રહ્યું નથી. પણ વિનોબાજીએ તેમને શાંતિદાસ નામ આપ્યું છે. એ શાંતિદાસ દક્ષિણ ફ્રાન્સમાં એક આશ્રમ જેવું ચલાવે છે ને સર્વોદયનું રચનાત્મક કાર્ય કરે છે. યુરોપીય આદર્શવાદી કાર્યકર્તાઓની નજર ઘણીવાર અવિકસિત રાષ્ટ્રોને મદદ કરવા તરફ હોય છે. તે રીતે શાંતિદાસજીને દક્ષિણ અમેરિકાના પ્રદેશોમાં જવાનો વિચાર થયો. તે વિચાર મુજબ તેઓ આર્જેન્ટિના ગયા. ત્યાં આ દંપતીએ તેમને સર્વોદયના કામમાં મદદ કરવા તૈયારી બતાવી, ને કાર્યપદ્ધતિ શીખવા શાંતિદાસ સાથે બંને ફ્રાન્સ આવ્યાં. ફ્રાન્સમાં થોડું રહ્યા પછી એકાદ હુન્નર હસ્તગત કરવા ખાતર આ વણાટશાળામાં દાખલ થયાં હતાં.

પોતાની બધી વાત કહીને તે બહેને મને વિનોબાજી સાથે હું કામ કરું છું કે કેમ તે પૂછ્યું. તેઓએ શ્રીમતી વિમલતાઈ ઠકારનું ભાષણ ઝુરિક શહેરમાં સાંભળ્યું હતું. તેથી વિમલતાઈ વિષે અમારે થોડી વાતચીત થઈ.

દુભાષિયા મારફત થતી વાત બહુ લાંબી તો ન જ ચાલી; પણ વિનોબાજીના દેશનાં અમે હતાં એટલા જ કારણસર એ દંપતીએ ખૂબ પ્રેમથી વાતો કરી; અને ગાંધી વિચારધારાનો પ્રવાહ છેક આર્જેન્ટિના જેટલા દૂરના દેશમાં વહેતો જોઇને મારું મન પણ ખૂબ પ્રસન્ન થઈ ગયું.

★

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૩૪

સ્નેહી ભાઈશ્રી,

પેરીસ! આ એક જ શબ્દના ઉચ્ચાર સાથે નજર સામે ખડાં થાય છે અનેક ચિત્રો—અનેક ઐતિહાસિક ઘટનાઓ, અમર કલાકૃતિઓ, અદ્ભુત સંગીતરચનાઓ, વિખ્યાત સાહિત્યકારો, અજોડ ઇમારતો, મોજિલાં નરનારીઓ, સ્વાદિષ્ટ વાનગીઓ; 'અમૃત'તુલ્ય શેમ્પેઇન, 'અપ્સરા' સમી સુંદરીઓ, લેટેસ્ટ ફેશનો વગેરે વગેરે.

કેટકેટલાં નામો પેરીસની સાથે સંકળાયેલાં છે! ફ્રેન્ચ રેવોલ્યુશન, સ્ટોર્મિંગ ઓફ ધી બાસ્ટીલ, પેરીસ કોમ્યુન, નેપોલિયન, રૂસો, મોના લીસા, વિનસ ડી મીલો, લિયોનાર્ડો દ વિન્સી, શોપીન, ક્લોડ લોરેન, ચાર્ડીન, રેવેલ, લોફરપાઈસિર, અલેક્ઝાન્ડર ડુમા, વિક્ટર હ્યુગો, વોલ્ટેર, બાલ્ઝાક; ગાય ડી મોપાસાં, એમિલ ઝોલા, એનાતોલ ફ્રાન્સ, ફ્લાબેર્ટ, પ્રાઉસ્ટ, જીન પોલ સાર્ત્રે, મેડમ ક્યુરી, લૂઈ પાશ્ચર, જીન જૂરે, માર્શલ પેતાં, ચાર્લ્સ ડી ગોલ, મોરીસ થોરેઝ, નોત્રડેમ, એફીલ ટાવર, પેન્થિયોં, લુવ્ર, ચેમ્પ્સ ઈલાઈસીસ, મેડેલીન, મોન્ટમાર્ટે, નાઈટ ક્લબ્સ, કાબારેટ, ફોલી બર્જેર્સ, સલોન્સ, બુલેવર્ડ્સ, એવેન્યુઝ વગેરે વગેરે. આવાં સેંકડો નામો સાથે સંકળાયેલી પેરીસનગરીનું સર્વાંગી દર્શન કરવા માટે તો મહિનાઓ અને વર્ષોનો સમય જોઇએ અને લાખો ફ્રેન્કસ (નયા પૈસા) પણ જોઈએ. બે દિવસમાં આખું પેરીસ જોઈ નાખવાની હિંમત કરવી એ તો ધૃષ્ટતા જ ગણાય; છતાં નયા પૈસાની મર્યાદાને લક્ષમાં લઈને મેં એવી ધૃષ્ટતા કરી—અને તે પણ મહદ્‌અંશે સફળતાપૂર્વક!

જગતની અગ્રગણ્ય પાટનગરીઓમાંની એક સર્વોચ્ચ નગરી તે પેરીસ—ન્યુયોર્ક, લંડન, મોસ્કો અને ટોકીઓની પંક્તિની અને પોતાની આગવી પ્રતિભાથી મહેંકતી! એક બાજુ સાહિત્ય, સંગીત, કલા, જીવનમાધુર્ય અને સંસ્કારિતાના પ્રેમીઓની તીર્થભૂમિ સમી અને બીજી બાજુ શરાબ, સુંદરી, જુગાર, વિષયપિપાસા અને સુંવાળા જીવનના પ્રેમીઓની પાપભૂમિ સમી! માનવસંસ્કૃતિનાં બધાં જ સુલક્ષણો અને અપલક્ષણોનો સંગમ આ એક જ નગરીમાં ઘણો વ્યવસ્થિત રીતે થયેલો જોઈ શકાય છે. સુલક્ષણોથી શરૂ કરીને અપલક્ષણોની પરાકાષ્ઠા સુધીનાં દર્શન મેં ફક્ત બે દિવસના ટૂંક સમયમાં કેવી રીતે કર્યાં તે હવે તમને જણાવું!

મેં ગયા પત્રમાં લખ્યું તેમ, ગેર દુ લિયોં સ્ટેશને નાહી ધોઈ, નાસ્તો કરીને હું આઠ વાગ્યે પેરીસનગરીના પરિભ્રમણ માટે તૈયાર થઈ ગયો. પેરીસની ગાઈડમાં ચોંટાડેલા નકશાની ઘડીઓ ખોલીને નજર દોડાવીને જોયું કે હું ક્યાં છું અને ક્યાં જવા માગું છું. પછી ભૂગર્ભ ટ્રેનો (મેટ્રો) અને બસમાર્ગો (ઓટોબસ)ના બીજા નકશામાં નજર દોડાવીને શોધ્યું કે હું જ્યાં જવા માગું છું તે સ્થળે પહોંચવા માટે કયો રસ્તો શ્રેષ્ઠ છે—મેટ્રોનો, બસનો કે પદયાત્રાનો!

નકશાના અભ્યાસ ઉપરથી સમજાયું કે ઘણાંખરાં સ્થળો નજીક નજીકમાં જ હતાં તેથી પગે ચાલીને પણ ઘણું જોઈ શકાય તેમ હતું. પેરીસનગરી લગભગ વર્તુળાકાર છે અને

તેની વચ્ચોવચ નવ માઈલ લાંબી સીન નદી વહે છે. નદીના ઉત્તર તરફના કિનારાને 'જમણો કાંઠો' અને દક્ષિણ તરફના કિનારાને 'ડાબો કાંઠો' એ રીતે ઓળખાવવામાં આવે છે. જમણેથી ડાબે કાંઠે એટલે કે ઉત્તર પેરીસમાંથી દક્ષિણ પેરીસમાં જવા માટે સીન નદીની આડે થોડે થોડે અંતરે ત્રીસેક જેટલા પુલો બાંધવામાં આવ્યા છે—ઉત્તર લંડનમાંથી દક્ષિણ લંડનમાં જવા માટે થેમ્સ નદીની આડે જેમ સખ્યાબંધ પુલો બાંધવામાં આવ્યા છે તેમજ. નદીના અર્ધગોળાકાર વળાંકની વચ્ચે બે તો બેટ છે! શહેરની ઔદ્યોગિક અને વ્યાપારી પ્રવૃત્તિઓ ઉત્તરે વિભાગમાં પુષ્કળ પ્રમાણમાં છે તેથી વસ્તીનું દબાણ આ ભાગમાં વિશેષ છે દક્ષિણ વિભાગમાં સાંસ્કૃતિક કેન્દ્રો—યુનિવર્સિટી, ઓબ્ઝર્વેટરી, પાસ્ચર ઈન્સ્ટીટ્યુટ વગેરે–મોટી સંખ્યામાં છે.

'મેટ્રો'ના નકશા ઉપરથી સમજાય છે કે પેરીસનગરીના પેટાળમાં ચૌદ ભૂગર્ભ રેલવે લાઈનો (સિટી લાઇન્સ) સમસ્ત નગરીને આવરી લે છે અને બીજી બે ભૂગર્ભ રેલવે લાઈનો (સબર્બન લાઇન્સ)—લુક્ષેમ્બર્ગ અને બાસ્ટીલ—દૂર દૂરનાં ઉપનગરોમાં પહોંચી જાય છે. દરેક લાઈન ઉપર ૨૫ થી ૩૦ જેટલાં તો સ્ટેશનો છે એટલે ભૂગર્ભમાં બધું મળીને ૫૦૦ ઉપરાંત સ્ટેશનો છે! 'ઓટોબસ'ના નકશા ઉપરથી સમજાય છે કે બસના મુખ્ય બાવન રૂટસ તો નગરીમાં જ છે અને ઉપનગરોમાં તો આ ઉપરાંત ઘણા જ રૂટો છે.

ટ્રેન અને બસમા ફરવા માટે મને પેરીસની 'કુપન સીસ્ટોમ' ખૂબ ગમી. ટ્રેનની દસ ટિકિટના સપુટ (કાર્નેટ)ની કિંમત ૨૦૦ ફ્રેન્ક છે અને બસની વીસ ટિકિટના કાર્નેટની કિંમત પણ ૨૦૦ ફ્રેન્ક છે. આ ટિકિટો અગાઉથી ગમે તે સ્ટેશનેથી ખરીદ કરીને ખીસામાં સંઘરી શકાય છે અને જ્યારે વાપરવી હોય ત્યારે વાપરી શકાય છે, બીજા કોઈને પણ આપી શકાય છે. જાણે ટ્રેન કે બસની પ્રવેશપત્રિકા હોય તેમજ આ કુપનોનો ઉપયોગ કરવા દેવામાં આવે છે. સ્ટેશનના પ્લેટફોર્મમાં પ્રવેશ કરતી વખતે જ એક કુપન અચૂક આપી દેવી પડે છે. લુક્ષેમ્બર્ગ અને બાસ્ટીલ સિવાયની બધી ભૂગર્ભ લાઇનોના કોઈપણ સ્ટેશનમાં અંદર પ્રવેશ મળી ગયા પછી તમે એક સ્ટેશનની મુસાફરી કરો કે પાચસો સ્ટેશનોની મુસાફરી કરો તોયે ચાલે—એક જ કુપનના ભાડે! ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં! એક પ્રવેશ-ટિકિટ લઈને મોટા પ્રદર્શનમાં દાખલ થયા પછી તમે એક જ સ્ટોલ જુઓ કે પાંચસો સ્ટોલ જુઓ તેના જેવું જ કંઈક! ખાવ ધાણી, ખાવ ખાજાં, ખાઈ ખાઇને કેટલાં ખાશો, તમે જ થાકશો! આવી સમજથી પેરીસની 'અંધેરી' નગરી 'મેટ્રો'માં ભાજી અને ખાજાંનો એક જ ભાવ રાખેલો છે! પ્રવેશ વખતે જ કુપન આપી દેવાની, પછી ફરાય તેટલું ફરો, જંક્શનો ઉપર બદલાય તેટલી લાઈનો પણ બદલો અને છેલ્લે ગમે તે સ્ટેશને 'મેટ્રો'માંથી બહાર નીકળો. ટ્રેનની અંદર કે છેલ્લે બહાર નીકળતી વખતે કોઈને કશું બતાવવાનું નહિ! પણ પ્રવેશતી વખતે કોઈની મજાલ નથી કે 'મેટ્રો'ના કોઈ પણ સ્ટેશનના ભોંયરાની અડબેઠી દ્વારપાલિકાની નજર ચૂકાવીને તે અંદર ઘૂસી શકે! વગર કુપને કોઈને પણ 'મેટ્રો'માં પ્રવેશ મળી શકતો નથી. બસમા પણ લગભગ આવું જ છે પરંતુ જંક્શનો આગળ બસ બદલતી વખતે એક નવી કુપન પાછી કાઢવી પડે છે. આ કાર્નેટ પદ્ધતિને લીધે પેરીસમાં ટિકિટો કઢાવવાની લાંબી 'ક્યુ' નિવારી શકાય છે. કોઇપણ નાગરિકની પાસેથી પણ બેચાર કુપન તાત્કાલિક ખરીદ કરી શકાય છે—આપણી પોસ્ટની ટિકિટોની જેમ. 'કાર્નેટ' લો અને 'ક્યુ' ટાળો!

પેરીસના આ નકશાઓ ઉપરથી મને પરિભ્રમણનો વ્યૂહ ગોઠવવાનું ઘણું સરળ લાગ્યું. ગેર ડુ લીયોં સ્ટેશનેથી મેં સીધું જ રૂડી લીયોં નામના રસ્તા ઉપર ચાલવા માંડ્યું. પાંચ જ મિનિટમાં ગેર ડી બાસ્ટીલ સ્ટેશન આવ્યું અને તેની સામેના વિશાળ ચોક 'પ્લેસ ડી લા બાસ્ટીલ'ની વચ્ચોવચ્ચ ગૌરવપૂર્વક ઊભા કરેલા એક તોતિંગ મિનારા 'જુલાઈ કૉલમ—ક્રાન્તિ સ્મારક સ્તંભ'ની સમક્ષ આવીને હું ઊભો. કેવું આ ઐતિહાસિક સ્થળ છે! વિશ્વક્રાન્તિનું આ છે પ્રથમ ઉદ્‌ભવસ્થાન! કાર્લ માર્કસના વર્ગસંઘર્ષના તત્ત્વજ્ઞાનની પ્રેરણામાંથી ૭મી નવેમ્બર ૧૯૧૭ ના દિવસે જગતની **પ્રથમ સફળ લોકક્રાન્તિ— રશિયન રેવોલ્યુશન**—થઈ એ વાત સાચી; છતાં તેના કરતાં ઘણી વહેલી જગતની **સર્વપ્રથમ લોકક્રાન્તિ—ફ્રેન્ચ રેવોલ્યુશન**—જીન જેકસ રૂસોના 'રાજાઓની જુલ્મશાહી સામે બંડ પોકારી પ્રજાસત્તાક તંત્ર સ્થાપવા'ના તત્ત્વજ્ઞાનની પ્રેરણામાંથી ૧૪મી જુલાઈ ૧૭૮૯ને દિવસે પેરીસમાં આ સ્થળે થઈ હતી.

આ સ્થળે તે સમયે એક તોતિંગ કિલ્લો હતો અને તેને ફરતી એક ખાઈ હતી. કિલ્લામાંથી ખાઈની આડે 'ડ્રૉબ્રિજ' નીચો પાડવામાં આવે તો જ કિલ્લામાં પ્રવેશી શકાય તેમ હતું. આ કિલ્લાને લોકો જુલ્મગઢ (ટાયરનીઝ સ્ટ્રૉન્ગહોલ્ડ) ના નામે ઓળખતા હતા કારણ કે અંદરના નર્કાગાર સમા અંધારિયા ભોંયરાંઓ (ડન્જીયન્સ) માં એક વખત ધકેલાઈ ચૂકેલો કોઈપણ કેદી બહાર આવવા પામતો નહોતો—લંડનના 'ટાવર ઑફ લંડન'ની જ ફ્રેન્ચ આવૃત્તિ જેવું! આ જુલ્મશાહી મિટાવી દેવા ફ્રેન્ચ ક્રાન્તિકારો કટિબદ્ધ થયા અને એક મોટો લોકસમૂહ તે દિવસે આ સ્થળે ધસી આવ્યો. આ જુલ્મગઢ 'બાસ્ટીલ'ને તોડી ફોડીને લોકસમૂહે ક્રાન્તિવીરોને જેલમાંથી મુક્ત કર્યા. ગુલામીની શૃંખલાઓ લોકક્રાન્તિથી જાહેરમાં પહેલી વાર આ સ્થળે તૂટી. આવા પાવક સ્થળના દર્શનથી મારા પેરીસના પરિભ્રમણના મંગળાચરણ થવાં તેથી મને ઘણો હર્ષ થયો.

બાસ્ટીલનો આ સ્મારક સ્તંભ ઘણો ઊંચો છે. તેની અટારીમાં પહોંચવા ૨૪૦ પગથિયાં ચઢવાં પડે છે. તેની ટોચ ઉપર 'મુક્તિ' (લિબર્ટી) ની પ્રતિમા ઊભેલી છે અને તેના સાંનિધ્યમાં ઊભા ઊભા આપણે પેરીસનગરીનું સુંદર વિહંગાવલોકન કરી શકીએ છીએ. અલબત્ત આ વખતે આપણને બીજા પણ વિચારો જરૂર આવે છે જ. ફ્રેન્ચ રેવોલ્યુશને પ્રકટાવેલી મુક્તિની જ્યોત આજે જગતના ખૂણે ખૂણે પ્રકાશ અચૂક પાથરી રહી છે છતાં વિશ્વક્રાન્તિ હજી દૂરની દૂર કેમ ઠેલાયા કરે છે? ફ્રેન્ચ ક્રાન્તિને પણ ટૂંક સમયમાં જ કચડી નાખવામાં આવી નહોતી શું? રાજાશાહીને ફગાવી દઈને ૧૭૯૨માં પહેલા ફ્રેન્ચ પ્રજાસત્તાક રાજ્યની ઘોષણા પણ થઈ ચૂકી હતી છતાં સાત જ વર્ષ બાદ ૧૭૯૯માં જ ફરી પાછી ક્રાન્તિને લોહીમાં ડૂબાડી દઈને રાજાશાહી નેપોલિયન બોનાપાર્ટ શહેનશાહની ગાદી ઉપર ચઢી બેઠો નહોતો શું? તે સમયે 'કાઉન્ટર રેવોલ્યુશન' જેવા શબ્દની શોધ થઈ નહોતી છતાં એટલું તો સ્પષ્ટ જ હતું કે સ્થાપિત હિતોને જનતાની મુક્તિમાં કશો જ રસ નહોતો. તેમના પોતાના વૈભવ વિલાસ, નફો અને એશઆરામ જનતાની ગુલામી ઉપર જ નિર્ભર હતા તેથી મુક્તિની જ્યોતને બુઝાવી દેવામાં જ તેમનું તો હિત હતું. આજે પણ આ જ પરિસ્થિતિ ઠેરઠેર નજરે પડે છે. જાગ્રત જનતા સંગઠિત થઈને લોક-

ક્રાન્તિની જ્યોત પ્રકટાવે છે અને સ્થાપિત હિતો સંગઠિત થઈને આ જ્યોત બુઝાવવા મરણિયા થઈને ઝઝૂમે છે. આનું આધુનિક નામ છે કાઉન્ટર રેવોલ્યુશન—પ્રતિક્રાન્તિ. આ પ્રતિક્રાન્તિથી ક્રાન્તિનું, મુક્તિનું, રક્ષણ કરવા સતત જાગ્રત રહેવું જરૂરી છે—"વિજીલન્સ ઇઝ ધી પ્રાઇસ ઓફ લિબર્ટી"! રશિયન ક્રાન્તિએ આ સૂત્ર પૂરેપૂરું પચાવ્યું છે તેથી જ તે ફાસીઝમની વિશ્વવ્યાપી પ્રતિક્રાન્તિની સામે ટકી શકી હતી અને હજી ટકી રહી છે. હું 'મુક્તિની મૂર્તિ' પાસે ઊભો ઊભો વિચારી રહ્યો હતો કે અલ્જેરિયાનું મુક્તિ-આંદોલન કોણ કચડી રહ્યું છે? ફ્રાન્સ પોતે જ! હું પેરીસમાં પહોંચ્યો તેના થોડાક જ દિવસ પહેલાં 'લોકશાહી ચૂંટણી'માં જનરલ ડી ગોલ ચૂંટાઈ આવ્યો હતો અને આ જ આધાતા અલ્જેરિયાની મુક્તિનો કટ્ટર વિરોધી છે! અજબ છે આ લોકશાહી પણ!

ક્રાન્તિ અને પ્રતિક્રાન્તિના વિચારોના વમળ બાસ્ટીલને સુપ્રત કરીને હું આગળ વધ્યો. હજી તો પ્રતિક્રાન્તિના મિનારાઓ પણ પેરીસમાં જોવાના બાકી હતા—'નારો'ની વડી કચેરી એફીલ ટાવરની સામે આવેલી બાદશાહી ઇમારત 'પેલેસ ડી ચેલ્રો' માં જ હતી! તે બધું બપોરે જોવાનું નક્કી કર્યું હતું તેથી બાસ્ટીલમાંથી નીકળીને મેં જગવિખ્યાત દેવળ 'નોટડેમ' ના રસ્તે ચાલવા માંડ્યું. રૂ ડી રીવોલી નામના પેરીસના લાંબામાં લાંબા, ત્રણ માઈલ જેટલા સીધા રાજમાર્ગ ઉપર ચાલતાં ચાલતાં પ્લેસ ડેસ વોસ્જીસ, સેન્ટ પોલ્સ કેથડ્રેલ, સેન્ટ ગેરવાઈસ અને હોટેલ ડી વીલે નામની મોટી ઇમારતો જોવા મળી. 'નોટ-ડેમ' નું દેવળ સીન નદીના એક નાનકડા બેટ જેવા ખાક ઉપર બાંધવામાં આવેલું છે. હોટલ ડી વીલેની સામેના 'લા સાઇટ' નામના પુલ ઉપર થઈને હું 'નોટડેમ' પહોંચ્યો.

નોટડેમનું દેવળ એ કેવળ ખ્રિસ્તીઓનું જ જાત્રાધામ નથી, કલા અને સ્થાપત્યના દરેક પ્રેમીનું પણ એ જાત્રાધામ છે. લગભગ બારમી સદીમાં બંધાયેલું આ દેવળ 'ગોથિક' કલાના અપ્રતિમ પ્રતીક સમુ છે. ઇ. સ. ૧૮૪૫–૧૮૬૪ના ગાળામાં આ ઇમારતમાં ઘણા સુધારાવધારા કરવામાં આવ્યા હતા છતાં તેનું અસલનું સૌંદર્ય તો જળવાઈ જ રહ્યું છે. ઇટલીની આધ્યાત્મિક રાજધાનીનું સ્થળ જેવી રીતે વેટિકનમાં આવેલું જગતનું મોટામાં મોટું ખ્રિસ્તી દેવળ સેન્ટ પીટર્સ છે તેવી રીતે ફ્રાન્સની આધ્યાત્મિક રાજધાનીનું સ્થળ નોટડેમનું દેવળ છે. ફ્રાન્સના વડા ધર્મગુરુઓ પૂર્વે રાજાઓને અને હવે રાજપ્રમુખોને આ દેવળમાં આશીર્વાદ આપવા બોલાવે છે. દેવળના અગ્રભાગમાં ત્રણ મોટી કલાત્મક શિલ્પકૃતિઓ દેખાય છે. એક બાજુ ઇસુખ્રિસ્તની માતા 'વર્જીન મેરી'ની સુંદર પ્રતિમા છે, બીજી બાજુ સેન્ટ એનીની પ્રતિમા છે અને મધ્યમાં 'ધી લાસ્ટ જજમેન્ટ'નો હૃદયંગમ પ્રસંગ રજૂ કરતી શિલ્પકૃતિ છે. દેવળની અંદર દેરતા ઉપરાંત ૨૮ રાજાઓની મૂર્તિઓ પણ છે—તે જમાનામાં તેઓ પણ દેવાંશી જ ગણાતા હતા ને! રાજાઓના આ પ્રદર્શનખંડ-ગેલેરી ઓફ કિન્ગ્સ-ની સામે રંગબેરંગી કાચની એક વિરાટ બારી 'રોઝ વિન્ડો' છે તેનો વ્યાસ ૩૧ ફૂટ જેટલો છે!

નોટડેમના દેવળના ૨૨૩ ફૂટ ઊંચા મિનારાઓમાંના એકમાં ૧૩ ટન (૨૯૧૨૦ રતલ) વજનનો વિખ્યાત ઘંટ 'બોર્ડન' લટકાવેલો છે અને બીજા મિનારા ઉપર ભૂત, પલિત, વિકરાળ પશુપંખીઓ વગેરેનાં શિલ્પચિત્રો છે. આ જોવા જવા માટે ૩૫૦ પગથિયાંનો દાદર ચઢવો પડે છે! દેવળનું મુખ્ય ગોપુરમ્ (સ્પાયર) જમીનથી ૩૨૧ ફૂટ ઊંચું છે અને જાતે

૧૪૮ ફૂટ ઊંચું છે. રાત્રે તેની ઉપર રોશની થાય છે ત્યારે તેની ઉપર કોતરેલી પ્રતિમાઓ અવનવું દૃશ્ય રજૂ કરે છે. દેવળનો મુખ્ય પ્રાર્થનાખંડ ૪૨૭ ફૂટ લાંબો, ૧૫૭ ફૂટ પહોળો અને ૧૧૫ ફૂટ ઊંચો છે અને તેમાં એકી સાથે ૯૦૦૦ ભજનિકો સમાઈ શકે છે. ખંડનો આકાર ઊંધી કરેલી નૌકા જેવો છે તેમાં જ તેના 'આર્કિટેકચર'ની મૌલિકતા રહેલી છે. ખંડને ફરતાં ૭૮ નાના નાના ઝરૂખાઓ (કોઇર સ્ટોલ્સ) છે જેમાં કીર્તનિયાઓ ઊભા રહે છે. હું આ દેવળમાં ગયો તે દિવસે તો એક વિશિષ્ટ પ્રાર્થના ચાલતી હતી. સવારના છાપામાં જ સમાચાર આવ્યા હતા કે રોમના વેટિકનમાં નામદાર પોપ મૃત્યુશય્યા ઉપર આખરી ઘડીઓ ખેંચતા હતા. તેમનાં સ્વાસ્થ્ય માટે ઠેર ઠેર સ્પેશિયલ પ્રાર્થનાઓ જગતભરનાં દેવળોમાં ચાલી રહી હતી તેવા સમયે હું પણ આ વિશ્વવિખ્યાત દેવળમાં જઈ ચડ્યો હતો. પેરીસની પ્રસિદ્ધ વ્યક્તિઓ પણ આ પ્રાર્થનામાં હાજર હતી. આ પછી ત્રણચાર દિવસ બાદ નામદાર પોપના સ્વર્ગવાસના સમાચાર મેં લંડનના એક થિયેટરમાં તેમની 'શબયાત્રા'ની ન્યુઝ રીલ રૂપે જ સીધા જોયા હતા.

નોટડૅમમાંથી નીકળીને ફરી પાછી 'હોટેલ ડી વિલે' તરફ નજર કરી. બાસ્ટીલનો કિલ્લો તોડવાની ક્રાન્તિની જ્વાળાઓ આ સ્થળેથી પ્રકટી હતી એમ જાણવા મળ્યું એટલે એ ઇમારતની સામે ધ્યાનપૂર્વક જોયું. આ ઇમારતમાં આજે તો હજારો ચિત્રો, શિલ્પકૃતિઓ, અને વિજ્ઞાનના નમૂનાઓ ગોઠવવામાં આવેલા છે—ખાસ કરીને સલોન ડેસ કારીયેટાઇડસ, સલોન ડેસ સાયન્સીસ, અને ગેલેરી લોબા એ આ મ્યુઝિયમના વિશિષ્ટ ખંડો છે. અહીંથી નદીનો ડાબે કાંઠે ચાલતાં હું સેન્ટ માઈકલ બુલેવર્ડ નામના માર્ગ ઉપર આવ્યો. આ રસ્તાની ચોગરદમ રેસ્ટોરાંઓ અને કેફેઓ નજરે પડે છે અને ઠેરઠેર વિદ્યાર્થીઓનાં જૂથો અથડાય છે. સમજાય છે કે આ 'યુનિવર્સિટી એરિયા' છે. એક બાજુ છે એકોલ પ્રાતિક લેબોરેટરીઝ, બીજી બાજુ છે 'પ્લેસ ડી લા સોર્બોન'-એટલે કે વિદ્યાપીઠ. આસપાસમાં જાતજાતની સ્કુલો, કૉલેજો અને ઇન્સ્ટીટયુટો છે. મેડિકલ કૉલેજની બાજુમાં સેન્ટ સુલ્પાઇસ નામનું દેવળ છે તે આખા પેરીસનાં બધાં દેવળોમાં વધારેમાં વધારે ધનસમૃદ્ધિ ધરાવે છે. વિદ્યાપીઠનો રસ્તો સોર્બોન વટાવીને હું રૂ સુફ્લોતમાં આવી પહોંચ્યો. ત્યાં એકોલ ડી ડ્રોઈટ (લૉ કૉલેજ)ની સામેના ઊંચા ટેકરા ઉપર એક વિખ્યાત ઇમારત આવેલી છે તેનું નામ છે 'પેન્થિયોં.'

'પેન્થિયોં' મને ખૂબ ગમ્યું. સીન નદીના ડાબા કાંઠે આવેલા ઊંચામાં ઊંચા ટેકરા મોન્ટ જીનેવીવ ઉપર આ ૨૭૨ ફૂટ ઊંચી અને આકર્ષક ગોળ ગુમ્મજવાળી ઇમારત આવેલી છે. તેની આગલી ગેલેરી આપણી લોકસભાની ગેલેરીની જેમ નક્કર પથ્થરના સંખ્યાબંધ ઊંચા થાંભલાઓવાળી છે. આવા ૨૨ 'કોરીન્થિયન કોલમ્સ'ની ઉપર ત્રિકોણ આકારની દીવાલ ખૂબ સુંદર લાગે છે. આ ઇમારત મૂળ તો રાજા પંદરમા લૂઈએ સેન્ટ જીનેવીવના સ્મારક રૂપે બંધાવી હતી પરંતુ ૧૭૯૧ની સાલ બાદ તેનો ઉપયોગ વિખ્યાત ફ્રેન્ચમેનોના કબ્રસ્તાન તરીકે કરવામાં આવે છે. વોલ્ટેર, વિકટર હ્યુગો, રૂસો, એમિલ-ઝોલા, જીન જૅરે વગેરેની કબરો 'પેન્થિયોં'માં છે. કબ્રસ્તાનમાં જોવાનું શું છે એમ માનીને આ સ્થળ જોવાનું ચૂકી જવાય તેવો સંભવ રહે છે પરંતુ આ સામાન્ય કબ્રસ્તાન નથી. અહીં તો મહાન આત્માઓની સ્મૃતિનો પમરાટ સતત મ્હેંકે છે. અંદરની દીવાલો ઉપરના વિરાટ 'ફ્રેસ્કોઝ'

ફ્રેન્ચ કલાકારોની ઉચ્ચતમ સિદ્ધિઓના નમૂનારૂપ છે. જેવી રીતે કાશી પાસે આવેલા સારનાથના સ્તૂપની દીવાલો ઉપર જાપાની કલાકારોએ ગૌતમબુદ્ધના જીવનના પ્રસંગોનું હૃદયંગમ આલેખન કરેલું છે તેવી રીતે 'પેન્થિયો'ની દીવાલ ઉપર પુવીસ ડી શેવેન 'નામના કલાકારે' સેન્ટ જીનેવીવના જીવનપ્રસંગોનું સુંદર આલેખન કરેલું છે. આ ઉપરાંત ખ્રિસ્તી દંતકથાઓનાં પણ ઘણાં સુંદર ચિત્રો 'પેન્થિયો'માં છે. સેન્ટ ડેનીસની શહીદીનું ચિત્ર તો ખરેખર હૃદય હચમચાવી નાખે તેવું જીવંત લાગે છે. રોડીન નામના કલાકારે ઘડેલી 'ધી થિંકર 'ની પ્રતિમા પણ 'પેન્થિયો'ની કબ્રસ્તાન-કમ-આર્ટ ગેલેરીને વિભૂષિત કરી રહી છે.

'પેન્થિયો'માંથી હું બહાર આવ્યો ત્યારે પાછી ભૂખ લાગી હતી પરંતુ પૈસાની તંગી હતી તેથી પાકું જમવાનું સાંજ ઉપર મુલતવી રાખીને થોડાક નાસ્તાથી ચલાવી લેવાનું નક્કી કર્યું. સામે જ આવેલા ૬૨ એકર જેટલા વિશાળ લુક્ષેમ્બર્ગ પાર્કમાં હું ગયો અને ત્યાં બ્રેડ, કોફી, મગફળી અને લીલી દ્રાક્ષનો નાસ્તો કર્યો લુક્ષેમ્બર્ગ પાર્કમાં વિસામો કરવા એક ખુરશી શોધીને હું બેઠો બેઠા બેઠા બે સૃષ્ટિનાં દર્શન કર્યાં: બાગની મધ્યમાં ઊડતા એક ફુવારાની ગોળાકાર પાળીની આસપાસ નાનાં નાનાં ફ્રેન્ચ બાળકો સંતાકુકડીની રમત રમતાં હતાં, કાગળની હોડીઓ હોજમાં તરાવતાં હતાં, તેમ જ ફુગ્ગાઓ ઉડાવતાં હતાં. બીજી બાજુ ઘાસની લોન ઉપર કૉલેજનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ મુક્ત પંખીઓની જેમ મુક્ત પ્રેમ કરતાં હતાં. કેટલાક એકલવાયા વિદ્યાર્થીઓ તેમનાં પુસ્તકો વાંચવામાં પણ મશગુલ હતા. આખા બાગ ઉપર મોટો તડકો છવાયેલો હતો તેથી ઠંડી જરા ઓછી લાગતી હતી. છતાંયે મારે ભરબપોરે ઓવરકોટ તો પહેરેલો જ રાખવો પડ્યો હતો.

બાગમાં ખરું આકર્ષણ તો પુષ્પશય્યાઓનું હતું. ઘાસના મેદાનની જેમ આખા ને આખા ગાલીચાઓ અવનવા રંગબેરંગી ફ્રેન્ચ ફ્લાવર્સથી આચ્છાદિત હતા. તે જોઈને સૌ કોઈને તેમાં આળોટવાનું મન થઈ જાય તેમ હતું. છતાં ખૂબીની વાત એ હતી કે આખા બાગમાંથી એક પણ ફૂલ કોઈ તોડતું નહોતું. મારી બાજુની ખુરશી ઉપર બેઠેલા સજ્જને સૌંદર્યનું તત્ત્વજ્ઞાન મને સમજાવ્યું. "સૌંદર્યને દૂરથી જોઈને જ આનંદ પામતાં શીખવું તે સાચી કેળવણી છે, ચૂંટી ચીમળીને સૌંદર્યનો ઉપભોગ કરવો તે બરછટાઈ છે, સૌંદર્યનું અપમાન કરવા બરાબર છે. સૌંદર્યને કરમાવી ન નાખવું હોય તો તેને દૂરથી જોઈને જ સંતોષ માનવો જોઈએ!" મેં તેમને પેલાં યુગલો બતાવ્યાં ત્યારે તેમણે જણાવ્યું કે "આ તો ખીલતાં પહેલાં જ કરમાઈ ચૂકેલાં નિસ્તેજ પુષ્પો છે" અને મેં ઉમેર્યું કે "એકલાં પુષ્પો જ નથી, ભ્રમરો પણ છે જ અને તે જરાયે કરમાયેલા લાગતા નથી. એ બધા લાલબુંદ દેખાય છે." પેલા સજ્જને કહ્યું: "ભલે આજે લાલબુંદ જેવા લાગતા હોય પણ આ લાલી લાંબી નહિ ટકે. અહીંનો લપટતાનો કૂપ કાળા કાજળથી ભરેલો છે. તેમાં જેમ ઊંડા ખૂંપીએ તેમ કાળાશ વધતી જ જવાની—શરીરની નહિ પણ આત્માની!" પેરીસમાં સુદ્ધાં આવું તત્ત્વજ્ઞાન હજી જીવંત છે તે જોઈને મેં સાનંદાશ્ચર્ય અનુભવ્યું!

ઉદ્યાનમાં વિસામો લઈને મેં સામે આવેલા લુક્ષેમ્બર્ગ પેલેસ તરફ ચલાવ્યું. આ મહેલનો ઉપયોગ હવે સેનેટ હાઉસ તરીકે થાય છે. અહીંથી ૮૨ નંબરની બસમાં બેઠો તે પહોંચ્યો સીધો એફીલ ટાવર. સીન નદીના ડાબા કિનારે આવેલો આ વિરાટ ગગનચુંબી મિનારો

જગતની સાત-અજાયબીઓમાંની એક અજાયબી ગણાય છે એ વ્યાજબી જ છે. જેવી રીતે તાજમહાલ, થેમ્સ નદીની ટનલ, નાયગરાનો ધોધ વગેરે અજાયબીઓ વિશેનો સાચો ખ્યાલ તેના ફોટાઓ જોવાથી કદાપિ આવી શકતો નથી તેવી જ રીતે એફીલ ટાવર વિશેનો સાચો ખ્યાલ પણ તેના ફોટા ઉપરથી આવી શકે તેમ નથી. મેં એફીલ ટાવરના અનેક ફોટાઓ જોયા હતા પરંતુ જ્યારે હું સાગેસાચ તેની સામે આવીને ઊભો ત્યારે જ સમજાયું કે કોઈ પણ ફોટો તેના વિરાટ સ્વરૂપને ન્યાય આપી શકે તેમ નથી.

૯૮૪ ફૂટ ઊંચા આ લોખંડી મિનારાનું જમીન ઉપરનું ક્ષેત્રફળ ૩૦૦૦૦ ચોરસ ફૂટ છે અને તે આસ્તે આસ્તે ઘટતું ઘટતું મિનારાની ટોચ ઉપર ૩૦૦ ચોરસ ફૂટ થઇ જાય છે. ટોચ પણ આવી લાંબી પહોળી છે છતાં નીચેથી જોનારને તો તે અણિયાળા બિંદુ જેવી જ લાગે છે। એફીલ ટાવરનું આખું ફ્રેમવર્ક લોખંડના ગર્ડરોનું બનેલું છે. ૧૨૦૦૦ ગર્ડરોને પચીસ લાખ સાંધાઓથી 'મિકેનો'ની પટ્ટીઓની જેમ જોડીને આ તોતિંગ મિનારાનું સર્જન કરવામાં આવ્યું છે. તેનો સર્જક હતો એક ફ્રેન્ચ એન્જીનિયર અલેક્ઝાન્ડર ગુસ્તાવ એફીલ. તેની ૫૫ વર્ષની ઉંમરે તેણે આ ટાવર બાંધી બતાવ્યું. ૧૮૮૭માં શરૂ કરીને તેણે ૧૮૮૯માં તો ટાવર તૈયાર પણ કરી દીધું. ૧૮૮૯ના પેરીસના મહાન પ્રદર્શનમાં આ ટાવર જ મુખ્ય આકર્ષણ રૂપ બની ગયું. ૧૯૨૩માં એફીલ ૯૧ વર્ષની વયે મરી ગયો ત્યાં સુધી તેણે પોતાના આ સર્જનને નિહાળ્યા કરવાનો આનંદ ભોગવ્યો અને કરોડો માનવો સેંકડો વર્ષો સુધી આ ઇમારતને જોઇને આનંદ પામશે એવી શ્રદ્ધા સાથે તે આ જગતમાંથી વિદાય થયો.

એફીલ ટાવરના ચાર ખૂણાના પાયાઓ નીચે ચાર બિલ્ડીંગો છે. તે ચારે બિલ્ડીંગો તોતિંગ કમાનોથી અરસપરસ સંકળાયેલાં છે. આ પાયાનાં મકાનોમાં દુકાનો, ટોઇલેટ, ટિકિટ ઓફિસ વગેરે છે અને પાયા ઉપરના પિંજરાઓની વચ્ચે ગગનગામી દાદરો અને લિફ્ટો છે. દાદર માર્ગે તો સાહસિકો જ ચઢી શકે છતાં તેમ ચઢવા માટે પણ ૧૫૦ ફ્રેન્કની પ્રવેશ ટિકિટ તો ખરીદવી જ પડે છે. લિફ્ટ માર્ગે ચઢવા માટે પહેલા માળ સુધીના ૩૫૦ ફ્રેન્ક, બીજા માળ સુધીના ૫૦૦ ફ્રેન્ક અને ત્રીજા માળે ટોચ સુધી જવાના ૬૦૦ ફ્રેન્ક ભરવા પડે છે. સ્વીટ્ઝર્લૅન્ડની ફ્નીક્યુલર રેલવેના જેવી જ આ લિફ્ટો છે. એક લિફ્ટમાં દસબાર માણસો ઊભા રહી શકે છે. ચારે પાયાઓ ઉપર ઊભા કરેલા ઢળતા વિરાટ પિંજરાઓની વચ્ચોવચ્ચ ઢોળાવો ચઢતી લિફ્ટમાં એફીલ ટાવર ઉપર ચઢવાનો અનુભવ અવર્ણનીય છે.

પહેલા માળે લિફ્ટમાંથી ઊતર્યા ત્યારે જ જમીનથી તો ખૂબ ઊંચે ચઢી ગયા હતા. પહેલા માળ ઉપર ચાર મોટી સુસજ્જ રેસ્ટોરાંઓ છે, પોસ્ટ ઓફિસ છે, સોવેનીર વેચવાની દુકાનો છે અને ચારે બાજુ ફરતી બાલ્કનીઓ છે. માત્ર પહેલા જ માળની આ બાલ્કનીઓમાંથી જમીનની સૃષ્ટિ ઉપર નજર નાખીએ છીએ તો યે મોટરો રમકડાંની મોટરો જેટલી નાની દેખાય છે, માણસો ઢીંગલી જેવડા દેખાય છે અને ઝાડપાન તો ઘાસના સપાટ ગાલીચા જેવા જ દેખાય છે. પેરીસનગરીમાં વળાંક લેતી સીન નદીનો આખો પટ અદ્વિતીય દૃશ્ય ખડું કરે છે. એફીલ ટાવરના પહેલા માળ ઉપરથી આખી પેરીસનગરી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

બીજા માળે જતી લિફ્ટમાં ચઢતી વખતે તો ખરેખરી 'થ્રીલ' અનુભવાય છે. બીજા માળે પણ રેસ્ટોરાં છે અને ત્યાંની બાલ્કનીમાંથી નીચે દૃષ્ટિપાત કરતી વખતે તો દિલ ધાક્ ધડક્ થાય છે. 'કઠેરો તૂટી જાય તો! પવનમાં ઊડી જઈએ તો! ચક્કર આવે ને ગબડી પડીએ તો!' આવા આવા પ્રશ્નો ત્યાં ઊભેલા દરેકના મનમાં ઊઠે છે તેનો આજે વિચાર કરું છું ત્યારે ગાગારીન અને ટીટોફ યાદ આવે છે. શી એમની હિંમત હશે! એમના પણ હાંજા તો ગગડયા જ હશે પરંતુ હવે 'હીરો' થઈ ગયા પછી એવું કબૂલ કરવાની શી જરૂર! ગયા મહિને જ મેં ગાગારીનને મુંબઈમાં જોયો. વાત કરવા મળી હોત તો હું તેને જરૂર પૂછી લેત કે "અલ્યા! નદીઓ અને ખેતરો વોસ્ટોકમાંથી 'સ્પષ્ટ' દેખાયા તો એફીલ ટાવર દેખાયું કે નહિ? મને તો તેની ઉપરથી પણ બધું સાવ ઝીણું ઝીણું લાગતું હતું! અલબત્ત મારી પાસે ટેલીસ્કોપ તો નહોતો જ."

ત્રીજા માળે પહોંચ્યા પછી તો ચિત્તભ્રમ થઈ જાય તેવું લાગે છે. માન્યામાં નથી આવતું કે આપણે હજી પૃથ્વી સાથે સંધાયેલા છીએ. એમ જ લાગે છે કે આપણે હવામાં અદ્ધર જ લટકી રહ્યા છીએ અને પગની નીચે કશો જ ટેકો નથી રહ્યો. નીચેનું દૃશ્ય કદાપિ ન ભૂલાય તેવું સોહામણું-મિશ્રિત-બિહામણું લાગે છે. પૃથ્વીનું આવું સ્થિર દૃશ્ય વિમાનમાંથી નથી જોઈ શકાતું કારણકે વિમાન ખૂબ ગતિથી પસાર થઈ જાય છે, પરંતુ એફીલ ટાવરની ટોચ ઉપરથી અલબેલી પેરીસનગરીનું વિહંગાવલોકન ધરાઈ ધરાઈને કરી શકાય છે. બાઈનો-ક્યુલરની મદદથી પેરીસના એકેએક દર્શનીય સ્થળને અહીંથી ઓળખી શકાય છે. સીન નદીનો ૬૦ માઈલ જેટલો પટ એફીલ ટાવરની ટોચ ઉપરથી જોઈ શકાય છે! એફીલ ટાવરની ટોચ ઉપર ચઢવાનો અનુભવ એ જિંદગીનો અણમોલ લ્હાવો છે.

અલબત્ત હવે તો એફીલ ટાવરના કરતાં પણ ઘણી ઊંચી ઇમારતો અમેરિકામાં અને રશિયામાં અસ્તિત્વમાં આવી છે. મોસ્કોમાં ૧૭૦૦ ફૂટ ઊંચું ટેલીવિઝનના એરિયલનું એક ટાવર બંધાવા પણ માંડ્યું છે. તેના પાયામાં નવ માળનું એક મકાન પણ બંધાશે! ૧૧૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા ટાવરના ત્રીજા માળે ૨૫૦ માણસો બેસી શકે તેવી રેસ્ટોરાં બંધાશે! ઉપર ચઢવા માટે ચાર લિફ્ટો હશે, દરેક લિફ્ટમાં પંદર માણસો ઊભા રહી શકશે અને બે જ મિનિટમાં લિફ્ટ ટાવરની ટોચ ઉપર પહોંચી જશે! ટોચ ઉપરથી આખું મોસ્કો નિહાળી શકાશે. હવે તો ચંદ્ર સુધી પહોંચવાની વાતો ચાલે છે એટલે આ બધું તો મામૂલી લાગવાનું!

એફીલ ટાવરની નીચે પાછા ધરતીમાતાની ગોદમાં ઊતર્યાં ત્યારે ટાઢક વળી કે હવે કંઈ ખતરો નથી! ટાવરની પાછલી બાજુએ ચેમ્પ ડી માર્સ નામનું ૩૦૦૦ ફૂટ લાંબું અને ૧૫૦૦ ફૂટ પહોળું લીલુંછમ પરેડનું મેદાન છે અને મેદાનને છેડે એકોલ મિલિટેર (મિલિટરી કોલેજ) છે ટાવરની આગલી બાજુએ સીન નદી વહે છે અને તેની ઉપરનો 'પોન્ટ ડી ઇના' નામનો પુલ ઓળંગીએ છીએ એટલે 'પાસી એવેન્યુ' નામના રસ્તા ઉપર આવીએ છીએ. બરાબર સામે જ એક અર્ધવર્તુલાકાર રાજમહેલ જેવી ઇમારત દેખાય છે. અસલ આ રાજમહેલ જ હતો પરંતુ ફ્રેન્ચ ક્રાન્તિની સાથે સાથે આ ઇમારત—પેલેસ ડી ચેલો—નું ભાગ્ય પણ પલટાતું રહ્યું છે.

ઈ. સ. ૧૯૪૮ની સાલમાં રાષ્ટ્રસંઘ—યુનાઇટેડ નેશન્સ ઓર્ગેનાઇઝેશન—ની

સ્થાપના વખતે રાષ્ટ્રસંઘની વડી કચેરી આ પેલેસ ડી ચેલોમાં રાખવામાં આવી હતી. પણ પછી જ્યારે ન્યુયોર્કમાં 'યૂનો'ની આલિશાન ઇમારત બંધાઈ ગઈ ત્યારે આ વડી કચેરી પેરીસમાંથી ખસેડીને ન્યુયોર્કમાં લઈ જવામાં આવી. ત્યારબાદ પેલેસ ડી ચેલોમાં એક વિખ્યાત નાપાક સંસ્થાની વડી કચેરીએ પગદંડો જમાવ્યો છે. આ સંસ્થા તે બીજી કોઈ નહિ પણ વિશ્વપ્રતિક્રાન્તિના મધ્યબિંદુ સમી 'નાટો'—નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈ-ઝેશન! ચાંગ કાઈ શેક, સીંગમાન રી, ફ્રાન્કો, સાલાઝાર, વેરવુર્ડ, શેય વેલેન્સકી, શોમ્બે વગેરે કોટિના કટ્ટર ફાસીસ્ટ ઠગોને ભરપટ્ટે મદદ કરીને તેમનું લોહીયાળ શાસન ટકાવનાર સંસ્થા તે 'નાટો'; અને આ નાટોના ખલનાયકોનું કેન્દ્રીય મિલનસ્થાન તે પેરીસનો આ પેલેસ ડી ચેલો. કોરિયા અને લાઓસ, કોંગો અને ક્યુબા, અલ્જેરિયા અને દક્ષિણ આફ્રિકાના હત્યાકાંડોનું સર્જન અને પોષણ કરનાર આ સંસ્થાએ જ દીવ, દમણ અને ગોવામાં પણ પ્રચંડ હત્યાકાંડ કરવાના પોર્ટુગીઝ કાવત્રાને પોષ્યું હતું પણ ભારત સરકારે તેને ખરેખરી લપડાક લગાવી દીધી! તેથી હવે 'નાટો'ની ન્યાતના બધા ઠગોએ ઠીકઠીક પ્રલાપ કરવા માંડયો છે — નેહરૂ અને મેનનને અહિંસાના પાઠ શીખવવા માંડયા છે!

૧૯૬૦માં આ પેલેસ ડી ચેલોના મકાનમાં જ પેલી યાદગાર શિખર મંત્રણા ગોઠવાઈ હતી કે જે પ્રસંગે કામરેડ ક્રુશ્ચેવે અમેરિકાનો દંભ ખુલ્લો પાડયો હતો — એક બાજુ શિખર મંત્રણા ચલાવવી અને બીજી બાજુ રશિયાની ભૂમિ ઉપર 'યુ–ટુ'નું જાસૂસી વિમાન મોકલવું! પરિણામે બિચારા આઈઝનહોવરને રશિયા જવાનું મળેલું આમંત્રણ પાછું ખેંચાઈ ગયું અને ક્રુશ્ચેવ મંત્રણા છોડીને પેરીસથી પાછા મોસ્કો પહોંચી ગયા!

પેલેસ ડી ચેલોની ઇમારત તો બાકી ખૂબ આકર્ષક છે. તેની સામેના વિશાળ ચોગાનની મધ્યમાં જંગી ફુવારાઓ ઊડે છે અને આસપાસ નગ્ન સ્ત્રીપુરુષોની વિશાળ મૂર્તિઓ ઊભેલી છે. 'નાટો'ના જુદા જુદા ડેલીગેશનોની અલગ અલગ કચેરીઓ પણ આ જ મકાનમાં છે. દરેક દેશના ડેલીગેટોની મોટરો પાર્ક કરવાની જગ્યાઓ પણ ચોગાનમાં કક્કાવાર નામ સાથે મુકરર કરવામાં આવેલી છે તેથી જગ્યા શોધવાના ફાંફાં કોઈને મારવા પડતા નથી. નાટોની કચેરી ઉપરાંત આ મકાનમાં એક નાટયગૃહ અને એક મરીન મ્યુઝિયમ પણ છે.

પેલેસ ડી ચેલો જોઈને આગળ ચાલતાં બાજુમાં જ મેં એક 'અન્ડરગ્રાઉન્ડ એક્વે-રિયમ'નું પાટિયું વાંચ્યું. ૫૦ ફ્રેન્કની ટિકિટ કઢાવીને હું આ ભૂગર્ભ મચ્છગૃહમાં દાખલ થયો. આમાં મીઠા જળની માછલીઓ—રીવર ફિશ—ની સંખ્યાબંધ કાચની પેટીઓ હતી. એક પેટીમાં તો બગલા જેવી સફેદ માછલીઓ સેંકડોની સંખ્યામાં આમથી તેમ તરતી જોવા મળી તે મને ખૂબ આકર્ષક લાગી. આ માછલીઘરમાં ૫૦–૬૦ છોકરા છોકરીઓ એક એક પેટીની સામે બેસી જઈને માછલીઓના સ્કેચ ચીતરતાં હતાં. તેમની સ્કૂલો આ પ્રમાણે જુદા જુદા દિવસોએ જુદાં જુદાં સ્થળોએ વિદ્યાર્થીઓને લઈ જઈને પ્રત્યક્ષ સ્કેચો ચીતરાવે છે—ખાલી પોથીમાંના ચિત્રોની નકલ નથી કરાવતા!

માછલીઘરથી ક્લેબર એવેન્યુના રસ્તે આગળ વધ્યો તે થોડી વારમાં જ 'આર્ક ડી ટ્રાયમ્ફ' ઉપર આવી પહોંચ્યો. ૧૪૭ ફૂટ ઊંચી અને ૧૪૯ ફૂટ પહોળી આ કમાન આપણા મુંબઈનાં એપોલો બંદરની કમાન જેવી જ દેખાય છે. આ 'વિજય સ્મારક' નેપોલિયને પોતાના સૈનિકોના માનમાં ૧૮૦૮માં બંધાવવાનું શરૂ કર્યું હતું. પરંતુ બાંધકામ તો છેક ૧૮૩૬માં પૂરૂં થયું હતું. કમાનના સ્તંભો ઉપર નેપોલિયનની યશ-

ગાથાનાં ચિત્રો કાંસામાં કોતરવામાં આવ્યાં છે. રૂડ નામના શિલ્પીએ 'સ્વયંસેવકોને વિદાય' નામનું એક ચિત્ર કોતરેલું છે તે ખૂબ ધ્યાન ખેંચે તેવું છે. કમાનના મંડપની મધ્યમાં એક અખંડ જ્યોત જલતી રાખવામાં આવેલી છે અને તેની નીચે ફ્રાન્સના અનામી સૈનિક (૧૯૧૪-૧૯૧૮ના મહાયુદ્ધમાં ખપી ગયેલા ફ્રેન્ચ સૈનિકનું પ્રતીક)ની કબર છે. અખંડ જ્યોત વર્ષોથી જલ્યા કરે છે અને સૈનિકની સ્મૃતિને જીવંત રાખે છે. વિજય સ્મારકની અગાશીમાંથી ચારે બાજુ પેરીસની શોભા નીરખી શકાય છે.

'આર્ક ડી ટ્રાયમ્ફ' વિશે ખાસ ધ્યાન ખેંચાય તેવી બાબત તો એ છે કે પેરીસના મોટા મોટા બાર રસ્તાઓનો સંગમ આ મધ્યવર્તી મંડપમાં થાય છે. વડોદરાના માંડવી દરવાજા આગળ ચાર રસ્તા મળે છે, બેંગ્લોરના કૃષ્ણ રાજેન્દ્ર સર્કલ આગળ આઠ રસ્તા મળે છે, પણ પેરીસની આર્ક ડી ટ્રાયમ્ફ આગળ તો બાર બાર રસ્તાઓ મળે છે! અને તે પણ સાધારણ શેરીઓ જેવા રસ્તા નથી. જગતભરમાં અજોડ ગણી શકાય તેવો એક રસ્તો 'એવેન્યુ દી ચેમ્પ્સ ઈલાઈસીસ' અહીં ભેગા થતા બાર રસ્તાઓમાંનો એક છે. આઠથી દસ મોટરો બાજુ બાજુમાં ચાલી શકે તેટલો બધો પહોળો આ રસ્તો છે અને તેના બન્ને ફૂટપાથની પડખે પડખે બે વિશાળ પુષ્પ મંડિત ઉદ્યાનો સળંગ વહ્યા જાય છે. અડધા કલાકમાં એક લાખ મોટરો વહી જતી જોવી હોય તો આ 'ચેમ્પ્સ ઈલાઈસીસ'ના ફૂટપાથ ઉપરના એક બાંકડા ઉપર બેસીને જોયા કરવું! આ શી બધી ધાંધલ છે એ જ સમજાતું નથી! આ બધી મોટરો પેરીસની મહામાયા જાળમાં ફસાઈ ગયેલી માછલીઓ જેવી જ દેખાય છે.

આવું બધું નિરીક્ષણ કરીને છેવટે મેં એક બસમાં ઝંપલાવ્યું જે એવેન્યુ ડી ફ્રાઈડ-લેન્ડના રસ્તે થઈને 'મેડેલીન' નામના પ્રખ્યાત દેવળ આગળ આવીને ઊભી. 'મેડેલીન' પણ 'પેન્થિયોં'ની કોટિનું વિશિષ્ટ પ્રકારનું દેવળ છે. અસલ આ દેવળ નેપોલિયને પોતાના 'ગ્રાન્ડ આર્મી'ના જયજયકારની ખુશાલીમાં 'ટેમ્પલ ઑફ ગ્લોરી' તરીકે બંધાવ્યું હતું, પરંતુ પાછળથી તેને કેથોલિક દેવળમાં ફેરવી નાખવામાં આવ્યું હતું. મુંબઈના ટાઉનહૉલ જેવા લાંબાં ઊંચાં પગથિયાંઓ ઉપર સંખ્યાબંધ કોરીન્થિયન સ્તંભોનો એક મંડપ દેવળના પ્રવેશદ્વાર આગળ છે. ૧૫ ફૂટ પહોળા અને ૩૩ ફૂટ ઊંચા પ્રવેશદ્વાર ઉપર કાંસાનું પતરું મઢેલું છે અને તેમાં કલાત્મક ડીઝાઈનો કોતરેલી છે. અંદર મોટો પ્રાર્થનાખંડ છે તેમાં પણ હું ગયો ત્યારે નામદાર પોપની જીવનદોરીની રક્ષા કરવાની પ્રાર્થના ચાલતી હતી.

સાંજ પડી ચૂકી હતી અને હવે રાત્રે રહેવાની મારી 'હોટલ ડેસે' શોધી કાઢવી જરૂરી હતી. નકશામાં નજર કરતાં જણાયું કે હું હવે આ હોટલના જ પ્રદેશમાં લગભગ આવી ચૂક્યો હતો. હોટલ ડેસે 'પ્લેસ વેન્ડોમ' નામના પ્રખ્યાત ચોકના છેડે આવેલી છે. મેડેલીનથી સીધા 'રૂ રોયલ' માર્ગે પ્લેસ વેન્ડોમમાં જઈ શકાય છે અથવા તો મેડેલીનથી 'ઓપેરા' થઈને પણ 'રૂ ડી લા પીક્ષ' માર્ગે વેન્ડોમ પહોંચી શકાય છે. મેં ઓપેરાનો માર્ગ પસંદ કર્યો.

'પ્લેસ ડી લા ઓપેરા' એ પેરીસનું સાર્વ સમયનું ખૂબ ચેતનવંતું સ્થળ છે. હજારો સહેલાણીઓ આ સ્થળની ચારે બાજુના વિશાળ એવેન્યુઝ અને બુલેવાર્ડ્સ ઉપર લટાર મારતા જોઈ શકાય છે. પહોળા ફૂટપાથો ઉપર ઊભા કરેલા મંડપોની છત્રછાયા નીચે ખુરશી ટેબલ નાખીને રચેલી રેસ્ટોરાંઓમાં નરનારીઓ કીડિયારાંની જેમ ઊભરાય છે અને પોતાના

ઓનીતા પીણુઓ — ખાસ કરીને શેમ્પેઇન—ની પ્યાલીઓ ગટગટાવે રાખે છે. ' ઓપેરા 'નું મકાન ખૂબ મોટું છે. જગતના અગ્રગણ્ય થિયેટરો — મિલાનનું સ્કાલા, મોસ્કોનું બોલ્શોઈ, લંડનનો રોયલ ફેસ્ટીવલ હૉલ — ની કોટિનું આ ઓપેરા છે. ત્રણ એકર જેટલી જમીન ઉપર આ થિયેટર બાંધવામાં આવ્યું છે અને તેમાં ૨૨૦૦ બેઠકોની સગવડ છે. મિલાનના સ્કાલા થિયેટરમાં ૩૬૦૮ બેઠકોની સગવડ છે. ઓપેરામાં ' સંગીત, નૃત્ય, નાટક, પેન્ટોમાઈમ, બેલે, જાદૂ વગેરે દરેક પ્રકારના પ્રોગ્રામો સતત ચાલુ જ હોય છે. આ થિયેટરનો સફેદ સ્ફટિકનો મંજાવર દાદર ખૂબ જ આકર્ષક લાગે છે. બહારના પેવીલિયનો અને ફોયરોમાં પણ ચિત્ર અને શિલ્પકલા ઠાંસીઠાંસીને ભરેલી છે. અંદર જવાનો તો અવકાશ જ નહોતો છતાં જાણીને સંતોષ માન્યો કે અંદરની સ્ટેજ ખૂબ વિશાળ અને ખૂબીઓવાળી છે. પ્રેક્ષકગૃહની છતો ઉપર લા નેપ્લુનાં સુંદર ચિત્રો છે.

ઓપેરાથી હું વેન્ડોમ ચોકમાં પહોંચ્યો. ચોકની વચ્ચોવચ એક ઊંચો મિનારો છે. આ મિનારો ૧૮૦૬માં ઊભો કરેલો છે અને તેનું પડતર ૧૨૦૦ તોપો ગાળીને ભેગા કરેલા કાંસામાંથી કરવામાં આવ્યું છે! મિનારાની ટોચ ઉપર પહેલા નેપોલિયનની પ્રતિમા ઊભી કરવામાં આવી છે. ચોકની ચારે બાજુનાં મકાનો એકસરખી બાંધણીનાં છે. ચોકને ધક્કે દ ડી કેપુસીન નામની શેરી આવેલી છે. આ શેરીમાં પેસતાં પહેલું જ મકાન આવે છે તે ' હોટલ ડેલે ' થોમસ કુકે અમારે માટે આ હોટલના બે રૂમ બુક કરેલા હતા પરંતુ ભાઈ પદ્મનાભન તો મિલાનમાં રોકાઈ પડયા એટલે મેં તેમનો રૂમ કેન્સલ કરાવીને મારા રૂમ નં. ૭૫ની ચાવી મેળવી લીધી. સામાન તો હજુ સવારથી ગેરડુલિયોં સ્ટેશનના ' લેફ્ટ લગેજ 'માં પડેલો હતો તેથી રૂમનો કબજો મેળવીને હું ઊપડયો સીધો સામાન લેવા.

એક નંબરની ' મેટ્રો ' લાઇનમાં કોન્કોર્ડ સ્ટેશનેથી બેઠો તે તુલેરીસ, પેલેસ રોયલ, લુવ, ચાટલેટ, હોટલ ડી વીલે, સેન્ટ પોલ, અને બાસ્ટીલ સ્ટેશનો વટાવીને ગેર ડુલિયોં સ્ટેશને અડધા જ કલાકમાં આવી પહોંચ્યો. ' લેફ્ટ લગેજ 'માંથી સામાન છોડાવીને લિયોં સ્ટેશનથી ૨૦ નંબરની બસમાં બેઠો તે ઓપેરા થઈને ગેર ડી સેન્ટ લાઝારે સ્ટેશને આવ્યો. હોટલ ડેલે અહીંથી નજીકમાં જ છે. સામાન રૂમમાં મૂકીને હાથ મોં ધોયાં અને પછી થોડીવાર આરામ કરીને પાછો ફરવા નીકળ્યો. ભૂખ તો હવે કકડીને લાગી હતી તેથી ઓપેરાની નજીકમાં જ બુલેવર્ડ ડેસ કેપુસીનમાં આવેલી એક મોટી સેલ્ફ સર્વિસ કેફે ' લા રાલી 'માં ગયો. ૪૬૦ ફ્રેન્ક (લગભગ પાંચ રૂપિયા)નું ભોજન લીધું. બ્રેડ, બટર, અડદની દાળનો મોટો વાડકો, કુમળા વાલની એક રકાબી, કાકડી, લાલ મૂળા, ટોમેટો, કોબિજ અને બાફેલા ઈંડાનો સેલેડ અને છેલ્લે લીલી દ્રાક્ષનો એક ઝૂંડ–એટલી વસ્તુ ખાવાના રૂપિયા પાંચ પડયા! બીજે દિવસે સાંજે પાછો આ રેસ્ટોરાંમાં જમવા આવ્યો ત્યારે અહીં જ મને પેલા શ્રી. અંબાલાલ જે. પટેલ અને તેમનાં પત્નીનો મેળાપ એકાએક થઈ ગયો હતો, જેમના વિશે હું અગાઉ પત્ર નં. ૨૮માં લખી ગયો છું.

રાતના નવ વાગી ગયા હતા. આખા દિવસના પરિભ્રમણથી ખૂબ થાક્યો પણ હતો. હજી બીજો આખો દિવસ ખૂબ રખડવાનું હતું. ગેલરી લેફાયત નામનો જંગી ડીપાર્ટમેન્ટ સ્ટોર, લુવ નામનું જગતનું મોટામાં મોટું મ્યુઝિયમ, પેલેસ રોયલ, સેક્રેકર, ચેમ્બર ડેપ્યુટીઝ, પેટીટ પેલેસ, ગ્રાન્ડ પેલેસ, મોડર્ન આર્ટ મ્યુઝિયમ, મોન્ટ માર્ટ, લા રીપબ્લિક, ફ્લાવર

માર્કેટ, અને છેવટે થિયેટર ડેપુસીનમાં પેરીસનો વિશિષ્ટ શો "ફ્રોલી બર્જેઇસ" જોવાના બાકી હતાં છતાં હજી એક બે કલાક રખડવાની શક્તિ ટકે તેમ લાગતું હતું તેથી પેરીસનું રાત્રીદર્શન કરવાની હિંમત કરી.

૫૦૦ ફ્રેન્કની ટુરિસ્ટ બસની એક ટિકિટ કઢાવી અને બસમાં બેઠા બેઠા લગભગ આખી પેરીસનગરીનું રાત્રીદર્શન કર્યું. દિવસે જોયેલી અનેક ઇમારતો ઉપર રોશની થયેલી હતી, અને રોશનીમાં આ ઇમારતોનું સૌંદર્ય કંઈક અનેરું જ લાગતું હતું સવા દસ વાગ્યે બસ પાછી ઓપેરા પર આવી ગઇ. ૧૦૦૦, ૨૦૦૦ અને ૩૦૦૦ ફ્રેન્કની ટિકિટોવાળી ટૂરિસ્ટ બસો પણ પેરીસનું રાત્રીજીવન જોવા લઈ જાય છે અને તેમાં 'નાઈટ કલબ'ના તમાશાઓ જોવાનો પણ સમાવેશ કરવામાં આવે છે. ઊંચી કલબના ઊંચા ભાવ અને આવી બસો રાત્રે ત્રણ ચાર વાગ્યે પાછી ફરે છે! મેં ૫૦૦ ફ્રેન્કના સાદા બસવિહારથી સંતોષ માન્યો અને ધાર્યા પ્રમાણે સમયસર સાડાદસ વાગ્યે મારા રૂમમાં આવીને સૂઇ ગયો. બુધવાર તા. ૮ મી ઓકટોબર ૧૯૫૮નો આખો દિવસ આ પ્રમાણે પેરીસના પરિભ્રમણમાં વિતાવ્યો અને અડધોઅડધ પેરીસ જોઇ નાખ્યું. બાકીનું અડધું ગુરુવારનો આખો દિવસ રખડીને જોઇ નાખ્યું તેની વિગતો હવે હું આવતા પત્રમાં જણાવીશ.

ક્રમશઃ]

લિ૦ સ્નેહાધીન
કાન્તિ ગાંધીના
જય હિન્દ

ગ્રન્થ-સ્વીકાર

ચેતન પ્રકાશન ગૃહ (પ્રા૦) લિ૦, વડોદરાનાં પ્રકાશનો

ધીરે વહે છે દોન

મૂળ લેખક : માયકેલ શોલોખોવ
અનુવાદક :
ભાગ ૧ લો : સુરેશ જોષી રૂ. ૬=૦૦
ભાગ ૨ જો : રમણલાલ પાઠક રૂ. ૪=૦૦
ભાગ ૩ જો : જયંત પાઠક રૂ. ૬=૦૦

નવી શૈલીની નવલિકાઓ

સંપાદક : સુરેશ જોષી
પૃ. સંખ્યા ૨૬૦ કિં. રૂ. ૩=૫૦

રવીન્દ્રદર્શન

સંપાદક : ભોગીલાલ ગાંધી
પૃ સંખ્યા ૫૬૦ કિં. રૂ. ૮=૦૦

કરોળિયાનું જાળું

મૂળ લેખક : જયાં પોલ સાર્ત્ર
અનુવાદક : ચંદ્રવદન ચી મહેતા
પૃ. સંખ્યા ૬૪ કિં. રૂ. ૧=૦૦

આપણા યુગનો ભસ્માસુર

લેખક : સુભદ્રા ગાંધી
પૃ. સંખ્યા ૬૦ કિંમત રૂ. ૧=૦૦



સં. ૨૦૧૮
ફાગણ


આદ્ય તંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંપાદક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

Phone No 51192 Telegram . "BANSI"

INSIST

ONLY UPON



The Most Famous BAKERS QUALITY

CHITTA-BRAND

MAIDA

SOOJI

ATTA

&

RAWA

OF

The Bansi Rollor Flour Mills

[ESTD. 1907]

Outside Raipur Gate, AHMEDABAD — 1

પ્રકાશક: રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી, ૧૭/૩, ભાગ્યનિવાસ ગોમતીપુર ઑફિસ, અમદાવાદ
મુદ્રક: મણિલાલ છગનલાલ ગાંધી, શ્રી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ ઘીકાંટા રોડ, અમદાવાદ
તા. ૮-૩-૧૯૬૨

૧૯૫૬ ના રજિસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સના રૂલ નં. ૮ મુજબ 'પ્રસ્થાન'ની માલિકી અને અન્ય વિગતો અંગેનું નિવેદન:

ફોર્મ નં. ૪ મુજબ

૧	પ્રકાશન સ્થાન :	૧૨ અ. ભારતીનિવાસ સોસાયટી એલિસબ્રિજ, અમદાવાદ-૬
૨	પ્રકાશનનો સમય :	માસિક, દરમાસની પહેલી તારીખ.
૩	મુદ્રકનું નામ : રાષ્ટ્રીયતા : સરનામું :	શ્રી મણિલાલ છગનલાલ શાહ હિન્દી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ નોવેલ્ટી ટોકીઝ પાસે, ઘીકાંટા રોડ, અમદાવાદ.
૪	પ્રકાશકનું નામ : રાષ્ટ્રીયતા : સરનામું :	શ્રી રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી હિન્દી ૧૨અ, ભારતીનિવાસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬
૫.	સંપાદકનું નામ : રાષ્ટ્રીયતા : સરનામું :	શ્રી રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી હિન્દી ૧૨અ, ભારતીનિવાસ સોસાયટી એલિસબ્રિજ, અમદાવાદ-૬
૬	પત્રની માલિકી :	શ્રી રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી ૧૨અ, ભારતીનિવાસ સોસાયટી એલિસબ્રિજ, અમદાવાદ-૬

હું, રણછોડજી કેસુરભાઇ મિસ્ત્રી, આથી જાહેર કરું છું કે, ઉપર આપેલી વિગતો મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૮-૩-૬૨ રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

ॐ પ્રસ્થાન ॐ

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૩ ૨૦૧૮ : ફાગણ અંક ૫

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

પ્રશ્ન : પંચવર્ષીય ચૂંટણીઓ થઇ ગઈ; કેમ લાગ્યું ?

ઉત્તર : પ્રજાએ પોતાનો ચુકાદો આપી દીધો. પાર્લમેન્ટમાં ફરી પાછી કૉંગ્રેસને બહુમતી પ્રજાએ આપી. બીજાં પાંચ વર્ષ ભારતનું ભાવિ ઘડવાની કૉંગ્રેસને તક મળી. ૧૯૪૭ થી ૧૯૬૨ ચૌદ વર્ષ પૂરાં અને ઉપર પંદરમું,—એમાં બીજાં પાંચ વર્ષ ઉમેરાશે. ડેમોક્રસીઓના ઇતિહાસમાં કોઈ એક પક્ષને આટલો લાંબો સમય સતત સત્તા મળી હોય એવા કેટલા દાખલા હશે ? આ વિષયના કોઈ જાણકારને પૂછવું જોઇએ. કદાચ બહુ ન હોય.

પણ આ સ્થિતિમાંથી જ બીજો એક વિચાર ઊભો થાય. આમ એકનો એક પક્ષ વીસ વર્ષ સુધી સત્તા પર રહે એમાં ડેમોક્રસીનો અપવાદ નથી? વર્તમાન યુગના ઇતિહાસમાં રશિયા જેવા દેશમાં એક સામ્યવાદી પક્ષ ૧૯૧૭ થી તે આજ સુધી સત્તા ઉપર ચાલુ છે. પણ એનું કારણ તો એ છે કે ત્યાં બીજો કોઈ પક્ષ હયાત જ નથી. ત્યાં જે કાંઈ મતભેદો હશે તે સામ્યવાદી પક્ષમાં જ હશે; અને એમાં જે પેટા પક્ષનું જોર વધારે તેના માણસો સત્તા ઉપર આવે અને બીજા પક્ષના નેતાઓને દેશદ્રોહી ઠરાવી 'લિક્વીડેટ' કરી દેવામાં આવે; જો કે ક્રુશ્ચેવ એમ કરતા લાગતા નથી.

ગયે વખતે આપણે વાતચીત કરી તેમાં વિચાર્યું હતું કે આપણા દેશમાં, સામર્થ્ય-વાળો તો એક જ પક્ષ છે અને તે કોંગ્રેસ. અને ડેમોક્રસીમાં જે કાંઈ પક્ષાપક્ષી જોઈએ તે બધી કોંગ્રેસમાં છે. એટલે કોઈ એમ કહે કે ભારતમાં પણ રાજકીય પરિસ્થિતિ રશિયા જેવી જ છે. પણ આમ કહેવું સાચું નહિ ગણાય. કારણ કે બીજા પક્ષોને હયાતિમાં આવવાનો ભારતમાં કોઈ પ્રતિબંધ નથી. તેમજ ચૂંટણી વખતે આવા અનેક પક્ષોને કોંગ્રેસ સામે પ્રચાર કરવાની પૂરેપૂરી છૂટ હોય છે. એ છૂટનો પૂરેપૂરો ઉપયોગ પણ થાય છે. પરિણામે વિરોધીપક્ષોના મતોનો સરવાળો પણ મોટો થાય છે. છેલ્લી ચૂંટણીમાં કોઈકે સરવાળા કરી એમ બતાવ્યું હતું કે દેશે કોંગ્રેસની વિરુદ્ધ-મત તરફેણ-મત કરતાં વધારે મોટી સંખ્યામાં આપ્યો હતો ! આ વખતે આવા સરવાળા થયા પછી જ ખબર પડશે કે વિરોધી પક્ષોને મળેલા મતોનો સરવાળો કોંગ્રેસને મળેલા મતો કરતાં વધારે છે કે ઓછો ? જો વધારે નીકળે તો એના ઉપરથી એવું પણ રાજકીય તાત્પર્ય કાઢી શકાય કે દેશનો વધારે સંખ્યાનો મત કોંગ્રેસની વિરુદ્ધ છે. છતાં કોંગ્રેસ એક પક્ષ તરીકે સૌથી વધારે મત મેળવતો હોવાથી સત્તા ઉપર આવે છે. ડેમોક્રસીના બંધારણનું આ એક વિરોધાભાસી લક્ષણ છે. એમાંથી ફલિત એ થાય છે કે ડેમોક્રસી એ હંમેશાં પ્રજાની બહુમતી પ્રમાણે શાસન આપનારી તંત્રવ્યવસ્થા નથી, બહુમતી પ્રમાણે વર્તવાનો ડેમોક્રસીમાં એક મોટો ગુણ તેના સમર્થકો માને છે છતાં !

પણ બીજી રીતે જોઈએ તો આ વ્યવહાર કાર્યદક્ષતાની ખામીનો પ્રશ્ન છે. કોંગ્રેસની વિરુદ્ધના પક્ષો એક બીજાની સાથે મળી જઈ સબળ વિરોધપક્ષ રચી શકતા નથી. એનાં અનેક કારણો દેખાય છે. પ્રથમ તો, વિચારસરણીઓ ભિન્ન, એટલે એક બીજાની સાથે મળી શકે નહિ; પણ જેની વિચારસરણીઓ નજીક-નજીક છે એ પણ સાથે મળી સબળ પક્ષ રચી શકતા નથી. ઉદાહરણ તરીકે, બધા સમાજવાદી પક્ષો, સામ્યવાદીઓ સહિત, એક સંયુક્ત મોરચો કેમ રચી શકતા નથી ? અથવા હિંદુ મહાસભા, જનસંઘ, અને સ્વતંત્ર પક્ષ કેમ એક સંયુક્ત પક્ષ રચી શકતા નથી ? એટલે, વિચારસરણીઓનો વિરોધ આ બધા પક્ષોને એકઠા થતા અટકાવે છે એવું કાંઈ એકલું કારણ નથી. પણ જુદા જુદા નેતાઓની રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ નજીક-નજીકના વિચારવાળા પક્ષોને પણ ભેગા થવા દેતી નથી. ગુજરાતનો જ દાખલો લ્યો. મહાગુજરાત જનતા પરિષદ પક્ષ કેમ છિન્નભિન્ન થઈ ગયો ? તો તેમાં મોવડીઓની રાજકીય અગ્રેસરતા માટેની સ્પર્ધા જ કારણભૂત દેખાશે. અર્થાત્ કે, કોંગ્રેસની વિરુદ્ધના મોટી સંખ્યાના મતોને એક પક્ષનો ઘાટ મળતો નથી તેનું કારણ વિચારસરણીઓના ભેદમાં જેટલું નથી તેટલું આ વૈયક્તિક સ્પર્ધામાં દેખાય છે. આ સ્પર્ધાને શમાવી અથવા ઓછી કરી નાના નાના પક્ષો એકઠા થઈ શકતા નથી તેને હું વ્યવહાર કાર્યદક્ષતાની ખામી કહું છું.

વિરોધી પક્ષો જો આવી દક્ષતાને અભાવે સત્તા પર ન આવી શકે તો એમાં કોંગ્રેસનો શો દોષ ! ઘણીવાર એમ કહેવામાં આવે છે કે કોંગ્રેસે સબળ વિરોધપક્ષ થવા દેવો જોઈએ; પણ આ માગણી તો બેહૂદી છે ! કોંગ્રેસ ક્યાં વિરોધપક્ષોને એક થતા રોકે છે ! પણ કોંગ્રેસ પોતે વિરોધી પક્ષોને સંગઠિત થવામાં શી રીતે મદદ કરે ? આનો રાજાજી કે બીજા કોઈએ ખુલાસો કર્યો હોય તો જાણવામાં નથી. અસ્તુ.

કદાચ એમ પણ હોય કે આપણા દેશની રાજકીય સમજ હજી કાચી છે, અને તે ક્રમે ક્રમે પાકે. એટલે સબળ વિરોધપક્ષ થવાને માટે હજી રાહ જોવી જોઈએ.

* * *

પ્રશ્ન : ચૂંટણી ઉપરથી કોંગ્રેસ પક્ષ કેવો રચાયો દેખાય છે ?

ઉત્તર : હજી લગભગ પહેલાના જેવો જ દેખાય છે.

પ્રશ્ન : એટલે ?

ઉત્તર : એટલે કે એનો એ શંભુમેળો હજી ચાલુ છે. જો આપણે જવાહરલાલજીને કોંગ્રેસની આર્થિક અને પરદેશી નીતિના પ્રતીક ગણતા હોઈએ તો તેમની નીતિને સમજનારા કેટલા ? સમજનારાઓમાં માનનારા કેટલા ? માનનારાઓમાં એને આગ્રહપૂર્વક ચલાવનારા અને અમલમાં મૂકનારા કેટલા ?—આ પ્રશ્નોના ઉત્તરો મેળવશો તો કોંગ્રેસમાં મૂડીવાદીથી માંડીને તે સામ્યવાદી સુધીના બધી જાતના માણસો છે અને સૌથી વધારે કોઈપણ વાદને નહિ સમજનારા અને નહિ માનનારા એમ તુરત સમજાશે. એનો પ્રત્યક્ષ પુરાવો તમને મુંબઈની મેનન-કૃપાલાનીના ચૂંટણીજંગમાંથી મળશે.

કોંગ્રેસની આ અંતરંગ સ્થિતિ, તે દેશને માટે જોખમકારક છે. વારંવાર ઠરાવોમાં રજૂ થતી અને તાળીઓના ગડગડાટ વચ્ચે મંજૂર થતી એની નીતિને પ્રમાણિકપણે માનનારાઓની સંખ્યા જ એમાં ઓછી છે. અને શ્રદ્ધા-અશ્રદ્ધાનું આ તારતમ્ય મોવડીઓથી માંડી આમવર્ગ સુધી કોંગ્રેસમાં પ્રવર્તે છે. એનો અર્થ એ જ થાય છે કે કોંગ્રેસની મોટી સંખ્યા એ કોઈ એક નીતિને માનનારી વાસ્તવિક મોટી સંખ્યા નથી પણ દેખાવની મોટી સંખ્યા છે. બીજો અર્થ એ થાય કે સત્તા મેળવવાની શક્યતા અને એનાથી મળવાના લાભોની શક્યતા કોંગ્રેસમાં બહુમતીને ખેંચી લાવે છે ! આ ધારણા જો ખરી હોય તો કોંગ્રેસની બહુમતી એ મોટું અનિષ્ટ કહેવાય.

આ ચૂંટણીમાંથી એટલો સાર નીકળે છે કે જેમ વ્યક્તિગત સત્તાની અથવા એમાંથી મળતા લાભોની લોલુપતા વિરોધી પક્ષોને એક થવા દેતી નથી તેમ, એ જ લોલુપતા કોંગ્રેસને નિર્બળ બનાવી રહી છે.

કોઈ એમ કહે કે એ જ એનું બળ છે, તો ના પણ કેમ કહેવાય !

* * *

પ્રશ્ન : ગુજરાતમાં શું થયું ?

ઉત્તર : કેમ શું થયું ? ગુજરાતે કોંગ્રેસને બહુમતી આપી; અને બીજી બાજુએ "ભેંશ ભાગોળે અને ઘેર ધમાધમ" એ કહેવતને પુરાવો આપ્યો.

પણ એટલું નથી.

ગુજરાતને માટે બે કહેવત છે : એક તો, "ગાંડી ગુજરાત"; એ અર્વાચીન યુગનું બિરુદ છે. પણ પ્રાચીન યુગમાં બીજી હતી : ગુજરાતને 'વિવેક બૃહસ્પતિ' કહેતા. આ ચૂંટણી ઉપરથી કયું બિરુદ ગુજરાત માટે સાચું પડયું ગણાય ? હારેલા બધા—કોંગ્રેસ પક્ષના કે બીજા પક્ષના—એમ માનવાના કે ગુજરાત ગાંડી છે; એમને મત ન આપ્યો ! જીતનારા એમ માનવાના કે ગુજરાત ડાહી છે કે એમને મત આપ્યો. પણ 'વિવેક બૃહસ્પતિ' નો અર્થ એ થાય કે વિવેકપૂર્વક અક્કલથી મત આપ્યો. ગુજરાત કોંગ્રેસને બહુમતી ન આપે તો બીજા કયા પક્ષને આપે ? બીજા કયા પક્ષે એટલું સંગઠન, સામર્થ્ય અને કાર્ય બતાવ્યું છે ? એટલે

કૉંગ્રેસને બહુમતી આપવામાં ગુજરાતે વ્યવહારૂ ડહાપણ દાખવ્યું. હવે સવાલ કૉંગ્રેસના કેટલાક મોવડીઓને ગુજરાતે પછાટ ખવરાવી એનો છે. આ પછાટ ખાનાર વ્યક્તિઓ એમના ઉપર જીત મેળવનાર વ્યક્તિઓ કરતાં ઊતરતી છે એવો તો અભિપ્રાય નહીં અપાય. કેટલાકને વિશે એમ પણ કહેવાય કે ખરેખર સારા માણસો રહી ગયા. છતાં એમને પછાટ ખવડાવી એ ગુજરાતનું બીજું પાસું ન કહેવાય? કૉંગ્રેસની દૃષ્ટિએ કહીએ તો જે જાતની ધોકાપથી ચાલતી હતી એથી એના મુખ્ય ધોકેદારોને જ ધોકો મળ્યો! અર્થાત્ કે "અભિમાન રાજા રાવણનું પણ રહ્યું નથી" એ કહેવત ગુજરાતે સાચી પાડી આપી. આ બધાઓનો ઉબરાટ છેલ્લા કેટલાક વખતથી પ્રજાને એટલો બધો ખટકતો હતો,—ખુદ કૉંગ્રેસીઓને પણ,—કે ગુજરાતે કૉંગ્રેસને બહુમતી આપી પણ તેમાંથી જેમને એણે ધોકેદારો માન્યા તેમને પાછા નાખ્યા! બીજું તાત્કાલિક કારણ દશ વર્ષની ચર્ચાએ પૂરું પાડ્યું. એ સિદ્ધાંતને આધારે જેમને કાઢવા ધાર્યા હતા તે આવી ગયા અને એ સિદ્ધાંતને જોરે જેમને આવવું હતું તે રહી ગયા! એ બતાવે છે કે આ દશ વર્ષની ચર્ચા ગુજરાતના કૉંગ્રેસી પ્રાંતિક મોવડીઓએ જે રીતે કરી તેમાં ડહાપણ ન હતું. આ ચર્ચાના અગ્રણીઓ અને લાભ મેળવવાની ઇચ્છાવાળા તરફ ગુજરાતને એક જાતની નફરત આવી ગઈ.

આ રહી ગયેલામાંના કેટલાકને માટે તો, '૫૬ના ગોળીબારની અને નિર્દોષોની હત્યાની ઘટના વિશેની લોકમાન્યતાએ પણ ભાગ ભજવ્યો હશે એમ લાગે છે!

ગમે તે કારણ હોય, પણ ગુજરાતે ચૂંટણીનો ચમત્કાર બતાવ્યો છે ખરો એમ કહેવાય. કૉંગ્રેસને બહુમતી આપી; પણ પોતાને નાપસંદ એવા એના કેટલાક મોવડીઓને ઘેર બેસાડ્યા!

અલબત્ત, આમાં મારા કહેવાનો એવો ભાવાર્થ નથી કે હારેલી વ્યક્તિઓ સમર્થ નથી. આ તો ફક્ત ગુજરાતના ચૂંટણી-માનસનું પૃથક્કરણ કરવાનો અને સમજવાનો પ્રયત્ન છે.
૭-૩-૬૨

*　　　　*　　　　*

પ્રશ્ન : મહારાષ્ટ્રનું ચૂંટણી-પરિણામ જોયું!

ઉત્તર : હા. અને મનમાં ગુજરાતની કૉંગ્રેસી નેતાગીરી અને મહારાષ્ટ્રની કૉંગ્રેસી નેતાગીરી વચ્ચે સરખામણી પણ થઈ. મહારાષ્ટ્રમાં કૉંગ્રેસનું સ્થાન ડગુમગુ હતું,—ક્યારે પણ સુનિશ્ચિત તો ન જ હતું,—તે સ્થિર થયું.

ગાંધીજીના સમયમાં પણ ગાંધીજીએ ચીંધેલી કૉંગ્રેસી નીતિની સામે જે વિરોધો પ્રબળ હતા તેમાં મહારાષ્ટ્ર આગળ પડતું હતું. ક્રમે ક્રમે કૉંગ્રેસનું વર્ચસ આખા દેશમાં જેમ વધ્યું તેમ મહારાષ્ટ્રમાં પણ વધ્યું.

છતાં સ્વરાજ્યપ્રાપ્તિ પછી ભાષામૂલક રાજ્યરચનાનો પ્રશ્ન આગળ આવ્યો ત્યારે, મહારાષ્ટ્રમાં કૉંગ્રેસી અને બિનકૉંગ્રેસી વચ્ચે એક સમાનભાવનાની ભૂમિકા આગળ આવી. એસ. આર. સી.ની ભલામણ મુજબનું મુંબઈનું દ્વિભાષી રાજ્ય કે '૫૬માં ભારતની સંસદે નક્કી કરી આપેલ મુંબઈનું બૃહદ્ દ્વિભાષી રાજ્ય એકે મહારાષ્ટ્રને સ્વીકાર્ય ન હતું. છતાં તે લાદવામાં આવતાં મહારાષ્ટ્રમાંથી કૉંગ્રેસ નાબૂદ થઈ ગઈ એમ ન કહેવાય તો પણ

નબળી તો ઘણી જ પડી ગઈ. કોંગ્રેસમાં હતા તે પણ આ એક બાબતમાં તો પ્રચ્છન્ન મહારાષ્ટ્રવાદી જ હતા ! જે હોય તે ખરું.

એ નબળી પડી ગયેલી કોંગ્રેસની સ્થિતિને મહારાષ્ટ્રના કોંગ્રેસી નેતા શ્રી. યશવંતરાવ ચવ્હાણે સહિષ્ણુતા, વિરોધીઓને મનાવી લેવાની કુશળતા અને વ્યવહારમાં વિનય ને નમ્રતાની કુનેહથી વિરોધીઓનો ડંખ લગભગ મૃદુ બનાવી દીધો, રાજદ્વારી અદ્ભુત કુશળતાની સીફતથી દિલાવીની ગાંઠ ઉકેલી નાખી અથવા નખાવી, અને છેવટે '૫૬માં ગોળીબારથી મરણ પામેલાઓને શહીદો તરીકે સ્વીકારી તેમને ફૂલની માળાનું સન્માન પણ તેઓ આપી આવ્યા. આમ શ્રી. યશવંતરાવ ચવ્હાણે કોંગ્રેસની સામેનાં વિરોધી બળો નિર્બળ બનાવી દીધાં. એનું પરિણામ આ ચૂંટણીમાં દેખાયું. પૂનામાં બધા કોંગ્રેસીઓ જ ચૂંટાયા એ કદાચ અપૂર્વ ઘટના નહિ હોય તો પણ હાલની પરિસ્થિતિમાં અદ્ભુત ગણાય એવી તો ખરી જ.

આમ મહારાષ્ટ્રની નેતાગીરીએ લગભગ ઉન્મૂલિત થઈ ગયેલી એવી કોંગ્રેસને પુનઃ મૂળિયાં નંખાવી સ્થિર કરી.

ત્યારે ગુજરાતમાં શું બન્યું ?

ગાંધીજીના સમયથી ગુજરાત તો ગાંધીજીની કોંગ્રેસનું ચુસ્ત હિમાયતી હતું. પછી વલ્લભભાઈની કોંગ્રેસનું પણ ચુસ્ત હિમાયતી રહ્યું. સ્વરાજ્ય મળ્યા પછી કોંગ્રેસીઓની રીતભાત અને વર્તણૂક વિશે લોકોમાં અસંતોષ અથવા અનાદર ઊભો થતો હતો છતાં પણ અમદાવાદ જેવા શહેરમાં અને ગુજરાતના બીજા ભાગોમાં પણ માણસને ઊંઘમાંથી ઉઠાડીને મત માગો તો એ કોંગ્રેસને જ મત આપે. એવી કહેવત પણ પ્રચારમાં આવી હતી કે "રામને નામે પથરા તરે તો ગાંધીજીને નામે...ફલાણા કેમ ન તરે ?"

આ ખાલી જગાએ માણસો પોતાને ઠીક લાગે તેમ ગધેડા વગેરે શબ્દો મૂકતા ! આમ છતાં પણ, મત તો કોંગ્રેસને જ આપતા.

એવી ગુજરાતમાં કોંગ્રેસની દૃઢમૂળ સ્થિતિ હતી. ચાલુ કોંગ્રેસની નેતાગીરીએ એ મૂળિયાં, મૂળિયાંભેગ કેટલાંક પ્રાણીઓની જેમ, હલાવી નાખ્યાં, ખોદી નાખ્યાં. એનો જવાબ લોકોએ એના કેટલાક મોવડીઓને ઉખેડી નાખીને આપ્યો અથવા એમ કહો કે કોંગ્રેસને જાગરૂક થઈ જવાની ચેતવણી આપી.

આ જાગૃત થવાની ચેતવણી કોંગ્રેસી નાયકો લેશે કે નહીં એ તો કહેવું મુશ્કેલ છે ! પેલી સંસ્કૃત કહેવત પ્રમાણે प्रकृतिर्दुरतिक्रमणीया હોય છે.

ગુજરાતમાં કોંગ્રેસને બહુમતી મળી પણ કોંગ્રેસ તરફનો આદર ગયો. મહારાષ્ટ્રમાં કોંગ્રેસને આદર મળ્યો અને બહુમતી મળી. શ્રી કૃષ્ણ મેનનનો વિજય એ એનો મોટામાં મોટો પુરાવો છે.

ગુજરાત અને મહારાષ્ટ્રનું ચૂંટણી પરિણામ જોતાં આમ બન્ને વચ્ચે મનમાં તુલના થઈ ગઈ !

* * *

પ્રશ્ન : અંગ્રેજીનો પ્રશ્ન શિક્ષણને ડહોળી નાખશે કે શું ?

ઉત્તર : ડહોળી નાખે જ છે, અને તેમાં અંગ્રેજી અને ગુજરાતી બન્નેના પક્ષકારોનો દોષ છે. ગુજરાતીના પક્ષકારોએ જે રીતે એને દાખલ કરવા પ્રયત્ન કર્યો, કંઈક ઘોકાપથી

રીતે, તેનો દોષ છે. અંગ્રેજીવાળાનો દોષ એ છે કે એ લોકો સમસ્ત દેશનો, દેશની સમસ્ત પ્રજાનો ભાગ્યે જ વિચાર કરે છે. રાધાકૃષ્ણન્ કમિશને પરદેશી ભાષામાં—અંગ્રેજીમાં—શિક્ષણ પામેલો વર્ગ દેશની પ્રજાથી કેવો જુદો પડી જાય છે અને તેથી દેશના સંગઠન ઉપર અને એકતા ઉપર કેટલો આઘાત થાય છે અને એક દેશમાં બે પ્રજા થઈ જાય છે–એના ઉપર જે ધ્યાન દોર્યું છે તેનો કોઈએ ભાગ્યે જ વિચાર કર્યો છે!

શિક્ષણનું સાધન સ્વભાષા જ હોઈ શકે એ સાદો સિદ્ધાન્ત પણ અંગ્રેજીમાં તાલીમ પામેલાઓને અને શિક્ષણમાં રસ લેતા આપણા કેટલાક વેપારીઓને સમજાતો જ નથી! ગઈ વાતચીતમાં જ મેં અંગ્રેજીના શિક્ષણના મહત્ત્વ ઉપર ભાર મૂક્યો હતો. ગુજરાતી બોધભાષા દ્વારા અપાતા શિક્ષણની ઉચ્ચ કક્ષા રાખવા તથા પૂરતી સામગ્રી પૂરી પાડવા અંગ્રેજીનું સારું એવું જ્ઞાન આવશ્યક માન્યું છે. પણ અંગ્રેજી માધ્યમ દ્વારા અપાયેલા શિક્ષણના ગેરલાભો જે છેલ્લાં પચાસ સાઠ વર્ષથી શિક્ષણકારોએ અને દેશહિતેચ્છુઓએ સાબીત કર્યા છે તે બધા જ જાણે અત્યારે ભૂલાઈ જવાય છે!

મારો તો એવો સ્પષ્ટ અભિપ્રાય છે કે શિક્ષણનું સામર્થ્ય અને સફળતા સ્વભાષા દ્વારા જ સિદ્ધ થાય, વિજ્ઞાન અને કલામાં સર્જકતા એ રીતે જ આવે! આપણી હાલની પરિસ્થિતિમાં એ સામર્થ્ય અને સફળતા તથા સર્જકતા લાવવા માટે અંગ્રેજી ભાષાનું સારું એવું જ્ઞાન આવશ્યક છે: પણ અંગ્રેજીનું એવું સારું જ્ઞાન મેળવવા માટે તેને બોધભાષા બનાવવાની કે વ્યવહારનું વાહક કરવાની જરૂર નથી.

પણ આજે તો આપણી નજર જેટલી પરદેશ તરફ છે એટલી સ્વદેશ તરફ નથી! આમાં કેટલેક અંશે મને પં. જવાહરલાલજીની રાજનીતિ જવાબદાર લાગે છે આપણને આપણા દેશના લોકોની સાથે વ્યવહાર કરવાની જેટલી જરૂર છે તેના કરતાં પરદેશીઓ સાથે વ્યવહાર કરવાની વધારે જરૂર આપણા અંગ્રેજીના મોવડીઓને લાગતી હોય એમ દેખાય છે!

શિક્ષણમાં વિષયનું જ્ઞાન આવશ્યક છે; ભણનારને વિષય જાણવો છે, એનો એને વ્યવહારમાં ઉપયોગ કરવાનો છે, જ્ઞાનનો ઉપયોગ પોતાના વિચારને ખીલવવાનો છે: આ બધું પોતાની ભાષા દ્વારા જ બની શકે. બીજી ભાષાઓની મદદ મળે, પણ મદદનીશ કે સહાયક એ મુખ્યનું સ્થાન તો ન જ લઈ શકે. અંગ્રેજીનું સ્થાન મદદગાર સહાયકનું છે, મુખ્યનું નથી.

૩–૩–૬૨

★

રાજ્યહસ્તક ઉદ્યોગોનું સંચાલન

પ્રિ. રાસુ પંડિત

૧

સમાજવાદી સમાજની સ્થાપનાનું ધ્યેય સ્વીકાર્યા પછી રાજ્યનો હિસ્સો ઔદ્યોગિક વિકાસમાં વધતો જ જાય છે. સુયોજિત અને ઝડપી આર્થિક વિકાસ માટે આમ કર્યા સિવાય છૂટકો પણ નથી. ૧૯૪૮માં ઔદ્યોગિક નીતિ જાહેર થઈ ત્યારે સમાજવાદી સમાજ-રચનાના આદર્શની જાહેરાતે ઠીકઠીક ખળભળાટ પેદા કર્યો હતો; પણ ૧૯૫૬ની નીતિ જાહેર થઈ ત્યાંસુધીમાં એ સમાજવાદના સ્વરૂપ વિષે બહુ ચિંતા નહોતી રહી. આજે સમાજવાદનો ને રાજ્યહસ્તક ઉદ્યોગોનો વિચાર ઠીકઠીક પ્રચાર પામ્યો છે ને હિંદની આર્થિક સૂરત પલટવામાં રાજ્ય વધુ ને વધુ મહત્ત્વનો ભાગ ભજવશે એ દીવા જેવું સ્પષ્ટ થયું છે.

રાજ્યહસ્તક ઉદ્યોગો આજે ૫૦ ઉપર સ્થપાયા છે ને એમાંના ૧૪ તો વિધિસરનાં કૉર્પોરેશનો છે. થાપણની દૃષ્ટિએ જોઈએ તો એકલા હિંદુસ્તાન સ્ટીલ કૉર્પોરેશનની થાપણ ૬૬૪ કરોડ રૂપિયા જેટલી છે ને એનાથી બીજે નંબરે આવતી તાતા કંપની (EISCO)ની થાપણ હિંદુસ્તાન સ્ટીલના ચોથા ભાગ જેટલી પણ નથી. દસ વર્ષના ટૂંકા ગાળામાં રાજ્યહસ્તક ઉદ્યોગોની સંખ્યા વિવિધ ક્ષેત્રોમાં ઠીકઠીક વધી હોવાથી એના કુશળ સંચાલનની સમસ્યાને હલ કરવાની તાત્કાલિક જરૂર ઊભી થઈ છે.

રાજ્ય એક જ પ્રકારના ઉદ્યોગો સંભાળતું હોય તો વ્યવસ્થાતંત્રનું એક વૈજ્ઞાનિક માળખું તૈયાર કરીને દરેક ઉદ્યોગને માર્ગદર્શન આપી શકાય; પરંતુ પોલાદના ઉદ્યોગની સંચાલનસમસ્યા ટેલિફોન કે દવાના ઉદ્યોગથી જુદી પડવાની; આથી જેટલું રાજ્યહસ્તક ઉદ્યોગોનું વૈવિધ્ય એટલું એની સંચાલનપદ્ધતિનું વૈવિધ્ય. વળી રાજ્ય લોકોના પૈસે ખર્ચાળ પ્રયોગો કરીને ખોટમાં ધંધો ચલાવી શકે નહીં. ઉદ્યોગો રાજ્યહસ્તક રાખવા પાછળનો પ્રધાન હેતુ એ છે કે એમાંથી થતો નફો કોઈ મૂડીવાદીના ખિસ્સામાં જઈ મોજશોખમાં વપરાવાને બદલે રાજ્યની તિજોરીમાં જાય ને તે લોકકલ્યાણ અર્થે વપરાય. આથી ખાનગી સાહસ માટે નફો કરવો જેટલો જરૂરી છે એટલો જ રાજ્યસંચાલિત સાહસ માટે જરૂરી છે.

ગુરુતમ સામાજિક કલ્યાણ સધાય એ માટે આંતરિક અને બાહ્ય કરકસરોની શક્યતાનો પૂરેપૂરો લાભ જાહેર ઉદ્યોગો લે તે જરૂરી છે. નહીં તો ઉત્પાદન ખર્ચ વધવાને કારણે કિંમત વધશે ને પ્રજા એક બાજુ જાહેર સાહસો શરૂ કરવા માટે જરૂરી મૂડી મેળવવા માટેના કરવેરાથી પીડાશે ને બીજી બાજુ જાહેર સાહસો વડે ઉત્પાદિત માલના ભાવ વધારાથી. ફુગાવો શમવો હોય, વધુ વિકાસ માટે જરૂરી મૂડી પ્રમાણમાં સહેલાઈથી ઊભી કરવી હોય, તો 'નફો નહીં કે ખોટ પણ નહીં' એ પ્રકારની વિચારસરણી ત્યજવી પડશે. 'નફો' શબ્દ કાર્લ માર્ક્સે હાંકી કાઢ્યો છે માટે એનાથી દૂર ભાગવું એ બરાબર નથી. જાહેર સાહસ જે નફો કરે છે એ અંતે તો પ્રજાના જ કલ્યાણાર્થે વપરાવાનો છે.

રાજ્યસંચાલિત ઉદ્યોગ નફો તો જ કરી શકે, જો એનું સંચાલન કાર્યદક્ષ હોય. આવું સંચાલન કઈ રીતે સ્થાપવું એ એક મોટો ચર્ચાનો વિષય થઈ પડયો છે. રાજ્યનો એક પ્રધાન કે એના હાથ નીચે કામ કરતું કોઈ ખાતું આવા ઉદ્યોગનું સંચાલન બરાબર કરી શકે નહીં એ હકીકત સર્વસ્વીકૃત છે. આથી સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને ધંધાકીય દષ્ટિએ એનો કારભાર કરવો ખૂબ જરૂરી છે.

૧૯૫૧માં રાજ્યહસ્તક ઉદ્યોગોના સંચાલનમાં આપણે એકડો ઘૂંટતા હતા ત્યારે આયોજન પંચની વિનંતિથી શ્રી એ. ડી. ગોરવાલાએ આ પ્રશ્નનો અભ્યાસ કરી ત્રણ સિદ્ધાન્તો તારવ્યા :

(૧) જુદાજુદા જાહેર ઉદ્યોગોના સંચાલન માટે એક સ્વાયત્ત તંત્ર ઊભું કરવું જોઈએ;

(૨) લોકહિતને દષ્ટિ સમક્ષ રાખીને જ ઉદ્યોગોનું સંચાલન થવું જોઈએ;

(૩) વાપરનાર અને કર ભરનારનાં હિતોનું રક્ષણ થાય એ માટે પાર્લમેન્ટને ઉદ્યોગના સંચાલન ઉપર પૂરતો ચોકીપહેરો રાખવાનો અધિકાર હોવો જોઈએ.

આયોજન પંચે આ સિદ્ધાંતો સ્વીકાર્યા તો ખરા પણ એમણે વળી ઉત્પાદન ખાતું પ્રધાન મંડળમાં ઉમેરવાનું સૂચવ્યું અને એક મધ્યસ્થ સમિતિ સ્થાપવાની હિમાયત કરી કે જે જાહેર ઉદ્યોગો ઉપર પૂરતું ધ્યાન આપી શકે ને સરકારને અવારનવાર સલાહસૂચન આપ્યા કરે.

૧૯૫૪માં ઇકાફે (ECAFE)ની પરિષદમાં જાહેર સાહસો અંગે ચર્ચા થઈ એમાં સ્પષ્ટ મત એવો હતો કે આવાં સાહસો ખાનગી લિમિટેડ કંપની જેવાં હોઈ શકે નહીં. એવું થાય તો ગોલમાલ માટે પૂરો અવકાશ રહે. આથી ઘણુંખરાં જાહેર સાહસો જાહેર કૉર્પોરેશન તરીકે કામ કરે એ હિતાવહ છે.

પાર્લમેન્ટની અંદાજ સમિતિએ એના ૧૬મા અહેવાલ (૧૯૫૪–૫૫)માં આ સમસ્યાને વિગતવાર તપાસી. સરકારના એક ખાતા નીચે આવા ઉદ્યોગો મૂકવા સામે સમિતિએ વિરોધ નોંધાવ્યો અને 'ઇકાફે'ના સૂચનને ટેકો આપતાં એક સુંદર સૂચન એ કર્યું કે જાહેર સાહસોની મૂડીના કુલ ૨૫ ટકા લોકોને શેર કે ડીબેન્ચર્સ વેચીને ઊભા કરવા જોઈએ કે જેથી ઉદ્યોગોની કાર્યવહી ઉપર લોકોને ચાંપતી નજર રાખવાનું કારણ મળે. અંદાજ સમિતિએ એક સલાહકાર સમિતિની નિમણૂક કરવાનું પણ સૂચવ્યું કે જેથી એ જાહેર સાહસો ઉપર યોગ્ય ધ્યાન આપી શકે.

૧૯૫૬ના કંપની એક્ટે ખાનગી સાહસો માટે વર્તનનાં ઊંચાં ધોરણ સ્થાપ્યાં; આથી આવાં ધોરણ જાહેર સાહસોને પણ લાગુ પાડવાં જોઈએ એવી માગ ઊઠી; પરંતુ એ માગ કેટલે અંશે સંતોષાઈ એ આપણે આગળ જોઈશું.

બીજી પંચવર્ષીય યોજનાના કાચા ખરડામાં આયોજન પંચે કબૂલ કર્યું કે જાહેર સાહસ ધંધાદારી દષ્ટિએ જ ચલાવવું જોઈએ અને કાર્યદક્ષતામાં એ ખાનગી સાહસ કરતાં એ પાયરી આગળ હોવું જોઈએ કે જેથી કરીને એ આદર્શ પૂરો પાડી શકે અને જાહેર સાહસોના ટીકાકારોને ચૂપ કરી શકે. અલબત્ત, આયોજન પંચે જણાવ્યું કે જાહેર સાહસોની વ્યવસ્થા અને કાર્યપદ્ધતિનું ક્ષેત્ર નવું હોવાથી પૂરતા પ્રમાણમાં પ્રયોગોને અવકાશ છે.

કાંઈક દિશાસૂચન મેળવવા માટે અથવા તો પોતાનાં પગલાંને પરદેશી નિષ્ણાતો વડે મહોર મરાવવા માટે સરકારે ૧૯૫૬માં અમેરિકાના વિખ્યાત અર્થશાસ્ત્રી પ્રો. ગાલબ્રેઇથને જાહેર સાહસોના સંચાલનની સમસ્યાઓનો અભ્યાસ કરી સૂચનો આપવા આમંત્ર્યા. ગાલબ્રેઇથે નીચેના મુદ્દાઓ ઉપર ખાસ ભાર મૂક્યો:

(૧) જાહેર સાહસોની કાર્યદક્ષતામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકવો જરૂરી છે. એમની કાર્યદક્ષતા ખૂબ જ ઊંચી હશે તો જ લોકોને ગળે જાહેર સાહસો વધારવાની વાત ઉતરશે;

(૨) ઉત્પાદક-જાહેર સાહસો સંપૂર્ણ સ્વાયત્ત હોવાં જોઈએ અને જાહેર કોર્પોરેશન તરીકે સ્થાપવાં જોઈએ;

(૩) દરેક નવા સાહસ માટે નવું કોર્પોરેશન ન ઊભું કરવું જોઈએ. નહીં તો કોર્પોરેશન એટલાં વધી જશે કે એમના ઉપર ચાંપતી નજર રાખવાનું કાર્ય પાર્લમેન્ટ માટે મુશ્કેલ બનશે;

(૪) દરેક જાહેર કોર્પોરેશનને ઠીકઠીક પ્રમાણમાં નાણાંકીય સ્વાતંત્ર્ય હોવું જોઈએ;

(૫) જાહેર સાહસના સંચાલનમાં સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું જોઈએ.

ડૉ. પોલ એપલ્બીએ વળી અત્યંત નવીન લાગે એવાં સૂચનો એમના ૧૯૫૬માં પ્રસિદ્ધ થયેલા અહેવાલમાં કર્યાં. એમણે જણાવ્યું કે

(૧) હિંદ અત્યારે કટોકટીમાં છે આથી યુદ્ધકાળની ભૂમિકાએ સમગ્ર અર્થકારણને મૂકવું જોઈએ;

(૨) જાહેર સાહસોના સંચાલકોને ત્વરિત નિર્ણય ને ઝડપી પગલાં ભરવાની સત્તા આપવી જોઈએ;

(૩) એવી પદ્ધતિઓ શોધવી જોઈએ કે જેથી લોકશાહીનાં મૂલ્યાંકનોને અડફેટે ચડાવ્યા વિના વિકાસની અભિવૃદ્ધિ કરી શકે.

લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશને મુંબઈની પેઢીઓમાં કરેલા મૂડીરોકાણે પાર્લમેન્ટમાં જબરી ચકચાર જગાવી. એને પરિણામે જાહેર સાહસોના સંચાલનનો પ્રશ્ન લોકરસનો પ્રશ્ન બન્યો. ૧૯૫૮ના ફેબ્રુઆરી માસમાં સરકારે ચાગલા કમિશનની નિમણૂક કરી ને એ તપાસમાં ને એના અહેવાલમાં સમગ્ર રાષ્ટ્રે જુદાં જુદાં કારણોસર ખૂબ ઊંડો રસ દાખવ્યો. ઘડીભર તો એવી હવા જન્મી કે જાણે જાહેર સાહસોનો હવે મૃત્યુઘંટ જ વાગશે; પરંતુ એ તપાસ પછી જાહેર સાહસોની પકડ ઊલટી અર્થકારણ ઉપર વધુ મજબૂત બની છે.

૨

ચાગલા કમિશને જાહેર સાહસો ઉપર સરકાર અને પાર્લમેન્ટનો યોગ્ય અંકુશ જળવાઈ રહે એ માટે કેટલાંક વ્યવહારુ સૂચનો કર્યાં:

૧ સ્વાયત્ત જાહેર કોર્પોરેશનની કામગીરીમાં સરકારે ડખલ ન કરવી જોઈએ. જો કાંઈ સલાહ, સૂચન કે હુકમ આપવાની સરકારને કે પ્રધાનને ઇચ્છા થાય તો તે લેખિતરૂપમાં આપવાં જોઈએ;
૨ આવા કોર્પોરેશનના પ્રમુખપદે સરકારી અમલદારોને બદલે જેને ધંધા કે નાણાંકીય ક્ષેત્રમાં ઊંડો અનુભવ હોય એવી વ્યક્તિને નીમવી જોઈએ;
૩ ડગલે ને પગલે પ્રધાને પાર્લમેન્ટને વિશ્વાસમાં લેવી જોઈએ–પૂરતી માહિતી અને આંકડા પીરસતા રહીને–કે જેથી પાછળથી મુશ્કેલીઓ અને કઢંગી પરિસ્થિતિ ટાળી શકાય. પાર્લમેન્ટના સભ્યો બહારથી માહિતી મેળવી આણીને પ્રધાનોને સવાલ પૂછે એ કારણે લોકોની કુતૂહલવૃત્તિ જેટલી ઉશ્કેરાશે એટલી પ્રધાનો પોતાની મેળે જ માહિતી આપે તો નહિ ઉશ્કેરાય;
૪ પોતાના હાથ નીચે કામ કરનાર વ્યક્તિઓની ધંધાદારી પ્રશ્નો અંગેની વર્તણૂક માટે પ્રધાને પોતે જ સંપૂર્ણ જવાબદારી સ્વીકારવી જોઈએ.

ચાગલા કમિશનની ભલામણોની અસર સચોટ થઈ. પાંગરતી લોકશાહીમાં સારી પ્રણાલિકા સ્થાપવાના શુભ હેતુથી એ વખતના નાણાંપ્રધાન શ્રી ટી. ટી. કિશ્નમાચારીએ રાજીનામું આપ્યું; જાહેર સાહસોના સંચાલનની સમસ્યાઓ અંગે લોકરસ પણ વધતો ગયો. પાર્લમેન્ટમાં કોંગ્રેસ પક્ષને પણ લાગ્યું કે ભવિષ્યમાં આવી પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય એ માટે કાંઈ ઉપાયો તો યોજવા જ જોઈએ.

એમિલ, ૧૯૫૮માં પાર્લમેન્ટના કોંગ્રેસ પક્ષના નેતા તરીકે વડાપ્રધાને શ્રી વી. કે. કિશ્ન મેનનના પ્રમુખપદ નીચે એક ઉપ-સમિતિ નીમી રાજ્યહસ્તક ઉદ્યોગોના સંચાલનની સમસ્યાનો અભ્યાસ કરી એ ઉદ્યોગોના રોજિંદા વ્યવહારમાં ડખલરૂપ બન્યા વિના પાર્લમેન્ટનો અસરકારક અંકુશ એમના ઉપર લાદવાના ઉપાયો સૂચવવા માટે. ૧૯૫૯ માં પ્રસિદ્ધ થયેલા કિશ્ન મેનન સમિતિના અહેવાલમાં મુખ્ય બે વસ્તુ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે: એક તો, કાર્યદક્ષતા ઉપર, અને બીજું જવાબદારીના પ્રશ્ન ઉપર.

બીજાં ઘણાં સૂચનો કિશ્ન મેનન સમિતિએ કર્યાં છે; પરંતુ મુખ્ય ધ્વનિ એ છે કે આ ઉદ્યોગો પોતાના પગ ઉપર જ ઊભા રહેવા જોઈએ વ્યવહારમાં મુશ્કેલ હોવા છતાં એક ઉમદા સૂચન સમિતિએ એ કર્યું છે કે જાહેર સાહસો વિષે લોકોમાં માન અને ગર્વની લાગણી જન્મે એવું વાતાવરણ સર્જવું જોઈએ. સમિતિના જ શબ્દોમાં કહીએ તો—

> "The structure, management and policy in regard to State undertakings should be such that public opinion on the one hand and workers and management on the other regard them with patriotic fervour and have a sense of ownership and pride."

ડીસેમ્બર ૧૯૫૯ સુધીમાં તો રાજ્યહસ્તક ઉદ્યોગોના સંચાલનનો પ્રશ્ન માત્ર હિંદ પૂરતો જ મર્યાદિત નહોતો રહ્યો. તાજા સ્વતંત્ર થયેલા હિંદ જેવા અન્ય એશિયન દેશોને પણ જાહેર કોર્પોરેશનો ઊભા કરીને આર્થિક વિકાસ ઝટ કરવાની તાલાવેલી હતી; પરંતુ

સૌને એના સંચાલનની સમસ્યાઓ મૂંઝવતી હતી. આનો કાંઈક તોડ આણવા ને વિચારોની આપલે કરવા ઇકાફે (ECAFE) વિસ્તારના દેશોનો એક પરિસંવાદ નવી દિલ્હીમાં યોજવામાં આવ્યો. એ પરિસંવાદમાં થયેલી ચર્ચામાંથી નીચેનાં તારણો બાંધી શકાય:

૧ રાષ્ટ્રીય ધ્યેયોમાં જાહેર ઉદ્યોગોના સંચાલનનું ધ્યેય સમાઈ જાય છે. બંનેને એકબીજાથી છૂટાં પાડી ન શકાય. સૌથી વિશેષ જરૂર મજબૂત વ્યવસ્થાતંત્ર ઊભું કરવા માટેનાં ધોરણો નક્કી કરવાની ને એને અમલી બનાવવાની છે;

૨ જાહેર સાહસો નફો ન કરે અથવા ખોટ સહન કરે એ કોઈ સંજોગોમાં યોગ્ય કહેવાય નહીં—સિવાય કે પ્રજાના હિત માટે વિકાસકાળ દરમિયાન એમ કરવું અનિવાર્ય હોય;

૩ જાહેર સાહસોએ સાધનોનો ખૂબ કરકસરભર્યો ઉપયોગ કરવો જોઈએ, ઉત્પાદન ખર્ચ શક્ય એટલું ઘટાડવું જોઈએ, ઉત્પાદનની ગુણવત્તા વધારવી જોઈએ અને સ્વનિર્ભર બનવું જોઈએ;

૪ દરેક જાહેર સાહસે પોતાનું ઉત્પાદન લક્ષ્યાંક નક્કી કરી, ઉત્પાદન ખર્ચ ઘટાડવાનાં, ગુણવત્તા વધારવાના ને કાર્યદક્ષતા માપવાનાં કાંઈક ચોક્કસ ધોરણ નક્કી કરવાં જોઈએ;

૫ જાહેર ઉદ્યોગ આંધળિયાં કરીને શરૂ કરવા કરતાં એનું પ્રાથમિક આયોજન કરવામાં પૂરતો સમય ને શક્તિ આપવાં જોઈએ કે જેથી સાધનોનો બગાડ ન થાય ને ઉત્પાદનની ગતિ ધીમી ન પડે. ઘણા જાહેર ઉદ્યોગો નિષ્ફળ જાય છે અથવા ખોટમાં ચાલે છે એનાં મુખ્ય કારણો બે છે: એક તો, પૂરતા પ્રાથમિક આયોજનનો અભાવ; અને બીજું, આવશ્યક મૂડીરોકાણ વિશે ઓછો ને ભૂલભરેલો અંદાજ;

૬ સૌથી મૂંઝવતો પ્રશ્ન છે રાજ્યહસ્તક સાહસના સંચાલનમાં સરકારની ડખલગીરીનો, જાહેર સાહસના સંચાલનમાં સરકારની ડખલગીરીનો. જાહેર સાહસના સંચાલનમાં સરકારી અંકુશ અનિવાર્ય છે, પરંતુ એ "અંકુશ" કોઈ પ્રકારની "ડખલ"માં ન પરિણમવો જોઈએ. રોજબરોજના સંચાલનના પ્રશ્નોમાં પણ સરકાર ડખલ કરે તો કોઈ પણ સ્વમાની કર્મચારી તનતોડ કામ કરવા કે નક્કર પરિણામ આણી બતાવવા ન પ્રેરાય. રાજ્યની ફરજ છે કે સંચાલનના સિદ્ધાંતો ને ઉત્પાદનનાં લક્ષ્યાંકો નક્કી કરવાં, મૂડીરોકાણની મર્યાદા નક્કી કરવી, કર્મચારી-સંચાલન અંગેના નિયમો ઘડવા અને રાષ્ટ્રહિતને લગતા અન્ય પ્રશ્નો અંગે સ્પષ્ટ માર્ગદર્શન આપવું; પરંતુ આથી એક ડગલું પણ આગળ વધવામાં ને રોજ ફતવાઓ બહાર પાડી ઉદ્યોગ સંચાલકને હુકમો છોડવામાં જોખમ છે.

૭ સંચાલનની કાર્યદક્ષતા માપી શકાય એવી આધુનિક હિસાબપદ્ધતિ જાહેર સાહસોમાં પણ દાખલ કરવી જોઈએ કે જેથી લક્ષ્યાંકો અને વાસ્તવિક ઉત્પાદનના ને અન્ય આંકડાઓ વચ્ચે સરખામણી થઈ શકે ને રાજ્યહસ્તક ઉદ્યોગોની કાર્યદક્ષતા માપવામાં ને સુધારવામાં એ સહાયભૂત નીવડી શકે. (આધુનિક

હિસાબપદ્ધતિમાં નાણાકીય હિસાબપદ્ધતિ, ઉત્પાદન-ખર્ચ, મૂડીરોકાણ અને વળતર, અંદાજ અંકુશ, આંતરિક અન્વેષણ વગેરેનો સમાવેશ થઈ જાય છે.)

૧૯૬૦ માં અંદાજ સમિતિએ પાર્લમેન્ટ સમક્ષ રજૂ કરેલા પોતાના અહેવાલમાં જાહેર ઉદ્યોગોના સંચાલન અંગે ઘણી ઝીણી વિગતો ચર્ચી હતી. મુખ્ય વિગત એ છે કે દરેક નવા સાહસ માટે નવી સંસ્થા કે નવું કોર્પોરેશન રચવા સામે સમિતિએ સખ્ત અણગમો વ્યક્ત કર્યો છે. બહુ નાનાં નાનાં કોર્પોરેશન ઊભાં થાય તો પાર્લમેન્ટ માટે દરેક ઉપર ધ્યાન રાખવું મુશ્કેલ બને; એના કરતાં એક મોટું કોર્પોરેશન એક જ ક્ષેત્રમાં શરૂ થનાં જાહેર સાહસો સંભાળે એ વધુ ઇચ્છનીય છે. આથી અત્યારે ચાલતાં જાહેર સાહસોને પણ એકબીજામાં સમાવી દઈ એમની સંખ્યા ઘટાડવી જોઈએ અને વધુ કાર્યદક્ષતા ધરાવતાં નવાં વ્યવસ્થાતંત્રો ઊભાં કરવાં જોઈએ એમ સમિતિ માને છે. ક્યાં જાહેર સાહસો ક્યા કોર્પોરેશનના અંકુશ નીચે મૂકાવાં જોઈએ એ તો સરકાર-નિયુક્ત નિષ્ણાતોની સમિતિ જ નક્કી કરી શકે. નવાં સાહસો શરૂ કરવાની જવાબદારી પણ આવાં જાહેર કોર્પોરેશનોને સોંપવી જોઈએ કે જેથી અંકુશ રાખવાનું સુગમ બને.

ઉપરની ચર્ચામાંથી એટલું તો ફલિત થાય છે કે રાજ્યહસ્તક ઉદ્યોગોના સંચાલનની મુખ્ય ચાવી એ ઉદ્યોગો પર અંકુશ રાખવાના યોગ્ય નુસખા શોધવામાં છે. મેનેજિંગ ડાયરેક્ટર, મેનેજરો, ઇજનેરો, કામદારો વગેરેનો પરસ્પર સંબંધ સ્થાપિત કરવો અને ડિરેક્ટરોની બોર્ડ અને સરકારી પ્રધાન કે પાર્લમેન્ટ સાથેનો સુમેળભર્યો વ્યવહાર સ્થાપવો એ મુશ્કેલ તો છે જ; પરંતુ જાહેર સાહસો હવે ઇચ્છીએ ન ઇચ્છીએ તો પણ ટકવાનાં ને વધવાનાં જ છે તો પછી એને વધુ કાર્યક્ષમ બનાવવાના ઉપાયો શા માટે ન શોધીએ? મજબૂત ને અનુકરણીય પ્રણાલિકાઓ, વૈજ્ઞાનિક સંચાલન-પદ્ધતિ ને પરસ્પર વિશ્વાસની ભાવના જાગૃત નહિ કરવામાં આવે તો દેશના અર્થકારણને લોકશાહી સમાજવાદી સમાજ-રચના સ્થાપવા ભણી નહીં વાળી શકાય. ચીલા નવા પાડવાના છે, બીજાના અનુભવમાંથી આપણે બહુ ઓછો ઘડો લઈ શકીએ એમ છીએ ને આ પડકાર ઝીલી લઈને કોઈક નક્કર કાર્ય કરી બતાવવાની ઉમદા તક આપણા દેશને સાંપડી છે.

"સાપ મરે પણ નહીં ને લાકડી ભાંગે પણ નહીં" એ ન્યાયે કાર્યદક્ષ સંચાલન અને જાહેર સાહસ વચ્ચે મેળ બેસાડવાનું કાર્ય કેટલી ગૂંચવણભરી સમસ્યાઓ ઊભી કરે છે એની વિગતો આપણે હવે પછી તપાસીશું.

(ક્રમશઃ)

[આવતા અંકમાં આ લેખ પૂરો થશે]

★

પં. સુખલાલજીનું પ્રવચન—

[તાજેતરની માંદગીમાંથી ઊઠ્યા પછી.]

આજે જ્યારે મકાનની સંકડાશ, આર્થિક ભીંસ વગેરે કારણો વિચારીને ઘરડા માણસો આ દુનિયામાંથી વિદાય લે તો તે પણ સુખી થાય અને પાછળનાં પણ સુખી થાય, એવી વિચારણા ચોમેર ચાલતી સંભળાય છે ત્યારે મને હવે ૯૨ થયાં છે, અને જાતે અસહાય હોઈને મારો ભાર અનેકને ઉપાડવો પડે છે, એમ છતાં પણ મારા માટે દીર્ઘ જીવન ઇચ્છવામાં આવે છે, ત્યારે મને ભારે નવાઈ લાગે છે.

દરદી અને યજ્ઞનો બળદ

હવે ઓપરેશનના અનુસંધાનમાં મારે જે કંઈ કહેવાનું છે, તે ઇશારારૂપે રજૂ કરું. ઓપરેશન વખતે હું આમતેમ હલુંચલું નહીં તે માટે મને ચારે તરફથી જકડવામાં આવ્યો હતો. અને પછી પણ ગ્લુકોઝ તથા સેલાઇન સોલ્યુશન શરીરમાં દાખલ કરવા માટે નસોમાં દાખલ કરવામાં આવેલી ઇન્જેક્શન પીનો, કેથેટર, પેટમાંથી સીધો પેશાબ કાઢવા માટે મૂકેલી ભીંગી-નળી—આમ મારા શરીરના હલનચલન ઉપર અનેક બાજુએથી અંકુશ મૂકવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઋગ્વેદમાં જેનું વર્ણન આવે છે, તેવો યજ્ઞ માટે પકડવામાં અને જકડવામાં આવેલો, સ્તૂપ સાથે બાંધવામાં આવેલો, અને એ કારણે ગાંગરતો બળદ (त्रिधा बद्धो वृषभो रोरवीति) મને યાદ આવતો હતો. બાહ્યદૃષ્ટિએ મારામાં અને તેનામાં કશો ફરક ન હતો; એટલું જ કે, યજ્ઞપુરોહિત તેનાં અંગ-ઉપાંગ કાપીને અને યજ્ઞમાં હોમીને તેને સ્વર્ગપ્રાપ્તિ કરાવવા ઇચ્છતો હતો; જ્યારે મારા સર્જન મારા ઉપર શસ્ત્રક્રિયા કરીને મને વ્યાધિમુક્ત કરવા—એટલે કે મને આ જીવનમાં જ સ્વર્ગ પ્રાપ્ત કરાવવા ઇચ્છતા હતા.

હૉસ્પિટલ : સંકટવિમોચન તીર્થ

આ હૉસ્પિટલમાં લોકો શા માટે દાખલ થાય છે અને કેમ ક્યારે પાછા ઘેર જાય છે—અને આ હૉસ્પિટલમાં જ નહીં પણ દુનિયામાં બધી હૉસ્પિટલોમાં લોકોનું ગમનાગમન શા હેતુથી થાય છે—તેનો સમગ્રપણે વિચાર કરતાં, તેના સ્વરૂપને યથાર્થપણે સૂચવવા માટે "સંકટવિમોચન તીર્થ" એવું નામાભિધાન મને સૂઝ્યું છે. હૉસ્પિટલ, એ તીર્થ જ છે, અને શરીરમાં પ્રગટેલી આફતને તરી જવા માટે લોકો ત્યાં જાય છે. હૉસ્પિટલનો મુખ્ય હેતુ જ લોકોનું સંકટ દૂર કરવાનો છે. કાશીમાં એક યાત્રાસ્થાન છે, તેનું નામ સંકટવિમોચન તીર્થ છે. ત્યાં લોકો સંકટવિમોચનની આશાએ જાય છે તો ખરા, પણ એ બધાનું સંકટ દૂર થાય છે કે નહીં, અને થાય છે તો કેટલું થાય છે, એનું કોઈ લેખું રહેતું નથી; જ્યારે હૉસ્પિટલમાંથી તો ૧૦૦માંથી ૯૯ માણસો સાચેસાચ સંકટથી મુક્ત થઈને ઘેર જાય છે.

હેડકીની અવર્ણનીય વ્યથા

ઓપરેશન બાદ બીજે કે ત્રીજે દિવસે મને હેડકીની ઉપાધિ શરૂ થઈ. આ ઉપાધિ કેટલી વ્યથાજનક હતી તે તમને શી રીતે સમજાવું ? મારા માટે તો પ્રત્યેક હેડકી આકાશ અને ભૂમિ વચ્ચેનું અંતર પ્રકટાવનાર બનતી હતી. હેડકી ઊપડતી ત્યારે આકાશ-પૃથ્વી મારા માટે વારેવારે એક બની જતાં હોય એમ લાગતું.

यदा किञ्चित् किञ्चिद् बुधजनसकाशादवगतं,
तदा मूर्खोऽस्मीति ज्वर इव मदो मे व्यपगतः॥

હું અનાથ નથી

જૈન ધર્મશાસ્ત્રોમાં આવતી અનાથી મુનિની કથા મને અત્યારે યાદ આવે છે. અનાથી મુનિ નામના એક મહાતપસ્વી જૈન સાધુ હતા. એક દિવસ રાજગૃહીના મહારાજા શ્રેણિકનું તેમને મળવાનું બન્યું. તેમણે આ મુનિને પૂછ્યું કે, "આપનું નામ અનાથી મુનિ કેમ છે?" જવાબ મળ્યો કે, "હું નથની શોધમાં છું; મારો કોઈ નાથ નથી." શ્રેણિકે કહ્યું કે, "હું મગધનો મહારાજા જેમ અનેકનો તેમ આપનો પણ નાથ છું." મુનિએ જવાબ આપ્યો કે, "રાજન, તું પણ અનાથ છે. અનાથને નાથ બનાવીને હું શું કરું?"

આ કથા હું મારી જાતને લાગુ પાડું છું. તમે બધાં જાણો છો કે, હું દેખવાની શક્તિ ગુમાવવાને લીધે કેટલો બધો પરાધીન અનાથ છું?" આમ છતાં મારી સંભાળ લેનારા આટલા બધા લોકોને જોઉં છું ત્યારે હું અનાથ નથી પણ સનાથ છું, એવી મને દૃઢ પ્રતીતિ થાય છે. * * *

શેઠ શ્રી ગોરધનદાસભાઈની લાગણી

અને સૌથી વિશેષ એવા સર હરકિસનદાસ હૉસ્પિટલના રખેવાળ શ્રી ગોરધનદાસ-

ભાઈ. એમના વિશે હું શું કહું અને શું ન કહું? દિવસના ભાગમાં તેઓ મારી પાસે અચૂક આવે, ખબર પૂછે, એકાદ ટુચકો સંભળાવે અને એક સ્વજનની જેમ હૂંફ અને ઉત્સાહ આપીને વિદાય થાય. મારી પાછળ તેમણે પણ મારી જેવું જ ઓપરેશન કરાવ્યું છે. તેમને જલદી આરામ થાય અને દર્દીઓની વ્યક્તિગત સંભાળ લેવાનું તેમનું ચાલુ કાર્ય, જે આજે અટકી પડ્યું છે, તે શરૂ થાય એવી મારી પ્રાર્થના છે

આર્દ્ર હૃદય

આમ અનેક દિશાએથી માયા-મમતાનો અનુભવ કરી રહેલો એવો હું જ "આ બધું શું છે?" તેનો વિચાર કરી રહ્યો છું. મુકુંદભાઈ પોતાના કાર્યના વળતર રૂપે કશું લેવાની ના કહે; રસિકભાઈ જેવા 'તમારા ઉપર મારો અધિકાર છે' એમ કહીને તેમના ઉપકાર નીચે મને દાબી દે—આ બધું કેમ બને છે? વળી, ગમે તેટલી વ્યથામાં—શારીરિક અકળામણમાં-પણ જેવું જેને લીધે બળ મળે છે, ઊંડી રાહતનો અનુભવ થાય છે, તે પણ શું છે? આ બુદ્ધિ નથી, પણ તેની ઉપરના સ્તરમાં રહેલું કોઈ સત્ત્વ છે. આ જ જીવનનું માંગલ્ય છે. આ જ સત્ત્વ રાંક માણસને સનાથ કરે છે.

આમ, હું બોલી રહ્યો છું ત્યારે, આવી કોઈ અનુભૂતિમાંથી—તેને આધ્યાત્મિક કહો કે જે કહેવું હોય તે કહો—હું પસાર થઈ રહ્યો છું. વળી અત્યારે જ્યારે મારી ઉપર ચારે બાજુએથી પ્રેમનો-સદ્ભાવનો વરસાદ વરસી રહ્યો છે, ત્યારે જો મારું હૃદય આર્દ્ર ન બને, દ્રવીભૂત ન થાય, તો તે પથ્થરનું બનેલું છે એમ જ સમજવું.

[આમ તેમનું હૃદયસ્પર્શી વક્તવ્ય પૂરું થતાં પંડિતજી એકાએક આર્દ્ર બની ગયા, તેમની આંખો ભીની થઈ, સાંભળનાર સૌ કોઈનાં દિલ હલી ઊઠ્યાં]

'પ્રબુદ્ધ જીવન'માંથી ઉદ્ધૃત]

સ્વમાન અને અભિમાન

નટવરલાલ પ્રભુલાલ બુચ

માણસમાત્રમાં અહંવૃત્તિ હોય છે અને તે પોષણ અને તોષણ માગે જ છે. તેમાંથી માન, સ્વમાન. અભિમાન, અપમાન વગેરે ઊભાં થાય છે.

દરેક માણસ પોતે પોતાનું મૂલ્ય આંકતો હોય છે. પોતાને વિશેનો પોતાનો અભિપ્રાય એ માણસનું સ્વમાન, વ્યક્તિમાત્રને સ્વમાન જાળવવાની ખૂબ ચિન્તા હોય છે. એ બાબતમાં બધા સરખા હોય છે, પણ એ સ્વમાનનાં ગજ, પ્રકાર અને તે જાળવવાની રીત વ્યક્તિએ વ્યક્તિએ જુદાં હોય છે. તેમાંથી ઘણું વૈવિધ્ય અને વૈચિત્ર્ય ઊભાં થાય છે.

સાચું સ્વમાન આત્મનિર્ભર હોય છે. તે બહારની કોઈ ગણનાની અપેક્ષા રાખતું નથી અને અવગણનાની પરવા કરતું નથી. આવી જાતના સાચા સ્વમાનવાળા માણસો વિશ્વાસપૂર્વક સમાજને કહી શકે છે :

"માન તમારે હાથ ન સોંપ્યું–કેમ કરી અપમાનશો ?" આવા માણસો મરીને પણ પોતાનું સ્વમાન રક્ષે છે. વળી સાચું સ્વમાન નિરભિમાન હોય છે. તે પોતાના પોષણ–તોષણ માટે બીજાના સ્વમાનનું શોષણ ઇચ્છતું કે કરતું નથી. સિંહ પોતે મારેલું જ પોતે ખાય છે, બીજાએ મારેલું કદી ખાતો નથી (સિવાય કે તે 'ઝૂ'નો કે સરકસનો સિંહ હોય). આ તેનું સ્વમાન છે. આવા સ્વમાનની એક જાતની ખુમારી હોય છે. જગન્નાથ પંડિતે પોતાનાં 'રસ ગંગાધર' નામના અલંકારશાસ્ત્રના ગ્રંથમાં અલંકારનાં બધાં જ દૃષ્ટાન્તો પોતે સ્વતંત્ર રચીને મૂક્યાં છે અને તેમ કરતાં કહ્યું છે કે, "કસ્તૂરી ઉત્પન્ન કરનારો મૃગ શું બહારની સુવાસ શોધવા જવાનો છે ?"

પણ એક માણસને મન જે પોતાનું સ્વમાન છે તે બીજાઓને મન તેનું ઘમંડ કે અભિમાન લાગે તેવું બને. મારો હાઈસ્કૂલનો એક સહાધ્યાયી ઘનુ ઘણો પ્રામાણિક અને સ્વમાની હતો. નાપાસ થાય એ કબૂલ પણ પરીક્ષામાં ચોરી કદી ન કરે કે બીજી કોઈ ગેરરીતિ કદી ન વાપરે. પણ અમારું બધાનું સ્વમાન એવા પ્રકારનું કે પરીક્ષા માટે તૈયારી ન કરી હોય તો પણ નાપાસ થવાથી તે ઘવાય. એટલે પરીક્ષામાં અમારી પ્રતિષ્ઠા નીચી ન પડે તે હેતુથી પ્રશ્નપત્રોનું પ્રકટીકરણ અપ્રકટ રીતે વહેલું થાય તેવા પ્રયત્નોમાં અમે રહેતા. પરીક્ષાની મોસમમાં અમારા પરીક્ષકો પાસે અમે કેટલાક 'સમિત્પાણિ' થઈને જતા—ફેર એટલો કે અમારા હાથમાં સમિત્‌ને સ્થાને ઘઉંનો પોંક કે શેરડી કે તલસાંકળિયાના લાડુ કે છેવટે પાનપટ્ટી હોય. ગુરુચરણે અથવા, બરાબર કહીએ તો, ગુરુપત્ની કે ગુરુના ચિરંજીવીને ચરણે એ નૈવેદ્ય ધરીને અને પછી ગુરુને પ્રણિપાત પરિપ્રશ્નો કરીને અને તેમની સેવા દ્વારા તેમને રીઝવીને પ્રસાદી રૂપે એકાદ 'સંભવિત સવાલ' અમે મેળવી શકતા જે સંભવ પછીથી સત્ય બની જતો. એક વાર આ રીતે મેળવેલા 'સંભવિત સવાલો' અમે હોંશે હોંશે ઘનુને કહેવા ગયા. તેણે કરડાકીથી કહ્યું, "તમારી પાસે જ રાખો તમારા સંભવિત સવાલો. એ રીતે પાસ થવા કરતાં હું નાપાસ થવાનું વધારે પસંદ કરીશ."

અમે ચિડાયા ને બોલી ઊઠ્યા, "આહ હા! ભારે મોટી પ્રમાણિકપણાની પૂંછડી! જોઈ લેજો, ન જોઈ હોય તો! સામે ચડીને મદદ કરવા આવ્યા તો ભાઈ નાકનું ટીચકું ચડાવે છે પોતાની હોશિયારીનું બહુ અભિમાન આવી ગયું છે!" આમ એકનું સ્વમાન બીજાઓને, જેમની નૈતિક કક્ષા જુદી હોય છે તેમને નર્યું અભિમાન લાગે છે

પણ સાચા સ્વમાનવાળા માણસો સમાજમાં વિરલ હોય છે મોટા ભાગના લોકોનું સ્વમાન અભિમાન-મિશ્રિત જ હોય છે અભિમાન સ્વસંતુષ્ટ હોતું નથી આવા માણસો બીજાઓની સ્વીકૃતિની, બીજાઓ તેમને સંતોષે, માનપાન આપે તેવી અપેક્ષા રાખે છે અને જ્યારે તેમનું સ્વમાન અવગણાય કે અવગણાતું તેમને પોતાને લાગે ત્યારે જો આવા અભિમાની માણસો વગદાર, પૈસાદાર કે સત્તાધારી હોય તો સામાને કે સમાજને ત્રાસ આપે ને તેમ ન કરે તો ડરાવે-ધમકાવે કે અપમાનિત તો કરે જ, અને એ રીતે સામાનું અપમાન તે પોતાનું સ્વમાન એમ નકારાત્મક રીતે સ્વમાન જાળવ્યાનો સંતોષ લે થોડા સમય પૂર્વે હું એક શિક્ષણ સંસ્થામાં શિક્ષક હતો એક વાર સંસ્થાના મુખ્ય સંચાલક માંદગીને કારણે રજા પર હતા તેથી સંસ્થાના સંચાલકનો ચાર્જ મારી પાસે હતો તે દરમિયાન એક દિવસે બપોરે, હાથમાં પર્સ, કાંડે સોનાની અદ્યતન કીમતી ઘડિયાળ, આંખો પર સોનાની ફ્રેમનાં ચશ્માં અને શરીર પર મલમલ જેવી ઝીણી અને બગલાની પાંખ જેવી સફેદ ખાદીના કપડાંવાળી અને ફેસ પાઉડરથી મહેક મહેક થતી એક ઠસ્સાદાર યુવતી મારી સામે આવીને ઊભી રહી અને તેણે મને અંગ્રેજીમાં પૂછ્યું, "મને ઓળખી?" મારું અંગ્રેજી મૂળે ય કાઠિયાવાડનું કાચું ગણાતું અને તેમાં પણ થર્ડ ક્લાસ હું તો, ભઈ, હે-હે હે-હે કરતો માંડ બોલી શક્યો 'ના, જી માફ કરજો આપને ન ઓળખ્યાં" તે યુવતીના મુખ પર સરોષ આશ્ચર્ય દેખાયું. "મને નથી ઓળખતા?" તેણે વધારે કડકાઈથી પૂછ્યું મેં વળી પાછો અચકાતે અચકાતે જવાબ આપ્યો, "ના, જી"

"આપ-અ-અ' હવે તો તે ખૂબ ગુસ્સે થઈ "શું બોગી માણસ્થા કાઢી બેઠા છો? માણસ તો ઓળખતા છો નહીં!" એમ બોલી પગ પછાડી ચાલી ગઈ તેનો આવો વધારે પડતો દમામ જોઈ મેં અનુમાન કર્યું કે તે કાં તો કોઈ દેશનાયકની દૂરની સગી હશે કે કોઈ સરકારી સેક્રેટરીના સ્નેહીની નજીકની સગી હશે એક વાર મેં એક જમાદારના દીકરાને તુમારે બોલાવેલો તે તો પોતાના પિતાને તેડી લાવ્યો અને તે જમાદારે મને ડરાવવા કોશિશ પણ કરેલી સૂરજ કરતાં રેતી વધારે દઝાડે તેમ, આવા અભિમાની લોકોનું સ્વમાન સામાનું અપમાન કરીને જ સંતોષાય છે

પણ સ્વમાન જ્યારે મિથ્યાભિમાનમય હોય છે ત્યારે તે રમૂજનો વિષય બને છે પડ્યા તોય ટંગડી ઊંચી રાખી ન પડ્યાનો દાવો કરવો તે મિથ્યાભિમાન રૂપ સ્વમાન સંતોષવાની એક જાણીતી રીત છે 'પડ્યા તો પડ્યા પણ ટેકે તો ચડ્યા!' ની રીત વળી બીજી એક રીત છે મોગલાઈના ખંડિયેરો જેવા માણસો એટલે કે જેમના પૂર્વજોની જૂના કાળની સમૃદ્ધિ આજે નામશેષ બની ગઈ હોય તેવા માણસો પોતાનું સ્વમાન એક અનોખી રીતે પોતાની દરિદ્રતા ઢાંકીને સંતોષે છે અમારા ગામની પાસે લોહગઢમાં 'સુરેશરાય નામના એક તૂટેલા તાલુકદાર રહેતા તેમના પ્રપિતામહના વખતમાં તેમના કુટુંબની ભારે

જાહોજલાલી હતી. ઘરે નોકરચાકર, વાડીવજીફા, ઢોરઢાંખર, હવેલી, રથઘોડા–બધું હતું. પણ છેલ્લી ત્રણ પેઢીમાં ધીમે ધીમે એ બધું અસ્ત થઈ ગયું હતું. સુરેશરાયને લોકો 'રાયજી સરકાર' કહેતા. રાયજી સરકારને વારસામાં એક જીર્ણ ઘર, એક સારી ખુરશી, એક ઘસાઈ ગયેલો ગાલીચો, એક ચાંદીની પાનની પેટી અને એક ઝૂલો–અને તે સાથે પોતાના પૂર્વજો ગામધણી હતા તે હકીકતનું અભિમાન—એટલું વારસામાં મળ્યું હતું. ઘરમાં તેઓ અને તેનો પુત્ર રમેશ—બે જ હતા. નોકરચાકર એક પણ નહીં. બધી સાહેબી ક્યારની પરવારી ગઈ હતી. સ્વમાન સાચવવા માટે પોતાની દરિદ્રતા ઢાંકવા બાબતમાં બાપ દીકરા વચ્ચે સંતલસ હતી. એક વાર અચાનક બેચાર મહેમાનો આવી ચડ્યા. રાયજી સરકાર ઝૂલે બેઠા બેઠા પાન ખાતા હતા. મહેમાનોને જોઈ તેઓ એકદમ બોલ્યા, "ઓહોહો! પધારો, પધારો. અરે–કોઈ છે કે?" એકદમ તેમનો પુત્ર રમેશ ઓરડામાંથી દોડતો આવ્યો ને કહ્યું, "જી, બાપુજી!" રાયજી સરકારે કહ્યું, "અરે રમેશ, જા તો, આપણા છગન પટાવાળાને કહે કે આપણો ઈરાની ગાલીચો–પેલો નવો છે તે, મહેમાનો માટે પાથરે."

"બાપુજી! છગન તો ઘોડો પાવા ગયો છે."

"તો પછી પંચાણને બોલાવ."

"પંચાણ ઢોરમાં ગયો છે, બાપુજી!"

"અને ગોવિંદ ક્યાં છે? તેને કહે, જા."

"ગોવિંદ તો, બાપુજી, આંબા વેડવા ગયો છે."

"પણ તો નથુ, જમાલ, કેદારનાથ—કોઈ નથી?"

"બાપુજી, બધા કાંઈ ને કાંઈ કામે ગયા છે. બાપુજી! આપણાં કામ કેટલાં બધાં હોય છે!"

સરકાર ગુસ્સે થઈ બોલ્યા, "અરે, આ તે કેવી વાત! ઘરમાં આઠ આઠ નોકર ને કામ ટાણે કોઈ હાજર નહીં! આ મહેમાન ક્યારના આવીને ઊભા છે. ગાલીચો કોણ પાથરશે? લે, હવે તું જ લાવ ને પાથર. ને જો, કામદારને કહેજે કે આજે જ બીજા બે વધારે નોકરો રાખી લે." સ્વમાનને સાચવવાની આ એક વિશિષ્ટ રીત!

પોતાનું અજ્ઞાન પ્રગટ થઈ જાય તેમાં પણ મોટા ભાગના લોકોને સ્વમાનહાનિ લાગે છે. તેઓ વખતે બુદ્ધિશાળી માણસ સિફતથી પોતાનું અજ્ઞાન ઢાંકી દે છે અથવા તો તે અજ્ઞાનને વિજ્ઞાન ગણાવી દે છે! પસા પટેલની ગંગાનાં લગન થતાં હતાં. નરભો ગોર લગ્નવિધિ કરાવતો હતો. નરભો ગોર વિધિ કે મંત્રોમાં કાંઈ સમજતો નહોતો પણ વર્ષોથી અગડં–બગડં હાંકી રાખતો હતો. લગ્નના મંગળફેરા ગોરે ફેરવ્યા તો ખરા પણ તે ઊંધા–જે વાતની તેને ખબર નહોતી. ત્યાં વળી બુઢ્ઢી અવલ ડોશીનું ધ્યાન ગયું ને એમનાથી બોલાઈ ગયું : "એલી બાઈયું, રોયા ગોરે ઊંધા ફેરા ફેરવ્યા!" નરભા ગોરે આ સાંભળ્યું ને ક્ષણવારમાં તેને પોતાની ભૂલ સમજાઈ ગઈ: અર્ધી ક્ષણ મૂંઝાયો પણ પછી તરત જ વીજળીની ઝડપે તેને જવાબ સૂઝ્યો ને તે બોલ્યો, "અવલ મા! મને પણ લગન કરાવતાં કરાવતાં આ ધોળાં આવ્યાં છે હોં! શું મને નથી ખબર કે આ અવળા ફેરા

છે? પણ આ વર-કન્યાના ગ્રહો જુદી જાતના છે, તે તમને શી ખબર હોય! જોષમાં ચોખ્ખું આવે છે કે જો આ વર-કન્યા મંગળફેરા સવળા ફરે તો બેમાંથી એક ત્રણ મહિનામાં ખલાસ થઈ જાય. તમે કહો તો હું તો અબઘડી સવળા ફેરા ફેરવાવું-પણ પછી કાંઈ થાય તો મારે માથે નહીં।" બિચારાં ભોળાં અવાક થા કહેવા લાગ્યાં, "ના, બાપુ, ના. તમે કર્યું ઈ બરોબર જ છે. અમારે તો બ્રાહ્મણને વચને ને અગ્નિની સાખે જે થાય તે કબૂલ." ગોરનું અજ્ઞાન અને આગ્રહ ઢંકાઈ રહ્યાં.

ઘણી વાર પોતાના અપમાનને નાનું, ક્ષુદ્ર ગણાવીને પણ સ્વમાનરક્ષાનો હાસ્યાસ્પદ પ્રયત્ન થાય છે. એક ભાષણખોર પંડિત એક વાર એક સભામાં વ્યાખ્યાન કરવા ઊભો થયો. કાંઈક એલફેલ બોલવા લાગ્યો એટલે લોકો ઉશ્કેરાયા ને તેઓએ તેને ધક્કા મારીને સભામાંથી કાઢી મૂક્યો. કોઈકે પંડિતજીને પૂછ્યું, "કેમ, મહારાજ, ધક્કા ખાઈને નીકળવું પડ્યું ને?" પંડિતજીએ બેપરવાઈથી જવાબ આપ્યો, "કોઈ બાત નહીં. યહ તો બહુત છોટી સભા થી. મૈં તો ઈસસે બી બડી સભાઓમેં સે નિકાલા ગયા હૂં!"

અને કેટલીક વાર તો સ્વમાનની માપણી સો એ સો ટકા ખોટા તોલ અને ખોટાં ત્રાજવાંથી, કેવળ ઊંધા માપથી થતી હોય છે. ૧૯૩૦માં સત્યાગ્રહ કરી જેલમાં જઈ આવેલો મારો એક મિત્ર મને પોતાના અનુભવો કહેતો હતો: "જેલમાં એક વાર, ફોજદારી ગુના કરી સજા પામેલા બે કેદીઓ લડી પડ્યા. એકે બીજાને કહ્યું, "તારી જેમ પાંચ હજાર રૂપરડીની ચોરી કરીને નથી આવ્યો હોં! ગામ ભાંગીને આવ્યો છું-શું સમજતો નહીં!' તેણે બીજો એક અનુભવ પણ કહ્યો: 'એક વાર મેં જેલમાં એક ફોજદારી ગુનામાં પંજાબી કેદીને પૂછ્યું: "તમને કયા ગુના સારુ જન્મટીપની સજા થયેલી?" કોઈ માણસને તેની લાયકાત પૂછતાં તે પોતે એમ. એસસી.; પીએચ. ડી. થયો હોવાનું જેટલા ગર્વથી જણાવે તેટલા ગર્વથી, ટટ્ટાર થઈ, અદબ વાળી પેલા કેદીએ મને જવાબ આપ્યો: "ધરફોડ ઔર ખૂન!"

ખોટા તોલ અને ખોટાં ત્રાજવાં, નીતિ, ધર્મ, વેપાર, શિક્ષણ, રાજકારણ, રાજતંત્ર કે જીવનના કોઈ પણ ક્ષેત્રમાં ન હોય તે ઇચ્છનીય છે જ. પણ વિરલ અપવાદો બાદ કરતાં જીવનનાં બધાં ક્ષેત્રોમાં ઓછાંવત્તાં ખોટા તોલ ને ખોટાં ત્રાજવાં ચાલતાં નથી શું? *

* આકાશવાણી રાજકોટના સૌજન્યથી.

'પ્રસ્થાન'ના ગ્રાહકોને

જે ગ્રાહકોનું લવાજમ હજી બાકી હોય તેમને વિનંતી છે કે તેઓ પોતાનું લવાજમ હવે મ. ઓ. થી મોકલી આપે.

—વ્યવસ્થાપક

પામરતાનો પમરાટ

'ભદ્ર'

નિરંજન સાંજે ઘેર આવ્યા તો જોયું કે એમના ઘરની બાજુના મકાનમાં કેટલાક લોકો ટોળે મળી ઊભા હતા. એ ત્યાં ગયા તો માલૂમ પડ્યું કે ત્યાં ચોરી થઈ હતી અને પોલીસના માણસો ઘરનાં માણસોનાં નિવેદનો લેતા હતા. નીલમ પણ ત્યાં હતી. પતિને દેખતાં એ ટોળામાંથી બહાર આવી.

નીલમે ચોરીની વિગતો આપવા માંડી. બપોરનો વખત હતો. બધું શાન્ત હતું. ...બેન બારણું ખુલ્લું રાખી જરા આડા પડ્યાં હતાં, અને એમને ઊંઘ આવી ગઈ. ખુલ્લા બારણામાંથી કોઈ આવ્યું હશે, એમને કાંઈક સુંઘાડ્યું હશે, હજી એમને પૂરું ભાન નથી, બારણું બંધ કરી અંદરથી સાંકળ વાસી હશે, ટેબલ પરથી ઘડિયાળ લીધી, એક બાજુ મૂકેલો રેડિયો છૂટો કર્યો, અને રોકડ વગેરે જે કાંઈ હાથમાં આવ્યું તે લીધું. બારણું અંદરથી ઉઘાડી એ ચાલ્યો ગયો હશે. બહાર કોઈ સાગરીત ઊભો હશે. એને કદાચ આપી હશે. બારણાંને બહારથી એક તાળું પણ વાસ્યું અને નિસરણી ઊતરતો હતો ત્યાં જોડેના રૂમમાં રહેનાર આવી ચડ્યા; એ જાણતા હતા કે.....બેન તો ઘરમાં છે તો પછી બહાર તાળું કેમ? એમણે બારણાની તડમાંથી જોયું તો ....બેન સૂનમૂન પડ્યાં હતાં. ભાઈને વહેમ પડ્યો, બૂમાબૂમ કરી મૂકી; પેલો માણસ નાસવા લાગ્યો પણ બૂમો સાંભળી આજુ-બાજુથી લોકો આવી પહોંચ્યા અને ચોરને પકડ્યો. પોલીસને બોલાવી અને એ લોકો હવે બધાના જવાબો લે છે. વગેરે વગેરે.

બન્ને જણ પોતાના મકાને આવ્યાં.

"...બેન ઘરમાં હતાં અને આવું બન્યું. તો પછી કોઈ ઘેર ન હોય તો શું નું શું થઈ જાય!" નીલમ બોલી.

"અને તે યે ધોળે દહાડે, ખરા બપોરે, ભરચક વસ્તીમાં!"

"અને...બેન તો કેટલાં ચોક્કસ. બારીમાંથી વાંસ નાખીને લઈ શકાય એ મુજબ એકે કપડું એ રાખે નહિ. બધાં બારીની અંદરની ભીંતે જ રાખે. આવનાર કોણ છે એની ખાતરી થાય નહિ ત્યાં સુધી બારણું ખોલે નહિ. તે દિવસે તમને જ કેવો અનુભવ થયો હતો?"

"કોણ જાણે શું થયું હશે? મને તો ડર લાગે છે. આ આપણા ઘરનું આપણે ગયાં હોઈશું ત્યારે શું થશે?" થોડી વાર પછી એ બોલી.

"આજે તો આડોશીપાડોશીનો પણ વિશ્વાસ રાખવા જેવું રહ્યું નથી."

નિરંજન કપડાં બદલીને રસોડામાં આવ્યા.

"મને એક વિચાર આવે છે. તમે સોમચંદને ન કહી શકો કે આપણે એક મહિનો બહારગામ હોઈએ ત્યાં સુધી એ અહીં આવીને રહે!" થાળી પીરસતાં પીરસતાં નીલમ બોલી.

"એ બિચારા જંજાળી માણસ છે; અને એમને પણ એમનું પોતાનું કુટુમ્બ છે.

આખો દિવસ બહાર હોય અને રાત્રે ઘેર આવે ત્યારે પણ કામ લેતા આવે એટલું વેતરુ ન કરે તો એનુ પૂરુ ને ન થાય! એ કેવી રીતે અહી રહી શકે?"

"આખો દિવસ ભલે બહાર રહે પણ રાત્રે જો અહી આવીને સૂઈ જાય તો યે ઘણુ. એમનુ કામ અહી લાવીને કરે બસી તો છે"

"પૂછી જોઉ એ શું કહે છે"

"તમે કહેશો તો એ ના નહિ પાડે"

"એ હું જાણુ છુ મારા બાપુજીનો એમના ઉપર બહુ ઉપકાર છે"

બીજે દિવસે નિરંજનના બોલાવવાથી સોમચંદ આવ્યા

નીલમે એમનુ ઉમળકાભેર સ્વાગત કર્યું સાધારણ રીતે પારકીના ધ્યાનાથી આગળ ન વધનાર નીલમે આજે એમની આગળ ચાનો પ્યાલો ધર્યો વધુમાં, એમના કુટુંબના ખબરઅંતર પૂછ્યા પછી પાડોશમાં થયેલી ચોરીની વાત કરી અને પછી પોતાની ગેરહાજરીમાં ઘર સાચવવાની પોતાની મૂંઝવણ જણાવી કોઈ વિશ્વાસુ માણસ હોય તો ખોળી આપવા સૂચવ્યુ

"એવો કોઈ માણસ મારી ધ્યાનમાં નથી" સોમચંદે વિચાર કરી કહ્યુ

"ત્યારે સોમચંદભાઈ, તમે જ અમારા ઘરની ખબર ન રાખી શકો?" નીલમના અવાજમાં અત્યન્ત મીઠાશ હતી અને આંખમા સ્નેહ હતો

નિરંજનના પિતા નરહરિલાલે ગરીબ માબાપને ઘેર જન્મેલા સોમચંદને અભ્યાસ દરમ્યાન સારી પેઠે મદદ કરી હતી એક કુલીન કન્યા સાથે એમનુ લગ્ન કરાવી આપ્યુ હતુ અને એક નાનકડુ ઘર ખરીદવામા પણ એમને સહાય કરી હતી સોમચંદ એ ગૃહસ્થનો ઉપકાર ભૂલ્યા નહોતા એમના કુટુંબ સાથે એ બહુ સદ્ભાવથી વર્તતા નિરંજનનુ વેવિશાળ કમળા સાથે થયુ હતુ પરન્તુ એમનાં લગ્ન થતાં પહેલા નિરંજન નીલમની હડફેટે ચડ્યા વાત આગળ વધી નિરંજને નીલમ સાથે લગ્ન કરવાની વાત મૂકી નરહરિલાલે વિરોધ કર્યો છતાં એ બન્ને પરણ્યાં નરહરિલાલથી કમળાની સ્થિતિ ન સહેવાઈ ટૂંક સમયમાં એ મૃત્યુ પામ્યા

સોમચંદને પણ નિરંજનનુ આ કૃત્ય પસંદ ન પડ્યું છતાં તે નરહરિલાલનુ ફરજંદ છે એ એ ભૂલ્યા નહિ અને એના તરફ સદ્ભાવ રાખતા રહ્યા નરહરિલાલના ગુજર્યા પછી સોમચંદે એ ઘેર જવાનુ ઓછું કરી નાખ્યુ છતાં અવારનવાર એ નિરંજનને મળતા અને કોઈ કોઈ વખત એના ઘેર પણ જતા પણ આમ ગયા પછી દરેક વખતે એમને એમ થતુ કે ન ગયો હોત તો સારુ

આજે નિરંજનની ચિઠ્ઠી આવી ત્યારે એમને જરા નવાઈ લાગી હતી, પણ નીલમે એમનુ ઘર સાચવવાની સૂચના કરી ત્યારે એમને અચંબો થયો

નીલમે સૂચના ખૂબ નમ્ર ભાવે કરી હતી નરહરિલાલના પુત્રની પત્ની તરફ સોમચંદના મનમા કાંઈક લાગણી થઈ આવી

"જરૂર બહેન" એમણે નીલમની સૂચનાનો જવાબ આપ્યો

"તો તો બહુ જ સારું મારી અડધી જ ચિન્તા ટળી ગઈ"

"તમે નચિંત રહેજો. પેઢીથી ઓફિસે જતાં અને ત્યાંથી પાછા ઘેર જતાં—બન્ને વખત—આ રસ્તે થઈને જઈશ અને તપાસ રાખતો રહીશ."

"એમ નહિ. તમે રાત્રે અહીં જ સૂવાનું રાખો. હું તો એમ પણ ઇચ્છું કે તમે આખો દિવસ રહો. પણ એ તો કેવી રીતે બને! તમારે તમારા ઘેર ખાવા-પીવા જવું પડે અને ઓફિસે નોકરી કરવાની હોય એટલે દહાડે તો ન જ બને ને!"

સોમચંદ જરા વિચારમાં પડી ગયા.

"તમને ઓફિસમાંથી એક મહિનાની રજા ન મળે? મળે તો સરસ. અહીં જ રહો. ફક્ત બે વખત ઘેર ખાવા જઈ આવો."

"રજા તો હમણાં મળે એમ નથી. અને રાત્રે રહેવામાં પણ મુશ્કેલી છે. મારી મોટી દીકરીને છેલ્લા દિવસ જાય છે એટલે ગમે એ વખતે મારી હાજરીની જરૂર પડે."

"એ તો બૈરાંનું કામ. અને ઘેર પણ ઓછા તમે ચોવીસે કલાક રહેવાના છો? દહાડે અહીં ન રહો તો નોકરીએ પણ જાવ તો ખરા ને?"

"હા. પણ એ તો દહાડે ને?"

નીલમે બહુ આગ્રહ કર્યો. એના સસરાએ સોમચંદ ઉપર કરેલા ઉપકારો ચોખ્ખા શબ્દોમાં ગણી બતાવ્યા તો નહિ પણ "અમારો તમારા ઉપર હક છે" એ મતલબની છાપ પડે એવી દલીલો કરી. છેવટે સોમચંદે રાત્રે સૂવા આવવાની હા પાડી.

ઘેર જઈ એમણે એમનાં પત્નીને વાત કરી. બાઈનો જીવ કોચવાયો.

"આપણા ઉપર એમના સસરાનો ઉપકાર છે એ હું ભૂલી ગઈ નથી. પણ એમણે તો કોઈ દિવસ એનો બદલો માગ્યો નહોતો. અને એમની ઉપરવટ થઈને પરણી આવેલી વહુ શાની હક કરતી આવે છે? અને તેયે અહીં ઘેર ખાટલો આવવાનો છે એ જાણવા છતાં?"

પતિએ કોઈ જવાબ ન આપ્યો.

"જોને. હું ના તો કેવી રીતે પાડું? તમને એમ લાગતું હોય કે નીલમનો પણ તમારા ઉપર—અમારા સૌના ઉપર—હક છે તો પછી હું શું કહું?"

"સૂચના એમણે જ કરી હતી એમ નિરંજનભાઈ કહેતા હતા."

"એ બાઈ જ બધાં પાપનું મૂળ છે ને! એમના ઘરમાં લોહીઉકાળા એણે જ કરાવ્યા હતા ને? આટલાં વર્ષો ગયાં પણ હું એનું પગલું ભૂલી શકી નથી. જ્યારે જ્યારે એ વાત યાદ આવે છે ત્યારે ત્યારે એમ થાય છે કે એનું ભણતર એળે ગયું, અને એનાં મા-બાપની આબરૂ ઉપર એણે પાણી ફેરવ્યું. એક સ્ત્રી સાથે સંબંધ બંધાયેલો છે એમ જાણવા છતાં એ તોફાની પોતે જ એ સ્થાને પરણી જાય એવું કરનાર એ કોઈ પહેલી નહોતી. બીજી ઘણીઓએ એમ કર્યું છે. એ બધાંની આપણે ટીકા કરતા નથી. પણ સમાજમાં જે કુટુંબનું સ્થાન ઊંચું છે અને જે કુટુંબ બીજાને ધડો લેવા લાયક ગણાય એ કુટુંબની ભણેલી છોકરી જ્યારે આવું કરે ત્યારે બહુ લાગી આવે છે. બિચારી કમળા પણ સ્ત્રી છે; એનો એને વિચાર પણ ન આવ્યો!"

* * *

નીલમ અને નિરંજનને રાતની ગાડીમાં જવાનું હતું. એમને દિલીપ નામનો એક પુત્ર અને એક પુત્રી હતાં. પુત્રીને એ સાથે લઇ જવાનાં હતાં. પુત્ર એના મિત્રને ત્યાં પહેલેથી જ ગયો હતો અને બધાં પાછાં આવે પછી આવવાનો હતો.

એ લોકો ઘેરથી નીકળે એ પહેલાં સોમચંદ એમના ઘેરથી પરવારીને આવી ગયા. સાથે એમની ઝોળીમાં, રાત્રે કરવાનું કામ લેતા આવ્યા.

નીલમે બધું બતાવ્યું કબાટોને તાળાં માર્યાં છે એ બતાવ્યું. પેટીઓ બધી ખાલી છે અને માળિયા પર ચઢાવી છે એ બતાવ્યું. બાથરૂમ અને જાજરૂની સગવડ સમજાવી. બારીઓ અને બારણાં કેમ વાસવાં એ સમજાવ્યું. સોમચંદની પથારી માટે રાખેલા ગોદડા સિવાય બાકીનાં ગોદડાં એક ખાટલા ઉપર બરાબર ઢાંકીને મૂકી દીધાં છે એ બતાવ્યું. તાળાં કયાં કયાં વાસવાં એ સમજાવ્યું. નિસરણી નીચે દિલીપની સાયકલ મૂકી હતી એ બતાવી. અને છેવટે વીજળીનું મિટર બતાવ્યું, એનું રિડીંગ પોતે નોંધી લીધું અને સોમચંદ પાસે પણ નોંધાવરાવ્યું.

છેવટે એ લોકો ગયાં.

સોમચંદે બારીબારણાં બધાં તપાસી લીધાં. તાળાં મારવાનાં હતાં ત્યાં માર્યાં અને પોતાનું કામ લઇને બેઠા. આજે એક જણનું આગલા દિવસનું નામું લખવાનું હતું. બિલબુક પરથી હિસાબ તૈયાર કર્યો પણ એ ભાઇએ એ દિવસના વકરાનો જે આંકડો આપ્યો હતો એની સાથે સરવાળો મળી જ ન રહે. ત્રણ ચાર વખત બધાં બિલો મેળવી ગયા, બિલોમાંની ગણતરીઓ પણ તપાસી, પરન્તુ મેળ મળે જ નહિ. આવું કવચિત્ જ બનતું. છેવટે થાકીને એમણે કામ બંધ કર્યું.

એમણે પથારી પાથરી. ચાદર નહોતી. નીલમબહેન ચાદર મૂકવાની ભૂલી ગયાં હશે. મચ્છરનો ઉપદ્રવ નહિ જેવો જ છે એટલે મચ્છરદાનીની તો જરૂર નહિ જ પડે એમ માની એમણે એકેય મચ્છરદાની કબાટ બહાર રાખી નહોતી. સોમચંદે થાકયાપાકયા પથારીમાં લંબાવ્યું. થોડીવારમાં એમને ખાતરી થઇ કે મચ્છરદાનીની જરૂર છે કાલે ઘેરથી મચ્છરદાની અને ચાદર લેતા આવવાં એમ મનમાં નોંધી એમણે પડખું ફેરવ્યું. પણ માંકડે એમને બહુ પજવ્યા. સવારે ઊઠયા ત્યારે માથું ભારે હતું.

દૂધવાળાએ પાડોશીનું બારણું ખખડાવી બૂમ મારી. સોમચંદ પણ જાગી ગયા હતા. હમણાં આ ઘરનું બારણું ખખડાવશે એમ વિચારી તપેલી લેવા એ રસોડામાં ગયા. પણ એક જૂની માટલી અને એક પવાલા સિવાય નીલમે એક પણ વાસણ કબાટ બહાર રાખ્યું નહોતું. સોમચંદ વિચારતા હતા કે હવે શું કરવું? દૂધ શામાં લેવું? પણ દૂધવાળો આવ્યો જ નહિ. પાડોશીને ત્યાં દૂધ આપી એ આગળ ચાલી ગયો હતો. નીલમે એને ગઈ કાલે સૂચના આપી હતી કે આવતી કાલથી દૂધ આપવાનું નથી.

સોમચંદે છાજલીઓમાં નજર કરી. તપેલી, તાસક, કપરકાબી, સાણસી કંઈ જ નહોતું, તો પછી ચા ખાંડના ડબ્બા અને સ્ટવ તો કયાંથી જ હોય?

દૂધવાળાની દુકાનેથી દૂધ લાવી ચા બનાવી લેવાનો વિચાર કર્યો હતો. પણ એ માંડી વાળવો પડ્યો.

ઘેર જઈ પત્નીને બધી વાત કરી.

"ગજબની બાઈ છો! ઘર સાચવવા માટે સૂવાનું કહેતા જવું અને સૂનારની સગવડનો કાંઈ વિચાર પણ ન કરવો! હું તો હમણાં તમને કહું કે આજથી જશો નહિ પણ તમે થોડું માનવાના છો?"

"હા પાડી છે એટલે જવું તો પડશે. પણ મેં આવું નહોતું ધાર્યું."

આમ દિવસો પસાર થતા ગયા.

* * *

સોમચંદની નાની દીકરી એની શાળાનાં બીજાં બાળકો સાથે પર્યટન પર ગઈ હતી. ફરતાં ફરતાં નીલમ અને નિરંજન જે ગામ હતાં એ ગામે એ લોકો આવી પહોંચ્યાં. અહીં બે દિવસ રોકાવાનાં હતાં. સાંજે બગીચામાં ફરવા ગયાં ત્યાં નીલમનો ભેટો થઈ ગયો. એણે છોકરીને ઓળખી કાઢી. થોડી આડીઅવળી વાતો કરી કહ્યું, "તું હવે અમારે ત્યાં ક્યારે આવીશ?"

છોકરી જવાબ આપે, કે એમનું સરનામું પૂછે એ પહેલાં નીલમ બીજાં સાથે વાતે વળગી અને એણે આગળ ચાલવા માંડ્યું.

ઘેર લખેલા કાગળમાં છોકરીએ આ પ્રસંગ લખ્યો.

* * *

નીલમને એક વિધવા જેઠાણી હતી. નરહરિદાસના ગુજરી ગયા પછી નીલમ સાથે રહી શકાય એવું વાતાવરણ નહોતું એટલે એ જુદી રહેતી હતી.

એ અવારનવાર સોમચંદના ઘેર આવતી અને સુખની તો શું, પણ દુઃખની વાતો કરી જતી અને મનનો ભાર હળવો કરતી. એક દિવસ એ આમ આવી. એણે જોયું કે સોમચંદની પુત્રીને છેલ્લા દિવસો જાય છે.

"ભાભી; તમે કહો તો હું થોડા દિવસ આવું અને તમને મદદ કરું."

"બહેન, તમને મારાથી કેવી રીતે કહેવાય? બાકી મારી મૂંઝવણનો પાર નથી. તમારા ભાઈ દિવસે નોકરીએ જાય અને રાત્રે નિરંજનભાઈને ત્યાં સૂવા જાય. હું અહીં એકલી. કઈ વખતે કોનું કામ પડે એની શી ખબર પડે?"

"તો પછી આનાકાની શું કામ કરો છો! મને અહીં થોડા દિવસ આવવા દો. મને પણ ગમશે."

એ રહેવા આવ્યાં. થોડા દિવસ બાદ એમણે સોમચંદની પત્નીને કહ્યું:

"ભાભી, એક વાત કહું જો છાની રાખો તો. મને ખબર નથી પડતી કે આ તે સારું થાય છે કે ખોટું."

"શું છે?"

"કમળાને તો તમે ઓળખો ને?"

"હા. એને કેમ ભૂલાય? નીલમે એને ઘણો માર્યો પણ ભગવાન ગરીબનો બેલી છે. ભિખારીને સારું મળ્યું છે."

"એને સુધા નામની એક છોકરી છે એ ખબર છે?"

"હા, યાદ છે. નાની હતી ત્યારે જોયેલી. દસેક વર્ષ પહેલાં જોઈ હશે."

"એ અને દિલીપ કોણ જાણે ક્યાં ભેગાં થઈ ગયાં. એ બન્ને એક બીજાને પરણવા માગે છે."

"કોણે કહ્યું?"

"કમળા મળી હતી એ કહેતી હતી."

"નીલમબેન જાણે છે?"

"ના રે. એને તો એની ગંધ પણ નથી. જાણે તો કરવા જ ન દે."

"દિલીપભાઈ ત્યારે તેથી જ એમની સાથે નહિ ગયા હોય."

"મને પણ એમ લાગે છે."

"તમારા ભાઈ કહેતા હતા કે દિલીપભાઈ તો નીલમબહેન આવે પછી આવવાના છે."

"છોકરા મોટા થાય અને રળતા કમાતા થાય પછી એમના ઉપર બહુ દાબ રાખવો સારું નહિ. સુધા છોકરી સારી છે. દિલીપ એનાથી દુઃખી નહિ થાય મને મળેલા સમાચાર મુજબ આજકાલમાં એ લોકો લગ્ન કરી નાખવાના છે."

"નીલમબેન જાણશે તો દોડતાં આવશે."

* * *

સવારે સોમચંદ આવ્યા. એકલાં પડતાં એમણે એમનાં પત્નીને ખબર આપી કે દિલીપ આવ્યો છે પણ ઘેર રોકાયો નથી. આવ્યો એવો જ એની સાયકલ લઈને ક્યાંક ગયો છે. કહેતો ગયો છે કે કોઈને કહેશો નહિ કે હું આવ્યો છું.

એમનાં પત્નીએ નીલમનાં જેઠાણીએ કહેલી વાત કહી. દિલીપે આવવાનું છૂપું કેમ રાખ્યું એ હવે સોમચંદને સમજાયું.

બીજે દિવસે વહેલી સવારની ગાડીમાં નીલમ વગેરે આવી પહોંચ્યાં.

સોમચંદ તો હજી ઊઠયા પણ નહોતા. આ લોકોને વહેલાં આવેલાં જોઈને એમને નવાઈ લાગી. હજી મહિનામાં દસ દિવસ બાકી હતા. દિલીપ અને સુધાની વાત એમના કાને પહોંચી ગઈ હશે કે શું? એવો એમને વિચાર આવ્યો. પણ એવું કાંઈ નહોતું. એમની પુત્રી માંદી થઈ ગઈ હતી એટલે એ લોકો વહેલા પાછા આવ્યાં હતાં.

દૂધવાળો ભૈયો આવે તો ખબર આપવા સોમચંદને બારણામાં રાહ જોવાતું કહી આ લોકો સામાન છોડવા મંડ્યાં. થોડીવારમાં દૂધ આવ્યું. આ લોકોના ગયા પછી સોમચંદને પહેલી વખત આ ઘરની ચા પીવા મળી.

નાસ્તો કરી પરવારી, ડૉક્ટરને તેડવા જવા નિરંજન નીકળ્યા. નિસરણી નીચે સાયકલ નહોતી. એમણે સોમચંદને પૂછ્યું. સોમચંદના પેટમાં ફાળ પડી. એ જાણતા હતા કે સાયકલ તો દિલીપ લઈ ગયો છે પણ એ આવ્યો હતો એ તો છૂપું રાખવાનું હતું. શું કહેવું એની એમને સૂઝ ન પડી.

"કેમ કાંઈ બોલતા નથી? સાયકલ ક્યાં ગઈ?" નિરંજને પૂછ્યું.

"મને ખબર નથી." સોમચંદના જવાબમાં અસ્થિરતા હતી.

નીલમ આવી. એણે સોમચંદ સામું ધારીધારીને જોયું.

"તમે જ આ ઘરમાં સૂઈ જતા હતા. તમે જ આવતા હતા અને જતા હતા. અમે ગયાં ત્યારે તો સાયકલ હતી. તો પછી અત્યારે કેમ નથી?"

સોમચંદની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી હતી.

"પણ કાંઈ બોલો તો ખરા કે સાયકલ કેમ નથી? તમારા ઘેર લઈ ગયા છો? કોઈને વાપરવા આપી છે?"

સોમચંદે નકારમાં ડોકું ધુણાવ્યું.

"ત્યારે ગઈ ક્યાં? જમીન ગળી ગઈ? કે એની મેળે બહાર ચાલી નીકળી?"

સોમચંદ નીચું જોઈ મૂંગામૂંગા સાંભળતા હતા.

"કે પછી... વેચી આવ્યા?" નીલમ બોલી.

સોમચંદે ઊંચું જોયું. નીલમ સામે જોયું. એમની આંખમાં તીવ્ર વેદના હતી. નીલમે ઉચ્ચારેલા શબ્દોએ એમને આકુળવ્યાકુળ કરી મૂક્યા.

"એમ મારા સામું શું જુઓ છો? વેચી આવ્યા હો તો કહો કે એમ કર્યું છે."

તારથી પીંઝાતી છોકરીએ બૂમ મારી.

"હું જઉં? ડૉક્ટરને બોલાવી લાવું?" સોમચંદે કહ્યું.

"એમનાં પગ સાબૂત છે. અને ગાડીઓ–રિક્ષા ક્યાં નથી મળતી? પણ તમે આવું કરશો એવું હું જાણતી હોત તો આ ઘરમાં પગ પણ ન મૂકવા દેત."

કાંઈ પણ બોલ્યા વિના પોતાની ઝોળી હાથમાં લઈ સોમચંદ પોતાના ઘર તરફ જવા નીકળ્યા.

સામે જ દિલીપ આવતો મળ્યો. સોમચંદ આટલા વહેલા ઘેર જાય છે એનાથી એને નવાઈ લાગી. ઘરની બારી ખુલ્લી હતી એ એણે દૂરથી દેખ્યું હતું. સોમચંદનું મોઢું પડી ગયું હતું એ પણ દેખ્યું. કાંઈક નવાજૂની થઈ છે એમ એ પામી ગયો. સોમચંદે સાયકલ-પ્રકરણ કહી સંભળાવ્યું.

"એમ? ત્યારે તો ચાલો પાછા. બધી વાતનો ફેંસલો પાડું."

પણ સોમચંદે પાછા જવા ના પાડી.

બારીમાંથી નીલમે દિલીપને સાયકલ ઉપર આવતો દેખ્યો. નીચે સાયકલ મૂકી દિલીપ ઉપર આવ્યો.

"સાયકલ તું લઈ ગયો હતો?" નીલમે બોખરા અવાજે પૂછ્યું.

"હા, કેમ?"

"સોમચંદ જાણતા હતા?"

"હા."

"તો પછી મોઢામાંથી ફાટ્યા કેમ નહિ?"

"તમને લાગ્યું સોમચંદે સાયકલ વેચી ખાધી, ખરું?"

કોઈએ જવાબ દીધો નહિ.

"તમને એમેય વિચાર ન આવ્યો કે તમે જેને આખું ઘર સોંપવા લાયક ગણ્યો એ આવું ન કરે?"

"તો એણે કહ્યું કેમ નહિ કે તું લઈ ગયો છું!"

"મેં જ કહેવાની ના પાડી હતી. બિચારાએ મને બચાવવા ચોરીનું આળ પોતાના ઉપર ઓઢી લીધું!"

"તને બચાવવા? તેં શું કામ ના પાડી હતી?"

"હું અહીં આવ્યો છું એ મારે કોઈને જણાવવું નહોતું."

"કેમ!"

"ગઈ રાત્રે મેં અને સુધાએ લગ્ન કર્યાં છે!"

卐

દાર્જીલિંગ

વત્સલા મહેતા એમ. એ.

આ વર્ષે ઉનાળામાં પૂર્વ ભારતમાં હિમાલયના બરફના પહાડો પર આવેલા બંગાળના દાર્જીલિંગ નામના સુંદર હવા ખાવાના સ્થળે જવાનો વિચાર કર્યો. સમુદ્રની સપાટીથી ૭૦૦૦ ફીટ ઊંચે આવેલા દાર્જીલિંગ જવા મુંબાઈથી અમે પહેલાં ઉત્તર પ્રદેશમાં આવેલા લકનૌ શહેર ગયાં. લકનૌમાં એક રાત રહેવું પડે છે. બીજે દિવસે સવારે મીટર ગેજની સીલીગુરી એકસપ્રેસમાં બંગાળમાં આવેલા સીલીગુરી ગામ ગયાં. રસ્તામાં બંગાળનાં નાનાં ગામડાંમાં વાસનાં સરસ ઝૂંપડાં, કેળનાં વન વગેરે જોવા મળતું હતું સીલીગુરીથી નાની સરખી રમકડા જેવી દાર્જીલિંગ જવાની પહાડો પર ચઢતી ટ્રેનમાં બેઠાં. આ ટ્રેન ધીરે ધીરે ચઢતી વાંકાચૂકા રસ્તાઓ પર થઈને પહાડો અને ગાઢ કેળ વગેરેનાં જંગલોમાં થઈને અમને દાર્જીલિંગના નાનકડા સ્ટેશને લઈ ગઈ. છ કલાકે અમે દાર્જીલિંગ પહોંચ્યાં! ત્યાંથી પહાડી મજૂરોને માથે સામાન ઉંચકાવીને દાર્જીલિંગના ચઢતા ઊતરતા રસ્તાઓ પર થઈને અમારી હોટેલમાં પહોંચ્યાં.

દાર્જીલિંગ હિમાલયના એક પર્વતના ઢોળાવ પર આવેલું છે. સામે જ ખૂબ જ લાંબી બરફના પર્વતોની બે હારમાળાઓ દૃષ્ટિમાન થાય છે. આ હારમાળાઓમાં સૌથી ઊંચો દેખાય છે કંચનજંગા. ૨૮૦૦૦ ફીટ ઊંચો કંચનજંગા પૃથ્વી પરનાં સૌથી ઊંચાં શિખરોમાં ત્રીજે નંબરે આવેલો છે. રૂપાના પતરાથી જડેલો હોય એવો, સૂર્યનાં કિરણોમાં ઝળહળતા ગૌરવવન્તા કંચનજંગાને જોતાં મન અને આંખો ધરાતાં જ નથી. શું અવર્ણનીય સૌંદર્ય આ પહાડો ધરાવે છે!

દાર્જીલિંગમાં રસ્તાઓ ઊંચા નીચા અને સાંકડા છે. વાહનોમાં માત્ર રિક્ષાઓ અને ઘોડાઓ જ ફરી શકે છે. દાર્જીલિંગ એટલે ફૂલોનું વન. રંગબેરંગી ફૂલોથી દાર્જીલિંગ ભરપૂર છે. તેમાં લાલ, ગુલાબી, પીળાં અને બદામી ગુલાબોનાં તો ઝુંડનાં ઝુંડ ઉગેલાં દેખાય છે.

દાર્જીલિંગના લોકો બૌદ્ધધર્મી હોઇ અહીં બૌદ્ધ મંદિરો અને મઠો પુષ્કળ દેખાય છે. આ મંદિરોના ચોગાનમાં અને આખા ગામમાં ઠેરઠેકાણે આપણને ધર્મ-ધ્વજાઓ ખૂબ જોવા મળે છે આ પહાડી બૌદ્ધધર્મીઓને જ્યારે પ્રાર્થના કરવી હોય ત્યારે એક સફેદ કપડા પર પ્રાર્થના લખીને એક મોટા વાંસ કે થાંભલા પર કપડું બાંધી દે. જેટલી વાર કપડું હવામાં ફરફરે તેટલી વાર પ્રાર્થના બોલેલી ગણાય. આવા એક એક વાંસ પર અસંખ્ય કપડાં ફરફરતાં આપણને દેખાશે. બૌદ્ધ મંદિરોમાં નીચે મંદિર અને ઉપર બૌદ્ધ સાધુઓને રહેવાનો મઠ હોય છે આ સાધુઓને 'લામા' કહે છે. આવો એક મઠ અમે જોવા ગયાં. આ મઠ પણ બીજા મઠોની માફક ચીની તથા જાપાની શૈલીથી બાંધેલો હતો. અંદર બુદ્ધની સુંદર મોટી સોનાની મૂર્તિ હતી. બુદ્ધની બાજુમાં દરેક મંદિરની પેઠે ટીબેટમાં બુદ્ધધર્મનો પ્રચાર કરનાર ગુરુ પદ્મસંભવની મૂર્તિ હતી. એ તાંત્રિક વિદ્યાના શોધક હતા. બુદ્ધની મૂર્તિ પાસે રિવાજ પ્રમાણે પચાસ સુંદર કોતરકામવાળા ચાંદીના પ્યાલામાં પાણી

ભરેલું હતું. પાસે એક સળગતી ઘીની જ્યોત ઉપર ઊંચે એક પ્રાર્થના લખેલી કાગળની ભુંગળી લટકાવી હતી. જ્યોતથી ગરમ થઈને હવા ઊંચે ચઢે ને તેની જગા ઠંડી હવા લઈ લે. આમ હવા ફરે તેને લઈને ઉપરની ભુંગળી પણ સ્વયંસંચાલિત ફરે અને પ્રાર્થના બોલેલી ગણાય. આ દીવાની જ્યોત ચોવીસે કલાક સળગતી રાખવામાં આવતી હતી. મંદિરની દીવાલોમાં નાના નાના ગોખલામાં તાડપત્રો પર લખેલાં અસંખ્ય ધર્મનાં પુસ્તકો ગોઠવેલાં હતાં. બૌદ્ધ લામાઓ ટીબેટન ભાષામાં પ્રાર્થના કરતા હતા.

દાર્જીલિંગથી થોડે દૂર આવેલી "ટાઈગર્સ હિલ" નામની ટેકરી પરથી આખા ભારતમાં સૌથી સુંદર સૂર્યોદય દેખાય છે. આ જોવા માટે સવારે કડકડતી ઠંડીમાં સાડા ત્રણે ઊઠીને ચારેક વાગ્યે નીકળવું પડે છે. અમે પણ એક વહેલી સવારે સાવધાનીથી ઊઠ્યાં. ઠંડી સખત હતી કેમકે આગલી રાતે પુષ્કળ વરસાદ પડ્યો હતો. પણ વરસાદ પછી હંમેશાં આકાશ સ્વચ્છ હોય એટલે સૂર્યોદય ખૂબ જ સ્પષ્ટપણે જોઈ શકાય. હોટેલમાંથી ઊતરી બજારમાં જઈને જીપ ભાડે કરીને ઊપડ્યાં. રાત હતી એટલે ઘોર અંધકાર હતો. ધીમે ધીમે અંધકાર ઓસરતો ગયો અને બરફના પહાડો ઝાંખા ભૂરા દેખાવા લાગ્યા. હવા એટલી તો આહ્લાદજનક હતી કે મનને ઉલ્લાસથી ભરી દેતી હતી.

આખરે કલાકેક પછી ટાઈગર્સ હિલની તળેટી આવી. અમારી જીપ ધીરે ધીરે ઉપર ચઢી. ટેકરીની ટોચ પર એક હોટેલ હતી ને તેના પર સૂર્યોદય જોવા એક વિશાળ અગાસી હતી. સામે, ખૂબ જ પાસે બરફના ભવ્ય પહાડો દેખાતા હતા. તેમાં સૌથી પાસે કંચનજંગા દેખાતો હતો. થોડી જ વારમાં સૂર્યોદય થયો. આહા! શું મનોહર એ સૂર્યોદય હતો! સૂર્ય એક મોટા નારંગી રંગના ગોળાની માફક ચક્કર ચક્કર ફરતો ઉપર ચઢવા લાગ્યો અને કંચનજંગા સોનાના પતરે મઢાઈ ગયો હોય એમ ઝગઝગવા લાગ્યો. સૂર્યનાં કિરણોએ બીજા પહાડોને પણ નારંગી રંગે રંગી દીધા. દૂરબિનમાંથી જોતાં દૂર પૃથ્વી પરના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટનાં પણ દર્શન થયાં. દસ જ મિનિટ અમે આ દૃશ્ય અનિમેષ નેત્રે જોઈ રહ્યાં. તે પછી તરત જ નીચેની ખીણમાંથી આછા લવન્ડર રંગના ધુમ્મસે ધીરે ધીરે ઉપર ચઢીને આખા દૃશ્યને ઢાંકી દીધું. અને માનશો? આ ધુમ્મસમાં મેઘધનુષના સાતે રંગોનાં બનેલાં અસંખ્ય નાનાં ચકરડાં જણાતાં હતાં! આ અદ્ભુત દૃશ્ય જોઈને અમે આઠેક વાગ્યે ઘેર પહોંચ્યાં.

દાર્જીલિંગમાં ભારતનું પ્રખ્યાત માઉન્ટેનીઅરિંગ ઇન્સ્ટીટ્યુટ છે. આ પર્વતારોહણ શીખવવાની કોલેજ ૧૯૫૬માં સ્થપાઈ છે અને એમાં વૈજ્ઞાનિક પદ્ધતિએ પર્વત ચઢવાનું શીખવવામાં આવે છે. માઉન્ટ એવરેસ્ટ પર પૃથ્વી પર પ્રથમ ચઢનાર વિખ્યાત તેન્ઝીંગ નોર્કે અહીં વ્યાવહારિક તાલીમના અધ્યાપક છે. અમે કોલેજ જોવા ગયાં. આધુનિક બાંધણીના આ મકાનમાં પેસતાં જ પહેલું એક સંગ્રહસ્થાન આવે છે. ટેન્ઝીંગ અને હિલરીએ માઉન્ટ એવરેસ્ટ ચઢતી વખતે વાપરેલી સર્વ સાધનસામગ્રી અહીં મૂકી છે. બરફમાં પહેરવાના જુદી જુદી જાતનાં બુટ, જુદા જુદા પ્રકારનાં ફરવાળાં જેકેટ, જુદી જુદી બરફ ખોદવાની કુહાડીઓ, નાયલોનનાં દોરડાં, અનેક પ્રકારનાં ફાનસો ને મીણબત્તીઓ, રાંધવા માટેના ખાસ બનાવેલા સ્ટવ ને કૂકર, બરફમાં પહેરવાનાં કાળાં ચશ્માં, સૂવા માટેની હવાથી ફૂલતી

પથારીઓ, રહેવાના નાનાં તંબુઓ, ઓક્સિજનની સિલીન્ડરો વગેરે અનેક વસ્તુઓ જોઈ. એક માણસને પર્વત ચઢતી વખતે આ બધાં સાધનો મળીને ૬૦ થી ૭૦ રતલનો બોજો પીઠ પર ઊંચકવો પડે છે. આટલો સામાન લઈને દરેક જણ ૨૮૦૦૦ કે ૨૯૦૦૦ ફીટ ઊંચે ચઢે છે. ત્યાં વચ્ચે જમીન પર એક ખરેખરો પહાડો પર વપરાતો તંબુ તાણ્યો હતો અને એમાં પથારી વગેરે ગોઠવેલું હતું. પાસે એક મનુષ્યના કદનું શેરપાનું પૂતળું હતું. જ્યારે પર્વતારોહણ કરનારી ટુકડી ચઢવાનું શરૂ કરે છે ત્યારે સાથે માર્ગદર્શન માટે પૂર્વ ભારતની શેરપા જાતિના લોકોને સાથે લઈ જાય છે. આવા એક શેરપાના પૂતળાને બરફમાં પહેરવાનો સંપૂર્ણ પોષાક પહેરાવીને પીઠે ઓક્સિજન સિલીન્ડર તેમજ જરૂરી વસ્તુઓ ભરેલો થેલો લટકાવેલો હતો. જોતાં આપણને ટુકડીના સભ્યો વિષે સારો ખ્યાલ આવતો હતો.

દાર્જીલિંગમાં ખાસ જોવાના ત્યાંના ચાના બગીચાઓ-પ્રખ્યાત બ્રુકબોન્ડ અને લિપ્ટનના ચાના બગીચાઓ અહીં જ છે. દાર્જીલિંગ જતી સીલીગુરી એક્સપ્રેસ પણ સીલીગુરી પહોંચે ત્યારે કલાકેક સુધી ટ્રેન ચાના બગીચાઓ પાસેથી પસાર થાય છે. અમે આવો એક બગીચો જોવા ગયાં. પર્વતોના ઢોળાવો પર માઈલોના માઈલો સુધીના વિસ્તારમાં આ બગીચાઓ ફેલાયેલા હોય છે. અહીં ચાના છોડો ખૂબ સહેલાઈથી ઊગે છે. છોડને બે ત્રણ ફીટથી ઊંચો વધવા નથી દેતા-કાપ્યા કરે છે. પછી જે નવાં પાન ફૂટે તેની કુંપળો ચૂંટી લઈને કારખાનામાં લઈ જઈ અમુક જુદી જુદી ગરમીવાળી ભઠ્ઠીઓમાં શેકીને ચાળણીથી નાનાં મોટાં પાન જુદા પાડવામાં આવે છે. પછી પાનને કિંમત આંકીને ડબ્બાઓમાં ભરીને બજારમાં મોકલવામાં આવે છે. પાન ચૂંટીને ડબ્બામાં તૈયાર ભરાય ત્યાં સુધીની આખી ક્રિયાને અઢાર કલાક લાગે છે.

દાર્જીલિંગનો બોટેનિકલ ગાર્ડન પણ એક સુંદર વિશાળ બગીચો છે. અનેક સુંદર કદી જોયાં પણ ન હોય તેવાં ફૂલો ત્યાં દેખાયાં. પાસે બજારમાં હસમુખી ટીબેટન સ્ત્રીઓને વિવિધ વસ્ત્રો પહેરીને ટીબેટના રત્નજડિત ચાંદીના અલંકારો અને પિત્તળ તેમજ તાંબાની તેમજ પિરોજામતી જડેલી અનેક શોભાની વસ્તુઓ વેચતી જોઈ. નેપાળ અને સિક્કીમની પણ અનેક સ્ત્રીઓ પોતાના વિચિત્ર સુંદર પોષાકો પહેરીને બજારમાં ચીજવસ્તુઓ વેચતી જોઈ. સ્ટેશન પાસે પશુપતિનાથનું નેપાળી શૈલીનું મનોહર મંદિર છે તે પણ જોવાલાયક છે. તે ઉપરાન્ત દાર્જીલિંગ ગામની તળેટીમાં આવેલા વિક્ટોરિયા ફોલ્સ જોયા. જોવાનું તો ત્યાં એટલું બધું છે કે ત્રણ અઠવાડિયાં કેમ પસાર થયાં તે જણાયું પણ નહિ. અને આમ અમારો આનંદમય પ્રવાસ પૂરો થયો. *

✶

* ઓલ ઈન્ડિયા રેડિયો, મુંબાઈ કેન્દ્રના સૌજન્યથી.

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૩૫

સ્નેહી ભાઇશ્રી,

'બોં ઝૂર, મોંશિયોર!'ના અભિવાદન મંત્ર સાથે મારું ગુરુવાર તા. ૯ મી ઓક્ટોબર ૧૯૫૮નું મંગળ પ્રભાત ઊગ્યું. હોટેલ ડી ફ્રેન્સના મારા રૂમ નં. ૭૫માં આખી રાત મીઠી નિંદર અનુભવીને હું ઊઠ્યો ત્યારે સવારના સાત વાગી ગયા હતા. મારા રૂમનું બારણું ખોલીને ટોઇલેટ તરફ જવા હું લોબીમાં આવ્યો ત્યારે હોટેલની એક વેઇટ્રેસ સામી મળી અને તેણે પેલો મંત્ર મારી સામે જોઈને સસ્મિત વદને અને મીઠા રણકા સાથે ઉચ્ચાર્યો. ફ્રેન્ચ ભાષાનું મારું જ્ઞાન શૂન્ય છે અને પેરીસમાં ચોવીસ કલાક વિતાવી ચૂક્યો હતો ત્યાં સુધી આ ભાષાનું મારે કશું કામ પણ પડ્યું નહોતું. સારે નસીબે ઠેરઠેર અંગ્રેજી જાણનારા મળી જતા હતા. જર્મની, સ્વીટ્ઝર્લૅન્ડ અને ઇટલીમાં પણ અંગ્રેજીથી કામ ચાલ્યું હતું. પણ હવે પેરીસમાં 'ગુડ મોર્નિંગ, સર' ને બદલે 'બોં ઝૂર, મોંશિયોર' સાંભળવાનો વારો આવ્યો ખરો!

જવાબમાં મેં ફેંક્યુંઃ 'બોં ઝૂર, મદામ!' એટલે પેલી બદામ તો ખીખીખી હસી પડી અને મને શીખવવા લાગીઃ 'બોં ઝૂર, માદમોસેલ!' કુમારિકા માટે તમે શ્રીમતીનું સંબોધન વાપરી શકો જ કેવી રીતે! આ માદમોસેલ્ ભારે હોશિલી દેખાઈ. મેં તેનો આભાર માનવા 'થેંક્યુ, માદમોસેલ્' કહ્યું ત્યારે તેણે શીખવ્યું 'મેર્સી, નોટ થેંક્યુ.' મેર્સી, એટલે દયા નહિ પણ આભાર! વાહ, ફ્રેન્ચ વાણી! પછી પેલી બોં હોશિલીએ મને બીજા પણ બે ચાર ફ્રેન્ચ શબ્દો શીખવ્યા—'મને માફ કરો' એટલે 'પારડોનિં મૂઆં!' અથવા ખાલી 'પારડોં', 'પ્લીઝ' એટલે 'સેં'લુપ્લે!', 'બોં સ્વાર' એટલે 'ગુડ ઇવીનિંગ', 'બોં ન્વી' એટલે 'ગુડ નાઇટ', 'કેટલા વાગ્યા' એટલે 'કેલ અર એતીલ!', 'નો મેન્શન' એટલે 'ઝ વુ ઝમ પ્રી!' છેલ્લે 'ઓ રેવોઈર', એટલે 'આવજો', ગુડબાય, કહીને આ અભિસારિકા સરી ગઈ. સરતાં સરતાં ટીપ્સ પણ માગતી ગઈ! શબ્દો શીખવ્યા તેની કિંમત 'કેટલી' એટલે કે 'કોંબીયે'? ફક્ત ૧૦૦ જ ફ્રેન્ક! વાહ, બોં ઝૂર, વાહ માદમોસેલ્! પ્રભાત તો ખરેખરું મંગળ ઊગ્યું!

ટોઇલેટથી પરવારી તૈયાર થઈને હું નીચેના ડાઇનિંગ રૂમમાં બ્રેકફાસ્ટ લેવા ગયો. ફ્રેન્ચ બ્રેકફાસ્ટ ખરેખરો સ્વાદિષ્ટ હતો. બે ત્રણ જાતના મુરબ્બાઓ અને બે ત્રણ જાતની બ્રેડ ઉપરાંત મધ, ઓમ્લેટ, ફ્રૂટ જ્યુસ અને ફ્રેન્ચ પોરીજ પણ હતાં. હજી હું ખાઇને પરવાર્યો પણ નહોતો તેટલામાં તો બીજી એક વેઇટ્રેસ આવીને કહી ગઈ કે "ટીપ્સ નાખવાની પેટી ડાઇનિંગ રૂમના દરવાજા પાસે જ છે તેની નોંધ લેશોજી!" આવું મુદ્દાનું માર્ગદર્શન કરાવવા બદલ મેં તેનો પણ આભાર માન્યો 'મેર્સી, માદમોસેલ્'! હોટેલમાં રહેવાના તથા બ્રેકફાસ્ટના પૈસા તો થોમસ કૂકે ભર્યા જ હશે પરંતુ તેણે કંઈ ટીપ્સ ઓછી જ ભરી હશે! બીજા ૧૦૦ ફ્રેન્ક દરવાજામાં મૂકેલી 'ધર્માદા' પેટીમાં નાખીને હું બહાર પડ્યો.

પહેલાં તો હું સેન્ટ લાઝારે સ્ટેશને ગયો અને ચોવીસ કલાક બાદ ડીપી જવા માટે જે ટ્રેન પકડવાની હતી તેના વિશેની માહિતી મેળવી લીધી. ૨૪ નંબરના પ્લેટફોર્મ ઉપરથી ટ્રેન બરાબર દસ વાગ્યે ઊપડશે તેની ખાત્રી કરી લીધી કે જેથી છેલ્લી ઘડીએ ફ્રેન્ચ ભાષામાં ફાંફાં મારવા ન પડે! સેન્ટ લાઝરે પાસે આવેલા 'રોમ' નામના મેટ્રો સ્ટેશનેથી બાર્બિસ લાઈનમાં બેઠો તે 'સ્તાલિનગ્રાડ' નામના મેટ્રો સ્ટેશને ઊતર્યો. ક્રુશ્ચેવે રશિયામાં સ્તાલિનગ્રાડ નામને ભૂંસી નાખ્યું છે પરંતુ આશા છે કે પેરીસના ભૂગર્ભમાં આવેલું આ સ્તાલિનગ્રાડ તો હજુ સાબૂત જ હશે!

અહીંથી થોડે દૂર ચાલતાં 'લેસ હાલેસ' નામની સેન્ટ્રલ માર્કેટમાં આવી પહોંચ્યો. વડોદરાની ખંડેરાવ માર્કેટ, મુંબઈની ક્રાફર્ડ માર્કેટ, મદ્રાસની મૂર માર્કેટના પ્રકારની પણ તે બધી કરતાં અનેકગણી વિશાળ આ માર્કેટ છે. તેમાં શું શું મળે છે તે પૂછવા કરતાં શું-શું નથી મળતું તે કહેવાનું સહેલું થઈ પડે તેવું છે. શાક, ભાજી, ફળ, ફૂલ, અનાજ, ચટણી, અથાણાં વગેરેની જાતો અને ભાતો અસંખ્ય છે. ફૂલનો વિભાગ તો હદ ઉપરાંત નયન-મનોહર છે. માર્કેટનું ક્ષેત્રફળ ૩૩,૦૦૦ ચોરસ ફૂટ જેટલું છે અને તેમાં બાર મોટાં પેવી-લિયનો છે. કુત્તા વિભાગ, બિલ્લી વિભાગ, પંખી વિભાગ, પતંગિયા વિભાગ, મશરૂમ વિભાગ, જેવા પેટા વિભાગો તો પાર વિનાના છે જથ્થાબંધ વેપારના સોદા અહીં સવારના ૩ થી ૭ સુધીમાં થાય છે!

સેન્ટ્રલ માર્કેટની રેસ્ટોરાંમાં 'કાંદાનો કાવો'—ઓનિયન સુપ–પીવાનું ચૂકતા નહિ એમ સલાહ આપવામાં આવે છે તેથી મેં તેનો પણ આસ્વાદ લીધો! કહેવું પડશે કે આ એક વિશિષ્ટ સ્વાદવાળી રાબ છે. નવાઈ એ જ લાગે છે કે આવી સીધીસાદી રાબ આપણે ઘેર કેમ નથી બનાવી શકતા કે તે પીવા છેક પેરીસમાં અને તે પણ આ જ સ્થળે જવું પડે છે! અને પીને પછી ટીપ્સના બીજા ૫૦ ફ્રેન્ક ખોવા પડે છે! કહેવાય છે કે પેરીસના રાત્રીજીવનના હૃદયપ્રદેશ મોન્ટમાર્ટમાં જેને રાત વિતાવી હોય તેણે સેન્ટ્રલ માર્કેટમાં આવીને કાંદાનો સુપ, એકન અને વ્હાઈટ વાઇનની પ્યાલી લેવી જ જોઈએ કે જેથી 'જીવનજ્યોત' (અર્થાત્ કામાગ્નિ) અખંડ રહે!

રાત્રે જવાને બદલે મેં સવારે જ મોન્ટ માર્ટ તરફ પ્રયાણ આદર્યું. રૂ ડી ફીસીના માર્ગે જતાં પહેલું તો 'કેસીનો ડી પેરીસ' આવે છે. રાત્રે ધિંગાણું કરવાનું આ સ્થળ છે! 'ઈટ, ડ્રિન્ક એન્ડ બી મેરી'ના તત્ત્વજ્ઞાનીઓ અહીં ભેગા થાય છે. પેરીસનું સૌથી મોટું સિનેમાગૃહ 'ગોમેન્ટ' પણ અહીં જ છે. ૪૨૩ ફૂટ ઊંચા ટેકરા ઉપર પવિત્ર હૃદય (સેક્રેડ હાર્ટ)નું દેવળ મોન્ટ માર્ટ છે અને ભૂતળ ઉપર નાઈટ કલબો અને કાબારેટનું અપવિત્ર મોન્ટે માર્ટ છે. દિવસના સમયે આ સ્થળ શુષ્ક લાગે છે, માનવીઓ ઊંઘના ઘેનમાં હોય તેવા દેખાય છે પરંતુ સાંજ પડતાંમાં તો અહીં રોશનીની રોનક, ઝાઝ સંગીતની ઝમક અને અપ્સરાઓનો કલબલાટ શરૂ થઈ જાય છે.

'બુલેવર્ડ રોશે શું આર્ટ'ના રસ્તે ચાલતા સેન્ટ પીયર ગાર્ડન આવે છે અને તેમાં આવેલી ફુનિક્યુલર રેલવેમાં બેસીને ૨૩૫ પગથીઆંની ટોચે આવેલા 'સાક્રેકૂર' નામના નમૂનેદાર દેવળમાં પહોંચાય છે. આ આખું દેવળ શ્વેત સ્ફટિકનું છે અને જાણે એક

તાજમહાલ જ ન હોય તેવું સુંદર લાગે છે. ૩૦૦ ફૂટ લાંબી અને ૧૫૦ ફૂટ પહોળી આ ઇમારતનો ઘુમ્મટ ૨૫૦ ફૂટ ઊંચો છે. દેવળના ઘંટ માટે ૨૬૦ ફૂટ ઊંચું એક ટાવર બાંધવામાં આવ્યું છે. 'સેવોયાર્ડ' નામનો જગતનો મોટામાં મોટો મનાતો ઘંટ આ ટાવરમાં લટકાવવામાં આવ્યો છે. આ ઘંટનું વજન ૧૮ ટન જેટલું છે! દેવળની અંદર ૫૮૨૬ ચોરસવાર જેટલી એક વિશાળ કલાકૃતિ 'મોઝેઇક' (રંગબેરંગી કાચની કપચીઓ)માંથી ઉપસાવી કાઢવામાં આવી છે તે ખૂબ ધ્યાન ખેંચે તેવી છે. આના સર્જકનું નામ છે લૂ ઓલિવર મેર્સન. સાક્રેકુરની ટોચ ઉપરથી ૩૦ માઈલ દૂર નજર નાખી શકાય છે અને પેરીસની બધી વિખ્યાત ઇમારતો જોઈ શકાય છે. સાક્રેકુરનો ઘુમ્મટ શહેરના બધા રસ્તાઓમાંથી જોઈ શકાય છે.

અહીંથી હું 'ગેર દુ નોર્ડ' તરફ આવ્યો. નોર્ડ સ્ટેશનેથી ઉત્તર તરફની ટ્રેનો જાય છે અને તેની નજીકમાં જ 'ગેર ડી લા ઈસ્ટ' નામનું પેરીસનું મોટામાં મોટું સ્ટેશન આવેલું છે. અહીંથી પૂર્વ તરફની ટ્રેનો જાય છે. આ બે સ્ટેશનોની વચ્ચે ઓપેરા તરફ જતો રૈં રૂ લાફાયત આવેલો છે તે રસ્તે ચાલતાં હું પેરીસના પ્રખ્યાત ડીપાર્ટમેન્ટ સ્ટોર 'ગૅલેરી લાફાયત'માં આવી પહોંચ્યો. આ સ્ટોર આગળ માન્ચેસ્ટરના લૂઈઝીસ, કેન્ડોલ, બુટ્સ, વુલવર્થ, માર્કસ એન્ડ સ્પેન્સર્સ વગેરે બધા જ સ્ટોરો પાણી ભરે તેમ છે. શું લપકારિયો દાદરો, લિફ્ટો અને છ માળ ચઢવા ઊતરવાના રોશનીમય એસ્કેલેટરો છે! સેન્ટ, અત્તર, લિપસ્ટિક, રૂજ, ક્રીમ વગેરે શૃંગાર સામગ્રીની હજારો જાતો અને ભાતો પહેલા માળે જ અથડાય છે. શું લેવું ને શું ન લેવું, અક્કલ જ કામ કરતી નથી! પેરીસમાં તો મેટ્રો, બસ અને ભોજન પૂરતા જ પૈસા હતા. તેમાં થોડોક કાપ મૂકીને જ કંઈક ખરીદી શકાય તેમ હતું. ૩૦૦ ફ્રેન્કમાં મેં એક સુંદર બ્રીફકેસ—ફાઈલ સાઈઝની અને પિત્તળની ઝીપવાળી—અહીંથી ખરીદી જે હું હજી ઑફિસે જતાં વાપરું છું. ખીસાઘડિયાળ જેવું એક ગોળ થર્મોમીટર ૧૦૦ ફ્રેન્કમાં લીધું અને ૨૫૦ ફ્રેન્કમાં એક કોફી પર્કોલેટર લીધું.

'ગૅલેરી લાફાયત'ની ખૂબી એ છે કે એક આખો માળ ખમીસો વેચવા માટે રોકાયેલો છે, બીજો આખો માળ કોટનો, ત્રીજો પાટલૂનનો, ચોથો ટાઇનો, પાંચમો ઓવરકોટનો અને છઠ્ઠો હેટનો છે! હજારો વેરાઇટી છે, પસંદ કરો અને કાઢો પૈસા! પુરુષોની ગૅલેરીના જેવી જ બીજી છ માળની ગૅલેરી સ્ત્રીઓ માટે પણ બાજુમાં જ છે! આ સ્ટોરે તો ખરેખર હદ કરી નાખી છે. કરોડો રૂપિયાનો સામાન આ એક જ સ્ટોરમાં ખડકાયેલો છે. કશું ખરીદવું ન હોય તો યે ખાલી નિરીક્ષણાર્થે ઘૂમવાની પણ મઝા આવે તેવું આ રચના છે.

વળી પાછો થોડોક નાસ્તો કરીને હું ઊપડ્યો 'લુવ્ર' તરફ. લુવ્ર જગતનું મોટામાં મોટું મ્યુઝિયમ ગણાય છે. પેરીસમાં બધાં મળીને નેવું મ્યુઝિયમો છે! અને તે બધામાં શિરોમણી જેવું આ લુવ્ર છે. તેને પૂરેપૂરું જોવા માટે ઓછામાં ઓછા આઠ દિવસ તો લાગે જ! હૈદરાબાદનું સાલાર જંગ મ્યુઝિયમ મેં ખૂબ ઝડપથી જોયું હતું છતાં છ કલાક તો લાગ્યા જ હતા! તેના કરતાં આ લુવ્ર તો અનેક ગણું મોટું છે, બે કલાકમાં જેટલું જોવાય તેટલું જોવાનું અને બાકીનું પડતું મૂકવાનું એવો નિર્ણય કરીને મેં આ મ્યુઝિયમમાં

'રતિક્રીડાના વિવિધ પાસાં' રજૂ કરતી પ્રતિમાઓ ઘડાવતા હતા, તેની પાછળનું માનસ ફ્રોઈડ-જોઈસનું જ હોવું જોઈએ. જગન્નાથજીના મંદિરના ઘુમ્મટની ચારે બાજુ તો આ 'લાઈફ સાઈઝ' પ્રતિમાઓને 'ટેકનીકલર' પણ બનાવવામાં આવેલી છે! નર અને નારી જાતિના અપમાન સમી આ પ્રતિમાઓ ઉપર સ્વતંત્ર ભારતની સરકારની કૃપાદૃષ્ટિ હજી ચાલુ જ છે એ નવાઈ જેવું લાગે છે. આ 'મૌલિક' પ્રતિમાઓની માટીમાંથી ઘડેલી રચુ ડી અનુકૃતિઓ પુરીના મંદિરની સામેની દુકાનોમાં વેચાય છે તેની જેમ પેરીસમાં પણ ફ્રોઈડ-જોઈસના શોમાં જોયેલી મૌલિક કલાની અનુકૃતિસમાં 'લંપટ ચિત્ર સંપુટો' થિયેટરની બહાર વેચાય છે.

રાત્રે બાર વાગે શો છૂટ્યા બાદ હું થિયેટરની બહાર આવ્યો ત્યારે ફ્રેંચ અંગ્રેજીમાં બોલતો એક માનવી મારી સમક્ષ આવીને ઊભો અને બોલ્યો: 'ગુડ ઈવીનિંગ, જેન્ટલમેન, આર યુ નોટ ફીલીંગ વૉર્મ ઈનફ ઓર સ્ટીલ ફીલિંગ કોલ્ડ?" [ગરમી કેવી છે! કે હજી ઠંડા ગાર જ છો?] મેં જવાબ આપ્યો કે 'મારો ઓવરકોટ સદાયે મારી સાથે જ છે!' ત્યારે પેલો કહે છે કે 'ના, તે પૂરતો નથી! જુઓ આ ચિત્રો, ફોટા જુઓ. ફક્ત ૨૦૦૦ ફ્રેન્કના જ છે! રાખી લો, મઝા આવશે." મેં "નો થેન્ક્યુ" કહીને તેને ફોટા પાછા આપ્યા ત્યારે તેણે પ્રસ્તાવ મૂક્યો કે "ચાલો, કંઈક પીને ગરમ થઈએ." આનો જવાબ પણ મેં "નો થેન્ક્યુ" જ આપ્યો ત્યારે તે કહે છે "બસ! પીના ભી નથી! ઠીક, તો ચાલો ૬૦૦૦ ફ્રેન્ક આપો, હું તમને એક સુંદર પેરીસની રમણી પાસે લઈ જાઉં!" ફરી પાછું મેં 'નો, થેન્ક્યુ" કહ્યું ત્યારે તે બોલ્યો: 'ઓહ, પુઅર બોય! યુ સીમ ટુ બી બ્રોક! પાસે પૈસા લાગતા નથી, નહિ તો તમે અટકી શકો નહિ! ઠીક તો લો, મારા તરફથી આ ૪૦૦ ફ્રેન્ક રાખી લો અને લો આ ફોટાનો સેટ. તે વેચીને ૬૦૦૦ ફ્રેન્ક લઈ આવો. પછી રમણીનું રાખીએ! જુઓ, સામેના થિયેટર પાસે જઈને વેચશો તો ઘરાક મળી જશે!" મેં હવે તેને તોછડાઈથી જવાબ આપ્યો: 'તું મને ધારે છે શું? તું રમણીનો એજન્ટ છે અને હવે તું મને તારો એજન્ટ બનાવવા માગે છે! શેમલેસ વલ્ચર!' અને એમ કહીને મેં ચાલવા માંડ્યું એટલે પેલો બબડ્યો: "ઓ કે, લોર્ડ બુદ્ધ! ગો એહેડ એઝ યુ પ્લીઝ, બટ માઈન્ડ યોર સ્ટેપ્સ નાઉ!' તેની આ ધમકીનો અર્થ મેં તો દૃષ્ટિપૂતમ્ ન્યસેત્ પાદમ્ જેવો જ કર્યો અને તે જ સારું થયું.

જરાક આગળ ચાલ્યો ત્યાં તો એક પર્સવાળી યુવતી મારી સાથે સાથે ચાલવા લાગી. થોડાંક કદમ ચાલ્યા બાદ મેં તેની સામે જોયું એટલે પેલીએ મને પૂછ્યું: "વોન્ટ કમ્પની સર?" મેં "નો થેંક્યુ" કહ્યું એટલે પેલી ફ્રેન્ચ ભાષામાં કંઈક બબડી અને ચાળાથી બતાવવા લાગી કે તે મને તેને ઘેર લઈ જવા માગે છે! મેં ટૂંકમાં કહ્યું કે "ઈડિયન્સ, નો ડેમ્સ નો નોનસેન્સ" છતાં તેણે તો ફ્રેંચમાં બબડવાનું ચાલુ રાખ્યું. મેં ઝડપથી ચાલવા માંડ્યું એટલે છેવટે પેલીએ પડતું મૂક્યું. પણ વળી બે મિનિટ બાદ પાછી આવી એક બીજી મેડમ મળી અને બોલી: "કમ કમ, સર જોઈન મી!" મેં કશો જ જવાબ આપ્યા વગર ઝડપથી ચાલવા માંડ્યું, પેલીએ પણ ઝડપ વધારી અને બોલી: "ગભરાવ છો શા માટે? બી બોલ્ડ! ડોન્ટ બી સો શાય! શેન આઈ કોલ એ ટેક્સી!' મેં હસીને ના પાડી

અને કહ્યું "લીવ મી એલોન, પ્લીસ!" એટલે તે આગળ આવેલી એંટ્રી ગઈ. મેં ઝડપથી રૂ ડી ફ્રેપુસીનની ગલી તરફ ચાલવા માંડ્યું પણ અહીં તો મારા બાપ! ચાર ડગલાં ચાર ચોરસ ગજના અંતરે આવી બધી ઉભી ખુલ્લેખુલ્લી સોલિસીટિંગ કરતી ઊભી જ હતી. સદ્ભાગ્યે પાંચ મિનિટમાં તો હું મારી હોટલમાં સહીસલામત પહોંચી ગયો અને સાડાબાર વાગ્યે ઊંઘી ગયો તે શુક્રવાર તા. ૧૦મી ઓક્ટોબરની સવારે સાત વાગ્યે ઊઠ્યો. સુલક્ષણોથી શરૂ કરીને અપલક્ષણોની પરાકાષ્ટા સુધીનાં દર્શન આ પ્રમાણે મેં પેરીસના મારા બે દિવસના મુકામ દરમ્યાન કરી નાખ્યાં.

શુક્રવારે સવારે ટોઈલેટ નાસ્તાથી પરવારીને નવ વાગ્યે મેં હોટેલ ડી ફ્રેન્સને આખરી સલામ ભરી. સાડા નવ વાગ્યે હું સેન્ટ લાઝારે સ્ટેશન ઉપર આવી પહોંચ્યો. ત્યાંથી દસ વાગ્યે ગાડી ઊપડી તે સાડાબાર વાગ્યે ડીપી સ્ટેશને આવી પહોંચી. ફ્રાન્સની ભૂમિ છોડીને અહીંથી ઇંગ્લેન્ડના ન્યુહેવન બંદર તરફ જતી સ્ટીમરમાં હું ગોઠવાઈ ગયો. સ્ટીમરના ફર્સ્ટ ક્લાસના રૂમના સોફા ઉપર બેઠાબેઠા જ મેં બે કલાક જેટલા સમયમાં પેરીસના પરિભ્રમણ વિશેનો આઠ પાનાં જેટલો લાંબો પત્ર ઘેર લખી નાખ્યો જેના આધારે હું આ બે પત્રો (નં. ૩૪ અને ૩૫) તમારી ઉપર લખી શક્યો છું.

ડીપીથી ન્યુહેવન જતી વખતે દરિયો ખૂબ તોફાની હતો અને હવા પણ ખૂબ બગડી ગઈ હતી. મને બેચેની લાગવા માંડી હતી તે જોઈને મારી સામે બેઠેલી એક અમેરિકન યુવતીએ મને કાકડીવાળી રોટી જેવી ટીકડી આપી. સાબુ જેવા સ્વાદવાળી આ ટીકડી ખાધા પછી તો ઊલટી બેચેની વધી ગઈ પરંતુ મને મારી ઇન્તજાર યાદ આવી. તેની ઓડિકલોન ગોળી અને એ લવિંગ ચાવી જવાથી રાહત લાગી. આખરે ઈંગ્લિશ ચેનલ વટાવીને અમારી સ્ટીમર બપોરે સાડાચાર વાગ્યે ન્યુહેવન બંદરે આવી પહોંચી. ફરી પાછો ઇંગ્લેન્ડની ભૂમિ ઉપર પગ મૂક્યો. પાસપોર્ટ બતાવીને પછી કસ્ટમમાં આવ્યો ત્યાં પ્રશ્ન પૂછાયો: "કેમેરા, ઘડિયાળ, સોનાચાંદી કે હીરાની કંઈ ચીજો ખરીદી લાવ્યા કે નહિ?" મેં જવાબ આપ્યો: "ના, જી, આ એક બ્યુ માસ્ટર અને કોફી પર્કોલેટર લાવ્યો છું." "ઠીક, તો જાવ" અને જતાં જતાં મારી બેગ ઉપર 'ગાંધી' શબ્દ વાંચીને કસ્ટમ ઇન્સ્પેક્ટરે વેધક નજરથી પૂછ્યું: "ગાંધીજીના સગા છો કે શું?" મેં હસીને કહ્યું: "એબ્સોલ્યુટલી, એ તો મારા 'બાપુ' થાય છે!" ભાઈસાહેબે સ્તબ્ધ નજરે બે મિનિટ મારી સામે જોયા જ કર્યું! મારી પાછળ આકર્ષક દેખાવનો એક યુવક હતો તેનો તો બધો સામાન ખોલાવ્યો અને તેમાંથી બે ઘડિયાળ અને બે કેમેરા નીકળ્યા! આશ્ચર્ય જેવું છે કે આ કસ્ટમવાળાઓને ઘડિયાળ અને કેમેરાની ગંધ કેવી રીતે પરખાઈ જાય છે!

ન્યુહેવનથી ઉપડેલી ટ્રેન લંડનના વિક્ટોરિયા સ્ટેશને સાંજે સાડાછ વાગ્યે આવી પહોંચી પરંતુ લંડનનાં ઘડિયાળોમાં તો સાડાપાંચ જ વાગ્યા હતા! ખબર પડી કે પાંચમી ઓક્ટોબરથી બ્રિટનભરમાં પાછો 'વિન્ટર ટાઇમ' થઈ ગયો હતો. જૂન જુલાઈમાં મામલો એવો હતો કે રાતના દસ વાગ્યે પણ અજવાળું રહેતું હતું તેથી "સાંજે દસ વાગ્યે" એવું કહેવું પડતું હતું પણ ઓક્ટોબરમાં પરિસ્થિતિ સાવ બદલાઈ ગઈ હતી. સાડાપાંચ વાગ્યે હું લંડન આવ્યો ત્યારે તો અંધારું ઘોર થઈ ગયું હતું! નવેમ્બર-ડીસેમ્બરમાં તો બપોરના ત્રણ વાગ્યામાં


'પીય ડાર્ક' (ડામર જેવું અંધારૂં) થઈ જાય છે અને સવારે નવ દસ વાગ્યે સૂર્યોદય થાય છે! એટલે કે કુદરતી દિવસ ફક્ત ચાર પાંચ કલાકનો જ હોય છે! શિયાળામા લોકો બપોરે પણ વીજળીની બત્તીમાં જ કામ કરે છે. મધ્યયુગમાં આ લોકોની શી દશા થતી હશે તેની તો કલ્પના જ કરી શકાય તેમ નથી. અંધારૂં, કકડતી ઠંડી, હિમવર્ષા—કદાચ આવી બધી આપત્તિઓએ જ તેમને સાહસિક થવાની ફરજ પાડી હશે અને વૈજ્ઞાનિક સંશોધનોને વેગ આપ્યો હશે! વિકટોરિયા સ્ટેશને હું ઊતર્યો ત્યારે ઠંડી સ્વીટ્ઝર્લેન્ડના કરતાં પણ વધારે હોય તેવી લાગી સાંજનું ટેમ્પરેચર સાત ડીગ્રી સેન્ટીગ્રેડ જેટલું હતું, મધરાતે કેટલું થઈ જશે તે તો પ્રભુ જાણે.

વિકટોરિયા સ્ટેશનેથી હું અન્ડરગ્રાઉન્ડમાં ગોલ્ડર્સ ગ્રીન ગયો અને સાડા છ વાગ્યામાં તો શ્રીમતી હસુબહેન પરીખને ઘેર પહોંચી ગયો. યુરપની યાત્રા સાંગોપાંગ પતી ગઈ તે વિશે તેમની સાથે ખૂબ વાતો કરી અને પછી અમે બધા પેટ ભરીને જમ્યા—કૃષ્ણગાવેલા મગ, કઢીભાત, રોટલી, શાક, કાંદા, ટામેટાં અને પીયર્સનું ફ્રૂટ. તે જ ઘડીથી યુરોપિયન ખોરાકમાંથી મુક્તિનો દમ ખેંચ્યો. હવે બાકીના થોડા દિવસ લંડનમાં હસુબહેનને ત્યાં સ્વાદિષ્ટ ગુજરાતી ભોજનની ખાત્રી જ હતી અને પછી મુંબઈ જતી સ્ટીમર 'કોર્ફ્યુ'માં પણ હિંદી ખોરાક જ મળવાનો હતો એટલે જીવ ઉલ્લાસમાં આવી ગયો. હવે, ગુજરાતમાં આવી ગયા જ સમજી લોને! અલબત્ત બધો જ યુરોપિયન ખોરાક વખોડી_કાઢવા જેવો નથી. ફક્ત ઈંગ્લેન્ડનો ખોરાક જ છેલ્લા નંબરનો છે. બાકી જર્મની, સ્વીટ્ઝર્લેન્ડ, ઈટલી અને ફ્રાન્સનો ખોરાક તો ભાવે તેવો હોય છે. હિંદી ખોરાકથી ટેવાયેલા માટે આ ઉપરાંત ચાઈનીઝ ખોરાકમાં પણ ઘણી સ્વાદિષ્ટ વાનગીઓ મળી રહે છે—ખાસ કરીને 'ચાઇનીઝ-રેડ ચીલીઝ સોસ' એ એવી ઉમદા ચીજ છે કે તેની એક ચમચી ગમે તેવા ફિક્કા ખોરાક ઉપર રેડો તો યે તેમાં ઝમક આવ્યા વગર રહે જ નહિ!

વિલાયતની મારી સફરના હવે છેલ્લા બે તબક્કા વિશે જ કહેવાનુ બાકી રહ્યું છે—એક તો, લંડનમાં વિતાવેલા છેલ્લા અઠવાડિયા વિશે કંઈક; અને બીજું, લંડનથી મુંબઈ જતાં અનુભવેલા યાદગાર સત્તર દિવસના સ્ટીમરના જીવન વિશે કંઈક. આવતા પત્રમાં જો આ બન્નેનો સમાવેશ થઈ જશે તો "વિલાયતની વાતો" આવતા મહિને જ ખતમ થઈ જશે! [હું વાચકોને ખાત્રી આપું છું કે એમ સહેજમાં એ પૂરી નહીં જ થાય. —સંચાલક] પણ કલમ ક્યાં ઘસડી જશે તે અત્યારથી કોણ જાણી બેઠું છે? દસ હપ્તામાં ખતમ કરવા ધારેલી આ વાતો પાંત્રીસ હપ્તા સુધી તો આવી પહોંચી છે! કેમ ખરીને વાત કેવો અડંગ વાતોડિયો છું હું!

ક્રમશઃ]

લિ॰ સ્નેહાધીન
કાન્તિ ગાંધીના
જયહિંદ



સં. ૨૦૧૮
ચૈત્ર

આદ્ય તંત્રી
નારાયણ વિશ્વનાથ પાઠક 卐

તંત્રીઃ
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

પ્રકાશક: રણછોડજી મથુરભાઈ મિસ્ત્રી, ૧૨/અ ભારતીનિવાસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ
મુદ્રક: મણિલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ
તા. ૧-૪-૧૯૬૨

→ જે ગ્રાહકોનું લવાજમ સં. ૨૦૧૮ના ચૈત્ર અંકથી પૂરું થાય છે તે ગ્રાહકોને ←

'પ્રસ્થાન'નો આવતો અંક વી. પી. પી. થી મોકલાશે

'પ્રસ્થાન'ના મોટે ભાગના ગ્રાહકો તો કારતક માસથી ગ્રાહક તરીકે નોંધાયેલા હોય છે. પણ જેઓ વર્ષના અધવચથી ગ્રાહક થયા હોય તેમનું લવાજમ ચૈત્ર અંકથી—આ અંકથી પૂરું થશે. તેમને આવતો અંક—વૈશાખ અંક રૂ. ૭=૧૨ ના વી. પી. થી રવાના થશે તે સ્વીકારી લેવા વિનંતી છે.

પણ અમારી તો વિનંતી છે કે અંક વી. પી. થી મંગાવવા કરતાં આપ આપનું લવાજમ મ. ઓ.થી યા ચેકથી મોકલી આપશોજી. વી. પી. કરાવવાથી નવ આનાનો ખર્ચ વધુ આવે છે; વળી વી. પી. વાળો અંક બેચાર દિવસ મોડો પણ મળે છે. એટલે આપ. આપનું લવાજમ તા. ૨૮-૪-૧૨ સુધીમાં મળે એમ મોકલી આપશોજી. ત્યાં સુધીમાં આપનું લવાજમ નહીં મળી જાય તો તા ૧-૫-૧૨ની આસપાસ રૂ. ૭=૧૨નું વી. પી. કરીશું તે સ્વીકારી લેવા વિનંતી છે.

જેમની ઇચ્છા ગ્રાહક તરીકે ચાલુ રહેવાની ન હોય તેમણે, તે મુજબ લખી જણાવવું. પરદેશના ગ્રાહકોને વી. પી. થતાં નથી માટે તેમણે પોતાનું લવાજમ રૂ. ૧૦=૦૦ પોસ્ટલ ઓર્ડરથી (ક્રોસ કરવા નહીં) યા ચેકથી યા મ. ઓ. થી મોકલી આપવું.

ગ્રાહકોને વિનંતી છે કે તેઓ પોતાનું લવાજમ રૂ. ૬=૫૦ મ. ઓ. કરી તરત મોકલી આપે.

પ્રસ્થાન કાર્યાલય
પ્રાર્થના સમાજ મંદિર
રાયખડ : અમદાવાદ

વ્યવસ્થાપક

'પ્રસ્થાન'માં ખાસ અપાય છે :

* સ્વામી આનંદના લેખો અવારનવાર અપાય છે.
* ગુજરાતના પ્રથમ કોટિના વિચારક, સિદ્ધહસ્ત સાહિત્યકાર તેમજ સંનિષ્ઠ અભ્યાસી લિખિત રાજકારણ, અર્થશાસ્ત્ર, કેળવણી વિષયક પ્રશ્નોની ચર્ચા કરતો વિભાગ, દર મહિને, "પાડોશી સાથે વાતચીત—ચર્ચા" એ મથાળે નિયમિત અપાય છે.

આપ ગ્રાહક તરીકે ચાલુ રહી આ પ્રવૃત્તિને સહકાર આપશોજી.

→ હવે પછીના છ માસ દરમ્યાન પ્રસિદ્ધ થશે ←

આરોગ્ય અંક | આઝાદી અંક

॥ પ્રસ્થાન ॥

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૩ ૨૦૧૮ : ચૈત્ર અંક ૬

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧ પ્રાંતિક પ્રધાનમંડળો
૨ કાશ્મીર-પ્રકરણ
૩ અલ્જીરિયા

પ્રશ્ન : પ્રાંતિક પ્રધાનમંડળોની રચના કેવી લાગી ?

ઉત્તર : એમ તો લાગે છે કે પ્રધાન થવું બહુ મુશ્કેલ નથી હવે ! બુદ્ધિની કે ચારિત્ર્યની કોઈ ખાસ વિશેષતા હોવાની જરૂર નથી ! આવડત પણ સાધારણ હોય તો ચાલે ! ચૂંટાઈ આવવું એ જરૂરનું ખરું ! અને પછી એકાદ નાનાસરખા તોફાની જૂથના નેતા હોઈએ તો સારું !

છતાં આ વિધાન ગુજરાત રાજ્યને એકંદરે લાગુ નહિ પડે. એનું પ્રધાનમંડળ એવડું મોટું પણ નથી, અને એમાં આવેલી ઘણીખરી વ્યક્તિઓ નીવડેલી પણ છે.

પણ મહારાષ્ટ્ર રાજ્યમાં અને બીજાં રાજ્યોમાં જે પ્રધાનટોળાં—મંડળો નહીં—રચાયાં છે તે તો ભારતના રાજકારણની એક નવી બલિહારી છે. આપણે ગયે વખતે શ્રી ચવ્હાણની સૌને રાજી કરી કામ લેવાની આવડતનાં વખાણ કર્યાં, તેનું આ બીજું પાસું છે એમ કબૂલ કરવું જોઈએ ! જોઈએ છે વહીવટ કેમ ચાલે છે ? છેવટે તો "જેણે કામ કર્યું એણે કામણ કર્યું" એ જ ન્યાય લાગુ પડવાનો છે અને પ્રજા એમને પસંદ કરવાની છે. પણ આવડાં મોટાં પ્રધાનમંડળો એ કોંગ્રેસની આંતરિક નબળાઈનાં સૂચક છે એમાં શંકા નથી.

પ્રશ્ન : કાશ્મીર-પ્રકરણનું કેમ લાગે છે ?

ઉત્તર : આપણે ભરાઈ પડ્યા હોઈએ એમ લાગે છે !

આપણે કોમ કે ધર્મ ઉપર દેશના ભાગલા કરવામાં માનતા નથી; છતાં ધર્મસંપ્રદાયના કારણે હિંદુસ્તાનના બે ભાગલા સ્વીકાર્યા. પાકિસ્તાન તો મજહબનું ધોરણ જ સ્વીકારે છે અને એને માટે જે બંધારણ તૈયાર થયું છે તેને માટે એવો દાવો છે કે તે ઇસ્લામના મજહબ પ્રમાણે છે. એ જ ધોરણે એ લોકો કાશ્મીરમાં મુસલમાનોની બહુસંખ્યા—મેજોરિટી—છે માટે પાકિસ્તાનને કાશ્મીર મળવું જોઈએ એમ માને છે. પરદેશીઓને પણ પાકિસ્તાનની આ માગણી સુસંગત લાગે છે.

ભારતે મજહબનું ધોરણ સ્વીકાર્યું નથી. એનું બંધારણ બિનમજહબી છે. એણે મજહબના કારણે પડેલા ભાગલાને સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવા માટે અનિષ્ટ પણ અનિવાર્ય માર્ગ તરીકે સ્વીકાર્યો. પાકિસ્તાન જેમ હિંદુઓને બાકાત કરવા માગે છે તેમ ભારત માગતું નથી, ઇચ્છતું નથી; ભારતમાં મુસ્લિમોની બહુ મોટી સંખ્યા મોજૂદ છે, તે બધા ભારતમાં સુખ-

શાન્તિથી રહે અર્થાત્ એવો ભારતનો પ્રયત્ન છે. ભારત કાશ્મીર પ્રદેશમાં મુસ્લિમોનું બહુત્વ છે એટલા કારણે તે પાકિસ્તાનને સોંપવા તૈયાર થતું નથી. પણ ભારતની આ સચ્ચાઈ પરદેશીઓની સમજમાં આવતી નથી.

કાશ્મીર એ દેશી રાજ્ય હતું. એના રાજાએ જોડાણની બાબતમાં છેવટ સુધી કોઈ નિર્ણય કર્યો નહિ. પાકિસ્તાન દ્વારા આક્રમણ થયું ત્યારે ધડાધડીમાં ભારત સાથે જોડાવાની એના રાજાએ માગણી કરી. ભારતે એ માગણી સ્વીકારી અને કાશ્મીર ભારત રાજ્યનો પ્રદેશ થયું. એ પછી ભારતે સેનાની ટુકડી અને મોકલીને આક્રમણકારોને પાછા હઠાવવામાં આવ્યા. અમુક હદ સુધી પાછા હઠાવ્યા પછી, કોણ જાણે શા કારણે, પૂરેપૂરા પાછા હઠાવ્યા પહેલાં તહકૂબી કરવામાં આવી! અને કોણ જાણે શા કારણે, યુનો પાસે કાશ્મીર અંગે નિર્ણય માગવાની અરજી કરવામાં આવી.

આ છેલ્લી બે બાબતો—વિજયી સૈન્યને વિજય કરતાં અટકાવવાની અને પોતે જેનો સ્વીકાર કર્યો છે એ બાબતને વિવાદમાં મૂકી દેવાની—આ બન્ને સામાન્ય જનને ન સમજાય એવી નીતિ છે.

—આ વિશે દિલ્હીના ગપગોળા બજારમાંથી જાતજાતની અફવાઓ કાશ્મીરનું જોડાણ થયું અને પછી પાછો એ પ્રશ્ન યુનોમાં લઈ જવામાં આવ્યો તે વેળાએ આવતી હતી. એમાં સરદાર પટેલ અને પંડિત નેહરુ વચ્ચે ઊંડો અને મોટો મતભેદ હોવાની વાતો ચાલતી હતી. પં. નેહરુના નિર્ણયોને ગાંધીજીનો ટેકો હતો એમ પણ કહેવામાં આવતું. આ બધામાં શું તથ્ય હશે એ આપણે જાણી શકવાના નથી!—ગમે તે હોય પણ કાશ્મીરને ભારતમાં સ્વીકાર્યા પછી, અને આક્રમણકારોને કાશ્મીરમાંથી પૂરેપૂરા હાંકી કાઢી શકાય એવી કક્ષાએ પહોંચ્યા પછી, શા માટે એમને પૂરેપૂરા હાંકી કાઢવામાં ન આવ્યા અને શા માટે કાશ્મીરના જોડાણને યુનોમાં વિવાદાસ્પદ બનાવવામાં આવ્યું તે હજી યે સમજાતું નથી!

સંભવ છે કે પ્રજા ન જાણતી હોય એવાં કોઈ ગૂઢ અને મહત્ત્વનાં કારણો તેવખતના પ્રધાનમંડળ પાસે હોય; જેની અટકળ આપણે કરી શકતા નથી: સંભવ છે કે એ યુદ્ધમાંથી ભારત–પાકિસ્તાન વચ્ચે મોટું યુદ્ધ થવાનો ભય હોય, અને એ ભય—બ્રિટન અને અમેરિકાના ભારત વિરોધી પક્ષોની પાકિસ્તાનને મદદ હોવાને કારણે—એ ભય ભારતના સ્વાતંત્ર્યને જોખમમાં મૂકી દે એવો-અતિભય-થયો હોય! સંભવ છે કે કોઈ ભારતહિતૈષી બ્રિટિશ મુત્સદ્દીઓએ આપણા રાજદ્વારી મોવડીઓને એવી સલાહ આપી હોય કે હવે અટકી જાઓ, અને યુનોમાં કાશ્મીરનો કેસ મૂકીને એને ખોળંબે નાખો—વગેરે વગેરે!

પણ આ તો આપણા તર્કતરંગો છે! એ હકીકત છે કે કાશ્મીર ભારત રાજ્યમાં જોડાયા પછી એને વિશે યુનોમાં અભિપ્રાય કે ન્યાય માગવા જવાની જરૂરત દેખીતી રીતે સમજાય એવી નથી.

આ પછી કાશ્મીરના શેર—શેખ અબ્દુલ્લાનો વિચારપલટો અથવા વફાદારી-પલટો આવ્યો અને કાશ્મીરના આંતરિક રાજકારણે શાંતિ માટે તેમને ભયજનક ગણ્યા! અને તેમને પરહેજ કરવામાં આવ્યા.

શરૂઆતનાં વર્ષોમાં સર ઝફરુલ્લાખાનની વિદ્વત્તા પણ ન ભૂલાય એવી થઈ! હવે પાછી એ વિદ્વત્તા સહન કરવાની આવશે! ભારત-વિરોધીઓના હાથમાં પોર્ચુગીઝોના નિષ્કાસનનું

તાજું હથિયાર છે તે ઝફરુલ્લાખાનની સરાણ ઉપર તેજ કરાશે, અથવા અરુદ્દીનોએ પોર્ટુગીઝની સરાણ ઉપર પોતાનાં હથિયારોને તેજ કરશે! અને કાંઈ નહિ તો ભારતને સફળ રીતે બદનામ કરવાનો માર્ગ ચાલુ થશે.

છતાં આ અનિષ્ટ પણ એક રીતે ઇષ્ટાપત્તિ છે. ભારતે દુનિયા આગળ સંતવેડા બહુ કરવા માંડયા હતા. એવા સંતવેડા કરવાનું ભારત ભૂલી જાય, તો એથી ભારતને એકંદરે લાભ જ છે.

વ્યક્તિગત કે સામાજિક–રાજકીય પરિગ્રહ રાખવો હોય અને એ પરિગ્રહને અહિંસાની મર્યાદામાં રહીને જ સાચવવાનું ધર્મતત્ત્વ માન્ય ન હોય તો જેમ એક માણસે બીજા માણસને ઉપદેશ આપવાનો ન હોય તેમ, એક દેશે બીજા દેશોને ઉપદેશો આપવાના ન હોય. પોતે પોતાની મર્યાદાની સમજ પ્રમાણે પ્રામાણિક રહે તોયે બસ છે.

પાકિસ્તાનની દૃષ્ટિએ કાશ્મીરનો પ્રશ્ન બહુ કામનો છે. ભારતે જ એ મોકો એને આપેલો છે, જેમ ભૂતકાળના ઇતિહાસમાં આવા અનેક મોકા ભારતે પોતાના વિરોધીઓને આપ્યા હતા! કાશ્મીર મળે કે ન મળે પણ ભારતની વિરુદ્ધ પાકિસ્તાની પ્રજામાં લાગણીઓ ઉશ્કેરવાનું આ એક કારગત હથિયાર છે. આ તબક્કે એ હથિયાર પાકિસ્તાને કેમ ઉગામ્યું છે એનાં કારણો કદાચ પાકિસ્તાનની આંતરિક સ્થિતિમાં હોય! પણ તે વિશે આપણે બહુ જાણતા નથી.

આપણી કૂપમંડુકવૃત્તિ આપણને બહુ અજ્ઞાનમાં રાખે છે. આપણને ઉર્દૂ લિપિનો પરિચય છોડી દેવા માંડયો એ આપણી બહુ મોટી ભૂલ થઈ છે. પાકિસ્તાની અખબારો આપણે વાંચી શકતા નથી એમાં આપણને જ અજ્ઞાનમાંથી ,થતાં બધાં નુકસાનો થાય છે! ભારતવાસીને આંતરિક ઐક્ય માટે ઉર્દૂની જરૂર તો છે જ, ઉપરાંત પાકિસ્તાનમાં શું ચાલે છે તે જાણવા માટે પણ ઉર્દૂની જરૂર છે જ.—

આ ઝઘડાનું શું પરિણામ આવશે એ કહેવું મુશ્કેલ છે. કદાચ એ સતત ચાલુ રહેનારો જ પ્રશ્ન બને! ભારતવિરોધીઓ પણ એ પ્રશ્ન ચાલુ રહે એમાં જ રાચે! કારણ કે એને અવારનવાર ઊભો કરી ભારતને પરાણે ઘીંચી શકાય! ભારતને માટે તો એ સતત વ્યગ્ર કરનારો અને મોટા ખર્ચમાં સંડોવનારો પ્રશ્ન છે.

કાશ્મીરમાં એવું સાંભળવા મળે છે કે જ્યાં સુધી આ ઝઘડાનો નિકાલ નહિ થાય ત્યાં સુધી કોઈ મોટા ઉદ્યોગો કરવાનું સાહસ નહિ કરે, કે જેને માટે કાશ્મીરમાં સારો જેવો અવકાશ છે. આ સંકાગ્રસ્ત સ્થિતિ કાશ્મીરને માટે પણ બહુ નુકસાનકારક છે.

પણ આ હવે આપણા હાથની વાત રહી નથી. કારણકે આપણે પોતે જ આપણા હાથની એ બાબતની બીજાના હાથમાં સોંપણી કરી છે!

પ્રશ્ન : અલ્જીરિયાનું કેમ લાગે છે?

ઉત્તર : બહુ અભ્યાસ કરવા યોગ્ય પ્રશ્ન લાગે છે. પણ ત્યાં જે ખૂનામરકી ચાલી રહી છે તે એટલી બધી અસ્વસ્થ બનાવનારી છે કે અભ્યાસ કરવા જેટલી સ્વસ્થતા જ ન રહે.

અંગ્રેજ અને ફ્રેન્ચ સાંસ્થાનિક રાજ્યનીતિઓનો તફાવત એમાં સ્પષ્ટ દેખાય છે. હિંદુસ્તાને

જેવા દેશમા અંગ્રેજોએ વાસ કર્યો નહિ, એની રાજનીતિએ વાસ થવા દીધો નહીં. એટલે હિંદુસ્તાનને મુક્ત કરવું અનિવાર્ય લાગ્યું અને સ્વહિતની દૃષ્ટિએ આવશ્યક લાગ્યું ત્યારે અંગ્રેજોએ તેને કુશળતાથી અને કુનેહથી મુક્ત કરી દીધું; અને ભારત સમગ્ર રહી બહુ સમર્થ ન બને એ માટે ભેદનીતિનાં જે બીજ વાવેલાં તેના ફળનો પાક પાકિસ્તાન જુદું પાડીને બ્રિટને લઇ લીધો.

જે પ્રદેશોમા અંગ્રેજોએ વાસ કર્યો તે પ્રદેશોને ક્રમે ક્રમે 'ડુમિનિયન' બનાવીને સ્વતંત્ર કરી દીધા. એટલે તે તે પ્રદેશોની મૂળ જાતિઓના પ્રશ્નોની જવાબદારી તે તે ડુમિનિયનો ઉપર જ રહી, જેમકે દક્ષિણ આફ્રિકા પોતાને જે ફાવે તેવા નિયમનો અ-ગોરી પ્રજા માટે કરી શકે. તેમાં બ્રિટનને કાંઈ બહુ લેવા-દેવા નહી, એમાં એને બહુ સંડોવાવું ન પડે.

ફ્રાન્સની અલ્જીરિયામાં બીજી જાતની પરિસ્થિતિ છે. મોટી સંખ્યામાં ફ્રેન્ચોએ ત્યાં વસવાટ કર્યો છે અને એમનું એ વતન બન્યું છે. એમનાથી જુદી સંસ્કૃતિવાળી ઇસ્લામી બહુસખ્યાના વર્ચસ્ નીચે આવવાનું તેઓ પસંદ કરે નહિ, એટલે અલ્જીરિયાના ફ્રેન્ચો એવું કોઇ પણ રાજ્યતંત્ર સ્વીકારવા તૈયાર નથી જેમાં તેમને લઘુમતીનાં દુઃખો વેઠવાં પડે ! અને તેનો સામનો તેઓ ફ્રેન્ચોના પરંપરાગત ઝનૂનથી કરે છે.

બીજી બાજુએ અલ્જીરિયાના મૂળ વતનીઓ પોતાનું અલ્જીરિયા પોતા માટે માગે છે, અને તેને માટે ઝનૂનથી લડતા રહ્યા છે. આ બે ઝનૂનો—હિંસક ઝનૂનો—વચ્ચેની સાઠમારી ચાલતી આવી છે.

આ પરિસ્થિતિથી ફ્રાન્સને પોતાને ઘણું નુકસાન થયું છે. આ વાત સમજી, અને વર્તમાનયુગનાં નવાં બળોને પારખી જનરલ દ ગોલે પોતાની વિશિષ્ટ કામગીરી બજાવી છે. મક્કમતાથી અને કુનેહથી એમણે અલ્જીરિયાની બળવાખોર સરકાર સાથે સધિ કરી છે. આ સંધિનો અલ્જીરિયાના ફ્રેન્ચો મરણિયો સામનો કરી રહ્યા છે; જ્યારે મુસલમાનો હજી સુધી બહુ ધીરજથી સંયમ સાચવી રહ્યા છે. હવે દ ગોલની મક્કમતાની કસોટી થવાની ક્ષણો આવી રહી છે. એ માટે એઓ ફ્રાન્સની પ્રજાનો મત માગે છે—શ્રદ્ધા માગે છે. તે તેમને મળી જવાનો સંભવ છે, કારણ કે ફ્રાન્સના નાગરિકોનો મોટો ભાગ એમ માને છે કે ફ્રાન્સ ઘણાં વર્ષોથી આ અને બીજી લડાઇઓથી ખુવાર થઇ ગયું છે, આ અલ્જીરિયાની લડત બંધ થાય તો ફ્રાન્સ ફરી આબાદ થઈ જાય એમ છે. તેથી તેઓ દ ગોલમાં શ્રદ્ધા વ્યક્ત કરશે એવો સંભવ છે. એમ થશે તો દ ગોલ પોતાની લાક્ષણિક મક્કમતાથી અલ્જીરિયામાં રહેતા પોતાની જાતિના માણસોને સંયમમાં લાવી શકશે.

આપણે એટલી પ્રાર્થના તો જરૂર કરીએ કે અત્યારે જે જાતની અલ્જીરિયામાં ખૂન, ખોરી ચાલી રહી છે તે તો બંધ થઈ જાય આ તો ભારતના ભાગલા વખતની દુષ્ટતા ભરેલી ખૂનામરકીનું કંઇક સ્મરણ કરાવે છે, જો કે અલ્જીરિયામાં સ્ત્રીઓ ઉપર અને બાળકો ઉપર અત્યાચારો નહિ થતા હોય એવી આશા રાખીએ. ભારતના ભાગલા ઉપર એ કલંક આવી ગયું ! —પુરુષો સામસામી લડયા હોત તો કાંઇ રોવા જેવું ન થાત? —પણ સ્ત્રીઓ અને બાળકો...હરિ ! હરિ !...

૨૭-૩-૬૨

卐

આર્થિક અવલોકન

કાન્તિલાલ બરોડિયા M. Com.

ત્રીજી પંચવર્ષીય યોજનાનું એક વર્ષ પૂરું થવા આવે છે. રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકના છેલ્લા આંકડાઓ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે તે મુજબ, ૧૯૪૮-૪૯ ની ભાવસપાટીને અનુલક્ષીને ૧૯૫૯-૬૦ની રાષ્ટ્રીય આવક રૂા. ૧૧,૮૫૦ કરોડ હતી તે ૧૯૬૦-૬૧ માં રૂા. ૧૨,૬૯૦ કરોડની થઈ, એટલે તેમાં ૭ ટકાનો વધારો થયો હતો. આવી રીતે માથાદીઠ આવક જે ૧૯૫૯-૬૦ દરમિયાન રૂા. ૨૭૯ હતી તે વધીને રૂા. ૨૯૨ $\frac{1}{2}$ થઈ છે, એટલે તેમાં ૪$\frac{4}{5}$ ટકાનો વધારો થયો છે. ૧૯૫૯-૬૦ દરમિયાન ખેતીવાડીનું ઉત્પાદન ઘટ્યું હતું તે છતાં રાષ્ટ્રીય આવકમાં નજીવો સુધારો જણાયો હતો; પણ ૧૯૬૦-૬૧ માં ખેતીવાડીનું ઉત્પાદન રૂા. ૩૬૦ કરોડનું વધતાં અને બિન-ખેતીવાડીને ક્ષેત્ર રૂા. ૪૮૦ કરોડનું વધતાં કુલ રાષ્ટ્રીય આવકમાં રૂા. ૮૪૦ કરોડનો વધારો નોંધાયો હતો.

ખેતીનું ઉત્પાદન

ભારત સરકારના અન્ન-પ્રધાન શ્રી એસ. કે. પાટિલે હાલમાં જાહેર કર્યું છે કે રેલ-સંકટ જેવા કેટલાક વિપરીત સંજોગો છતાં ગત વર્ષનું અનાજનું ઉત્પાદન છેલ્લાં કેટલાંક વર્ષોની સરખામણીમાં સારું રહેવા પામ્યું છે. તેનો અંદાજ લગભગ ૮ કરોડ ટનનો છે. ત્રીજી યોજનાનું લક્ષ્યાંક ૧૦ કરોડ ટનનું છે. વસ્તીના વધારાને લીધે ને જરૂરિયાતો વધતાં આપણને અનાજના ઉત્પાદનની ઊણપ જણાય તે ખરું, પણ છેલ્લા દસકા દરમિયાન તે ઓછું થયું છે. અનાજના સંતોષજનક ઉત્પાદન તથા પી. એલ. ૪૮૦ નીચે પ્રાપ્ત થયેલ અમેરિકાની સહાયને પરિણામે ભાવો સંતોષકારક રહ્યા છે. રોકડિયા પાકમાં શેરડી, શણ અને તેલીબિયાંમાં જ્યારે ઉત્પાદન વધ્યું છે, ત્યારે રૂનું ઉત્પાદન ચિંતાજનક રીતે ઘટ્યું છે. તેને પરિણામે એક બાજુ કાપડની મિલોની મૂંઝવણોમાં વધારો થયો છે અને બીજી બાજુ રૂના ભાવોનો પ્રશ્ન ઉગ્ર રીતે ચર્ચાવા લાગ્યો છે. અંદાજે કાપડની મિલોની વપરાશ લગભગ વર્ષે, ૫૮ લાખ ગાંસડી છે, રૂનું ઉત્પાદન ૪૨ લાખ ગાંસડી છે, ને આમ ૧૬ લાખ ગાંસડીની તૂટ રહે છે. ગયા વર્ષની પુરાંત ગાંસડીઓનું પ્રમાણ લગભગ ૨૨ લાખનું જ છે ને તેથી કાપડની મિલોની જરૂરિયાતો સંતોષવા પરદેશથી અંદાજે ૧૨ લાખ ગાંસડી રૂ આયાત કરવું જોઈએ તેવો આગ્રહ સેવાઈ રહ્યો છે. વિદેશી હૂંડિયામણની તંગી વધારનારું આ એક નવું કારણ બનશે. ઇંડિયન સેન્ટ્રલ કોટન કમિટીએ રૂના બજારના ભાવની બાંધણી, જે અગાઉની પરિસ્થિતિને અનુલક્ષીને કરવામાં આવી હતી, તે કાઢી નાંખવી જોઈએ તેવી ભલામણ કરી છે. આમ છતાં, ખેડૂતોને ઉગાડવા માટે પ્રોત્સાહન અવશ્ય મળશે, પણ સાથે સાથે મિલોનું ઉત્પાદન-ખર્ચ જે હાલમાં પણ વધારે છે, તેમાં વધારો થશે ને તેથી ચાલુ વર્ષે આપણી કાપડની નિકાસો ઘટી છે તેમાં વધુ હરકતો ઊભી થશે. ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બરની વાર્ષિક સભાના ઉદ્‌ઘાટન વખતે નાણાપ્રધાન શ્રી મોરારજી દેસાઈએ આ મહત્ત્વના સવાલને છણ્યો હતો અને જણાવ્યું હતું કે સરકારે આવી ઘણીએ પરસ્પર વિરોધી બાબતોનો સમન્વય કરવાનો રહે છે, ને નિર્બળ ખેડૂતોનું કે અલગ રીતે કારખાનાદારોનું

હિત જોવા સિવાય દેશના સમસ્ત હિતમાં સરકારે નિર્ણયો લેવાના રહે છે. ખેતીવાડીના વિકાસનું બીજું મહત્ત્વનું પાસું એ પણ છે કે આપણે ત્યાં વાવેતરયોગ્ય જમીન ખેડાણ નીચે છે જ, જેમાં અનાજ અને રોકડીઆ પાક ઉત્પન્ન કરવામાં આવે છે. છેલ્લાં દશ વર્ષમાં વાવેતરમાં ૩૬ ટકાનો વધારો થયો છે, ત્યારે એકર દીઠ પાકમાં ફક્ત ૧૬ ટકાનો વધારો થયો છે. આનો અર્થ એ કે એકર દીઠ પાકમાં પ્રતિવર્ષ ફક્ત ૧½ ટકાનો જ વધારો થયો. ભવિષ્યમાં વાવેતરની જમીનમાં ઘણો વધારો થઈ શકે તેવી શક્યતા ઓછી છે માટે જ એકર દીઠ પાકમાં સંગીન વધારો કરીને ખેતીના ઉત્પાદનની સ્થિતિ સમૃદ્ધ બનાવવી જોઈએ તેવો આગ્રહ ડૉ. વિ. કે. આર. વી. રાવે સેવ્યો છે. અમેરિકા કે બીજા પાશ્ચાત્ય દેશોના આંકડાઓ છોડી દઈએ અને ઈજિપ્ત, બ્રહ્મદેશ, થાઈલૅંડ વગેરે દેશોના આંકડાઓ તપાસીએ તો પણ આપણા દેશ કરતાં એકર દીઠ પાકનું ઉત્પાદન તે દેશોમાં વધારે છે તેમ જણાય છે. જ્યારે બીજી યોજનાનો અનુભવ તથા ત્રીજી યોજનાની વાસ્તવિકતાઓ નજર સમક્ષ છે, અનાજની પરિસ્થિતિ સાનુકૂળ છે, ત્યારે કેન્દ્ર સરકારે અને ખાસ કરીને રાજ્યોની સરકારોએ ઉત્પાદન ક્ષમતાનાં ખાસ વધારા દ્વારા ખેતીવાડીનું ઉત્પાદન વધારવાનું બીડું ઝડપી લેવું જોઈએ ખેડૂતોના દિલમાં પણ એવો વિશ્વાસ પેદા થવો જોઈએ કે તેઓ પણ અર્થતંત્રના મધ્યબિંદુ સમા છે અને ઉત્પાદન વધારવાથી તેમને ફાયદો જ થશે.' યોજનાના હિતમાં ખેતીવાડીના વિકાસ પરત્વે સરકારી તંત્રે શિથિલતા સેવવી ન જોઈએ.

આયાત-નિકાશ સમિતિઓની બેઠક

આ બેઠકમાં નાખેલા મુજબ વિવિધ ઉદ્યોગોની મુશ્કેલીઓની વિગતો રજૂ થઈ હતી. ઉદ્યોગોનું ઉત્પાદન ઢીલમાં ન પડે તે માટે વધુ ઉદાર નીતિ અપનાવવી જોઈએ અને નિકાશ પ્રોત્સાહન યોજનાઓ વધુ અસરકારક બનવી જોઈએ એ બાબતમાં વિગતવાર સૂચનો પણ થયાં, છતાં વિદેશી હૂંડિયામણની તંગ પરિસ્થિતિને લીધે આયાતો ઉપર આધાર રાખતા વિવિધ ઉદ્યોગોની હૂંડિયામણની જરૂરિયાતો સંતોષવાનું કાર્ય મુશ્કેલ બની રહ્યું છે અને તેથી સામાન્ય રીતે તેઓએ પોતાની જરૂરિયાતોની કાચી ચીજવસ્તુઓ કાં તો દેશના આંતરિક બજારમાંથી મેળવી લેવી અથવા તો પોતાના ઉત્પાદિત માલના નિકાશ સામે હૂંડિયામણ કમાઈ લેવું એવો ચોક્કસ મત સરકારી ક્ષેત્રે પ્રવર્તે છે ૧૯૬૧ની સાલની નિકાશોમાં ૧૯૬૦ કરતાં રૂ. ૩૪ કરોડનો વધારો નોંધાયો છે, છતાં આપણી ચિંતા ઘટી છે એમ કહી શકાય નહિ ત્રીજી યોજનાના નિકાશ લક્ષ્યાંકોને પહોંચી વળવા પ્રતિ વર્ષ ઓછામાં ઓછી રૂ. ૧૦૦ કરોડની નિકાશો આપણે વધારવી રહી આપણી નિકાશો પરદેશની હરીફાઈમાં ટકી રહે તે માટે તેની કિંમત પરવડે તેવી રહેવી જોઈએ. છેલ્લાં સાત વર્ષોમાં જાપાન, પશ્ચિમ જર્મની, ઈટાલી વગેરે દેશોમાં નિકાશ થતા માલની કિંમતમાં ઘટાડો થયો છે, ત્યારે આપણે ત્યાં તેમાં ૧૦ ટકાનો વધારો થયો છે. આ બાબતમાં સરકારી ક્ષેત્રે લેવાતાં પગલાં ઉપરાંત, વેપાર-ઉદ્યોગે પણ ઘણું કરવાની જરૂર રહે છે. શ્રી. રામસ્વામી મુદ્દાલીઅરે બેઠકમાં જણાવ્યું હતું કે આપણા દેશને ઔદ્યોગિક માનસ કેળવતાં સારો એવો સમય લાગ્યો. હવે નિકાશ માટેનું માનસ કેળવવાની જરૂર ઊભી થઈ છે. ખાનગી ક્ષેત્રે દેશના ઔદ્યોગિક વિકાસમાં પોતાનો કિંમતી ફાળો આપ્યો છે ને સાહસ અને કુનેહથી યોજનાના

વિકાસને આગળ ધપાવ્યો છે. નિકાસવૃદ્ધિ અર્થે નિકાસ-ઉદ્યોગોએ પોતાના વિવિધ એકમની સગવડો એકત્રિત કરવી જોઈએ અને સામૂહિક કાર્યક્રમ હાથ ધરવો જોઈએ, જેથી આખાએ ઉદ્યોગને નિકાસોમાં થતી ખોટ દેશની વપરાશના નફામાંથી ભરપાઈ થઈ શકે.

તદ્દન આવશ્યક ગણાય તેવી જ આયાતો આપણે કરીએ છીએ ને નિકાસો ખાસ વધતી નથી તે પરિસ્થિતિને ભારત સરકારના વ્યાપાર અને ઉદ્યોગ ખાતાના પ્રધાન શ્રી કે. સી. રેડ્ડીએ એક રાષ્ટ્રીય કટોકટી તરીકે વર્ણવી હતી ને તેને હલ કરવા સરકારને બધી રીતે સહકાર આપવા વેપાર-ઉદ્યોગને તેમણે ખાસ અનુરોધ કર્યો છે. આગામી આયાત નીતિની જાહેરાત ચાલુ માસના આખરમાં થશે.

મુદાલીઅર કમિટી

સરકારની આયાત-નિકાસ નીતિની તથા કાર્યપદ્ધતિઓ સરળ બને તે માટેની તપાસ કરવા શ્રી રામસ્વામી મુદાલીઅરના પ્રમુખપણા નીચે ભારત સરકાર તરફથી જે કમિટી નીમવામાં આવી હતી તેણે પોતાનો હેવાલ સરકારને સુપરત કરી દીધો છે. નિકાસો વધારવા માટે ફરજિયાત કાનૂની તત્ત્વ દાખલ કરવું જોઈએ તે સૂચનાને કમિટીએ અસ્વીકાર્ય ગણી છે ને તેને સ્થાને લોકો દ્વારા સ્વેચ્છાએ વપરાશ પર કાપ મૂકાય ને ઉદ્યોગો પોતાની નિકાસો વધારવા તત્પર થાય તે માટે લોકમત જાગૃત કરવાની કમિટીએ હિમાયત કરી છે. નિકાસની શક્યતાવાળા ઉદ્યોગો પોતાની કાચા માલની જરૂરિયાતો આયાત કરી શકે તે માટે લગભગ રૂ. ૨૫ કરોડનું એક રિવોલ્વીંગ ફંડ ઊભું કરવું જોઈએ એવી કમિટીની અગત્યની ભલામણ છે. અગાઉની જેમ આયાત પરવાનાઓ વર્ષમાં એક વાર આપવા જોઈએ એવી પણ કમિટીની ભલામણ છે ને સરકારે લગભગ તેનો સ્વીકાર પણ કર્યો છે. વિદેશી હૂંડિયામણની વિષમ પરિસ્થિતિ જોતાં નવા ઉદ્યોગો સ્થાપવા માટે આયાતો કરવા[1] તરફ લક્ષ આપવું જોઈએ કે જૂના ઉદ્યોગોની શક્તિનો પૂરેપૂરો વપરાશ થાય તે રીતે આયાતો થવા દેવી જોઈએ તે બાબતમાં કમિટીએ સ્પષ્ટ સૂચન કર્યું છે કે આવી ભેદરેખા શક્ય નથી. આ વિવાદાસ્પદ બાબતમાં વાસ્તવિક અને સમતોલ નિર્ણય પર આવતાં કમિટીએ જાહેર કર્યું છે કે ઉત્પાદન વધે, ઉત્પાદન ખર્ચ ઘટે, આયાતો ઓછી થાય અને નિકાસવૃદ્ધિ થતી રહે તે રીતે સરકારે ઝીણવટથી અવારનવાર તપાસ કરવી જોઈએ ને પોતાની નીતિમાં અનુકૂળ ફેરફારો કરવા જોઈએ. કમિટીએ એ બાબત પર ખાસ ભાર મૂક્યો છે કે નિકાસ થતી ચીજ-વસ્તુઓ પર કેન્દ્ર અને રાજ્યોની સરકારોએ વધુ પડતા વેરાઓ ન જ નાખવા જોઈએ અને બીજા દેશોમાં આપવામાં આવે છે તેમ આવકવેરા વગેરે અંગે નિકાસ કરનારાઓને યોગ્ય વળતર મળવું જોઈએ. મુદાલીઅર કમિટીની ભલામણોની દૂરગામી અસર ભારતના વિદેશ વ્યાપાર પર થશે એમ ચોક્કસ લાગે છે. કમિટીની ભલામણો અંગે ભારત સરકાર તેમના નિર્ણયો ચાલુ માસના આખરમાં જાહેર કરશે.

[1] ભારતમાં વિશ્વમાં અજોડ ગણી શકાય તેવી ત્રીજી સામાન્ય ચૂંટણી થઈ ગઈ છે, અને પ્રજાનો વિશ્વાસ સંપાદન કરીને કોંગ્રેસ પક્ષ, કેન્દ્રમાં અને બધા રાજ્યોમાં ફરીથી સત્તાસ્થાને આવ્યો છે.

સમાજવાદી સમાજરચના

આયોજિત આર્થિક વિકાસના આ અગિયાર વર્ષ દરમિયાન દેશે ઘણી દિશામાં પ્રગતિ કરી છે ને સિદ્ધિઓ હાંસલ કરી છે સામાન્ય પ્રજાએ પણ યોજનાનો સારો એવો ભાર વહન કર્યો છે, પણ તેમને યોજનાનાં પરિણામો ખાસ સ્પર્શ્યાં નથી તે હકીકત છે. આર્થિક જીવનને સ્પર્શતા હજી તો ઘણાયે પાયાના પ્રશ્નોને લગતી ગૂંચો ઉકેલવાની બાકી છે. આ સંદર્ભમાં ચૂંટણી પહેલાં અને ચૂંટણી પછી એના એંધાણ નજરે ચઢે છે કે સમાજવાદી ચિત્રને સાકાર બનાવવા ત્રીજી પંચવર્ષીય યોજનાનાં હવે પછીનાં ચાર વર્ષોમાં આર્થિક નીતિને એવો વળાંક આપવામાં આવશે કે દેશની પ્રગતિની સાથોસાથ સામાન્ય પ્રજાને પણ આયોજનનાં પરિણામો કાયમી રીતે સ્પર્શતા જાય અને રોજબરોજના જીવનમાં તેમને દેખીતો નક્કર લાભ જણાય. સામાન્ય પ્રજાજન યોજનાના વિકાસમાં પોતાનો સભર ફાળો હસતે મોંએ આપી શકે તે માટે આવો ફેરફાર અનિવાર્ય ગણવો જોઈએ. યોજનાની સફળતા માટે પણ આ આવશ્યક છે, કારણ લોકશાહી ઢબે થતા આર્થિક આયોજનને પ્રજાના સહૃદયી સહકાર વિના ચાલે એમ નથી. ત્રીજી ચૂંટણીને પરિણામે, સંરક્ષણ પ્રધાન શ્રી. વી. કે. કૃષ્ણમેનનના શબ્દોમાં કહીએ તો, લોકશાહી અને સમાજવાદનાં તત્ત્વો દેશમાં વધુ દૃઢ થયાં છે.

[આકાશવાણીના સૌજન્યથી]

સુનિયા

મૂળ લેખક : હર્ષદેવ માલવિયા
અનુવાદક : શંકર ભટ્ટ

દિલ્હી — એના ઉપર નવી દિલ્હી !

દિલ્હી, એના ઉપર નવી દિલ્હી, અને નવી દિલ્હીનો આજનો મુખ્ય માર્ગ જનપથ (પહેલાં જેને 'ક્વીન્સ વે' કહેવામાં આવતો હતો) અને તે પર આવેલી ઇમ્પીરિયલ હોટલ.

ઓ હા, ઇમ્પીરિયાલિઝમે— સામ્રાજ્યવાદે તો ભારતમાંથી વિદાય લીધી છે, પણ રાજધાનીમાં ઇમ્પીરિયલ હોટલ હજુય ઊભેલી છે. નિકટના ભાવિમાં એના નામનું પણ ભારતીયકરણ થશે એ ચોક્કસ છે, જેમકે અશોક હોટલ, રાષ્ટ્રીય હોટલ ઇત્યાદિ. અને ત્યારે પછી ત્યાં ખાદીના પડદા ટીંગાડવામાં આવશે, અને ગ્રામોદ્યોગોની વાનગીઓનું પ્રદર્શન રચાશે. પણ હમણાં તો આંખોને આંજી નાખતી ઇમ્પીરિયલ હોટલમાં બૉલ-ડાન્સ થાય છે, શરાબની બાટલીઓ-માંથી ફુવારા છૂટે છે, કોકટેલ પાર્ટીઓ ધડપટ્ટે યોજાય છે અને વિદેશી ઓરકેસ્ટ્રા અને બૅન્ડોની ધૂન પર ઐશ્વર્ય અને સંપત્તિના ખેલ ખેલાય છે, એનું અનવરત નર્તન થાય છે.

અને, નવી દિલ્હીની આ ઇમ્પીરિયલ હોટલના પાછળના ભાગમાં ? હોટલના પાછલા ભાગમાં કચરાના ઢગલા, વરસાદના દિવસોમાં નાના મોટાં અસંખ્ય તળાવોની યાદ અપાવનારા સડક ઉપરના ખાડાઓ અને ઉઘાડા પગોને ઈજા પહોંચાડનારા પથ્થરો પડ્યા રહે છે. ક્વીન્સ વે અને એ પર આવેલી ઇમ્પીરિયલ હોટલ જ્યારે વીજળીના પ્રકાશમાં ચમકતાં હોય છે ત્યારે એની પાછળના ભાગમાં જમાનાઓના અંધારનું સામ્રાજ્ય જામેલું હોય છે. ક્વીન્સ વે અને ઇમ્પીરિયલ હોટલમાં સૂટબુટમાં સજ્જ સદ્‌ગૃહસ્થો અને અદ્યતન સાડીઓ તથા સલવારોમાં શોભતી સન્નારીઓ ઘૂમતી હોય છે ત્યારે એની પછવાડે હોટલના ખાનસામાઓ બીડી પીતા હોય છે, ધોબીઓની ભઠ્ઠી ચડે છે અને હોટલવાળાનાં કપડાં ધોવાય છે.

એની પાછળ એક સુનિયા રહે છે. સુનિયાની પિછાન આમ થઈ.

કોણ જાણે કેવી રીતે પણ દીવાલમાં અભરાઈ ઠોકી બેસાડી એક નાનકડો ગલ્લો બનાવી દેવામાં આવ્યો હતો. ભલભલા અચંબામાં પામે એવી આ દુકાન. બીડી, સિગરેટ, પાન અને મેચીસ-એની દુકાનમાં મુખ્ય વેચાતી ચીજો છે. પણ અહીં વેચાતી અન્ય ચીજોની યાદી પણ લાંબી છે. જેવી કે સોય, દોરો, ફટાકડા, તેલ, સાબુ, મધ, દાતણ, માથેની રીબન, પતંગની દોરી, લટ, ઇત્યાદિ ઇત્યાદિ.

અને ગલ્લાના માંચડા નીચે બે વાંસના ટેકા ઊભા રાખવામાં આવેલા છે. દુકાનનો માલિક ગલ્લાના એક ખૂણે બેસી વેપાર કરે છે એની બાજુમાં જ ખૂણામાં નીચે એક સગડી બળે છે. એના પર ચા અને ચાવલ પકાવવામાં આવે છે.

એક દિન.

ઇમ્પીરિયલ હોટેલનો એક ખાનસામો વીસ નંબરની બીડી સળગાવી દુકાન સામે મૂકેલા ટેબલ ઉપર બેસી દુકાનદારના છોકરાને બબડાવતો હતો. ખાનસામાએ પોતાના વાળ અદ્યતન અંગ્રેજી ઢબે કપાવેલા હતા અને દૂધ જેવાં ધોળાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં.

"શાઇસ્તાખાં" ઘોઘરા સાદે તે બોલ્યો, "ઔરંગઝેબનો મામો હતો. તે ખૂબ બહાદુર હતો. રોજ એક બકરો ખાતો." એ પછી એનો અવાજ સાવ બદલાઇ ગયો: "અરે ઓ સુનિયા, તારો કલુઓ ક્યાં છે? કાલે આવ્યો 'તો યા નહિ? કાલે શું લઇ ગયો તે?"

એ પછી તે 'હી હી હી હી' કરીને હસી પડ્યો. લુબ્ધ નજરે દુકાનદાર તરફ જોયું અને કોઇ ગીતની કડી ગણગણી ઊઠ્યો. અને પછી ફરીથી એના પેલા ઘોઘરા સાદે દુકાનદારના બાળકને પેલા ઔરંગઝેબના મામા શાઇસ્તાખાંની વાતો કરવા લાગ્યો.

પણ એ પછી એક બાજુથી તીક્ષ્ણ અને ઊંચા સાદે અવર્ણનીય અને કલ્પનાતીત ગાળોનો ફુવારો છૂટ્યો. ફુવારાની આ ધારાઓ, જાણે કદીય ખતમ ન થવાની હોય એવી, એક પછી એક કડીબદ્ધ, નિહાયત આસાનીથી વહેતી અને એક જ ગતિની હતી. અને ખૂબીની વાત તો એ હતી કે એના અવાજમાં કોઇ ચડ-ઉતર નહોતી, એમાં નહોતો આવેશ, નહોતી ઉમંગ—એક જ સૂરે ને એક જ સરખી!

એ અવાજ સુનિયાનો હતો.

નજર નાખી તો જણાયું કે દુકાનથી થોડે દૂર જાણે કપડાંનો એક ઢગલો ચાલી રહ્યો હતો. એ કપડાંનો ચાલતો ઢગલો સુનિયા હતી. એણે ચાર યા પાંચ છ ઘાઘરા પહેરી હતી તે કહેવું મુશ્કેલ હતું. ઠેકઠેકાણે ફાટ્યાં પડ્યાં હોવાથી જાતજાતના રંગ પણ ઉપસી આવતા હતા પણ એ રંગનો ખ્યાલ ધ્યાનથી જોઇએ તો જ આવતો હતો. ઘાઘરા પર કાળા મેલના થર પણ જામેલા હતા. સ્પષ્ટ જણાતું હતું કે જેમ લેંઘા મળતા ગયા તેમ સુનિયા તેને ચડાવતી ગઈ! એક કોટ પણ ચડાવેલો જણાતો હતો, જૅકેટ જેવું પણ કૈંક ચડાવેલું જણાતું હતું. ખમીસ પણ હતું, અને ખમીસ નીચે પણ કૈંક પહેરેલું હતું. અને માથે પણ કાંક પહેરેલું હતું, તે પણ એવી રીતે કાન ઉપર થઇને તેના લીરા નીચે લટકતા હતા—અને કદાચ એકાદ દુપટ્ટાનો પટ્ટો પણ એમાં લટકતો હોય તો અસંભવિત નહિ.

સારાંશ એ કે સુનિયા એક બોલતા-ચાલતા કપડાંના ઢગ જેવી જણાતી હતી. એની ચાલ એકસરખી અને લયબદ્ધ, એના મુખમાંથી નીકળતો ગાળોના સુર સાથે. ગાળો દેતી દેતી એ દુકાન આગળ થઈને આગળ નીકળી ગઈ. પણ એની ગાળો બંધ ન પડી એની ગાળોનો ભંડાર અખૂટ હતો.

અને એ દિવસથી મેં સુનિયાનું ધ્યાન રાખવા માંડ્યું. એ પછી કેટલાક દિવસો રહીને જ્યારે કકડતી ઠંડી પડતી હતી ત્યારે રાતે લગભગ નવ વાગ્યે હું ઇમ્પીરિયલ હોટલની પાછળ થઇને નીકળ્યો એક ઝાડ નીચે ઝવરું બળતુ હતું. એના પ્રકાશમાં મેં જોયું તો સુનિયા તાપણાની લગોલગ ચાટી પડેલી હતી—ઊંઘતી યા જાગતી તે હું કહી શકું એમ નહોતું. અને સુનિયાનો ચહેરો—એ તો મેં કેટલાય દિવસોથી ભાળ્યો નહોતો,—કારણ, કપડાંથી માથું, મોઢું, કાન સિફ્ફે ખૂબ જ ઢંકાયેલા હોવાથી તે દેખાતો નહોતો.

એક દિવસ ઠંડી ઘટી રહી હતી અને બપોરનો તડકો ધમધમ કરતો. ધરતીની ધૂળને તપાવી રહ્યો હતો. એ ટાણે ત્યાં થઇને જતાં મેં જોયું તો સુનિયા સડકની બાજુ પરના ઝાડ નીચે સૂકાં લાકડાં વીણતી કૈંક બડબડાટ કરી રહી હતી સુનિયાની એક ખાસિયત હતી:

એ પોતાના કામમાં, પોતાના બબડાટમાં એવી તો વ્યસ્ત રહેતી કે એની આજુબાજુ શું બને છે તેનું એને ભાન પણ રહેતું નહોતું. સડક ઉપર લોકો આવતા અને જતા હતા પણ એને એનું સહેજેય ભાન હોય એવું જણાતું નહોતું. અને પેલે દિવસે પેલા ખાનસામાના પ્રશ્નના જવાબમાં સુનિયાનું પેલું ભયંકર ગાલિપ્રદાન મેં ન સાંભળ્યું હોત તો હું એમ જ માનત કે એ બહેરી છે—બોમ્બ ફૂટે તો પણ કદાચ એની એકાગ્રતા તૂટે એવી નહોતી.

પણ સુનિયાનો એ લવારો હતો શું? એકસરખો અને તાવબદ્ધ! એના ભાષણનો સારાંશ નીચે મુજબ હતો:

"એણે તો મને મારી નાંખી! એણે મને ખૂબ જ તકલીફમાં મૂકી. હું તો એની પાછળ બરબાદ થઈ ગઈ. મેં મારું સર્વસ્વ એને આપી દીધું. દસ દિનથી એના કોઈ વાવડ નથી. નથી આવ્યો. માર મારી ચાલી ગયો છે. રાંધું છું, ખવડાવું છું. એ દિવસે પણ મેં એને ફળી ખવડાવી હતી હત્યારાએ મારો જાન લીધો છે. અને હવે ક્યારે આવશે તેની ખબર નથી. હરામજાદાએ એટલો માર માર્યો છે કે મારી પીઠ હજુય કળે છે. ભારે જાલિમ, અરે જુલમી, મારા હાલ કેવા થઈ ગયા છે. ખોરાક પણ ખવાતો નથી. આમ ને આમ તો હું મરી જવાની. ખબર નથી એ ક્યારે આવશે. ભારે હરામજાદો છે..."

ભારે લાંબો અને અનંત હતો સુનિયાનો લવારો. અને એ દિવસે, કદાચ સખત તાપને કારણે એણે પોતાના દેહ ઉપર કપડાં લપેટેલાં નહિ હોય. મેં સુનિયાની સૂરતને બરાબર નિહાળી. એની સૂરત ખૂબ જ ફાંગી, તબિયત સરસ, ભરપૂર યૌવન. એના ભારે ગાલમાં ખૂબ જ લોહી વહેતું હતું. એથી એની કાળી ચામડી પણ લાલ લાલ દેખાતી હતી. કાળાશ્યામ કાળા અને લાંબા ચમકદાર એના વાળ હતા. આંખોમાં નશો હતો. પણ એ સાથે એમાં કોઈ પ્રકારની ચમક પણ હતી. કદ સપ્રમાણ. પણ બેહદ ગંદી, ખૂબ જ મેલથી ભરપૂર. એવું સ્પષ્ટ દેખાતું હતું કે મહીનાથી એના શરીરને પાણીનો સ્પર્શ જ થયો નહિ હોય! બની શકે કે એ કદિ નહાતી પણ નહિ હોય.

અને પછી તો એવો પણ મોકો મળ્યો જ્યારે મેં સુનિયાને નવી દિલ્હીની ઇરવિનસ્ટન કનાટ સરકસ, રીગલ થઈ રીવોલી સિનેમા કે પાસે યા કવોલિટી, ગેલાર્ડ, ડેવી જેવા ફાંકડાર રેસ્ટોરાંઓની બાજુમાં ભીખ માગતી જોઈ હતી. "એક આના બાબુજી" એવું કહી એ પોતાનો હાથ લાંબો કરતી ત્યારે એની આંખોમાંથી ભારે દર્દ ટપકી પડતું. એ ટાણે એ કરુણાની મૂર્તિ જણાતી જે કોઈ એના તરફ જોતું તેના દિલમાં અનાયાસે દયા ઉભરાઈ પડતી. આ ઉપરથી એવું અનુમાન થઈ શકતું કે એ સિદ્ધહસ્ત ભિખારણ હતી, અને નોંધવા જેવું તો એ હતું કે એક આના કરતાં ઓછું એ માગતી નહોતી. 'એક આનો'—"એક પૈસો" નહિ! ભીખ માગતી વેળાએ પોતાના મોં ઉપર ચોક્કસ પ્રકારના ભાવો ઉપસાવવામાં એ પાવરધી હતી. કોની આગળ હાથ લાંબો કરવો અને કોની આગળ નહિ તેની એને પાકી સમજ હતી. અને કોઈ જો એનો તિરસ્કાર કરતું તો એ ફટ જવાબ આપતી: "ખીજાવાની શી જરૂર છે, બાબુજી."

સુનિયા મને ઉત્તરોત્તર રહસ્યમય જણાઈ. એ કોણ છે, ક્યાંથી આવી છે, ઇમ્પીરિયલ હોટલની પાછળ શા માટે પડી રહે છે, એ જાલિમ કોણ ને તે 'હલુઓ' કોણ છે, એનું કોઈ છે યા નહિ? એવા એવા અનેક પ્રશ્નો મને સતાવતા હતા.

એ દરમિયાન નવી દિલ્હીમાં એક નવી વાત સાંભળવા મળી અને તેથી તો એ વધુ રહસ્યમય બની ગઈ. કેટલીય વાર ચેતવણી આપ્યા પછી જ્યારે એક બુઢ્ઢી ભીખ માગતી માલૂમ પડી કે તરત જ પોલીસ તેને પકડીને થાણે લઈ ગઈ. તપાસ કરતાં એની પાસેથી પાંસઠ રૂપિયા રોકડા અને બેંકની એક પાસબુક પણ નીકળી. પાછળથી ખબર પડી કે બેંકમાં ૩૫૦૦ રૂપિયા એણે જમા કરાવેલા હતા. બીજે દિવસે એક સાહેબ એ ડોકરીના જામીન તરીકે આવ્યા. અને ત્યારે ખબર પડી કે તે તો કેન્દ્રીય સચિવાલયમાં કોઈ કર્મચારી હતો અને પેલી ડોકરીનો દીકરો હતો!

એ પણ સાફ હતું કે સુનિયા અત્યંત સફળ ભિખારણ હતી. મને થયું કે એણે પણ કદાચ મોટી રકમ જમા કરી હશે. અને અનાયાસ મનમાં વિચાર ઊઠ્યો કે એ રકમ કદાચ ઇમ્પીરિયલ હોટલની પાછળના પેલા ઝાડ નીચે દાટેલી પણ પડી હોય: સુનિયાનું એ જ નિવાસસ્થાન હતું. એ માન્યતાનું કારણ એ હતું કે ધીમે ધીમે એ જગ્યા પરની એની દાદાગીરી ઉત્તરોત્તર વધતી જતી હતી. પહેલાં તો એક નાનો અમથો ચોકો હતો—સાફ અને સૂફ. કચરો, એમાં નહિ પણ એની આજુબાજુ ઢગલાબંધ હતો. પણ પછી સડક પરથી કોઈ આવી પગ ન મૂકે એ માટે ભાંગીતૂટી ઝાડની ડાળી અને લાકડાંના ટુકડાઓની એક દીવાલ ઊભી થઈ ગઈ. અને જતો આવતો કોઈ જિજ્ઞાસુ એના ઉપરથી નજર નાખી જુએ તો ખબર પડે કે એ દીવાલની પેલે પાર એક નાનકડી દુનિયા સર્જાઈ રહી હતી. એ સ્થિર નહોતી અને એમાં રોજબરોજનું પરિવર્તન થતું હતું. દાખલા તરીકે, પહેલાં જ્યાં માટીની હાંડલીમાં ભાત રંધાતો હતો ત્યાં હવે એલ્યુમીનિયમની તપેલી આવી ગઈ હતી. સિગારેટના થોડા ડબ્બા પણ નજરે પડતા હતા. એમાં સુનિયા મરીમસાલા રાખતી હતી. એ પછી થોડા દિવસો બાદ એક તૂટેલી ટ્રંક પણ દેખા પડી. એમાં સુનિયાએ શું સંઘરી રાખ્યું હતું તેની ખબર નહોતી. અને હવે એક બીજો અને મોટો ફેરફાર થયો હતો: સુનિયાની એ જગ્યા—એ ચોકો ગોળાકાર મટી ચોખંડો બની ગયો. પહેલાં ઝાડ નીચે સાફસૂફ રહેતી ગોળ જગ્યા હવે ચોખંડી બની ગઈ.

અને જેમ મોટામોટા કોયડા પણ આખરે ઉકલે છે તેમ સુનિયાનું રહસ્ય પણ ક્રમશઃ ખુલ્યું. એના જન્મસ્થાનની ચોક્કસ માહિતી તો ન મળી પણ તે ઉત્તર ભારતની હતી, સંભવ છે કે ઉત્તર પ્રદેશના પશ્ચિમી જિલ્લાની હતી એટલી ખબર પડી. કારણ કે એની બોલી ત્યાંના લોકો જેવી જણાતી હતી.

અને એક દિવસ 'કલુઆ'નાં પણ દર્શન થયાં. સાંજે ચાર વાગ્યા હતા. એ ઝાડ નીચે બેસી એ સુનિયા સાથે ચાની લિજ્જત માણી રહ્યો હતો. સાથે એક બીડી પણ ધૂપતી હતી.

કલુઆનો રંગ સુનિયાના જેવો જ હતો. ખાખી પેંટ અને કોટ. વાળની કટ ઇંગ્લિશ પણ કંઈક વિખરાયેલા. હોઠ બેહદ કાળા. એનું કારણ એ હતું કે એ બેહદ બીડી પીતો હતો. અને એ કારણે જ એને બેહદ ખાંસી આવતી હતી. એની વય ચાળીસ પચ્ચીસ વર્ષની હશે. ડાબા કાનમાં એક વાળી લટકતી હતી અને તેનો રંગ પીળો પડી ગયો હતો. કદાચ સોનાની પણ હોય. એના ઉપલા જડબાના વચ્ચેના દાંતો ઉપર સોનાનું પડ ચડાવેલું હતું. આંખ કંઈક ઝીણી પણ ભ્રમર ખૂબ કાળી હતી. કલુઓ ક્યાંક નોકરી કરતો હતો, ચપરાસીની કે એવી જ!

કલુઆનું આ દર્શન. એનું અને સુનિયાનું એક સાથે બેસવું અને પરમ સંતોષ તથા પ્રેમપૂર્વક ચાની લિજ્જત માણવી. અને પેલા ખાનસામાના જવાબમાં આપેલ સુનિયાનું ભાષણ—આ બધા બનાવોની પરંપરા વ્યવસ્થિત કરતાં મારા મગજમાં સુનિયાની તસ્વીર સ્પષ્ટપણે ઊઠી. અને એક વિશેષ માહિતી મળી 'કલુઆ' નામ તો હોટલના ખાનસામા વગેરેએ પાડેલું હતું. કલુઆ હકીકતમાં મદ્રાસી છે. ઉત્તર ભારતમાં આપણે જેને મદ્રાસી સમજીએ છીએ, તે આંધ્રપ્રાંતીય યા તામિલ, અથવા મલયાલી યા કર્ણાટકી પણ હોઈ શકે. જો હો તે પણ 'કલુઆ'ના ચોક્કસ જન્મસ્થાનની માહિતી મળી ન શકી. પણ એક વાત ચોખ્ખી હતી. નવી દિલ્હીમાં પ્રસરેલી દક્ષિણ ભારતી જાતિનું એ એક રત્ન હતું.

સમય વીતતો ગયો. બહુ દિવસો, અનેક મહીના બાદ એક દિન ગોધૂલી ટાણે હું ત્યાં થઈને નીકળ્યો ત્યારે મેં એક નવજાત શિશુનું રૂદન સાંભળ્યું. સુનિયાના ઝાડની નજદીક સરકતાં મેં જોયું તો કલુઆ એક રોતાં શિશુને હાથમાં લઈ ઝુલાવતો હતો, પ્યાર કરતો હતો, ઇગે-રિગે મદ્રાસી બોલીમાં કૈંક બોલી બાળકને છાનો રાખવા પ્રયત્ન કરતો હતો. સુનિયા ચૂલો સળગાવી રહી હતી અને "અરે હરામી, છાનો કેમ રહેતો નથી?" એવું દાંત પીસી બોલતી હતી પણ શિશુનું રૂદન તીવ્રતર થતાં એ ઊઠી અને કલુઆ પાસેથી બાળકને પોતાના ખોળામાં લઈ લીધું.

માતાની ગોદમાં જતાં જ બાળક શાંત પડી ગયું.

અને પછી તો ઝાડ નીચે ઝાડની ડાળી, સાદડી, ઝાંખરાં વગેરેની એક ગેરકાયદે ઝૂંપડી ઊભી થઈ ગઈ. કલુઆ ત્યાં નિયમિત આવે છે, છેવટ રાતનું ખાણું તો ત્યાં જ લે છે અને આરામ પણ ત્યાં જ કરે છે. સુનિયા હજુય પોતાના બાળક સાથે ભીખ માગતી જોવા મળે છે. પણ એ વાતનો પત્તો પડ્યો નથી. પહેલી તો કલુઆ હવે સુનિયાને મારે છે યા નહિ; અને બીજી, નવી દિલ્હીની મ્યુનિસિપલ કમિટી યા નવી દિલ્હીની પોલીસ, ઇમ્પીરિયલ હોટલ પાછળની મ્યુનિસિપલ જમીન ઉપર સુનિયાએ ગેરકાયદે ઊભી કરેલી ઝૂંપડીને રહેવા કેમ દે છે, એને ઉખેડી ફેંકી કેમ દેતી નથી તે!

*

→ 'પ્રસ્થાન'ના ગ્રાહકોને—જે ગ્રાહકોનું 'પ્રસ્થાન'નું લવાજમ હજી બાકી હોય તેમને વિનંતી છે કે તેઓ હવે તે બને તેમ જલદી મ. ઓ. થી યા ચેકથી મોકલી આપે. —વ્યવસ્થાપક

ઇડરીઓ ગઢ

'અભ્યાસી'

[ત્રીજી રાષ્ટ્રીય ચૂંટણી અંગે અંગત આક્ષેપોથી રહિત, પૃથક્કરણાત્મક વિવેચનો માટે અમે જાહેર નિમંત્રણની અમારી યોજનામાં આ એક વિચારશીલ રજૂઆત આવી છે તે અહીં પ્રગટ કરીએ છીએ. અને બીજાં આવાં વિચારશીલ પૃથક્કરણોને નોતરીએ છીએ. —સંચાલક]

કન્યાને લઈ ઘરે જતી જાનની જાનૈયણો વિજયની ખુમારીથી ગાતી હતી: "અમે ઇડરીઓ ગઢ જીત્યા રે...." એટલી જ ખુમારીથી ગુજરાત પ્રજા સમાજવાદી પક્ષે ગણદેવીની બેઠક જીત્યાનાં ગાણાં ગાયાં છે.

અને ગણદેવીનો ગઢ ખરેખર ઇડરીઓ ગઢ હતો. એ માટે—એ ગઢને સર કરવા માટે—ત્રીજા ચૂંટણીજંગમાં ગુજરાતના બે પ્રમુખ પક્ષોએ પોતાના બે સર્વોપરી હેદ્દારોને ઊભા રાખ્યા હતા.

ગુજરાત વિધાન સભાની બેઠક માટે કોંગ્રેસે પોતાના ઉમેદવાર તરીકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શ્રી. ઠાકોરભાઈ દેસાઈને, ત્યારે સામા પક્ષે પ્રજા સમાજવાદીઓએ પોતાના ઉમેદવાર તરીકે ગુજરાત પ્રજા સમાજવાદી પક્ષના પ્રમુખ શ્રી. ઈશ્વરલાલ દેસાઈને ઊભા રાખ્યા હતા.

પ્રારંભમાં સામ્યવાદી પક્ષે એની સુરત શાખાના મંત્રી શ્રી. અમૃતલાલ દેસાઈનો ઘોડો પણ મેદાનમાં ઉતાર્યો હતો. પણ પાછળથી એમણે પ્રજા સમાજવાદી ઉમેદવાર શ્રી. ઈશ્વરલાલ દેસાઈની તરફેણમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી.

અને ગણદેવીનો ગઢ ખરેખર ઇડરીઓ ગઢ બની ગયો. ચૂંટણી દરમિયાન ચાલેલા પ્રચાર અને તે પછી બહાર પડેલાં સુચનાર પરિણામો કહી જાય છે કે અહીં ખેલાયેલો જંગ ઇડરીઆ ગઢના સંગ્રામ જેટલો જ—કદાચ એથી પણ ઉગ્ર હતો.

પરિણામે પ્રજા સમાજવાદી શ્રી. ઈશ્વરલાલ દેસાઈએ લગભગ ૩૬૦૦ મતે વિજય મેળવ્યો હતો—લગભગ ૩૬૦૦ મતે શ્રી. ઠાકોરભાઈ દેસાઈને હરાવ્યા હતા.

ચૂંટણી પહેલાં ચાલેલા પ્રચાર દરમિયાન આ પરિણામની કલ્પના કોઈએ કરી નહોતી. અને છાવણીઓમાં મતદાન થયાની સાંજે આંકડાની કલ્પના કરવા બેઠેલા નિષ્ણાતોએ, હરીફાઈ તીવ્ર હોઈ વિજયી ઉમેદવાર ૫૦૦ થી ૮૦૦ મતે જીતશે એવી માન્યતા વ્યક્ત કરી હતી.

અને પરિણામ બહાર પડતાં જ્યારે ૩૬૦૦ જેટલા મતે કોંગ્રેસી ઉમેદવાર શ્રી. ઠાકોરભાઈની હાર જાહેર થઈ ત્યારે ઘણાએ આંચકો અનુભવ્યો હતો. વિજયી ઉમેદવારને વિજયનો આનંદ માણવાનો અધિકાર સ્વાભાવિક છે. પ્રજા સમાજવાદી પક્ષે એ વિજયને ઇડરીઓ ગઢ જીત્યાનો ઉત્સવ મનાવ્યો હતો.

અને મહદ્ અંશે એ પરિણામ પ્રત્યે સમગ્ર ગુજરાતનું લક્ષ પણ ખેંચાયું હતું.

તાજેતરમાં ચૂંટણી પહેલાં જામી પડેલા દસ વર્ષની નિવૃત્તિ મર્યાદાના પ્રશ્નના વિવાદમાં

શ્રી. ઠાકોરભાઈ દેસાઈ ખૂબ જ આગળ આવ્યા હતા. એ દશ વર્ષના નિયમના વિવાદથી ખુદ કોંગ્રેસ સંસ્થામાં ભારે વિવાદ ઊભો થયો હતો. કોંગ્રેસના ગઢ ગણાતા ગુજરાતમાં તરાડો પડી હતી. શ્રી ઠાકોરભાઈ સંસ્થાકીય પાંખના આગેવાન હતા એ પાંખની ચોક્કસ માંગી હતી. એ પાંખ કોંગ્રેસપ્રમુખ સંજીવ રેડ્ડીના સૂચનને અમલમાં મૂકવા માગતું હતું. પાછળથી સમાધાન થયું. અને કોંગ્રેસ સંસ્થાનું ધ્યાન ચૂંટણીમાં પરોવાયું. ચૂંટણી પહેલાં શ્રી. ઠાકોરભાઈ દેસાઈને પ્રધાનમંડળમાં મળનારા સ્થાનનો પણ ઉલ્લેખ થતો હતો.

'ગણદેવી તાલુકામાં કોંગ્રેસનું કામ ઓછું નથી. તદુપરાંત સામાન્ય રીતે રાજકારણથી અળગી રહેતી ગુજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થાએ પણ શ્રી ઠાકોરભાઈ માટે કામ કર્યું હતું. રાષ્ટ્રીય કક્ષાના નેતા શ્રી મોરારજીભાઈ પણ પ્રચાર માટે ગયા હતા.

તો પ્રજા સમાજવાદી પક્ષે પણ શ્રી. પ્રેમ ભાસીન જેવા નેતાઓને પ્રચારકાર્યમાં ઉતાર્યા હતા.

શ્રી. ઠાકોરભાઈ દેસાઈ પોતે એક ઉમદા રચનાત્મક કાર્યકર છે. એમનો જનતા ઉપર પ્રભાવ પડી શકે એમ છે અને એવું કહેવાય છે કે શ્રી ઠાકોરભાઈની અંગત પ્રતિષ્ઠાએ એનાથી શક્ય એટલા મતો મેળવી લીધા હતા. એવું પણ કહેવાય છે કે એમની જગ્યાએ કોઈ બીજો કોંગ્રેસી હોત તો તેને, એમને મળ્યા છે એટલા મતો મળ્યા ન હોત.

સરખામણીમાં (કોઈ પણ પ્રકારના અંગત વિરોધ યા દ્વેષ સિવાય આ કહીએ છીએ) શ્રી ઈશ્વરલાલ દેસાઈની પ્રતિષ્ઠા યા કાર્ય એમની તોલે આવે એવાં નથી. ખુદ પ્રજા સમાજવાદી પક્ષનું પણ સ્વતંત્ર એવું કોઈ કાર્ય નથી.

તો પછી આમ કેમ બન્યું? આ સવાલનો ઉત્તર મેળવવા માટે અત્રે એક નમ્ર પ્રયત્ન કરવામાં આવેલો છે.

આ તાલુકો વિલીનીકરણ પહેલાં વડોદરા રાજ્યનો એક ભાગ હતો વિલીનીકરણ બાદ પુનર્રચના દરમિયાન એમાં થોડાં ગામો ઉમેરાયાં છે. બિલિમોરા અને ગણદેવી આ તાલુકાનાં બે શહેરો છે

વિલીનીકરણ પહેલાં ગણદેવીમાં પ્રજામંડળનો અડ્ડો હતો વિલીનીકરણ બાદ અસ્તિત્વમાં આવેલી કોંગ્રેસના મુખ્ય કાર્યકરો – અને મોટા ભાગના ય – ગામડાંના હતા. એ પ્રદેશ વાડીવનનો છે અને ત્યાં કેરી, કેળા, ચીકુ, પીપર, આદુ અને શેરડીનો સરસ પાક થાય છે.

સંજોગવશાત્ સહકારી ચળવળ અહીં મૂળીઆં નાંખ્યાં. એ ચળવળે ઉત્તરોત્તર પ્રગતિ સાધી છે. રોકડિયા પાકના પ્રદેશમાં સહકારી મંડળીઓને ધીરવાનું આસાન છે. પાક ઉપર ધીરાણ કરી પાક પણ મંડળી મારફત વેચાવાને કારણે મંડળીઓ માટે નાણાંની વસુલાત સરળ છે ગણદેવી તાલુકામાં સહકારી ચળવળે સુંદર પ્રગતિ સાધેલી છે ત્યાં ખેડૂત સહકારી સંઘ, વિવિધલક્ષી કાર્યકારિણી મંડળીઓ, ગોળના સહકારી કારખાનાંઓ, માર્કેટિંગ યાર્ડ, વણકર સહકારી સોસાયટી, હાથવણાટના કાપડની દુકાન, ભાત ખાંડવાની સહકારી રાઈસ મિલ, સહકારી ઘંટી, અને એક કરોડ રૂપિયાની મૂડીવાળું ખાંડનું સહકારી કારખાનું ઊભું થયેલ છે.

પણ એ ચળવળના વિકાસ સાથે એના વિરોધનો પણ વિકાસ થયેલો છે. પણ એ

પહેલાં એક રસિક અને નોંધવા જેવી બિના એ છે કે અત્યારના ગણદેવી પ્રજા સમાજવાદી પક્ષના અગ્રણીઓ આ સહકારી ચળવળના એક વારના ધુરંધરો હતા.

ચૂંટણીમાં પડેલા મતદાનના પૃથક્કરણ પછી અને એ તાલુકાના રાજકારણના પ્રવાહોના અભ્યાસ પછી એક વાત સ્પષ્ટપણે છતી થાય છે કે અહીં **પ્રજા સમાજવાદી પક્ષ જીત્યો નથી પણ કોંગ્રેસ હારી છે.** પ્રજા સમાજવાદી પક્ષનું ઉપર કહ્યું તેમ, કોઈ સ્વતંત્ર કાર્ય નથી. પણ કોંગ્રેસ સામેના વિરોધને કેન્દ્રિત થવાનું એક ટીચું મળી ગયું. આ પરાજય શ્રી. ઠાકોરભાઈનો નથી. અહીં લડત પ્રજા સમાજવાદી અને કોંગ્રેસ પક્ષ વચ્ચે નહોતી, પણ અહીં તો ચૂંટણી લડાઈ હતી સહકારી સાહસ અને ખાનગી સાહસ વચ્ચે. મુંબઈમાં મેનન – કૃપાલાણી વચ્ચેની હરીફાઈમાં જેમ બે સ્પષ્ટ વિરોધી વિચારસરણીઓએ પોતાનું જોર અજમાવી લીધું હતું. અહીં પણ એવું જ બન્યું હતું.

ઉપરથી વિચિત્ર લાગતાં આ વિધાનને સમજવા માટે એની પશ્ચાદ્ ભૂમિકા સમજવી જરૂરી છે.

જમાનાઓથી ગણદેવી કાપડનું બજાર છે. આજુબાજુની મોટી વસ્તી—બે પાંચ તાલુકાની વસ્તીના નાના વેપારીઓ અને લોકો પણ કાપડ ગણદેવીથી જ ખરીદતા હતા. તદુપરાંત એ હાથવણાટના કાપડનું એક મોટું કેન્દ્ર છે. અહીં હાથવણાટનો ઉદ્યોગ સારા પ્રમાણમાં ખીલેલો છે. કોંગ્રેસે વણકરોને સંગઠિત કરી વણકર સહકારી મંડળી સ્થાપી તથા સહકારી ધોરણે પાવરલુમ્સ ચલાવી છે. આથી સ્વાભાવિક રીતે જ ખાનગી શાળાના માલિકો એનો વિરોધ કરે. કાપડની દુકાન થતાં દુકાનદાર પણ વિરોધ કરે. સહકારી ખરીદ–વેચાણ સંઘ થતાં અને માર્કેટિંગ યાર્ડ થતાં કેરી અને ફળફળાદિના જંગી વેપારીઓનો પણ વિરોધ થયો. સહકારી રાઈસ મિલ ઊભી થતાં ચોખાની મિલવાળાઓનો પણ વિરોધ ઊભો થયો. અત્રે યાદ રહે કે ગણદેવી જમાનાઓથી એક મોટું ડાંગરપીઠ છે અને અહીં ચારથી પાંચ રાઈસ મિલો છે. [બિલિમોરાની જુદી.]

અલબત્ત આ વિરોધ કદી પણ ઉઘાડેછોગ થતો નથી. પણ સહકારી ધોરણના આ વિકાસનો વિરોધ થાય એ કોણ ન સમજી શકે ? ગામડે ગામડે ખાનગી કોલુઓના ગોળ ખરીદી વેપાર કરતા ગોળના વેપારીઓને ગોળનું સહકારી કારખાનું ગમે એવું કોઈ કોણ કહી શકે ?

ટૂંકામાં, આ તાલુકામાં વિકાસ ઉપરનો ક્રમ તો સહકારી ધોરણના હાથમાં છે. અને તે સાથે જ – તેના વિકાસ સાથે જ એનો વિરોધ પણ વિકસે એ સ્વાભાવિક છે.

સહકારી ચળવળમાં સામાન્ય લોકોને ફાયદો થાય છે. ફાયદો થવાની સમજને કારણે જ તો કોઈ પણ વસ્તુને વધુ ને વધુ આવકાર સાંપડે છે – વધુ ને વધુ અપનાવવામાં આવે છે...અહીંની સહકારી ચળવળના વિકાસમાં એને લોકો તરફથી મળેલા અભૂતપૂર્વ સહકારનાં પ્રતિબિંબ પડેલાં છે. અને એ છતાં કોંગ્રેસનો વિરોધ કેમ થયો ? કોંગ્રેસની હાર કેમ થઈ ?

આ માટે જો કોઈ જવાબદાર હોય તો કોંગ્રેસ પોતે જ છે. આઝાદી પહેલાંના એના સ્વરૂપ અને ખ્યાલમાં આઝાદી પછી જે પરિવર્તન આવવું જોઈએ તે નથી આવ્યું એવું

તો નથી જ, 'પણ પૂરું' નથી થયું એવું તો અવશ્ય કહેવું પડે એમ છે. વાઘ અને બકરી સરકસમાં જ એક તગારામાં પાણી પી શકે, બહાર નહિ સહકારી ધોરણમે સાચા સ્વરૂપમાં અર્થની બનાવવા તથા જાહેર સાહસને સફળ બનાવવા માટે લોકોનો સાથ જોઈએ. પણ "આપ બી ચલે, આપ બી ચલે" એવા બધા લોકોને સાથે લઈ આગળ વધી શકાય નહિ કોંગ્રેસ શાસક પક્ષ છે એટલે ઉપરથી ઘણા લોકો વાત કરે પણ અંદરનો વિરોધ પણ એવરો જ હોય છે.

આખા તાલુકાના ગામ વાર મતદાનના આંકડાઓ જોતાં ગણદેવી અને અમુક ગામડાંઓ બાદ કરતાં કોંગ્રેસને સારા મનો મળ્યા હતા એ સ્પષ્ટ થાય છે. ખુદ ગણદેવીમાં શ્રી. કોરભાઈને ૧૧૩૦ મતો મળ્યા, ત્યારે શ્રી. ઈશ્વરલાલને ૨૪૧૮ મતો મળ્યા હતા. બીજું ગણદેવીની હદ બહારના એક વોર્ડમાથી કોંગ્રેસને ૨૫૫, તો પ્રજાસમાજવાદી પક્ષને ૫૫૫ મતો મળ્યા હતા. આમ ૩૧૦૦ મતના તફાવનમાંથી ૧૩૨૩ મતો તો ગણદેવીના જ છે મતલબ કે ગણદેવીમાંથી ૧૩૨૩ મતો ઓછા મળ્યા હતા આ ઉપરાંત ધનોરી, તોરણગામ, અજરાઈ, વડસાંગળ, વલોટી અને સનવાડી જેવાં ગણદેવી સાથે રોજ-રોજનો વ્યવહાર ધરાવતાં ગામોમાંથી ૧૨૫૪ જેટલા ઓછા મતો કોંગ્રેસને મળ્યા હતા. આ મતો સ્થાનિક કચવાટ અને શહેરના પ્રભાવને કારણે કોંગ્રેસની વિરુદ્ધમાં ગયેલા જણાય છે. આમ, ૨૫૭૭ મતો તો આમ જ ઓછા મળ્યા છે.

તદુપરાંત ગણદેવી તાલુકામાં સામ્યવાદી પક્ષની અત્યંત મર્યાદિત છતાં ચોક્કસ લાગવગ છે. રાજકીય નિરીક્ષકોના મત મુજબ એમના ત્રણ ચાર હજાર જેટલા મતો ગણાય. એવું પણ મનાય છે કે મતોની આ સંખ્યા અલ્પ છે છતાં એમાં મીનમેખનો ફરક ન પડે એવા એ મતો છે.

ખરો સવાલ તો એ છે કે સહકારી ધોરણના વિકાસથી લોકોને ફાયદો થયો છે—અને ફાયદો થયો છે એટલે તો એ ઉત્તરોત્તર વિકસી રહેલ છે—છતાં કોંગ્રેસવિરોધીઓ મેદાન કેમ મારી ગયા? એનાં કારણો તરીકે અનેક બાબતોને ગણાવવામાં આવે છે. પણ મુખ્ય કારણો એ જણાય છે કે કોંગ્રેસે સારુ અને સુંદર કાર્ય કર્યું છે એ છતાં એની કાર્યપદ્ધતિમાં કોક એવી ખામી રહેલી હોવી જોઈએ કે જેથી વિરોધી પરિબળને માટે મનો ખેંચી જવું આસાનીભર્યું બન્યું. સ્થાનિક જૂથબંધી, કેટલેક અંશે કોમવાદ, આપ્ય-મતો અને અંગ્રેજીનો પ્રશ્ન તથા કેટલાક સ્થાનિક સવાલોના ઉકેલ પ્રત્યેના અસંતોષે પણ ભાગ ભજવ્યો હતો પણ એ બધાંને કેન્દ્રિત કરવાનો યશ તો મૂળભૂત કારણ સહકારી સાહસ વિરોધી પરિબળને જ મળવો ઘટે. મતલબ કે સ્થાનિક જૂથો, અંગત વિરોધો, કાર્યપદ્ધતિની ખામી જેવાં કારણોને સક્રિય અને સફળ થવા માટેની યોગ્ય ભૂમિકા તો સહકારી સાહસ વિરોધી પરિબળે જ પૂરી પાડી હતી.

૨૧-૩-૬૨

★

આંતરરાષ્ટ્રીય સંપર્ક

સતીશચંદ્ર પ્ર. દેસાઈ

જુદા જુદા દેશો પ્રત્યેનાં આપણાં વલણના ત્રણ પ્રકાર પાડી શકાય. કેટલાક દેશો પ્રત્યે આપણને અણગમો હોય છે; કેટલાક આપણને ગમે છે; અને ઘણા એવા હોય છે કે જેમને વિષે આપણે એટલું ઓછું જાણીએ છીએ કે તે પ્રત્યે આકર્ષણ કે અપાકર્ષણ એમાંથી એકે ભાવના હોતી નથી.

કોઈ પણ દેશ માટે આપણને આકર્ષણ ત્યારે જ થઈ શકે કે જ્યારે આપણને તે દેશ વિષે જ્ઞાન હોય અને સહાનુભૂતિ હોય. જુદા જુદા દેશના લોકો એકબીજાને સમજી શકે, અને એમની વચ્ચે મિત્રતાનો સંબંધ કેળવાય એ હેતુથી ૧૯૩૨ની સાલમાં ડૉ. ડોનલ્ડ વૉટ નામના અમેરિકને The 'Experiment in International Living' નામની સંસ્થા સ્થાપી.

આ સંસ્થાને આશ્રયે દર વર્ષે ૧૫૦૦થી પણ વધારે અમેરિકન પરદેશ જાય છે, અને લગભગ એટલી જ સંખ્યામાં પરદેશથી યુવકો અને યુવતીઓ—ખાસ કરીને વિદ્યાર્થીઓ—અમેરિકા આવે છે. આ સંસ્થાને આશ્રયે જે અમેરિકનો હિંદુસ્તાન આવે છે તેઓ હોટેલમાં રહેતા નથી, પણ આપણા ઘરમાં આપણા કુટુંબીની જેમ રહે છે. કેટલીક બહેનો સાડીઓ પહેરે છે અને કેટલાક ભાઈઓ પાયજામા ખમીસનો પોશાક અપનાવે છે.

આપણી સાથે રહેવાથી તેઓ આપણી સંસ્કૃતિનું જ્ઞાન મેળવી શકે છે. 'કુમારસંભવ'માં આપેલાં વર્ણન પરથી મારી બહેને પાડેલાં મહાદેવ અને પાર્વતીનાં બે મોટાં ચિત્રો, મારે ઘેર છે. તે જોઈને અમેરિકન અને બીજા પાશ્ચાત્ય મહેમાનોને કુમારસંભવની વાત જાણવાનું મન થાય છે. રસ્તે જતાં રામનું કે હનુમાનનું મંદિર આવે તો રામાયણની વાત જાણવાને તેઓ તત્પર થાય છે. આમ આપણી ધાર્મિક કથાઓનું જ્ઞાન તેઓ મેળવે છે.

આપણી સાથે વાત કરવાથી કેટલીક વાર મહેમાનોના ખોટા ખ્યાલો દૂર થાય છે. એક વખત એક હનુમાનના મંદિર પાસે ઊભા હતા ત્યારે એક અમેરિકને મને પૂછ્યું, "અમને કહેવામાં આવ્યું છે કે હિંદુઓ ત્રણ પ્રાણીઓને પવિત્ર માને છે—ગાય, સાપ અને વાંદરો એ વાત ખરી છે?" મેં જવાબ આપ્યો કે ગાય પવિત્ર ગણાય છે ખરી, પણ એ ભાવના સાપ કે વાંદરા માટે નથી.

પાશ્ચાત્ય દેશનાં બહેનોને આપણી રસોઈ કેવી રીતે થાય છે તે જાણવામાં રસ પડે છે. 'At Home in India' નામનું પુસ્તક હિંદુસ્તાનમાંના એક વખતના અમેરિકન એલચી ચેસ્ટર બોલ્સની પુત્રી સિન્થિયાએ લખ્યું છે. તે પુસ્તકમાં આપણી રોટલી કેવી રીતે થાય છે તેનું સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે.

વળી આપણાં સંસ્કારકેન્દ્રો જોઈને આપણા આર્થિક અને સામાજિક પ્રશ્નો કયા છે અને એનો ઉકેલ આપણે કઈ રીતે લાવવા માગીએ છીએ તે મહેમાનો જાણે છે. સાબરમતીની જેલ અને તેમાં અપાતી સગવડો જોઈને અમેરિકન મહેમાનો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. અને કહેતા હતા કે કદાચ અમેરિકામાં કેદીઓને આટલી બધી છૂટ નહિ અપાતી હોય!

પાશ્ચાત્ય મહેમાનો આપણે ત્યાં રહે છે ત્યારે આપણને પણ ઘણું નવું નવું જાણવાનું મળે છે. એમની ભાષા સાંભળીએ છીએ ત્યારે આપણને સમજાય છે કે આપણે જે બોલીએ

છીએ તે હિંદી-અંગ્રેજી છે, જેમની માતૃભાષા અંગ્રેજી છે તે આપણા કરતાં જુદા જ ઉચ્ચારો કરે છે

વળી આપણામાંના ઘણા માને છે કે પાશ્ચાત્ય દેશોમાં કુટુંબભાવના ઓછી હોય છે, અને ઓઓ ઘરનું કામકાજ છોડીને બહાર વધારે સમય ગાળે છે આ ખ્યાલો ઘણે અંશે ખોટા હોય છે એમ મહેમાનો સાથેની અંગત વાતચીતો પરથી જણાય છે

જેમ આપણે ત્યાં પરદેશી મહેમાનો આવે છે તેમ આપણા હિંદીઓને પરદેશમાં પણ એટલો જ આવકાર અને પ્રેમ મળે છે હમણાં જ The Experiment in International Livingની સસ્થાના કેટલાક અગ્રગણ્ય કાર્યકરો અમેરિકા ગયા હતા ત્યાં સસ્થાનના ગવર્નરની હાજરીમાં ભજવાતું એક નાટક તેઓ જોવા ગયા આ નાટક દરમિયાન ગવર્નરે ભાષણ કર્યું તેમાં હાજર રહેલા હિંદીઓનો તેમણે ઉલ્લેખ કર્યો હતો, અને વિશ્રાન્તિના સમય દરમિયાન હિંદીઓને મળવા ગવર્નર આવ્યા હતા અને પોતાને બંગલે મળવા માટે એમણે એ બધાને આમંત્રણ આપ્યું હતું

૧૫મી ઓગસ્ટનો સ્વાતંત્ર્યદિન આ હિંદી પ્રતિનિધિમંડળે અમેરિકામાં ઉજવ્યો હતો. સભામાં અમેરિકનોએ સર્વ ભાગ લીધો હતો, અને ત્યાંના મેયરે સભાનું પ્રમુખપદ લીધું હતું. સભામાં અમેરિકન અને હિંદી બન્ને રાષ્ટ્રગીતો ગવાયાં હતાં, અને સભામાં હાજર રહેલા સર્વેને પ્રતીક તરીકે હિંદી અને અમેરિકન બન્ને રાષ્ટ્રધ્વજ આપવામાં આવ્યા હતા

દરેક દેશના એલચીખાતાનું કાર્ય એ હોય છે કે પોતાના દેશ વિષેનું જ્ઞાન બીજા દેશોમાં ફેલાવવું એક્સ્પેરિમેન્ટ જેવી સસ્થાઓ આ કાર્ય સરસ રીતે કરી શકે છે

યુનેસ્કોના બંધારણની પ્રસ્તાવનામાં કહેવામાં આવ્યું છે કે યુદ્ધની શરૂઆત મનુષ્યના મગજમાંથી થાય છે એટલે વિશ્વશાંતિ ટકાવવાની શરૂઆત પણ ત્યાંથી જ થવી જોઈએ જેમ જેમ આંતરરાષ્ટ્રીય સંપર્ક વધે તેમ તેમ મિત્રતા વધે અને લડાઈની શક્યતા ઓછી થાય

વળી, પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સસ્કૃતિઓનું મિલન થાય તો તેમાંથી પણ ઘણું સારું ફળ નીપજે અંગ્રેજ કવિ રડ્યાર્ડ કિપ્લીંગે ઘણાં વર્ષો પૂર્વે લખ્યું હતું કે પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સસ્કૃતિનો સુમેળ શક્ય નથી પરંતુ તે વખતે મુંબઈથી લંડન સત્તાવીસ કલાકમાં લઈ જતા બોઈંગ નહોતા! હવે હિંદુસ્તાનને સ્વતંત્રતા મળી છે, અને આપણી સસ્કૃતિ માટે પશ્ચિમના દેશોમાં માન વધ્યું છે કિપ્લીંગની લીટી બદલીને આપણે કહી શકીએ કે

પૂર્વે સસ્કૃતિ પૌર્વાત્ય, પાશ્ચાત્ય પશ્ચિમે દિશે
થાતાં સુમેળ બન્નેનો, શ્રેષ્ઠ સંસ્કૃતિ નીપજે.

આ સુમેળ સાધવાનું કામ નાના પાયા પર The Experiment in International Livingની સસ્થા કરી રહી છે એ વિશ્વવ્યાપી સસ્થા છે, અને તેમાંથી પણ વધુ દેશોમાં એના પ્રતિનિધિઓ છે એના ઘણા અમેરિકનો આ સંસ્થાનો લાભ લે છે કે કેટલીક વાર તેઓ આખી સ્ટીમર ભાડે લઈ લે છે!

[અમદાવાદમાં રહેતા કોઈને આ વિષે વધારે માહિતી મેળવવી હોય તો તેણે નીચેને સરનામે લખવું શ્રી રમેશચંદ્ર ક. શાહ, ૬૦૧ અ. કોઠારી પોળ, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧ ફોન ૫૨૮૩૬

બીજાઓએ નીચેને સરનામે લખવું -કનૈયાચંદ્ર પ્ર દેસાઈ, ૨૭૦, હિંદિયા રોડ, ખાર, મુંબઈ-૫૨. ફોન ૮૮૮૭૧]

卐

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૩૬

લંડનમાં છેલ્લું અઠવાડિયું તો જોતજોતામાં વીતી ગયું. આમ તો લંડન વિશે મેં ઘણું કહી નાખ્યું છે. પત્ર નં. ૩ માં પ્રાથમિક માહિતી આપ્યા બાદ પત્ર નં. ૧૧, ૧૨, ૧૩, ૧૫ અને ૧૭ માં મેં વ્હીટસનની ચાર રજાઓમાં લંડનની જે વિરાટ પદયાત્રા કરી હતી તેનું તાદશ વર્ણન આપ્યું હતું તે તમને યાદ હશે જ. અને છેલ્લે, લંડનથી પેરીસ જતી વખતે ભાઈ પદ્મનાભને જે પેલો વમૂજી ઉજરડો વાગ્યો હતો તેનું પત્ર નં. ૨૯ માં કરેલું વર્ણન પણ યાદ હશે જ. હવે લંડનમાં ખાસ જોવા જેવું તો કંઈ બાકી નહોતું છતાં લંડનનું સ્વરૂપ એવું વિરાટ છે કે શોધવા જઈએ તો વર્ષો સુધી જોવાનું ખૂટે તેમ નથી. છેલ્લા અઠવાડિયામાં દર્શનીય સ્થળો જોવાનો લોભ રહ્યો નહોતો. હવે તો 'ચલો મુંબઈ'નું જ ગુંજન ચાલી રહ્યું હતું. છતાં આ દિવસોમાં પણ થોડાક નોંધ લેવા જેવા પ્રસંગો અને પ્રોગ્રામો મને લંડનમાં અનુભવવા મળ્યા હતા. અહીં તે બધાનું બયાન ટૂંકમાં જ રજૂ કરું છું.

પેરીસથી લંડન પાછો ફર્યો તે દિવસે તો ખૂબ થાકી ગયો હતો તેથી રાત્રે વહેલો ઊંઘી ગયો. બીજે દિવસે (તા. ૧૧-૧૦-૫૮) શનિવાર હતો એટલે સૌ કોઈ મોડા ઊઠ્યા હતા અને નાસ્તાપાણી પણ મોડા જ થયા. હસુબહેનને ત્યાં ગળી શેવ, પોળી, ફાફડા મરચાનું શાક, રાયતું વગેરે સ્વાદિષ્ટ વાનગીઓનું ભોજન બપોરે બે વાગ્યે કરવાનું હતું તે મારે ગુમાવવું નહોતું તેથી જમ્યા પછી જ બહાર નીકળવાનું નક્કી કર્યું અને ટીપીથી સ્ટીમરમાં લખવો શરૂ કરેલો પત્ર પૂરો કર્યો.

જમીને હું ગોલ્ડર્સગ્રીનથી સીધો ઊપડયો બેલ્સાઈઝ પાર્ક અને ત્યાં ૨૫ ગ્રેનવીલ રોડ ઉપર આવેલા ભાઈ અનંત શેઠના રૂમ ઉપર પહોંચ્યો. તેઓ મને તેમના પાડોશી શ્રી. નવીન શાહ (ખંભાતવાળા)ના રૂમમાં લઈ ગયા. ત્યાં સંખ્યાબંધ ગુજરાતી યુવક યુવતીઓ ભેગાં થયાં હતાં. બધાં ખૂબ રંગમાં આવી ગયેલાં દેખાતાં હતાં. વાત એમ હતી કે ત્યાં મહાત્માજીના નામધારી એક ખાદીધારી ભાઈ શ્રી એમ. કે. ગાંધી બધાનું જ્યોતિષ જોઈ રહ્યા હતા. તેમનો દાવો હતો કે તેઓ કોઈ પણ વ્યક્તિનું નસીબ, ભૂત અને ભવિષ્ય, તેનો ચહેરો, હાથ કે જન્માક્ષર જોતાંની સાથે જ કહી આપે છે. અનંતભાઈએ આ મંડળીની સાથે મારું ઓળખાણ કરાવતાં જણાવ્યું કે આ બાજુ એક શ્રી. એમ. કે. ગાંધી છે તો આ બીજી બાજુ એક શ્રી કે. એમ. ગાંધી છે. કહેશો જરા તેમનું નસીબ કેવું છે તે?

જ્યોતિષશાસ્ત્રી શ્રી. એમ. કે. ગાંધી ઉવાચઃ "શ્રી કે. એમ. ગાંધીનો જન્મ ભારતદેશમાં આવેલા ગુર્જર પ્રદેશમાં ૩૦ વર્ષ પૂર્વે થયો હતો. તેમને માતાપિતા અને ભાઈબહેનોનું સુખ ઘણું સારું છે. ધનદોલતનો વૈભવ પણ ઘણો સારો છે. ટૂંક સમયમાં જ તેમને લંડન યુનિવર્સિટીની ડીગ્રી મળશે અને પછી લગ્ન પણ જલદી થશે. ભારત પાછા ફર્યા બાદ તરત જ

એક મોટી બેન્કમાં નોકરી મળી જશે. સંતતિમાં ફક્ત એક જ પુત્ર થશે. રાજકારણ અને સાહિત્યનો શોખ નથી પણ ક્રિકેટ અને ટેનીસમાં નામના કાઢશે. ૪૦ વર્ષની વયે ઘાત આવશે પણ બચી જશે અને પછી બીજાં ૪૦ વર્ષ જીવશે. અંત સુખદ આવશે!"

મારું આવું સુખદ નસીબ સાંભળીને મેં ઉદ્‌ગાર કાઢ્યા કે "બહોત ખૂબ, શાસ્ત્રીજી, તુમને તો કમાલ કર દિયા!" એટલે શાસ્ત્રીજીએ ગૌરવથી જવાબ દીધો: "જોયુંને! જ્યોતિષ-શાસ્ત્ર ઉપર આટલી સચોટ પકડ ન હોત તો શું મેં કદાપિએ બ્રુસેલ્સ જવાની હિંમત કરી હોત ખરી! આવતા અઠવાડિયે તો હું બેલ્જિયમના 'પ્રખ્યાત બ્રુસેલ્સ એકઝીબિશનમાં' હિંદના વિખ્યાત 'હસ્તરેખાશાસ્ત્રી ગાંધી' નામના મારા સ્ટોલ ઉપર બેઠો હોઈશ, હજારો યુવકયુવતી-ઓના હાથ પકડતો હોઈશ અને હજારો રૂપિયા ખડિંગ ખડિંગ એકઠા કરતો હોઈશ. એક અઠવાડિયામાં પાંચ હજાર રૂપિયા કમાવી લાવવાનો મારો અંદાજ છે. આ ધંધામાં નહિ જોઈએ ઇમ્પોર્ટ લાયસન્સ કે નહિ જોઈએ એક્સપોર્ટ લાયસન્સ. પશ્ચિમના દેશોમાં સુદ્ધાં નસીબ જાણવાની તાલાવેલી ઠગલે લોકોને છે તો તે તાલાવેલીનો લાભ શા માટે ન ઉઠાવવો જોઈએ! દુનિયા તો યાર ઝૂકતી હય, ઇસકો ઝુકાનેવાલા ચાહીએ! હમ બ્રુસેલ્સ જાયેંગે ઔર સબકો ઝુકાયેંગે!"

અનંતભાઈએ કહ્યું કે: "પણ તમે કાન્તિભાઈનું નસીબ જોયું તેમાં ખરું કશું જ નથી! હું નાનપણથી તેમનો ઇતિહાસ જાણું છું બાલ્યાવસ્થામાં જ તેમની માતા ગુજરી ગઈ હતી અને બહેન તો તેમને એક પણ નથી. પિતાજી અને એક ભાઈ પણ ઘણાં વર્ષો પહેલાં ગુજરી ગયા છે. ધનદોલતમાં મહિનાને અંતે હાથમાં પગાર આવે તે જ છે. ડીગ્રી માટે તેઓ લંડન આવ્યા જ નથી અને તેમનાં લગ્ન તો ઠેઠ ૧૯૩૯મા થઈ ચૂકેલાં છે. તેમની ઉમર ૩૦ નહિ પણ ૪૨ છે અને કિશોર વયના બે પુત્રો તથા એક પુત્રીના તેઓ પિતા છે. નોકરી તો તેઓ ૧૯૩૮ની સાલથી કરે છે અને તે બેન્કમાં નહિ પણ આઈ. સી. આઈ.માં. ક્રિકેટ અને ટેનીસનો તો કક્કો પણ તેમને આવડતો નથી અને શોખ છે ત્યારે રાજકારણ અને સાહિત્યનો જ! ૪૦ વર્ષે ઘાતબાત આવી નહોતી. પણ તમે છેલ્લી વાત કહી તે ખરી પડે એમ જરૂર ઇચ્છીએ!"

મેં કહ્યું: "મારું દીર્ઘાયુષ્ય ઇચ્છવા બદલ હું ભાઈશ્રી એમ. કે. ગાંધીનો આભાર માનું છું પણ મારી સમજમાં નથી આવતું કે અંત સુખદ શી રીતે આવશે! હજી સુધી મારું સાચું જ્યોતિષ ભાખનાર કોઈ પણ જોશી મને મળ્યો જ નથી એટલે હું તો આખાએ જ્યોતિષશાસ્ત્રને શંકાની નજરે જ જોઉં છું. જ્યારે સચું બતાવનાર કોઈ વીરલો મળશે ત્યારે જરૂર માનીશ કે આ પણ કોઈ શાસ્ત્ર છે. ત્યાં સુધી એટલું જ કહીશ કે માનવીની આશાઓ અને ફિકરો ઉપર ચરી ખાવાનો આ એક કીમિયો જ છે તમે આ કીમિયો બ્રુસેલ્સમાં અજમાવવાના છો તેમાં હું જરૂર તમને સફળતા ઇચ્છું છું. ગાંધી નામના આકર્ષણથી એ ધરાકી સારી થશે જ પણ અંત તો સૌ કોઈનો સુખદ જ આણજો! તમારે માટે તો અંત ખરેખર સુખદ આવશે જ—ખડિંગ, ખડિંગ, ખડિંગ રૂપે! વીશ યુ ધી બેસ્ટ લક!"

પણ, શાસ્ત્રીજી શાસ્ત્રની ટીકા ગળી જાય તો પછી શાસ્ત્રીજી કેમ કહેવાય! તેમણે મને કહ્યું: "બ્રુસેલ્સમાં સફળતા ઇચ્છવા બદલ હું તમારો આભારી છું પણ એ સફળતા સુદ્ધાં

જ્યોતિષશાસ્ત્રે જ નિર્માણ કરેલી છે તેથી તો હું ત્યાં જઈ રહ્યો છું! તમારી બાબતમાં તો એમ છે કે તમારા ચહેરા ઉપરની કેટલીક રેખાઓ ખરેખર 'ડિફિકલ્ટ કેસ' જેવી છે જોક એટલે લાખમાં એકાદ તમારા જેવો કેસ ફેઈલ જાય તેથી શાસ્ત્ર ખોટું ઠરતું નથી! અરે! તમારો કેસ પણ સફળ થયો હોત જો તમને મળતાં પહેલાં અનંતભાઈએ મને તમારા વિશે થોડીઘણી પણ માહિતી આપી દીધી હોત તો!" વાહ, શાસ્ત્રીજી, વાહ! યા હોમ કરીને પડો, ફતેહ છે આગે! ૧૯૬૨માં થનારા 'અષ્ટગ્રહ'ના જ્યોતિષી ફિયાસ્કાની તે વખતે કોને ખબર હતી? જ્યોતિષીઓને સુદ્ધાં નહિ!

ભાઈ નલીન શાહે અમાને ચા પીવડાવી અને આ પ્રમાણે બે કલાકનો આનંદ ભોગવ્યા બાદ હું, અનંતભાઈ અને શ્રી પોટનીસ સેન્ટ પોલ્સ કેથેડ્રલ તરફ ગયા. અમેરિકાના પ્રખ્યાત નીગ્રો ગાયક શ્રી. પોલ રોબ્સનના સંગીતનો પ્રોગ્રામ આ દેવળમાં ક્યારે થવાનો છે તેની તપાસ કરી તો ખબર પડી કે બીજે દિવસે એટલે કે રવિવારે સાંજે જ આ પ્રોગ્રામ થવાનો હતો. પછી પીકેડીલી તરફ અમે ચલાવ્યું અને બીજા પ્રોગ્રામોની પણ તપાસ કરી—વિન્ડસર કેસલ જોવા જવા સંબંધી, 'સેવન વન્ડર્સ ઓફ ધી વર્લ્ડ' નામની ફિલ્મ જોવા સંબંધી વગેરે. મને શરદી થવાના ભણકારા વાગી રહ્યા હતા તેથી ઘેર વહેલો જઈને સૂઈ જ ગયો.

બીજે દિવસે રવિવાર હતો તેથી નિરાંતે તૈયાર થઈને સાયન્સ મ્યુઝિયમનો બાકી રહેલો ભાગ જોવા ગયો અને પછી સાંજે અનંતભાઈ તથા શ્રી. પોટનીસ સાથે ફરી પાછો સેન્ટ પોલ્સ કેથેડ્રલમાં ગયો. તેના વિશાળ હોલમાં દસ હજાર માનવીઓની ઠઠ જામી હતી અને તેમની સમક્ષ શ્રી પોલ રોબ્સને બુલંદ અવાજે ભક્તિગીતો ગાઈ બતાવ્યાં તેનું વર્ણન હું પત્ર નં. ૧૩માં કરી ગયેલો છું તેથી અહીં પુનરાવર્તન કરતો નથી. નેશનલ આર્ટ ગેલેરીમાં જઈને મારા પાલીતાણાવાસી કલાકાર મિત્ર શ્રી. ચંદ્રકાન્ત કર્ણિકને માટે "૨૪ માસ્ટર પીસીઝ" નામનું સર્વોત્તમ ચિત્રોનું એક આલ્બમ ખરીદ કર્યું, શ્રીમતી વિવિયન મિસ્ત્રી માટે તેમણે મંગાવેલી રંગની ટયુબો તથા 'ડોગ ટોનિક'ની ટીકડીઓના પડીકાં ખરીદ કર્યાં અને બીજી પરચૂરણ ખરીદી કરીને દિવસ પૂરો કર્યો. ઘેર ગયો ત્યારે ભાઈ પદ્મનાભનની ચિઠ્ઠી મળી. તેમાં તેમણે લખ્યું હતું કે મિલાનમાં છૂટા પડયા બાદ તેઓ આજે લંડનમાં આવી ગયા છે અને સોમવારે રાત્રે તેમના ઉતારે એટલે કે શ્રી. ગોપાલ કૃષ્ણનને ઘેર ૧૦૧ ડાર્ટમાઉથ રોડ ઉપર મને જમવા આવવાનું આમંત્રણ છે.

સોમવારે સવારે પી. એન્ડ ઓ. સ્ટીમશીપ કંપનીમાં જઈને મારા કેબિન વિશે તપાસ કરી તો જણાયું કે ભાઈ પદ્મનાભન પણ મારા જ કેબિનમાં પ્રવાસ કરવાના હતા. આમ સોબતની દૃષ્ટિએ તો આ સમાચાર સારા હતા પરંતુ મને ફાળ પડી રાતની ઊંઘ વિશેની! વાયનસ્કોરાની પદ્મગર્જનાથી સત્તર દિવસની ઊંઘ ઉડાઈ જશે તેની ફિકર થઈ! સ્ટીમશીપ કંપનીવાળાએ સલાહ આપી કે કાનમાં પૂમડાં ખોસીને સૂઈ જશો તો રાહત રહેશે અથવા તો તમારે બદલે રાત્રે બીજો કોઈ મિત્ર સૂવા આવવા તૈયાર થાય તેવો હોય તો બોટમાં શોધી કાઢજો, જગ્યાની અદલાબદલી કરશો તો અમારે કંઈ વાંધો નથી! સારું ભાઈસા, જોઈ લઈશું! આ પણ એક નવો જ અનુભવ મળવાનો!

રાત્રે હું શ્રી ગોપાલ કૃષ્ણનને ઘેર જમવા ગયો ત્યારે ભાઈ પદ્મનાભન પૂર્ણ રંગમાં આવી ગયેલા હતા. મિલાનથી છૂટા પડયા પછી તેમણે કેવાં પરાક્રમો કર્યાં તેનું તેમણે વર્ણન

કર્યું. આજના જમણની રસોઈ પણ તેઓ જાતે જ કરવાના હતા. પહેલાં તો તેમણે ટોમેટો, સફરજંદ અને ઈંડાં બાફી નાખ્યાં અને પછી તે બધાને છૂંદીને 'ખીચડિયા સુપ' બનાવ્યો. આ નવી ચીજ ખરેખર સ્વાદિષ્ટ હતી. તે ઉપરાંત ઢોસાં અને સાંભાર પણ બનાવેલાં હતાં તે ખૂબ મજેના મસાલેદાર હતાં. સાથે જીન પ્લસ વામેૉથ—માર્ટિની નામનું ભાંગ જેવું પીણું હતું અને તે લીધા પછી ખરેખર ભાંગ પીધી હોય તેવું જ વાતાવરણ સર્જાયું! સૌ કોઈની વાચાળતાને વેગ મળ્યો! મેં પરભાર્યો ઘેર જઈને સૂઈ જવાનું જ મુનાસિબ માન્યું!

મંગળવારે સવારે પાછો પી. એન્ડ ઓ. કંપનીમાં ગયો અને ભાઈ અનંત શેઠે તેમની પત્નીને વડોદરામાં પહોંચતી કરવાની રમકડાંથી ભરેલી એક કેમલ લેધર બેગ મને આપી હતી તે 'આખરી લગેજ' રૂપે સ્ટીમશીપ કંપનીને સોંપી આવ્યો. પીકેડીલીમાં ઈરોસ સ્ટેચ્યુની સામે આવેલી એક ચાઈનીઝ હોટલમાં જમ્યો અને પછી જુદા જુદા સિનેમાની ટિકિટો અગાઉથી વેચનારી એક દુકાન ઉપર પહોંચ્યો.

સિનેમાની ટિકિટો વેચવાની આ વ્યવસ્થા મને ખૂબ ગમી. થિયેટર ઉપર જઈને લાઈનમાં ઊભા રહેવું અને ટિકિટો ખલાસ થઈ જાય ત્યારે વિલા મોઢે પાછા ફરવું એવો અનુભવ ભારતમાં બહુ વખત કરવો પડે છે અને પછી બીજા થિયેટર ઉપર પહોંચવાનો સમય પણ રહેતો નથી. આના કરતાં બધાં થિયેટરોની ટિકિટ એક જ સ્થળે મળી શકે તેવાં કેન્દ્રો ઠેરઠેર ખોલવામાં આવે તો જનતાને ઘણી સુગમતા થઈ પડે. એક થિયેટરની ટિકિટો ખલાસ થઈ ગઈ હોય તો બીજા કોઈની પણ ત્યાંની ત્યાં જ મળી શકે તો તે લેવા પણ ઘણા તૈયાર થાય. આવાં કેન્દ્રોમાં બધાં થિયેટરના એડ્વાન્સ બુકીંગ ચાર્ટ નજરે જોવા મળે છે અને કેન્દ્ર ઉપર બેસનાર સેલ્સગર્લ ટેલીફોનથી દરેક થિયેટરની 'લેટેસ્ટ પોઝિશન'ની ખબર મેળવ્યા કરે છે. એટલે એક કેન્દ્ર ઉપરની ટિકિટો વેચાઈ ગઈ હોય અને બીજા કેન્દ્ર ઉપર હજી બાકી રહી હોય તો તે ટિકિટોના નંબર બીજા કેન્દ્ર ઉપર ટેલીફોનથી કેન્સલ કરાવીને પોતાના કેન્દ્ર ઉપરથી તે નંબરની ટિકિટો વેચી શકે છે. ચાલુ દુકાનદારો એક 'સાઈડ બીઝનેસ' તરીકે પણ આવી કેન્દ્રીય બુકીંગ ઓફિસ જુદા જુદા લત્તાઓમાં કાઢી શકે છે. થિયેટરો તેમને કમિશન આપે છે અને જનતાને લાંબો 'ક્યુ'માં ઊભા રહેવાનું ટળે છે. પેરીસમાં રેલવે *ટિકિટોની 'ક્યુ' ટાળવાની કાર્નેટ સીસ્ટીમ વિશે હું પત્ર નં. ૩૪ માં લખી ગયો છું જ.* દરેક બાબતની 'ક્યુ' ટાળવાનો કીમિયો શોધવો હવે બહુ જરૂરી છે. કારણ કે આજના જમાનામાં તો 'મેન અવર્સ'ની ખરેખરી ભક્ષક 'ક્યુ' જ છે!

લંડનના 'કેસીનો' થિયેટરમાં 'સેવન વન્ડર્સ ઓફ ધી વર્લ્ડ' નામની એક અજોડ અને અદ્ભુત ફિલ્મ મહિનાઓથી ચાલતી હતી તે મારે જોવાની રહી ગઈ હતી તે જોવાની આ તકનો મેં લાભ ઉઠાવ્યો. અઢી વાગ્યાના શોની ટિકિટ પેલી દુકાનેથી કઢાવીને હું આસ્તે આસ્તે બજારોનું નિરીક્ષણ કરતો કરતો શૉના ટાઈમે થિયેટર પર પહોંચ્યો.

અતિશયોક્તિના ભય વગર કહી શકું તેમ છું કે 'સેવન વન્ડર્સ ઓફ ધી વર્લ્ડ'ની ફિલ્મ જાતે જ એક વર્લ્ડનું અજોડ વન્ડર છે. ફિલ્મો તો મેં સેંકડો જોઈ નાખી હતી પરંતુ આ ફિલ્મ સૌથી અનોખી જ કોટિની હતી—કથાનકની દૃષ્ટિએ નહિ પણ ટેકનિકની દૃષ્ટિએ. નાટકના રસિયાઓ નાટકને સજીવ તમાશો અને સિનેમાને નિર્જીવ તમાશો એવાં વિશેષણોથી ઓળખાવે છે પરંતુ 'સીનેરામા' ટેકનિકની આ ફિલ્મને તો 'ડબલ સજીવ' તમાશા રૂપે

આંખમાંથીએ તોયે ચાલે. એ ફિલ્મ જોતી વખતે સજીવ અને નિર્જીવ, સત્ય અને ભ્રમણા વચ્ચેનું અંતર જ જાણે બાકી રહેતું નથી એમ લાગે છે. અલબત્ત આ એક ભ્રમણા જ છે પણ તે ઘણી ઉમદા અને સફળ ભ્રમણા છે. અર્જુનને વિરાટ સ્વરૂપદર્શન કરાવવા માટે શ્રીકૃષ્ણે તેને દિવ્યચક્ષુની ભેટ આપી હતી પરંતુ આપણે માટે તો હવે દિવ્યચક્ષુની પણ જરૂર રહી નથી. ચાલુ ચર્મચક્ષુઓથી જ વિરાટ સ્વરૂપદર્શન (અલબત્ત ભૌતિક જ, આધ્યાત્મિક નહિ) કરાવવાની કરામત આ 'સીનેરામા' ટેકનિકે સાધ્ય કરી છે. આ ટેકનિકનો ઉદ્ભવ થયો અમેરિકામાં, ન્યુયોર્કમાં આવેલા શ્રી. લોવેલ થોમસના પાઉલિંગ સ્ટુડિયોમાં.

તાજેતરમાં મુંબઇમાં મરીન ડ્રાઇવ ઉપર એક ઘુમ્મટ આકારના તંબુમાં 'સર્કોરામા' નામના ટેકનિકની એક ટૂંકી ફિલ્મ અમેરિકા તરફથી મુંબઇની જનતાને મફત બતાવવામાં આવી હતી. તે જોવા માટે તંબુની વચ્ચોવચ આપણને ટોળામાં ઊભા રહેવું પડતું હતું અને આપણી આસપાસ ગોળાકારમાં ગોઠવેલી ૧૧ સ્ક્રીનો ઉપર આમથી તેમ હરણની નજરે જોયા કરવું પડતું હતું. તેમ જોઇએ તો જ ફિલ્મના વહેણ સાથે આપણી દૃષ્ટિ કદમ મિલાવી શકતી હતી. મોટરની ટોચ ઉપર બેસીને આપણે જાણે અમેરિકાના રસ્તાઓ ઉપરથી પસાર થઇ રહ્યા હોઇએ તેવો આભાસ આ 'સર્કોરામા' જરૂર ઊભો તો કરે છે જ પરંતુ 'સર્કોરામા'ની મર્યાદા ઊભા ઊભા જોવાની હોવાથી લાંબી ફિલ્મો જોતાં તો પગ અને માથું ભમી જ જાય! વળી મુંબઇમાં બતાવેલી ફિલ્મ 'બ્લેક એન્ડ વ્હાઇટ'માં જ હતી તેથી ઉઠાવ સચોટ નહોતો આવતો. બીજી બાજુ 'સીનેરામા'ની સળંગ ફિલ્મ પૂરા અઢી કલાક ખુરશીમાં આરામથી બેઠા બેઠા જોઇ શકાય તેવી અને આબેહૂબ રંગોવાળી હતી. ચાલુ થિયેટરમાં જ પ્રેક્ષકોની સમક્ષ એક વિરાટ અર્ધ ગોળાકાર સ્ક્રીન ઊભી કરવામાં આવી હતી અને તેની ઉપર ત્રણ પ્રોજેક્ટરોમાંથી ફિલ્મો પ્રોજેક્ટ કરવામાં આવતી હતી. આ ત્રણે ફિલ્મો એકબીજામાં એવી તો ઓતપ્રોત થઇ જતી હતી કે આપણી સમક્ષ એક અતિવિશાળ પેનેરામા હાજર થઇ જતો હોય તેમ લાગતું હતું અને ખુદ આપણે આપણી ખુરશી ઉપર નહિ પણ તે પેનેરામાના જ એક અંગ રૂપે તેની વચ્ચોવચ ખડા હોઇએ તેવો જીવંત આભાસ સતત લાગ્યા કરતો હતો.

ધન્ય છે મિ. લોવેલ થોમસ! તમે આ એક જ ફિલ્મ દ્વારા અમને અઢી કલાકમાં તો ક્યાં ક્યાં ફેરવ્યા! જગત આખું દેખાડી દીધું! અમેરિકાથી ઉપડેલા તમારા જ વિમાનમાં જાણે અમને બેસાડી દીધા અને દેશવિદેશમાં ઘુમાવવા લાગ્યા. એરોપ્લેનને સીધું જ તમે ઇજિપ્તના ગાઇઝા નામના સ્થળે ઉતાર્યું અને અમને વિશ્વવિખ્યાત સ્ફીન્ક્સની વિરાટ મૂર્તિ અને પિરામિડોની વચમાં લાવી મૂક્યા. અમને ભાન જ ન રહ્યું કે અમે લંડનના કેસીનો થિયેટરની ખુરશી ઉપર બિરાજમાન હતા. ખરેખર એમ જ લાગ્યું કે અમે પિરામિડોના પ્રદેશમાં જ ચાલી રહ્યા છીએ. આવો જાદુઇ અનુભવ પહેલાં કદી થયો નહોતો. ઇજિપ્તથી પાછા તમે અમને ન્યુયોર્કમાં બે જ મિનિટમાં લઇ જાવ છો અને ઇસ્ટ રીવર બ્રિજ ઉપર ઊભા રાખીને મુક્તિદેવીની પ્રતિમાનાં દર્શન કરાવો છો. અદ્ભુત, ખરેખર અદ્ભુત! બે મિનિટમાં તો પાછા તમે અમને દક્ષિણ અમેરિકામાં ઉતારેલા અને ઇન્ડાસ્નો બાજરમાન ભોમ બનાવો છો. ત્યાંથી એકાએક રયો ડી જેનેરોના એક કાર્નિવલમાં ગાંડીતૂર મેદનીની વચ્ચે અમને ફેંકો છો. આ શું માંડ્યું છે તમે! અમારું બ્લડ પ્રેશર ઠેકાણે રહેશે કે નહિ!

મિ. થોમસ ! તમે અમને દુનિયાની સાત અજાયબીઓ બતાવવા લઈ જઈ રહ્યા છો કે સાતમો અજાયબીઓ ? આ શું ! એક પછી એક કેવા કેવા રંગે તમે અમને ઉતારો છો ! આખો પ્રશાંત સમુદ્ર બે મિનિટમાં કુદાવીને તમે અમને સીધા જાપાનના ફુજિયામા પર્વતની સામે ખડા કરી દો છો અને ત્યાંથી કામાકુરા બુદ્ધની પ્રચંડ મૂર્તિનાં દર્શન કરાવવા લઈ જાઓ છો. પછી તરત તાકારાઝુકા થિયેટરમાં જાપાની નૃત્ય અને સંગીતનો જલસો જોવા લઈ જાઓ છો. સદ્ભાગ્યે આ મનોહર પ્રોગ્રામ તમે અમને નિરાંતે પંદર વીસ મિનિટ સુધી જોવા દો છો. બાકી તો ભાઈસાહેબ, તમારી ઝડપ અજબ છે—ઘેરમાન ટીટોવના વોસ્ટોક જેવી ! જાપાનથી સીધા કમ્બોડિયાના અંકુરવટ મંદિરમાં લઈ જાઓ છો અને ત્યાંથી ઊપડયા તે સીધા ગંગાકિનારે વારાણસીમાં જ ઉતારો છો ! ભારતમાં આટલા વહેલા પહોંચી જવાશે તેની તો કલ્પના સુદ્ધાં નહોતી પણ ખરેખર એમ જ લાગ્યું કે ઘેર આવી પહોંચ્યા ખરા. પણ તમને વારાણસીમાં આવું બધું બતાવવું કેમ ગમ્યું—માંકડાં, રસ્તામાં ભટકતી ગાયો, નાગ અને નોળિયાનું દ્વંદ્વયુદ્ધ, 'વાનર દેવતા' મારુતીનું મંદિર, સર્પનૃત્ય, બેન્ડવાજાંવાળો ધાર્મિક વરઘોડો, વગેરે વગેરે ! શું બનારસમાં તમને ગંગાના ઘાટો, વિદ્યાપીઠ કે સારનાથ ન જ દેખાયાં ?

હશે, ચાલો, આગળ ચાલતાં તમે આ ભૂલ સુધારી લેતા, અમને સાચી અજાયબી બતાવવા આગ્રામાં તાજમહાલની સમક્ષ ખડા કરી દીધા ખરા. ચાંદનીના પ્રકાશમાં તાજ-મહાલની ફિલ્મ ઉતારવામાં તમે ખરેખર કમાલ કરી નાખી છે. અને અહીંથી સીધા જ તમે અમને દાર્જીલિંગ જતી 'મેક વોટ-ફ્રોક" નામની માઉન્ટન રેલવેમાં બેસાડી દો છો. ટ્રેનનો કોઈ ભરોસો જ નથી, ક્યાં જઈને અટકશે તે જ સમજાતું નથી. હાલ ગગડી જાય તેવું આ દૃશ્ય તમે કઈ રીતે ફિલ્મમાં ઉતારી શક્યા એ જ એક અજાયબી જેવું લાગે છે !

હવે હું પણ તમારી સાથે સાથે ઝડપથી જ ચાલું, નહિ તો મારું લખાણ ખૂબ લંબાઈ જવાનો ભય રહે છે. ભારતમાંથી ઊપડયા તે જેરૂસલમ નાઝરેથ, જોર્ડન, જેરીકો એમ એક પછી એક ઈસુ ખ્રિસ્તના નામ સાથે સંકળાયેલાં પવિત્ર સ્થળો જોયાં. અહીંથી સીધા આફ્રિકા ઊપડયા ગાઢ જંગલો, જ્વાળામુખીઓ, હિપોપોટેમસનાં ટોળાં, હાથીઓની પલટણો, વિકરાળ મગરો, સાત ફૂટ ઊંચા આદિવાસી માનવો, પ્રાકૃત નૃત્યો, ઊંટના કારવાન, ઝામ્બેસી નદીને સંકડાવતા 'કેન્યોન' આગળ સર્જાતાં ધુમ્મસ અને મેઘધનુષો, વિક્ટોરિયાનો ધોધ, સહરાનું રણ, અરેબિયન નાઇટ્સની ભૂમિ ઉપર રાજા સાઉદને અબજપતિ બનાવનાર ઓઈલ કંપનીની તોતિંગ પાઈપ લાઈનો, ઈસ્ટામ્બુલ, માઉન્ટ ઓલિમ્પસ, નેપલ્સ, વિસુવિયસનો જ્વાળામુખી પર્વત, લીનિંગ ટાવર ઑફ પીસા—એ બધું જોતાં જોતાં અમે રોમમાં આવી પહોંચ્યા. સેન્ટ પીટર્સ નામના જગતના મોટામાં મોટા દેવળના ચોકમાં લાખો માનવીઓની ઠઠ જામી હતી. સદ્ગત નામદાર પોપ પાયસ ૧૨મા તેમના કાર્ડિનલો સાથે દેવળમાં દાખલ થયા અને બાલ્કનીમાં જઈને તેમણે ચોકમાં ઉભેલી લોકમેદની ઉપર આશીર્વાદ વરસાવ્યા. આ દૃશ્ય મેં જોયું ત્યારે યાદ આવ્યું કે આ વિદ્વાન પોપનો સ્વર્ગવાસ થયો ત્યારે જ હું પેરીસમાં હતો ત્યારે થયો હતો. પણ અહીં તો હું તેમને જીવતા જાગતા જોઈ શક્યો. ધન્ય સિનેરામા ! ધન્ય મિ. થોમસ !

રોમથી ઊપડયા તે પહોંચ્યા અમેરિકામાં. ત્યાં એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ જોયું, હુવર ડેમ જોયો, ટેક્સાસના તેલના કૂવા, ગ્રાન્ડ કેન્યોન, નાયગરાનો ધોધ વગેરે વગેરે ખૂબ

ઝડપથી જોયા અને ફિલ્મનો એકાએક અંત આવી ગયો! એમ લાગતું હતું કે હમણાં પેરીસમાં એફીલ ટાવર ઉપર પહોંચી જઈશું, મોસ્કોની ક્રેમલીન અને અન્ડરગ્રાઉન્ડ મેટ્રો જોઈશું, સ્વીટ્ઝર્લેન્ડનો જુંગફ્રાઉ જોઈશું. પણ લોભને કંઈ થોભ છે! ત્રણ શિલિંગમાં આટલું બધું દેખાડ્યું તે કેમ નથી કહેતા! અને તે પણ કેટલું બધું તાદશ—રૂપ, રંગ, શબ્દ, સ્વર, સંગીત, ઊર્મિ વગેરે દરેક તત્ત્વયુક્ત મલ્ટી-ડાયમેન્શન ફિલ્મ એ વિજ્ઞાનની પરમ સિદ્ધિ છે. ફિલ્મ ખતમ થાય છે ત્યારેજ આપણને ભાન થાય છે કે આપણે તો થિયેટરમાં હતા અને આ બધું માયાવી જગત તો એક નિશ્ચેતન સ્ક્રીન ઉપર હરણફાળ ભરી રહ્યું હતું. આવી પાંચ પચીસ ફિલ્મો જોવા મળે તો કરોડો લોકોની 'વર્લ્ડ ટુર'ની ભૂખ કંઈક અંશે તો જરૂર સંતોષાય. ફિલ્મ એ જ્ઞાનનું કેવું પ્રબળ સાધન છે તેની ખાત્રી, 'સેવન વન્ડર્સ ઓફ ધી વર્લ્ડ' જેવી ફિલ્મો જોવાથી થઈ શકે તેમ છે. ક્યાં આપણી ગાંડીઘેલી અષ્ટમપષ્ટમ્ ફિલ્મો અને ક્યાં આ અદ્‌ભુત શૈક્ષણિક ફિલ્મ! મને તો લાગે છે કે આગળ ઉપર પ્રોફેસરો કરતાં ફિલ્મો ઘણી ઝડપથી અને સચોટ શિક્ષણ આપી શકશે કારણ કે તેનાં સાધનો અમર્યાદ અને અગાધ છે.

કેસીનો થિયેટરમાં એક નવીનતા એ જોઈ કે ફિલ્મ શરૂ થતાં પહેલાં, ઇન્ટરવલમાં તેમજ ફિલ્મના અંતે થિયેટરની ઓરકેસ્ટ્રા જાદુઈ રીતે પ્રેક્ષકો સમક્ષ હાજર થાય છે. સ્ટેજના આગલા ભાગમાં આવેલા એક ભોંયરામાંથી આખી ઓરકેસ્ટ્રા સ્ટેચ્યુઓની જેમ એક પ્લેટ-ફોર્મ ઉપર ઊંચકાઈ આવે છે અને પ્રોગ્રામ આપીને પાછી ભોંયરામાં ખેંચાઈ જાય છે. આવા બધા ચમત્કારો જોઈને હું પાંચ વાગ્યે થિયેટરની બહાર આવ્યો ત્યારે ઠંડીનું મોજું થથરાવી નાખે તેવું હતું.

બે મહિનાથી વાળ કપાવ્યા નહોતા તેથી હું એક હેર કટિંગ સલૂનમાં ઘૂસ્યો. 'ક્યુ' લાંબી હતી પણ કર્તનકારની ઝડપ વીજળીવેગી હતી. ઇલેક્ટ્રિક શેવરથી ફટાફટ વાળ ઉતારી નાખીને 'નેક્સ્ટ પ્લીઝ' એમ બોલે એટલે સમજી જ લેવાનું કે આપણું માથું મૂંડાઈ ચૂક્યું છે. સંતોષકારક મૂંડાયું છે કે નહિ તે તપાસવાની અહીં તક જ મળતી નથી. માથું મૂંડાવીને પછી ખીસ્સું મૂંડાવવાનું. પાંચ મિનિટમાં કાપેલા વાળની કિંમત ત્રણ શિલિંગ અને ઉપરથી એક શિલિંગની 'ટીપ્સ' ચૂકવો તો જ 'થેન્કસ'ને લાયક સજ્જન ગણાઓ. ભારતમાં જેવી સહેલાઈથી વાળ કપાવવા મળે છે તે તો અહીં કોઈને સમજાય તેમ નથી. માસ પ્રોડક્શન અને માસ રશોટર, ક્વિક પ્રોડક્શન અને ક્વિક ડિસ્પોઝલના આ જમાનામાં વાળ કપાવવાની હેજત બીજી અનેક હેજતોની જેમ લુપ્ત થવા માંડી છે. હવે ઘોર નિદ્રાની હેજત પણ ક્યાં રહી છે? ઊઠો, જાગો, દોડો, ભાગો એ જ આજનું જીવન થઈ ગયું હોય તેમ લાગે છે!

બુધવારે સવારે આઠ વાગ્યે હું બકિંગહામ પેલેસ રોડ ઉપર આવેલા એક પબ્લિક બાથમાં પહોંચ્યો કારણ કે આઠ દિવસથી હું નાહ્યો નહોતો. મંગળવાર તા. ૭મીએ રાત્રે ઇન્ટરલેકનમાં નાહ્યો હતો તે જ. માન્ચેસ્ટરમાં સુદ્ધાં હું દૈનિક સ્નાન નહિ ચૂકનારો આ પહેલી વખત આઠ દિવસ સ્નાન વગર રહ્યો હતો. નાહ્યા વગર તો સાવ અછૂત જેવા બની જવાય છે. હમ્બર્ટને ત્યાં બાથટબ તો હતું જ પરંતુ બોર્ડ ગેસ્ટ હાઉસો અને હોટેલોની

જેમ તેમને ત્યાં ટુવાલ આપવાનો રિવાજ નહોતો તેથી હું પબ્લિક બાથમાં જ પહોંચ્યો. ત્યાં બાથના વિશાળ મકાનમાં સંખ્યાબંધ બાથરૂમો હતા અને એક શિલિંગમાં એક ટબ ગરમ પાણી, એક સ્વચ્છ ટુવાલ અને એક પાતળો સાબુ આપવામાં આવતા હતા. અડધા કલાક સુધી નાહ્યો ત્યારે ખરેખરી તાઝગી અને તેજી આવ્યાં બીજાં ત્રણ પેન્સ સ્લોટમાં નાખીને બેંલકીમતી એક ચમચી ડિસ્પેન્સરમાંથી ટપકાવી અને વાળ હોળ્યા ત્યારે મન પૂરેપૂરું પ્રફુલ્લિત થયું. સ્ટીમરમાં તો હવે દરરોજ નહાવાનું મળવાનું જ હતું એટલે આ સવા શિલિંગનું સ્નાન તે વિલાયતનું મારું છેલ્લું સ્નાન!

સ્નાન કરીને હું સીધો ચાઈનીઝ હોટલમાં જમવા ગયો. શનિ અને રવિવારે જ હસુબહેનને ત્યાં બપોરનું ભોજન મળે છે, બાકીના દિવસોએ તો રાત્રે જ મળે છે. આજે રાત્રે શીરો, પુરી, મગ, ભાત અને દૂધીચણાની દાળનું શાક જમવાનું હતું તેથી સવારનું ભોજન ચાઇનીઝમાં જ લઈ લીધું. વિલાયતમાં હિન્દી પછી મારી પ્રીતિ ચાઈનીઝ ભોજન પ્રત્યે જ વિશેષ વધતી ગઈ હતી તેથી જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં ચાઈનીઝ હોટલો શોધી કાઢતો હતો.

જમ્યા પછી હું ૩૯ ક્વીન એની સ્ટ્રીટ ઉપર આવેલી એક મહત્ત્વની સંસ્થાની મુલાકાતે ઊપડ્યો. આ સંસ્થા તે નેશનલ એસોસિયેશન ઑફ મેન્ટલ હેલ્થ. આ સંસ્થાની મુખ્ય અધિકારી એક વયોવૃદ્ધ સન્નારી મિસ વિલ્કોકસને હું મળ્યો અને તેમની સાથે લગભગ દોઢેક કલાક વિતાવ્યો. મિસ વિલ્કોકસે મને નબળા મગજનાં બાળકો વિશે ઘણી ઉપયોગી માહિતી આપી અને ઘણું સાહિત્ય પણ આપ્યું.

નબળા મગજનાં બાળકોનો પ્રશ્ન કેવળ આપણને જ નથી મૂંઝવતો. બ્રિટનમાં સુદ્ધાં દર દસ બાળકે એક બાળક પછાત મગજનું હોય છે તેથી તેમના ભાવિના પ્રશ્નને રાષ્ટ્રીય ધોરણે ઉકેલવામાં આવે છે. મિસ વિલ્કોકસે મને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે આ પ્રશ્નનો કોઈ જાદુઈ ઉકેલ હજી શોધાયો જ નથી. નોબેલ પારિતોષિકની વિજેતા શ્રીમતી પર્લબકની એકની એક પુત્રી અત્યંત પછાત મગજની છે અને તેનો પ્રશ્ન ઉકેલવા શ્રીમતી બકે આકાશપાતાળ એક કરવા જેવા ભગીરથ પ્રયત્નો કરી જોયા છે છતાં ઉકેલ મળ્યો જ નથી! આ મંથનનું બયાન શ્રીમતી પર્લબકે પોતાના 'ધી ચાઈલ્ડ ધેટ નેવર ગ્રુ' નામના પુસ્તકમાં સચોટ રીતે કરેલું છે. નબળા મગજવાળાની બુધ્ધિ અમુક હદની ઉપરાંત વધારવાનુ તો અશકયવત્ છે પરંતુ તેમની છે તેટલી જ બુદ્ધિનો પૂરેપૂરો લાભ ઉઠાવીને તેમને ઉપયોગી નાગરિક બનાવવાનું તો, શકય છે જ.

બ્રિટનના નેશનલ એસોસિયેશન ઑફ મેન્ટલ હેલ્થે આ ક્ષેત્રમાં ઘણો ઉમદા ફાળો આપેલો છે. આ સંસ્થાના પ્રયત્નોને પરિણામે બ્રિટનમાં અમુક અમુક ઓછી બુદ્ધિથી નભી શકે તેવાં કામો કરવાની જગ્યાઓ નબળાં મગજનાં બાળકો માટે રીઝર્વમાં જ રાખવામાં આવે છે—જેવી કે લિફ્ટમેન, પોસ્ટમેન, ડિસ્પેચ કલાર્ક, સાઇકલ પેસેન્જર્સ, કૉપી ટાઈપીસ્ટ, પેકિંગ ગર્લ્સ, હોટલ બૉટ્સ, ગાર્ડનર, મોટા ખાતામાં હજારોની સંખ્યામાં પોસ્ટની ટિકિટો ચોંટાડવા કરનાર, વગેરે વગેરે. આવી જગાઓ માટે નબળા મગજવાળાને જ પ્રથમ પસંદગી આપવામાં આવે છે અને તેમને પૂરેપૂરું મહેનતાણું આપવામાં આવે છે તેથી તે બાળકોની આત્મશ્રદ્ધા પણ દૃઢ થતી જાય છે. અને તેમની કમાવાની શક્તિ પણ વધતી જાય છે, પોતે કોઈને ભારરૂપ છે તેવી ભાવનાથી તેઓ પીડાતા નથી.

મિસ વિલ્કોક્સે મને જણાવ્યું કે બ્રિટનમાં હજારો કેસો તો અસાધ્ય જેવા છે છતાં તેમની સંસ્થા દરેકની પાસે કાંઈ ને કાંઈ કામ કરાવીને તેમને કમાતા કરી આપવાના પ્રયત્નો ચાલુ જ રાખે છે. કમાઉ બાળકની બાકીની સંભાળ રાખનાર તો કોઈ ને કોઈ હરિનો લાલ મળી જ રહે છે. બિલકુલ કમાઈ ન શકે તેવાં બાળકો જ ભાર રૂપ લાગે છે. તેમનો પ્રશ્ન બીજી રીતોથી ઉકેલવામાં આવે છે. એક ઉકેલ છે તેમના નામનું ટ્રસ્ટ કરી જવાનો. આવાં બાળકોનાં માતપિતાએ ચાલુ જીવનમાં ખૂબ કરકસર કરીને બચત વધારવી જોઈએ કે જેથી ટ્રસ્ટ કરી જવા જેવી સદ્ધર રકમ બચી શકે. માબાપ લાંબું જીવન જીવે તે તો જાણે સૌથી શ્રેષ્ઠ ઉપાય છે પણ તે હાથની વાત નથી. ટ્રસ્ટ કરવું તે હાથની વાત છે. ટ્રસ્ટી તરીકે સ્વાર્થી અને સંકુચિત સ્વભાવના માણસને કદાપિ નીમવો નહિ. ઉદાર અને સહાનુભૂતિવાળા સ્વભાવની વ્યક્તિઓને જ ટ્રસ્ટી બનાવવી જોઈએ. ભાઈને માટે બહેન અને બહેનને માટે ભાઈ ઉમદા ટ્રસ્ટી બની શકે છે. કાકા કરતાં ફોઈ અને કાકી કરતાં માસી આ બાબતમાં વધારે પસંદ કરવા જેવાં હોય છે! નેશનલ ટ્રસ્ટ હોય તો તો સૌથી સારું.

મિસ વિલ્કોક્સે એક અકલ્પ્ય ઉકેલનો પણ નિર્દેશ કર્યો અને તે લગ્નનો. નબળા મગજવાળી વ્યક્તિને સમજ અને સહાનુભૂતિપૂર્વક જો કોઈ બુદ્ધિશાળી સાથી પરણવા તૈયાર થાય તો તો તે સૌથી સારો ઉકેલ છે અને આ ઉકેલ હસી કાઢવા જેવો કે અશક્ય પણ નથી જ. કેટલાયે સેવાભાવી યુવકો અને યુવતીઓ બીજાની જિંદગી સુધારી નાખવાની 'મીશનરી ઝીલ'થી પ્રેરાઈને આવાં લગ્નો કરવા બહાર પડ્યાના દાખલા બનેલા છે. મોટી ઉંમરની વિધવાઓ અને કુંવારી રહી ગયેલી કન્યાઓ પછાત મગજના યુવકોની "માતૃભાવવાળી પત્ની" બનવાના કિસ્સા પણ બનેલા છે. મેં મિસ વિલ્કોક્સને પૂછ્યું કે "આવી પછાત મગજની વ્યક્તિઓ માટે લગ્ન શું ખરેખર વર્જ્ય ન હોવું જોઈએ?" તેના જવાબમાં તેમણે જણાવ્યું કે "નોટ નેસેસરિલી. માનસિક વિકાસ ધીમો થયેલાની લગ્નની ઇચ્છા પણ નબળી તો હોય છે જ છતાં તેમને માટે લગ્ન વર્જ્ય તો નથી જ. માનસિક નબળાઈ વારસામાં ઉતરે છે એ તો એક વહેમ છે. ઘણાં મૂર્ખ માબાપનાં બાળકો ચબરાક પાક્યાના દાખલાઓ પણ મોજુદ છે અને મિસ પર્લ બક જેવી વિદૂષીનું બાળક અપક્વ મગજનું પાક્યાના દાખલાઓ પણ ઘણા છે. આમાં ફક્ત પ્રશ્ન એક જ છે કે, આવી વ્યક્તિઓ સાથે લગ્ન કરનારે પૂરના ભાન સાથે અને સંપૂર્ણ સહાનુભૂતિ સાથે જ એ શ્રમ માટે તૈયાર થવું જોઈએ."

આવી બધી ચર્ચાઓ કર્યા બાદ મિસ વિલ્કોક્સની સેક્રેટરી મિસ ડેવીસે મને ચા પાઈ. તે બન્નેનો આભાર માનીને મેં તેમની વિદાય લીધી. ત્યાંથી હું ઊપડ્યો માર્બલ આર્ક ઉપર અને ત્યાં આવેલા લંડનના તેમજ ઇંગ્લેન્ડના મોટામાં મોટા ડિપાર્ટમેન્ટ સ્ટોર "સેલ્ફ્રીજીસ"માં ગયો. આ સ્ટોર પૂરેપૂરો જોવા માટે તો ત્રણ ચાર દિવસ જોઈએ છતાં મેં ઝડપથી બે કલાકમાં તેના વિવિધ વિભાગોનું વિહંગાવલોકન કરી નાખ્યું.

અહીં જાણવા મળ્યું કે નજીકમાં જ બોન્ડ સ્ટ્રીટમાં આવેલી હિઝ માસ્ટર્સ વોઈસ કંપનીમાં આપણા અવાજની રેકોર્ડ ઉતરાવવી હોય તો તેઓ 'ઓન ધી સ્પોટ' ઉતારી આપે છે. પરંતુ હું ત્યાં પહોંચ્યો ત્યારે દુકાનનાં તાળાં દેવાતાં હતાં. તેથી બીજે દિવસે

રેકોર્ડ ઉતરાવવાનું નક્કી કરીને હું માર્બલ આર્કના માર્ગે હાઈડ પાર્કમાં ગયો. હાઈડ પાર્કમાં થોડીવાર ફરીને અનંતભાઈને ઘેર ગયો. તેમણે જણાવ્યું કે આવતી કાલે ઈમેકસમાં વુડફર્ડ નામના સ્થળે ડૉ. મુકુંદ દવેને ત્યાં જવાની એપોઇન્ટમેન્ટ અમારા બન્ને વતી તેમણે ટેલીફોનથી નક્કી કરી છે. ડૉ. મુકુંદ દવે મૂળ અમારા બન્નેના ગામ 'સંખેડા'ના છે પરંતુ ૧૯૩૨ની સાલથી વિલાયતમાં જ વસી ગયા છે. હવે ઓળખી શકશે કે નહિ તે શંકાભરેલું લાગતું હતું પરંતુ એપોઇન્ટમેન્ટ આપી તેથી શંકા નાબૂદ થઈ. બીજે દિવસે બપોરે બે વાગ્યે અનંતભાઈને તેમની કેમ્ડનટાઉન વેસ્ટમિન્સ્ટર બેન્કમાં મળવાનું નક્કી કરીને હું તેમને ઘેરથી વિદાય થયો અને હસુમહેનને ત્યાં આવી શીરાપુરીનું જમણ જમીને સૂઈ ગયો.

ગુરુવાર તા. ૧૬મી ઓકટોબરનો દિવસ એ મારો લંડનમાં છેલ્લો દિવસ હતો. તે દિવસે છેલ્લે છેલ્લે ત્રણ પ્રોગ્રામો ઘણી સારી રીતે પાર પાડ્યા. સવારે નવ વાગ્યે હું ટોટનહેમ કોર્ટ રોડ સ્ટેશન પાસે આવેલા એક પર્સનલ રેકોર્ડિંગ સ્ટુડિયોમાં ગયો અને મારા છ મહિનાના પ્રવાસનું ટૂંકું છતાં બધા મુખ્ય મુદ્દાઓને આવરી લેતું નિવેદન સ્પષ્ટ સ્વરે રેકોર્ડ કરાવી લીધું. પહેલાં ટેપ ઉપર રેકોર્ડ કરેલા. આ નિવેદનને બીજી પાંચ મિનિટમાં ડીસ્ક ઉપર રેકોર્ડ કરીને મને દસ મિનિટમાં તો આ રેકોર્ડ સુપરત પણ કરી દેવામાં આવી! ૪૫ની સ્પીડ ઉપર ચાલતી આ નાનકડી રેકોર્ડ મને ભારત પાછો ફર્યા બાદ ઘણી કામ લાગી. તમે પણ તે સાંભળી જ છે તેવી રીતે મને મળવા આવનાર દરેક મિત્રને તે સાંભળવા મળે છે મારે ફરી ફરી એકની એક વાત જાતે બોલવી પડતી નથી. આ રેકોર્ડ જ તે બધું કહી નાંખે છે.

"ધિસ ઇઝ કાન્તિ ગાંધી સ્પીકિંગ ફ્રોમ લંડન ઓન ધી ઈવ ઓફ હિઝ ડિપાર્ચર ટુ ઇન્ડિયા ફ્રોમ સાઉથમ્પ્ટન બાય એસ. એસ. 'કેરેથ્યુ' સેઈલિંગ ઓન ધી સેવન્ટીન્થ ઓફ ઓક્ટોબર નાઈનટીન ફિફ્ટીએઈટ" થી શરૂ થતી અને "આઈ એમ લુકિંગ ફોરવર્ડ ટુ મીટિંગ માય ફેમિલી એન્ડ ફ્રેન્ડસ ઇન બોમ્બે વેરી શોર્ટલિ એન્ડ સુન આફ્ટર ધી ફેસ્ટિવલ ઑફ દીવાલી ઓલસો ફોલોઝ, જય હિંદ!" થી પૂરી થતી આ રેકોર્ડ પણ "વિલાયતની વાતો"ની સંક્ષિપ્ત અણુ આવૃત્તિ જેવી છે. તે રેકોર્ડ અને ફોટોગ્રાફ્સના આલ્બમોની મદદથી હું સેંકડો મિત્રોને મારા પ્રવાસની ઝાંખી કરાવી શક્યો છું અને આ "વિલાયતની વાતો"થી તો હજારો અજાણ્યા મિત્રોના દિલ બહેલાવી શક્યો છું. કેટલાક વાચકોના પત્રો અવારનવાર આવ્યા કરે છે અને હવે આશા રાખું છું કે આવતા મહિને લેખમાળા પૂરી થયા બાદ બીજા પણ ઘણા વાચકો જરૂર મારી ઉપર પત્રો લખશે જ! [સરનામું: શ્રીલક્ષ્મી નિવાસ, વિલેપાર્લે (પૂર્વ),-મુંબઈ ૫૭]

રેકોર્ડ લઈને હું બોન્ડ સ્ટ્રીટના એક ગંજાવર ડિપાર્ટમેન્ટલ સ્ટોર 'હેરોડ'માં પ્રવેશ્યો. 'સેલ્ફ્રીજ્સ'ની જ કોટિનો આ સ્ટોર છે. આ બધા સ્ટોરો વિશે વિગતવાર રીતે હું પત્ર નં. ૬ માં લખી ચૂક્યો છું એટલે પુનરાવર્તન કરતો નથી. 'હેરોડ'ના સ્ટોરમાંથી મેં એક નવાઈની ચીજ ખરીદી. દીવાળીની રોશની માટે આપણે જાતજાતનાં તોરણો જોયેલાં છે પણ મેં જે તોરણ ખરીદ્યું છે તેનો તો ભારતમાં હજી જોટો જોવા મળતો નથી. બિલકુલ લવિંગના જ કદના ઝીણા ઝીણા રંગબેરંગી બલ્બો પાતળા દોરા જેવા વાયરમાં સીધા જ જોડેલા છે. હોલ્ડર વગરનાં આ બલ્બો નવાઈ જેવા છે..બલ્બો છે ખૂબ ઝીણા પણ તેમનો

પ્રકાશ ખૂબ તેજસ્વી છે. ૪૦ બલ્બોવાળું એક તોરણ મેં ખરીદ કર્યું અને તે તોરણને વીંટાઈ ફરતું એક બીજું તોરણ ઝીકની પત્તીઓનું પણ ખરીદ્યું. પવનમાં ઊડતી આ રૂપેરી પત્તીઓમાં રંગબેરંગી પ્રકાશનું પ્રતિબિંબ પડે છે તે દૃશ્ય ખૂબ જ નયનમનોહર લાગે છે. દીવાળી ઉપરાંત કુટુંબમાં ઉજવાતી જન્મદિનો, લગ્નો, પરીક્ષાની સફળતાઓ વગેરેની પાર્ટીઓ વખતે આ તોરણ ઉજવણીમાં ખૂબ રોનક પૂરે છે. મુંબઈ પાછો ફર્યો પછી આઠ જ દિવસ બાદ દીવાળી હતી તેથી આ તોરણ મેં એકદમ ખરીદી લીધું. વિલાયતના લોકો, આવાં અનેક તોરણોથી 'ક્રીસમસ ટ્રી'ની ગૂંથણી કરે છે તેનો જે ઝગમગતો નમૂનો 'હેરોડ' સ્ટોરમાં મૂકેલો હતો તેનાથી પ્રભાવિત થઈને જ મેં આ ખરીદી કરી હતી. મારી બધી ખરીદીઓમાં આ ખરીદી સર્વશ્રેષ્ઠ તરીકે પંકાઈ છે તેથી જ તેનું આટલા વિસ્તારથી વર્ણન કર્યું છે!

એક વાગી ગયો હતો તેથી 'હેરોડ' સ્ટોરની જ એક રેસ્ટોરાંમાં મેં જમી લીધું અને પછી ઊપડ્યો કેમડન ટાઉન વેસ્ટ મિન્ટસ્ટર બેંકમાં. આ બેંકમાં બરોડા બેંક તરફથી તાલીમ માટે આવેલા સંખ્યાબંધ હિંદી યુવાનો હતા. અનંતભાઈ પણ તેમાંના જ એક હતા. અનંતભાઈ અને હું '૩૮ એ' નંબરની બસમાં બેસીને પંદર માઈલ દૂર આવેલા વુડફોર્ડ નામના સ્થળે ચાર વાગે પહોંચ્યા. ડૉ. મુકુંદ અંબાલાલ દવે જેમને અમે 'બાબુભાઈ'ના નામે ઓળખતા હતા તેઓ હવે 'મેક્ દેવ' ના નામે ઓળખાય છે! મેક્ દેવે અમારો ઘણો સારો સત્કાર કર્યો. અમે પૂરા પાંચ કલાક તેમને ઘેર ગાળ્યા. 'હાઈ ટી' અને 'ડિનર' એ બધું જ ત્યાં થયું. મકાન તેમનું પોતાનું જ છે અને લાઉન્જ રૂમના એક ખૂણામાં તેમણે એક સુંદર નાનકડી 'બાર' પણ બનાવી છે. ત્યાંથી હોટલના કાઉન્ટર ઉપર અપાય છે તેવી જ રીતે "બોલો, શું લેશો, સાહેબો!" ના પ્રશ્ન સાથે પીણાંઓ આપી શકાય છે. તેમને ત્યાં ટેલીવિઝન અને 'ફોક્સવેગન' કાર પણ છે. તેમણે તેમની પત્ની માર્ગારેટ (મેગી), ૧૮ વર્ષની પુત્રી પેટ્રીશિયા (પેટ) અને ૧૩ વર્ષની બીજી પુત્રી પેનીનું અમારી સાથે ઓળખાણ કરાવ્યું અને તે બધાંએ અમારી સાથે ઘણી સારી રીતે વાતો કરી. અનંતભાઈએ બધાંના ફોટા પાડ્યા અને પછી અમે બાબુભાઈ સાથે વાતોએ વળ્યા.

બાબુભાઈ અમારા વતન સંખેડાના એક પ્રતિષ્ઠિત જમીનદાર સ્વ. શ્રી અંબાલાલ સંપતરામ દવેના જ્યેષ્ઠ પુત્ર થાય. તેમનાથી નાના ભાઈ શ્રી. અનિરુદ્ધ દવે ગુજરાતના અગ્રગણ્ય કાયદનિષ્ણાતોમાંના એક છે અને હાલ તેઓ પાલણપુરમાં ડિસ્ટ્રીક્ટ જજના હોદ્દા પર છે. ત્રીજા ભાઈ સ્વ. શ્રી. બિપીન દવે વડોદરાની પંજાબ નેશનલ સિટીઝન બેંકના મેનેજર હતા અને ભરયુવાવસ્થામાં તેમનું અકાળ અવસાન થયું હતું. મારી કિશોરાવસ્થામાં હું આ ત્રણે ભાઈઓ સાથે ઘણીવાર સંખેડાની ઓરસંગ નદીના વિશાળ રેતીપટ ઉપર ફરવા જતો હતો. હું ગાઢ ધાર્મિક સંસ્કારોમાં ઉછરેલો હતો તેથી મને આ 'શુદ્ધ બ્રાહ્મણ' બંધુઓની વાતો તે સમયે જરા વિચિત્ર લાગતી હતી! તેઓ હંમેશાં ડાર્વિનીઝમ, બોલ્શેવિઝમ, રેશનાલિઝમ, એથેઈઝમ એવા એવા વિષયોની વાતો કરતા હતા તેથી આવા સારા માણસો 'નાસ્તિક' કેમ થઈ ગયા હશે તેની મને નવાઈ લાગતી હતી! પછી હું જ્યારે મેટ્રિકની પરીક્ષામાં બેઠો ત્યારે ૧૯૩૨ની સાલમાં શુભ સમાચાર આવ્યા કે બાબુભાઈ એમ. આર. સી. એસ. થવા ઇંગ્લેન્ડ જઈ રહ્યા છે. સંખેડામાં તે સમયે ગ્રેજ્યુએટોની સંખ્યા જ

ચાર કે પાંચ જેટલી હતી એટલે વિલાયત સુધી જવાની તો તે સમયે કોઈને કલ્પના પણ આવે તેમ નહોતી ૧૯૩૨માં બાલુભાઈના વિલાયત ગયા બાદ સંખેડામાંથી ભાગ્યે જ બીજા બે ત્રણ ભાઈઓ વિલાયત ગયા હશે. છેક ૧૯૫૮માં હું તથા અનંતલાઈ વિલાયત ગયા ત્યારે સુદ્ધાં વિલાયત જનારની સંખ્યા માંડમાંડ પાંચ કે છ જેટલી જ હતી.

બાલુભાઈ વિલાયત ગયા તો ખરા અને એમ. આર. સી પી ની ડિગ્રી પણ મેળવી. પણ વિધિની વિચિત્રતા એવી કે તેઓ વિલાયતમાં જ રહી પડ્યા! આજે ત્રીસ વર્ષથી તેઓ વિલાયતમાં છે પણ હજી સુધી એકે વખત ભારત પાછા આવ્યા નથી. વિલાયતમાં તેમની પ્રેક્ટીસ ઘણી સારી ચાલે છે, પોતાનું મકાન બનાવ્યું છે અને સંસાર પણ ત્યાં જ માંડ્યો છે. આ બધા પાછળ એક કરુણ હકીકત એ જ છે કે વિલાયત જતાં પહેલાં તે જમાનાને અનુસાર તેઓ બાળલગ્નનો ભોગ થઈ પડયા હતા. બાળલગ્નની શૃંખલામાંથી છટકીને ઇંગ્લેન્ડમાં નવો સંસાર માંડવા બદલ અહીંના સમાજમાં થયેલી તેમની ટીકાઓથી તેઓ વાકેફ છે પણ તેઓ લાચાર છે. તેમની દલીલ એ છે કે સમાજના ખોટા રિવાજોથી બંધાઈ રહીએ તો પછી માનવી પોતાના ભાવિનો ઘડવૈયો કેવી રીતે બની શકે? શૃંખલાઓ તો તોડવી જ જોઈએ.

તેમણે અમને જણાવ્યું કે "હું જન્મ્યો હતો શુદ્ધ બ્રાહ્મણ ધનિક કુટુંબમાં પણ બચપણથી જ રેશનાલિસ્ટ વિચારોના અંકુરો મારામાં ફૂટ્યા હતા તે હવે ફૂલી ફાલીને દૃઢ થઈ ગયાં છે. મારી પ્રેક્ટીસ જો કે સારી ચાલે છે પણ ધાર્યું હોત તો હું હજી ઘણા વધારે પૈસા કમાઈ શક્યો હોત. પણ હું અહીંના વર્કિંગ ક્લાસ (શ્રમજીવી વર્ગ) ની સેવાની રાહે ચઢી ગયો છું, પાકો સમાજવાદી બની ગયો છું, તેથી મોટા ભાગની તો હું મફત ટ્રીટમેન્ટ કરું છું. શ્રમજીવીઓનો પ્રેમ મેં એવો સંપાદિત કર્યો છે કે આ વર્ગનાં સ્ત્રીપુરુષો ચૂંટણીઓ વખતે મારા પડયા બોલ પ્રમાણે મત આપવા પણ તૈયાર થઈ જાય છે" ત્યાર બાદ બાલુભાઈએ બ્રિટન અને અમેરિકાની સામ્રાજ્યવાદી રીતિનીતિની ખૂબ જ ઝાટકણી કાઢી અને રશિયા, ચીન તથા ભારતે મળીને માનવતા માટે જે નક્કર પ્રગતિકૂચ કરવા માંડી છે તેની તેમણે મુક્તકંઠે પ્રશંસા કરી. યુનાઇટેડ નેશન્સમાં રશિયાના એકેએક પગલાનો અને 'વિટો'નો તેમણે બચાવ કર્યો. શ્રી. કૃષ્ણ મેનનના તો તેમણે ભારોભાર વખાણ કર્યાં અને તે મને હમણાં ઉત્તર મુંબઈની ચૂંટણી વખતે ખૂબ યાદ આવ્યાં. ઉત્તર મુંબઈની ચૂંટણીનો હું પણ એક મતદાર હતો તેથી મને ઘણું ગૌરવ લાગ્યું. શ્રી કૃષ્ણ મેનન વિજયી નીવડયા તેનો હર્ષ લંડનમાં બાલુભાઈને પણ ઘણો જ થયો હશે એમ હું માનું છું.

બાલુભાઈએ બીજી પણ અનેક વાતો કરી. સંખેડાની ઘણી વ્યક્તિઓની યાદ તેમણે સ્મૃતિપટ ઉપર મુશ્કેલીથી તાજી કરી. ગુજરાતી ભાષા પણ હવે તેઓ મહાવરાના અભાવે ભૂલી ગયા છે–એટલે કે બોલી શકતા નથી પણ સમજી શકે છે ખરા. અમે તેમને મળવા ગયા તેના આઠ દિવસ અગાઉ જ તેમના ભાઈશ્રી અનિરુદ્ધ દવેનો પત્ર તેમને મળ્યો હતો તેમાં સમાચાર આવ્યા હતા કે તેમના કાકા શ્રી ઓચ્છવલાલ સંપતરામ દવે ૭૮ વર્ષની વયે ગુજરી ગયા હતા. શ્રી અનિરુદ્ધભાઈ સાથે તેમનો પત્રવ્યવહાર હજી ચાલુ જ છે, એટલું જ નહિ પણ બાલુભાઈની પુત્રીઓ અને અનિરુદ્ધભાઈના સંતાનો વચ્ચે પણ પત્રવ્યવહાર ચાલે છે, શ્રી અનિરુદ્ધભાઈનો પુત્ર ચિ. પ્રદીપ થોડા સમય ઉપર મારે ત્યાં પાર્લા આવ્યો હતો ત્યારે કહેતો હતો કે "અમે હજી અમારા અંકલ, આન્ટી કે બહેનોને જોયાં નથી પણ તમે જોઈ આવ્યા

એટલા તમે વધારે નસીબદાર!" હજી શ્રી અનિરુદ્ધભાઇએ પણ બાલુભાઈનાં આ નવાં કુટુંબીઓને જોયાં નથી! વિધિની કેવી વિચિત્રતા! બાલુભાઇને અમે કહ્યું કે "હવે એકાદ વખત તો સ્વદેશની મુલાકાત લઈ જાવ!" ત્યારે તેમણે જવાબ આપ્યો કે "ઇચ્છા તો ઘણી થાય છે પણ હજી સંજોગો નથી આવતા. આવીશ ખરો જરૂર એક દિવસ! ભારતની પ્રગતિ જોવાની ઘણી ઝંખના છે."

અમને ભોજન કરાવીને બાલુભાઈ તેમની કારમાં રાત્રે સવાનવ વાગ્યે ગુડફોર્ડ સ્ટેશને મૂકી ગયા. ત્યાંથી હું દસ વાગ્યે ગોલ્ડર્સગ્રીન પહોંચ્યો અને ટ્રેનમાંથી જ અનંતભાઈને આખરી 'ગુડબાય' કરી દીધું કારણ કે બીજે દિવસે વહેલી સવારે મારે સાઉધમ્પ્ટન જવાનું હતું. લંડનમાં છેલ્લો દિવસ આ પ્રમાણે સંબંધના વતનીઓની સાથે ગાળવા મળ્યો તેથી ઘણો આનંદ થયો. હસુબહેનને ઘેર આવ્યો ત્યારે ડૉ પટેલ અને મિ. ગોર મારા રૂમમાં ગેસની સગડી સળગાવીને ગપ્પાં મારતા હતા. તેમાં હું સામેલ થયો તેથી ગપ્પાં રાતના એક વાગ્યા સુધી ચાલ્યાં! એક વાગ્યે ઊંઘ્યો છતાં સાડાચાર વાગ્યે જાગી ગયો! હવે ઊંઘ ક્યાંથી આવે? સ્વજનો સાથેનાં પુનર્મિલનની ઘડી નજીક આવતી જતી હતી!

શુક્રવાર તા. ૧૭ મી ઑક્ટોબરની શુભ સવારે છ વાગ્યે ઊઠી જઈને હું ટોયલેટ કરીને તૈયાર થઈ ગયો. હસુબહેને નાસ્તો તૈયાર કરી દીધો. તેમનો વિચાર મારી સાથે પ્રો. જાનીનો ટેપ રેકોર્ડર મોકલવાનો હતો પરંતુ મેં તેમ કરવાની અનિચ્છા દર્શાવેલી તેથી તેમને જરાક માઠું તો લાગેલું પરંતુ વિદાયની ઘડી આવી ત્યારે તેમણે મને કહ્યું કે "ઓછુંવધતું ચલાવ્યું માફ કરજો. ભાઇ પદ્મકાન્ત શાહ અને શશિને (શ્રીમતી સુમનબહેન શાહને) મારી યાદ કહેશો." મેં તેમનો આભાર માનતાં કહ્યું કે "આ સ્થળે મને ઘર જેવી માયા તમે લગાડી છે તેથી તે છોડતાં એક રીતે દુઃખ પણ થાય છે પરંતુ સ્વદેશ પાછા જવાનો હરખ છલકાય છે તેથી આ દુઃખ ગૌણ લાગે છે છતાં હું મારા આ સ્થળના નિવાસને કદાપિ ભૂલીશ નહિ." તે વખતે ખ્યાલ પણ નહોતો કે હસુબહેનના ઘરનો ઉલ્લેખ આ પત્રમાળામાં આટલી બધી વાર આવશે!

હસુબહેનની વિદાય લઈને ગોલ્ડર્સગ્રીનથી ૮-૧૦ ની ટ્રેનમાં બેઠો તે ૮-૪૦ વાગ્યે વોટર્લૂ સ્ટેશને આવી પહોંચ્યો. વોટર્લૂ સ્ટેશનેથી ૯-૨૦ વાગ્યે સાઉધમ્પ્ટન જવાની સ્પેશિયલ ટ્રેન સ્ટીમર 'કોર્ફુ'ના પેસેન્જરો માટે જ ઊપડવાની હતી. તેમાં હું મારી ત્રણ નાની બેગો લઈને ગોઠવાઇ ગયો. ભાઇ પદ્મનાભન પણ આ ટ્રેનમાં જ હોવા જોઇએ પરંતુ મારો તેમની સાથે ટ્રેનમાં ભેટો ન જ થયો. ટ્રેન ૧૧-૩૦ વાગ્યે સાઉધમ્પ્ટન પહોંચી ત્યારે જ તેમનો ભેટો પાસપોર્ટ ચેકિંગની 'ક્યુ'માં થયો. ટ્રેનમાં મારી સાથે મદ્રાસમાં મીશનરી પાદરી તરીકે કામ કરતા એક કેનેડિયન શ્રી ડી. એસ. ફોકસ, તેમની પત્ની તથા બાબો હતાં. મારી સામેની સીટ ઉપર મહારાષ્ટ્રીઅન જેવા દેખાતા એક ભાઈ બેઠા હતા તેમની સાથે ટ્રેનમાં જરાયે વાત થઈ નહિ પરંતુ પછી બોટમાં પ્રવેશ્યા બાદ તો તે ભાઇ મારા સિલોનના દોસ્ત બની ગયા. તેમનો બર્થ પણ મારા જ કેબિનમાં હતો. આ ભાઈ વિશે આવતા પત્રમાં ઘણું લખવાનું છે. તેમનું નામ છે શ્રી અંબાલાલ રાવળ અને કામ છે યુવાનોના દેહઘડતરનું. શ્વાસ થંભાવી દેવા અને કાચ ગળી જવા જેવા યૌગિક પ્રયોગો સ્ટીમર ઉપર તેમણે કરી બતાવ્યા હતા તે બધા વિશે આવતા પત્રમાં લખીશ.

વોટર્લુ સ્ટેશનેથી અમારી ટ્રેન ઊપડી ત્યારે વિદાય દશ્યો જોવા જેવાં હતાં. કેટલાયે હિંદી વિદ્યાર્થીઓ તેમની અંગ્રેજ ગર્લફ્રેન્ડોને પાછળ મૂકી હિંદ આવી રહ્યા હતા તે બધા તેમની આ મિત્રાણીઓને ભેટતા ચૂમતા વિદાય આપી રહ્યા હતા જોવાની ખૂબી એ હતી કે આ છોકરાઓની આંખમાં આંસુ જેવું કંઈ જ નહોતું પણ પેલી છોકરીઓની આંખોમાંથી તો અશ્રુધારાઓ વહે જતી હતી! છોકરાઓની જિંદગીમાં તો આ એક પ્રકારની રમત કે 'ફન' હતી અને 'પાસીંગ ફ્રેઝ' જેવું હતું પણ છોકરીઓ માટે તો આ એક ગંભીર આમન હતી. તેમને રડતી જોઈને આપણી આંખમાં પણ સહાનુભૂતિનાં ઝળઝળીઆં આવી જાય તેવાં આ કરુણ દશ્યો હતા છતાં નવાઈ એ જ લાગતી હતી કે પેલા નિષ્ઠુરોના દિલમાં લાગણી જેવું કશું જ કેમ લાગતું નહોતું! સ્ટીમરમાં મારા ટેબલ ઉપર દરરોજ જમનારા એકસાથી શ્રી બેનર્જીએ તો મને એમ પણ જણાવ્યું કે તેમની બ્રિટિશ પ્રેયસી એક અચ્છી અંગ્રેજ નોવેલિસ્ટ છે, તેમની બન્નેની વચ્ચે પ્રીતની ગાઢ ગઢ રીતે બંધાઈ છે, ગઈ કાલે આખી રાત બેન્ને જરા ઊંઘ્યાં નહોતા છતાં હવે એ બધું સ્વપ્નની જેમ ભૂલી જવામાં જ સાર છે! પ્રેયસી ભારતમાં રહી શકે તેમ નથી અને પ્રીતમ વિલાયતમાં રહી શકે તેમ નથી. પ્રીતની રીત છે આવી ન્યારી!—સજ્જનો, પ્રીતની રીત છે આવી ન્યારી!

ટ્રેન ૧૧-૩૦ વાગ્યે સાઉધમ્પટન બંદરે પહોચી, પાસપોર્ટ, કસ્ટમ વગેરેની તપાસ થઈ અને અમને ૧૨ વાગ્યે સ્ટીમર 'કોર્ફુ'માં પ્રવેશ મળ્યો. મારા કેબિન નં. ૨૩૫માં મારો માન્ચેસ્ટરથી આવેલો બધો સામાન ગોઠવાઈ ગયેલો જોવા મળ્યો, લાઉડસ્પીકર ઉપર જાહેરાત થઈ કે સ્ટીમર બપોરે એક વાગ્યે ઊપડશે અને પછી તરત સૌ કોઈને લંચ પીરસવામાં આવશે જેને છેલ્લે છેલ્લે પત્રો લખી લેવા હોય તે લખીને બે વાગના સુધીમાં સ્ટીમરની પોસ્ટ ઓફિસમાં આપી જશે તો તે ચાલુ સ્ટીમરે દોરડાથી નાની બોટમાં રવાના કરી શકાશે અને ચાલુ પત્રોની જેમજ હવાઈ માર્ગે સ્વદેશ રવાના થઈ જશે


આ લાભ પણ મેં ઉઠાવ્યો અને ઘેર લખી દીધુ કે "એક કલાકથી સ્ટીમર ઊપડી ચૂકી છે છતાં હજી ઇંગ્લેન્ડની ભૂમિ દેખી શકાય છે. ઘણી સુંદર હવા અને તડકા વચ્ચે સ્ટીમરે સફરની શરૂઆત કરી છે. અંતિમ સફરના મંડાણ થઈ ચૂક્યા છે, સ્ટીમર મોટા રાજમહેલ જેવી લાગે છે અંદર ઘણા સાથીઓ છે અને સત્તર દિવસમાં તો તેમાંના ઘણા જણ સાથે મૈત્રી થઈ જશે આજની રાતથી હવે સત્તર દિવસ દરિયામાં ઊંઘવાનું! વિમાનમાં ઊંઘ્યા પછી હવે સમુદ્રમાં ઊંઘવાનો વારો પણ આવ્યો ખરો! ઇંગ્લેન્ડને હવે છેલ્લી સલામ! જય હિંદ, જય પાર્લો!"

'માછીડા હોડી હંકાર, મારે જાવું છે પેલે પાર'ની ભાવના સાથે આ પ્રમાણે 'પ્રેમકી નૌકા ચલી જલમેં મેરી'! આ નૌકામાં વિતાવેલા ચિરસ્મરણીય સત્તર દિવસનો હેવાલ હવે આવતા પત્રમાં જ આપીશ. તમે વાચકોને ખાત્રી આપી છે કે મારી વાતો સહેજમાં પૂરી નહિ જ થાય; પરંતુ હવે તો હું જ ખાત્રી આપું છું કે આવતા પત્રમાં તો 'વિલાયતની વાતો'ની પૂર્ણાહુતિ થશે જ!

ક્રમશઃ]

લિ૦ સ્નેહાધીન
કાન્તિ ગાંધીના
જય હિંદ

★



વર્ષ-૩૭
અંક ૮

સં. ૨૦૧૮
[illegible]

આદ્ય તંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ-પાઠક

卐

સંચાલક
રણછોડજી કેસરભાઈ મિસ્ત્રી

પ્રકાશક: રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી, ૬ ૨/અ, ભારતીનિવાસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ
મુદ્રક: મણિલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૪ ૨૦૧૮ : જેઠ અંક ૨

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧ રાધાકૃષ્ણન્—રાષ્ટ્રપતિ

૨ ઝાકીર હુસેન—ઉપ-રાષ્ટ્રપતિ

૩ કોંગ્રેસની પ્રતિષ્ઠા

પ્રશ્ન : ભારતના બીજા રાષ્ટ્રપતિની ચૂંટણી વિશે કાંઈ કહેવા જેવું છે ?

ઉત્તર : હાલની પરિસ્થિતિમાં તો 'ચૂંટણી' કરતાં 'પસંદગી' શબ્દ હું વધારે પસંદ કરું. ચૂંટણીની પ્રક્રિયાથી ભારતના રાષ્ટ્રપતિ ચુંટાય છે એની ના કહેવાનો મારો ઇરાદો નથી, પણ કોંગ્રેસની જંગી બહુમતીની હકીકતને ધ્યાનમાં લઈએ એટલે ચૂંટણી જેવું બહુ રહેતું નથી. પ્રમુખની ચૂંટણીમાં રસાકસીનો રસ તો અમેરિકાના પ્રમુખની ચૂંટણીમાં હોય છે. એટલે કોંગ્રેસપક્ષે રાષ્ટ્રપતિની પસંદગી કરી એ વિશે જ કાંઈ કહેવાનું હોય. અને એ અંગે કહેવાનું એટલે તો પ્રથમ કોંગ્રેસપક્ષને ધન્યવાદ આપવાનો. વાસ્તવિક ધન્યવાદ તો જેની ઉદાર દૃષ્ટિએ રાધાકૃષ્ણનને કોંગ્રેસના રાજકીય વર્તુળમાં બેસાડ્યા એને આપવાના છે. રાધાકૃષ્ણન પહેલાં કોઈ પણ રાજકીય પક્ષમાં ન હતા એ જાણીતું છે; સિવાય કે આપણને તેનું અજ્ઞાન હોય. કોંગ્રેસમાં તો એ નહોતા જ, અને ગાંધીજીના પરમ પ્રશંસક હોવા છતાં રાધાકૃષ્ણનની મનોવૃત્તિ કોંગ્રેસના બીજા નાયકોની સાથે બંધ બેસે એવી તો ન જ મનાય. રાધાકૃષ્ણનની જગતભરમાં પ્રખ્યાતિ, ખાસ કરીને વિચારક, અને વિદ્વદ્વર્ગમાં પ્રતિષ્ઠા એ એમનું એક મોરપીંછું ગણાય પણ રાજકીય ચોકઠામાં સમાય નહિ એવી રાધાકૃષ્ણનની વિચારસરણી અને ભાવનાસૃષ્ટિ તો ખરી જ. તેથી જેની સૂચનાથી— ગાંધીજી હો, રાજાજી હો, કે જવાહરલાલજી હો કે બીજું કોઈ અજ્ઞાત નામ હો,—જેની સૂચનાથી કોંગ્રેસને આ સદ્બુદ્ધિ સૂઝી તે અજ્ઞાત પુરુષને તો પ્રથમ આપણે ધન્યવાદ આપવા જોઈએ.

એક રીતે એમ કહેવાય કે કોંગ્રેસના સત્તાધિકારનાં પ્રારંભનાં વર્ષોમાં આ ઉદાર દૃષ્ટિ હતી. કોંગ્રેસના કટ્ટર વિરોધી ડૉ. આંબેડકર જેવાને ધારાવિધાનના પ્રધાન બનાવાય અને એમને હાથે ભારતનું બંધારણ ઘડાય એ આ ઉદાર દૃષ્ટિનું કાર્ય હતું. એ જ રીતે ડૉ. જહોન મથાઈ નાણાંમંત્રી થયા, અથવા શ્રી ચિંતામણ દેશમુખ જેવા નાણાંમંત્રી થયા એ પણ આ ઉદાર દૃષ્ટિનું જ કાર્ય હતું. એ જ ઉદાર દૃષ્ટિએ રાધાકૃષ્ણનને આ વર્તુલમાં ખેંચ્યા. અને જો કે એ ઉદાર દૃષ્ટિ–રાષ્ટ્રહિતની ઉદાર દૃષ્ટિ ક્રમે ક્રમે સંકુચિત થતી ગઇ, રાષ્ટ્રીય મટી પક્ષીય થતી ગઈ, છતાં એ ઉદાર દૃષ્ટિએ ખેંચેલા રાધાકૃષ્ણન એ વર્તુલમાં રહી શક્યા એ નોંધવા જેવી બાબત છે. એનો યશ રાધાકૃષ્ણનને જાય છે કે કોંગ્રેસપક્ષના મોવડી મંડળીને અથવા તો મોવડી મંડળીના અગ્રણી જવાહરલાલને જાય છે કે બન્નેને જાય છે એ કહેવું મુશ્કેલ છે; પણ એક વાત તો ખરી કે ડૉ. મથાઈ કે શ્રી. ચિંતામણ દેશમુખ જેવા એ વર્તુલમાં રહી ન શક્યા, જ્યારે રાધાકૃષ્ણન એમાં રહી શક્યા. ગમે તે હોય, પણ રાધાકૃષ્ણન જેવા વિદ્યા અને ચિંતનના ક્ષેત્રમાં પ્રતિષ્ઠા પામેલા વિચારકને, ભારતના રાષ્ટ્રપતિનું સ્થાન મળે એ ભારતને માટે અસાધારણ ગૌરવનું કારણ છે; કારણ કે દુનિયાના બીજા દેશોના ઇતિહાસમાં, ભૂત કે વર્તમાન, આવી ઘટના દેખાતી નથી, હશે તો કદાચ વિરલ હશે. પોલેન્ડમાં એક વાદ્યકલાનિપુણ વાયોલિન વગાડનારા મેઝેરિક (?) નામના કલાકારને પ્રમુખપદનું સ્થાન મળ્યું હતું એ અત્યારે યાદ કરવા જેવું છે. બાકી તો પ્લેટોએ એ આદર્શ સેવ્યો હતો કે શાસકો ફિલસૂફો હોવા જોઇએ. પ્લેટોનો આ આદર્શ સ્વપ્નવત્ હતો તેને ભારતે વાસ્તવિક બનાવ્યો.

રાધાકૃષ્ણન તત્ત્વજ્ઞાનના સમર્થ વિદ્વાન અને વિવેચક છે અને કુશળ અધ્યાપક હતા. એ ગુણો ઉપરાંત જેને અંગ્રેજીમાં wisdom કહે છે એના ભંડાર પણ એ સિદ્ધ થયા છે. વિદ્વત્તા હોવી એટલે wisdom હોવુ એવો કોઈ નિયમ નથી : રાધાકૃષ્ણનમાં વિદ્વત્તા છે, વિવેચકતા છે, વિચારકતા છે અને wisdom છે. આપણે ગુજરાતીમાં જેને 'ડાહ્યો' માણસ કહીએ એવા એ છે એમ કદાચ કહેવાય; પણ ડાહ્યા હોવું એનો એક અર્થ આદર્શ વિનાના હોવું એવો જે થાય છે તે અર્થમાં તો નહીં જ. એ જ્ઞાની છે એમ કહેવાય; પણ આપણી પરંપરામાં અતીન્દ્રિય અનુભવના આધારે થયેલા જ્ઞાનવાળા જ્ઞાની એમને કહેવાય કે નહીં એ હું જાણતો નથી; પણ વ્યવહારના ચિંતનથી, આદર્શોની મર્યાદાના વિવેચનથી જે બુદ્ધિપરિપાક થાય છે એવા બુદ્ધિપરિપાકવાળા જ્ઞાની રાધાકૃષ્ણનને કહી શકાય. એમને રામકૃષ્ણ પરમહંસ કે રમણ મહર્ષિ કે શ્રી અરવિંદ કે શ્રીમદ્ રાજચંદ્રની કક્ષામાં ન મૂકાય, પણ વિવેકાનંદ કે રવીન્દ્રનાથ કે આનંદશંકર ધ્રુવની કક્ષામાં મૂકાય. ગાંધીજીનો આધ્યાત્મિક દૃષ્ટિપ્રેરિત, ઇશ્વરમાં જાગ્રત શ્રદ્ધાવાળો કર્મયોગ અને એની સામાજિક અને રાજકીય જીવનમાં થયેલી પરિણતિ વિચારતાં ગાંધીજીને અનોખા શિખર ઉપર જ રાખવા પડે. કારણ કે સામાજિક અને રાજકીય જીવનમાં પરિવર્તન કરનારાઓમાં ગાંધીજીની આધ્યાત્મિક દૃષ્ટિ અને તેનાથી પ્રેરિત અને અંતઃપ્રેરિત વિચારદૃષ્ટિ નથી દેખાઈ; જ્યારે વિચારકોમાં અને અધ્યાત્મ જ્ઞાનીઓમાં આવી અને આટલી વિશાળ વ્યવહાર પરિણતિ નથી દેખાતી; એટલે ગાંધીજીને એક અદ્વિતીય ગણવા પડે—માનવા પડે.

પ્રશ્ન : રાધાકૃષ્ણન ઊતરતી કક્ષામાં મુકાય એવી આ તુલના થઈ ?

ઉત્તર : કોઈ પણ રીતે નહી. એમનું વિશિષ્ટ સ્થાન સમજવા અને એ રીતે એમનું વિશિષ્ટ ગૌરવ કરવા આ તુલના કરી. વિદ્વત્તા, વિવેચન, વાક્પટુતા, ચિંતનગાંભીર્ય, વિરોધ પરિહારની દૃષ્ટિ અને કાર્યદક્ષતા, આ બધા ગુણોનું એકત્ર મિલન રાધાકૃષ્ણનમાં થયું છે એ એમનું વિશિષ્ટ ગૌરવ છે. અને આવો પુરુષ ભારતનો રાષ્ટ્રપતિ બને એ ભારતને ગૌરવ આપનારું કાર્ય છે.

* * *

પ્રશ્ન : ઉપરાષ્ટ્રપતિની પસંદગી વિશે કેમ લાગ્યું ?

ઉત્તર : બહુ ઔચિત્યપૂર્ણ લાગ્યું. કોમીતત્ત્વમાં આપણે ન માનતા હોવા છતાં પણ કોમોની હયાતિ છે એ લક્ષમાં લીધા વિના ચાલતું જ નથી. તેથી રાધાકૃષ્ણન્ જેવા હિંદુ રાષ્ટ્રપતિ તો ડોક્ટર ઝકીર હુસેન જેવા મુસ્લિમ ઉપરાષ્ટ્રપતિ એ ઔચિત્યયુક્ત લાગે છે. પણ કોમી બાબતને ભૂલી જઈએ છતાં બીજું એક અભિનંદનનું કારણ છે: તેઓ શિક્ષણના ક્ષેત્રમાંથી આવે છે. એક શિક્ષણશાસ્ત્રીને આવું ઉચ્ચ પદ મળે એ ભારતને માટે ખુશી થવા જેવું છે. આપણે ઇચ્છીએ કે આવી પરંપરા ચાલુ રહેઃ રાધાકૃષ્ણન્ જેવાને રાષ્ટ્રપતિ બનાવવાની અને ડૉ. ઝકીર હુસનને ઉપરાષ્ટ્રપતિ બનાવવાની.

* * *

પ્રશ્ન : કોંગ્રેસની પ્રતિષ્ઠા લોકોમા કેમ ઘટતી જાય છે ?

ઉત્તર : કોઈ પણ રાજકીય પક્ષની પ્રતિષ્ઠા જે અનેક બાબતો ઉપર આધાર રાખે છે તેમાં બે મુખ્ય છે: એક તો, એનું નાયકમંડળ; અને બીજું, 'અનુસર્તા'ઓની ભાવનાસચ્ચાઈ.

પ્રશ્ન : એટલે શું ?

ઉત્તર : એટલે એ કે નેતાઓની બુદ્ધિમત્તા, કાર્યદક્ષતા અને પ્રામાણિકતા—ચારતા ક્રમમાં—થી પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે. અને અનુસર્તાઓ એટલે કે અનુસરનારાઓમાં ભાવનાની સચ્ચાઈથી પ્રતિષ્ઠા મળે છે. સ્વરાજ્ય પ્રાપ્ત થયું ત્યારે ભારતના સદ્‌ભાગ્યે ગાંધીજીએ ઉછેરેલો નેતા-વર્ગ હતો જવાહરલાલજી, સરદાર પટેલ, રાજાજી, રાજેન્દ્રપ્રસાદ, માવલંકર, કૃપાલાની, ખેર, ગોવિંદ વલ્લભ પંત, વગેરે વગેરે કોઈ પણ દેશને સ્પૃહણીય લાગે એવું આ નેતામંડળ હતું. અનુયાયી વર્ગ પણ પચીસ વર્ષથી વધારે જેલ સહન કરી આવેલો, લાઠીમાર ખાઈ આવેલો, પૈસા ટકાથી બરબાદ થયેલો, મોટા પ્રમાણમાં હતો. આ પરિસ્થિતિ સત્તાપ્રાપ્તિ વખતે હતી. તે વખતે દૃષ્ટિ પણ ઉદાર હતી જેને લઈને રાધાકૃષ્ણન જેવા કે ડૉ. મથાઈ જેવા કે ચિંતામણ દેશમુખ જેવા બિનકોંગ્રેસીઓ પણ અંદરના વર્તુલમાં લાવી શકાતા. આ ઉપરાંત રાજકીય વર્તુલોમાં ન આવતા એવા, ગાંધીજીની સીધી તાલીમ પામેલા, કાકાસાહેબ કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા, નરહરિ પરીખ, સ્વામી આનંદ પણ ગાંધીજીની ભાવનાને જીવન્ત રાખતા હતા. તો ગાંધીજીનું બહુમાન પામેલા વિનોબા ભાવે પણ પોતાની અનોખી રીતે ગાંધીજીનો પ્રકાશ ફેલાવતા હતા. એ પરિસ્થિતિનું કેટલું પરિવર્તન થયું છે એનો વિચાર કરો, એટલે

તમને લાગશે કે કૉંગ્રેસની પ્રતિષ્ઠા કેમ ઓસરતી ચાલી છે. સરદાર પટેલને મૃત્યુએ લઈ લીધા; રાજેન્દ્રબાબુ રાષ્ટ્રપ્રમુખના બંધનમાં મુકાયા; કૃપાલાની અને રાજાજીને વિરોધપક્ષો ઊભા કરવા પડ્યા; કિશોરલાલભાઈ જીવનધોરણ ઊંચું કરવામાં ચારિત્ર્યધોરણ ઊંચું રાખો એવી બૂમો પાડતા પાડતા વિદાય થયા; 'રચનાત્મક કાર્યકર્તાઓએ હવે સત્તાધારી કૉંગ્રેસીઓને અનુકૂળ રહી કામ કરવું જોઈએ' એવું સાંભળીને નરહરિભાઈ જેવાઓ ખૂણામાં રહી કામ કરતા કરતા દેહને છોડી દે છે; કાકાસાહેબ એમની શિક્ષકની રીતે પોતાનું કાર્ય કર્યો કરે છે એમાંનું પણ ચાલુ સરકારી રીતરસમને પડકાર રૂપ છે; એઓ જવાહરલાલજીને વફાદાર રહેવામાં દેશનું હિત જુએ છે, અને ગાંધીજીની અહિંસાનો વિશ્વશાંતિમાં ફાળો નિરખે છે; વિનોબાજીએ એમની ભૂદાનપ્રવૃત્તિથી સરકારી કૉંગ્રેસીઓને તેમના તરફ અનુકૂળ થવાની ફરજ પાડી છે; કારણ એમની ભૂદાનપ્રવૃત્તિમાં સરકારી કૉંગ્રેસીને શ્રદ્ધા છે એ એટલું બધું નહીં હોય, કે જેટલું વિનોબાજીને લોકસમુદાય અનુસરે છે એ હશે; મતલિપ્સુઓ માટે તો એ મગરાવે એવા નેતા થઈ ગયા. સ્વામી આનંદ તો ગાંધીજીની હયાતિ દરમ્યાન એમની અનોખી ધૂન લગાવતા રહ્યા છે અને એક અલગારીની માફક પોતાનું કાર્ય પોતાની રીતે, પણ પક્ષબંધનથી રહિત થઈને કર્યો કરે છે. આ ગાંધીકસોટીના નાયકોએ કૉંગ્રેસને લોકોમાં ખૂબ પ્રતિષ્ઠા અપાવી; ભાવનાની સચ્ચાઈવાળા અનુયાયીઓએ એ નિભાવી મજબૂત કરી.

પણ અત્યારે શું? જવાહરલાલજી એક પ્રતિષ્ઠા આપનાર છે. સૌની ગરજ સારે એવા છે અને સારે છે. એ હીરના તાંતણે કૉંગ્રેસની પ્રતિષ્ઠા લટકે છે. બીજા નાયકોમાં પણ ઘણા સારા હશે, સારા છે; પણ તુલનાએ એમાંનું કોઈ કૉંગ્રેસની પ્રતિષ્ઠા ચાલુ રાખે એવું સામર્થ્ય ધરાવતા નથી. અનુયાયી વર્ગનું તો કહેવું જ શું? સ્વરાજ મળતાંની સાથે જ, જાણે અનુયાયીઓની ભાવના અલોપ થઈ ગઈ! હવે તો કોણીઓ મારી કોણ આગળ આવે એની હરસાઈ જ રહી છે! આ વાત તો આપણે બહુ વાર કરી ગયા છીએ એટલે ફરી કરવાની જરૂર નથી. બહુ દુઃખ આપે એવી બાબત છે.

પહેલાં કૉંગ્રેસ રાષ્ટ્રપક્ષ હતો, પછી એ રાજકીય પક્ષ થયો, પણ રાજકીય પક્ષનું ભાવના-ઐક્ય એ સાચવી શક્યો નથી. નેતાઓના દોષને કારણે અને ભાવના સમજે એવા અનુયાયીઓને અભાવે. આ પરિસ્થિતિમાં કૉંગ્રેસની પ્રતિષ્ઠા ઓસરતી જાય એમાં શું નવાઈ પામવા જેવું છે? જેટલી છે એટલી મહાનુભાવ જવાહરલાલને લઈને છે અને આપણી જૂની કહેવત પ્રમાણે પૂર્વજન્માં પુણ્યને લઈને છે. પણ પૂર્વજનું પુણ્ય તો હવે ક્ષીણ થવા આવ્યું છે. અને જવાહરલાલજીના ઉપર વય અને વ્યાધિ આક્રમણ કરે છે! આપણી તો હમેશાં પ્રાર્થના છે જ કે જવાહરલાલજી દેશનું સુકાન હજી વર્ષો સુધી સંભાળે એવા તંદુરસ્ત અને મનદુરસ્ત રહે. પણ કૉંગ્રેસી એમ કેમ ચલે! આ જ અત્યારે મોટો ચિંતાનો વિષય છે અને જેઓ ચિંતન કરી શકે એમની પાસે ચિંતન માગી લે છે! — આમાં શાસ્ત્રની ગૂંચ ઉકેલવાનો સમય પાકી ગયો છે.

તા. ૨૭-૫-૬૨

★

મેઘદૂત અને કાદંબરી

—સરિતા અને સરોવર—

રસિકલાલ છો. પરીખ

આપણી સામાન્ય માન્યતા એવી હોય છે કે પદ્યમાં લખે તે કવિ, અને ગદ્યમાં લખે તે સાહિત્યકાર,—નવલકથા આદિનો લેખક. આ માન્યતાને પ્રચારનો આધાર છે. કવિતા મોટે ભાગે પદ્યમાં હોય છે, ગુજરાતી, સંસ્કૃત કે અંગ્રેજી. પણ સંસ્કૃત કાવ્યશાસ્ત્રીઓની માન્યતા જુદી છે. તેમણે પદ્યમાં લખાય તે કવિતા અને ગદ્યમાં લખાય તે સાહિત્ય એવો ભેદ સ્વીકાર્યો નથી. જેનામાં કાવ્યતત્ત્વ હોય તે કવિતા, પછી એ ભલે ગદ્યમાં હોય કે પદ્યમાં. બન્ને પ્રકારના કવિઓ સંસ્કૃતપરંપરાએ માન્ય કર્યા છે. પદ્યપરંપરામાં કાલિદાસાદિ, તો ગદ્યપરંપરામાં બાણભટ્ટાદિ.

આ બન્ને કવિઓની પ્રતિભાએ માનવ અને કુદરત બન્નેનાં ચિત્રણ કર્યાં છે, માનવને કુદરત સાથે જોડીને, તો વિશેષતઃ કુદરતને માનવીના રૂપમાં દરશાવીને. કાલિદાસની સરિતાઓ ફક્ત નદીઓ નથી, પણ વિવિધ પ્રકારની નાયિકાઓ છે પ્રેમની જુદી જુદી અવસ્થાઓમાં રમમાણ સુંદરીઓ છે; તો બાણનું સરોવર એ ફક્ત જલાશય નથી પણ એક મહાનુભાવ પુરુષવિશેષ છે.

કાલિદાસના મેઘદૂતમાં નદીનાયિકાઓનાં વર્ણન છે, તો બાણભટ્ટની કાદંબરીમાં અચ્છોદ સરોવરનું વર્ણન છે. બન્નેનાં વર્ણનોમાં તે તે કવિની વિશિષ્ટ પ્રતિભાનું દર્શન થાય છે.

મેઘદૂતમાં વિરહી યક્ષ મેઘને કહે છે કે પહેલાં તારા પ્રમાણને અનુરૂપ કે અનુકૂળ એવા માર્ગને સાંભળ અને પછી તારે કાને પીવાનો સંદેશો સાંભળજે,—જે માર્ગે પર્વતે પર્વતે પગ મૂકી થાક ખાતાં ખાતાં અને ક્ષીણ થતાં-પાણી ઓછું થતાં-સ્રોતસોનાં-સરિતાઓનાં પાણી પાણીનો ઉપભોગ કરતાં કરતાં તારે જવાનું થશેઃ

> खिन्नः खिन्नः शिखरिषु पदं न्यस्य गन्तासि यत्र
>
> क्षीणः क्षीणः परिलघु पयः स्रोतसां चोपभुज्य ॥ (पू.मे. १३)

રામગિરિથી પ્રયાણ કરતાં માર્ગમાં સૌપ્રથમ મેઘ રેવાનાં-નર્મદાનાં-દર્શન કરશેઃ—વિન્ધ્યાચળની શિલાઓથી વિષમ એવા પગ ઉપર વેરાયેલાં-વિસ્તરેલાં,-જાણે કે હાથીના અંગ ઉપર રેખાઓથી કરેલાં રાપનાં ચિત્રણ જેવાંઃ

> रेवां द्रक्ष्यस्युपलविषमे विन्ध्यपादे विशीर्णां
>
> भक्तिच्छेदैरिव विरचितां भूतिमङ्गे गजस्य ॥ (१९)

કોઈ કામુકી જાણે પ્રિયતમના ચરણોમાં પડી છે-એવો ધ્વનિ મલ્લિનાથ આ વર્ણનમાંથી કાઢે છે. એવા કોઈ ધ્વનિ વિના પણ વિન્ધ્યના પાદમાં પડેલાં રેવાજળનું આ વર્ણન સુભગ સુરેખ ચિત્ર છે. જાંબુના કુંજોમાં અટવાઈ જતાં એવાં રેવાનાં પાણી પીને મેઘ આગળ જાય છે, અને દશાર્ણ કહેતાં માળવાના પૂર્વ ભાગના-છત્તિસગઢના પ્રદેશમાં-આવે છે, અને તેની

પ્રસિદ્ધ રાજધાની વિદિશાનાં દર્શન થાય છે. ત્યાં વેત્રવતી-બેટવા-નદીનાં લ્હેરાતાં પાણી જુએ છે; યક્ષ કહે છે એનાં કાંઠે ઊભો રહી સુભગ સ્તનિત—મીઠા અવાજે એ ભ્રૂભંગયુક્ત મુખસમા પાણીને ચુમીશ—પીશ ત્યારે પ્રેમીપણાનું પૂરું ફળ તને મળશે:

.... फलमविकलं कामुकत्वस्य लब्धा ।
तीरोपान्त-स्तनितसुभगं पास्यसि स्वादु यस्मात्
सभ्रूभङ्गं मुखमिव पयो वेत्रवत्याश्चलोर्मि ॥ (२४)

વેત્રવતીનાં લ્હેરાતાં પાણીને કાંઠે ઊભા રહી મધુર અવાજથી પીતા મેઘનું આ ચિત્રણ પ્રેમી યુગલનું પ્રતિભાન કરાવે છે. આ કોઈ જડ નદી કે જડ મેઘ નથી—રસ્તે મળતાં પ્રેમીઓનું યુગલ છે.

થોડોક આડો માર્ગ લઈ મેઘને ઉજ્જયિની તરફ જવા યક્ષ વિનવે છે. માર્ગમાં લટકાં કરતી નિર્વિન્ધ્યા નદીનું તેને નિમંત્રણ મળવાનું—

स्त्रीणामाद्यं प्रणयवचनं विभ्रमो हि प्रियेषु ।

મેઘે તેના રસમાં અંતરંગ થવાનું—

निर्विन्ध्यायाः पथि भव रसाभ्यन्तरः संनिपत्य । (२९)

ત્યાંથી આગળ વધતાં વિરહિણી સિન્ધુ આવે છે. પ્રોષિત મેઘની એ પ્રોષિતભર્તૃકા પ્રિયતમા છે. એનાં પાણી પાતળાં પડી લટકતી વેણી જેવાં થયાં છે; તટ ઉપરનાં તરુઓનાં જીર્ણ પર્ણોથી એના ઉપર ફિક્કાશની છાયા આવી ગઈ છે. આમ વિરહાવસ્થાથી મેઘનું પ્રેમ રૂપી સૌભાગ્ય સૂચવતી આ વિયોગિની કૃશતા તજે એ વિધિએ—એ રીતે વર્તવાનું મેઘને યક્ષ સૂચવે છે:

वेणीभूतप्रतनुसलिलासावतीतस्य सिन्धुः
पाण्डुच्छाया तटरुहतरुभ्रंशिभिर्जीर्णपर्णैः ।
सौभाग्यं ते सुभग विरहावस्थया व्यञ्जयन्ती
कार्श्यं येन त्यजति विधिना स त्वयैवोपपाद्यः ॥ (३०)

આગળ વધતાં જેના કાંઠે ઉજ્જયિની વસેલી છે એવી શિપ્રા કે ક્ષિપ્રા નદી આવે છે. એનું વર્ણન તો શિપ્રાવાત—શિપ્રાના પવનથી જ કર્યું છે, સારસોના મદભર પટુ કૂજિતોને સંભારતો, પ્રાતઃકાલમાં ખીલેલાં કમળોની સુગન્ધને વહેતો એવો

शिप्रावातः प्रियतम इव प्रार्थनाचाटुकारः ।

ત્યાં મહાકાલેશ્વરના ધામના ઉદ્યાનને કુવલયોની રજોગન્ધવાળા પવનથી હલાવતી ગન્ધવતીને પણ મેઘ જુએ છે. ઉજ્જયિનીનું આકર્ષણ છોડી આગળ વધતાં મેઘને ગંભીરા દેખાય છે. ગંભીરાનાં નિર્મળ જળમાં મેઘની છાયા પડશે એ સુંદર ચિત્રને ધ્યાનમાં રાખી

યક્ષ મેઘને કહે છે કે એ સરિતાના પ્રસન્ન ચિત્તરૂપી નિર્મળ જળમાં છાયારૂપે પણ તને પ્રવેશ મળશે તો તારે એવી રીતે વર્તવું કે જેથી ચંચળ માછલીઓ રૂપી તેનાં પ્રેક્ષિતો-દષ્ટિપાતો નિષ્ફળ ન જાય:

तस्मादस्याः कुमुदविशदान्यर्हसि त्वं न धैर्याद्
मोघीकर्तुं चटुलशफरोद्वर्तनप्रेक्षितानि ॥ (४०)

ગંભીરાને મૂકીને જેમ તેમ આગળ વધતા મેઘને પછી યજ્ઞોથી પવિત્ર થયેલી એવી ચંબલના-ચર્મણ્વતી નદીનાં દર્શન થાય છે. અહીંયા કોઈ શૃંગારભાવ નથી, ભક્તિભાવ છે.

व्यालम्बेथाः सुरभितनयालम्भजां मानयिष्यन्
स्रोतोमूर्त्या भुवि परिणतां रन्तिदेवस्य कीर्तिम् ॥ (४५)

આ નદીનો વિશાળ પ્રવાહપટ દૂરત્વને લઈને નાનો દેખાય છે તે પૃથુ છતાં તનુપ્રવાહમાંથી પાણી લેવા જ્યારે શાર્ઙ્ગી કૃષ્ણ જેવો શ્યામ એ મેઘ નીચે નમશે ત્યારે તો ખેચરો દૃષ્ટિ નમાવીને પૃથ્વીની એ અદ્વિતીય મોતીની સેર જેની મધ્યમાં મોટો ઇન્દ્રનીલમણિ છે— એવી મોતીની સેરને જોઈ રહેશે. આકાશમાંથી પાતળી દેખાતી પણ વિશાળ એવી ચર્મણ્વતી ઉપર નીચે નમેલા મેઘનું આ એક હૃદયંગમ ચિત્રણ છે:

त्वय्यादातुं जलमवनते शार्ङ्गिणो वर्णचौरे
तस्याः सिन्धोः पृथुमपि तनुं दूरभावात् प्रवाहम् ।
प्रेक्षिष्यन्ते गगनगतयो नूनमावर्ज्य दृष्टी-
रेकं मुक्तागुणमिव भुवः स्थूलमध्येन्द्रनीलम् ॥ (५०)

આમ બ્રહ્માવર્ત સુધી મેઘ પહોંચી જવાનો અને ત્યાં પવિત્ર એવી સરસ્વતીનાં દર્શન થવાનાં, સરસ્વતી જેનાં જળ લાંગલી કહેતાં બલરામે કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ ત્યજી સેવ્યાં હતાં— રેવતીનાં નયનના પ્રતિબિંબવાળી સુરાને પણ છોડી સેવ્યાં હતાં; તે પાણીને સેવીને શુદ્ધ થવા મેઘને યક્ષ શિખ આપે છે. એ પછી તો એ ફક્ત વર્ણથી-રંગથી જ કૃષ્ણ રહેશે, હૃદયથી સર્વથા નિર્મળ થશે.

कृत्वा तासामभिगममपां सौम्य सारस्वतीना-
मन्तः शुद्धस्त्वमपि भविता वर्णमात्रेण कृष्णः ॥ (५२)

સરસ્વતીમાં પવિત્ર થઈ મેઘ કનખલ ગિરિની પાસે આવતાં જહ્નવી, શૈલરાજ હિમાલયથી ઊતરેલી ગંગાને જોશે—જેણે પે નાના ફીણથી ગૌરીના ભ્રૂભંગને હસી કાઢ્યું અને જેણે પોતાના ઊર્મિરૂપ હાથને ચન્દ્રમાં લગાવી શંભુનું કેશગ્રહણ કર્યું. તે ગંગાનું પાણી કોઈ સુરગજની જેમ પાછલા ભાગને નમાવી પીવાનું જો મેઘ વિચારે તો એ સ્વચ્છ સ્ફટિકના જેવા ધવળ જળમાં તેની સરકતી છાયાથી, પ્રયાગથી અન્ય સ્થાને યમુનાનો સંગમ થયાનું સૌન્દર્ય ગંગાને પ્રાપ્ત થશે:

तस्याः पातुं सुरगज इव व्योम्नि पश्चार्धलम्बी
त्वं चेदच्छस्फटिकविशदं तर्कयेस्तिर्यगम्भः ।
संसर्पन्त्या सपदि भवतः स्रोतसि च्छाययासौ
स्यादस्थानोपगतयमुनासंगमेवाभिरामा ॥ (૫૫)

આમ નર્મદાથી ગંગા સુધી મેઘદૂતમાં કાલિદાસે નદીઓનાં ચિત્રણ કર્યાં છે. એને વર્ણન ન કહેતાં ચિત્રણ સાભિપ્રાય કહું છું. ચિત્તમાં મુદ્રિત થઈ જાય એવાં એ ચિત્રો છે તેથી. વેત્રવતી, નિર્વિન્ધ્યા કે સિન્ધુ–નદીઓને એ પ્રણયિનીઓ તરીકે નિરૂપી છે, તો ચર્મણ્વતી, સરસ્વતી અને ગંગાને પાવન કરનારી માતાઓ તરીકે વર્ણવી છે.

હવે સરોવર–વર્ણન બાણભટ્ટનું સાંભળીએ.

કાદંબરી કથાનાં સુંદર વર્ણનોમાંનું એ સુંદરતમ વર્ણન છે. દિગ્વિજયની સમાપ્તિ પછી એક દિવસે ચન્દ્રાપીડ મૃગયા કરવા નીકળે છે, અને એક કિન્નરમિથુનની પાછળ પાછળ વનમાં દૂર દૂર નીકળી જાય છે. બપોર થઈ ગયા છે, ઇન્દ્રાયુધ અશ્વ પણ થાકી ગયો છે. પાણીને શોધતાં શોધતાં તે એક વૃક્ષોના ઘટામાં પ્રવેશે છે. તેના મધ્ય ભાગમાં 'ત્રૈલોક્ય લક્ષ્મીના મણિદર્પણ સમું' અચ્છોદ નામનું સર ચન્દ્રાપીડ જુએ છે.

મહાકવિ બાણભટ્ટ વર્ણન શરૂ કરે છે:

कैलासशिखरिणः पूर्वोत्तरे दिग्भागे जलभारालसं जलधरव्यूहमिव बहुलक्षपान्धकारमिव पुञ्जीकृतमत्यायतं तरुखण्डं ददर्श । तच्च संमुखादागतेन कुसुमरजःकषायामोदिना जलसंसर्गशिशिरेण सीकरिणा चन्दनरससमस्पर्शेनालिङ्ग्यमान इव जलतरंगमारुतेन कमल-मधुपानमत्तानां च श्रोत्रहारिभिः कलहंसानां कोलाहलैराहूयमान इव प्रविवेश ।

प्रविश्य च तस्य तरुखण्डस्य मध्यभागे मणिदर्पणमिव त्रैलोक्यलक्ष्म्याः, स्फटिक-भूमिगृहमिव वसुंधरादेव्याः, निर्गमनमार्गमिव सागराणां, निस्यन्दमिव दिशां, अंशावतारमिव गगनतलस्य, कैलासमिव द्रवतामापन्नं, तुषारगिरिमिव विलीनं, चन्द्रातपमिव रसतामुपेतं,.... वैदूर्यगिरिजालमिव सलिलाकारेण परिणतं, शरदभ्रवृन्दमिव द्रवीभूयैकत्र निस्यन्दितं,........ आपूर्णपर्यन्तमप्यन्तःस्पष्टदृष्टसकलवृत्तान्ततया रिक्तमिवोपलक्ष्यमाणं, अनिलोद्भूतजलतरंग-सीकरधूलिजन्मभिः सर्वतः समुपस्थितैः संरक्ष्यमाणमिवेन्द्रचापसहस्रैः,.... उपकूलतमालवनप्र-तिबिम्बान्धकारिताभ्यन्तरैर्दृश्यमानरसातलद्वारैरिव सलिलप्रदेशैर्गम्भीरतरं, दिवाप्युपजातनिशा-शङ्कैश्चक्रवाकमिथुनैः परिह्रियमाणनीलोत्पलवनगहनं,.......मलयमिव चन्दनशिशिरवनं, ...अतिमनोहरमाह्लादनं दृष्टेः, अच्छोदं नाम सरो दृष्टवान् ।

અચ્છોદ સરોવર્ણનમાંથી થોડાંક વાક્યો સંસ્કૃતમાં મેં ઉતાર્યાં, મારા અરબ્બ ઉચ્ચારણમાં પણ બાણભટ્ટનું વાઙ્મય ઉપાદાન કેવું છે એની ઝાંખી થાય એટલા માટે.

ગુજરાતી ભાષાના સદ્‌ભાગ્યે કાદંબરીનું નમુનેદાર ગુજરાતી ભાષાન્તર પંડ્યા છગનલાલ હરિલાલે કર્યું છે. તેમાંથી થોડોક ભાગ સંભળાવું :

"કૈલાસગિરિના ઈશાન ખૂણામાં ચન્દ્રાપીડે, જલભારથી મંદ પડેલી મેઘ-માલા જેવી, તથા કૃષ્ણરાત્રિઓની ભેગી કરેલી અંધકાર-રાશિ જેવી એક અતિ વિસ્તીર્ણ વૃક્ષની ઘટા જોઈ. અને સામેથી આવતો, પુષ્પપરાગથી સુગન્ધિ થયેલો, જલસંસર્ગથી શિશિર બનેલો, જલ-કણને લાવતો, ચંદનરસના સ્પર્શ જેવો લાગતો, જલતરંગનો પવન જાણે તેને આલિંગન દેતો હોય, તથા કમલમધુ પીને મત્ત બનેલા કલહંસોનો શ્રોત્રહારી કોલાહલ જાણે તેને બોલાવતો હોય તેમ તેણે તેમાં પ્રવેશ કીધો.

"પેસતાં જ તે વૃક્ષઘટાના મધ્ય ભાગમાં તેણે ત્રૈલોક્યલક્ષ્મીના મણિ-દર્પણ જેવું, વસુંધરાદેવીના સ્ફટિકમય ભૂમિગૃહ જેવું, સર્વ સાગરોના નિર્ગમન-માર્ગ જેવું, દિશાઓના ઝરણ જેવું, ગગનતલના જલરૂપ અવતાર જેવું, દ્રવ પામેલા કૈલાસ જેવું, ગળી ગયેલા હિમાલય જેવું, રસ થયેલા ચંદ્ર-પ્રકાશ જેવું, મહાદેવના પીગળી ગયેલા હાસ્ય જેવું, સરોવરને આકારે રહેલા ત્રિભુવન-પુણ્ય-સમૂહ જેવું, સલિલ રૂપે દેખાતા વૈદૂર્ય-મણિના ગિરિ જેવું, દ્રવ પામીને એક સ્થલે પડેલા શરદ્‌મેઘસમૂહ જેવું. અને વરુણ દેવના દર્પણ જેવું, એક અતિમનોહર, દૃષ્ટિને આહ્લાદન કરતું, અચ્છોદ નામનું સરોવર જોયું. તેની સ્વચ્છતાને લીધે તે જાણે મુનિઓનાં મનનું, સજ્જનોના સદ્‌ગુણનું, હરિણોની લોચનપ્રભાનું, કે મુક્તાફલના કિરણનું જ બનાવેલું હતું ! ! પર્યંત સુધી પૂર્ણ છતાં પણ તેની અંદર સર્વ વૃત્તાન્ત સ્પષ્ટ દેખાવાથી તે જાણે ખાલી હોય એમ લાગતું ! પવનથી ઉછળતા જલતરંગના કણરૂપી ધૂળમાંથી ઉત્પન્ન થયેલાં, અને સર્વ દિશાઓમાંથી ભેગાં થયેલાં, હજારો ઇન્દ્રધનુષ જાણે તેનું રક્ષણ કરતાં હતાં ! શ્રી નારાયણની પેઠે તેણે (પણ) ઉદ્‌ભિન્ન પંકજવાળાં પોતાના ઉદરમાં પ્રતિમારૂપે પેઠેલું-વન, પર્વત, નક્ષત્ર અને ગ્રહોથી ભરેલું--ત્રિભુવન ધારણ કર્યું હતું. પાસેના કૈલાસમાંથી ઉતરીને ઉમાપતિ વારંવાર ત્યાં ડૂબકી મારી બહાર નીકળતા તે સમયે થતા ક્ષોભમાં એમનો ચંદ્ર-ચૂડામણિ ચલિત થવાથી ગળતો અમૃત રસ જે, જલથી ધોવાયેલા ગૌરીના ગાલમાંથી ગળેલા લાવણ્ય-પ્રવાહ જેવો દેખાતો તે, એ સરોજલમાં મિશ્ર થયો હતો. તેના સલિલ પ્રદેશ, જેની અંદર પડેલાં, તટ ઉપરનાં તમાલ વનનાં પ્રતિબિમ્બને લીધે અંધકાર થઈ રહેવાથી જાણે રસાતલનાં દ્વાર દેખતાં હતાં, તે વડે એ સરોવર વધારે ગંભીર લાગતું હતું. તેનાં નીલકમલનાં ગાઢ વનને ચક્રવાકયુગલ, દિવસે પણ રાત્રિની શંકા થવાથી ત્યજી દેતાં હતાં. બ્રહ્માએ વારંવાર પોતાનું કમંડલ તેમાંથી ભરીને તેના જલને પવિત્ર કીધેલું હતું; વાલખિલ્ય ઋષિઓનાં ટોળાંએ સેંકડો વખત ત્યાં સંધ્યોપાસના કરેલી હતી. જલમાં ઉતરેલી સાવિત્રીએ બહુવાર દેવપૂજા સારુ તેમાંથી કમલ ચૂંટેલાં હતાં. સપ્તર્ષિમંડલે સહસ્રવાર સ્નાન કરીને તેને પાવન કીધું હતું. સિદ્ધવધૂઓએ સર્વદા કલ્પલતાનાં વલ્કલ ધોઈને તેના સલિલને સુગન્ધિ કીધું હતું. જલક્રીડાને અર્થે આવેલી કુબેરના અંતઃપુરની કામિનીઓનાં; કામદેવે ચઢાવેલા ચાપ જેવાં, અતિ વિકટ તથા આવર્તવાળાં નાભિમંડલોએ તેનું જલ પીધું હતું. તેના કોઈક ભાગમાં વરુણ-હંસ, વિકસિત કમલવનમાં બેઠેલા

હતા; કોઈ સ્થળે દિગ્ગજના સ્નાન કરવાથી જરઠ મૃણાલદંડ જર્જરિત થઈ ગયા હતા. કોઈક સ્થળે હરગણના શૃંગશિખરવડે તટ ઉપરની શિલાઓ તૂટી ગયેલી હતી. કહિંક યમમહિષે શૃંગાગ્ર વડે ફીણના ઢગ વેરેલા હતા; અને કહિંક ઐરાવતના દંતમુસલ વડે કુમુદદંડ ખંડિત થયા હતા. ... ...

"એ જોતાં જ ચન્દ્રાપીડનો શ્રમ ઉતરી ગયો અને મનમાં વિચાર આવ્યો કે-અહો! મારું કિન્નરમિથુનને અનુસરણ નિષ્ફલ છતાં પણ આ સરોવર જોવાથી સફલ થયું! આજ જ મારાં ચક્ષુને દ્રષ્ટવ્ય દીઠાનું પૂર્ણ ફળ મળ્યું! ખરેખર આ તો મેં રમણીયતાનો અંત જોયો! આનંદદાયક વસ્તુઓની અવધિ દીઠી! મનોહર વિષયોની સીમા નિહાળી! પ્રીતિજનક પદાર્થોની પરિસમાપ્તિ પ્રત્યક્ષ કીધી! અને દર્શનીયમાં શ્રેષ્ઠનું દર્શન કર્યું! આ સરોવરનું જલ ઉત્પન્ન કર્યા છતાં બ્રહ્માએ અમૃત ઉત્પન્ન કરીને સ્વસૃષ્ટિને જાણે પુનરુક્ત કીધી છે! આ પણ અમૃતની પેઠે જ સર્વ ઇન્દ્રિયોને આહ્લાદિત કરવા સમર્થ છે—એની અતિશય નિર્મલતાથી એ આંખને આનંદ આપે છે; શીતલતાથી સ્પર્શને સુખ આપે છે; કમલની સુગન્ધથી નાસિકાને તૃપ્ત કરે છે, હંસના સ્વરથી શ્રવણને સંતુષ્ટ કરે છે, અને સુસ્વાદને લીધે એ જીભને ભાવે છે. નક્કી આને જ જોવાની તૃષ્ણાથી ભગવાન્ ગૌરીપતિ કૈલાસ મૂકીને બીજે ક્યાંય વસતા નથી."

આ અતિ સંક્ષિપ્ત નિર્દેશ ઉપરથી પણ સમજાશે કે બાણભટ્ટની શૈલીનું એક અલગ વૈશિષ્ટ્ય છે. વિગતોની રેખાઓથી તે ચિત્રનું કાઠું ઘડે છે, સાથે જ ઉચિત રંગો ભરી ચિત્રને આકર્ષક કરે છે, તેમાં માનવની પાંચે ઇન્દ્રિયશક્તિઓ જાગ્રત થાય છેઃ રૂપ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શનો આસ્વાદ તેમાં થાય છે. ઉપમાનોથી અન્ય શબ્દ દૃષ્ટિગોચર થાય છે પૌરાણિક સંસ્મૃતિઓથી અનેરી ભવ્યતા જામે છે. શબ્દદ્વારા રજૂ થતું આ ચિત્ર એક સુંદર કાવ્યનો આહ્લાદ આપે છે, અને પેલા પ્રાચીન પ્રશંસકની પ્રશંસા સાર્થક બનાવે છે. 'કવિતાકામિનીના પંચબાણ સમા કવીશ્વરબાણનાં નિરવદ્ય એવાં હૃદ્ય ગદ્ય કોને આનંદ નથી આપતાં!'

गद्यानि निरवद्यानि हृद्यानि कस्य नो मुदे ।
कविताकामिनीपञ्चबाण—बाणकवेशितुः ॥ ×

卐

× ઑલ ઇન્ડિયા રેડિયો : અમદાવાદ તા. ૨૧-૫-૧૨ ના રોજ આપેલો વાર્તાલાપ —ઑલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી.

પરમાણુવાદની દાર્શનિક ભૂમિકા

ડૉ. નરસિંહ મૂ. શાહ

વિશ્વમાં અસ્તિત્વ ધરાવતા પદાર્થોની ઉત્પત્તિ શેમાંથી? દ્રવ્યરચના કેવી રીતે અને શાની થયેલી છે? આ અતિ જટિલ પ્રશ્ન જૂના કાળથી ઉપસ્થિત થયેલ છે અને તેની ચર્ચા તત્ત્વજ્ઞાનીઓ કરતા આવ્યા છે. એનું સંપૂર્ણ સમાધાન હજી સુધી થઇ શક્યું નથી—જો કે આધુનિક વૈજ્ઞાનિક દૃષ્ટિએ પરમાણુરચનાનો કોયડો લગભગ ઉકેલાઈ ગયો ગણાય. એમાં સૌ એકમત છે કે દ્રવ્યરચના જુદા જુદા સૂક્ષ્મ રજકણો વડે થાય છે. આ સૂક્ષ્મ રજકણોને પરમાણુ કહેવાય છે. પરમાણુ પણ જુદા જુદા વીજળીના ચાર્જવાળા મૂળભૂત રજકણોનો બનેલો છે. એટલે દ્રવ્યરચનાના પ્રશ્નમાં પરમાણુના અભ્યાસનો સવાલ સમાઈ જાય છે.

કોઇ પણ પ્રશ્ન ગમે તેટલો મુશ્કેલ હોય છતાં, જ્ઞાનપિપાસા અને જિજ્ઞાસાજનિત ઉત્સાહ વડે તેને પાર પામી શકાય છે. આ દ્રવ્યરચનાના પ્રશ્ન અંગે વખતોવખત મહાન વિચારકોએ મૌલિક વિચારો રજૂ કર્યા છે, જેના પરિણામે અનેક દર્શનોની ઉત્પત્તિ થઈ. ન્યાય, વૈશેષિક, યોગ, સાંખ્ય વગેરે દર્શનો જડ ચેતન સૃષ્ટિ સમજવા માટેની જિજ્ઞાસાના ફળરૂપે અસ્તિત્વમાં આવ્યાં. ભારતીય દર્શન સાહિત્યમાં વિજ્ઞાનના અનેક સિદ્ધાંતો મળી આવે છે, પરંતુ પરમાણુવાદની દૃષ્ટિએ જગતની ઉત્પત્તિ સમજવા માટે, જે ભારતીય દર્શનોએ વિશેષ પ્રયાસ કર્યો છે તેમાં સાંખ્ય અને વૈશેષિક દર્શનો ખાસ તરી આવે છે. અન્ય ભૌતિક યા રાસાયણિક સિદ્ધાંતોની દૃષ્ટિએ પણ આ દર્શનોનું મહત્ત્વ ઐતિહાસિક છે: આધુનિક વિજ્ઞાનની પ્રગતિ સમજવામાં પણ આ દર્શનો ઠીકઠીક ઉપયોગી થાય છે.

સાંખ્યદર્શનના નિર્માતા મહર્ષિ કપિલ અને વૈશેષિક દર્શનના પ્રણેતા મહર્ષિ કણાદ. આ બંનેએ રજૂ કરેલ દાર્શનિક વિચારપરંપરાઓની ઉત્પત્તિ ક્યારે થઈ એ વિષય ચર્ચાસ્પદ છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના મત અનુસાર સાંખ્યદર્શનની ઉત્પત્તિ બુદ્ધધર્મની પૂર્વે થઇ હતી. ટોમસનો અભિપ્રાય એવો છે કે ઉચ્ચ કોટિના વિચારો દ્વારા સાંખ્યદર્શનની ઉત્પત્તિ થઈ અને બુદ્ધ ધર્મ પર એ દર્શનનો ખૂબ વિશેષ પ્રભાવ પડ્યો. 'દર્શનસાહિત્યના ઇતિહાસ'માં ડૉ. દાસ ગુપ્તાએ લખ્યું છે કે "આ દાર્શનિક વિચારોની શૈલી અને તર્ક વડે એમને સમજાવવાની રીત પરથી સ્પષ્ટ થાય છે કે એ વિચારો પ્રાચીનતમ છે અને સંભવિત છે કે બુદ્ધ ધર્મની પહેલાં અસ્તિત્વમાં આવ્યા હશે. એ પણ સંભવ છે કે વિકાસની આ સપાટી પર એણે બુદ્ધ અને જૈન ધર્મોના હેતુ કાંઈક અંશે સમજાવ્યા હોય."

આ પ્રમાણો દ્વારા એમ પુરવાર થાય છે કે ભારતમાં સાંખ્યદર્શનની ઉત્પત્તિ જૈન અને બુદ્ધ ધર્મોની ઉત્પત્તિ પૂર્વે થઈ હોય: અને કપિલ બુદ્ધ અને મહાવીર પૂર્વે થયા હોય. એ સ્પષ્ટ છે કે સાંખ્ય અને વૈશેષિક દર્શનોની વિચારધારા મૌલિક છે; અને એના પર બૌદ્ધો યા જૈનોનો પ્રભાવ નથી. પછીના વિકાસક્રમમાં બંને વિચારધારાઓનો પરસ્પર સંબંધ રહ્યો હોય.

કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનો માને છે કે વૈશેષિક દર્શનનો પરમાણુવાદ અને સાંખ્યની કલ્પનાઓ ભારતને ગ્રીસના દાર્શનિકોએ સુઝાડયા. પરંતુ આ માન્યતાઓ તથ્યો પર આધારિત લાગતી નથી. જે. આર. પાર્ટિંન્ગટન લખે છે કે "ભારતમાં પરમાણુવાદનું શિક્ષણ અતિ જૂના કાળથી અપાતું આવ્યું છે. આ સિદ્ધાંત ગ્રીસ પાસેથી ભારતે ગ્રહણ કર્યો અને તેનો ભારતમાં વિકાસ થયો એ પ્રશ્ન વિવાદાસ્પદ છે. પરમાણુવાદનો સિદ્ધાંત કણાદનાં કાળથી ભારતમાં ચાલતો આવે છે અને ત્યાર બાદ જૈન અને બૌદ્ધ ગ્રંથોમાં તેનો ઉલ્લેખ મળી આવે છે. સંભવ છે કે ભારતીય ઉપનિષદો, સાંખ્યશાસ્ત્ર અને બૌદ્ધ ધર્મની વિચારધારાઓથી પ્રેરિત થઈને ગ્રીક દર્શનનો પરિષ્કાર થયો હોય. મેક્સ મૂલર લખે છે કે પરમાણુ એક યા બબ્બેની સંખ્યામાં પણ જોઈ શકાતાં નથી. મને સ્મરણ છે ત્યાં સુધી એપીક્યુરિયન યુગના લેખકોએ આવા પ્રકારના વિચારો પ્રગટ કર્યા નથી. એટલે મને કણાદના પરમાણુવાદની વ્યાખ્યામાં મૌલિકતા દેખાઇ આવે છે." શ્રી બલદેવપ્રસાદ ઉપાધ્યાયના મત અનુસાર વૈશેષિકોની પરમાણુઓની કલ્પના તેમની આગવી પ્રતિભાવાળી છે અને ગ્રીક દાર્શનિક ડેમોક્રિટિસના પરમાણુવાદથી એકદમ નિરાળી છે. અનેક પાશ્ચાત્ય વિદ્વાનોનો મત છે કે ભારતના મહર્ષિઓ ગ્રીસને પરમાણુવાદનું જ્ઞાન આપનાર ગુરુઓ હતા. ગ્રીકો પર ભારતની છાપના ઉદાહરણો સ્પષ્ટ મળી આવે છે. ટૂંકમાં, સાંખ્ય અને વૈશેષિક દર્શનો પોતપોતાની મેળે મૌલિક છે. તેમના પર નથી ગ્રીકોનો પ્રભાવ કે નથી જૈનો યા બૌદ્ધોનો પ્રભાવ. એ બંને દાર્શનિક પ્રણાલિઓ પ્રાચીનતમ છે.

પરમાણુવાદને આધુનિક સ્વરૂપ જોન ડોલ્ટને આપ્યું. આ પરમાણુવાદના પ્રારંભ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. રાસાયણિક સંયોજનના નિયમો (જુદા જુદા સંયોજનોના પૃથક્કરણનાં પરિણામોમાંથી તારવેલ) સ્થાપિત થઈ ગયા હતા: આ નિયમોનો અભ્યાસ કરીને ૧૮૦૮માં જોન ડોલ્ટને પરમાણુસિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું. એમાં શંકા નથી કે આજના પરમાણુવાદમાં જે કાંઇ ભૌતિક યા ગણિતિક સ્વરૂપ છે તેમાં ડોલ્ટનની મૌલિકતા છે, સાધના છે અને પ્રાયોગિક રીતે ચોક્કસ વિષય પર પહોંચવાની પ્રવૃત્તિ છે. ડોલ્ટનનો પરમાણુવાદ લગભગ વીસમી સદીના પ્રારંભ સુધી વિજ્ઞાનીઓને માન્ય હતો. મેડમ કયુરીએ રેડિયમની શોધ કરી: પરિણામે ડોલ્ટનના પરમાણુના ખ્યાલોનો પાયો હચમચવા લાગ્યો; આધુનિક પરમાણુનો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો. પરમાણુની રચનામાં પ્રોટોન, ઇલેક્ટ્રોન, ન્યૂટ્રોન વગેરે હોય છે એમ આધુનિક વિજ્ઞાને પ્રયોગિક રીતે સ્થાપિત કર્યું છે (જુઓ 'પ્રબુદ્ધ જીવન' તા. ૧૬-૧૨-૧૯૬૧, પાનું ૧૬૧).

સાંખ્ય અને વૈશેષિક દર્શનો ઉપરાંત પરમાણુવાદ અંગેનું વિવેચન ભારતીય સાહિત્યમાં વાયુ પુરાણ, પારાશર સ્મૃતિ, વેદાન્ત દર્શન વગેરેમાં મળી આવે છે. પરંતુ આ બધાંનું ખાસ મૌલિક મહત્ત્વ નથી, કારણ કે એઓના ઉપર સ્પષ્ટ રીતે સાંખ્ય અને વૈશેષિક દર્શનોની વિચારધારાઓની છાપ દેખાઈ આવે છે. થોડા નજીવા ફેરફારો કરીને જુદા જુદા આચાર્યોએ પોતપોતાનો મત દર્શાવ્યો છે. આ દર્શનોને આજની વૈજ્ઞાનિક રીતે તપાસવા જઈએ તો પ્રયત્ન વ્યર્થ જાય. આ બંને દર્શનોની વિચારધારાઓની ઉત્પત્તિ માનવ જીવનના શ્રેયાર્થે થઇ છે 'વિજ્ઞાન વિજ્ઞાનની ખાતર' એ ભાવના તેમાં નહોતી. વળી વૈજ્ઞાનિક

સંશોધનની વૃત્તિ પણ એ દર્શનોના સ્થાપક મહર્ષિઓમાં નહોતી. એ બંને ખૂબ દાર્શનિક તેમ જ આધ્યાત્મિક વલણવાળા હતા: વિજ્ઞાનના ક્ષેત્રમાં તેઓનો ફાળો અતિ અલ્પ છે. સાંખ્યદર્શન વિચારોની તેમ જ અનુભવની સૂક્ષ્મતાની પરાકાષ્ઠા છે. આ મનોવૈજ્ઞાનિક વિચારોની પાર્શ્વભૂમિકાના આધારે હવે આપણે પરમાણુવાદની સમીક્ષા અને વિવેચન કરીએ. પ્રથમ કણાદના પરમાણુવાદ પર વિહંગાવલોકન કરી જઈએ.

કણાદનો પરમાણુવાદ

એ અનુભવસિદ્ધ બીના છે કે વિશ્વમાં આંખો વડે દેખાતી બધી પદાર્થવસ્તુઓ અવયવયુક્ત છે. દાખલા તરીકે, ઘડો માટીના ટુકડામાંથી બને છે. માટીનો ટુકડો એના નાના નાના અંશોનો બનેલો હોય છે. આ અંશોના અવયવો શેના બનેલા છે તેની કલ્પના પણ થઈ શકે છે. આ કલ્પના એમ ને એમ આગળ ચલાવીએ તો લાંબી અવયવપરંપરા પર્યંત લંબાવી શકાય. આ પ્રમાણે વિચાર કરીએ તો, રાઈના એક દાણાના પણ અસંખ્ય અવયવો ગણાય. એવી જ રીતે હિમાલય પર્વત પણ અકલ્પ્ય અસંખ્યાત અવયવોમાંથી બનેલો છે એમ નક્કી કરી શકાય એટલે રાઈ જેવી સૂક્ષ્મ ચીજ અને હિમાલય જેવી મંજાવર પર્વતમાળા, અવયવોની સંખ્યાનો ભેદ છતાં, એક જ પ્રકારના સ્થૂળ અવયવોના બનેલા છે. એ સ્થૂળ અવયવો પણ અતિ સૂક્ષ્મ એવા અંશોના બનેલા છે. આ અતિસૂક્ષ્મ અવયવ યા અંશ એટલે ભિન્ન ભિન્ન પ્રકારના પરમાણુ. 'તર્કભાષા' માં આ ખૂબ ઉત્તમ રીતે સમજાવવામાં આવ્યું છે:

"कारणगुणा हि कार्यगुणान् आरभन्त इति न्यायात्"।....तदपि स्वल्प परिणाम समवायिकारणात् कार्यं द्रव्यत्वाद् घटवत्। यस्तु द्वयणुकारम्भकः स एव परमाणुः।

હવે આપણે પરમાણુની કલ્પના કેવી રીતે કરવામાં આવી છે તે જોઈએ. ન્યાયસિદ્ધાંત મુક્તાવલિમા

जालसूर्यमरीचिस्थं सूक्ष्मं यद् दृश्यते रजः

तस्य षष्ठतमो भागः परमाणुः स उच्यते।

આપેલ ઉપરના સૂત્રનો ભાવાર્થ એ છે કે છતમાં કોઈ છિદ્રમાંથી પ્રવેશતું સૂર્યકિરણ હોય અને તેના માર્ગમાં જે રજકણ ચળકતા દેખાય છે એનાથી પણ છઠ્ઠા ભાગ જેટલું સૂક્ષ્મ રજકણ એને 'પરમાણુ' કહેવાય છે. (કેટલાક એના સાઠમા ભાગ જેટલું સૂક્ષ્મ એમ વાંચે છે.)

એ સ્પષ્ટ વાત છે કે કોઈ પણ સંયોજિત અણુ (એટલે યૌગિક) ની રચના માટે ઓછામાં ઓછા બે પરમાણુઓની આવશ્યકતા છે. આ રીતે બે પરમાણુઓના સંયોજનથી બનેલું અણુ દ્વયણુક કહેવાય છે ત્રણ દ્વયણુકના સંયોગથી એક ત્રસરેણુ બને છે. ત્રસરેણુ આપણને રજકણ રૂપે દેખાય છે. મૂળ પ્રકરણમાં દ્વયણુકનો રચનાક્રમ અત્યંત સ્પષ્ટતાપૂર્વક આપેલ છે:

तत्र....कार्यद्रव्याणाम् उत्पत्तिविनाशक्रमः कथ्यते। द्वयोः परमाण्वोः क्रियया संयोगे सति द्वयणुकम् उत्पद्यते। तस्य परमाणुः समवायिकारणम्। तत्संयोगोऽसमवायि-

कारणम् । अदृष्टादि निमित्तकारणम् । स तो द्व्यणुकानाम् त्र्याणाम् क्रियया संयोगे सति त्र्यणुकम् उत्पद्यते । तस्य द्व्यणुकानि समवायिकारणानि । शेषं पूर्ववत् । एवं त्र्यणुकैः चतुर्भिः चतुरणुकम् । चतुरणुकैः परं स्थूलतरं स्थूलतरैरपरं स्थूलतमम् । एवं क्रमेण महापृथिवी महत्यापो महत्तेजो महांश्च वायुः उत्पद्यते ।

परमाणुः परमसूक्ष्म आद्यवयव स्वयं निरवयवः अतीन्द्रियो नित्य એટલે પદાર્થનો પરમાણુ (૧) સૂક્ષ્મતમ (૨) અવિભાજ્ય (૩) મૌલિક અને (૪) શાશ્વત અવયવ છે. એ ગોળાકાર છે. શંકરમિશ્ર કહે છે "नित्य परिमंडलम् परिमंडलमेव पारिमंडल्यम् (૫) પરમાણુ ચાર પ્રકારના છે: અગ્નિ, વાયુ, જલ અને પૃથ્વી એને ચાર મૌલિક ગુણો હોય છે: રૂપ, સ્પર્શ, રસ અને ગંધ કોઈ પણ એક મહાભૂત (મૂળતત્ત્વ) ના બધાં પરમાણુઓ સમાન હોય છે અને બીજાના પરમાણુઓથી જુદા હોય છે. આ પરમાણુઓના બીજા ગુણધર્મોનું પણ વિવેચન કરેલ છે. (૬) આ બધા પરમાણુ અમૂર્ત આકાશ રૂપ માધ્યમમાં હમેશાં ગતિમાન હોય છે એવો રઘુનાથ શિરોમણિનો મત છે." अनवरत परिस्पंदमाना. परिमित पवनादि परमाणवः"। આ સ્પંદન એક લય્મકના જેવું, ચક્રકાર યા સીધું પણ હોય છે. આકાશની કલ્પના નીચે પ્રમાણે કરવામાં આવી છે: આકાશનિરૂપણ—अत एव अष्टज्योतिरिक्त शब्दगुण एवि तत्व । स एव आकाश इति । स चैकम । अत एव विभुत्वान्नित्यमिति । (૭) પરમાણુઓ અંદરોઅંદર સંયોજાવાની તીવ્ર પ્રવૃત્તિવાળા હોય છે પરમાણુમાં કર્મ-ક્રિયાને કારણે પરિસ્પંદ થાય છે તેથી સંયોજન થાય છે: એટલે ગરમી ઉત્પન્ન થાય છે. પરિસ્પંદન અને ગરમીને વાસ્તે "પ્રાચીન વૈશેષિકો પ્રાણીઓના ધર્મ અને અધર્મ રૂપ અદૃષ્ટને એનું કારણ બતાવે છે" ('ભારતીય દર્શન'—બલદેવ ઉપાધ્યાય). (૮) કોઈ પણ રાસાયણિક યા ભૌતિક ગુણની પ્રતીતિ થાય એટલા માટે આવશ્યક છે કે ઓછામાં ઓછા બે પરમાણુઓનું સંયોજન થવું જોઈએ. આ આધારે કલ્પના કરીએ કે પૃથ્વી અને જલનું સંયોજન થવાથી બે જુદાં જુદાં સંયોજનો બને છે જેનું અણુસૂત્ર પૃજ₂ અને પૃ₂જ₂ થાય. આમાંના પ્રથમ અણુમાં ગંધ (પૃથ્વીનો ગુણ) નહીં રહે કારણ કે તેમાં પૃથ્વીનું એક જ પરમાણુ છે બીજા સંયોજન પૃ₂જ₂ માં ગંધ અને રસ બંને ગુણ મળશે, કારણ કે બંનેનાં મૂળ મૂળતત્ત્વોના ઓછામાં ઓછા બે બે પરમાણુઓ તેમાં છે. (૯) જ્યાં સુધી ગરમીની શક્તિ વડે કોઈ મૌલિક પરિવર્તન થતું નથી ત્યાં સુધી દરેક પરમાણુ પોતપોતાના ગુણનું અસ્તિત્વ ધરાવી રાખે છે. (આધુનિક રસાયણ વિજ્ઞાનમાં પણ આ માન્ય છે) ઉત્પન્ન થયેલ સંયોજનના વિશિષ્ટ ગુણ તેને બનાવનાર પરમાણુઓના ગુણો ભેગા થવાથી ઉત્પન્ન થાય છે. દાખલા તરીકે અત્તરમાં સુગંધ છે: તે પ્રવાહી છે. તેમાં પૃથ્વી અને જલના પરમાણુ ઉપર્યુક્ત માત્રામાં એવી રીતે અસ્તિત્વ ધરાવે છે કે અત્તરનું વ્યક્તિત્વ ધરાવતા પ્રવાહી તેમ જ સુગંધનો ગુણ આપણને પ્રતીત થાય છે. આ થયું વૈશેષિક દર્શનના પરમાણુવાદનું ટૂંકું દિગ્દર્શન.

કપિલનો પરમાણુવાદ *

સાંખ્યદર્શન અનુસાર સૃષ્ટિનું મૂળ પરમાણુ નહીં પણ પ્રકૃતિ છે પરમાણુ તો ઉત્ક્રાંતિના ક્રમમાં ખૂબ પાછળથી આવે છે. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણો છે,

* સાંખ્યદર્શનમાં વપરાતા શબ્દો તેની આગવી પરિભાષા અનુસાર છે. જિજ્ઞાસુઓએ મૂળ ગ્રંથો જોઈ જવા.

જેને ડૉ. બી. એન. શીલે અનુક્રમે બુદ્ધિ, શક્તિ (energy) અને માત્રા (mass)ના પ્રતીક ગણ્યા છે. આ ત્રણ ગુણોની સમાન અવસ્થાને પ્રકૃતિ કહેવાય છે. વ્યાસ ભાષ્યમાં પ્રકૃતિનું સ્વરૂપ આ પ્રમાણે આપ્યું છે:

निःसत्ताऽसत्तं निःसदसद् निरसद् अव्यक्तं अलिंगं प्रधानम् (२।१६)

પ્રકૃતિ મુખ્યત્વે અચેતન પરંતુ સક્રિય છે આ પ્રકૃતિનો જ્યારે, ચેતન પણ નિષ્ક્રિય સત્તાપુરુષ સાથે સંયોગ થાય છે ત્યારે પૂર્ણ સમાન અવસ્થામાં ક્ષોભ ઉત્પન્ન થાય છે. સાંખ્યકારિકા ક્રમાંક ૧૧મા પ્રકૃતિ અને પુરુષનું સ્વરૂપ નીચે પ્રમાણે પરિભાષામાં કહેવામાં આવ્યું છે:

त्रिगुणमविवेकि विषयः सामान्यमचेतनं प्रसवधर्मि

व्यक्तं तथा प्रधानम् तद्विपरीतः तथा च पुमान् ॥

પ્રકૃતિ અને પુરુષનો સંયોગ અથવા એમના દ્વારા થતી વિશ્વસૃષ્ટિને આંધળા અને લંગડાની જાણીતી કહેવત દ્વારા સમજાવવામાં આવી છે. પુરુષ લંગડો છે અને પ્રકૃતિ આંધળી છે. એમના સંયોગથી પ્રથમ વિકૃતિસ્વરૂપ મહત્ તત્ત્વની ઉત્પત્તિ થાય છે વ્યષ્ટિ દૃષ્ટિથી આ બુદ્ધિતત્ત્વ કહેવાય છે. સમષ્ટિગત જગતની દૃષ્ટિથી એની પ્રથમ ઉત્પત્તિને બીજ કહેવું જોઈએ મહત્ તત્ત્વની વિકૃતિ થવાથી અહંકાર પેદા થાય છે. અને અહંકારની વિકૃતિથી પાંચ તન્માત્રા અને અગિયાર ઇન્દ્રિયો ઉત્પન્ન થાય છે. અને પાંચ તન્માત્રાની વિકૃતિથી પાંચ ભૂતોની ઉત્પત્તિ છે. અહંકાર જ્યારે રજસ અને તમસની અધિકતા સાથે સંયોજાય છે ત્યારે, આપણે દેખીતા જગતમાં પહોંચીએ છીએ. આમાં જ્યારે અહંકાર સાત્ત્વિક હોય એટલે કે જ્યારે રજસ અને તમસનો અભિભવ સત્ત્વથી થયેલ હોય ત્યારે તે સાત્ત્વિક અહંકારથી એકાદશ ઇન્દ્રિયો ઉત્પન્ન થાય છે. અને તામસ અહંકાર જેનું બીજું નામ 'ભૂતાદિ' છે—એટલે કે જ્યારે સત્ત્વ અને રજસને અભિભવ તમસથી થાય છે ત્યારે તે તામસ અહંકાર અથવા 'ભૂતાદિ'થી પાંચ તન્માત્રાની ઉત્પત્તિ થાય છે. પાંચ તન્માત્રાઓ અનુક્રમે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ છે. બધાય ભૌતિક પદાર્થોના ગુણો આ પાંચ તન્માત્રાઓમાંથી લીધે છે. આ પાંચ તન્માત્રાઓનો વિશિષ્ટ રૂપમાં ફરીને સંયોગ થવાથી પાંચ મહા ભૌતિક તત્ત્વોના પરમાણુઓની રચના થાય છે, જેને આપણે અનુક્રમે આકાશ, વાયુ, તેજ, જલ અને પૃથ્વી કહીએ છીએ આ પરમાણુઓનું ફરી સંયોજન થવાથી અણુઓ યા સ્થૂળકાય દેખી શકાય એવા પદાર્થોની સૃષ્ટિ બને છે.

સત્ત્વ, રજસ અને તમસ—આ ત્રણ મૌલિક ગુણો યા તત્ત્વોને અનુભવગમ્ય માનવા ઉચિત નથી. એમના નિશ્ચિત સ્વરૂપ માની લીધેલા છે. વિશ્વની વસ્તુઓમાં સત્ત્વ ગુણની જેટલા ક્રમમાં ભીરૂપ હોય તે ક્રમમાં એમનામાં બુદ્ધિ, અહમ્ અને પ્રાણશક્તિના હ્રાસનો આભાસ થાય છે. આ આધારે વૃક્ષોમા સત્ત્વગુણ અતિ ઓછો છે. રજોગુણ એટલે 'શક્તિ' કોઈ પણ વસ્તુની કાર્યશક્તિ નક્કી કરે છે. રજોગુણ વિનાની વસ્તુ નિશ્ચેષ્ટ રહેશે. તમોગુણ માત્રાનું પ્રતીક છે પદાર્થના પદાર્થત્વનો ગુણ તમોગુણ નક્કી કરે છે આપણે, આપણું શરીર અને આપણું સંપૂર્ણજીવન સત્ત્વ, રજસ અને તમસના સંઘાતની જુદી જુદી અવસ્થાઓમાં સમુચ્ચય માત્ર છે. જો 'ભૂતાદિ'ની માત્રાનું એકમ માની લઈએ તો રજોગુણના એક

એકમથી સંયોજાઈ એ શબ્દ તન્માત્રાના એકમની રચના કરે છે જો ભૂતાદિના એક અસંયુક્ત એકમને क_1 વડે દર્શાવીએ તો, શબ્દતન્માત્રા $= \text{क}_1$

$$\text{स्पर्शतन्मात्रा} = \text{क}_1 + \text{क}_2$$

$$\text{रूपतन्मात्रा} = \text{क}_1 + \text{क}_2 + \text{क}_3$$

$$\text{रसतन्मात्रा} = \text{क}_1 + \text{क}_2 + \text{क}_3 + \text{क}_4$$

$$\text{गंधतन्मात्रा} = \text{क}_1 + \text{क}_2 + \text{क}_3 + \text{क}_4 + \text{क}_5$$

હવે આકાશાદિ પાચ તત્ત્વોના પરમાણુઓની રચના સમજવા પ્રયત્ન કરીએ. જો આકાશના એક પરમાણુને आ સંજ્ઞા વડે દર્શાવીએ તો $\text{आ} = \text{क}_1$ એવી રીતે વાયુ પરમાણુની રચના આકાશ પરમાણુ અને સ્પર્શતન્માત્રાના સંયોગ વડે થાય છે એમ મનાય છે એટલે $\text{वा} = \text{आ} + \text{स्प}$

$$= \text{क}_1 + (\text{क}_1 + \text{क}_2) = 2\,\text{क}_1 + \text{क}_2$$

એવી રીતે અગ્નિ $=$ વાયુ $+$ રૂપ $= \text{आ} + \text{स्प} + \text{रू} = \text{क}_1 + (\text{क}_1 + \text{क}_2 + \text{क}_3)$

$$= 3\text{क}_1 + 2\,\text{क}_2 + \text{क}_3$$

જલ $=$ અગ્નિ $+$ રસ $= 4\,\text{क}_1 + 3\,\text{क}_2 + 2\,\text{क}_3 + \text{क}_4$

પૃથ્વી $=$ જલ $+$ ગન્ધ $= 5\,\text{क}_1 + 4\,\text{क}_2 + 3\,\text{क}_3 + 2\,\text{क}_4 + \text{क}_5$

આ પ્રમાણે તન્માત્રાઓ અંદરોઅંદર જુદી જુદી રીતે સંયોજાય તો ભિન્ન પરમાણુઓની રચના થાય છે એક જ તત્ત્વના પરમાણુઓમાં તફાવત દર્શાવવા ડૉ. સીલે ખૂબ યોગ્યતાપૂર્વક સ્પષ્ટીકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે. क ને બદલે અંગ્રેજી અક્ષર A થી લઈને Z પર્યંત સૂક્ષ્મ પરિવર્તનની કલ્પના કરી છે. આ સંબંધમાં વિસ્તૃત વિવેચન ડૉ. પ્રફુલ્લચંદ્ર રાયના 'રસાયણશાસ્ત્રનો ઇતિહાસ' ના બીજા ભાગમાં જિજ્ઞાસુઓએ જોઈ લેવું.

પરમાણુઓના ગુણધર્મો

સાંખ્યમત અનુસાર આખું વિશ્વ દરક્ષણે પરિવર્તન પામે છે, કારણ કે પરમાણુ અને તન્માત્રાદિ નિષ્ક્રિય રહી શકતા નથી શક્તિસંરક્ષણના સિદ્ધાંત અનુસાર શક્તિ અને માત્રાના સમુચિત પરિવર્તનથી પદાર્થો અને તેના ગુણોની રચના થયા કરે છે. નવીન ઉપાદાનો અથવા મૂળ પરમાણુઓની આવશ્યકતા નથી હોતી. ભાવી બધી વસ્તુઓ અવ્યક્ત રૂપે તેમની પૂર્વગામી વસ્તુઓમાં રહેલી હોય છે. સમય આવતાં તેનું મૂર્ત રૂપ પ્રગટ થાય છે. કોઈ પણ પ્રક્રિયા (system) ની ચારે બાજુ એક કાલ્પનિક આવરણ જેવું રહે છે, જે એ પ્રક્રિયામાં કોઈ મૂળભૂત પરિવર્તન સહસા થવા દેતું નથી. આ આવરણનો કોઈ પણ અંશ તાપ, પ્રકાશ વગેરે રજસાત્મક શક્તિઓ દ્વારા દૂર કરી શકાય તો એ હિસ્સાના પ્રમાણમાં પરિવર્તન થાય છે, કારણ કે નવા ઉત્પન્ન થયેલ છિદ્ર વાટે શક્તિ, તન્માત્રા, સત્ત્વગુણાદિ વગેરેનું આગમન અને નિર્ગમન શરૂ થાય છે. પરંતુ પરિવર્તનનું આ કાર્ય માત્ર અમુક પરિસ્થિતિમાં થઈ શકે છે. પાંચ મહાભૂતના પરમાણુઓના અન્ય ગુણધર્મો અંગે સાંખ્યદર્શનના જે વિચારો છે તે વૈશેષિક દર્શનના જેવા છે. એઓના નામો એવા પાડવામાં આવ્યાં છે કે તેના ગુણોનું વર્ણન તેમાંથી સમજાઈ જાય છે. તેના પૂર્વેના સમસ્ત મહાભૂતોના પરમાણુના ગુણધર્મ તર્કસિદ્ધ પરમાણુઓમાં મળી આવે છે, આ આધારે પૃથ્વી પરમાણુમાં સમસ્ત મહા

ભૌતિક પરમાણુઓનાં ગુણ મળે છે. તે જ પરમાણુમાં માત્ર શબ્દ અને સ્પર્શનો ગુણ મળે છે—રસ અને ગંધનો નહીં. કારણ કે રસ અને ગંધ એટલે જલ અને પૃથ્વીપરમાણુ તેજની પછી આવે છે. ડૉ. બી. એન. શીલે વરાહમિહિરના એક સૂત્રના આધારે એવું સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે કે પરમાણુનો આકાર $૭.૫^{-૧} \times ૨/૩^{-૧૨}$ ઘનઈંચથી પણ નાનો છે. (परमाणुरजो बालाग्रलिक्षयूकं यवोऽङ्गुलम् चेति अष्टगुणानि यथोत्तरम् अंगुलमेकं भवति संख्या—વરાહમિહિર સંહિતા, અધ્યાય ૫૭, શ્લોક ૨) ભાસ્કરાચાર્યનાં સૂત્રોને આધારે પરમાણુઓનો આકાર $[illegible] \times ૩^{૨} \cdot ૨^{-૧૧}$ ઘન ઈંચથી પણ ઓછો માનવો જોઈએ.

તન્માત્રાઓ એથી પણ સૂક્ષ્મ છે. પોતાના સમર્થનમાં એમણે ચરક અને સુશ્રુતના કેટલાક પ્રમાણ અને કલ્પનાઓ ટાંકી છે. પરમાણુ ગોળાકાર છે એ અગાઉ આવી ગયું. આ માટે વિશેષ માહિતી પ્રફુલ્લચંદ્ર રાયના 'હિંદુ રસાયનનો ઇતિહાસ'ના બીજા ભાગમાં વાંચી લેવા વિનંતિ છે.

ગ્રીકોનો પરમાણુવાદ અને આપણાં દર્શનો

ગ્રીક દાર્શનિકોની વિચારધારા અનુસાર પરમાણુ જો કે પોતે ગુણરહિત છે પણ તેના વજન, ક્રમ વગેરેમાં ફેર હોય છે. કણાદના પરમાણુવાદ અનુસાર પ્રત્યેક પરમાણુમાં પોતાના વિશિષ્ટ ગુણો હોય છે. ડેમોક્રિટસ અને એપિક્યુરસ માને છે કે પરમાણુઓ સ્વતઃ ગમનશીલ અને આત્માને પણ ઉત્પન્ન કરે છે. વૈશેષિક દર્શન આત્માને નિત્ય માને છે અને નિઃસ્પંદ પરમાણુઓમાં પ્રથમ સ્પંદનનું કારણ અદૃષ્ટ યા ઈશ્વર છે. મેક્સમૂલરના ત્રસરેણુની રચના અંગેના વિચાર આપણે જોઈ ગયા છીએ. આ ઉપરથી એવો નિર્ણય કરી શકાય કે કણાદનો પરમાણુવાદ સંપૂર્ણતઃ મૌલિક છે. ગ્રીક દર્શન અને વૈશેષિક દર્શનમાં એટલો બધો તફાવત છે, જેટલો ભૌતિકતા અને આધ્યાત્મિકતામાં ફેર છે.

સૃષ્ટિના પ્રારંભમાં અદૃષ્ટ કારણે (કર્મનિમિત્તવશ) જુદા જુદા પરમાણુઓ સંયોજિત થઈને દ્વ્યણુકાદિની રચના કરે છે. આ રીતે આપણે અદૃષ્ટને કાર્યનું નિમિત્ત કારણ માની લઈએ છીએ: પરંતુ ઉત્પાદક નહીં. કારણ કે અચેતન હોવાને લીધે અદૃષ્ટ ઉત્પત્તિ કરી શકતું નથી. એટલે કર્મનો ઉત્પાદક જ્ઞાત ન હોય તો કર્મ (પરમાણુ આદિ) કયા નિમિત્તથી પેદા થયા મનાય? જો કર્મ નથી તો પરમાણુઓનું સંયોજન પણ નથી. આ રીતે સંયોગ-વિયોગકારક કર્મના નિમિત્તના જ્ઞાનના અભાવને કારણે પ્રલય યા સૃષ્ટિનાશ કારણની કલ્પના થઈ શકતી નથી. જો પરમાણુ નિત્યપ્રવૃત્તિ સ્વભાવવાળા માનવામાં આવે તો પ્રલયની કલ્પના અસંભવ છે અને જો નિત્ય નિવૃત્તિવાળા માનવામાં આવે તો સૃષ્ટિરચનાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જો બંને સ્વભાવ (પ્રવૃત્તિ અને નિવૃત્તિ) વાળા માનીએ તો પરસ્પર વિરોધ ઉત્પન્ન થાય છે. એટલે પરમાણુ પોતે નથી પ્રવૃત્તિ સ્વભાવવાળો, નથી નિવૃત્તિ સ્વભાવવાળો, અથવા નથી એ બંને સ્વભાવવાળો. એ એક મહાન ચેતન રૂપ નિયામક શક્તિ વડે પરિચાલિત છે. જો ચાર ભૂતોને પરમાણુઓનાં રૂપાદિ ચાર કાર્યોના મૂળ ઉત્પાદક માનીએ તો પણ બધી વસ્તુઓ ઘટતી નથી, કારણ કે દરેક વસ્તુ પોતાના જ સર્જક કારણની સરખામણીમાં સ્થૂલ

છે. પરમાણુ સ્વકારણુ અપેક્ષાએ સ્થૂલ હોવો જોઈએ. અર્થાત્ પરમાણુઓનું પણ કોઈ મૂળ કારણ છે. અહીંઆ પરમાણુકારણવાદ અસફળ થાય છે અને ઈશ્વરવાદની બાજુ જવું પડે છે.

સાંખ્ય અને વૈશેષિક દર્શન

આરંભવાદ એ જ કારણવાદ. વૈશેષિક દર્શન સૃષ્ટિનો આરંભ પરમાણુમાંથી માને છે. ગુણ અને પદાર્થ એ બંનેનું મૂળ કારણ પરમાણુ છે વિશ્વમાં પદાર્થોના વિશિષ્ટ ગુણોની પ્રતીતિ કેવી રીતે થાય છે એ યૌગિક અણુઓના દાખલા વડે આપણે સ્પષ્ટ કર્યું છે. સાંખ્યદર્શન આ વિચારધારાથી જુદી વિચારધારાનું પોષક છે. એ અનુસાર ઉપસ્થિત પ્રક્રિયામાં શક્તિ અને માત્રાનું ત્રિગુણાત્મક પરિવર્તન આપોઆપ દરેક ક્ષણે થયા કરે છે. આરંભમાં કોઈ કેન્દ્રની તપાસ કરવાની આવશ્યકતા નથી. આ દૃષ્ટિબિંદુથી આધુનિક વૈજ્ઞાનિક સિદ્ધાંતોની વિશેષ નજીક સાંખ્યદર્શન છે—વૈશેષિક દર્શન કરતાં. બંને દર્શન પૂર્ણતઃ અનીશ્વરવાદી છે એમ માની શકાતું નથી.

પરમાણુઓના પ્રથમ સ્પંદનને વૈશેષિક દર્શન અદૃષ્ટકારણવશ માને છે: પ્રકૃતિ અને પુરુષના પ્રથમ મિલન અંગે સાંખ્યદર્શને પણ પાછીથી એવી વિચારસરણી રજૂ કરી છે. સાંખ્યદર્શન દ્રષ્ટા, પુરુષ, આત્મા યા કર્મયોગની સત્તા સ્વીકારે છે. વૈશેષિક દર્શન પણ મોટે ભાગે આ રસ્તા પર ચાલે છે. ફેર માત્ર એટલો છે કે વૈશેષિક દાર્શનિકો એક વિભુ આત્માને મહત્ત્વ આપે છે: તો સાંખ્ય દર્શનવાળાઓ અસંખ્ય ચેતન પુરુષોની કલ્પના કરે છે. કોઈને કોઈ રૂપે આ બંને દાર્શનિક પદ્ધતિઓ ઈશ્વરી સત્તાને જરૂર સ્વીકારે છે. વૈશેષિકોના સમસ્ત દ્રવ્ય યા પદાર્થને સાંખ્ય દર્શનવાળાઓએ પોતાના પ્રકૃતિ અને પુરુષમાં સમાવી દીધા છે. ચાર પરમાણુ અને આકાશનું સ્થાન પાંચ તન્માત્રાઓએ લીધું છે. સાંખ્ય મતાનુસાર પાંચ મહાભૌતિક પરમાણુઓ છે: વૈશેષિકોના મત પ્રમાણે માત્ર ચાર છે. આકાશને માધ્યમરૂપે કણાદે ગણ્યું છે. આ કણાદ સંમત આકાશ આજના વિજ્ઞાનજગતે સ્વીકારેલ ઈથરની (ether) કલ્પનાની વધારે નજીક છે. તત્ત્વમીમાંસામાં સાંખ્ય દર્શને વૈશેષિકોથી વધારે ગંભીરતાપૂર્વક વિચાર કર્યો છે એમ લાગે છે.*

卐

* આ લેખ તૈયાર કરવામાં ઉપયોગી સૂચન-સલાહ આપવા માટે અને તેને તપાસી જવા માટે હું શ્રી દલસુખભાઈ માલવણિયા, ડાયરેક્ટર, શ્રી લાલભાઈ દલપતભાઈ ઓરિયેન્ટલ ઈન્સ્ટીટ્યૂટ, અમદાવાદ, એઓનો આભાર માનું છું.

કુટુંબ-આયોજન

નવનીતલાલ પંડ્યા

કુટુંબ-આયોજન ઉપર 'પ્રસ્થાન'ના અંકોમાં છેલ્લાં પાંચ વરસમાં ઘણું લખાઈ ગયું છે. કુટુંબ-આયોજન હાલના સમયમાં આવશ્યક છે ને હવે સર્વ સ્વીકૃત બાબત બની ચૂકી છે. ભારત સરકારનાં આયોજનમાં પણ કુટુંબ-આયોજનને સ્થાન મળેલું છે છતાં કુટુંબ-આયોજનને દેશવ્યાપી બનાવવામાં જે રીત અખત્યાર કરવામાં આવી છે તે આપણને તથા આપણી ભાવિ પેઢીને નુકસાનકારક છે એ નિર્વિવાદ બાબત છે.

આમવર્ગને ક્રમને નીચેની પરિસ્થિતિને લીધે કુટુંબ-આયોજન અપનાવવું પડે છેઃ

(૧) **મોંઘવારી**—દિનપ્રતિદિન મોંઘવારી વધતી જાય છે. જીવનની જરૂરિયાતવાળી વસ્તુઓના ભાવ સતત વધતા જાય છે. પરિણામે વિશાળ કુટુંબવાળી વ્યક્તિ તે બધાંનું મર્યાદિત આવકમાંથી પોષણ કરવા અશક્તિમાન બને છે અને તેથી તેને કુટુંબ-આયોજન માટે વિચારવું પડે છે.

(૨) **માતાપિતાની શારીરિક નિર્બળતા અને રોગો**—બીજ કે ક્ષેત્ર ખરાબ હોય તો તેની અસર સંતતિ ઉપર પડે જ અને જો સંતતિ નિર્બળ બને તો દેશ પણ નિર્બળ બને. માટે તે પરિસ્થિતિમાં કુટુંબ-આયોજન આવશ્યક છે.

(૩) **જીવનધોરણ ઊંચું થવું**—દિનપ્રતિદિન આપણું જીવનધોરણ ઊંચું જઈ રહ્યું છે. દરેકને લાઈટ, રેડીઓ, પંખો, તેમ જ બીજા મોજશોખ વગેરે જોઈએ છે. અને તે મેળવવા માટે તેને વધુ ને વધુ ખર્ચ પણ કરવો પડે છે જે તેની મર્યાદિત આવકમાં પૂરવી શકતો નથી. આથી કુટુંબ-આયોજન કરવું પડે છે.

(૪) **ઉત્પાદન ઓછું અને જરૂરિયાત વધારે**—આ પ્રશ્ન દેશવ્યાપી છે. દિનપ્રતિદિન વધતી જતી વસ્તીને માટે પૂરતાં રહેઠાણ, ખોરાક, કપડાં અને યાતાયાતનાં સાધનો આવશ્યક છે. આપણું ઉત્પાદન મર્યાદિત છે. વસ્તી કૂદકે ને ભૂસકે વધે છે. પરિણામે કુટુંબ-આયોજન આવશ્યક બને છે.

(૫) **પૂરતો ખોરાક અને સમતુલ ખોરાક ન મળવાના કારણે પ્રજોત્પાદન શક્તિમાં વધારો**—આપણને હાલમાં ખોરાક મળે છે તે પૂર્ણ શક્તિવાળો હોતો નથી. એશઆરામી જિંદગી ભોગવનારા અન્ય સાધનો મારફતે બીજો ખોરાક મેળવી શકતા હશે પણ મર્યાદિત આવકવાળાઓ પૂરતો ખોરાક અને સમતુલ ખોરાક (balanced diet) મેળવી શકતા નથી. શારીરિક શ્રમ તેમને વિશેષ કરવાનો હોય છે. પરિણામે એવાં માણસોમાં પ્રજોત્પાદનશક્તિ વિશેષ જોવામાં આવે છે; જ્યારે ધનિક લોકોમાં પ્રજોત્પાદનશક્તિ ઓછી હોય છે.

(૬) **લગ્ન સંબંધી વિચારણામાં થયેલો ફેરફાર**—આજે વર્તમાન આર્થિક સંક્રમણ અને સામાજિક અસ્વસ્થતાના વાતાવરણમાં પશ્ચિમનું લગ્ન-જીવન અને કુટુંબ-જીવન આપણને ધ્યેયવિહીન લાગે છે; જ્યારે પશ્ચિમના નિરીક્ષકોને પૂર્વનું લગ્નજીવન વ્યક્તિના મુક્ત અને સંપૂર્ણ આવિષ્કારને રૂંધતું, જડ, પોલાદી માળખામાં જકડાયેલું લાગે છે. આપણામાં આધ્યાત્મિક ભાવના દિવસે દિવસે ઘટતી રહી છે. માનવીના જીવનમાં છુપાઈ રહેલી વિસંવાદિતા લગ્નજીવન માટે અને સમાજ માટે ગંભીર જોખમરૂપ બની છે. ભારતે એના લગ્નજીવનનું અને મૂલ્યોનું મંડાણ વ્યક્તિથી પર એવી લગ્નની આધિભૌતિક કલ્પના

પર કર્યું છે. એમાં લગ્ન એ પ્રકૃતિ અને પુરુષના દિવ્ય મિલનનું પ્રતીક કલ્પાયું છે. વળી ભારતીય પ્રણાલિકામાં લગ્નજીવનની ચિરંતનતા, માત્ર જીવનના ભાગીદારોના આધ્યાત્મિક સંલગ્નતાના તત્ત્વને જ આભારી છે એમ પણ નથી. એમાં પોતાના સંતાન પ્રત્યેનાં અને ઘર તથા કુટુંબ પ્રત્યેનાં કર્તવ્યો વિષેનો ખ્યાલ અને સંનિષ્ઠા પણ છે. **સંતાન એ લગ્નનું અનિવાર્ય બંધન છે.** પણ હવે નવા જમાનાના સુધરેલા લોકો એમ માને છે કે સંતાન એ લગ્નસંબંધનાં અનિવાર્ય પરિણામ રૂપ લેખાવું ન જોઈએ. તેઓનું માનવું છે કે **માતૃત્વ કે સંતાન માટેનો લગ્ન સંબંધ અને પ્રણય માટેનો લગ્નસંબંધ એમ** બે પ્રકારની લગ્નપ્રથા હોવી જોઈએ. આ વિચારધારામાં વ્યક્તિના તેમ જ સમાજનાં જીવન પર પ્રતિકૂળ અને હાનિકારક અસર પડે એવાં અનેક તત્ત્વો અને ભયસ્થાનો છે જે ચિરકાલીન સુખી સંસાર માટે બાધા રૂપ છે.

લગ્નજીવનની સફળતાને સંબંધ છે ત્યાં સુધી ઘણા દેશોમાં ગોઠવાયેલાં લગ્નો વધુ સફળ નીવડે છે કારણ કે આવાં લગ્નો ગોઠવવામાં આવ્યાં હોય ત્યારે પરિસ્થિતિની બધી જ નક્કર વાસ્તવિકતાનો પૂરો વિચાર કરવામાં આવ્યો હોય છે.

લગ્ન–પ્રેમની પરિપૂર્ણતા, પ્રણયનું જોમ અને ભૌતિક તથા સામાજિક વાસ્તવિકતાઓ માટેનું વહેવારુ વલણ આ બેનાં સુભગ સુમેળ દ્વારા સધાય છે. માત્ર પ્રેમીની લાગણીની ઉત્કટતા આવું એકીકરણ સાધવા માટે પૂરતી નથી. પ્રણયરંગી આકાંક્ષાઓની રોજબરોજની વ્યવહાર જીવનની જરૂરિયાતો સાથે એકરૂપતા સાધવા માટે કોઈક પ્રકારના મધ્યસ્થ માધ્યમની જરૂર પડે છે.

જૂની સમાજ વ્યવસ્થાએ આવું એક માધ્યમ શોધી કાઢ્યું હતું અને તે હતું **ઘર અને બાળક, કુટુંબ, જ્ઞાતિ, સમાજ અને એમને લગતી પ્રવૃત્તિઓ.** આપણા દેશમાં તો વળી પ્રાચીન ધર્મભાવનાઓ, સામાજિક વિધિઓ અને માન્યતાઓએ, દંપતીના સમાન હિત અને રસની પ્રવૃત્તિઓ અને મૂલ્યોને વધુ સ્થિરતા આપી હતી.

હિન્દુ સમાજની લગ્નભાવનામાં ધર્મે લગ્નસંબંધનાં ત્રીજા અને અનિવાર્ય પક્ષ તરીકે એક અમર પ્રેમતત્ત્વ, એક જીવનસંગી અને માર્ગદર્શક કલ્પના કરી છે અને એ દ્વારા એક એવો 'અમર ત્રિકોણ' રચ્યો છે જે લગ્નસંબંધમાં આ અમર અક્ષય ત્રિકોણ પતિ, પત્ની અને એના પ્રિયતમ કે પ્રિયતમા વચ્ચે સ્થૂળ ત્રિકોણ નથી. પરંતુ પતિ પત્ની અને આરાધ્યદેવ વચ્ચેના ત્રિકોણ છે. આ દેવ, બેમાંથી કોઈ ના ન કહી શકે એવી ફરજ બંને પાસે બજાવડાવે છે. એની પાછળનો આદર્શ એવો છે કે પતિ પત્ની પોતાની જાતને આરાધ્ય દેવને સમર્પિત કરે છે અને એમને પ્રેમ, નિષ્ઠા, કર્તવ્ય વગેરે યોગ્ય પ્રમાણમાં એ દેવ જ ફાળવી આપે છે.

આ છે આપણો આધ્યાત્મિક અને આધિદૈવિક ભારતીય વારસો જે આપણે ભૂલી ગયાં છીએ. પશ્ચિમનું અંધ અનુકરણ કરીને ભોગવિલાસમાં રહીએ છીએ. પરિણામે કુટુંબ-આયોજન આવશ્યક બને છે.

કુટુંબ–આયોજન માટે સરકાર તેનાં સાધનો વાપરવાની ભલામણ કરે છે તેમજ સ્ત્રીઓને તથા પુરુષોને ઓપરેશન કરાવવાની ભલામણ કરે છે તેની જગ્યાએ દેશવ્યાપી લાંબા ગાળાના નીચે લખેલા ઉપાયો યોજવા જોઈએ :

(૧) કામવાસનાને ઉત્તેજિત કરે તેવી ફિલ્મો, ગાયનો, નાટકો ઉપર પ્રતિબંધ.
(૨) સ્ત્રીઓના અનુચિત પહેરવેશ ઉપર પ્રતિબંધ, સૌન્દર્ય-પ્રસાધન પર પુરુષને જુગુપ્સા પ્રેરે એવાં વસ્ત્રપરિધાન ઉપર પ્રતિબંધ મૂકો. સ્ત્રીઓની સુંદરતા પોતાના પતિના આકર્ષણ-પ્રેમ સંપાદન કરવા માટે છે, પરપુરુષના આકર્ષણ માટે નથી.
(૩) સ્ત્રી-રૂપની હરીફાઈ બંધ કરો.
(૪) નાનાં બાળકોને જાતીય વિજ્ઞાનનો અભ્યાસ કરાવો.
(૫) જેનાથી નીતિનું ધોરણ ઊંચું આવે તેવું સાહિત્ય પ્રગટ કરો અને નાનાં બાળકોને નાનપણથી જ તેનું જ્ઞાન આપો.
(૬) આધ્યાત્મિક અને આધિદૈવિક શિક્ષણ હોવું જરૂરી છે. આ માટે સમાજના દરેક વર્ગને નાનપણથી શિક્ષણ આપો.
(૭) શરીરનું પરમ તેજ બ્રહ્મચર્ય છે. અને આ બ્રહ્મચર્યનું મન, વચન અને કર્મથી પાલન થાય એ માટે બાળકોને નાનપણથી જ તેનું જ્ઞાન આપો.

આ યોજના જો કે લાંબા ગાળાની છે છતાં ભારતીય સંસ્કૃતિને અનુરૂપ છે તેમજ આવશ્યક પણ છે શસ્ત્રચિકિત્સાનો ન છૂટકે જ આશ્રય લેવાનો અને વૈદકીય કારણસર જ તે કરવાનો આગ્રહ રાખો. આ સિવાય આપણું નીતિનું ધોરણ, ચારિત્ર્યશીલનું ધોરણ જો ઊંચું જશે તો કુટુંબ-આયોજનનાં સાધનોનો ઉપયોગ આવશ્યક નહીં રહે એમ હું માનું છું.

[અનુસંધાન પૃ. ૬૪

આ ગાનમાં તેમનું ભક્તિતત્ત્વ સ્પષ્ટ થાય છે.

તેમના મરમી વલણનાં મુખ્ય મુખ્ય લક્ષણો આ પ્રમાણે છેઃ

૧. નદીના વહેણની માફક પળે પળે પોતાની ચેતનાની સાથે વિશ્વચેતનાનો યોગ.

૨. સીમામાં અસીમનું અવતરણ.

૩. અપરૂપને રૂપ દ્વારા વ્યક્ત કરવા જતાં અનિર્વચનીયતાનું રક્ષણ.

૪. રસની સિદ્ધિ માટે નીરસની સાધનાની આવશ્યકતા.

૫. ગાનોમાં ભાવ, શબ્દ અને સૂરના રાસાયણિક સમીકરણને લઈને તેની વિશિષ્ટ મીંડમાંનું મરમી તત્ત્વ.

રવીન્દ્રનાથનાં બે નાટકોમાં—'ડાકઘર'માં તેમજ 'અરૂપ રતન'માં—પણ તેમનું રહસ્યવાદી માનસ પ્રગટ થાય છે.

આ રીતે તેમના રહસ્યવાદનાં મુખ્ય લક્ષણો ગણાવી શકાય.

રવીન્દ્રનાથ મરમી હતા; પરંતુ તેઓ આ યુગના મરમી હતા; અર્થાત્, આ યુગની સર્વ સાધનાઓ અને સિદ્ધિઓને તેમણે પોતાની વીણાના તાર પર ઝણણી હતી.

('વિશ્વ તત્ત્વજ્ઞાન મંદિર'ને ઉપક્રમે પ્રાર્થના સમાજમાં તા. ૧૯-૫-૬૨ ને શનિવારે ૬-૧૫ વાગ્યે યોજેલી સભામાં કરેલી વાતચીતના મહત્ત્વના મુદ્દા.)

રવીન્દ્રનાથનો રહસ્યવાદ

જયન્તીલાલ આચાર્ય

વિષયની શરૂઆત કરતા પહેલાં 'રહસ્યવાદ' એ શબ્દનું સ્પષ્ટીકરણ જરૂરી છે. ગુજરાતીમાં આ શબ્દ ઘણે ભાગે અંગ્રેજી 'મિસ્ટિસિઝમ' શબ્દના પર્યાયરૂપે શરૂ થયો જણાય છે. અંગ્રેજી શબ્દની પાછળ તેની વ્યુત્પત્તિનો વૃત્તાંત પડયો છે, જેની ચર્ચા અહીં અસ્થાને છે. ખરી રીતે જોતા એ કોઇ 'વાદ' નથી, પરંતુ આંતર અનુભૂતિની સાથે સંકળાયેલ હોવાથી, તેની અનિર્વચનીયતાને કારણે જીવન તરફનું તે એક વિશિષ્ટ વલણ છે, અથવા કહો કે જીવનનું એ એક વિશિષ્ટ પ્રકટીકરણ છે. વાસ્તવિક રીતે તે મરમીની સાધના છે; જીવનની એક પ્રકારની ઉપલબ્ધિ છે. પશ્ચિમના પણ સર્વે લેખકો આ વિષયનાં મહત્ત્વનાં બે ત્રણ લક્ષણો જણાવે છે: અનિર્વચનીય, સાહજિક અને ગૂઢ. એમાં આપણી બુદ્ધિને જણાતા વિરોધોનું સામંજસ્ય થાય છે, એક પ્રકારનું સમીકરણ થાય છે, સમરસતા ઉદ્‌ભવે છે. આથી 'વાદ' અંતે આવતો હોય એવો શબ્દ હું તે શબ્દના પર્યાયરૂપે પસંદ કરતો નથી. મને પૂછો તો હું 'મરમી સાધના' એવો એક નિરાળો શબ્દ સૂચવું.

પશ્ચિમમાં તેમજ અહીં પણ ઘણા વિવેચકો રવીન્દ્રનાથને મરમી (mystic) કહે છે. ઘણે ભાગે તેઓ તેમના 'ગીતાંજલિ'ને તેમજ અન્ય પુસ્તકોને આધારે તે પ્રમાણે જણાવે છે. પરંતુ રવીન્દ્રનાથનું પોતાનું દૃષ્ટિબિંદુ જોઇશું તો જણાશે કે તેઓ કોઈ 'વાદ'ના વાદી નહોતા; તેમને કોઇ માનસિક સત્ય પુરવાર નહોતું કરવું. તેઓ હતા દ્રષ્ટા. એટલે તેમણે તેમનાં સર્જનોમાં તેમજ વાણીમાં પોતાનું દર્શન રજૂ કર્યું છે. અને એ દર્શન એમની પોતાની આંતર અનુભૂતિને વફાદાર રહીને એમણે જ્યારે ને ત્યારે વાણીબદ્ધ કે વાઙ્‌મયમાં પ્રગટ કર્યું છે. એમના 'જીવન દેવતા', 'અંતર દેવતા' (Indwelling Divinity) પ્રત્યે એમની એવી સમર્થ વફાદારી હતી.

એમની કૌટુંબિક સાધના ભારતીય ધર્મસાધના હતી. ઉપનિષદ એના કેન્દ્રમાં હતાં. આને પરિણામે જનોઇ પછી રવીન્દ્રનાથ ગાયત્રીમંત્રના ધ્યાનમાં લીન થઈ જતા. તેમના અંતરમાં એક પ્રકાશનો આવિર્ભાવ થયો. વ્યક્તિગત ચેતનાની સાથે વિશ્વગત ચેતનાનું જોડાણ થયું અને તેને લઇને વિશ્વ એમને માટે જીવંત થયું. ત્યાર પછી અઢારેક વર્ષની ઉંમરે થયેલો અનુભવ એક નવીન ઉઘાડ સૂચવે છે. એને લઇને રવીન્દ્રનાથને સૌન્દર્યનાં દર્શન થયાં. કોઇ પડદો જાણે કે સરી ગયો. બધું મુક્ત દૃષ્ટિથી જોવાની દીક્ષા મળી. તે વખતે, તે અવસ્થામાં તેમણે 'નિર્ઝરેર સ્વપ્નભંગ' નામનું કાવ્ય લખ્યું. એ એમની જાગૃતિનું કાવ્ય છે. માનવના અંતરાત્માની સાથે પોતે યુક્ત થયા; તેનાં સુખદુઃખ, રાગદ્વેષ, હર્ષશોક વગેરે દ્વંદ્વોનાં સંવેદન ઝીલતા થયા.

તેમના મરમી વલણને સૂચવતું એક કાવ્ય દૃષ્ટાન્ત તરીકે જોઈએ. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે: "હે જીવનસ્વામી, હું પ્રતિદિન તમારી સમક્ષ ખડો રહીશ હે ભુવનેશ્વર. હાથ જોડીને હું તમારી સમ્મુખ ખડો રહીશ. તમારા અપાર આકાશની તળે નિર્જન વિરલ સ્થળે, નમ્ર હૃદયે, નયનમાં અશ્રુ સાથે તમારી સમક્ષ ઊભો રહીશ. તમારા આ વિવિધતાભર્યા ભવસંસારના કર્મપારાવારની પારે અખિલ જગતના જનોની વચ્ચે તમારી સંમુખ ખડો રહીશ. તમારા આ ભવમાં જ્યારે મારું કાર્ય સમાપ્ત થશે ત્યારે હે રાજરાજ, એકલો નીરવે તમારી સામે ઊભો રહીશ."

[અનુસંધાન પૃ. ૬૩

પેનિસિલિન

વૈદ્ય પ્રાગજી મોહનજી રાઠોડ

પેનિસિલિન ઉપકારક કે હાનિકારક એ પ્રશ્ન આજે મોટા પ્રમાણમાં ચર્ચાઈ રહ્યો છે. એક વાત સાચી છે કે આ ઔષધથી કેટલીક અવસ્થામાં ચમત્કારિક ગુણશક્તિ જોવા મળી છે; અને પરિણામે એના ઉપયોગથી નવી જિંદગી પણ મળી છે. પરંતુ આજે જે મોટા પ્રમાણમાં એનો વપરાશ વધ્યો છે, તે જોતાં એમાં રહેલાં ભયસ્થાનો લોકોએ સમજી લેવાં જોઈએ. ગમે ત્યારે નાની માંદગીમાં પણ, એનો ઉપયોગ થાય છે ત્યારે કેવા વિકૃત રોગો એના ઉપયોગને પરિણામે પેદા થાય છે એ માટે વૈજ્ઞાનિક રીતે જે અનુભવો થયા છે તે અહીં રજૂ કરવાની તક લઉં છું.

જિરાલ્ડ વોકર નામના એક લેખકે અનેક દરદીઓ ઉપરની વિગતો પ્રગટ કરી છે એમાંથી થોડા પ્રસંગો આપણે જોઈએ.

એપ્રિલ ૧૯૫૭માં રોબર્ટ સી નામના વીસ વર્ષના યુવાનને જરા શરદી થઈ, થોડો તાવ આવ્યો અને કાનમાં દુખવા આવ્યું. પોતાના કામમાંથી વધુ વખત ન બગાડવા એ પોતાના ફેમિલી ડૉક્ટરને મળ્યો અને ડૉક્ટરે આ ફરિયાદો દૂર કરવા પેનિસિલિન આપ્યું. બે દિવસ પછી રોબર્ટના આખા શરીરે ઝીણી ઝીણી ફોડલીઓ ઉપડી આવી. એ ડૉક્ટરને મળ્યો એણે એ વખતે ગામમાં ચાલતા ઓરી-અછબડા જેવા એક રોગનો જ આ પ્રકાર છે એવું માન્યું અને મનાવ્યું. રોબર્ટ ઘેર ગયો. પણ ચાર દિવસ પછી અચાનક રોબર્ટને ખૂબ જ ઉગ્ર તાવ આવ્યો અને એનું આખું શરીર રાતુંચોળ થઈ ગયું. ડૉક્ટરને લાગ્યું કે આ ઓરી અછબડા જેવું નથી. એટલે એને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. તપાસને અંતે જાણવા મળ્યું કે આ કેસ પેનિસિલિન સામેની પ્રતિક્રિયાનો છે.

આ પ્રતિક્રિયામાં શરીર ઉપરની અને આંતરત્વચાની ચામડી ખરવા માંડી: ગળાની આંતરત્વચાના આ પ્રકારના ફેરફારને કારણે એનું શ્વાસોચ્છ્વાસ લેવાનું વિકટ બન્યું. અને અંતે ન્યુમોનિયાના હુમલાને કારણે એનો જીવનદીપ ઓલવાયો.

ડૉ. વારમેન, જે બાઉર મિલ્ટ યુનિવર્સિટી મેડિકલ કોલેજના મેડિસીનના પ્રોફેસર છે અને જ્યોર્જ હંટર લેબોરેટરીમાં ચેપી રોગોના વડા છે તે માને છે કે શરદી કરનાર સૂક્ષ્માતિસૂક્ષ્મ જંતુઓ ઉપર પેનિસિલિન જરાય અસર કરતી નથી

ડૉ. નાઈટની એના અનુભવ ઉપરથી એવી ધારણા છે કે શ્વાસોચ્છ્વાસની ક્રિયાના જુદા જુદા જંતુઓથી થતા કુલ સોએક રોગોમાંથી માંડ પાંચેક ઉપર એન્ટી-બાયોટિક્સ (પેનિસિલિન ક્લોરોમાયસેટીન, ટેરા માઈસિન વગેરે)ની અસર છે પણ આમ છતાંય આ દવાઓનો સૌથી વધુ ઉપયોગ આ પ્રકારના રોગો ઉપર જ થાય છે.

આ મતને સમર્થન આપતાં ડૉ. જિરાર્ડ ઈસ્ટમેન (ન્યુયોર્ક સ્કૂલ ઑફ મેડિસીન, મેડિસીન ડિપાર્ટમેન્ટમાં) ભારપૂર્વક જણાવે છે કે શરદી, ફલ્યુ અને એવા બીજા virusથી થતા રોગો તથા જેનું કારણ ન જણાવ્યું હોય એવાં તત્વો માટે એન્ટીબાયોટિક્સ દવાઓ જરૂર વગર દરદીઓને આપવામાં આવે છે.

બજારમાં મળતી સત્તર પ્રકારની ઍન્ટીબાયોટિક્સમાંથી પેનિસિલિનનો વપરાશ ખૂબ જ મોટો છે. ૧૯૫૧માં અમેરિકામાં કુલ ૨૫,૦૦,૦૦૦ રતલ ઍન્ટીબાયોટિક્સમાંથી ૫૯,૭,૫૮૯ રતલ તો પેનિસિલિન જ હતું. ૧૯૪૫માં જ્યારે એ સૌથી પહેલાં લશ્કરી છાવણીઓમાં વપરાયું ત્યારે એની ચમત્કારિક અસરથી ઘણાના જાન બચાવી શકાયા હતા; પણ આજે એના અનુભવો પછી એવી સમજણ પર આવવું જોઈએ કે પેનિસિલિન આજે જે રીતે વપરાય છે તે સંયોગોમાં આશીર્વાદરૂપ નથી–જો કે એની ગંભીરતા આજે સમજાવા માંડી છે.

છેલ્લાં બારેક વર્ષોથી પેનિસિલિનનો ઉપયોગ સાદી શરદીથી માંડીને પેટનો દુખાવો અને પગ મરડાવા સુધી કરાયો છે! આ ઉપયોગ એવી માન્યતાથી થયો છે કે પેનિસિલિન શું નુકસાન કરશે? પણ આવા વપરાશ સામે અમેરિકન મેડિકલ ઍસોસિયેશને લાલબત્તી ધરી છે.

પેનિસિલિનના ઉપયોગમાં બધી પ્રતિક્રિયાના પ્રકારો સરખા નથી હોતાં. બધા જીવલેણ પણ નથી બનતા પરંતુ ચામડી ઉપર ઝીણી ઝીણી ફોડલીઓમાંથી માંડીને ચામડીની ખોળ ઉતરી જાય તેવી સ્થિતિ પેદા થતી જોવા મળે છે. પેનિસિલિનની—ચિંતાજનક પ્રતિક્રિયા એને ફાયલેક્ટિક શૉક ગણવામાં આવે છે. ડૉ. ફ્રાન્ક એલ. મેલેની એક અભિપ્રાય આપતાં કહે છે કે રોગ માત્રને બેક્ટેરિયાનો માની લઈને આજે એનો ઉપચાર કરવામાં આવે છે; પરંતુ જ્યાં બેક્ટેરિયા નથી હોતા ત્યાં સ્વાભાવિક રીતે જ એની પ્રતિક્રિયાત્મક અસરો પેદા થાય છે.

પેનિસિલિન આપવાની પાછળ એક મનોદશા એ પણ જોવા મળે છે કે દરદીને જલદી સારો થવાની ઝંખના હોવાથી દરદી પોતે જ આ પ્રકારનાં ઔષધો માગે છે અને એ માગણી સંતોષવામાં આવે છે. જો તેમ ન કરે તો દરદી ગુમાવવાની સ્થિતિ આવે છે. એક બીજી રીતે પણ લાખો માણસોને પેનિસિલિનનાં તત્ત્વો એમની અભણ દશામાં એમના શરીરમાં દાખલ થઈ રહ્યાં છે. 'ધી ફૂડ ઍન્ડ ડ્રગ ઍડમિનિસ્ટ્રેશન'નો એક અહેવાલ જણાવે છે કે પેનિસિલિન અને ઍન્ટી-બાયોટિક્સનો ઠીક મોટો ઉપયોગ આજે પશુ-ચિકિત્સામાં પણ થઈ રહ્યો છે. કતલ માટે જે પશુઉછેર થાય છે તેવા ઢોરને તંદુરસ્ત રાખવા માટે આવો ઉપયોગ કરવામાં આવે છે. દૂધાળાં ઢોરમાં પણ એ જ સ્થિતિ છે. લીલાં ફળોનાં રક્ષણ માટે પણ આજે મોટા પ્રમાણમાં જંતુનાશક દ્રવ્યો વપરાઈ રહ્યાં છે.

દૂધના કુલ ૪૭૪ નમૂનાનું પૃથક્કરણ કરતાં એમાંથી ૧૧૬ નમૂનામાં પેનિસિલિન જોવા મળ્યું હતું. અને એક એવો અભિપ્રાય પણ છે કે દરરોજ ૩ રતલ દૂધ પીતા માણસના પેટમાં લગભગ ૮૦ યુનિટ પેનિસિલિન આ દૂધ દ્વારા જાય છે. આ અહેવાલમાં એક વિધાન એવું પણ કરવામાં આવ્યું છે કે આ રીતે ખોરાક દ્વારા પેટમાં જતા પેનિસિલિનથી માણસ ધીમે ધીમે એનો સહિષ્ણુ બની જશે અને પરિણામે હાઈપર સેન્સિટિવ બનાવી દેશે!

જંતુવાદના અને જંતુનાશના આજના જમાનામાં એક મૂંઝવતો પ્રશ્ન એ પણ છે કે ધીમે ધીમે રોગોત્પાદક જંતુઓ પણ સહિષ્ણુ થતા જાય છે અને આ જંતુઓ પણ એ જ પ્રકારના વાતાવરણમાં રહીને ઇમ્યુનિટી કેળવી લેતાં હોય છે. આ સંયોગોમાં કેવળ જંતુઓને મારી નાખવાનાં ઉગ્ર અને ઉગ્રતર દ્રવ્યો શોધવા અને એનો વપરાશ કરવો એ માનવ આરોગ્યની દૃષ્ટિએ હિતકર નથી.

★

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૩૮

સ્નેહી ભાઈશ્રી,

ધરતી અને આકાશમાર્ગના પ્રવાસ કરતાં મહાસાગરનો પ્રવાસ તદ્દન નિરાળા જ પ્રકારનો હોય છે. ટ્રેન અને વિમાનની મુસાફરીમાં તો થોડાઘણા કલાકોના અંતરે નવાં નવાં સ્ટેશનો આવે છે, ત્યાંનું ધમધમતું જીવન જોવા મળે છે.અને ચા-પાણી નાસ્તો કરીને તાઝગી અનુભવવાની તક મળે છે. સ્ટીમરની મુસાફરીમાં આ બધું ભૂલી જઈને ચારે તરફ પાણી પાણી અને પાણીનાં જ દર્શન કરવાની ટેવ પાડવી પડે છે—કાળાં પાણી, ધોળાં પાણી, લીલાં પાણી, ભૂરાં પાણી, લાલ પાણી એવું વૈવિધ્ય અલબત્ત નીરખવાનું મળે છે, પરંતુ એવા રંગપલટાના નિરીક્ષણમાંથી એક મહાન સંશોધનની પ્રેરણા ઝીલી લેનાર સર સી. વી. રામન જેવો પ્રવાસી તો કોઈ વીરલો જ હોય છે. સામાન્ય પ્રવાસી તો ચોગરદમ પથરાયેલાં પાણીનાં વિશાળ પટથી અને ઉપર છવાયેલા વિરાટ ગગનઘુમ્મટથી એક કે બે દિવસમાં જ કંટાળી જાય છે. રાત ને દિવસ એક મિનિટના પણ વિસામા વગર સ્ટીમર પાણીમાં ચાલ્યા જ કરે છે અને દિવસોના દિવસો વહી જાય છે છતાં સ્ટેશન તો શું પણ ધરતીનું એક ટપકું પણ ક્યાંય જોવા મળતું નથી. ધરતીમાતાથી વિખૂટો પડેલો માનવબાળ કોઈ કોઈ ક્ષણે તો બાવરો પણ બની જાય છે. તેથી તેના પ્રવાસને રસમય બનાવવા માટે સ્ટીમર ઉપર રોજ ને રોજ નવા નવા તમાશાઓ ગોઠવવામાં આવે છે.

અમારી સ્ટીમર સાઉધમ્પ્ટન બંદરેથી શુક્રવાર તા. ૧૭ મી ઓક્ટોબરે બપોરે એક વાગ્યે ઉપડી ને પૂરા અડતાલીસ કલાક બાદ ૧૦૦૦ માઈલ કાપીને પોર્ટુગલની રાજધાની લિસ્બનની નજીકમાંથી પસાર થઈ ત્યારે ગોવા અને અંગોલાની પ્રજાનું નિર્દય દમન કરનાર નરરાક્ષસ ડૉ. સાલાઝારને પણ યાદ કર્યો અને તેના નામ પર ફિટકાર વરસાવ્યો. સ્ટીમર પરથી લિસ્બનની ભૂમિ દેખી તો શકાતી નહોતી પરંતુ સ્ટીમરના કપ્તાને નકશા ઉપરથી સમજાવ્યું કે અમે લિસ્બનની ખૂબ નજીકમાંથી જ પસાર થઈ રહ્યા હતા. સ્ટીમર ત્યાં સ્ટેશન કરવાની નહોતી છતાં અમને આશ્વાસન આપવામાં આવ્યું કે બીજે દિવસે એટલે કે સોમવાર તા. ૨૦ મીની સવારે સાત વાગ્યે થોડા સમય માટે અમને ધરતીનાં દર્શન કરવાની તક જરૂર મળશે અને ધરતીનું એ ટપકું વિશ્વરાજકારણનું એક અતિમહત્ત્વનું બિંદુ હોવાથી તેનું નિરીક્ષણ કરવામાં રસ પણ પડશે.

સોમવારે સવારે સાડા ૭ વાગ્યે રાવજીભાઈએ હાક મારી કે "ચાલો ચાલો, ઊઠો, સ્ટીમર જિબ્રાલ્ટર પાસે આવી પહોંચી છે અને બધાં પેસેન્જરો ડેક ઉપર એકઠા થતાં જાય છે." ભાઈ મધનાભને તો ઊંઘમાં જ જવાબ આપી દીધો કે "જહાન્નમમાં જાય જિબ્રાલ્ટર ! ઊંઘ પહેલી ! તમે તમારે જાઓ." નાયભાઈ અને હું ઊભા થઈ ગયા અને ઝટપટ લેબાસ પહેરીને ડેક ઉપર પહોંચ્યા.

આટલાંટિક મહાસાગરમાં ૧૩૦૦ માઈલ તરીને આવેલી સ્ટીમર હવે 'સાગરપલટો' કરવાની અણી ઉપર હતી, બે ખંડ અને બે સાગરની વચ્ચોવચ્ચ તે આવી પહોંચી હતી. ભૌગોલિક તેમજ ઐતિહાસિક બન્ને દષ્ટિએ આ સ્થળે—જિબ્રાલ્ટરની સામુદ્રધુની—ખરેખરું મહત્ત્વનું હતું. તેની પશ્ચિમમાં હતો આટલાંટિક મહાસાગર અને પૂર્વમાં હતો ભૂમધ્ય સમુદ્ર. ઉત્તરે ફક્ત દસ જ માઈલ દૂર હતો જિબ્રાલ્ટરનો ૧૪૦૦ ફૂટ ઊંચો ભવ્ય ખડક અને દક્ષિણે વીસ માઈલ દૂર હતું આફ્રિકાખંડનું ઉત્તરેય નગર તાન્જિયેર. યુરપ અને આફ્રિકા એ બે ખંડો એકબીજાની કેટલા સમીપ છે તે વાતની ખરેખરી પ્રતીતિ આ સ્થળે જ થાય છે. યુરપના જિબ્રાલ્ટર અને આફ્રિકાના તાન્જિયેરની વચ્ચે ફક્ત ૩૩ માઈલનું જ અંતર છે. એ કારણથી જ કદાચ સ્પેનિશ, પોર્ટુગીઝ, ફ્રેન્ચ, ઇટાલિયન, બ્રિટિશ, ડચ, જર્મન અને બેલ્જિયન ચાંચિયાઓને આ સ્થળેથી આફ્રિકાની ભૂમિમા ઘૂસી જવાનું સરળ લાગ્યું હશે—ત્યાંની પ્રજાઓને સંસ્કૃતિનું પાન કરાવવાના નામે અને તે ભૂમિની અઢળક સમૃદ્ધિને લૂંટવાના કામે!

અમારી સ્ટીમર આ ચાંચિયાઓના જ માર્ગે ભૂમધ્ય સમુદ્રમાં પ્રવેશી રહી હતી અને તાજેતરના ઇતિહાસમાં જ ચાંચિયારાજમાંથી મુક્તિ મેળવવાના ભીષણ આંદોલનોને કારણે સમાચારોમાં ખૂબ ચમકેલા પ્રદેશો મોરોક્કો, અલ્જેરિયા, ટ્યુનીશિયા, લીબિયા અને ઇજિપ્તના ઉત્તર કિનારે વહેતી વહેતી, તા. ૨૫ મી ઑકટોબરની સવારે પોર્ટ સૈયદ બંદરે પહોંચવાની હતી. ચાંચિયાઓની બોટો આ પ્રદેશોને ગુલામ બનાવવા અહીંથી વહી હશે પરંતુ અમારી બોટ તો આ જાગેલા વિરાટની મુક્તિના ઉંબરેથી પસાર થઈ રહી હતી તેથી અમને અનહદ આનંદ લાગતો હતો. અલબત્ત તે સમયે અલ્જેરિયામાં ખૂનખાર સગ્રામો ખેલાઈ રહ્યા હતા પરંતુ આજે આ લખું છું ત્યારે તો ત્યાં અલ્જેરિયન દેશભક્તો અને ફ્રેન્ચ સરકાર વચ્ચે સંધિ પણ થઈ ગઈ છે—જો કે હજીયે હજારો ગુપ્ત ત્રાસવાદી ફ્રેન્ચ ચાંચિયાઓની જમાત (ઓ. એ. એસ.) ત્યાંથી ખસવા માગતી નથી!

ડેક ઉપરથી જિબ્રાલ્ટરનો ખડક પાંચ માઈલ દૂર હોવા છતાં સ્પષ્ટ રીતે જોઈ શકાતો હતો અને દૂરબીનની સહાયથી તો દરિયાની વચ્ચોવચ્ચ આવેલા આ નાનકડા પહાડી બેટ ઉપરનાં ઘરો, દીવાદાંડી વગેરે પણ દેખી શકાતાં હતાં. બેટ ઉપર તડકો મજેનો હતો તેથી સ્ટીમરના ડેક ઉપરથી તેના ફોટા પાડવા માટે પડાપડી થવા માંડી. રાવળભાઈએ તો મારો એક રંગીન અને રમૂજી ફોટો આ પિરામિડ જેવા ખડકના બેક ગ્રાઉન્ડમાં ખેંચી કાઢ્યો કે જે સમયે હું પેલી ચીની પોરી માઈકીંગ બ્લોન્ડેલની સામે આંગળી ચીંધી રહ્યો હતો! ભાઈ મીનુ નેતરવાળાએ પણ ઘણા ફોટા પાડ્યા.

જિબ્રાલ્ટરનો ખડક સ્તાથ પડનો શ્વેત રંગનો છે અને તે અઢી માઈલ લાંબો, પોણો માઈલ પહોળો અને ૧૪૦૦ ફૂટ ઊંચો છે. સ્પેનની ભૂમિ સાથે આ 'પહાડી ટાપુ' દોઢ માઈલ લાંબી એક સપાટ રેતાળ પટ્ટીથી સંકળાયેલો છે. આટલા નાના બેટ ઉપર ૨૨,૦૦૦ માનવીઓની વસ્તી છે તેનું રહસ્ય શું છે? રહસ્ય એ જ છે કે આ વસ્તીનો મોટો ભાગ તો બ્રિટિશ સૈન્ય અને નૌકાદળનો જ બનેલો છે! ૧૭૦૪ ની સાલમાં બ્રિટિશ ઍડમિરલ સર જ્યોર્જ રૂકે ભૂમધ્ય સમુદ્રના પ્રવેશદ્વાર સમા આ ખડકને સ્પેન પાસેથી પચાવી પાડ્યો અને તેને બ્રિટિશ સામ્રાજ્યનું રક્ષણ કરવાના મહાન દરિયાઈ કિલ્લા તરીકે વિકસાવ્યો ત્યારથી તે કિલ્લાનું રક્ષણ કરવા માટે બ્રિટિશ સરકારને અહીં મોટું સૈન્ય કાયમને માટે

રાખવું પડે છે. ખડકમાં ટનલો કોરીને તેમાં ઠેરઠેર તોપો ગોઠવી રાખેલી છે કે જેથી બ્રિટિશ સામ્રાજ્યના કોઈ દુશ્મનની સ્ટીમરને ભૂમધ્ય સમુદ્રમાં દાખલ થતી રોકી શકાય. દુશ્મનોના પ્રતિકાર માટે બાંધેલું આ ઔદ્યોગિક થાણું (નેવલ બેઝ) મિત્રોની સ્ટીમરો માટે કોલસાનો પુરવઠો પૂરું પાડવાના થાણા (કોલિંગ સ્ટેશન) તરીકે પણ વપરાય છે.

ઇજિપ્તના નાસરે બ્રિટિશ પાસેથી સુએઝની નહેર ૧૯૫૬માં ક્રાન્તિકારી ઝડપથી પાછી પડાવી લીધી છે પણ સ્પેનના ફ્રાંકોને જિબ્રાલ્ટર પાછું પડાવી લેવાની હજી કંઈ પડી નથી કારણ કે સ્પેન અને બ્રિટન બન્ને 'નાટો'ની જ ન્યાતના પિત્રાઇઓ છે! ફ્રાંકો બિચારો એકલા હાથે શાહીવાદના રક્ષણ માટેના આ કિંમતીમાં કિંમતી 'સ્ટ્રેટેજિક' કિલ્લાનું રક્ષણ કરી પણ શી રીતે શકે! તેથી જ 'ભલે બળિયા પિત્રાઈઓ તે વાપરે અને તેમના તથા તેના બન્નેના શાહીવાદને જીવતો રાખે' એ હિસાબે સ્પેનની ભૂમિ ઉપર આવેલા આ નાનકડા જિબ્રાલ્ટરને તે બ્રિટિશ સરકારના 'ક્રાઉન કોલોની' તરીકે ચાલુ રહેવા દે છે, અને બદલામાં બ્રિટન સ્પેનમાં જામેલી ફ્રાંકોની જુલ્મી સરમુખત્યારીને પોષ્યા કરે છે! લોકશાહીનો વાજાં વગાડનારાઓ ફ્રેન્કો, સાલાઝાર, વેરવુર્ડ, રોય વેલેન્સ્કી વગેરેના પ્રકારના ફાસિસ્ટ સરમુખત્યારોને પોષ્યા કરે છે તે લોકશાહીનો અજબ કોયડો છે! ફાસીસ્ટરાજમાંથી થયેલી ગોવાની મુક્તિ વખતનો 'લોકશાહીઓ'નો ફફડાટ કેવો હતો તે તો તમને યાદ હશે જ!

અમારી સ્ટીમર જિબ્રાલ્ટરના ખડકથી ત્રણ ચાર માઈલ જેટલી જ દૂર ચાલતી હતી. પછી અડધા પોણા કલાકમાં તો પાછું બધું અદૃશ્ય થઈ ગયું અને ફરી પાછું ચારે બાજુ પાણી પાણી અને પાણી જ દેખાવા માંડ્યું. સ્ટીમર આટલાંટિક મહાસાગરમાંથી ભૂમધ્ય સમુદ્રમાં પેસી ગયા બાદ આખો દિવસ હવા અને તડકો મજેના રહ્યા.

મંગળવારે સવારે ઊઠ્યા ત્યારે પણ દરિયો શાંત હતો પણ પછી નાસ્તો કર્યા બાદ દસેક વાગે દરિયો તોફાની થતો ગયો. આવડી મોટી સ્ટીમર પણ આમથી તેમ ડોલવા લાગી. હું નહાવા ગયો ત્યારે ટબમાંનું પાણી છલકાઈને બહાર રેલાવા માંડ્યું. જીવને બેચેની લાગવી શરૂ થઈ ગઈ. બહાર વાદળાં અને વરસાદનું ગમગીન વાતાવરણ ફેલાઇ ગયું. ચાર દિવસની ચાંદની અને રોશની અલોપ થઈ જઈને ઘટા છાઇ રહી ઘનઘોર! નાહીને બહાર આવ્યો ત્યારે લાગ્યું કે હવે તો કંઇક કરવું પડશે યાર! બીજાઓની પણ એ જ હાલત હતી. રાવળભાઈ તો યોગી હતા તેથી તેમની ઉપર આ 'રોલિંગ'ની કશી અસર થઈ નહોતી પણ તેમણે મને સ્ટીમરની દુકાનમાંથી 'સીલેગ'ની ટીકડીઓ લઇ આવવાની સલાહ આપી. પણ દુકાન તો બંધ થઇ ગઈ હતી. મીનુ પાસે તપાસ કરો. પણ દાદર ઉપર જ સુધાકર અને એવન ધારકર મળી ગયા. એલને કહ્યું કે અનુપ સવારથી કશું લેતી નથી અને તેમની બન્નેની પણ એ જ હાલત છે તેથી તેમણે 'સીલેગ'ની ટીકડીઓ હમણાં જ લઈ લીધી છે. મેં મારી હાલત વિશે તેમને જણાવ્યું કે તુરત અપ્પાસાહેબ (શ્રી પ્રભાકર ધારકર) તેમના કેબિનમાં જઈને મારે માટે ટીકડીઓ લઈ આવ્યા. બે ટીકડી ખાધા પછી કંઈક ઠીક લાગવા માંડ્યું.

ભૂખ તો લાગી નહોતી જ, છતાં અમે લંચ લેવા ડાઈનિંગ હોલમાં ગયા ત્યારે ત્યાં વળી નવું જ દૃશ્ય જોવા મળ્યું. ડાઈનિંગ રૂમની એક બારીને પછાડીને તોડીને બહારના તોફાની

સમુદ્રનું પાણી અંદર ધસી આવ્યું હતું અને ખારવાઓ આ પાણીને જાડી ચાદરો પાથરીને તેમાં ચૂસી લઈ બાલદીઓમાં ભેગું કરી રહ્યા હતા. અમારા કેબિનોની બારીઓ આમ તો બંધ હતી છતાં એક મોટી છાલકથી કેબિનોની જમીન ઉપર પણ રેલ આવી ગઈ હતી. દરેક રૂમના સ્ટુઅર્ડો તે લૂછી નાખવામાં પ્રવૃત્ત થઈ ગયા હતા. કેબિનમાં પાણી ધસી આવવાથી અમારો સામાન પણ ભીંજાઈ ગયો હતો. રાવળભાઈ જેવા યોગી-સેન્ડોનો જીવ સુદ્ધાં હવે મૂંઝાવા માંડ્યો હતો તેથી તેઓ આમથી તેમ આંટા મારીને ચપાટ થઈ જ ગયા. શ્રી પ્રસન્નકુમાર બેનરજી તો ખૂબ પછડાયા હતા અને તેમને તો પછી ત્રણ દિવસ સુધી ભોજન કેબિનમાં જ મગાવવું પડ્યું હતું. ઠેરઠેર 'ઘાયલ સૈનિકોનાં' જ દર્શન થતાં હતાં. મેં થોડાક દાળભાત, સેલેડ અને પાપડ જ ખાધા અને પછી જ્યારે કોફી પીધી ત્યારે કંઈક તાઝગી આવી ખરી. જમવાનાં ટેબલો ઉપર તે દિવસે તો ઘણી જ ખુરશીઓ ખાલી દેખાતી હતી. જમ્યા પછી પણ આખો દિવસ વાદળાંને લીધે વાતાવરણ ખૂબ ગમગીનીભરેલું જ રહ્યું હતું.

આ બધું બન્યું તેની પહેલી રાતે એટલે કે સોમવાર તા. ૨૦ મીએ સાંજે સાડાસાત વાગ્યે સ્ટીમરના કેપ્ટન મિ. બેન્ક તરફથી ડેક ઉપર બાંધેલા એક સ્પેશિયલ રોશનીવાળા મંડપમાં બધાં પેસેન્જરોને એક 'કોકટેઇલ પાર્ટી' આપવામાં આવી હતી. આ પાર્ટીની આમંત્રણ પત્રિકાઓ પણ કંકોત્રીની જેમ જ છાપેલી હતી. પાર્ટીની શરૂઆત મિ. બેન્ક સાથે દરેક પેસેન્જરનું ઓળખાણ કરાવવાના વિધિથી થઈ હતી. પછી તેમણે બધાં પેસેન્જરોને વિનંતિ કરી કે 'ટ્રે' લઈને ઘૂમી રહેલા 'બેરરો' પાસેથી જેવાં જોઈએ તેવાં અને જેટલાં જોઈએ તેટલાં પીણાંઓ છૂટથી પીવા માંડવાં; સિગારેટો પણ ફાવાય તેટલી પીવી, અને સાથે સાથે સાબુદાણાની પાપડી, ખારા કાજુ, વિનેગારમાં આથેલી કાકડી અને આથેલા કાંદા જેવા 'કોકટેઇલ સ્નેકસ'ને પણ ન્યાય આપવો જ. આમ ખાતા જાવ, પીતા જાવ અને એકબીજાનાં ઓળખાણો કરતા જાવ પેસેન્જરો પણ જાણે લગ્નનાં રીસેપ્શનમાં આવ્યાં હોય તેમ બનીઠણીને આવ્યાં હતાં. સન્નારીઓ તો અર્ધબાંયના ઇવનિંગ ગાઉનો પહેરીને આવી હતી. બરડો આખો ખુલ્લો રહે અને છાતી અડધી ખુલ્લી રહે તેવી ખૂબીવાળી આ ગાઉનોની સીલાઈ હોય છે!

એક કલાક સુધી વિવિધ કોકટેઇલના પાનથી ચકચૂર બન્યા બાદ પેસેન્જરો ડાઇનિંગ હોલમાં જમવા ગયાં અને જમીને પાછા ડેક ઉપરના શમિયાણામાં નવ વાગ્યે ડાન્સ માટે ભેગા થયા. પડઘમો અને પીપુડીઓ સાથે ડાન્સબેન્ડ વાગવું શરૂ થયું અને 'માસ્ટર ઓફ સેરેમનીઝે' જાહેર કર્યું કે "રિવાજ તો છે પુરુષો સ્ત્રીઓને પૂછે કે મારી સાથે ડાન્સ કરશો કે? પણ ચાલો આપણે અહીં ઊંધી જ શરૂઆત કરીએ—સ્ત્રીઓ જ પુરુષોને પૂછે કે મારી સાથે ડાન્સ કરશો કે?" અને પછી તો બધી સ્ત્રીઓ એક પછી એક પુરુષોને પકડીને ડેક ઉપરના મંડપમાં ડાન્સ કરવા લઈ ગઈ. ડાન્સ નહિ શીખેલામાં અમે ચાર ગુજરાતીઓ જ—હું, નગીનભાઈ, કાન્તિભાઈ અને બાબુભાઈ પટેલ—અને પાંચમા આપણા પક્ષી. બસ, બાકીના બધા જ ડાન્સમાં ગૂંથાયા અને અમારે જોયા કરવાનો વારો આવ્યો! રાવળભાઈ ડ્રિન્કસ લેવાનું શીખ્યા નહોતા પણ ડાન્સ કરવાનું તો અમેરિકામાં શીખીને આવ્યા હતા તે એટલે સુધી કે તેમણે તો ફ્લોરનું કેન્દ્રસ્થાન પકડી લીધું અને વારાફરતી જુવાન, બુઢ્ઢી, ગોરી, કાળી, બટકી, ઊંચી નારીઓ સાથે તેઓ પેટભરીને નાચ્યા. રંગો, સાબ્બા,

ચાચાચા, વાલ્ટ્ઝ, પોલ્કા, રૉક એન્ડ રોલ એમ જાતજાતના ડાન્સ થયા અને ડાન્સે ડાન્સે પાર્ટનરો બદલાતા ગયા. અમે પાંચ જણા બાજુ ઉપર ખુરશીઓ ગોઠવીને પ્રેક્ષકો જ બની રહ્યા!

ડાન્સ પણ ઘણા રમૂજી હતા. સ્ત્રી પુરુષ એકબીજાના કપાળ ચોંટાડીને, નાકની દાંડી અડકાડીને નાચે પણ ઓઢ નહિ અડકી જવા જોઈએ, નહિ તો 'આઉટ'!—એટલે કે તે ઘડીએ જ તે જોડીને ડાન્સમાંથી દૂર કરવાની! જે જોડી છેલ્લે સુધી 'ટકે' તે જ ચૅમ્પીઅન! આ કસોટીમાંથી યોગીરાજ રાવળભાઈ અને તેમની પાર્ટનર 'ગ્રાન્ડ મધર' આખરે પાર ઊતર્યાં ખરાં, જ્યારે બીજા બધા તારાઓ અને તારિકાઓ ખરી પડ્યાં હતાં! તેવી જ રીતે બે ઘૂંટણ ચોંટાડીને નાચવાનું, પાર્વતીને શિવ બેસાડે તેમ અદુકડા ઘૂંટણ ઉપર પાર્ટનરને બેસાડવાની, એવા એવા ગમતી મુદ્રાઓવાળા ડાન્સ પણ થયા.

છેલ્લે, રાત્રે સાડા અગિયાર વાગ્યે આખરી ડાન્સ "તાળીઓના તાલે ગોરી ગરબે ઘૂમી જાય રે, પૂનમની રાત ઊગી આજ રે" જેવી ઝમકથી થયો. ડાન્સની વચમાં વચમાં પણ બધાં ડ્રિન્કસ લેતાં જતાં હતાં. મીનુ, અમી, પ્રભાકર, એલન એ બધાં પણ ખૂબ નાચ્યાં. નાથભાઈ તો 'કોકટેઈલ પાર્ટી'માં પણ આવ્યા નહોતા તેમ જ ડાન્સમાં પણ આવ્યા નહોતા. તેમના જેવા કેટલાક લોકો તો સીધા કૅબિનમાં જઈને સૂઈ જ ગયા હતા. અમે પાંચ જણા ધોયેલા મૂળા જેવા બેસી રહ્યા હતા ત્યારે આ બધી ગમ્મત જોતાં અમને ખાત્રી થઈ કે વિલાયત જતાં પહેલાં ડાન્સિંગ શીખી લેવું સારું કે જેથી આમ બેસી રહેવું ન પડે! હજી બીજા ત્રણ દિવસ (શનિ, સોમ અને શુક્ર) ડાન્સના પ્રોગ્રામો હતા જ! તેમાંથી એક સાવ સહેલા ડાન્સ વખતે ભાઈ પદ્મનાભને પણ હિંમત કરી નાખી ખરી—ડાન્સ હતો છૂક છૂક ગાડીની રમત જેવો, નરની પાછળ નારી અને નારીની પાછળ નર, એક બીજાની કમર પકડીને અદુકડા પોઝમાં ગોળ ગોળ ઘૂમે તેવી મૂવમેન્ટવાળો!

જિબ્રાલ્ટરના નાકામાંથી ભૂમધ્ય સમુદ્રમાં પેઠેલી સ્ટીમરને પોર્ટ સૈયદ પહોંચવા પહેલાં બીજા બે હજાર માઈલનો સાગરપંથ કાપવાનો હતો. હવે સ્ટીમર પશ્ચિમમાંથી પૂર્વ દિશામાં જઈ રહી હતી તેથી દિવસે દિવસે સૂર્યોદય અને સૂર્યાસ્ત વહેલા થવાની ઘટના અનુભવવાની હતી. પરંતુ ઇંગ્લૅન્ડના સૂર્યોદય પ્રમાણે ગોઠવેલું ઘડિયાળ ભારતમાં વાહિયાત ન લાગે તેટલા ખાતર સ્ટીમરના સંચાલકોએ જાહેરાત કરી કે પલટાતા સૂર્યોદયકાળને સાનુકૂળ બનવા માટે પોર્ટ સૈયદ પહોંચતાં સુધી, તા. ૨૨મીથી ૨૫મી ઑક્ટોબર સુધી, ચારે દિવસ રાત્રે બે વાગ્યે બધી ઘડિયાળોને અડધો અડધો કલાક આગળ ધપાવવામાં આવશે. પછી પાછી સ્ટીમર ઉત્તરથી દક્ષિણ દિશામાં ત્રણ દિવસ ચાલશે ત્યારે આ 'ઍડવાન્સિંગ ધી ક્લોક્સ'ની ક્રિયા મોકૂફ રાખવામાં આવશે; પણ ફરી પાછી સ્ટીમર સુએઝથી એડન થઈને મુંબઈના માર્ગે પશ્ચિમથી પૂર્વ તરફ વહેશે ત્યારે, તા. ૨૮મી ઑક્ટોબરથી તા. ૩ જી નવેમ્બર સુધી, દરરોજ રાત્રે બે વાગ્યે ઘડિયાળોને અડધો અડધો કલાક આગળ ધપાવવામાં આવશે. સરવાળે મુંબઈ પહોંચતાં સુધીમાં સૌ કોઈનાં ઘડિયાળ સાડા પાંચ કલાક આગળ મૂકાઈ ગયેલાં હશે છતાં મુંબઈ પહોંચ્યા બાદ તો એમ જ લાગશે કે ઘડિયાળ હિંદી ટાઇમ પ્રમાણે બરાબર જ છે! આ પ્રમાણે ભૂગોળમાં શીખેલા અક્ષાંશ રેખાંશના સિદ્ધાંતનો પ્રત્યક્ષ પરચો સ્ટીમરના લાંબા પ્રવાસમાં અનુભવવા મળે છે!

જિબ્રાલ્ટરથી પોર્ટ સૈયદના બે હજાર માઈલ જેટલા લાંબા માર્ગમાં પણ એક બંદર આવતું નથી. પરંતુ ઉત્તરે યુરપખંડ અને દક્ષિણે આફ્રિકાખંડની વચ્ચે આવેલા આ વિરાટ ભૂમધ્ય સમુદ્રમાં નાના મોટા ટાપુઓ તો ઘણા જ છે કોર્સિકા, સાર્ડીનિયા, સિસિલી, ક્રીટ અને સાયપ્રસ એ ભૂમધ્ય સમુદ્રમાં આવેલા મોટા ટાપુઓ છે જ્યારે માલ્ટા એ નાનામાં નાનો ટાપુ છે માલ્ટા ખાલી વીસ માઈલ લાંબો અને ૭ માઈલ પહોળો ટાપુ છે છતાં તે બ્રિટિશ સામ્રાજ્યનો જિબ્રાલ્ટર જેવો જ મહત્ત્વનો લશ્કરી સ્તંભ છે. જિબ્રાલ્ટરથી તે એક હજાર માઈલ દૂર આવેલો છે. અમારી સ્ટીમર બુધવાર તા ૨૨મી ઑક્ટોબરે બપોરે ચાર વાગ્યે માલ્ટા પાસેથી પસાર થઈ દૂરબીનમાંથી ટાપુનું નિરીક્ષણ કર્યું તો દેખાયું કે તેના કિનારે કિનારે એક તોપગોળાવાળી લશ્કરી નૌકા (ડિસ્ટ્રોયર) ચાલી રહી હતી. ટાપુ ઉપર આવેલાં ઘરો અને દેવળો પણ સ્પષ્ટ રીતે જોઈ શકાતાં હતાં.

માલ્ટાના ટાપુ ઉપર એક પણ વૃક્ષ નથી એ તેની ખાસિયત ગણાય છે. તેમ છતાં ત્યાં મીઠાં પાણીનાં અનેક ઝરણાંઓ અને કૂવાઓ હોવાથી ભૂમિ ઘણી ફળદ્રુપ છે. ઘઉં, બટાકા, ફળો અને રૂ સુદ્ધાં આ સાગરદ્વીપમાં સારી રીતે ઊગે છે માલ્ટાની રાજધાની વેલેટ્ટામાં યુનિવર્સિટી સુદ્ધાં છે કારણ કે આટલા નાના દ્વીપની વસ્તી પોણા ત્રણ લાખ જેટલી છે। અલબત્ત અહીં પણ આ વસ્તીનો મોટો ભાગ તો બ્રિટિશ સૈન્ય અને નૌકાદળને જ બનેલો છે। ૧૮૧૪ની સાલમાં બ્રિટિશ સરકારના ચાંચિયાઓએ આ ટાપુ કબજે કરી લીધો હતો અને પછી તેને 'બ્રિટિશ મેડીટરેનિયન ફ્લીટ'ના નામે ઓળખાતા પ્રખ્યાત નૌકાદળના હેડક્વાર્ટર્સ તરીકે વિકસાવ્યો હતો.

આ ટાપુના ભૂમિપુત્રોમાં પણ જાગૃતિ પ્રસરવાથી મુક્તિનાં આંદોલનો અવારનવાર થયા જ કરે છે અને તેને દબાવી પણ દેવામાં આવે છે ઇટાલિયનોની અસરથી ભૂમિપુત્રોને દૂર રાખવા ૧૯૩૮માં આ ટાપુને 'ક્રાઉન કોલોની' જાહેર કરીને બ્રિટિશ ગવર્નરે ટાપુમાં ફક્ત બે જ ભાષાઓને ઉત્તેજન આપ્યું છે—માલ્ટીસને અને અંગ્રેજીને। સાયપ્રસના ટાપુનો કબજો કાયમ રાખવા માટે બ્રિટિશ સરકારે કેવા હત્યાકાંડો કર્યા હતા તે તો આપણે તાજેતરના ઇતિહાસમાં જોયા હતા. પરંતુ આખરે આર્કબિશપ માકારીઓસના નેતૃત્વ નીચે ત્યાંની પ્રજા મુક્તિ મેળવીને જ જંપી છે। માલ્ટાની પ્રજાનું નેતૃત્વ પણ ત્યાંના રાષ્ટ્રવાદી ધર્મગુરુઓના હાથમાં છે અને તેની મુક્તિ પણ દૂર નથી જ. હવે તો વિરાટ અને વામન બધાં જ જાગ્યાં છે. ગુલામીની શૃંખલાઓ કોઈને ખપતી નથી. સૌ કોઈને હવે તો ખપે છે મુક્તિ, મુક્તિ અને મુક્તિ જ।

બુધવારે આખો દિવસ હતા ઉજાસ મજેનાં ગપ્પાં અને રાત્રે ડેક ઉપર ફરી માન્દ્ર અને ઇન્ગ્રીડ બર્ગમેનની ભૂમિકાવાળી 'ઇનિડિટ'નામની સુંદર ફિલ્મ પણ જોઈ તેથી મંગળવારની ઉદાસીનતા ભૂંસાઈ ગઈ. પણ ગુરુવારે વળી પાછો દરિયો તોફાની થવાથી 'રોલિંગ' થવા માંડ્યું અને આખો દિવસ વાદળાં રહેવાથી દિવસ ઘણો 'ઠર્યો' ગયો. રાત્રે 'ટમ્બોલા' નામના 'નિર્દોષ જુગાર'નો પ્રોગ્રામ હતો પરંતુ આપણને તેમાં રસ ન હોવાથી તે રાત્રે તો જમીને પરબારા સૂઈ જવાનું જ રાખ્યું.

સ્ટીમરના ડેક ઉપર એક નકશો ચોંટાડવામાં આવેલો હતો તેની અંદર રંગીનટાંકણીઓ ખોસીને દરરોજ દર્શાવવામાં આવતું કે સ્ટીમર અત્યારે ક્યાં છે. દરિયાની હાલત અનુસાર કોઈ દિવસ સ્ટીમરની ગતિ ૪૦૦ માઈલ જેટલી તો કોઈ દિવસ ૪૫૦-૫૦૦ માઈલ જેટલી પણ થઈ જતી હતી. ગતિની આ અનિશ્ચિતતા ઉપરથી પણ એક બીજા 'નિર્દોષ જુગાર'ની રચના કરવામાં આવી હતી. તે જુગારનું નામ હતું 'રોટ'. જુગાર ખેલનારે એક શિલિંગ ભરીને સ્ટીમરની ચોવીસ કલાકની ગતિનો પોતે અંદાજેલો આંકડો લખી આપવાનો. પછી કેપ્તાન તરફથી યંત્રમાં નોંધાયેલો સાચો આંકડો જાહેર થાય ત્યારે જેનો અંદાજેલો આંકડો સાચા આંકડાની સમીપમાં સમીપ હોય તેને બધાના શિલિંગો મળી જાય! ભાઈ પદ્મનાભન જુદા જુદા મિત્રોના નામે વખતોવખત શિલિંગો ભરી આવતા હતા. પરિણામે તેઓ બે કે ત્રણ વખત 'રોટ' જીતી ગયા હતા! બ્રિજ અને રમીમાં પણ તેમણે સારી કમાણી કરી હતી અને ટેબલ ટેનિસની ચૂંટ રમતમાં પણ તેઓ ઈનામ જીતી ગયા હતા. આ બધા પૈસા તેમને લંડનમાં ખરીદી કરવા માટે સારા કામ લાગ્યા હતા. લાકડાના ઘોડાની રેસમાં રાવળભાઈ અને મીનુ નેતરવાળાને પણ ઈનામો લાગ્યાં હતાં.

આમ મઝા કરતા કરતાં સાઉધમ્પ્ટનથી તા ૧૭ મીએ બપોરે ઉપડેલી સ્ટીમર તા ૨૫ મીએ સવારે પોર્ટ સૈયદ બંદરે આવી પહોંચી આઠ દિવસ બાદ પહેલું સ્ટેશન આવ્યું! સ્ટીમર તો રાત્રે ત્રણ વાગ્યાની બંદરે આવી ગઈ હતી પરંતુ હું તો સવારે ૭ વાગ્યે જ ઊઠ્યો. ભાઈ પદ્મનાભન તો રાત્રે જ પોર્ટ સૈયદ શહેરમાં ફરવા નીકળી પડ્યા હતા અને હું ઊઠ્યો ત્યારે તો પાછા પણ આવી ગયા હતા ડેક ઉપર આવેલા એક ઈજિપ્શીઅન અધિકારીને મારું પાસપોર્ટ હવાલે કરી તેમની પાસેથી શહેરમાં જવાની 'ટ્રાન્સીટ પર્મિટ' મેળવીને હું સાડા ૭ વાગ્યે સ્ટીમરમાંથી નીચે ઊતર્યો અને શહેરમાં ફરવા ગયો.

યુરપનાં ભપકાદાર શહેરો જોયા પછી પોર્ટ સૈયદ સાવ ફિક્કું લાગ્યું. બંદર નજીક પ્રવાસીઓને માટે ખાસ દુકાનો છે તેમાંથી મેં એક ચામડાનું ઊંટ, ચામડાનો બટવો, પાકિટો અને કીડિયાંની માળાઓ ખરીદ કર્યાં. એક ઈજિપ્શીઅન 'શુશાઈન' પાસે બૂટ પોલીશ કરાવ્યું અને મેં તેને એક શિલિંગ આપ્યો ત્યારે તેણે કહ્યું કે "છુટ્ટા નહિ હૈ સા'બ, લેકિન નેહરૂ-નાસર ઝીંદાબાદ!" તેના આ ભારત-ઈજિપ્ત મૈત્રીના ઉદ્‌ગાર બદલ મેં તેને આખો શિલિંગ રાખી લેવા કહ્યું અને સામો જવાબ પણ આપ્યો કે "નેહરૂ-નાસર ઝીંદાબાદ! હિંદી-મીસરી ભાઈ ભાઈ!"

સવાલાખની વસ્તીવાળા, ઈજિપ્શીઅન રના આ વ્યાપારી મથક પોર્ટ સૈયદમાં બીજું કશું ખાસ જોવા જેવું નહોતું તેથી હું સવારે આઠ વાગ્યે જ સ્ટીમર ઉપર પાછો આવી ગયો. ઘેરથી આવેલો પત્ર મળ્યો તે વાંચીને ઘણો હર્ષ થયો હું સ્ટીમરમાં બેસી ચૂક્યો છું તેની ખબર તેમને મારા સાઉધમ્પ્ટનથી રવાના કરેલા પત્ર ઉપરથી મળી પણ ગઈ હતી! મેં ફરી પાછો એક પત્ર લખી કાઢીને સ્ટીમર ઊપડે તે પહેલાં ડેક ઉપરની પોસ્ટ ઓફિસમાં રવાના કરવા આપી દીધો મારું પાસપોર્ટ પણ ઈજિપ્શીઅન ઓફિસર પાસેથી પાછું મેળવી લીધું. પોર્ટ સૈયદમાંથી ખરીદેલી કાળા કીડિયાની એક સુંદર માળા મેં અનુપને પહેરાવી તે જોઈને તે ખૂબ હસી તેના નાનકડા કંઠ ઉપર આ માળા પહેરાવ્યા પછી અનુપ ખૂબ સોહામણી લાગતી હતી. અપ્પાસાહેબ અને એલનબહેનને પણ માળા ખૂબ ગમી ગઈ.

કેટલાક પ્રવાસીઓ રાત્રે જ ટેક્સીઓ કરાવીને કેરો તરફ ઊપડી ગયા હતા કે જેથી તેઓ કૈરોની નજીક આવેલા ગાઈઝા ખાનેના વિશ્વવિખ્યાત પિરામિડો અને 'સ્ફીન્ક્સ'ની પ્રચંડ મૂર્તિ પણ જોઈ આવી શકે. ટેક્સીનો ખર્ચ માથા દીઠ પંદર પાઉન્ડ જેટલો બધો હતો તેથી મેં પહેલેથી જ ત્યાં જવાનો વિચાર રાખ્યો નહોતો. ટેક્સીમાં ગયેલા પ્રવાસીઓ પોર્ટ સૈયદથી ઉપડી ચૂકેલી સ્ટીમરને સુએઝના બીજા છેડે પકડી પાડી શકે છે કારણ કે સુએઝની નહેરમાં તો પૂરા સો માઈલ સુધી સ્ટીમર ગોકળગાયની ગતિથી જ ચાલી શકે છે.

પોર્ટ સૈયદથી સ્ટીમર સવારે નવ વાગ્યે ઊપડી. ફરી પાછો 'સાગરપલટો' થયો. હવે સ્ટીમર ભૂમધ્ય સમુદ્રને છોડીને રાતા સમુદ્રમાં પ્રવેશી રહી હતી. સો વર્ષ પહેલાં આ બે સમુદ્રો વચ્ચે કશું જ જળમાર્ગી સંધાણ નહોતું તેથી લંડનથી મુંબઈ આવવા માટે બધી નૌકાઓને આટલાંટિક મહાસાગરના લાંબા માર્ગે જ જિબ્રાલ્ટરથી કેપ ઓફ ગુડ હોપ સુધીનું ચક્કર લગાવીને હિંદી મહાસાગરમાં પ્રવેશવું પડતું હતું આમ કરવામાં બીજા ૭૬૦૦ માઈલનો એટલે કે બીજા ૨૪ દિવસનો પ્રવાસ વધી જતો હતો! પરંતુ ૧૮૬૯ની સાલમાં સુએઝની નહેર ખોદાઈ ચૂકયા બાદ સ્ટીમરો સીધી જ આ નહેરદ્વારા એક સમુદ્રમાંથી બીજા સમુદ્રમાં પ્રવેશી શકે છે અને ૭૬૦૦ માઈલના ચકરાવામાંથી બચી જાય છે.

સુએઝની નહેર એ માનવીના ભગીરથ પુરુષાર્થ વડે કુદરતના સર્જનનું સફળતાપૂર્વક પુનર્ઘડતર કરી શકાયાનો જ્વલંતમાં જ્વલંત દાખલો પૂરો પાડે છે. છેલ્લાં ચાર હજાર વર્ષોથી ઇજિપ્તના જુદા જુદા રાજાઓ (ફારાઓ, પાશાઓ અને સુલતાનો) આ સ્થળે નહેર ખોદવાના પ્રયત્નો કરી ચૂકયા હતા. હજારો મજૂરોનાં બલિદાન આ નહેરના ખપ્પરમાં હોમાયાં હતાં છતાં પ્રયત્નો સફળ થતા જ નહોતા. નહેર ખોદાય ખોદાય અને પાછી બન્ને કિનારાની માટી દરિયામાં ધસી આવીને નહેરને પૂરી દે એવી સ્થિતિથી બધા જ નિરાશ થઈ જતા હતા. તેવામાં ફર્દીનાન્દ દ લેસેપ્સ નામના એક ફ્રેન્ચ એન્જીનિયરે હિંમતપૂર્વક ૧૮૫૨ની સાલમાં સુએઝની એક પાકી, સો માઈલ જેટલી લાંબી, નહેર બાંધવા વિશેની એક ગણતરીબાજ યોજના રજૂ કરી જેને આધારે ૮૦ લાખ પૌંડની મૂડીવાળી એક જોઈન્ટ સ્ટોક 'સુએઝ કેનાલ કંપની' ફ્રાંસમાં સ્થાપવામાં આવી અને તા. ૨૫મી એપ્રિલ ૧૮૫૯ના દિવસે નહેરના ખોદકામના શ્રીગણેશ મંડાયા. પૂરાં દસ વર્ષ બાદ ૧૮૬૯માં આ નહેર બંધાઈ ગઈ અને તેનું ઉદ્ઘાટન કરવા ખુદ ફ્રેન્ચ સમ્રાજ્ઞી યુજેની તેની 'ઇગલ' નામની નૌકામાં બેસીને આ નહેરમાંથી પહેલવહેલી પસાર થઈ. ત્યાર પછી તો આ નહેર વિશ્વવાણિજ્યની ધોરી નસ સમી બની ગઈ છે અને વાણિજ્ય ઉપર જ રચાયેલા વિશ્વરાજકારણના પલટાતા રંગોના અતિ મહત્ત્વના 'ફોકલ પોઈન્ટ'સમી બની રહી છે.

સુએઝની નહેર બંધાઈ ત્યારે તે ૧૦૩ માઈલ લાંબી, ૭૨ ફૂટ પહોળી અને ૨૭ ફૂટ ઊંડી હતી પણ પછી ૧૮૮૬ની સાલમાં તેને ૧૫૦થી ૩૦૦ ફૂટ જેટલી પહોળી અને ૩૩ ફૂટ જેટલી ઊંડી બનાવવામાં આવી હતી કે જેથી વધારે મોટી સ્ટીમરો તેમાંથી પસાર થઈ શકે. શરૂઆતમાં ફક્ત પાંચ હજાર ટન સુધીના વજનવાળી સ્ટીમરો જ સુએઝમાંથી પસાર થઈ શકતી હતી અને તેને આ ૧૦૩ માઈલનો સાંકડો સાગરપથ કાપતા ૪૮ કલાક લાગી જતા હતા. પણ નહેરની પહોળાઈ તથા ઊંડાઈ વધાર્યા પછી તો પચાસ હજાર ટન વજનની સ્ટીમરોને પણ ફક્ત ૧૨ કલાકમાં જ નહેરમાંથી પસાર કરી દેવાનું શક્ય બન્યું છે.

નહેરના અમુક અમુક ભાગ તો ઇજિપ્તનાં ચાર મોટાં સરોવરો—મંઝાલે, બલ્લાહ, ટીમ્સા અને બીટરલેક—સાથે સાંકળી લીધેલા છે તેથી તેટલા ભાગનું ખોદકામ બચી ગયું છે. તેમ છતાં સુએઝની નહેર ખોદાઈ ચૂકી ત્યારે તેની પાછળ સવા કરોડ પૌંડ (સત્તર કરોડ રૂપિયા) ખર્ચાઈ ચૂક્યા હતા અને નહેર બાંધતાં બાંધતાં એક લાખ મજૂરોની જિંદગી તેમાં હોમાઇ ચૂકી હતી. આ માનવ બલિદાનનું વળતર ઇજિપ્તની પ્રજાને શું મળ્યું હતું? કશું જ નહિ. જેમના શ્રમથી જેમની આહૂતિમાંથી, જેમની ભૂમિ ઉપર આ નહેર બંધાઈ હતી એમના ભાગ્યમાં તો પરદેશી ચાંચિયાઓની કદમબોસી કરીને જ પેટનો ખાડો પૂરવાનું રહ્યું હતું!

આ કરુણ હકીકત માટે મહદ્ અંશે તો સામ્રાજ્યવાદી બ્રિટિશ સરકાર જ જવાબદાર હતી. ૧૮૭૫ની સાલમાં બ્રિટિશ સરકારે કેનાલ કંપનીના મોટા ભાગના (૨૫ લાખ પૌંડની કિંમતના) શેરો ઇજિપ્તના સુલતાન પાસેથી ૪૦ લાખ પૌંડ આપીને ખરીદ કરી લીધા અને આ 'સ્ટ્રેટેજિક' સ્થળ ઉપર પોતાનું પ્રભુત્વ પ્રસ્થાપિત કરવા માંડ્યું. આ નહેરમાંથી પસાર થતી દરેક સ્ટીમર પાસેથી લગભગ ૨૦૦૦ પૌંડ (૨૭૦૦૦ રૂપિયા) જેટલો 'ટોલ' બ્રિટિશ સરકારે ઉઘરાવવા માંડ્યો. દરરોજ ૪૦ થી ૫ જેટલી સ્ટીમરો નહેરમાંથી પસાર થતી હતી તેમાંથી નહેરની સરેરાશ વાર્ષિક આવક ૩૦ લાખ પૌંડ જેટલી થવા લાગી. ૧૯૩૨ની સાલના આંકડા મુજબ તે વર્ષમાં ૫૦૦૦ જહાજો નહેરમાંથી પસાર થયાં હતાં અને તેનો કુલ 'ટોલ' ૯૭ લાખ પૌંડ જેટલો થયો હતો. આ હિસાબે બ્રિટિશ સરકારને મૂડીનું વળતર તો પહેલા વર્ષમાં જ મળી ગયું હતું અને પછી તો ખુલ્લંખુલ્લી લૂંટ જેવો જ આ ધંધો થઈ પડ્યો હતો. થોડાં જ વર્ષ બાદ નહેરની કિંમત દસ કરોડ પૌંડ કરતાં પણ વધારે ગણાવા લાગી. બ્રિટિશ સરકારે ઇજિપ્તની પાશાશાહી સાથે કરાર કરીને આ સદ્ધર આવક આપતી નહેરના રક્ષણ માટે ૧૦,૦૦૦ બ્રિટિશ સૈનિકોના લશ્કરને ઇજિપ્તની ભૂમિ ઉપર રાખવાનું શરૂ કર્યું અને શાંતિના તેમ જ યુદ્ધકાળના સમયે દરેક રાષ્ટ્રના જહાજોને આ નહેરમાંથી મુક્તપણે પસાર થવા દેવામાં આવશે એમ જાહેર કર્યું. પૂરાં ૮૦ વર્ષ સુધી બ્રિટિશ સરકારે આ નહેરની સદ્ધર આવક ખાધા કીધી પણ આના બદલામાં ઇજિપ્તના ભૂમિપુત્રોને શું મળ્યું? કશું જ નહિ!

પરિણામ એ આવ્યું કે પોતાના જ દેશના નાલાયક રાજા ફારૂકને ભગાવી દેનારી ઇજિપ્શીયન પ્રજાએ તેમના હાલના લોકપ્રિય રાષ્ટ્રપ્રમુખ અબ્દુલ ગામેલ નાસરના નેતૃત્વ નીચે સુએઝ ઉપરના આ પરદેશી પ્રભુત્વને પણ એકાએક ૧૯૫૬ની સાલમાં ફગાવી દીધું. ૨૬મી જુલાઈ ૧૯૫૬ના દિવસે નાસરે સુએઝની નહેરના રાષ્ટ્રીયકરણની જાહેરાત કરીને જગતને ચકિત કરી મૂક્યું. બ્રિટિશ સરકાર ફેંકડી ઊઠી—જેમ ગોવાની મુક્તિ વખતે બધા શાહીવાદીઓ ફેંકડી ઊઠ્યા હતા તેમ જ! બ્રિટને સુએઝ ઉપર બોમ્બવર્ષા કરી અને તેની વર્કશોપના ભાંગીને ભૂક્કા કરી નાખ્યા.

ક્રુશ્ચેવે શાહીવાદીઓને ધમકી આપી કે "ખબરદાર! વધુ આગળ વધ્યા તો તમારી પૂરી વલે કરી નાખતાં રશિયા અચકાશે નહિ." બસ થઈ રહ્યું! બ્રિટિશ સરકારનું નાક આ પ્રસંગે ખરેખરું કપાઈ ગયું. વડાપ્રધાન એન્થની ઈડનની કારકીર્દિ ઉપર મીંડું ફરી વળ્યું. ધૂંધવાયેલા વિશ્વમત અને ક્રુશ્ચેવે આપેલા જુલાબ આગળ બ્રિટનને નમતું જોખવું પડ્યું. તેને સુએઝનો કબજો છોડવો પડ્યો. પણ કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી જ. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૫૬ના દિવસે નહેર ઉપર કામ કરતા ૬૨ બ્રિટિશ અને ૫૩ ફ્રેન્ચ પાઈલટોએ રાજીનામાં આપવાનો સ્ટંટ કર્યો—એવી ગણત્રીથી કે તેમના સહકાર વગર નહેરનું

કામકાજ એકદમ થંભી જશે એટલે નાસર પાછો તેમને ઘૂંટણીએ પડતો આવશે! પણ આ સ્ટંટ માસ્તરો પુરેપૂરા ચાટ પડી ગયા. નહેરનો ટ્રાફિક જરાયે અટક્યો નહિ ૮ ઇજિપ્શીઅન અને ગ્રીક પાઇલટોએ મળીને રાતદિવસ ખંતથી કામ કરવા માંડ્યું અને એકેએક સ્ટીમરને પહેલાંની જેમ જ નહેરમાંથી હેમક્ષેમ પાર ઉતારી બતાવી. પછી સંયુક્ત આરબ પ્રજાસત્તાક રાજ્ય તરફથી ૨૩૪ નિષ્ણાત પાઇલટોની નિમણૂક કરવામાં આવી, જેમાં ૧૨૪ આરબ, ૨૪ ગ્રીક, ૧૪ રશિયન ઉપરાંત પોલિશ, યુગોસ્લાવ, હંગેરિયન, રૂમાનિયન, ઇરાનિયન, નોર્વેજિયન, સ્વેડિશ, ઇટાલિયન, જર્મન એમ બધી જાતના પાઇલટોનો સમાવેશ થઈ જાય છે પણ બ્રિટિશ કે ફ્રેન્ચ પાઇલટ એક પણ નથી!

એટલું જ નહિ પણ નહેરના તંત્રની એફિશિયન્સી પણ પહેલાં કરતાં ઘણી વધી ગઈ. પહેલાં દરરોજ ૪૦ જેટલા જ જહાજો નહેરમાથી પસાર થતાં હતાં ત્યારે હવે ૬૦-૭૦ જેટલાં પસાર થઇ શકે તેવી કાર્યક્ષમતા ઇજિપ્શીઅન પાઇલટોએ કેળવી બતાવી છે. તા. ૯મી માર્ચ ૧૯૫૮ને દિવસે તો ૮૪ જેટલાં જહાજ સુએઝમાંથી પસાર થયાં હતાં. આ બધામાંથી નીપજતી 'ટોલ' ની આવક હવે ઇજિપ્તની રાષ્ટ્રીય સરકારને મળે છે અને તેમાંથી રાષ્ટ્રીય પુનરુત્થાનનું કાર્ય આગળ ધપી રહ્યું છે. "જોજોને નહેરનું રાષ્ટ્રીયકરણ સદંતર નિષ્ફળ નીવડશે" એવું કહેનારા 'પ્રેફેટસ ઓફ ગ્લુમ' ને નાસરે જૂઠા પાડ્યા છે બ્રિટિશ સામ્રાજ્યનું આ અણમોલ રત્ન તેના સાચા માલિકો આરબ પ્રજાના હાથમાં પાછું આવી ગયું છે ૧૯૫૬ના બ્રિટિશ આક્રમણથી છંછેડાયેલી આ પ્રજાએ સુએઝ ઉપર ફ્રેન્ચ ઇજનેર ફર્દીનાન્દ દ લેસેપ્સની ગોઠવેલી પ્રતિમાને પણ ફગાવી દીધી લોકજુવાળનું બળ આવું હોય છે!

અમારી સ્ટીમર સુએઝમાંથી પસાર થતી હતી ત્યારે અમને નહેરનું નિરીક્ષણ સારી રીતે કરવાની તક મળી હતી. નહેરના ઇજિપ્ત બાજુના કિનારા ઉપર ઠેરઠેર લીલોતરી દેખાતી હતી જ્યારે સામી બાજુના કિનારે અરણ્ય જેવી રેતાળ અરબભૂમિ દેખાતી હતી. આ કિનારે નહેરને પહોળી કરવાનું કામ ચાલી રહ્યું હતું. હજારો ઇજિપ્શીઅન મજૂરો જમીન ખોદી રહ્યા હતા હવે નહેરને એટલી બધી પહોળી અને ઊંડી કરવાની છે કે સામસામી જતી બન્ને બાજુની સ્ટીમરો એક સાથે નહેરમાંથી પસાર થઈ શકે કે જેથી 'કૉન્વૉય' સીસ્ટીમની જરૂરત રહે નહિ હાલ તો ૨૦-૨૫ સ્ટીમરોનો 'કૉન્વૉય' (કતાર) ઉત્તરથી દક્ષિણ બાજુ પસાર થઈ જાય તે પછી જ બીજાં ૨૦-૨૫ જહાજોનો કૉન્વૉય દક્ષિણથી ઉત્તર બાજુ જવા દેવામાં આવે છે નહિ તો સાંકડી નહેરમાં બે સ્ટીમરો સામસામી અથડાવાનો ભય રહે છે. કૉન્વૉય પદ્ધતિને લીધે જહાજોની વહન પ્રવૃત્તિ ઘણી મંદ ગતિથી ચાલે છે. નહેર 'ડબલ ટ્રેક' જેટલી પહોળી થઈ જશે એટલે પછી સ્ટીમરો કશા જ અંતરાય વગર સડસડાટ નહેરમાંથી ચાલી જશે રાત્રે પણ વીજળીના પ્રકાશમાં ટ્રાફિક અવિરત ચાલુ રહેશે પૂર્વ અને પશ્ચિમના બે જગતને જોડનારી કડીરૂપ આ ઐતિહાસિક સુએઝની નહેરમાંથી બાર કલાકે અમારી સ્ટીમર પસાર થઇ ગઈ અને પછી તે રાતા સમુદ્રમાં એડન તરફ ધસવા લાગી

ક્રમશઃ]

લિ૦ સ્નેહાધીન,
કાન્તિ ગાંધીના
જય હિંદ

★

પ્રસ્થાન

આદ્યતંત્રી
રામનારાયણ વિ. પાઠક
સંપાદક
રણછોડજી કે મીસ્ત્રી



શ્રીમાન હીરાલાલ મોતીલાલ શાહ


જન્મ તા. ૨૧-૨-૧૮૮૧ દેહોત્સર્ગ તા. ૧૧-૬-૧૯૬૨

વર્ષ ૩૭ મું અંક ૩
અષાડ : ૨૦૧૮



શ્રીમતી મેનાબહેન શાહ

જન્મ તા. ૨૮-૨-૧૮૮૮ દેહોત્સર્ગ તા. ૯-૪-૧૯૫૭


જુલાઈ : ૧૯૬૨
નાની બચત યોજના એટલે
ઉદ્યોગ ધંધાઓનો વિકાસ
વધુ માણસોને રોજગારી
વધુ અનાજનું ઉત્પાદન
શિક્ષણની વધુ સવલતો
ઉપરાંત
નાણાંનું સધ્ધર રોકાણ
રોકાણ ઉપર સારું વ્યાજ
SS 1-61

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૪ અષાઢ : ૨૦૧૮ અંક ૩

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧ આબુ

૨ કાશ્મીર

પ્રશ્ન . કેમ આબુ જઈ આવ્યા ? તમારે તો હવે દર ૭–૭ મહિને ક્યાંક ને ક્યાંક હવાફેર માટે જવું જોઈએ

ઉત્તર : હા, જઈ આવ્યો અને દર ૭–૭ મહિને જવું જોઈએ એ પણ ખરું, તબિયત અને કામ કરવાનો ઉત્સાહ—એ બન્નેને માટે જરૂરનું છે પણ એ તો પેલી મિયાં-બીબીની વાત જેવું છે. મિયાંએ બીબીને કહ્યું કે 'મૈં જુતીસે તુમ કો મારુંગા' બીબીએ કહ્યું કે 'મેરે ખાવિંદ! વો દિન કહાંસે કે તુમેરે પાંવમેં જુતી!'—એના જેવું છે ખીસામાં થોડા પૈસા બચ્યા હોય તો બહાર જવાની જરૂર તો ખરી અને હવે તો ન બચતા હોય તો પણ જવું પડે છે, બેફિકરા થઈને એટલે આબુ તો જઈ આવ્યો! પણ આપણે સૌ પહેલા સાથે આબુ ગયા, ઈ સ. ૧૯૩૫ના અરસામાં, અને પછી હું અનેક વાર જઈ આવ્યો, એ બધાની સાથે આ વખતના આબુની સરખામણી કરતા બહુ બહુ કષ્ટદાયક લાગ્યું! આબુ પોતે તો નહીં, આબુ તો હંમેશાં આકર્ષક જ છે, એનું નખી તળાવ પણ એની લહરીઓની માફક મનમાં લહરીઓ ઊભી કર્યા જ કરે છે, એને વીંટળાઈને ઊભેલા પહાડો અને વીંટી વળે છે, અનાદરાથી નખીની બાજુ પર થઈને જતો દેલવાડાનો માર્ગ, જેના ઉપર થઈને વિમળશાહ અને વસ્તુપાળ–તેજપાળ, અનુપમાદેવી વિચર્યાં હશે એ ઇતિહાસની સ્મૃતિઓ, મંદિરોનું શિલ્પ, ગુરુ દત્તાત્રેયનું શિખર, જેને વિશે હું એવો મત ધરાવતો રહ્યો છું કે, આખાયે ભારતવર્ષમાં તંદુરસ્તી અને મનની સમાધિ માટે આવું બીજું કોઈ સ્થળ નથી—અચળગઢના મહાદેવ, ખાખું પગનો કુંડ, પાડાઓને વિંધતો ક્ષત્રિય, કુંભારાણાએ બાંધેલો કિલ્લો એના ઉપરના જૈન મંદિરો,—આ અને બીજાં આબુના આકર્ષણો હજી એવાં ને એવાં જ છે પહેલાંના દિવસોમાં પોલિટિકલ એજન્ટોની અને એજન્ટ ટુ ધ ગવર્નર–જનરલની જોહુકમી મનને વિક્ષેપ કરનારી તો હતી જ પણ એના શિસ્તને લઈને આબુમાં હરવા-ફરવાની સુગમતા હતી, એકાદ સ્થળે શાંતિથી બેસીને પહાડનું નિરીક્ષણ કરો કે ઇતિહાસની કલ્પના કરો કે પરમાત્મચિંતન કરો તો તેને માટે અવકાશ હતો

પણ આ વખતે તો આબુના ડામરવાળા પણ સાંકડા રસ્તા ઉપર ચાલવામાં જીવનું જોખમ હતું કારણકે પાછળથી કે સામેથી આવતી મોટરોથી બચવા માટે બાજુ પર ખસવાની પણ મુશ્કેલી પડતી! અમદાવાદથી આવતા નવતર શ્રીમંતો અને એમની શ્રીમતીઓ તથા એમના કુંવરો અને કુંવરીઓની મોટરોમાં આબુમાં જે દોડધામ જોઈ ત્યારે મને લાગ્યું કે આપણે ખરેખર ઔચિત્યબુદ્ધિ ગુમાવી જ દીધી છે! તીર્થસ્થળની પવિત્રતા જાળવવાની બુદ્ધિ

તો સૈકાઓથી ગુમાવતા આવ્યા છીએ; પણ આબોહવાને ભોગવવાના સ્થળ તરીકે પાશ્ચાત્યો જે વિવેક પાળતા હતા અને આપણને અમલના દોરથી શીખવતા હતા તે આપણે સ્વરાજ્ય મળતાં સમજપૂર્વક સાચવવાને બદલે ભૂલી ગયા છીએ. એ વિવેકનું આપણને ભાન રહ્યું લાગતું નથી! નખી તળાવના રસ્તા ઉપર મોટરોને પ્રતિબંધ કરતાં પાટિયાં છે, પોલીસ પણ ત્યાં કોઈ કોઈ ઠેકાણે ઉભેલા દેખાય છે, પણ એ નિષિદ્ધ માર્ગો ઉપરથી જતી મોટરોને કોઈ અટકાવી શકતું નથી! તપાસ કરી તો માલુમ પડ્યું કે પ્રધાનો, તેમના મંત્રીઓ અને અમલદારોની મોટરોને તો રોકી શકાય જ નહી, તો પછી બીજાની શા માટે રોકવી? આમાં તથ્ય કેટલું છે એની તો ખબર પડી શકે નહીં. પણ અનેક મોટરો અને ખટારાઓ નખીની શાન્તિનો ભંગ કરતી દેખાઈ! એટલે એમ થાય છે કે બ્રિટિશ અમલ દરમ્યાન હિલ સ્ટેશનોમાં જે નિયમનો હતાં તે નિયમનો આવાં સ્થળોમાં પાછાં ચાલુ થવાં જોઈએ. એટલા ફેરફાર સાથે કે પહેલાં જે છૂટ એજન્ટ ટુ ધી ગવર્નર, પોલિટિકલ એજન્ટ કે રાજા-મહારાજાઓને મળતી તેને સ્થાને તે છૂટ વૃદ્ધો, માંદાઓ કે બીજી રીતે અશક્ત એવા માણસોને મળે. પણ આ યે 'વહ દિન કહાઁ સે' જેવી વાત છે! આબુની વહીવટી ગેરવ્યવસ્થા ઘણી વધી ગઈ છે એના પુરાવા તો ડગલે ને પગલે દેખાતા હતા. આબુ રાજસ્થાનમાં હોય પણ તેથી તે ભારતનું એક રમણીય તીર્થધામ અને હવા ખાવાના સ્થળ તરીકે મટતું નથી.

બીજી અગવડ હાથમાં ટ્રાનઝીસ્ટર રાખતા યુવાન-યુવતીઓ ઊભી કરે છે. એ લોકો એમની કલુષિત રુચિને ફેલાવતાં ઠેકાણે-ઠેકાણે કર્ણશૂળ ઊભું કરે છે. ઘોડાની સગવડો મોટા ભાગની અગવડો થાય છે એ બાબતમાં હજી બહુ ફેરફાર થતો દેખાતો નથી.

*

પ્રશ્ન : કાશ્મીરની બાબતમાં આ બધું શું થાય છે?

ઉત્તર : આપણી મૂળ ભૂલનાં ફળ આપણે ચાખીએ છીએ! કાશ્મીરની બાબતમાં યુનો પાસે ફરિયાદ કરવા જવાની આપણને જરૂર જ નહતી. અંગ્રેજી અને અમેરિકી રાજનીતિથી અજ્ઞાત એવા આપણે ભોટ પણ નહતા; છતાં નવી નવી હયાતીમાં આવેલી યુનોની સંસ્થા વિશે આપણા વડા પ્રધાનને અપરીક્ષિત શ્રદ્ધા હતી. અને તેથી તેઓ ફરિયાદી તરીકે ગયા અને ગુનેગાર તરીકે રજૂ થયા! તે વખતે જ કાશ્મીરમાં લોકમત લેવાનું સ્વીકાર કરવા જેવું હતું જ નહીં. છતા શરતી સ્વીકાર કર્યો. પાકિસ્તાન શરતો પ્રમાણે વર્તન કરવા માટે ખાસ બંધાયેલું નથી. યુનો પાકિસ્તાન આક્રમણ પાછું ખેંચી લેવાની શરત ન સ્વીકારે એના ઉપર બહુ વજન આપતું નથી; પણ નેહરુએ લોકમત કેમ ન લીધો એ એમને મન મોટા ગુના જેવું છે.

પણ, હવે મોડી મોડી પણ એ ભૂલ આપણે સુધારતા જઈએ છીએ. એનો યશ આપણા સંરક્ષણ-મંત્રી શ્રીકૃષ્ણ મેનનને આપવો જોઈએ ઈંગ્લાંડ અને અમેરિકાને સાફ સાફ વાતો કહેવાની, બુદ્ધિપૂર્વક હકીકતો રજૂ કરીને દલીલોની સચોટતાથી અને ચરચરે એવા જિહ્વાના સપાટાથી આપણો કેસ રજૂ કરવાની જે શક્તિ શ્રી મેનનને બતાવી છે તે પ્રશંસનીય છે. સાહેબ લોકોથી દબાઈ જવાની જે ટેવ આપણા જૂના મુત્સદ્દીઓમાં હતી અને હજી યે એ ધરેડના મુત્સદ્દીઓમાં છે તેમનાથી આ કામ થાય એવું નહતું—નથી. સર મહમદ ઝફર ઉલ્લાખાન જેવા બાહોશ, વિદ્વાન, ધારાશાસ્ત્રી અને મુત્સદ્દી તેમજ ધનાયેલા અંતરવાળા પ્રતિપક્ષી સામે શ્રીકૃષ્ણ મેનન જ યોગ્ય પ્રતિપક્ષી થઈ શકે એવા છે. ઇંગ્લાંડ કે અમેરિકાને

માઠું લાગી જશે એવો વધારે પડતો ભય પણ તેમને નથી. એટલે, કંઈ નહીં તો યે ભારતની નીતિ સ્પષ્ટ રીતે અને નિર્ભયતાથી રજૂ થઇ તે આ પ્રવાસથી આપણને થતો મોટો લાભ. જવાહરલાલજીને મોડું મોડું પણ સમજાયું અને એમણે મોડું મોડું યે જાહેર કર્યું કે

" ... The two great powers—The U. S. & Britain—were 'invariably' against us in matter whichs concern us greatly and about which we feel passionately."

('ટાઇમ્સ ઓફ ઇંડિયા' તા. ૨૪-૬-૬૨, રવિવાર)

રાજકીય ક્ષેત્રમાં આ એક મોટો પ્રકાશ છે. બ્રિટનની સાથે આપણે મૈત્રીભર્યો સંબંધો સાચવવા મથીએ છીએ, અમેરિકાની સદ્ભાવના રહે એ માટે આપણે આતુર છીએ,—એ બન્ને બાબતો બરાબર છે; પણ બ્રિટને ભારતને વશંવદ જોયેલું છે. તેને આ ગઈ કાલનું ગુલામ આજે આટલા મિજાજથી બોલે અને પહેલી હરોળમાં આવવા માથું ઊંચકે તે સહન ન જ થાય! ભારતના ભાગલા પડે એવી નીતિનાં બીજ પહેલેથી વાવી, તેનાં ફળરૂપે પાકિસ્તાન ઊભું કર્યું એમાં પણ બ્રિટનની હિંદુસ્તાન નબળું રહે, પાછલી પંક્તિમાં રહે, એવું જ લક્ષ્ય હતું. અને ભારત ઉપર રાજ્ય કરવું નફાકારક ન લાગવાથી તેને છોડયું ત્યારે આ સાવચેતી બરાબર બ્રિટિશ મુત્સદ્દીઓએ રાખી લીધી અને હજીયે રાખે છે! એટલે, પાકિસ્તાન-હિંદુસ્તાનના ઝઘડામાં હિંદુસ્તાને બ્રિટન પાસેથી બીજી નીતિની અપેક્ષા રાખવી એ વધારે પડતી ભાવના છે.

અમેરિકાના પ્રેસિડન્ટ રૂઝવેલ્ટે લડાઈ દરમ્યાન ભારતને ચર્ચિલ પાસેથી સ્વરાજ્ય અપાવવાનો ખાસ પ્રયાસ કર્યો તે માટે ભારતે ખરેખર કૃતજ્ઞ રહેવું જોઈએ, જો કે એ પ્રયાસ સફળ ન થયો. પણ અમેરિકા દુનિયાનો સૌથી મોખરે આવી ગયેલો મૂડીવાદી દેશ છે. એ દેશનું રાજકારણ તેના મૂડીદારો ચલાવે છે. એ એક જાતની પ્લુટોક્રસી છે, ડિમોક્રસીના સ્વાંગમાં; જો કે એ પ્લુટોક્રસીએ યુ. એસ. એ.ના જનસમાજને જીવનનું ઊંચામાં ઊંચું આર્થિક ધોરણ આપ્યું છે. એ એની મોટી સફળ કારકિર્દી છે. પણ જેમ કોઈ ધનિકને પોતે મદદ આપીને ઊભો કરેલો માણસ બહુ સ્વતંત્ર મિજાજી થાય એ ગમતું હોતું નથી, તેમ અમેરિકાને પણ છે.

૧૯૪૭-૪૮ માં આપણા એક પ્રખર સંન્યાસી-વિદ્વાનને અમેરિકાની એક સુપ્રસિદ્ધ યુનિવર્સિટીમાંથી નીકળવું પડ્યું, તેમને મારે મળવાનું થયું હતું. અમેરિકાની સહાનુભૂતિનાં હું વખાણ કરતો હતો ત્યારે તેમણે મને કહેલું કે અમેરિકામાં ઈંગ્લાંડના કોન્ઝર્વેટિવ પક્ષને મળતો મૂડીવાળાઓનો અને લશ્કરીઓનો એક સમૂહ છે, જે ભારત આગળ ન આવે એવાં બધાં પગલાં લેવા તત્પર છે. સત્તા ઉપર ગમે તે પક્ષ હોય તો પણ આ સમૂહની મોટી લાગવગ હોય છે. એ સંન્યાસીને એમ પણ સાંભળવા મળેલું કે "અમે જોઇએ છીએ કે ભારત કેવી રીતે આગળ વધે છે? અમે પાકિસ્તાનને એટલું બળવાન બનાવી દઈશું કે ભારતની મુંઝવણ નથી કે શું કે શું કરે!" એટલે અમેરિકાની રાજનીતિ પણ ભારત અમુક હદથી આગળ ન વધે એ જોવાની રહે છે! અને તેનો પુરાવો આપણને મહત્ત્વના પ્રસંગો ઉપર મળતો રહ્યો છે. આર્થિક મદદ કરી આપણે વેપાર-ઉદ્યોગમાં થોડાક આગળ વધીએ અને આપણા લોકોને કંઈક ખાવાપીવાનું મળે કે જેથી તેઓ સામ્યવાદના નાગાઓની ટોળીમાં ન ભળે એ માટે તેને ચીવટ છે. પણ લશ્કર કે રાજકીય ક્ષેત્રમાં ભારત આગળ ન વધે એની સતત તકેદારી તે રાખે છે. અને તેથી પાકિસ્તાનને આપણે ભયમાં આવી પડીએ એવી મોટી લશ્કરી મદદ કરે છે. એ લશ્કરી મદદનો સામનો કરવા આપણે રશિયા પાસેથી

વિમાનો ખરીદીએ તેનો આડકતરી રીતે વિરોધ કરે છે. ગોવાને પરતંત્રતામાંથી મુક્ત કરવા મોડે મોડે ભરાયેલાં પગલાં સામે પુણ્યપ્રકોપ વ્યક્ત કરે છે. આ બધું પૈની ઓળખીને ચિંધી ન શકાય એવી લશ્કરી અને મૂડીવાદીઓની ટોળકીનું કર્તવ્ય છે એવા અનુમાન ઉપર અવાય છે.

ગમે તેમ હો, પણ જવાહરલાલજીએ જે નિડરતાથી ભારતની નીતિઘોષણા કરી છે તેના સમર્થનમાં આખો દેશ છે, થોડાક મૂડીવાદી અને બ્રિટિશપરસ્તી લોકો બાદ કરતાં, એમાં શંકા નથી. શ્રીકૃષ્ણ મેનને સ્પષ્ટતાથી કહી દીધું કે કાશ્મીર એ ભારતનો ભાગ છે અને તે પ્રશ્ન પરત્વે કોઈ પણ પ્રકારના લોકમતને અવકાશ નથી એ માટે તેમને ધન્યવાદ ઘટે છે. સરદાર વલ્લભભાઈ પટેલની આ બાબતની નીતિ મોડી મોડી પણ અનુસરાય છે તે નોંધવું જોઈએ, જો કે એને પ્રારંભથી ન અનુસરવાની ભૂલ માટે આપણે હજી કેટલો ઘોકો સહન કરવો પડશે તે અત્યારે કહી શકાય એમ નથી

મિ. એડલી સ્ટીવન્સન જેવા ભાવનાશાળી મનાતા પુરુષને મુખે ગોવા અંગેનો વિરોધ અને પાકિસ્તાનની તરફદારી કરનાર માણસો અમેરિકાને મળી રહે છે એ એની મૂડીવાદી ભાવનામયતાનું એક માપ છે. રાજકીય ક્ષેત્રમાં આપણે ન છેતરાઈએ એ માટે ધ્યાનમાં રાખવા જેવું એ માપ છે. હજી યે 'બેલેન્સ ઑફ પાવર'—સત્તાઓની સમતુલા—નું રાજકારણ જ રાષ્ટ્રાન્તરીય રાજકારણ પ્રવર્તમાન છે એ હકીકતને બ્રિટન, અમેરિકા કે રશિયા એ બધાની સાથેના વ્યવહારમા, આપણે હજી ઘણા વર્ષો સુધી ધ્યાનમાં રાખવી પડશે.

૨૫-૧-૬૨

અનંત સ્વાંગે

અનંત મધ્યે—
દૃષ્ટિ ઠરે – કોઈ સુદૂર દ્વીપે
અથંભ આ કાળતણા પ્રવાહે–
અહું ત્યહીં કોણ કયહીં કદા રે ?

આ 'હું' ન હોશે, નહિ 'તે' ન હોશે–
ભરી ભરી તો ય ધરા રહેશે,
નવાં નવાં ચેતનપુષ્પ આવશે–
નવીન રંગો નવ સૌરભો હશે.

વહ્યો જશે વિશ્વ પ્રવાહ આ સદા–
ને હું ય ને તું ય ત્યહીં વિરાજતા
હશું કંઈ ને કંઈ રૂપ રંગે–
અનંતના શાશ્વત કોઈ સ્વાંગે.

—સુન્દરમ્

આપણી તેલ-સંપત્તિ : ભૂભૌતિક સંશોધન

ડૉ. નરસિંહ મૂ. શાહ

આજની આપણી સંસ્કૃતિ ઉદ્યોગપ્રધાન છે. ઔદ્યોગિક વિકાસ અર્થે પ્રથમ આવશ્યકતા છે સંચાઓની અને એ સંચાઓ ચલાવવા માટે શકિતની જરૂરતી. શકિતનાં મુખ્ય સાધનોમાં પ્રથમ કોલસો આવે છે. કોલસાને બાળી પેદા થતી ગરમીનો ઉપયોગ કરી શકિત મેળવી શકાય છે. કોલસા પછી પેટ્રોલિયમ આવે છે. કોલસો અને પેટ્રોલિયમ બંને ખનિજ પદાર્થો છે. બંને પૃથ્વીના પેટાળમાંથી નીકળે છે કોલસો ઘન છે, પેટ્રોલિયમ પ્રવાહી છે. પેટ્રોલિયમ જમીનમાંથી નીકળતું હોવાથી ખનિજ તેલ તરીકે પણ ઓળખાય છે.

પેટ્રોલિયમ કેવી રીતે બન્યું હશે એ સંબંધી પ્રથમ થોડો વિચાર કરીએ. નદીઓ પોતાના પ્રવાહમાં બધું ખેંચી જઈને દરિયામાં ઠાલવે છે. આ બધો કચરો દરિયાને તળિયે બેસે ને તેનો કાંપ જામે અને સમયના વહન સાથે તેના થરના થર જામતા જાય. એ થરોની નીચે જીવતાં જળચર પ્રાણીઓ અને દરિયાના તળિયે ઊગેલ વનસ્પતિ દબાઈ જાય અને હજારો વર્ષોના ગાળે એનું એક મજબૂત પડ બને.

પૃથ્વીના પેટાળમાં આ પડોની હિલચાલ અને પૃથ્વીની સપાટી પરનાં પવનનાં વાવાઝોડાં, ગરમીના ફેરફાર અને નદીઓનાં પૂરને લીધે મોટી ઉથલપાથલ નિરંતર થયાં કરે છે. આમ લાખ્ખો વર્ષો પૂર્વે જ્યાં સમુદ્રો હોય ત્યાં, આજે પર્વતો અસ્તિત્વમાં આવ્યા છે અને જ્યાં મેદાનો જંગલો અને ડુંગરાઓ હતા ત્યાં ઊંડા ઊંડા મહાસાગરોના પાણી ઉછળે છે. સમુદ્રો પુરાતા ગયા અને ત્યાં તળિયે જે દરિયાઈ વનસ્પતિ અને જળચરો હતાં તે દટાઇ ગયાં અને ધીમે ધીમે તેનાં સખત પડ બંધાઇ ગયાં. આને જળકૃત ખડકો કહેવાય છે. એમાં દટાયેલી પ્રાણી અને વનસ્પતિ સૃષ્ટિનાં અવશેષો કાળને અંતરે વિઘટન પામે છે અને તેમાંથી કાર્બન અને હાઇડ્રોજનનું રાસાયણિક સંયોજન થવાથી વિવિધ પદાર્થો બને છે. આ પદાર્થો હાઇડ્રોકાર્બનો કહેવાય છે. આવા વિધવિધ હાઇડ્રોકાર્બનોનું મિશ્રણ એટલે પેટ્રોલિયમ : એ જ ખનિજ તેલ.

ઘણું કરીને જ્યાં આવા જળકૃત ખડકો આવેલા હોય ત્યાંથી પેટ્રોલિયમ મળી આવે છે. ખનિજ તેલના આવા જથ્થા જમીનમાં જ્યાં એકઠા થયા હોય ત્યાં શારડી મૂકી ખોદે તો પેટ્રોલિયમ નીકળે. પેટ્રોલિયમ જમીનના સખત થરો નીચે આવેલું હોવાથી જેમ કૂવો ખોદતાં પાણી નીકળે છે તેમ પેટ્રોલિયમ એની મેળે એ સખત થરોને ભેદીને બહાર આવી શકતું નથી. તો પ્રશ્ન એ થાય છે કે અમુક જગ્યાએથી તેલ નીકળશે કે કેમ એની પણ ખબર કેમ પડે ?

પૃથ્વીના પેટાળમાં તેલ હોય તે જગ્યાએથી કાં તો સળગી ઊઠે એવો વાયુ નીકળતો હોય યા જમીન પર તેલ ધસી આવવાથી માટી તેલવાળી બની હોય. આવી જગ્યાએ બોરીંગ-કૂવો ખોદવાનું શરૂ કરાય પેટ્રોલિયમના બોરીંગ-કૂવાની શરૂઆત એશિયાભરમાં ભારતના આસામમાં જ થયેલી કેટલું ઊંડું ખોદવાથી તેલ નીકળશે એ કહેવું ખૂબ મુશ્કેલ છે. કેટલીક વાર તો ખોદ્યા પછી કૂવો પડતો મૂકવો પડે; પેટ્રોલિયમનું ટીપું ય ન નીકળે; પૈસાનું પાણી થઈ જાય અને મહેનત માથે પડે.

એટલે હવે ધરતીની અંદરના તેલની શોધ માટે ભૂસ્તરશાસ્ત્રની મદદ વડે કામ લેવાય છે. ભૂસ્તરશાસ્ત્રીઓ પૃથ્વીના પડો વૈજ્ઞાનિક રીતે તપાસી પેટ્રોલિયમની શોધ કરે છે. આ કાર્યમા ભૂભૌતિક સંશોધનને લીધે તેલની ખોજ કરવા માટે નવી પદ્ધતિઓ યોજવામાં આવી છે અને નવ્વાણુ ટકા જેટલી ખાત્રી આપે એવી એ પદ્ધતિઓના પર રચાયેલ સાધનો બનાવવામાં આવ્યાં છે. હાલમાં ત્રણ મુખ્ય પદ્ધતિઓ પ્રચલિત છે. એ અજમાવીએ તો જમીનમાં કઈ જગ્યાએ તેલ હશે તેની લગભગ નવ્વાણુ ટકા જેટલી ખાત્રી થાય છે.

આ ત્રણેય પદ્ધતિઓ એક બીજા સાથે એવી તો સંકળાયેલી છે કે ત્રણેને વારાફરતી અજમાવવી પડે. એમ કહીએ તો ખોટું નથી કે આ ત્રણે એક એક પગથિયા રૂપ છે. એક જ પદ્ધતિ અજમાવવાથી કાંઇ દહાડો ન વળે

આપણે જોઇ ગયા કે પેટ્રોલિયમ પોચા જળકૃત ખડકોમાં હોય છે કઠણ ગ્રેનાઇટના ખડકોમાં નહીં. જમીનમાં જ્યાં નરમ ખડકો હોય ત્યાં પૃથ્વીની સપાટી પર ચુંબકીય અસર ઓછી હોય છે, અને જ્યાં નરમ ખડકો હોય ત્યાં આ અસર વધારે હોય છે. એટલે મેગ્નેટોમિટર (ચુંબકીય યંત્ર) નામના સાધનથી કોઈ ભાગની તપાસ કરીએ તો પૃથ્વીના પડમાં કેવા પ્રકારના ખડકો આવેલા છે તે જાણી શકાય. આ યંત્ર બોમ્બ-શેલના આકારનું હોય છે, એમાં અતિ નાજુક ચુંબકીય ફેરફારોની અસર નોંધી શકે એવું સિગારેટ જેવડું એક લોહચુંબક છૂટથી ફરી શકે એવી રીતે ગોઠવેલું હોય છે. પેટ્રોલિયમની શોધ માટેની આ પદ્ધતિ ચુંબકીય પધ્ધતિ તરીકે ઓળખાય છે.

ચુંબકીય પદ્ધતિની મદદથી સામાન્ય માહિતી મળે. પણ કઈ ચોક્કસ જગ્યાએ ખોદવાથી પેટ્રોલિયમ નીકળશે એ નક્કી ન થઇ શકે. એ નક્કી કરવા બીજી પદ્ધતિની મદદ લેવામાં આવે છે. આ પદ્ધતિ ગુરુત્વાકર્ષણના સિદ્ધાંત પર રચાયેલી છે એટલે ગુરુત્વાકર્ષણ પધ્ધતિ તરીકે ઓળખાય છે. વસ્તુ જેમ મોટી ને વજનદાર એમ એનું ગુરુત્વાકર્ષણ બળ વધારે. પૃથ્વી મોટી અને ભારે, એટલે બધી વસ્તુઓનું ખેંચાણ પૃથ્વી તરફ થાય છે. પણ આ ખેંચાણ બધી જગ્યાએ એકસરખું નથી હોતું. જ્યાં સખત ગ્રેનાઇટ ખડકો પૃથ્વીના પેટાળમાં આવેલા હોય ત્યાં ખેંચાણ વધારે; પરંતુ જળકૃત જેવા પોચા ખડકો હોય ત્યાં ખેંચાણ ઓછું એટલે ગુરુત્વાકર્ષણના નાજુક ફેરફારો નોંધી લે એવા ગુરુત્વાકર્ષણ યંત્ર-ગ્રેવિટોમિટરને જમીન પર થોડી થોડી મૂકીને ગોઠવી એ જગ્યાનું ગુરુત્વાકર્ષણ નોંધવામાં આવે તો એ ઉપરથી સમજી શકાય કે આટલા ભાગમાં નીચે તેલ હોવું જોઇએ.

પણ એનો અર્થ એવો નથી કે ત્યાં ચોક્કસ પેટ્રોલિયમ તેલ છે જ. એટલે ત્રીજી પદ્ધતિથી એની ચોકસાઇ કરવી પડે છે. આ પદ્ધતિ ઘણી ઉપયોગી છે. એને સિસ્મોગ્રાફની પધ્ધતિ કહેવાય છે. ધરતીકંપના આંચકા નોંધવા માટે પણ સિસ્મોગ્રાફ વપરાય છે. આ યંત્ર પૃથ્વીના પેટાળમાં થતા અવાજના આંદોલનોની નોંધ કરે છે. કેટલાક માણસોની ટુકડી એક મોટરમાં સિસ્મોગ્રાફ લઇને નીકળી પડે.

ઉપર વર્ણવેલી બે રીતો ઉપરથી તૈયાર કરેલ નકશા પર જે સ્થળ પેટ્રોલિયમના અસ્તિત્વ માટે નિર્દેશાયું હોય ત્યાં જઇને ખાડો ખોદે ને તેમાં શારડો મૂકી ચાલીસ-પચાસ ફૂટ નીચે જમીનમાં પાઇપ ઉતારે. પછી એ પાઇપમાં દારૂગોળો ભરી વીજળીથી એને દાગે એટલે ધડાકો થાય. પાણીમાં પથ્થર નાખવાથી જેમ પાણીનાં મોજાં રૂપી આંદોલનો ઉત્પન્ન થાય છે એમ આ સુરંગ ફૂટવાથી જમીનમાં ઊંડે સુધી અવાજનાં આંદોલનો પ્રસરે છે. આ આંદોલનોના માર્ગમાં સખત ખડકો આવે તો ત્યાં અથડાઇને એ આંદોલનો પરિવર્તન પામે અને એના પડઘા જમીનની સપાટી પર આવે. એ પડઘા કેટલી ઊંડાઇએથી આવ્યા તેની

[અનુસંધાન પૃ. ૧૧]

શ્રીમાન હીરાલાલ મોતીલાલ શાહ

[એક મહાનુભાવ]

રસિકલાલ છો. પરીખ

[શ્રી. હીરાલાલભાઈની કારકિર્દીનો વેપારી તરીકેનો પૂર્વ ભાગ મુખ્યમાં—ખાસ કરીને પેરીસમાં પસાર થયો, અને પાછળનો પરમાત્મસાધનાનો ભાગ મોટે ભાગે વિદેશમાં એકાંત નિવૃત્તિમાં પસાર થયો. એટલે જો કે રાજવીઓ અને પરદેશી સાથે વ્યવહાર રાખતા વેપારીઓનાં ઉચ્ચ વર્તુલોમાં તેમજ શ્રીમદ્ રાજચંદ્રના ઉપાસકોમાં એ પ્રસિદ્ધ હતા, છતાં ગુજરાતના જાહેર જીવનમાં એ જાણીતા ન હતા. પણ જ્યારે હમણાં શ્રી. રસિકલાલભાઈનું એમને વિશેનું પ્રવચન મેં સાંભળ્યું ત્યારે મને એમ થયું કે આવા વિશિષ્ટ પુરુષનો પરિચય 'પ્રસ્થાન'ના વાચકોને આપવો જોઈએ. તેથી મેં શ્રી રસિકલાલભાઈને એ ભાષણ 'પ્રસ્થાન'માં પ્રગટ કરવા લખી આપવા આગ્રહ કર્યો અને તેમણે તે લખી આપ્યું તે બદલ તેમનો આભારી છું. —સંચાલક]

રાજજનો અને સન્નારીઓ,

૧

આપ સૌ મુમુક્ષુઓ સમક્ષ પૂજ્ય હીરાલાલભાઈ વિશે મારે બે શબ્દ કહેવા એવી શ્રી. નાહટાજીની આજ્ઞા થતાં કાંઈક બોલવા પ્રયત્ન કરું છું. આપ સૌ તો મુમુક્ષુઓ છો. હું હજી મારી જાતને મુમુક્ષુ કહી શકું એવી સ્થિતિમાં જોતો નથી. એટલે મારા કથનમાં સંસારી ભાવ આવી જાય તો તે દરગુજર કરશો.

આપ પૂ. હીરાલાલભાઈને એક આત્માર્થી મુમુક્ષુ તરીકે ઓળખો છો. હું પણ તેમને એ રીતે ઓળખું છું, 'કામ એક આત્માર્થનું બીજો નહીં મનરોગ' જેમને વિશે કહી શકાય એવા આત્માર્થી તરીકે ઓળખું છું. આ કહેતાં એમ પણ કહું કે, ગમે તેટલી લાગણી ઉભરાય છતાં આજે મારાથી કાંઈ પણ અતિશયોક્તિ કે આલંકારિક ઉપચારની વાણી ન બોલાય એની હું ખાસ કાળજી રાખવા ઇચ્છું છું. હીરાભાઈને આત્માર્થી કહેતાં 'કામ એક આત્માર્થનું બીજો નહીં મનરોગ' એવા આત્માર્થી તરીકે હું ઓળખુ છું એમ મેં કહ્યું તે બીજાઓથી— જેઓ પોતાને આત્માર્થીઓ કહેવડાવે છે તેવાઓથી—જે રીતે હું એમને જુદા પડેલા જોઉં છું તે દર્શાવવા કહું છું.

એમને બીજો કોઈ મનરોગ ન હતો અને ફક્ત એક આત્માર્થનું કામ કેમ રહ્યું એનો વિચાર કરું છું, ત્યારે તેમનું સમસ્ત જીવન—વ્યવહારનું તેમજ અધ્યાત્મનું—મારી સ્મૃતિમાં પુરાવા ઊભા કરે છે.

હું એમના, તેઓ અધ્યાત્મ દિશા તરફ વળ્યા એ પહેલાંના પણ જીવનથી સુપરિચિત છું. કાંઈ નહીં તો પણ ઈ. સ. ૧૯૧૫ થી એમની મારા ઉપર પડેલી અસરો તારવી શકું છું. એમનું એ જીવન અને એ પછીનું આત્માર્થી થવાનું જીવન બંનેનો એકસાથે વિચાર કરું છું ત્યારે એમાં મને એક પ્રકારની અનુસ્યૂતતા દેખાય છે. બહારથી કોઈ એમ કહે અને લોકો એમ કહેતાં કે ક્યાં પેરીસવાળા હીરાભાઈ અને ક્યાં અગાસવાળા! પણ મને કોણ જાણે કેમ એ બધામાં એક જ પ્રકારના હીરાભાઈ દેખાયા છે. એટલે કે, જે વિશિષ્ટ લક્ષણો પેરીસવાળા હીરાભાઈના માનસિક ઘડતરમાં હતાં અને જેણે એમને ત્યાં અસાધારણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરાવી તે જ લક્ષણોએ એમને અનન્યાર્થી આત્માર્થી બનાવ્યા, એવા આત્માર્થી કે જેને માટે એમ યથાર્થ રીતે કહેવાય કે 'કામ એક આત્માર્થનું, બીજો નહીં મનરોગ.'

આ વિશિષ્ટ લક્ષણો તારવવા હું પ્રયત્ન કરું છું ત્યારે તો એમની સાથેનો વિવિધ પ્રકારનો જીવનસંસર્ગ એટલો ખડો થઈ જાય છે કે જેમાં તમને શું કહું, કેટલું કહું અને શું છોડી દઉં એની ખબર પડતી નથી.

એમનો અને એમનાં પત્ની પૂજ્ય મેનાબહેનનો મારા તરફ એક નાના ભાઈ જેવો પ્રેમ સદા વરસતો જ રહ્યો છે. એ પ્રેમની ખોટ એટલી સતાવી રહી છે કે એમને વિશે બોલતાં મૂંગળાઈ જવાય છે. એમનું ઘર મારા ઘરની અડોઅડ જ છે, એ તરફ જોઈ શકાતું નથી. આ બધી સંસારી મોહભાવના છે એ હું જાણું છું. હું મુમુક્ષુ હોવાનો દાવો કરી શકતો નથી, કારણ કે મારામાં આવો સંસારભાવ પ્રબળ છે; અને મને એમના સંસર્ગનો અને કહું તો લાંબા સહવાસનો આટલો લાંબો કાળ મળ્યો છતાં, એમના પ્રેમનું પાત્ર બનવાનો અધિકાર મળ્યા છતાં, એક વિરક્તની માફક હું એમને વિશે વિચારી શકતો નથી. અનેક અંગત સંસ્મરણો ઊભાં આવે છે: રાતના આઠ વાગે એટલે જો હું ગયો ન હોઉં તો મારો નાનો દીકરો અને તેની મા મને મશ્કરીમાં યાદ કરાવે કે 'આઠ વાગ્યા!' આઠ વાગે એટલે હીરાભાઈને ત્યાં જ મારે બેઠક કરવાની. અને એ બેઠકોમાં એમના સહવાસમાં જે મઝા અનુભવી છે તેનું તો અત્યારે ક્યાં વર્ણન કરવા બેસું?

આત્મજ્ઞાનની વાત તો હંમેશ હોય જ, અને દરેક વાર્તાલાપ કે ચર્ચા છેવટે એ વિષય ઉપર આવે. મૃત્યુને મહોત્સવ કેમ બનાવવો એની તરકીબો એમને જડેલી હોય. સદ્ગુરુનો મહિમા ગાતાં ગાતાં 'ગુરુગમ'ની વિડંબના સુધી પહોંચી જવાનું. એક સાચા જ્ઞાનીમાં બધા સાચા જ્ઞાનીઓ સમાઈ ગયા માટે એકને પકડી આલંબન લઈ આગળ વધો, વગેરે વાતો તો થવી જ. સાથે સાથે રાજકારણ, વેપારનીતિ, આપણું ચારિત્ર્યનું ધોરણ, દેશદેશની સમાજની નીતિઓના ખ્યાલોની સાપેક્ષતાથી માંડીને તે મારી અને મારા કુટુંબની બધી બાબતોમાં ચર્ચાઓ થતી. એમાં મારી પાસે વારંવાર આવતા એવા મિત્રો, અસ્તિત્વ માટે ... તૂટ નીચે જમીનમાલિકો વિદ્યાર્થિનીઓ પણ એમના નિરીક્ષણ અને સૂક્ષ્મ સૂચનનું પાત્ર બનતાં. એટલે પડઘો થાય ... અવસર નથી. કદાચ બધાને એમાં રસ પણ ન પડે.

થાય છે એમ આ સુરત ... આંદોલનોના માર્ગમાં સર્વ ... પામે અને એના પડઘા ... અહીંના એ ઉત્સવ પ્રસંગે આવવાનું નિમંત્રણ આપ્યું અને આશા કરી ત્યારે તે મેં તુરત સ્વીકારી લીધી. ખરી રીતે તો

હું મારા હિતાર્થે જ આવતાં ધારતો હતો, પણ કોઈ બોલતું એનો મને ખ્યાલ ન હતો. છતાં મારે નહાટાજીની આજ્ઞા શિરોમાન્ય કરવી જ જોઈએ કારણ કે હીરાભાઈની આજ્ઞા ઉઠાવવામાં એ સદાયે તત્પર રહેતા; એટલે આ પ્રસંગે એમની આજ્ઞા મારે મન હીરાભાઈની આજ્ઞા સરખી હતી. હીરાભાઈના લાંબા પરિચયમાં મને એમ દેખાયેલું કે જો એ કોઈને પુત્રવત્ ગણતા હતા તો તે શ્રી નહાટાજીને—એટલે કે તમાચો મારવાના અધિકાર સુધી. નહાટાજીને એવા તમાચા કેવા અને કેટલા પડ્યા છે તે કોઈક દિવસ તેઓ કહે તો એમાં આપણને હીરાભાઈ વિશે ઘણું અમૂલ્ય જાણવાનું મળે. પણ તે તો એ કહે ત્યારે ખરા.

૨

પણ જ્યારે મેં નહાટાજીની આજ્ઞા સ્વીકારી ત્યારે હું વિચાર કરવા લાગ્યો કે મારે હીરાભાઈને કોઈ એક વિશેષણ દ્વારા ઓળખાવવા હોય તો હું કયું વિશેષણ વાપરું? આલંકારિક કે ઔપચારિક રીતે નહીં, પણ વાસ્તવિક રીતે? એ ચિંતનમાં મારા ચિત્તમાં 'મહાનુભાવ' શબ્દ ઉપસ્થિત થયો. આ 'મહાનુભાવ' શબ્દ ભાષણોમાં અને લખાણોમાં, સાહિત્યમાં અને છાપાંઓમાં બહુ વાર વપરાય છે. ચવાઈ ગયેલો અને ચુંથાઈ ગયેલો એ શબ્દ છે. પણ એ શબ્દ મારા મનમાં ઊગી નીકળ્યો ત્યારે મને એમ થયું કે એનો અર્થ હું બરાબર સમજું. અનુભાવના ત્રણ અર્થો સંસ્કૃતમાં થાય છે: પ્રભાવ, નિશ્ચય અને ભાવસૂચન —अनुभाव: प्रभावे स्यान्निश्चये भावसूचने। (अ. चि. का. ७, श्लो. ११५)

આ ત્રણ અર્થો મારી સમક્ષ આવ્યા ત્યારે મને તુરત જ થઈ ગયું કે હીરાભાઈ માટે 'મહાનુભાવ' શબ્દ મારા મનમાં આવ્યો તે ત્રણે અર્થમાં યથાર્થ છે. પ્રભાવમાં, નિશ્ચયમાં અને ભાવસૂચનમાં મહત્તા મને હીરાભાઈના જીવનમાં પ્રતીત થયેલી દેખાઈ, તેમના વ્યાવહારિક જીવનમાં અને તેમના અધ્યાત્મ જીવનમાં. એમના સમગ્ર જીવનની એકતાની મેં જે પહેલાં વાત કરી તે આ શબ્દમાં અંકિત થઈ જતી દેખાઈ. તેમના વ્યવહાર જીવનમાં–ત્રણે અર્થમાં અનુભાવત્વ હતું, એ જ અનુભાવત્વ તેમના અધ્યાત્મ જીવનમાં પણ પ્રતીત થયું હતું. એટલે મારે મન હીરાભાઈ જે રૂપે પ્રતીત થયેલા હતા તેને સૂચવવાને માટે 'મહાનુભાવ' શબ્દ બરાબર બંધ બેસી ગયો અને તેમના સમગ્ર જીવનમાં અનુસ્યૂત જે તંતુ હતો તેનો રંગ પણ મળી ગયો.

પ્રભાવ, નિશ્ચય—અમરકોશ પ્રમાણે सता च मतिनिश्चये (अ. को. का ३ श्लो. २०८) સત્પુરુષોનો મતિનિશ્ચય—અને ભાવસૂચન આ ત્રણે પાસામાં હીરાભાઈનું જે વ્યક્તિત્વ ઓપતું હતું તેમાં મને વધીથી મહત્તાનો આભાસ થતો રહ્યો છે; એટલે મહાનુભાવ પદના એ મારે મન અધિકારી થયા.

૩

થોડાંક સંસ્મરણો કહી આ વાતને વધારે સ્પષ્ટ કરવા પ્રયત્ન કરું છું.

હીરાભાઈની આંખમાં એક પ્રકારની તેજસ્વિતા હતી. તેમનું માથું ફ્રેનોલોજિસ્ટ આપણે ન હોઈએ તો પણ મોટી બુદ્ધિમત્તાનું અને ગૌરવનું સૂચક લાગે એવું હતું. તેમની મુખમુદ્રા સસ્મિત, સૌમ્ય, પ્રસન્ન હોવા છતાં તેમાં દૃઢ સંકલ્પનો નિશ્ચય પ્રતીત થતો હતો. તેમની

રીતભાતમાં વર્તણૂંકમાં, બોલચાલમાં એક બાજુએ પેરીસના દીર્ઘવાસના સંસ્કારની છાપ હતી અને એમાં ભારતીય આભિજાત્યનો પ્રાણ હતો. He was a man of stately presence.

૪

તેમની બુદ્ધિમત્તાના પુરાવા તેમના વિદ્યાર્થીજીવનમાં પણ દેખાયા હતા. એમના જમાનાની મેટ્રિકની પરીક્ષામાં જે પ્રથમ પાંચ કે દસ આવે છે એમાંના એ એક હતા એમ સાંભળ્યું હતું. વિલ્સન કૉલેજના પ્રથમ વર્ષમાં પણ તેઓ પ્રથમ વર્ગ લાવી શકેલા એવી માહિતી અછડતા ઉલ્લેખોથી મળી હતી. એ પછી તેઓ ગ્રાંટ મેડિકલ કૉલેજમાં દાખલ થયા હતા અને દાક્તરી અભ્યાસ શરૂ કર્યો હતો. આ સમયમાં એમની આર્થિક ગરીબાઇ પાર વગરની હતી. એમના કાકા અને બીજાં સગાસંબંધીઓની મદદથી તેઓ અભ્યાસ કરી શકતા હતા. જૂની રૂઢિ પ્રમાણે નાનપણમાં જ તેમનું લગ્ન થઇ ગયું હતું.

આ વખતના એક પ્રસંગની વાત કરતાં તેમણે મને કહેલું કે એકવાર ચોપાટી કે એવા બીજા કોઇ સ્થળે દરિયાકાંઠે ઊભા રહી એમણે દૂર પાણી ઉપર દૃષ્ટિ ફેંકી કોઇ સ્ટીમર જતી જોઇ, ત્યારે એવી ભાવના કે પ્રાર્થના કરેલી કે 'આ દેશ અને સમાજ છોડી મારે દરિયાપાર જવાનું થાય તો કેવું સારું !' થોડા જ વખત પછી એમને એક સાધારણ ગુમાસ્તા તરીકે પેરીસ જવાની ઓફર મળી અને તે તેમણે તુરત સ્વીકારી લીધી,—દાક્તર થવાનું માંડી વાળીને.

પણ એથી એમની વિદ્યા તરફની અભિરુચિ કાંઇ ઘટી નહીં.

પેરીસમાં જઇ ફ્રેન્ચ ભાષા ઉત્તમોત્તમ કેમ શીખી શકાય તેની તજવીજ આર્થિક સાધન વધતાં ક્રમે ક્રમે કરવા માંડી. આમાં તેમની પ્રકૃતિનું એક લક્ષણ વિકસતું હતું: જે કાંઇ મેળવવું તે ઉત્તમ કોટીનું જ મેળવવું અને તે અંગે મહેનત કે પૈસાના ખર્ચ સામે જોવું નહીં. એમના અને એમના બીજા સંબંધીઓના કહેવા પ્રમાણે સુભગ રીતે ફ્રેન્ચ બોલવાનું શીખવા માટે અમુક શિક્ષિકાઓ પ્રસિદ્ધ ગણાતી. તેમને સારી એવી ટ્યુશન ફી આપી તે બરાબર સુશિક્ષિત લોકોની સુશિક્ષિત શૈલીએ ફ્રેન્ચની નજાકત સાથે ફ્રેન્ચ બોલતાં શીખ્યા, (જે એમને આગળ ધંધામાં પણ ઊંચા સંબંધો સાધવામાં મદદરૂપ થઇ ગયું.) વર્ષો પછી હિંદુસ્તાનમાં રહેવાનું નક્કી કર્યું અને પરદેશ જવાનું માંડી વાળ્યું તે વખતે તેમના કોઇ કોઇ ફ્રેન્ચ મિત્રો તેમને મળવા આવતા. એમાંના બે જણનો મને પરિચય કરાવેલો; જેમાંના એક તો સુશિક્ષિત વેપારી હતા અને બીજા સાહિત્યકાર હતા. આ સાહિત્યકારનાં કેટલાંક પુસ્તકોને ફ્રેન્ચ એકેડેમીની છાપ પણ મળેલી. આ સાહિત્યકાર તેમની સાથે હંમેશાં એક મોટું ફ્રેન્ચ વ્યાકરણ રાખતા. મેં તેમને પૂછ્યું 'કે આટલી બધી હયાતી પછી આ વ્યાકરણ રાખવું કેમ પડે છે?' તો કહે કે 'ફ્રેન્ચભાષાનું વ્યાકરણ એવું સૂક્ષ્મ છે કે તેમાં ભૂલ થઇ જાય. તે ન થાય માટે વારંવાર વ્યાકરણને consult કરવાની જરૂર પડે છે.' એ લોકો જ્યારે હીરાભાઇ સાથે ફ્રેન્ચમાં વાતો કરે ત્યારે મને, જો કે ભાષા ન સમજતી છતાં, તે સાંભળવામાં એટલી બધી મીઠાશ અનુભવાતી, મઝા આવતી, ખાસ કરીને હીરાકાકાની બોલીમાં કે મેં એકવાર આ

બંને ગૃહસ્થોને અલગ અલગ પૂછી જોયું કે હીરાકાકાનું ફ્રેન્ચ કેવું? એ બંનેએ જુદા જુદા મને કહ્યું કે "He speaks French better than a Frenchman." આ થઈ ફ્રેન્ચ ભાષાની વાત. તેઓએ એમના પેરીસના વસવાટ દરમ્યાન યુરપની બીજી ભાષાઓનો પણ ઠીકઠીક અભ્યાસ કરેલો; ખાસ કરીને જર્મન, ઈટેલિયન, વગેરે.

પેરીસમાં કામધંધો કરતાં કરતાં પણ તેઓને વારંવાર લંડન જવાનું થતું. એથી એમણે બેરિસ્ટરનો અભ્યાસ કરવાનો વિચાર કર્યો અને ફુરસદે ફુરસદે તેના ખાણા બરાબર પૂરા કરી બેરિસ્ટરની પરીક્ષા આપી. ઘણું કરીને તેઓ ૧૯૧૧ માં બેરિસ્ટર થયા.

આ અંગે એક પ્રસંગ નોંધવા જેવો છે. તેમના કાકા કે જેઓ ધંધુકામાં એક સારા વકીલ હતા એમણે એમને હિંદુસ્તાન આવી બેરિસ્ટરી કરવાનો આગ્રહ કર્યો; ત્યારે તેમણે કહેલું, "હું પરદેશી સરકારની અદાલતમાં વકીલાત કરવા માગતો નથી"—એમના રાજકીય વિચારો અને ભાવનાઓ વિશે આગળ થોડોક ઉલ્લેખ કરીશ—પણ હમણાં તો એમના વિદ્યાવ્યાસંગની જ વાત ટૂંકામાં કહી જઉં. પોતે મેડિકલ કોલેજમાં ગયેલા એટલે વિજ્ઞાનનો બહુ શોખ હતો, ખાસ કરીને Biology અને Geography નો. એમની આવક વધતી ગઈ તેમ તેમ તેમણે તે તે વિષયોના સારા એવા પ્રોફેસરોને રોકવા માંડ્યા અને વ્યવસ્થિત રીતે આ બધાનો અભ્યાસ કર્યો; યુનિવર્સિટીની પરીક્ષાઓ આપી શકાય એટલો; પણ એ અરસામાં પોતે પોતાના ધંધામાં એટલા આગળ વધી રહ્યા હતા કે એમને પરીક્ષાઓ આપવાનું પાલવે તેમ ન હતું! છતાં વિદ્યાવ્યાસંગ એમનાથી મૂકી શકાય એમ પણ ન હતું. તેઓએ એકવાર મને કહેલું કે એમણે બેરિસ્ટરીનો અભ્યાસ જ્યુરીસપ્રુડન્સ અને કાયદાના મૂળમાં કયાં તત્ત્વો હોય છે તે જાણવા માટે જ કરેલો, વકીલાતનો ધંધો કરવા નહિ. તેઓ મને વારંવાર મોન્ટેસ્કયુનો Spirit of Laws નામનો ગ્રંથ વાંચવાની ભલામણ કરતા. એમણે Economics, Politics, Banking આ બધા વિષયોનો પણ સારો અભ્યાસ કરેલો.

એક દિવસે એમનાં કેટલાક પુસ્તકો મેં જોયાં. તેમાં ઘણાનાં છૂટાં કરેલાં પાનાં જ હતાં અને તે પુસ્તકના પૂંઠામાં મૂકેલાં. મેં એમને પૂછ્યું કે આમ કેમ? તો કહે કે 'આખું પુસ્તક સાથે લઈ જવાય એમ ન હોય અને એક કામ અને બીજા કામની વચ્ચે જે ફુરસદ મળે ત્યારે વાંચવાની સગવડ ખાતર હું પુસ્તકનાં થોડાંક પાનાં કાઢી ખીસ્સામાં રાખતો.

વર્ષો પછી એમનાં ફ્રેન્ચ પુસ્તકોનો સંગ્રહ જોયેલો કે જેમાં મૂળ સંગ્રહમાંથી થોડાંક બાકી રહેલાં તે પણ સેંકડોની સંખ્યામાં હતાં.

તેઓ સામાન્ય રીતે વરસમાં એક બે વાર હિંદુસ્તાન આવતા. આવા એક પ્રસંગે ૧૯૧૫ માં હું ઈન્દોરમાં ભણતો હતો ત્યારે તેમને મળવાનું થયેલું. સંસ્કૃતનો મને શોખ છે એવી એમને ખબર પડેલી એટલે એમણે મને કહેલું કે 'મારે સંસ્કૃત શીખવું છે. મને મારી મેળે શીખી શકું એવી કોઈ સંસ્કૃત ચોપડીઓ હોય તો લાવી આપો.' મેં તેમને કયાં પુસ્તકોની ભલામણ કરી તે અત્યારે યાદ નથી; કદાચ રા. બ. કમળાશંકર ત્રિવેદીએ નવું તૈયાર કરેલું પુસ્તક 'संस्कृत शिक्षिका' લાવી આપ્યાનું યાદ આવે છે.

આમ એમના યુરપના વાસ દરમ્યાન તેઓ જુદા જુદા વિષયોના એક બહુશ્રુત વિદ્વાન જેવા હતા. એ પોતે વિદ્વાન ગણાવાનું પસંદ નહોતા કરતા. એ કહેતા કે, 'દરેક વિષયમાં હું

મારું ખપપૂરતું જાણી લેવાનો પ્રયત્ન રાખતો હતો. વિદ્વાન થવાની ઈચ્છાથી અભ્યાસ નહોતો કરતો.' પણ એમનો આ વિદ્યાવ્યાસંગનો અભ્યાસ—એમણે જ્યારે એ બધું છોડી દઈને અધ્યાત્મવિદ્યાનો અભ્યાસ કરવા માંડ્યો—ખાસ કરીને શ્રીમદ્ રાજચંદ્રના ગ્રંથોનો—ત્યારે તે જે રીતે એની જુદી જુદી રીતની નોંધો રાખતા, ઇન્ડેક્સો બનાવતા, જીવનના જુદા જુદા પ્રસંગોમાં માર્ગદર્શક થાય એવાં અવતરણો કરતા, અગાસમાં લઘુરાજ સ્વામીને મળતા વિશિષ્ટ માણસોની નોંધ રાખતા, અને એ કરવામાં કોઈ પણ પરીક્ષાર્થી વિદ્યાર્થી જેટલું કામ ન કરે તેટલું નિયમિત રીતે રોજના ૭ થી આઠ કલાક ગાળી કરતા, ત્યારે પ્રતીત થતો.

એમનાં પત્ની મેનાબહેન કહેતાં કે 'એ તો ચોપડીઓમાંથી ઊંચા આવતા જ નથી.'

આ મેં તેમનો ટૂંકામાં વિદ્યાવ્યાસંગ કહ્યો. એક વિદ્યાવ્યાસંગી તરીકે મને એમાં મહત્તા દેખાઈ છે.

૫

હીરાભાઈ પહેલી વાર પેરીસ ક્યારે ગયા તેની તારીખ તો મને અત્યારે યાદ નથી; ઘણું કરીને ૧૯૦૭માં. પણ આપણા દેશનો અને ફ્રાન્સનો—તેમાંયે ખાસ કરીને પેરીસનો—અને તેમાંયે આપણા દેશ તરફ યુરોપીઅનો કેવી નજરે જોતા હતા—તે બધાનો ખ્યાલ મેળવવા માટે તમને વીસમી સદીના પહેલા બે દસકા—૧૯૦૦ થી ૧૯૨૦ સુધીનો સમય યાદ કરવા કહું છું. એક બાજુએ આપણા દેશમાં બંગભંગની ચળવળ-બૉંબદ્વારા ક્રાન્તિનો પવન હતો,—ત્યારે બીજી બાજુએ બ્રિટિશ શાસન નીચે રહેલા હિંદીઓ વિશે યુરોપિયનો તિરસ્કારથી 'નાલાયક કાળિયાઓ' તરીકે જોતા હતા—તે એ સમય.

આ બાબતમાં મેનાબહેને કહેલો એક ટુચકો યાદ આવે છે. તેમણે એકવાર મને કહ્યું કે 'ત્યાંની સ્ત્રીઓ મને પૂછતી કે 'તમારા દેશમાં પુરુષો છે કે નહીં'? હું પૂછતી 'કેમ?' 'પુરુષો હોય તો આટલા થોડા અંગ્રેજો તમારા ઉપર રાજ્ય કેમ કરી શકે છે?' ત્યારે હું શરમાઈ જતી."

તે વર્ષોમાં પેરીસમાં મેડમ કામા, શ્રી રાણા અને શ્યામજી કૃષ્ણ વર્મા વગેરે ક્રાન્તિકારીઓની ટોળી રહેતી હતી. હીરાભાઈ પણ એ ટોળીમાંના હતા. તે જમાનાના રાષ્ટ્રપ્રેમી યુવાનોની માફક એમને પણ ભારતને ક્રાન્તિદ્વારા મુક્ત કરવાની ભાવના રહેતી. આ જ કારણથી તેઓ બૅરિસ્ટર થયા હોવા છતાં તેમણે અંગ્રેજોની અદાલતમાં વકીલાત કરવાનું પસંદ કર્યું નહીં. આ વર્ષોના અનેક પ્રસંગો તેમની પાસેથી મને અવારનવાર જાણવા મળેલા. જેમાં પોતે માને એમાં છૂટે હાથે પૈસા આપવાની એમની ખાસિયત હતી. એ ખાસિયતે તેમની પાસે કમાણીનો સારો એવો ભાગ રાજકીય ક્રાન્તિ માટે ખર્ચાવેલો.

તેમણે અનેકવાર મને કહેલું કે 'મેં જીવનમાં બે જ ગુરુ કર્યા છે: એક શ્યામજી કૃષ્ણ વર્મા અને બીજા પ્રભુશ્રી (લઘુરાજ સ્વામી—લઘુજી મહારાજ). એકની શિખામણ વ્યવહારમાં મને લાભદાયી થઈ પડી, જ્યારે બીજાએ મારાં જીવનને આત્મલક્ષી કર્યું'. શ્યામજી કૃષ્ણ વર્માની તેઓ અનેક વાતો કરતા, ખાસ કરીને તેમની બુદ્ધિમંતાની, યુરોપના તત્કાલીન રાજકારણની એમની ઊંડી સમજની; પહેલું વિશ્વયુદ્ધ થયું તે પહેલાં એક બે વર્ષ

એમણે એવી આગાહી કરી અને લંડન છોડી પોતે પેરીસ આવી ગયા; છતાં અંગ્રેજોની આંટ ઉપર વિશ્વાસ હોવાથી પૈસા ઇંગ્લેન્ડની બેન્કોમાં રાખત; ફ્રેન્ચ સરકારને ચેતવણી આપી : યુદ્ધમાં બ્રિટનની મદદથી ફ્રાન્સ જીતશે પણ આર્થિક રીતે પાયમાલ થઈ ફ્રાન્સ ઊતરતી પંક્તિના દેશોમાં આવી જશે—વગેરે, વગેરે શ્યામજીના 'Indian Sociologist' ની જૂની ફાઇલો વાંચવાની મને ખાસ ભલામણ કરેલી. પણ શ્યામજીની વિશેષતા, તેઓ કહેતા કે 'જુદા જુદા માણસોની શક્તિ પારખી તેને અનુરૂપ દેશસેવાનું કામ સોંપવામાં હતી.' તેમણે હીરાભાઇને કહ્યું કે 'તારું કામ બોંબ ફેંકવાનું નથી. તું અહીંઆ વેપારી તરીકે આવ્યો છું. તું જાણે છે કે આપણા દેશની આંટ, પ્રતિષ્ઠા સારી નથી. તું જો દેશની સેવા કરવા માગતો હોય તો તારે એવી રીતે વર્તવું જોઇએ કે જેથી આ લોકોને ખબર પડે કે સાચો હિંદી કેટલો પ્રામાણિક, આંટવાળો અને બોલ્યું પાળનાર છે. દેશનું ગૌરવ એના માણસોથી થાય છે. તું બુદ્ધિમાં, રીતભાતમાં અને વેપારી નીતિમત્તામાં આ લોકોને ચઢી જાય અને એ રીતે એ લોકો તારી કીર્તિ કરે એમાં દેશની કીર્તિ છે.'

હીરાભાઇ કહેતા કે "મારી એવી એક ટેવ છે કે કોઇને ગુરુ તરીકે સ્વીકાર્યા પછી એની આજ્ઞામાં શંકા કરવી નહીં. મેં પેરીસમાં એ આજ્ઞા પ્રમાણે જીવન ઘડવાનો પ્રયત્ન કર્યો હતો. આના એક ભાગ તરીકે સવાયો ફ્રેન્ચમેન—પેરીશિયન થવાની પણ મને આકાંક્ષા થઈ. આપણા દેશની જૂની રીતરસમો, ખાવાપીવાની રીતો, રહેણીકરણી, વૈરાગ્યવાળા ધર્મો એ બધા ઉપર મને અણગમો હતો. બુદ્ધ અને મહાવીરને કમજિયાત રહેતી હોવાથી તેઓ પેસિમિસ્ટ હતા; અને તેથી તેમણે વૈરાગ્યનો ધર્મ ફેલાવેલો. કેવળ શાકભાજી ખાઇને આ અંગ્રેજો સાથે કેમ લડાય? રૂઢિઓનાં બંધનોમાં જકડાઈ પડેલા લોકો શી રીતે નવો જમાનો જીરવી શકે અને યુરપનો સામનો કરી શકે? યુરપનો સામનો તો યુરોપિયન જેવા થવાથી, તેમ નાથી સવાયા થવાથી થાય. આવી એ વખતની મારી માન્યતા થઈ હતી અને એ રીતે મેં હિંદી રીતભાતો છોડી દઇને પેરીશિયનો મારી ઇર્ષ્યા કરે એવી અદાવાળું મારું જીવન મેં બનાવ્યું."

હીરાભાઇના સ્વભાવનું એક લક્ષણ એ હતું કે જે કાંઈ કરવું તે સાંગોપાંગ કરવું, ખુલ્લેખુલ્લું કરવું અને કહેવું. છુપાવીને કશું કરવામાં તે માનતા નહીં. આપણા લોકોનો દંભ,–ખાસ કરીને વૈરાગી જેવા દેખાતા પણ હકીકતમાં વાસનાઓથી ભરેલા એવા યુરપમાં આવતા રાજાઓ, રાજકુમારો, કારભારીઓ અને વિવિધ પ્રકારના મહાત્માઓ,—આ લોકોના દંભનું પોકળ ફોડવામાં એમને એ દિવસોમાં એક જાતની મઝા આવતી. આનાં ઘણાં કિસ્સાઓ એમણે મને કહેલા.

પહેલું વિશ્વયુદ્ધ ચાલતું હતું તે દરમ્યાન તેઓ મને એકવાર મળેલા ત્યારે કહેલું કે 'એકલું સંસ્કૃત વાંચ્યા કરશો તો તેથી કાંઈ હિંદુસ્તાનને લાભ થવાનો નથી. આજે યુરપની દુનિયા કેવી ચાલે છે એ સમજો.' અને એમ કહીને જર્મનીના તે વખતના એક સેનાપતિ લેખક ફોન બર્નહાર્ડીના સિદ્ધાંતોની મને વાત કરી. એનું એક વાક્ય હજી પણ મને યાદ છે: "War is a biological necessity." એ લેખકનું એક પુસ્તક પણ તેમણે મને વાંચવાની ભલામણ કરેલી. કદાચ હજુ પણ તે પુસ્તક મારા સંગ્રહમાં હશે. પ્રો. ક્રામ્બનું પુસ્તક Britain as Germany's Vassal પણ વાંચવા કહેલું. એ પોતે એ જમાનામાં

યુરપમાં માંસાહાર કરતા. અને કરવો આવશ્યક માનતા. બીજા હિંદીઓને એમ કરવાનું સૂચવતા, કારણ કે તેઓ એમાં માનતા. એમના પ્રભાવની મારા ઉપર બહુ અસર હતી. જો કે હું માંસાહાર તરફ વળ્યો નહીં, તો પણ મારા વિચારોમાં એક વાત સ્પષ્ટ થઈ ગઈ કે માણસની નીતિ એટલે તેનું ખાવું પીવું નથી, તેમ પહેરવેશ પણ નથી. ત્યારે પણ તેઓ વારંવાર કહેતા હતા કે 'આપણામાં પ્રામાણિકતાની મોટી ઊણપ છે. પ્રામાણિકતા એ જ નીતિનો પાયો છે. વિશ્વાસઘાત કરવો એ મોટામાં મોટું પાપ છે. દેશદ્રોહ તો જાણે કે આપણને લોહીમાં ઊતર્યો છે,' વગેરે વગેરે. આ બધા એમના વિચારોનો મારા ઉપર ઠીક પ્રભાવ પડેલો. રાજકારણમાં પણ હું એવું માનતો થઈ ગયેલો કે હિંસક ક્રાંતિ વગર આપણો દેશ સ્વતંત્ર થઈ ન શકે.

શ્યામજી કૃષ્ણ વર્માનો આદેશ એમના વેપારકાર્યમાં એમણે કેવી રીતે સિદ્ધ કરી બતાવ્યો એના અનેક પ્રસંગો એમના પોતાના મુખે અને એમના મિત્રોના મુખે મેં સાંભળેલા. પણ આ વિશે પ્રત્યક્ષ માહિતી તો શ્રી નહાટાજી કે તેમના મોટાભાઈ પૂનમચંદ નાહટા, કે હીરાભાઈના ભાણેજ શ્રી ચંદુલાલ શાહ વધારે આપી શકે; કારણ કે તેઓ તેમની વ્યાપાર પ્રવૃત્તિના સાક્ષી હતા. હીરાભાઈના એક ફ્રેન્ચ મિત્રે એમની બાહોશી, એમનું સ્વમાન, એમની વેપારીઓમાં અને બેંકોમાં પ્રતિષ્ઠા વગેરેના અનેક પ્રસંગો મને કહ્યા છે. એક આખું પુસ્તક થાય એવા એટલા પ્રસંગો છે.

સામાન્ય રીતે કોઈ મોટા સફળ થયેલા વેપારી કે ઉદ્યોગપતિને મળીએ ત્યારે તે આપણી સાથે ખુલ્લા દિલથી વાત કરે તો તે પોતે કોઈ પ્રામાણિકપણાના આદર્શથી સફળ થયા છે એમ જાણવાનું જવલ્લે જ મળે. પણ હીરાભાઈએ અનેક વાર જુદા જુદા પ્રસંગો પર મને કહેલું કે 'Honesty has paid me But in business it is not enough to be honest One should also be known as honest.' આ માટે જે કાંઈ ત્યાગ કરવો પડે, ખોટ સહન કરવી પડે, એ બધાનું અનેકગણું પાછું મળે છે એમ તેઓ વારંવાર કહેતા. એ જમાનામાં જ્યારે ભાગ્યે જ કોઈ હિંદીની યુરોપિયન બેંકો શાખ રાખે તે જમાનામાં હજારો પૌંડની open credit પેરીસની બેંકો તેમને આપતી. પૈસાની ઓનેસ્ટીની બાબતમાં તેઓ ઈંગ્લેન્ડને પ્રથમ સ્થાન આપતા. 'Honesty is the best policy' એ ઈંગ્લેન્ડનું સૂત્ર. પોતે ઉમેરતા કે 'પોલિસી પણ ઈંગ્લેન્ડનો પ્રિન્સિપલ નહીં.'

આ તત્ત્વના સમર્થનમાં બીજી બાજુએથી પણ વાત કરતા. માણસ પ્રામાણિકતાનો ઢોંગ કરે, પણ પ્રલોભન દેખાતાં એ છોડી દે તો એથી કશું વળે નહિ. તેમનો વ્યવહારમાં તેમને અનેક સંબંધો કેમ છોડી દેવા પડતા, પ્રામાણિકતાનો પ્રારંભમાં દેખાવ કરી પછી ગેરરીતો અજમાવતા સાથીદારોને પોતે નુકસાન વેઠી કેમ છોડી દેતા તેના કેટલાક પ્રસંગો મને જાણવા મળેલા. અનેક સંબંધીઓને વેપારમાં આગળ લઈ જવાના પ્રયાસમાં પોતે આ કારણથી કેમ નિરાશ થતા એના દાખલા પણ આપેલા. એ અનુભવોથી કોઈ નવો ઉમેદવાર આવે તો મશ્કરીમાં પૂછતા કે ક્યાં સુધી ભણેલ છે? કેટલા હજાર કે લાખ?

હવે એમની પ્રભાવશાળિતાનો એક દાખલો આપું. પહેલા વિશ્વયુદ્ધના આરંભમાં એમને એકાએક હિંદુસ્તાન આવવાનું થયું. વેપાર અંગે તેમને ફ્રાન્સ જ રહેવું જોઈએ એમ

હતું. એમનો માલ મૂડી પેરીસમાં હતો અને પોતાની પાસે કાંઈ પણ પૈસા રહ્યા ન હતા. પણ મુંબઈના એ વખતના પોલીસ સુપરિન્ટેન્ડન્ટને ખબર હતી કે હીરાભાઈ રાજદ્રોહી ચળવળના એક હિમાયતી છે, સહાયક છે; એટલે એમણે એમને પાસપોર્ટ આપવાની ના પાડી એણે એમને બોલાવીને કહ્યું, 'મિ. શાહ, હવે શું કરશો?' ત્યારે તેમણે કહ્યું કે 'હિંદુસ્તાનમાં ભીખ માગવામાં શરમ નથી. હું મારું કરી લઈશ.' આ પછી તેઓ તુરત જ કલકત્તા ગયા. ત્યાંના એક મોટા ઝવેરીની (ગદરોદાસજીની) દુકાનમાં 'સેલ્સમેન' તરીકે જોડાયા અને પછી તુરત જ તેમની સિમલાની શાખામાં ગયા. એ મોટા ઝવેરીની દુકાનમાં તે વખતના પંજાબના ગવર્નરની વહુ દીકરી તથા વાઈસરોયના કુટુંબની સ્ત્રીઓ પણ આવતી જતી. એ બધાંની સાથે એમણે પરિચય સાધ્યો અને એમની રીતભાત, વર્તણૂક, વાતચીત અને અદાથી તેઓ પ્રસન્ન થઈ હીરાભાઈનાં મિત્રો બની ગયાં. પ્રસંગવશાત્ પોતે પેરીસ કેમ જઈ શકતા નથી એની પણ વાત નીકળી. ગવર્નરની દીકરી કે પત્નીએ એમને કહ્યું કે 'એ બને જ કેમ?' અને પંજાબ સરકાર પાસેથી તેમને સીધો પાસપોર્ટ કઢાવી આપ્યો. તેઓ તુરત જ મુંબઈ ઊપડ્યા અને સ્ટીમર લઈ લીધી. પેલા પોલીસ સુપરિન્ટેન્ડન્ટ અને એના ગોરા ઉપરીને સંદેશો કહેવડાવ્યો કે 'મને રોકાય તો રોકજો.' આવી સહાયક વૃત્તિવાળો એમનો સ્વભાવ અને ધાર્યું કરવાનો નિર્ધાર. પોતાના વ્યક્તિત્વનો પ્રભાવ પાડી એ કામ કરે! દીનતાથી નહિ. આવા તો એમના જીવનના કેટલાયે પ્રસંગો હતા.

વેપાર કરવાની તેમની બીજી એક ખાસિયત પણ કહેવા જેવી છે. તેઓ કહેતા કે પોતે Businessને એક Sport તરીકે ખેલતા, કેવળ ગમે તેમ નીતી મૂકીએ પૈસા એકઠા કરવાનું સાધન નહોતા ગણતા બે. કે સટ્ટાના તેઓ મોટા વિરોધી હતા છતાં 'બીઝનેસને' પણ તેઓ એક pleasure અને એમ ખેલતા અને એમ કરતાં કેટલીકવાર ભારે નુકસાનીમાં પણ આવી જવાતું. એવો એક પ્રસંગ એમનો કહેલો યાદ આવે છે.

એક વખત એવો આવ્યો કે જ્યારે લેણુંદેણું ચૂકવતાં એમની પાસે કાંઈ રહેતું ન હતું. એમણે હિસાબ કરી પોતાનું દેણું ચૂકવી દીધું. પોતે જે આલિશાન અને સુંદર રાચરચીલાવાળા મકાનમાં રહેતા હતા તેને ખાલી કરીને એક નોકરની પંદરવીસ ફ્રેન્કના ભાડાવાળી ઓરડીમાં પોતાની હેન્ડબેગ લઈને રહેવા ગયા; અને સૌ પ્રથમ જે બેંક એમને મોટી credit–શાખ આપતી હતી તેના મેનેજરને જઈને પોતાની આર્થિક સ્થિતિનું સ્પષ્ટ અને ચોખ્ખું બયાન કર્યું. મેનેજરને મળીને બહારના ખંડમાં આવ્યા ત્યાં તેમને તેમનો એક જૂનો મિત્ર કે જે મોટો શ્રીમંત વેપારી હતો તે બહારના ખંડમાં મળ્યો. તેણે તેમને સમાચાર પૂછ્યા એટલે હીરાભાઈએ પોતાની હાલતની વાત કરી અને પોતે મેનેજરને શું કહી આવ્યા તે પણ જણાવ્યું! બેનેનફિન્ડ કે એવું કાંઈક નામ એનું હતું. તે તુરત જ હીરાભાઈને પોતાના સોલિસિટર પાસે લઈ ગયો અને તેમના નામ ઉપર જનરલ પાવર ઓફ એટોર્ની તુરત જ બનાવી આપવા કહ્યું. પોતાની આખી મિલકતની જનરલ પાવર ઓફ એટોર્ની બનાવવાની વાત સાંભળી સોલિસિટરને નવાઈ લાગી એટલે સ્પષ્ટીકરણ માટે ફરી પાછું પૂછ્યું, ત્યારે બેનેનફિન્ડે કહ્યું : 'હું કહું છું તે પ્રમાણે તુરત જ કરી આપો.'

આવા તો જાતજાતના કેટલાયે પ્રસંગો તેમના મેં સાંભળેલા. ત્યાંની વેપારી સૃષ્ટિમાં

તેનો રૂઆબ કેવો હતો તે પણ મેં તેમના મિત્રો પાસેથી અને તેમનાં પત્ની મેનાબ્હેન પાસેથી સાંભળેલું.

વેપારી હોવા છતાં એ લોભ કરવાની ભ્રમમાં પડતા નથી. નિવૃત્ત થયા પછી પોતાને કેટલું જોઈએ છે તેનો કયાસ કરી જરૂર પડે પોતાનાં રત્નોને પ્રસંગે પ્રસંગે વેચતા. આવું એક રત્ન શ્રી નવાટાણી દ્વારા તેમણે વેચેલું. નવાટાણી એની કિંમત સાડા પાંચ લાખ રૂપિયા કરી લાવ્યા, પણ હીરાભાઈએ એ ત્રણ લાખમાં વેચ્યું! નવાટાણીએ ફરિયાદ કરી ત્યારે તેમણે કહ્યું કે 'મને અત્યારે આટલાની જ જરૂર છે. પણ તમારે બીજે કાંઈ જોઈતું હોય તો લો.' નવાટાણીને તો એમાંથી કાંઈ જોઈતું ન હતું. પણ હીરાભાઈને આવું ઓછું મળ્યાનો તેમને શોચ હતો. આમ કરી લાખ ઓછા લેવાનું કેટલા કરી શકે તેનો વિચાર કરો તો એમના નિશ્ચયોની મહત્તા સમજશો. કાર્લાઈલે એના 'હીરોઝ એન્ડ હીરોવર્શિપ' નામના ગ્રંથમાં જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોના વીરોનું નિરૂપણ કરેલું છે. હીરાભાઈ મને વેપારી ક્ષેત્રના એવા એક hero-હીરો જેવા લાગતા.

પેરીસની એમની રહેણીકરણી, એમના મોજશોખ અને સૌથી વિશેષ તો એમની ઉદારતાના તો કેટલાયે પ્રસંગો છે. આ કારણે તેઓ Prince Hiralal કહેવાતા. આ બધા પ્રસંગોમાં પણ એમની જે એક ખાસિયત કે જેનો હું પહેલાં નિર્દેશ કરી ગયો તે સ્પષ્ટ દેખાતી હતી—કશું પણ ઊતરતું-secondbest-એમને ન ખપી શકે. પૈસો ખરચવાની તૈયારી અને બુદ્ધિ તથા સુરુચિની વિલક્ષણતા જે કાંઈ ઉત્તમ પ્રકારના ભોગો મેળવી શકે તે જ મેળવવા એમની આકાંક્ષા રહેતી. આનું પણ વર્ણન અહીં નહીં કરું. સંસ્કૃતમાં જે અર્થમાં 'રત્ન' શબ્દ વપરાય છે,—અર્થાત્ ઉત્તમ વસ્તુના અર્થમાં—એઓ દરેક વસ્તુ કે વિષયમાં રત્નપરીક્ષક અને રત્નગ્રાહક હતા. તેઓ કેવળ સ્થૂળ વૃત્તિના ભોગીપુરુષ ન હતા; એમના વૈભવ અને ભોગવિલાસમાં એક પ્રકારની રુચિશક્તિની સૂક્ષ્મતા સતત પ્રવર્તમાન રહેતી અને તેમાં એક જાગૃતિ પણ રહેતી. આ ન છૂટાય એવા વૈભવવિલાસમાંથી પોતે કેમ છૂટ્યા તેનું મૂળ કારણ તેમની આ સૂક્ષ્મબુદ્ધિ અને જાગૃતિ હતાં. ઉપરાંત વસ્તુનો રસ ભાંગી જાય એ હદ સુધી જવાનું જોખમ પણ તેઓ ખેડતા.

વ્યાપારી અને ઉદ્યોગપતિઓએ બીજાના સંહારના આર્થિક લાભ કેમ ઉઠાવ્યા એ બધું જણાવ્યું, ત્યારે તેમને એવો મોટો આઘાત થયો કે એમના વિચારચક્રની દિશા બદલાઈ ગઈ. તે દિવસોમાં નીનિલિઝમ, સોશ્યાલિઝમ કે વૈરાગ્યનાં વર્તુંલો જામતાં હતાં. એમાં વૈરાગ્યના પૂરમાં હીરાભાઈ તણાવા લાગ્યા. એમને પણ પ્રશ્ન થયો કે આ-યુરપની સંસ્કૃતિ અને તેના આદર્શો અને તેના સુખની કલ્પના એ શું ખરેખર વાસ્તવિક છે? તેમના કેટલાક મિત્રો તેમને એમ પણ કહેતા કે 'અમારી સંસ્કૃતિમાં શું રહ્યું છે? સાચું જ્ઞાન તો તારા દેશનાં મહાત્માઓ પાસે છે. તું અહીં શું કરવા પડી રહ્યો છુ? અહીં તને પૈસા અને ભોગવિલાસ મળશે. પણ એ કાંઈ સુખ છે?' એ વખતે ગેનો કરીને ફ્રાંસમાં ગૂઢવિદ્યાનો મોટો જાણકાર ઓકલ્ટિસ્ટ અને આધ્યાત્મિક જ્ઞાનમાં રાચનાર યોગી હતો. તેણે વેદાંત વગેરે ઉપર ગ્રંથો લખેલા છે, જેના અંગ્રેજીમાં અનુવાદ પણ થયા છે. તેનો પરિચય પણ હીરાભાઈએ કરેલો. પ્રસિદ્ધ ફિલસૂફ બર્ગ્સોંનો પણ પરિચય કર્યો હતો.

ઈ. સ. ૧૯૧૯–૨૦માં તેમને મળવાનું મારે થયેલું. એ વખતે એમના મનની આ ડામાડોળ સ્થિતિનો પણ મને તેમણે પરિચય કરાવેલો એવું કાંઈક યાદ છે.

એ અરસામાં એમનું એકનું એક સંતાન—એક દીકરી થોડીક માંદગીમાં પોતે પેરીસ બહાર મોજ કરવા ગયેલા તે દરમ્યાન અવસાન પામી. પાછા આવ્યા ત્યારે દીકરીનું શબ જોયું. આ પ્રસંગનું વર્ણન મેનાબહેન પાસેથી મેં સાંભળેલું. મેનાબહેનનું પોતાનું ચિત્ત તો લાંબા સમય સુધી બેભાન જેવું રહેલું. હીરાભાઈ અત્યન્ત ધૈર્યવાળા હોવા છતાં આ વિપત્તિએ તેમના હૃદયને હચમચાવી મૂક્યું હતું. શોક કે કલ્પાન્ત કરે એવી તો એમની પ્રકૃતિ ન હતી, પણ એ ઘટનાએ એમને જીવન વિશે, જીવનના લક્ષ્ય વિશે, માણસ શું છે, સુખ કયું વગેરે આ બધા પ્રશ્નો વિશે જાગ્રત કરી દીધા. અને આ બધા પ્રશ્નોના કોઈ સાચા ઉત્તરો આપે એની શોધ એમણે એમની લાક્ષણિક રીતે શરૂ કરી.

નિવૃત્તિકાળમાં એક વાત તેઓ વારેવારે કહેતાઃ કોઈના મૃત્યુની વાત સાંભળી પોતાના મૃત્યુનો વિચાર કરવો.

આ અરસામાં કે એ પહેલાં સૌરાષ્ટ્રના એક રાજવીને કાંઈક આર્થિક મુશ્કેલીમાં હીરાભાઈએ રસ્તો કાઢી આપેલો, તે હિંદુસ્તાન પાછા આવતાં તેમને પેરીસમાં મળ્યા અને તેમણે હીરાભાઈને પૂછ્યું: 'What can I do for you?' એ સમય તો હીરાભાઈની જાહોજલાલીનો હતો એટલે એમને એવી વ્યાવહારિક તો કોઈ જરૂર ન હતી; પણ, હીરાભાઈએ એ રાજવીને પૂછ્યું કે 'બધા કહે છે કે હિંદુસ્તાનમાં યોગીઓ–મહાત્માઓ છે કે જેઓને આત્મા વિશે, કર્મ વિશે, પુનર્જન્મ વિશે, ઈશ્વર વિશે, પ્રત્યક્ષ જ્ઞાન હોય છે, અને જેઓ માણસનું સાચું સુખ શેમાં છે એ બતાવી આપે છે. આપ કોઈ એવા મહાત્માને ઓળખો છો? ઓળખતા હો તો, મારે એમનો પરિચય કરવો છે.' તે રાજવીએ કહ્યું કે તેમના પોતાના જ રાજ્યમાં એવા એક યોગી છે. પણ એ યોગી તેમને પોતાને મળતા નથી, કારણકે પોતે અવારનવાર સિંહનો શિકાર કરતા અને યોગી તો સિંહોના સહવાસી હતા. પણ પોતે એમને મળવાની ગોઠવણ કરી આપશે. 'તમે રાજ્યમાં મારા મહેમાન તરીકે રહેશો, ફરી હરી શકશો.' હીરાભાઈએ એમના સ્વભાવ પ્રમાણે તુરત જ બીજી બોટ લીધી અને મુંબઈ આવ્યા, ત્યાં મળ્યા પહેલાં જ એમને એ યોગીની શક્તિના કેટલાક અનુભવો થયા. પોતે સૌરાષ્ટ્રમાં

ગયા અને એ યોગીની સાથે જંગલમાં અમુક દિવસો રહ્યા અને એમની યોગશક્તિનો પરિચય કર્યો. એ યોગીએ હીરાભાઈનો હાથ જોઈ કહ્યું: 'તમે જો મહેનત કરો તો ૭ મહિનામાં તમને યોગ શીખવાડું.' હીરાભાઈએ કહ્યું: 'મારે યોગ શીખવો નથી. મારે મરણમાંથી છૂટી શકાય કે નહિ તે જાણવું છે.' યોગીએ કહ્યું કે 'એ માટે હું નથી. કોઈ બ્રહ્મનિષ્ઠ સંત મળે તો કદી થશે. તમે મનમાં એવી એક દૃઢ ભાવના રાખો કે મને બ્રહ્મજ્ઞાની ગુરુ મળે. અને હું એને ઓળખું. તમને એ મળશે.'

આ પછી હીરાભાઈ અનેક યોગીઓ, સંન્યાસીઓ, બાવાઓ—સાચા, અર્ધદગ્ધ અને જૂઠાઓને મળ્યા. આ બાબતનો તેમનો અનુભવ વિશાળ હતો. પણ એ શોધમાં એમને લઘુરાજ સ્વામીની પ્રાપ્તિ થઈ

એ પ્રાપ્તિ એમને એમના પત્ની મેનાબહેનની મદદથી થઈ. જેનો ઉપાય ન મળી શકે એવા એમના દુઃખનું શમન એ મહાત્માએ કર્યું હતું. પણ હીરાભાઈ એમને ગુરુ તરીકે સ્વીકારે તે પહેલાં એમના સ્વભાવ પ્રમાણે ઘણી ચિકિત્સા કરી અને એમાં એમનો સારો એવો સમય પણ ગયો.

૧૯૨૮–૨૯ના અરસામાં અમે એક નવી હાઉસિંગ સોસાયટીની યોજના કરતા હતા તેમાં જે જમીન અમે પસંદ કરી તેનો એક ભાગ હીરાભાઈની માલિકીનો હતો. સોસાયટીવાળાઓએ હીરાભાઈ પાસે એ જમીન ખરીદવા મને મોકલ્યો. તેમણે મારી વાત સાંભળી અને કહ્યું કે 'મારો તો ત્યાં વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ બાંધવાનો વિચાર હતો. પણ હવે તમે અને તમારા વિદ્વાન મિત્રો ત્યાં મકાન બાંધવા માગો છો તો મારા માટે પાંચ પ્લોટ રાખી બાકીની જમીન રાખો. એ રીતે તમે જમીન લો.' મેં કહ્યું: 'તો તો અમે જે સભ્યો વસવા માગીએ છીએ તેમને ન વસાવી શકીએ.' તો તેમણે કહ્યું કે 'ઠીક, એક પ્લોટ રાખજો.' એમ કહીને પડતર કિંમતે જમીન અમારી સોસાયટીને આપી, જેને પરિણામે અમે શાખપાડોશી થયા. આ બીના એટલા માટે કહું છું કે એ પછીના મારા જીવન ઉપર તેમના સંસર્ગે ઘણાં પરિણામો ઊભાં કર્યાં. કુટુંબની કે મારી પોતાની નાની મોટી બાબતો વિશે પૂછવાનું, સલાહ લેવાનું મારે માટે એ સ્થાન બની ગયા—એ અને મેનાબહેન! એ બધી વિગતો તો નહીં આપું. પણ આપ સૌ સમજી શકશો કે હું તેમને મુમુક્ષુ કે આત્માર્થી તરીકે ઓળખતો હોવા છતાં મારી દૃષ્ટિ તેમના તરફ એક વડીલ બંધુની—અંગ્રેજીમાં કહું તો, a Guide, Friend and Philosopher જેવી દૃષ્ટિ રહી છે.

પોતે હિંદુસ્તાનમાં હોય ત્યારે મોટો ભાગ અગાસ રહે અને હું તેમને કોઈ કોઈ વાર અગાસ મળવા જાઉં. પણ એમના ગુરુને હું મળવા ન જાઉં. તો એ એનો આગ્રહ પણ કરે નહીં. પછી વળી બે ત્રણ વાર લઘુરાજ સ્વામીને મળેલો. તેમની કરુણામય દૃષ્ટિ અને મીઠી વાણીથી આકર્ષાયેલો.

અમુક સંસારી કષ્ટોમાંથી હું પસાર થતો હતો. મારું મન બહુ મુંઝાયેલું રહેતું. અને પણ 'આત્મા છે કે નહીં' તે પ્રશ્નનો ખુલાસો દર્શનશાસ્ત્રમાંથી કે સાયકોલોજીમાંથી મળતો નહીં અને એની મૂંઝવણ પણ થતી. એવા એક પ્રસંગે હું અગાસ હીરાભાઈની પ્રેરણાથી જઈ પહોંચ્યો અને એમની સાથે જ લઘુરાજ સ્વામી એમની કાલીઘેલી બોલીમાં દેશના દેતા હતા તે સભામંડપમાં જઈને બેઠો. લઘુરાજ સ્વામીની દૃષ્ટિ ફરતાં ફરતાં મારા તરફ વળી, મારી દૃષ્ટિ સાથે જોડાઈ અને તે સાથે જ બોલ્યા: 'આત્મા છે.' ફરી થોડીક ક્ષણો પછી એવું એ જ થયું, અને કહ્યું કે 'જીવને ગડમથલ બહુ થાય છે. આત્મા છે.' આની આ પ્રક્રિયા એકાદવાર ફરી થઈ અને હું પણ મુગ્ધ થઈ એમાં તલ્લીન થયો. આની મારા પર શી અસર થઈ, મારી શ્રદ્ધા કેટલી વધી, કે આત્માની મને પ્રતીતિ થઈ—એવું કશું હું કહી શકું એમ નથી. પણ 'આત્મા નથી' એમ અનેકવાર વૈજ્ઞાનિક તર્કથી બુદ્ધિ સાબિત કરતી હોવા છતાં એ વાત ત્યાર પછી ચિત્તમાં જચતી નથી. આને શું કહેવાય એ હું પોતે કહી શકતો નથી. હીરાભાઈને મેં પાછળથી આ વાત કરી અને એમણે એમની ડાયરીમાં વિગતવાર નોંધ પણ કરી લીધી. વર્ષો સુધી મને એ પ્રસંગ વારંવાર તેઓ યાદ કરાવતા. હું એમને કહેતો કે 'જો મને આત્મજ્ઞાન ઊગશે તો આ બીજમાંથી જ ઊગશે.' હીરાભાઈની શ્રદ્ધા પ્રમાણે તો પ્રભુશ્રીએ મને બીજ રોપી દીધું હતું, વગેરે. અસ્તુ

આપને હું એ કહેવા માગું છું કે જે હીરાભાઈએ મને 'War is a biological necessity'ની વાત કરેલી, જેમણે માંસાદિકના આહારની આવશ્યકતા ઉપર ભાર મૂકેલો

તે જ હીરાભાઇ મને 'આત્મા છે' એવા દૃષ્ટિભેદી ભાષ્ય લિખનાર ગુરુ પાસે લઇ ગયા. આમાં હીરાભાઈની એક લાક્ષણિકતા તમે જોશો. એ પોતે જે કરતા હોય તે બીજાંને છડેચોક વર્તવા કહેવું, તેનો નિર્ભયપણે ઉહાપોહ કરવો, પોતે જડસુ દેખાય અથવા ગામડિયા દેખાય, વહેમી તરીકે ઓળખાય એવા કશા વિકલ્પોની પરવા કર્યા વિના પછાત વિચારના કે જુનવાણી દેખાય કે પોતાની શ્રદ્ધાના અને માન્યતાના વિષયોને નિશ્ચયપૂર્વક વળગી રહેવું, પ્રકટપણે વર્તવું, પોતાના મિત્રોને અને સુહૃદોને એ પ્રમાણે વર્તવા કહેવું, આ એમના સ્વભાવનું લક્ષણ હતું.

આ બધાંમાં એમની નિશ્ચયાત્મક બુદ્ધિનો 'સતાં ચ મતિનિશ્ચયઃ'નો મોટો પરિચય થનો. સામાન્ય વ્યવહારમાં, વાતચીતમાં તેઓ બહુ વિકલ્પ કરનારા, શંકાશીલ, વર્તનમાં બહુ મોકળાશ રાખનારા દેખાય, હોય પણ ખરા; છતાં જીવનની મુખ્ય બાબતોમાં નિશ્ચય કરી લીધા પછી એ સન્નિશ્ચયમાંથી કદી ડગતા નહીં અને એ જે રીતે એને વળગી રહેતા એમાં એમની મહત્તા નાનામોટા પ્રસગોમાં દેખાતી.

એમણે જ્યારે સંકલ્પપૂર્વક ઉત્કટે વેપાર મૂકી દીધો ત્યારે એમના વેપાર અને આમદાની ઉચ્ચ કોટિએ પહોંચેલા હતા. એની શાખ શ્રી નડાટાજી પૂરશે. ધાર્યા પ્રમાણે પૈસો આવતો એ જ વખતે વેપાર બધ કરવો એમાં કેટલું સંકલ્પબળ જોઇએ એનો આપ વિચાર કરો. આત્માર્થ વિશે એમને કેટલો નિશ્ચય થયો હશે કે એ આ ત્યાગ કરી શક્યા તેનો આપ વિચાર કરો, ત્યારે તેમની મહત્તા આપને સમજાશે.

આમ છતાં યે ક્યારે પણ દિવેલીઆ વૈરાગી એ હતા નહીં. એમની સાથેના વાર્તાલાપમાં અમારે જે હસવાના પ્રસંગો આવતા તેમાં ખાસ કરીને આ દિવેલીઆ વૈરાગનો વારંવાર આવતો. એક એમના જૂના ઓળખીતાને એમણે મને બતાવી કહેલું કે 'એ હવે નિશ્ચિત જીવન ગાળે છે.' એ એમના મિત્રને જોઇને મારા મોંમાંથી એવો શબ્દ નીકળી ગયો કે 'આ તો તામસ વૈરાગી છે.' એ પછી તામસ વૈરાગ્ય શું અને સાત્ત્વિક વૈરાગ્ય શું એ વિશે મારી સાથે ઘણી ચર્ચા કરેલી અને તામસ વૈરાગ્ય શબ્દ એમણે એમના વપરાશના શબ્દોમાં વહેતો મૂકેલો. આવો જ બીજો વિષય મશ્કરીનો ગુરુપરંપરાનો અને 'ગુરુડમ'નો અમારો રહેતો. લાખ કે કરોડમાં એકને માટે જે કહી શકાય તેનો સામાન્યપણે ઉપયોગ થવાથી આધ્યાત્મિક વિષયમાં કેવો અનર્થ થાય છે એની પણ વારંવાર અમારે ચર્ચા થતી. અમારા હરહંમેશ વાર્તાલાપમાં મારે માથે મોટે ભાગે પ્રતિવાદ કરવાનું જ આવતું અને હું પ્રતિવાદ કરું એમ તેઓ મને ઉશ્કેરતા; કારણ કે પરિષ્કાર માટે, વિચારની સ્પષ્ટતા માટે તે તે ઇચ્છતા. એટલે એઓ જે કાંઇ વિચારતા, ભાવના ભાવતા, કાર્ય કરતા એ સંપૂર્ણ તન્મયપણે કરતા.

મોટે ભાગે લોકો ધર્મનો આશ્રય અતૃપ્ત અર્થ અને કામની વાસનાઓથી પ્રેરાઇ લેતા હોય છે. એમની એ વાસનાઓ એમના તે તે પુરુષાર્થોથી જ તૃપ્ત થઈ ગયેલી હતી. એનું સ્વરૂપ અને કસ એમણે પારખી લીધેલા હતા. એમાં વાસ્તવિક સુખ કે આનંદ નથી એવી એમને ખાતરી થઈ ગઇ હતી; એટલે એમની અધ્યાત્મ ઉપાસનામાં આ મિશ્રણ ક્યારે પણ થતું ન હતું. અને છતાં એ એમ કહેતા કે 'મને જેમાં આનંદ ન આવે તે હું ન કરું.' એક વખતે એક બે મિત્રોની સાથે હું તેમને અભ્યાસ ભણવા ગયો, ત્યારે આ પેરીસ્તાલી

ફેન્શનની રહેણીકરણીથી ટેવાયેલા ગૃહસ્થને આ ગામડામાં ખેડૂત અને ધારાળાની વચ્ચે કેમ ગમતું હશે અને આવા અભણ દેખાતા ગુરુનો એ પડયો બોલ કેમ ઝીલતા હશે એમ અમે એમને પૂછ્યું; ત્યારે તેમણે અમને કહ્યું કે 'પેરીસ કરતાં મને અહીં વધારે આનંદ આવે છે તેથી જ અહીં રહું છું. જે દિવસે મને અહીં આનંદ નહીં આવે ત્યારે એક સેકંડ પણ હું અહીં ઊભો નહીં રહું.' અને એમણે લઘુરાજ સ્વામીના અવસાન પછી કેટલાંક વર્ષો બાદ એમ કર્યું પણ ખરું.

એમની સાથેના સહવાસથી અને ચર્ચાઓમાંથી મને વારંવાર એમ પ્રતીત થતું કે એમના આનંદનું મૂળ કોઈક તત્ત્વની શોધમાં છે. ઇન્દ્રિયોદ્વારા મળતા આનંદનું સુખ પારખી લીધા પછી, તેની તુચ્છતા સમજાઈ ગયા પછી, એનાથી વધારે ઊંચી કોટિનો આનંદ આત્માના શ્રવણમાં, મનનમાં, નિદિધ્યાસનમાં મળે છે એમ એમને લાગતું હતું; માટે જ એ એમ કરતા હતા. જેમ વેપારમાં એ સ્પોર્ટનો આનંદ લેતા અને ફક્ત પૈસા મેળવવા ખાતર જ કરતાં નહીં, તેમ આત્માર્થીપણું પણ સ્વર્ગના કે એવા કોઈ સુખની ઇચ્છાથી તેઓ કરતા નહીં પણ આત્માનંદની પ્રાપ્તિ માટે કરતા હતા; મૃત્યુ મહોત્સવરૂપ થાય એ માટે કરતા હતા.

એમના જીવનના એક લાંબા સમયના સાક્ષી તરીકે હું કહી શકું કે એમણે એ મહોત્સવ માણ્યો. એમના ઉત્તર જીવનમાં, એમની માંદગીમાં અને એમના મૃત્યુમાં સમાધિ હતો. જ્યારે કોઈ એક સંન્યાસીએ આવીને એમની છેલ્લી માંદગી દરમ્યાન એમને કહ્યું કે 'તારે જે માગવું હોય તે માગી લે' ત્યારે એમણે કહ્યું કે 'મારે કશું જ માગવાનું નથી. મને જે જોઈતું હતું તે આપનાર મળી ગયો છે.' પણ જ્યારે એ યોગીએ બે ત્રણ વાર ફરી ફરીને એ પ્રશ્ન પૂછ્યો ત્યારે એમણે કહ્યું કે 'મરણ સમાધિ સંપજો, ન રહો કાંઈ કુવિકલ્પ.' અને આવી જ સમાધિમાં એમની માંદગી અને મૃત્યુ પૂરાં થયાં.

આટલું લાંબું તમારી આગળ બોલ્યા છતાં અને તેનો કંટાળો આપ્યા છતાં હજુ તો મારે ઘણું કહેવાનું બાકી છે એમ મને થાય છે. છતાં પ્રભાવ, નિશ્ચય-સત્તા ચ મતિનિશ્ચય: અને ભાવસૂચન એ ત્રણે અર્થોમાં, વ્યવહારમાં તેમજ અધ્યાત્મજીવનમાં તેઓ મહાનુભાવ હતા એ જો હું દર્શાવી શક્યો હોઉં તો મારી જાતને કૃતાર્થ માનીશ.

મેં પ્રારંભમાં કહ્યું કે એમના જીવનમાં એક અનુસ્યૂતતા છેઃ વ્યવહારમાં–અર્થોપાર્જનમાં, વૈભવમાં, ભોગવિલાસની સૂક્ષ્મતામાં, કોઈથી પણ દબાઈ ન જવામાં, અને દીનતામાં ન પડવામાં,–તેમજ તેમના અધ્યાત્મજીવનમાં 'કામ એક આત્માર્થનું બીજો નહિ મનરોગ'ની નિષ્ઠામાં આ મહાનુભાવતાની અનુસ્યૂતતા છે. *

卐

* ઉત્તરસંડા-વનક્ષેત્રમાં તા. ૨૧ એપ્રિલ ૧૯૬૨ના દિવસે અર્ઘ્ય ઉત્સવ પ્રસંગે કરેલું ભાષણ-સ્મૃતિ ઉપરથી.

ઝરમર ઝરમર ઝાંયે

'પૂજાલાલ'

ઝરમર ઝરમર ઝાયે મેહુલિયો ધરતીને ધરપત આપે:
પુલકો જગાડનાર પ્રેમના પરસથી કાળનો કઠારો કાપે:
—મેહુલિયો૦

મલક મલક થાય મેદિનીનું મુખડું,
દેખ્યું દેખાય ના દાઝયાનું દુઃખડું;
હૈયું હરખાતું,
ચાતકકંઠ ગાતું;
ચપળાની સાથ એનું ચિત્તે ચગી ચગી રમતું ચારુ ઇન્દ્રચાપે:
—મેહુલિયો૦

મંદ મંદ બજતાં મૃદંગ!
વિદ્યુતને અંગ અંગ ભંગ!
પ્રિયતમ પયોદને એ પ્રેમે પ્રસન્ન કરી છાયલ છબીલને છાપે:
—મેહુલિયો૦

નીતરતી નેહની નમણી કૈં ધારા!
અવનીને અંતરે અંકુર ફુમારા!
આરાધે રાધાનુરાગે,
મોહનની મ્હેર મન માગે;
નંદન બની ગયાં છે વનવનનાં વન્દન;
રગરગ આનંદરસરેલે લ્હેરાતું જગ મેઘમલ્હાર આલાપે:
—મેહુલિયો૦

卐

ધરતી ધ્રૂજે છે

લેખક: મુહમ્મદ ઝકી

અનુવાદક: શંકર ભટ્ટ

તે મારી સામે ઊભો હતો. એની મુખમુદ્રા ઉપરથી એવું લાગતું હતું કે તે જાણે હમણાં જ બોલી ઊઠશે. પણ ખબર નહિ તે શા માટે મૂંગો મૂંગો ઊભો રહ્યો. મારી નજર એના ચહેરા ઉપર ઠરી, જાણે કાંઈક ખોળી કાઢવા માગતી હોય એમ! સ્મૃતિ—એક આછી પાતળી સ્મૃતિરેખા મારા મનમાં ઝબૂકી જતી હતી; કોક યાદ આવી જતું ને વળી ભૂલાઈ જતું હતું. મારું મન બેચેન બની ઊઠ્યું હતું.

"બાબુજી, આપે ઓળખ્યો નહિ? હું બહાદુર…"

તેના ધીમા પણ આર્દ્ર અવાજે હું સચેત બની ગયો. મારા મોંમાંથી નીકળી પડ્યું, "કોણ?"

"હું શમશેર…જો…"

એ પૂરું કરે તે પહેલાં તો મારી દૃષ્ટિ સમક્ષ દશબાર વર્ષના શમશેરની મૂર્તિ ખડી થઈ. અને એકાએક હું બોલી પડ્યો: "અરે, બહાદુર તું!" એની આંખોમાં એક ચમક આવી ગઈ, જાણે કોઈ ખોવાયેલી વસ્તુ એને મળી ગઈ. એ સમજી ગયો કે હું તેને ઓળખી ગયો હતો. તેના મનમાં "બોલું બોલું" થતું હતું પણ તે કશું બોલી શકતો નહોતો. ભૂતકાળના એકેએક પ્રસંગો સ્મૃતિપટલ ઉપર એક પછી એક સરવા લાગ્યા.

બહાદુર! મારો નોકર બહાદુર! એનું અસલ નામ શમશેર હતું પણ લોકો એને બહાદુર કહેતા હતા. એના જેવા સર્વ નેપાળીઓને બહાદુર જ કહેવામાં આવે છે સંપત્તિવાન નેપાળીઓનાં નામ અલબત્ત જુદાં હોય છે. અને એ નામ ભારતીઓનાં નામથી પણ વધારે લાંબાં! પણ…પણ…હોટેલોમાં કામ કરવાવાળા, રીક્ષા ખેંચવાવાળા, પોટલાં ઊંચકવાવાળા નેપાળી ઇન્સાનોને તો બહાદુર જ—કેવળ બહાદુર જ કહેવામાં આવે છે.

શમશેર મારે ત્યાં આવ્યો. એ સમયે એની વય અગિયાર વર્ષની હતી. મારા એક નેપાળી મિત્ર—જેને હું બહાદુર નથી કહી શકતો કારણ કે તેની પાસે સંપત્તિ, જાતિ અને સર્વ કાંઈ છે—એને મારે ત્યાં લાવ્યો હતો. મારી શ્રીમતીએ (એને હું ધર્મપત્ની કહી શકતો નથી કારણ કે ધર્મે એને મારી સ્ત્રી બનાવી નહોતી) એને એક નાનો નેપાળી નોકર મોકલી આપવાનો આગ્રહ કર્યો.

મારો મિત્ર તો ચાલી ગયો. બહાદુર મારે ત્યાં કામ કરવા રહી ગયો. શરૂઆતમાં એ ખૂબ આનંદમાં રહેતો હતો, જાણે શહેરની રોનકમાં અટવાઈ ગયો હતો. શહેરની રોનકનું એના ઉપર જબરું આકર્ષણ હતું. એનાથી અજબ પ્રભાવિત થયો હતો. એ એવું અનુભવતો હતો કે જાણે એની ચારે બાજુ આનંદના ફુવારા છૂટતા હતા.

પણ પછી શી ખબર એનો આનંદ ધીમે ધીમે ઘટતો ગયો. એ ખામોશ અને ઉદાસ બનતો ગયો. મને એની ચિંતા થવા લાગી. કેટલીય વાર એનું કારણ જાણવા મેં પ્રયાસ

કર્યો. પણ હું કશુંય જાણી શક્યો નહિ. ખૂબ પૂછ્યા પછી એક દિવસ એણે એટલું કહ્યું: "હજુર! અહીં દૂધવાળા અને શાકભાજીવાળાથી માંડી સૌ કોઈ જ્યાં જુઓ ત્યાં છેતરપિંડીમાં ડૂબી ગયેલાં છે." મેં એની વાત ઉપર ધ્યાન આપ્યું નહિ અને એટલું કહી મૂક્યું, "દુનિયા છે; એવું બધું તો ચાલ્યા જ કરવાનું!" મારી આ વાત સાંભળી એની આંખોમાં એક ઘેરી વેદના કંપી ઊઠી અને એની મુખમુદ્રા ઉપર નિરાશા જણાઈ ગઈ. તે કશુંય ન બોલ્યો, અને એના કામમાં લાગી ગયો. કદાચ એને મારા કથનથી ચોટ લાગી હશે. કદાચ એમ પણ માની લીધું હશે કે હું પણ એમાંનો જ એક છું!

એ પછી એ યંત્રવત્ કામ કરતો રહ્યો અને બોલાવતાં વેંત હાજર થતો—અચૂક અને તુરત જ. પણ પહેલાંનો એનો ઉત્સાહ, પહેલાંની એની છૂટી વાણી વિદાય થઈ ગયાં હતાં.

લગભગ એક સાલ બાદ મારો મિત્ર પાછો આવ્યો. એ ટાણે બહાદુરે ઘેર જવાની રજા માગી. મેં પૂછ્યું ત્યારે એણે મને કહ્યું કે "મને મારી મા યાદ આવી રહી છે." મેં જવાની રજા આપી અને બહાદુરે એ જ દિવસે જવાની તૈયારીઓ પણ કરી લીધી.

સાંજ પડી.

હું અને મારો મિત્ર મારા દીવાનખાનામાં બેઠા હતા. જ્યારે બહાદુર નાસ્તો લઈને આવ્યો ત્યારે એણે મારા નેપાળી મિત્ર સાથે નેપાળી ભાષામાં વાત કરી લીધી. હું નેપાળી સારી રીતે બોલી શકતો નથી પણ સમજી તો શકું છું. બહાદુર કહેતો હતો: "બાબુ ઘેર પાછા ક્યારે જશો! ધરતી બૂમો પાડી રહી છે. એના ધીમા અવાજમાં પણ કરુણા અને આર્દ્રતા ભરપૂર જણાતી હતી.

એ વખતે તો હસીને એ વાત અમે ટાળી પણ એની કરુણાભરપૂર વાણી વારંવાર મારા હૈયાનાં દ્વાર ખખડાવતી હતી. રાતે જ્યારે હું મારી પથારીમાં પડ્યો ત્યારે એ વાત ફરીફરીને મારા કાનમાં ગુંજવા લાગી. ધીમે ધીમે મને મારી નેપાળની યાત્રાનું સ્મરણ થયું. હિમાલયની ગોદમાં, આધુનિક દુનિયાની ધમાલથી દૂર દૂર નૈસર્ગિક વાતાવરણમાં વસતા આ ભલાભોળા અને નિષ્કપટ વસનારાઓના ચહેરા મારી દૃષ્ટિ સમક્ષ નાચવા લાગ્યા. એનો જ એક પ્રતિનિધિ આ મારો બહાદુર હતો. એ નૈસર્ગિક વાતાવરણમાં પ્રકૃતિ સ્વયં એના પોતાના સૌંદર્યથી શરમાતી શરમાતી વિલસે છે અને પોતાના રૂપને કાળાં વાદળો અને ઘન જંગલમાં છુપાવી દે છે. ત્યાં થતા વિજળીના ઝબકારા ઉપરથી એવું લાગતું હતું કે રૂપની રાણી અજવાળું કરી એ જોવા માગતી હતી કે કોઈ એનું રૂપ ઝાંખું પાડવા તો નથી માગતું! અને જ્યારે એને માલૂમ પડે છે કે હિમાલયની હાજરીમાં એના ઉપર કોઈ કુદૃષ્ટિ કરી શકે એમ નથી ત્યારે એ ખિલખિલાટ હસી પડે છે—પોતાની મૂર્ખતા ઉપર ખિલખિલાટ હસી પડે છે, ત્યારે એની આંખોમાંથી આનંદનાં આંસુ વહી પડે છે અને નદી, નાળાં અને ઝરણાં ઉભરાઈ જાય છે.

આ પ્રાકૃતિક વાતાવરણમાં જાતજાતની અછત વચ્ચે રહે છે આ ચાર વહેંતવાળા બોટીઆ! એની મહેનત, એની બહાદુરી એની પ્રમાણિકતાને એણે—પ્રકૃતિએ નીરખી છે, પારખી છે અને સાંભળી છે. અને એમાં પાલન થયું બહાદુર, હજારો બહાદુરોનું! અને

થયું કે હું પણ એમનામાંનો જ એક બહાદુર છું. મારામાં એની ભાવનાઓનો આવિર્ભાવ થયો. એ સમયે નગરની ભીડ, કારખાનાં અને ગાડીઓના ખડખડાટ થઈ રહ્યાં હતાં. ધરતી ધ્રૂજતી હોય એવું લાગતું હતું.

આજે પણ મારી સામે એ જ બહાદુર ઊભો હતો પરંતુ એનામાં અને મારા પુરાણા બહાદુરમાં અંતર હતું—ફરક હતો. દશ વર્ષમાં કેટલો ફરક પડી ગયો હતો. એની ચાલમાં તો શું પણ એની ઉમ્મરમાં પણ મોટો ફરક પડી ગયો હતો. એની રીતભાત બદલાઈ ગઈ હતી. 'હુઝુર' કહેવાવાળો શમશેર આજે 'બહાદુર' બની ગયો હતો અને 'બાબુ' કહી રહ્યો હતો. મને થયું કે :આ મારો 'બહાદુર'—શમશેર—નથી. આ તો માત્ર બહાદુર છે અને જાણે હું એને આજે પહેલી જ વાર મળી રહ્યો છું.

"બાબુ!" એના અવાજથી હું ચોંકી ગયો. મને મારી એ સ્થિતિની શરમ આવી. સમજીને મેં કહ્યું, "અરે, હજુય તું ઊભો છે!"

અમે વરંડામાં જઈને બેઠા.

"શી ખબર છે? મઝામાં હતો ને?"

"બધું ઠીક હતું," એણે સંક્ષેપમાં ઉત્તર આપ્યો.

"આટલા દિવસો સુધી ક્યાં રહ્યો હતો?"

"ઘરે જ!"

"ક્યારે આવ્યો?"

"હમણાં જ!" અટકી અટકીને એ જવાબ આપતો હતો. એથી આગળ શું પૂછવું તેનો હું વિચાર કરી રહ્યો હતો. એ કદાચ મારી પૂછપરછની આશા રાખતો હશે. હું કંઈક કહું તેની તે રાહ જોતો હતો. મને મૂંગો જોઈ એ બોલ્યો, "બાબુજી, મારે નોકરી જોઈએ છે."

હું વિચારમાં પડી ગયો કે અહીંથી કંટાળી ત્રાસી, અકળાઈ, વતન ચાલ્યો ગયેલો જ આ બહાદુર છે.યા બીજો? એ જ આજે પાછો કામ માગવા આવ્યો હતો! હું મુંઝવાઈ ગયો અને મેં પૂછી નાખ્યું, "કેમ વારુ?"

"હવે ઘરે કશું શેષ રહ્યું નથી. મારા ગયા પછી એ'જ વર્ષમાં મા મરી ગઈ. બાપુ થોડા દિવસો પર મલાયા ખાતે માર્યા ગયાની ખબર મળી છે. જમીન બાપુના નામ ઉપર હતી. એનો જમીનદારે કબજો કરી લીધો છે. અને હવે હું અહીં 'દેશ' ચાલી આવ્યો છું, સદાને માટે. સદાને માટે."

આમ તો આ બહાદુરોની વફાદારીની મને પ્રથમથી માહિતી છે. પણ આજે શમશેરના મોંમાંથી 'દેશ' શબ્દ સાંભળી મેં સ્વાભાવિક રીતે ગર્વ અનુભવ્યો. વાહ રે વફાદારી! અહીં એ લોકો નાનામાં નાનું કામ કરે છે, લોકો એના પ્રત્યે તિરસ્કારની દૃષ્ટિએ જુએ છે, એમને બેવકૂફ સમજે છે અને એમનું શોષણ કરે છે; અને એમ છતાં એ લોકો ભારતને 'દેશ' કહે છે. ઠીક નેપાળ જેવો જ! શાયદ એટલા માટે કે નેપાળ એની માતૃભૂમિ છે તો ભારત સર્વદા એની કર્મભૂમિ રહી છે.

બહાદુરના એ નિશ્ચયથી મને આશ્ચર્ય થયું અને કુતૂહલથી મેં પૂછી પણ લીધું, "પણ બહાદુર! ધરતી હજુય ધ્રૂજે છે અને પહેલાં કરતાં પણ વધારે!"

એણે તો માત્ર એનું માથું હલાવ્યું. એ કશું બોલી નહિ શક્યો. સંભાળીને એ બેસી પડ્યો. એનો ચહેરો તંગ બન્યો. એની આંખોમાં એક અદ્ભુત જ્યોત ઝબૂકી ગઈ. એવું લાગતું હતું કે એ જ્યોતિ વડે એણે એની સામે ખડાં થતાં સર્વ વિઘ્નોને, સર્વ બાધાને બાળીને ભસ્મ કરી નાખ્યાં હતાં. એની ગંભીર મુખમુદ્રા પરથી એવું લાગતું હતું કે એ અત્યારે જ બોલી ઊઠવાનો! એ હમણાં જ બોલી ઊઠશે કે "ધરતી ધ્રૂજતી નથી, ફરે છે બાબુજી! ધ્રૂજે છે આદમીના ઇમાન અને ચારિત્ર્ય, હાલી ઊઠે છે એની આસ્થા અને એની શ્રદ્ધા! અત્યાચારોના બોજાથી ધરતી કંપી ઊઠે છે અને એ કંપતી રહેશે જ્યાં સુધી અમારા જેવા લોકો છે, ગરીબો છે, ગરીબી છે અને ધનિકોનો એમના ઉપર અધિકાર છે ત્યાં સુધી, બાબુજી! જમાનાઓથી અમે જ્યાં રહીએ છીએ એ ગામ પણ હાલે ઉ-ધ્રૂજે છે. એનાથી ભાગીને અમે છુટકારો મેળવી શકીએ એમ નથી. એની વચ્ચે રહીને જ અમારે એનો મુકાબલો કરવાનો છે."

હું એની સામે એકી નજરે જોઈ રહ્યો હતો. એના ચહેરા ઉપર એક પ્રકારનાં નિશ્ચયાત્મક તેજનાં દર્શન થતાં હતાં અને ત્યારે એ મને ભોળો બહાદુર જ નહિ પણ સારી બાધાઓનો મૂક મુકાબલો કરવા માટે તૈયાર એવો સિપાહી જણાયો. સમયે એનું કામ કર્યું હતું અને બહાદુરનું આ નવતર સ્વરૂપ હતું.

લાંબો સમય સુધી અમે વાતો ચાલુ રાખી. હું એને કામ આપી શક્યો નહિ કારણ કે મારે ત્યાં એક માણસ કામ કરતો હતો. એ ચાલી ગયો. હું એને જોતો બેઠો હતો. એનાં ડગલાંમાં હજારો તુફાનો સાથે બાખડી પડવાની તાકાત મને દેખાઈ. એ દરવાજા બહાર નીકળ્યો ત્યારે મને યાદ આવ્યું કે એ તો સીધો જ મારે ઘરે આવ્યો હતો અને મેં એને ખાવા પીવા માટે કશું પૂછ્યું નહોતું! પણ હવે તો ઘણું મોડું થઈ ગયું.

બહાદુર ગલી વટાવી મારી દૃષ્ટિમર્યાદાની બહાર જતો રહ્યો હતો!

卐

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૩૯

સ્નેહી ભાઈશ્રી,

સત્ય શું અને ભ્રમણા શું ? આ સનાતન પ્રશ્ન અનાદિ કાળથી વેદાંતીઓ અને વિજ્ઞાનીઓને પણ મૂંઝવી રહ્યો છે તો પછી આપણું તો ગજું જ શું ! આપણી નજર સામે જ આપણે જોઈ રહ્યા છીએ કે ગઈ કાલે સાચી માનેલી ચીજને આજે આપણે ખોટી માનવી પડે છે અને આજે સાચી માનેલી ચીજને આવતી કાલે પાછી ખોટી માનવી પડે તેવો પણ પૂરેપૂરો સંભવ છે જ ! સનાતન સત્યની શોધ એ જ એક મોટામાં મોટી ભ્રમણા હોય તેમ લાગે છે અને તેથી જ વેદાંતીઓ અનેક વિકલ્પો કલ્પી ચૂકયા બાદ નેતિ નેતિના નિર્ણય ઉપર આવ્યા હોવા જોઈએ ! બ્રહ્મ સત્યં જગન્મિથ્યા, જગત સત્યં સંસાર મિથ્યા, સંસાર સત્ય આસક્તિ મિથ્યા, આત્મા સત્ય દેહ મિથ્યા, પ્રેમ સત્ય મોહ મિથ્યા, એમ જાતજાતનાં દર્શનો પલટાતાં રહ્યાં છે અને હવે રાજપુરુષોએ તેમાં ઉમેરો કર્યો છે—લોકશાહી સત્ય રાજાશાહી મિથ્યા, સમૂહકલ્યાણ સત્ય વ્યક્તિસ્વાતંત્ર્ય મિથ્યા, સર્વોદય સત્ય સમાજવાદ મિથ્યા ! શું સત્ય અને શું મિથ્યા ? છે કોઈ એનો અફર આખરી જવાબ ?

ખુદ વિજ્ઞાનના ક્ષેત્રમાં પણ આ જ પરિસ્થિતિ પ્રવર્તે છે. સદીઓ સુધી પૃથ્વી સપાટ છે એમ મનાતું આવ્યું હતું અને હજીયે તે ચોખ્ખે ચોખ્ખી સપાટ જ દેખાય છે છતાં હવે આપણે માનવું પડે છે કે પૃથ્વી સપાટ નથી પણ ગોળ છે ! અત્યાર સુધી આને માટે પરોક્ષ પુરાવાઓ આપવામાં આવતા હતા પણ હવે તો ગાગારીન અને ટીટોફ, શેફર્ડ અને ગ્લેન જાતે જ અવકાશમાં જઈને જોઈ આવ્યા છે કે પૃથ્વી ખરેખર એક ફૂટબોલ જેવી જ ગોળ છે. આજે આપણે આ વાત માનીએ છીએ પણ કાલે ઊઠીને કોઈ એમ જ સિદ્ધ કરીને ઊભો રહેશે કે આ મહાશયોને પૃથ્વી ગોળ દેખાઈ તેનું કારણ તો એ હતું કે અવકાશમાં તેમના ડોળાના ગુણો જ બદલાઈ ગયા હતા ત્યારે કદાચ ફરીથી આપણે માન્યતા બદલવાનો વારો આવે પણ ખરો ! સત્ય પણ ગોળ છે અને ભ્રમણા પણ ગોળ છે અથવા એ બન્ને એક જ ગોળાના અર્ધગોળ પાસાં છે તેથી જ આપણે સદાકાળ આમથી તેમ ગોથાં ખાધાં જ કરીએ છીએ !

આ વિશે શ્રીભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે પોતે જ સ્પષ્ટ શબ્દોમાં અર્જુનને જણાવી દીધું છે કે "સર્વ પ્રાણીના હૃદયપ્રદેશે, હે અર્જુન, ઈશ્વર તો બિરાજે છે, સહુને નિજ માયા તણા પ્રભાવે, કુંભારના ચાક સમ ભમાવે છે !"—भ्रामयन्सर्वभूतानि यंत्रारूढानि मायया ! અને વળી બીજા સ્થળે કહ્યું છે કે "અજ્ઞાન કામી કાંસીને ભર્યું છે એટલે જ્ઞાન ઢંકાઈ ગયું છે, પછી મૂર્ખાઓને રહસ્યની કંઈ જ ખબર પડતી નથી !"—अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ! કવિ નરસૈંયો પણ કહે છે કે "હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે; સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કોક જાણે." આપણી પોતાની અજ્ઞાનમૂલક ભ્રમણા એ છે કે ફિંગાષ્ટક ચૂર્ણ અથવા એસિડ પેપ્સીનથી આપણે

ખોરાક જલદી પચી જાય છે પરંતુ શ્રીકૃષ્ણે તો સાફ સાફ બતાવી દીધું છે કે "હું જ લોકોના દેહમાં જઠરાગ્નિ થઈને પ્રાણવાયુ અને જળ સાથે મળી જઈને ચાવેલું, ચાટેલું, ચુસેલું કે પીધેલું એમ ચારે પ્રકારના અન્નને પચાવું છું!"—अहं वैश्वानरो भूत्वा प्राणीनां देहमाश्रित: प्राणापान समायुक्त पचाम्यन्नं चतुर्विधम् ।

આ પ્રમાણે ઈશ્વર જ જ્યારે આપણા હૃદયપ્રદેશમાં, જઠરપ્રદેશમાં, મસ્તકપ્રદેશમાં અને રગેરગમાં બેઠોબેઠો માયાજાળ બિછાવે રાખે છે ત્યારે પછી આપણે ગોથાં ખાયાં કરીએ તેમાં નવાઈ જેવું શું છે! એને માટેની જવાબદારી તેની જ છે અને તેથી જ તે અર્જુનને કહે છે કે "હે અર્જુન, જગતની ઘડિયાળને તું ચાવી દેતો રહે, ઘડિયાળ ચલાવવાવાળો તો હું જ છું!"—निमित्तमात्र भव सव्यसाचिन् ।

આવી અદ્‌ભુત છે ઈશ્વરની માયાજાળ! આપણે સહુ તેમાં અચૂક ફસાયેલાં માછલાં છીએ: કોઈ નાનાં તો કોઈ મોટાં! અને નિયમ એવો છે કે મોટું માછલું નાનાં માછલાં ખાઈને જ જીવે છે! મતલબ કે જેટલી પ્રબળ તમારી માયાજાળ તેટલું પ્રબળ તમારું બીજાઓ ઉપરનું વર્ચસ્વ; જેટલાં સારાં ઊંઠાં તમે ભણાવી શકો તેટલા સફળ તમે શિક્ષક, લેખક, પ્રચારક, પૂંજીપતિ, પ્રધાન, કે નેતા અને તેટલા સફળ તમે જાદૂગર! કરોડો રૂપીઆનો નફો કરવા છતાં ઇન્કમટેક્સ અને સુપરટેક્સમાંથી છટકી જઈ શકો તો તમે સૌથી મોટા જાદૂગર, સુપ્રીમ કોર્ટે કેદની સજા ફરમાવી હોય છતાં તમે તમારા એરકન્ડીશન્ડ મહેલમાં જ રહી શકો તો પણ તમે મોટા જાદૂગર અને ખૂન કરીને નિર્દોષ જાહેર થાવ તોયે તમે મોટા જાદૂગર! જીવનમાં સફળ થવું હોય તો બનો મોટા જાદૂગર—કાળાને ધોળું કરી દેખાડો, બસ એટલે બેડો પાર! ઈશ્વર અને સરકાર ભલે ખાંડ ખાય કે બધી વાતના કર્તાહર્તા તે જ છે પણ જો તમને કાળાધોળાંનો જાદૂ બરાબર આવડતો હોય તો તમે પુરવાર કરી શકો તેમ છો કે ઈશ્વર અને ન્યાય એ બન્ને મોટી ભ્રમણાઓ જ છે અને સત્ય તો કેવળ જાદૂ જ છે!

મને પોતાને આવો જાદૂ કરતાં આવડતું નથી પણ જાદૂ જોવાનો શોખ તો બચપણથી છે જ. શાળા અને કૉલેજમાં નાનામોટા જાદૂગરો જોવા મળેલા, મહમ્મદ છેલ વિશે સાંભળેલું અને પછી તો પ્રોફેસર સરકાર, ગોગિયા પાશા, પ્રુ શુ તાન (અસલ નામ છે પથાભાઈ!) અને માયાજાળવાળા કે. લાલ (અસલ નામ છે કાન્તિલાલ!)ના જાદૂના પ્રયોગો પણ જોયેલા. એક અમેરિકન પ્રો. વર્જિલના જાદૂ પણ જોયેલા. આ બધામાં ઘણો રસ પડેલો એટલે જ્યારે સાંભળ્યું કે અમારી સ્ટીમર ઉપર તા. ૨૫–૧૦–૫૮ની રાત્રે ઈજિપ્તના પ્રખ્યાત જાદૂગર ગુલી ગુલીના જાદૂઈ પ્રયોગો જોવા મળશે ત્યારે ઘણો હર્ષ થયો.

ગુલી ગુલી પોતે મોટા જાદૂગર છે એમ દેખાડવાની શરૂઆત તેણે મેં ઉપર જણાવેલો માછલીનો સિદ્ધાંત સિદ્ધ કરીને કરી. પહેલાં તો મોઢામાંથી પાણીનો મોટો ફુવારો ઉરાડ્યો અને પછી ઉપરાછાપરી માછલીઓ કાઢવા માંડી. આટલી બધી માછલીઓ તેના પેટમાં કેવી રીતે સમાની હશે અને તે બધીને આખી ને આખી પાછી કેવી રીતે ઓકી ચકચો હશે એ કોયડો ઉકેલવામાં અમે ગૂંથાયા હતા તેવામાં તો તેણે મોઢામાંથી તણખાઓનો ધોધ વરસાવવા માંડ્યો! તણખા પૂરા થયા કે તરત તે જ મોઢામાંથી તેણે ઉપરાછાપરી રૂમાલો ખેંચવા માંડ્યા. રૂમાલો નીકળી રહ્યા બાદ તેના મોઢામાંથી લખોટાઓનો ધોધ વરસવા માંડ્યો!

આ તે પેટ છે કે પીપ! દેખાતું હતું તો પોળી જેટલું તો પછી આ બધું આવ્યું ક્યાંથી? ચતુર્વિધ અન્ન પચાવનારો વૈશ્વાનર જ અંદર બેઠેલો હોવો જોઈએ—પચી ગયેલું પાછું ઓકાવવા!

આ જ્વાળામુખીનો લાવા શમ્યો એટલામાં તો ગુલી ગુલી આકુળવ્યાકુળ થઈને ઓડિયન્સની વચમાં ઘૂમવા લાગ્યો અને બોલ્યોઃ "બોલો, કિસને મેરી મુરઘીકા બચ્ચા સુરાયા!" અરે ભાઈ, તારી મરઘીનાં બચ્ચાં ચોરીને અમારે શું કરવું છે! પણ તેણે તો આક્ષેપ ચાલુ જ રાખ્યો કે અમારામાંથી જ કોઈએ તેનાં બચ્ચાં ચોર્યાં છે! એ તો સીધો ધસ્યો મિસિસ સ્મિથ નામની પ્રવાસીની પાસે અને કહીને ઊભો રહ્યો કે "મહેરબાની કરીને આપના બ્લાઉઝનું ઉપલું બટન ખોલો તો, મારાં બચ્ચાં તમારા ઉરપ્રદેશમાં સંતાઈ ગયાં છે!" કેવી વાહિયાત અને બેહૂદી માગણી!—પણ ના, ગુલી ગુલીની વાત સાચી નીકળી! સ્મિતાબહેને સસ્મિત બટન ખોલ્યું અને ગુલી ગુલીએ અંદર પંજો મારીને એક પછી એક પાંચ બચ્ચાં જીવતાં કાઢ્યાં અને ઉપરાંત બે ઈંડાં કાઢ્યાં! કહે છે કે તેણે તો પાંચ જ બચ્ચાં ગુમાવ્યાં હતાં અને આ ઈંડાં તો તાજાં જ મુકાયેલાં લાગે છે! સર્વભૂતોના ઉપપ્રદેશે બિરાજમાન ઈશ્વરનું જ આ કામ હોવું જોઈએ છતાં આ અજ્ઞાની અને અહંકારી ગુલી ગુલી કહે છે કે "ના, મેં કર્યું, મેં કર્યું!"

પછી તો ગુલી ગુલી પૈસાની રમત પર ચડ્યો. એક પ્રેક્ષકને કહે છે કે "તમારા પાકીટમાં જેટલા પૈસા છે તે તમે ગણી રાખો અને પાકીટ સાચવીને ઊભા રહો." પેલા ભાઈ પાકીટ પકડીને ઊભા રહ્યા એટલામાં ગુલી ગુલીએ બીજા પ્રેક્ષકને પકડ્યો અને કહે છે કે "બૂટ અને મોજાં કાઢી નાખો, તમારા મોજામાં પેલા ભાઈના પૈસા સંતાઈ ગયા છે!" તે પણ સાચું નીકળ્યું! પાકીટ પકડીને ઊભા રહેલા ભાઈ પાકીટ ખોલીને જુએ છે તો અંદર બધું ખાલીખમ! તેમણે આજીજી કરવા માંડી કે "મહેરબાન, ગુલી ગુલીજી, મારા પૈસા પાછા અપાવો." ગુલી ગુલીજીએ પેલા મોજાંમાંથી પૈસા હાથમાં લઈને ડેક ઉપરથી સીધા દરિયામાં ફેંકી દીધા! સહુ પ્રેક્ષકોના હૃદય થડકી ઊઠ્યાં—"અરે મૂરખ, તું આ શું કરે છે, આ તો ક્રૂર રમત કહેવાય!" ગુલી ગુલીએ કહ્યુંઃ "વારુ, હવે તમારું પાકીટ ખોલો જોઉં!" જોયું, પૈસા કેવા પાછા આવી ગયા! અમજીવીઓના ખીસ્સામાંથી તેમના 'સર્પ્લસ વેલ્યુ' (સાચી રીતે આપવો જોઈએ તે નગદ પગાર અને ખરેખર આપવામાં આવતા ક્ષુલ્લક, પોકળ પગારની બાદબાકી) ચોરીને પોતાના ખીસ્સામાં નાખનાર મૂડીવાદીઓ જો કે આ બાબતમાં ગુલી ગુલી કરતાં વધારે મોટા જાદૂગરો છે! મહાન જર્મન તત્ત્વવેત્તા કાર્લ માર્ક્સ જ આ જાદૂનું રહસ્ય પહેલવહેલું પામી શક્યો હતો અને 'દાસ કેપિટલ' લખીને જગત સમક્ષ ખુલ્લું પાડતો ગયો હતો!

ગુલી ગુલી આવા સંખ્યાબંધ હેરત પમાડે તેવા પ્રયોગો દેખાડીને સુએઝના નાકે ઊતરી ગયો. બીજે દિવસે આ પ્રયોગો વિષે સ્ટીમર ઉપર ચર્ચા ચાલતી હતી તેવામાં રાવળસાહેબે 'ચામક જાદૂ' નહિ પણ 'સાચી યોગમાયા'ના કેટલાક પ્રયોગો કરી દેખાડ્યા. રાવળસાહેબે કોઈ પણ ભાઈને નાડી જોતાં આવડતું હોય તેને આગળ આવવા કહ્યું અને પોતાની નાડી તપાસી લેવા વિનંતિ કરી. નાડી બિલકુલ 'નોર્મલ' હતી. "ઠીક, ચાલો, હવે પાંચ મિનિટ

બાદ નાડી અને હૃદય બન્ને તપાસજો" કહીને રાવળભાઈએ તો સમાધિ ચઢાવી. મસ્તકની નસો ખેંચાતી દેખાઈ અને કપાળ લાલચોળ થઈ ગયું. પાંચ મિનિટ બાદ પેલા ભાઈએ નાડી અને હૃદયના ધબકારા તપાસવા માંડયા તો બધું જ શૂન્ય દેખાયું! અરે, આ શું? રાવળભાઈ અમને છોડીને પરલોક સિધાવી ગયા કે શું? જી, ના; રાવળભાઈએ તો "મારી નાડ તમારે હાથ, હરિ સંભાળજો રે!"ની ધૂન સાથે સમાધિ લગાવી હશે તે શું રગેરગમાં વસતા હરિની ધ્યાન બહાર હોય ખરું? હરિએ રાવળભાઈની નાડી પાછી ચાલુ કરી દીધી અને તેમનો 'મહામૂંઝારો' ટાળ્યો! વાહ દીનાનાથ દયાળ નટવર, તારી યોગમાયા રાવળભાઈ જેવા યોગીઓ જ પામી શકે તેમ છે! હવે ખાત્રી થઈ કે યોગ સત્યં, જાદૂ મિથ્યા! તજો જાદૂ, બનો યોગી!

યોગ અને જાદૂ વચ્ચે ઝોલાં ખાતાં પ્રવાસીઓ ઈશ્વરની માયા અને માનવીની માયાજાળ વિશે ચર્ચા કરવા લાગ્યા. એક નાનકડા ટેટામાંથી આવડું મોટું પ્રચંડ વડવૃક્ષ કેવી રીતે ફૂટે છે અને ફાલે છે! નથી તે દૂધ પીતું કે દાળભાત અને રોટલી ખાતું, નથી તે કસરત કરતું કે માલીસ કરતું, નથી તે કોઈ પશુ પંખીનું ભક્ષણ કરતું, ઊલટમાં તે સેંકડો જીવોનું રક્ષણ કરે છે. આ પણ શું જાદૂ જેવું નથી? એક પરદેશી પ્રવાસીને તો આપણું નાળિયેર સુદ્ધાં ખૂબ કૌતુકકારી લાગ્યું—આટલા સખત કોટલામાંથી પાણી અંદર પેઠું જ કેવી રીતે! બીજા એક પરદેશીને તો આપણું ભજિયું સુદ્ધાં કૌતુકકારી લાગ્યું—બટાકો ભજિયાંની વચ્ચે શી રીતે ઘૂસી ગયો!

અને આવું આશ્ચર્ય કેવળ સામાન્ય માનવીઓને જ નહિ પરંતુ મોટા નોબેલ પ્રાઈઝ વિજેતા વૈજ્ઞાનિકને પણ થાય છે તે વિશે મેં 'કિશોર'માં છેક ૧૯૩૫–૩૬ના અરસામાં 'આશ્ચર્યોનું પ્રદર્શન' નામના લેખમાં લખ્યું હતું તે યાદ હશે જ. બરોડા કૉલેજના સુવર્ણ મહોત્સવ પ્રસંગે આ આશ્ચર્યોનું પ્રદર્શન ગોઠવાયું હતું અને જ્યારે તે જોવા માટે સર સી. વી. રામન આવ્યા હતા ત્યારે ખરેખરી ગમ્મત થઈ હતી. પાઈપ વિનાનો નળ, સળગતો બરફ, ઝાંઝવાનાં જળ, સાંકડા મોઢાની બાટલીમાં રાક્ષસી કોળું વગેરે પચાસેક જેટલાં આશ્ચર્યો જોઈને આ મહાન વૈજ્ઞાનિક પણ છક્ થઈ ગયા હતા! આ જાદૂઈ ભ્રમણા પાછળનું સત્ય રહસ્ય જાણવા તેઓ પણ આતુર બની ગયા હતા અને જ્યારે તે જાણ્યું ત્યારે તેમણે ઉદ્‌ગારો કાઢયા હતાઃ "ઊહ્! હાઉ સિમ્પલ ઍન્ડ યટ હાઉ કન્ફ્યુઝિંગ!" માનવજીવન આખું જ આવું માયાજાળ જેવું છે—સરળ છતાં ગૂંચવાડાભર્યું, અદ્વૈત છતાં દ્વૈતના આભાસવાળું!

આવા અનુભવો ખૂબ મીઠા લાગે છે પણ ત્યારે ત્યારે મારામાં પણ જાદૂગર બની જવાની ઝંખના જાગે છે. આઠને બદલે બે જ કલાકની ઊંઘથી ચાલે તેવો જાદૂ કરી શકું તો કેવું સરસ! અને ટ્રેનોની ગીરદી જોઈને પંખીના જેવી પાંખથી ઊડી શકવાનો જાદૂ કરી શકું તો પણ કેવી મઝા આવે! જ્યાં સુધી ધારેલાં કામ પૂરાં ન થાય ત્યાં સુધી સૂર્યને જ આથમતો અટકાવી દઉં અને ચોગરદમ લાઉડસ્પીકરોમાંથી ઓકાતાં કર્કશ ઘોંઘાટને દૂર કરી દઉં એવા પ્રકારનો મહાન જાદૂગર થવાની જ આપણી તો ઝંખના છે—બૈરાંઓના અંબોડામાંથી બેચાર ચીકન કાઢ્યાં તો યે શું અને ન કાઢ્યાં તો યે શું!

તા. ૨૬મી ઓક્ટોબરની રાત્રે સ્ટીમર ઉપર વળી એક નવો જ તમાશો જોવા મળ્યો. તેનું નામ હતું 'સ્કેવેન્જર હન્ટ.' સાંજે સાત વાગ્યે બધા પેસેન્જરોને એક યાદી આપવામાં આવી તેમાં પચાસ ચીજોનાં નામ લખેલાં હતાં. આ પચાસમાંથી સૌથી વધારે વસ્તુઓ જે સાડા સાત વાગ્યા સુધીમાં એકઠી કરી લાવે તેને પહેલું ઈનામ! અને ચીજો કેવી હતી—એક ચપટી ધૂળ, બે તણખલાં ઘાસ, સેફટી પીન, ફાઉન્ટન પેનની કટાયેલી નીબ, ફાટેલી છત્રી, સોય દોરો, લંડન અંડર ગ્રાઉન્ડનો નકશો, હીટલરનો ફોટો વગેરે વગેરે. કઈ કચરાપેટીમાંથી આ બધું એકઠું કરવું! છતાં ઘણાએ બીડું ઝડપ્યું. આખી સ્ટીમરમાં આ બધાં વાળઝૂડીઆઓ આમથી તેમ ભટકવા લાગ્યા. રાવળભાઈ મને કહે છે: 'કાન્તિભાઈ, પેલી તમારી કાતર મને આપી દો.' ધારકરભાઈ કહે છે 'તમારી બૂટ પોલીશની ડબ્બી આપો.' મીનુ કહે છે: 'ભારતનો નવો પૈસો આપો.' શી આ ગમ્મત! અડધા કલાકમાં તો આખી સ્ટીમરમાં તરખાટ મચી ગયો. આટલા બધા બાવરાઓ આકુળવ્યાકુળ થઈને આ શી દોડાદોડ કરી રહ્યા છે! સ્ટીમર ઉપર આ બધું લાવવું ક્યાંથી? છેવટે ઈનામ મળ્યું એકત્રીસ જ ચીજ ભેગી કરનારને અને બાકીના બધા હાથ અને પગ ઘસતા રહી ગયા! કેટલાક જણ તો ત્રણ ચીજ પણ ભેગી કરી શક્યા નહિ!

સોમવાર તા. ૨૭ મી ઓક્ટોબરે શરદપૂર્ણિમા હતી. સ્ટીમર ઉપર પૂરતી સંખ્યામાં હિંદી સન્નારીઓ હોય છે તો સામાન્ય રીતે આ દિવસે (એટલે કે રાત્રે ચાંદનીમાં) ગરબા અને દાંડિયા રાસનો પ્રોગ્રામ પણ ગોઠવવામાં આવે છે. પરંતુ અમારી સ્ટીમર ઉપર તો બિનહિંદી સન્નારીઓની સંખ્યા જ વધારે હતી તેથી, હિંદી ગરબા અને રાસને બદલે વિલાયતી રાસલીલાનો પ્રોગ્રામ ગોઠવવામાં આવ્યો હતો. તેમાં પણ ખૂબ રમઝટ આવી. તાળીઓના તાલે 'રૉક એન્ડ રોલ' અને બૉલ ડાન્સનાં નૃત્યો ચાંદની હેઠળ ખૂબ મનોરંજક લાગ્યાં. ચારે બાજુ સમુદ્ર ઉપર ચાંદની રેલાઈ રહી હતી, 'ભરતી અનંત ડોલે, અફાટ ભીંજે છોળે'નું વાતાવરણ જામી ગયું હતું અને તેની વચમાંથી અમારી નૌકા પૂરા દમદબા સાથે, રાતા સમુદ્રમાં વિહાર કરી રહી હતી. ભરદરિયે શરદપૂનમની ચાંદનીમાં ખેલાઈ રહેલી આ વિલાયતી રાસલીલા વિશ્વમાનવની ઊર્મિઓ અને તરંગોનું સચોટ પ્રતિબિંબ પાડી રહી હતી. 'ફોર્મ' ભલે ભિન્ન ભિન્ન હોય છતાં 'કન્ટેન્ટ' તો એક જ હતો—પુરુષ અને પ્રકૃતિનું તાલબદ્ધ ઐક્ય!

સુએઝ છોડ્યા પછી રાતા સમુદ્રમાં તાપ સખત પડવા માંડ્યો હતો. અમારા કેબિનમાં તો ભઠ્ઠી જેવી ગરમી લાગતી હતી તેથી આખો દિવસ અને મોડી રાત સુધી બધા જ ડેક ઉપર પડ્યા પાથર્યા રહેતા હતા. સ્નાન પણ હવે ઠંડા પાણીથી જ કરવું પડતું હતું. આખો દિવસ ડેક ઉપર વિશુદ્ધ સૂર્યકિરણોથી શેકાવાથી અને ખારાં પાણીથી સ્નાન કરવાથી વિલાયતની ઠંડીમાં ખીલેલી ચામડી પરની લાલી ઊડવા માંડી અને ત્વચા શ્યામ પડવા માંડી. આખા દેહ ઉપરથી પરસેવા અને તેલનું મિશ્રણ રેલાવા માંડ્યું. આરસીમાં જોઈને તો હેબતાઈ જવાતું હતું—આ શું! હું આવો શ્યામ પહેલાં કદાપિ નહોતો! વિલાયતમાં વધેલું દસ રતલ વજન પણ હવે ખોવાનું જતું હતું કે શું? બીજા અનેક પ્રવાસીઓની પણ આવી હાલત હતી છતાં કેટલાક ઉપર કશી જ અસર થઈ નહોતી. અનુભવીઓએ આશ્વાસન

આપ્યું કે હિંદ પહોંચ્યા પછી આઠ દિવસમાં જ અસલ રંગ નીખરી આવશે—ગભરાને કી કોઇ બાત નહીં હૈ! અને તેમ જ બન્યું. ગઇ સાલ કાશ્મીરનાં ગિરિશૃંગો ઉપરનાં હૂંફાં છતાં પ્રબળ સૂર્યકિરણોથી શેકાઇને પાછા ફર્યા બાદ અમે બધાં જ આવા 'સનટેન્ડ' શ્યામ પડી ગયાં હતા પરંતુ આઠ દિવસમાં જ પાછો અસલ રંગ આવી ગયો હતો. આ પણ એક જાદૂ જેવું જ છે!

મંગળવાર તા. ૨૮ મી ઓક્ટોબરે "ડોન્ટ ગો નિયર ધી વોટર" નામની ફિલ્મ બતાવવામાં આવી હતી. તે દિવસે મિ. ફ્રેડકે મારી સાથે સ્ટીમર ઉપર ચાલતાં 'સેન્સ એન્ડ નોનસેન્સ'નાં નાટકોની સુંદર મીમાંસા કરી હતી. ડેક ઉપર કેટલીક શરમજનક ઘટનાઓ બની રહી હતી અને વિકારના વાતાવરણે માઝા મૂકવા માંડી હતી કેટલાંક અંગ્રેજ અને હિંદી નરનારીઓએ સાવ નફ્ફટ બનીને રોજ નવા નવા પ્રેમકિસ્સાઓ છડેચોક ભજવવા માંડ્યાં હતાં અને સ્વીમિંગ પુલમાં પણ અમર્યાદ રીતે એકબીજાને ચૂંથી નાખવા, ચૂમી નાખવા, ખભે ચઢી બેસવું વગેરે ચાલી રહ્યું હતું. બોલ ડાન્સ કરતી વખતે સ્ત્રી પુરુષનાં હાથ સિવાયનાં બધાં અંગો દૂર રહેવાં જોઇએ એવો નિયમ છે પરંતુ એ બધા નિયમો અભરાઇએ ચઢાવીને કેટલાક મસ્તાનાઓ તો નફ્ફટ રીતે 'ક્લોઝ ડાન્સિન્ગ'માં રાચતા હતા. એલનબહેને મને જણાવ્યું જ હતું કે "પેલો બીજલાની નામનો આદમી તો સાવ નફ્ફટ હતો—એ ડાન્સ કરવા આવે છે કે ભેટવા તે જ સમજાતું નથી!"

'મેની હેપી રીટર્ન્સ ઓફ ધી ડે', 'હેપી બર્થ ડે ટુ યુ', 'વિશ યુ એ લોન્ગ એન્ડ હેપી લાઇફ' જેવાં અભિનંદનો સાથે બુધવાર તા. ૨૯ મી ઓક્ટોબર ૧૯૫૮નું મારું મંગળ પ્રભાત ઊગ્યું જીવનનાં ત્રેતાલીસ સોપાન પૂર્ણ કરીને હું તે દિવસે ચુમાલીસમા સોપાન ઉપર પગ મૂકી રહ્યો હતો. પહેલી જ વાર મારી વરસગાંઠ દરિયે ઉજવવાનો પ્રસંગ આવ્યો હતો અને તે હોંશપૂર્વક ઉજવનારી પ્રેમાળ મંડળી પણ હતી.

રાવળભાઈ અને નાથભાઈ, અપ્પાસાહેબ અને એલનબેન, મીનુ અને અમી, શાંતિ બાબુ અને પ્રસન્નબાબુ, નગીનભાઈ, કાન્તિભાઈ અને બાબુભાઈ, પુષ્પા મલકાની, રવીન્દ્ર, પદ્મનાભન અને પેલા મિ ઓસ્વાલ ઓમન સુદ્ધાં સવારે મને 'સાલ મુબારક' કરવા આવ્યા હતા. અને આ બધા તરફથી તે દિવસે રાત્રે ડેક ઉપર મને એક 'બર્થ ડે ડ્રિન્કસ પાર્ટી' પણ આપવામાં આવી હતી. ઓમનજી તો આ પાર્ટીમાં એક નાનકડું પોર્ટેબલ ગ્રામોફોન સુદ્ધાં લાવ્યા હતા અને તેની ઉપર 'દીર્ઘાયુ હો'નું ગીત ફીન્સેન્ડની ભાષામાં વગાડ્યું હતું! "પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ"નું ગીત ગાવાનો લહાવો મને મળ્યો હતો. ડેક ઉપર આરામ ખુરશીઓ વર્તુળ આકારમાં ગોઠવીને બધાં ચાંદનીના પ્રકાશમાં બેઠાં હતાં અને પોતપોતાની પસંદગીનું પીણું પી રહ્યાં હતાં. સૌથી વિશેષ માગણી પાઇનેપલ જ્યુસ (અનેનાસના રસ)ની જ હતી. રાવળભાઇ અને શાંતિબાબુએ આ પાર્ટીના સુંદર ફ્લેશ ફોટોગ્રાફ્સ પાડ્યા હતા તેમાં મને એલનબહેન અને અમીબહેનની વચમાં બેસાડવામાં આવ્યો હતો અને પાછળ પુષ્પાને ઊભી રાખવામાં આવી હતી. આ પ્રમાણે મારી ત્રેતાલીસમી વરસગાંઠની ઉજવણી તો ખરેખરી યાદગાર હતી! તે દિવસે સવારે મેં સ્ટીમર ઉપરનાં બાળકોને ચોકલેટની લ્હાણી પણ કરી હતી—જીવતાન ઉપરાંત!

મારી વરસગાંઠને દિવસે જ બીજો યાદગાર પ્રસંગ બન્યો તે એડનની મુલાકાત બપોરે બાર વાગ્યે સ્ટીમર એડન બંદરે આવી પહોંચી. અમને કહેવામાં આવ્યું કે સ્ટીમર સાંજે ૭ વાગ્યે પાછી ઊપડશે તેથી સૌ કોઈએ સાડા પાંચ વાગ્યે પાછા આવી જવું. સ્ટીમર ઉપર લંચ લેવાની ઇચ્છા હોય તેઓ લંચ લઈને શહેરમાં ફરવા જઈ શકશે અને જેની ઇચ્છા જમ્યા વગર જવાની હોય તેઓ તેમ પણ કરી શકશે. મેં તો ભારે નાસ્તો કર્યો હતો તેથી દોઢ વાગ્યા સુધી લંચ માટે રોકાઈ રહેવાનું પસંદ ન કર્યું. મીનુ અને અમીને તેડવા એક ભાઈ શ્રી. અદી (અરદેશર) ગાંધી આવ્યા હતા તેમણે માર્ગદર્શન કરાવ્યું તે મુજબ હું, પ્રભાકર, એલન, મીનુ અને અમી સાથે નીકળ્યા મીનુ અને અમી અદીભાઈને ત્યાં જમવા ગયાં અને હું ધારકર ત્રિપુટી સાથે ખરીદી માટે ઊપડ્યો. પહેલી ખરીદી પ્રભાકરભાઈએ પગરખાંની કરી કારણ કે તેમણે પહેરેલા બૂટ તેમને ખૂબ ડંખવા માંડ્યા હતા. એલન-બહેને એક બ્લાઉઝ ખરીદ કર્યું. મેં પ્લાસ્ટીકની એક ફોલ્ડીંગ સુટકેસ, મશરૂના ગાલીચા અને તકિયાની ખોળો, અત્તરની બાટલી વગેરે ખરીદ કર્યું. ૭ મહિના બાદ પાન પણ ખાધું અને એલનબહેનને આ નવી ચીજ ખવડાવી તે તેમને ખૂબ ભાવી! બીજા ચાર દિવસના પ્રવાસ પૂરતાં ચાલે તેટલાં સોપારી પણ ખરીદ કરી લીધાં! તા. ૩ જી નવેમ્બરે સવારે તો મુંબઈ પહોંચ્યા બાદ ભરપટ્ટે પાન અને સોપારી ખાવા મળવાનાં હતાં જ!

તમે પૂછશો કે એડનમાં બીજું કશું કંઈ જોવા જેવું નહોતું કે જેથી કેવળ ખરીદીની જ વાત મેં લખી છે! વેલ, આ બાબતમાં તો ઘણું કહી શકાય તેમ છે છતાં હું સંક્ષિપ્તમાં જણાવીશ કે શા માટે એડન એક મહત્ત્વનું આંતરરાષ્ટ્રીય વિક્રય કેન્દ્ર છે. મેં તો બહુ મામૂલી ચીજો ખરીદ કરી હતી—પાન, સોપારી, અત્તર અને ગાલીચા જેવી. પરંતુ બીજા પ્રવાસીઓ તો સાંજ સુધીમાં લાખો રૂપીઆની વસ્તુઓ ખરીદ કરી લાવ્યા હતા—કેમેરા, પ્રોજેક્ટર, ટેપ રેકોર્ડર, હેર ડ્રાયર, રેફ્રીજરેટર, ટ્રાન્સીસ્ટર રેડિયો, પ્રેશર કૂકર, ગીઝર, પાર્કર પેન, ઇલેક્ટ્રિક શેવર, સ્લીપર વગેરે વગેરે. પેલા ત્રણે પટેલ બંધુઓ તો ત્રણ ટ્રાન્સીસ્ટર રેડિયો ખરીદી લાવ્યા હતા! વિલાયતમાં શું આ બધું નહોતું મળતું કે એડનથી ખરીદવું પડ્યું? જી, ના, વિલાયતમાં આ બધુંયે મળે છે પરંતુ તે જ વસ્તુઓની કિંમત એડનમાં અડધાથી પણ સસ્તી હોય છે તેથી ખરીદી માટેનો દરોડો એડનમાં સવિશેષ રહે છે. તમે પૂછશો કે એડનમાં શું એટલા બધા હુન્નર ઉદ્યોગો છે કે જે આવી વસ્તુઓનું ઉત્પાદન વિલાયત કરતાં પણ સસ્તા ભાવે કરી શકે છે! જી, ના, એડનમાં એક પણ આવો ઉદ્યોગ નથી. આ બધો સામાન વિલાયતથી જ એડનમાં આયાત થાય છે અને તેની ઉપર વેપારીનો નફો ચઢાવ્યા છતાં સસ્તે વેચાય છે! વિચિત્ર લાગે છે નહિ? વેલ, હું અટપટું અર્થશાસ્ત્ર ઝાઝું સમજતો નથી પરંતુ નગ્ન સામ્રાજ્યવાદ વિશે કંઈક સમજું છું તેથી આ સંદર્ભમાં એડન વિશે કંઈક કહી શકું તેમ છું.

એડન આમ તો નવસારી કે સિનિમોરા જેવું લાગે છે પરંતુ તેની મુખ્ય 'ખનીજ' તેની ભૌગોલિક સ્થિતિમાં જ રહેલી છે. બાકી ત્યાં નથી હુન્નર ઉદ્યોગ કે નથી એવી કોઈ સુંદર 'પ્રાકૃતિક રમણીયતા'. ઇ. સ. ૧૨૮૫માં વિશ્વવિખ્યાત પ્રવાસી માર્કો પોલો એડનમાં ફરી ગયો હતો પરંતુ તેને તેમાં કશું જ નોંધવા જેવું લાગ્યું નહોતું. ત્યાર બાદ થોડી સદીઓ પછી પ્રખ્યાત અમેરિકન ચાંચિયા કેપ્ટન કીડ અને કેપ્ટન ટયુ સુદ્ધાં એડન પહોંચેલા છતાં

તેમને પણ એડનનું કશું જ મહત્ત્વ સમજાયેલું નહિ. ત્યાર બાદ જૂના અને જાણીતા નામચીન ચાંચિયા પોર્ટુગીઝોએ તો એડન ઉપર કબજો પણ જમાવ્યો હતો પરંતુ ભારત તરફ જવા માટે તેમણે જ 'કેપ ઑફ ગુડ હોપ' નો રસ્તો થોડા જ સમય બાદ શોધી કાઢ્યો એટલે તેમનો રસ એડનમાંથી ઊડી ગયો. તે વખતે સુએઝની નહેર હતી જ નહિ એટલે એડનનું મહત્ત્વ પોર્ટુગીઝોને પણ ન જ સમજાયું !

પણ સૌ સામ્રાજ્યવાદીઓમાં ખરેખરા ખંધા તો બ્રિટિશ જ છે એ આપણે ક્યાં નથી જાણતા? બ્રિટને ઈ. સ. ૧૮૩૯ માં એડનનો ટાપુ કબજે કર્યો ત્યારે તેની વસ્તી ફક્ત ૫૦૦ જેટલી જ હતી અને આજે તેની વસ્તી પચાસ હજાર જેટલી છે! શઢને બદલે વરાળથી ચાલતી નૌકાઓની શોધ થતાં વેંત બ્રિટને એડનને એક મોટા 'કોલિંગ સ્ટેશન' તરીકે વિકસાવ્યું અને પછી ૧૮૬૯ ની સાલમાં સુએઝની નહેર ખુલ્યા બાદ તો એડનની કિંમત ખૂબ જ વધી ગઈ પશ્ચિમમાંથી પૂર્વ તરફ જવાની એક મોટી બારી ખુલી ગઈ અને ખાલી ૭૪ ચોરસ માઈલના પ્રદેશવાળું એડન બંદર જગતના વ્યાપારની ધોરી નસ–'મેઈન સ્ટ્રીટ' જેવું બની ગયું. આજે આ ધોરી નસમાંથી જ વ્યાપાર ઉપરાંત સામ્રાજ્યવાદના વ્યૂહચક્રો પણ સૌથી વધારે પ્રમાણમાં વહે છે એ ભૂલવા જેવું નથી. આજે એડન કેવળ જગતનું સૌથી મોટું 'બંકરિંગ પોર્ટ' (કોલસા લેવાનું બંદર) જ નથી પરંતુ બ્રિટિશ રૉયલ એર ફોર્સનું પણ મોટું થાણું છે—મધ્ય પૂર્વના 'જોઈન્ટ સર્વિસીસ કમાન્ડ'ના હેડક્વાર્ટર્સ પણ અહીં જ છે! પૂર્વ આફ્રિકામાંથી બ્રિટને ન છૂટકે સામ્રાજ્ય છોડવા માંડ્યું છે પણ એડનમાંથી ખસવાની તેની દાનત જ નથી લાગતી. થોડા મહિના ઉપર જ બ્રિટિશ સરકારના સંરક્ષણ ખાતાએ યાદી બહાર પાડી હતી કે "એડન અને અરબસ્તાનના અખાતમાં તો આપણે આપણું સૈન્ય કાયમને માટે જ રાખવા માગીએ છીએ!"

આ 'અરેબીઅન જિબ્રાલ્ટર'માં સંસ્થાનવાદ વિરોધી રાષ્ટ્રવાદની લાગણી ખાળવા બ્રિટન આકાશપાતાળ એક કરી રહ્યું છે. નાસરનો સંયુક્ત આરબ રેડિયો રાષ્ટ્રવાદી પ્રચારના તણખા એડનમાં પણ ઝરાવે છે. આ તણખા બુઝાવી દેવા રૉયલ એર ફોર્સ તોપમારો કરતાં પણ ખચકાતો નથી. બીજી બાજુ 'રાષ્ટ્રીય સરકાર'ની રચના કરવાનું નાટક પણ અહીં ચાલુ થઈ ગયું છે. એડન બંદર અને તેની સમીપ આવેલા પ્રદેશો 'એડન પ્રોટેક્ટોરેટ'ને 'ફેડરેશન ઑફ સાઉથ અરેબીઆ'માં સમેટ કરી દઈ 'સ્વરાજ'નો આભાસ ઊભો કરવાના પ્રયત્નો ચાલુ થઈ ગયા છે. ગુજરાત જેવડા પશ્ચિમ બંગાળ જેટલું બહોળું આ આરબ સંસ્થાન સાચવી રાખવા માટે બ્રિટિશ સેનાપતિઓ આરબ સુલતાનો અને અમીરોને ભરડો મારવા તેમની સાથે ધૂંટણીએ બેસીને 'ક્વાટ' નામનું ભાંગ જેવું કેફી પીણું પણ હવે પીવા માંડ્યા છે.

આ નવાબો ઉપરાંત બ્રિટને તેના પીઠ્ઠુસમા બહોળા લાગવગ ધરાવતા વેપારી વર્ગને અને કોન્ટ્રેક્ટરોના વર્ગને પણ એડનમાં પોષ્યા કર્યો છે. આ વર્ગના સ્થાપિત હિતો બ્રિટિશ રાજની સાથે જ સંકળાયેલાં છે તેથી તેઓ રાષ્ટ્રવાદનો વિરોધ કરે છે. આ વેપારી વર્ગને બ્રિટિશ સરકાર વગર જકાતે જગનો માલ આયાત કરવા દે છે અને તેમાંથી તેમને મોટો નફો પણ કરવા દે છે એટલે નાસરના પ્રચારની અસર હજી એડનમાં જોઈએ તેટલી

ખતી નથી. બ્રિટને વસ્તીની ગોઠવણી પણ એવી કુશળતાભરેલી કરી છે કે એડનના સાચા ભૂમિપુત્રો કરતાં બમણી વસ્તી તો પરદેશથી આવેલા વેપારી ચાંચિયાઓની જ થવા દીધી છે! આ બધાને બ્રિટિશની કૃપા વગર 'વેઇટેજ' મળે તેમ નથી તેથી તેમને એડનના સ્વરાજની શી પડી હોય? એડન સંસ્થાનમાં પચાસ હજાર યમન, વીસ હજાર હિંદી, બાર હજાર સોમલી અને હજારો બ્રિટિશ સૈનિકો આવીને વસ્યા છે અને આ બધા પરદેશીઓનું જ વર્ચસ્વ સંસ્થાન ઉપર જામી પડ્યું છે આ ચાંચિયાઓની જાજમમાં જાજમ માગણી એક જ છે કે એડનને સિનજકાતી 'ફ્રી પોર્ટ' રહેવા દેવું!

બે લાખની વસ્તીવાળા એડન 'પ્રોટેક્ટોરેટ' (સુરક્ષિત સંસ્થાન!)માં પ્રતિવર્ષ ૧૦૦ કરોડ રૂપીઆની ચીજવસ્તુઓની આયાત થાય છે જેમાંથી ફક્ત સાત ટકા માલ જ સંસ્થાનમાં વપરાય છે. બાકીના બધા માલની નિકાસ એડનના વેપારીઓને કરવા દેવામાં આવે છે. હુન્નર ઉદ્યોગથી સંસ્થાનું પોષણ કરવાને બદલે વેપારની ભાગીદારીથી પોષણ કરવાનો રસ્તો શાહીવાદ માટે સૌથી સલામત છે કારણ કે ઉદ્યોગો સ્થાપ્યા હોય અને પછી જાગ્રત પ્રજા તેનું રાષ્ટ્રીયકરણ કરીને શાહીવાદી રાજકર્તાઓને 'ક્વીટ નોટિસ' આપીને હાંકી કાઢે તો શી વલે થાય! ઈરાનમા ડૉ મોસાદિકે એન્ગ્લો-ઈરાનીઅન ઓઈલ કંપનીની શી વલે કરી હતી અને નાસરે સુએઝની નહેરની શી વલે કરી હતી તે તો બધા સામ્રાજ્યવાદી જાણે જ છે! ભારતમાં પણ ઉદ્યોગો પાછળ મૂડીનું રોકાણ કરતાં આ મ્હોંકાણની બીકે જ પરદેશી ચાંચિયાઓ ડરે છે! નેહરુજી ભરોસો રાખવા કહે છે છતાં તેઓ જાણે છે કે નેહરુજીના અમલ બાદ 'ન કરે નારાયણ' ને કોઈ માથાફરેલ ક્રાન્તિકારી પક્ષના હાથમાં અમલ આવી જાય ત્યારે શી વલે થાય! ઉદ્યોગો સ્થાપવા કરતાં થાય ત્યાં સુધી વેપાર જ કર્યા કરવો એ 'સૌથી સલામત' નીતિ છે! પણ નેહરુજીએ 'ઈમ્પોર્ટ રેસ્ટ્રીક્શન'ની ચાવી એવી તો ફેરવી આપી છે કે ન છૂટકે પણ હુન્નરો ચાલુ કરવા જ પડે છે—દેશમાં પગ રાખવો હોય તો! દેશના પુનરુત્થાનની શુદ્ધબુદ્ધિથી જ જો આ હુન્નરો ચાલુ કરાઈ રહ્યા હોય તો તેમને તેમ કરતાં કેટલાં દાયકો વર્ષમાં કોણ રોકતું હતું! જનકલ્યાણ નહિ પણ નફાનો લોભ એ જ 'ફ્રી એન્ટરપ્રાઈઝ'નો મુખ્ય 'ઈન્સેન્ટિવ' હોય છે! ક્ષુલ્લક જનકલ્યાણ એ તો જંગી નફાખોરીનો કેવળ 'બાય પ્રોડક્ટ' જ છે!

દસ વર્ષ ઉપર ૧૯૫૨-૫૩મા બ્રિટિશ પેટ્રોલિયમ ઓઈલ કંપનીએ એડનમાં એક ૧૦ લાખ ટન તેલ શુદ્ધ કરવાની રીફાઈનરી ૫૦૦ લાખ પૌંડના ખર્ચે બાંધી છે પરંતુ તેમાં ફક્ત ૧૫૦૦ આરબોને મળતી ક્ષુલ્લક રોજી સિવાય આ રીફાઈનરીના જંગી નફામાંથી એડનની પ્રજાને કશું જ મળતું નથી બંદરનો વ્યવહાર, વ્યાપાર અને ટુરિસ્ટ ટ્રાફિકમાંથી એડનની વાર્ષિક આવક ૧૧૦ લાખ પૌંડ જેટલી છે પણ તેનો લાભ વેપારી અને કોન્ટ્રેક્ટર વર્ગને જ મળે છે. એડનના ભૂમિપુત્રો ઉપરાંત યમની શ્રમજીવીઓ અને 'પ્રોટેક્ટોરેટ'ના શ્રમજીવીઓ આ સ્થિતિ હવે પામી ગયા છે અને તે ટાળવા સંગઠિત થવા લાગ્યા છે.

૬૮,૦૦૦ સભ્યોવાળી એક આગુવાન સંસ્થા "એડન ટ્રેડ યુનિયન"નો પ્રાદુર્ભાવ થયો છે અને આ સંસ્થા એડનના સંપૂર્ણ સ્વાતંત્ર્યમાં બ્રિટિશ થાણું હટાવવામાં અને આરબ

એકતામાં મક્કમપણે માને છે. બ્રિટન અને બ્રિટનના પીઠુઓ—સુલતાનો, અમીરો, યમનનો રાજા, પરદેશી વેપારીઓ—એ બધા સામે 'સક્ત ચલાવવાનું બીડું' આ સંસ્થાએ ઝડપ્યું છે પરંતુ તેને એડનના ટ્રેડ યુનીઅન કાયદાઓ ગુંગળાવી નાખવા માગે છે. ૧૯૬૦થી તો એડનમાં હડતાલો ઉપર પણ પ્રતિબંધ મૂકાઈ ગયો છે. છતાં વેપારીવર્ગને બાદ કરતાં સમસ્ત એડનના પ્રજામતની સહાનુભૂતિ આ સંસ્થા પ્રત્યે ખૂબ જ છે. આ સંસ્થાનો નેતા એડન એરવેઝ કંપનીનો 'એક મામૂલી બુકિંગ કલાર્ક' છે પણ તેનું ખમીર જબરું છે.

બીજી એક 'રાષ્ટ્રીય' સંસ્થાનું નામ છે "સાઉથ અરેબીઅન લીગ". આ લીગ આપણા સ્વતંત્ર પક્ષ જેવો મવાળ રાજા મહારાજાઓએ સ્થાપેલો પક્ષ છે એટલે તેની પાસેથી એડનની પ્રજા બહુ આશા રાખતી જ નથી. તેના એક જુસ્સાદાર નેતા જનાબ મહોમ્મદ જીફ્રીએ ૧૯૫૮માં સુએઝના રાષ્ટ્રીયકરણ વખતે નાસેરની પ્રશંસા કરવાની ધૃષ્ટતા કરી હતી ત્યારથી તેને એડનમાંથી હાંકી કાઢવામાં આવ્યો છે અને હવે તે કેરોમાં જ રહે છે. આ પક્ષના બીજા એક નેતા 'ઓક્સફર્ડ-એજ્યુકેટેડ' જનાબ શેખ ફરીદ આપણા ભાઈ મીનુ મસાણી જેવા છે. સમાજવાદનો જ તેઓ કેવળ વિરોધ કરતા નથી પરંતુ સ્વરાજની યે શી ઉતાવળ છે એમ માને છે. આ મહાશયને બ્રિટિશ સરકારે એડનની પૂતળા સરકારનો નાણાપ્રધાન બનાવ્યો છે! સંરક્ષણ અને વિદેશખાતાનું સંચાલન તો બ્રિટન જાતે જ કરે છે. ખધી બ્રિટિશ સરકાર ૧૯૩૭મા ચબરાકીથી એડનનું તંત્ર દિલ્હીથી ખસેડીને લંડનમાં લઈ ગઈ હતી કે જેથી ભારતના સ્વાતંત્ર્ય આંદોલનના છાંટા એડનમાં ન ઊડે!

"એડન એસોસિયેશન" નામનો એક પક્ષ ખૂબ જ નબળો છે. 'ક્વાટ'ના કેફી પીણાનો પ્રતિબંધ કરાવવો વગેરે પ્રકારના નાના નાના મુદ્દાઓ પૂરતો જ આ પક્ષ લડે છે (આપણા ઝંપડી સંઘ સોસિયાલિસ્ટોની જેમ જ) અને તેમાયે સ્થાપિત હિતોએ ફાટફૂટ પડાવી છે કારણ કે ધધોપિયાનાં સ્થાપિત હિતોને તો ખૂબ પૈસા રેડીને પણ એડનમાં પોતાનો ૩૦ લાખ પૌંડનો આ કેફી પદાર્થનો ધોખનો ધધો જાગતો રાખવો છે! આ પક્ષના બે વિભાગના નેતાઓ જનાબ બયુમી અને જનાબ સૈયદી હવે એડનની 'પપેટ ફેડરેશન'ના વડાપ્રધાન થવાની પેરવીઓ કરી રહ્યા છે! આ બેમાં જનાબ સૈયદી જરાક વધારે પ્રગતિશીલ છે અને બ્રિટિશ ગવર્નર સર ચાર્લ્સ જહોનસ્ટનને પણ હંફાવે છે.

ટૂંકમાં, હવે એડનમાં પણ વિરાટ જાગ્યો છે. બ્રિટન તે સમજી પણ ગયું છે છતાં તેની અસલ આદત પ્રમાણે તેનો સીધો ઉપાય કરવાને બદલે અવળા સવળા પેંતરા જ પડે રાખે છે. એડન રાષ્ટ્રવાદીઓના કબજામાં ન ચાલ્યું જાય તેટલા ખાતર હવે બ્રિટન તેનું રૂપાંતર 'આંતરરાષ્ટ્રીય શહેર'માં કરી નાખવા માગે છે! ૧૯૬૩માં ચૂંટણી પણ થશે, ધારાસભા પણ સ્થાશે અને બ્રિટિશ ગવર્નર વિદાય લેશે. પણ મતાધિકારની વહેંચણી ખૂબી ભરેલી રાખેલી છે. યમની અને સોમાલી શ્રમજીવીઓ 'પરદેશી' છે તેથી તેમને મતાધિકાર નહિ રહે પરંતુ હિંદી વેપારીઓ પરદેશી હોવા છતાં તેમને મતાધિકાર રહેશે! મતલબ કે ચૂંટણીને અંતે આરબ પ્રજાની બહુમતી તો ધારાસભામાં નહિ જ થઈ શકે! પીઠુઓનું વાજું જ જોરથી વાગશે અને એ પીપુડી વગડાવનારાઓ લંડનથી તેનું સંચાલન કરશે! જનાબ અયુબખાન જેવો કોઈ 'બેઝિક ડેમોક્રેટ' પ્રમુખ તરીકે પણ શોધી કાઢવામાં આવશે!

પણ એડનનો જાગ્રત બુદ્ધિશાળી વર્ગ સમજી ગયો છે કે એડનને જો બ્રિટનના લશ્કરી થાણા તરીકે વધુ સમય માટે વાપર્યો કરવા દેવામાં આવશે તો એડનની પ્રજા ઠંડા યુદ્ધમાં સંડોવાયેલી જ રહેશે અને જો યુદ્ધ આવીને ઊભું રહેશે તો બધાં મહાન રાષ્ટ્રો એડનને કબજે કરવાના પ્રયત્નો કરશે જ. એડનની પ્રજાને આ પ્રમાણે રહેંસાઇ જતી અટકાવવા એડન ટ્રેડ યુનીયન કોંગ્રેસ જાગ્રત શ્રમજીવી વર્ગમાં તેની લાગવગ વધારી રહી છે, પ્રજાનું ખમીર અને આહૂતિ આપવાની તૈયારી પણ કેળવી રહી છે. હવે એડનની પ્રજાને જીવાડવા માટે બ્રિટિશ રક્ષણ કે આયાતના વેપારની જરાયે જરૂર નથી. એડનની સામુદ્રધૂનીમાં જોઇએ તેટલું તેલ છે એમ શોધાયું છે. આ તેલ જ એડનની પ્રજાને જીવાડવા માટે પૂરતું છે. 'વોઇસ ઓફ ધી આરબ્સ'નો રેડિયો પણ કેરોથી એડનની પ્રજાને શીખવી રહ્યો છે કે "તોડો બ્રિટિશ બંધનો અને બનો આઝાદ. આરબ એકતા ઝિંદાબાદ!" બ્રિટનનું તો હજી કહેવું છે કે આ પછાત પ્રજા ચૂંટણી માટે પાકટ જ નથી. પણ એ બધું જુઠાણું છે. પ્રજા પાકટ થઈ ચૂકી છે અને તે હવે જંપીને બેસનાર નથી જ. એડન ઉપરની બ્રિટનની મક્કમ પકડને ઢીલી કરીને હવે તે મુક્તિ મેળવીને જ રહેશે.

અમારી સ્ટીમર તા. ૨૯મી ઓક્ટોબર ૧૯૫૮ની સાંજે છ વાગ્યે એડનથી મુંબઇ જવા માટે ઊપડી ચૂક્યા બાદ બેજ દિવસ પછી સ્ટીમરના અખબારમાં સમાચાર આવ્યા હતા કે તા. ૩૦મી ઓક્ટોબરે એડનની પ્રજાએ બ્રિટન વિરોધી બળવો કર્યો હતો પરંતુ તેને 'સફળતાપૂર્વક' દબાવી દેવામાં આવ્યો હતો! આ પ્રમાણે અલ્જિરિયા, સુએઝ અને એડનની ક્રાન્તિકારી અરબ ભૂમિ વટાવીને અમારી સ્ટીમર મુંબઇના માર્ગે પ્રયાણ કરવા લાગી. બીજે દિવસે રશિયામાં પાસ્તરનાકે વાઙ્મયસાતંત્ર્યના ક્ષેત્રમાં કરેલી ક્રાન્તિના સમાચાર પણ સ્ટીમરના અખબારમાં આવ્યા. આ વિશે હવે આવતા (અને ખરેખર છેલ્લા) પત્રમાં આપણે જોઇશું. એડનમાં સવારે સ્ટીમર ઉપરથી મેં છેલ્લો પત્ર ઘેર લખ્યો હતો પણ પછી એડન ગામમાં ફરી આવ્યા બાદ ત્યાંની બેંકના ઓટલાના પગથિયાં ઉપર બેસીને 'છેલ્લા પછીનો છેલ્લો' પત્ર પણ મેં લખીને પોસ્ટ કરી દીધો હતો અને તે પત્ર તા. ૩જી નવેમ્બરે મુંબઇમાં મારો ગૃહપ્રવેશ થયા બાદ બપોરે મળ્યો હતો!

ક્રમશઃ]

લિ૦ સ્નેહાધીન,

કાન્તિ ગાંધીના

જય હિંદ

*

અનુસંધાન પૃ ૮૪]

નોંધ જમીનની સપાટી પર પહેલેથી દાટી રાખેલાં અવાજ-સંગ્રાહક યંત્રો મારફતે મોટરમાં ગોઠવેલા સિસ્મોગ્રાફમાં થાય. એ ઉપરથી સુરંગ ફૂટી ક્યારે અને તેનો પડઘો પડ્યો ક્યારે એની ગણતરી કરી શકાય. તે ઉપરથી ગ્રેનાઇટ જેવા સખત પડક ધરતીમાં નીચે કેટલી ઊંડાઈએ આવેલા છે એનો ક્યાસ કાઢવામાં આવે છે. આ પ્રમાણે જળકૃત નરમ પડક હોય તો તેની પણ સમજણ પડે.

આ ત્રણેય પદ્ધતિ અજમાવ્યા પછી નવ્વાણુ ટકા ખાત્રી થાય કે પેટ્રોલિયમ નીકળશે કે નહીં. છતાંય એવું બને કે બોરીંગ કર્યા પછી તેલ નીકળે નહીં. આસામમાં બ્રહ્મપુત્રા નદીનાં પડો એવાં વિચિત્ર છે કે આ ત્રણે રીતોની મદદથી ચોકસાઈ કરી હોય તો પણ બોરીંગ મૂકતાં કંઈ નીકળતું નથી।


સ્થળ નક્કી કરીને બોરીંગ કરવા માંડે ત્યારે એમાંથી જે ગાળ નીકળે એને ઇજનેરો અને રસાયણશાસ્ત્રીઓ સૂક્ષ્મદર્શક યંત્રથી તપાસતા રહે. જો એ ગાળામાં મૃત પ્રાણીઓના દેહના અવશેષો યા વનસ્પતિના અંશો દેખાય તો નીચેથી તેલ નીકળશે એમ કહેવાની હિંમત કરી શકાય. એ તેલ પુષ્કળ પ્રમાણમાં હશે કે થોડું એ કહેવાય નહીં. કદાચ એકલો વાયુ પણ નીકળે. વાયુ નીકળે તો તેલ મળવાનો સંભવ ખરો પણ મોટા પાયા પર તેલ નીકળશે જ એમ ન કહી શકાય. આપણે ત્યાં ભાવનગર પાસે ઘોઘામાં વાયુ નીકળે છે. આવા વાયુઓ ભેગા કરવામાં આવે છે અને તેનો ઉપયોગ બળતણ તરીકે કરવામાં આવે છે. આવી જગ્યાએ પેટ્રોલિયમ તેલ નીકળવાની સંભવિતતા છે. પણ એ વિશેષ તપાસ માગી લે છે.

આસામ અને બર્મામાંથી પેટ્રોલિયમ લગભગ એકી સાથે મળેલું. પણ શારડી-કૂવા કરીને એ મેળવવાની પદ્ધતિ સૌ પ્રથમ આસામમાં જ અપનાવવામાં આવી, છતાં બર્મામાંથી સારા પ્રમાણમાં તેલ મળી આવતું હોવાથી ત્યાં ૧૮૮૬માં પેટ્રોલિયમ કાઢવાનું શરૂ થયું. એ વખતે બર્મા હિંદનો એક ભાગ હતો. આસામમાં એ કામ પાછળથી શરૂ થયું. આસામનું તેલક્ષેત્ર ભારતનો મહત્ત્વનો પેટ્રોલિયમ વિસ્તાર છે અને વિશેષ વિકસિત તેલક્ષેત્ર છે. પંજાબમાં એક બીજું ક્ષેત્ર હતું પણ એ તો પાકિસ્તાનમાં ગયું. આસામનું તેલ ભારતની માત્ર ૧૦ ટકા જેટલી જરૂરિયાત પૂરી પાડે છે. બાકીનું તેલ પરદેશથી આયાત થાય છે. એટલે ભારતના બીજા ભાગોમાંથી તેલ મેળવવા આપણી સરકારે નિષ્ણાતો પાસે દેશમાં ક્યાં ક્યાં તેલ મળવાની શક્યતાઓ છે એની તપાસ હાથ ધરી છે. એ માટે નેચરલ ઓઈલ એન્ડ ગેસ કમિશન (Natural Oil and Gas Commission)ની સ્થાપના કરી છે, જેનું મથક દહેરાદૂનમાં છે. આ પ્રયત્નોમાં ખંભાતથી પોરેરા સુધીના વિસ્તારની તપાસ કરાવી છે. પરિણામે ખંભાત પાસે લુણેજમાંથી તેલ મળી આવ્યું છે. ગુજરાત રાજ્યના પ્રસ્થાનનું એ મંગળ પગથિયું છે.

પેટ્રોલિયમ અને તેમાંથી નીકળતી ચીજો પેટ્રોલ, કેરોસીન, ઊંજણ (લ્યુબ્રિકેટિંગ તેલો) ડીઝલ તેલ, વેસેલીન ઇત્યાદિ આજના આપણા જીવનમાં ઉપયોગી અને મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. યંત્રવિજ્ઞાનના વિકાસને લીધે પેટ્રોલિયમમાંથી અનેક રસાયણો બનાવવામાં આવે છે. આ પેટ્રો-રસાયણોએ રસાયણ-ઉત્પાદનના ઉદ્યોગમાં નવી ક્રાંતિ આણી છે. પેટ્રોલિયમ તેલ આજની દુનિયામાં મોટામાં મોટી શક્તિ અને કીમતીમાં કીમતી ધન છે. અરે! એ તો દેશનું પ્રવાહી સોનું છે. *

★

* ઓલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી—સુધારાવધારા સાથે.




આઝાદી-અંક

૧૫ મી ઑગસ્ટ : ૧૯૬૨



આદ્ય તંત્રી
સ્વ૰ રામનારાયણ વિશ્વનાથ પાઠક
સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી


સાચા અર્થમાં સ્વરાજ્યની
સ્થાપના એટલે
પંચાયતી રાજ
ગુજરાતમાં પંચાયતરાજ પ્રયોગ નથી, પણ લોકશાહી વિકેન્દ્રીકરણ માટેનું મક્કમ પગલું છે.. સાચા અર્થમાં સ્વરાજની રચના થાય અને રાષ્ટ્ર-ઘડતરનાં અતિ મહત્ત્વના કામમાં દરેક સ્તરના લોકોને પોતાનો ફાળો આપવાની તક મળે તે માટે ગ્રામ, તાલુકા અને જીલ્લા ત્રણે સ્તરની પંચાયતોને વ્યાપક કર્તવ્યો, વિશાળ જવાબદારીઓ અને પૂરતાં સાધનો આપવાની જોગવાઈ કરવામાં આવી છે.
—ડૉ. જીવરાજ મહેતા
DOF/FYP-62

#卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૪ શ્રાવણ : ૨૦૧૮ અંક ૪

આઝાદી–અંક

નયા પૈસા

સુન્દરમ્

ગણતાં ગણતાં થાકી હાથ આ જાય છે અને,
લખતાં લખતાં આખું મન મર્કટ શું બને—

છતાં ય હો સ્વાગત દેવ, તારુ,
હે લક્ષ્મીના ચંદ્રક તામ્રવર્ણ !
નવે સુગારંભ થતો 'વતીર્ણ',
લુખ્ખે ભલે કેશ, સુશુષ્ક નામે.

નહીં કો વાગતાં વાજાં, બંધાતાં તોરણો ન કૈં,
પીળાં ગૅઝેટનાં પાનાં તારી જાય વધાઈ દે.

ચિડાયલાં કૈં મુખ દેખી રહેતા,
ન બોલતાં – હે મનમાં જ ભાંડી,
કે બુદ્ધિના કૈં બળવાન થોડી
દલીલની કુસ્તી જતા લડી કૈં.

આખું યે આંગ્લ સામ્રાજ્ય શિલિંગો પેન્સ પૌંડથી
ચાલતું – નહિ કે. ક્લેશ ઍન્ક કે બુદ્ધિને થતો;
નહીં વેપારમાં ખોટ, ખોટ કે ગોટ કૈં બને.
શિલિંગે બાર પેની ને પૌંડ વીસ શિલિંગના –
સાદી આ બુદ્ધિથી સીધા હિસાબો ઉકલી જતા.

૧૨ પૈ એક આનાની, સોળ'ને ઝટ રૂપિયો—
ઉમેરો, ગુણી લો, ભાગો : કેટલી વાર ? બુદ્ધિ શું
દેવાળે ગઈ છે – પેઢી ભાસ્કરાચાર્ય સંચની
હાંકશે લાખ કોટિના હિસાબો ગણવાથી શું ?
પૈસો ક્યાં ? લઈ આવો ને – ગણીશું લક્ષધા બધું;
બુદ્ધિના બળની પાસે બીજાં સૌ બળ દુર્બળ.

રે બાપડા દીન હિસાબનીસો
ગણ્યે જશે કે અગણ્યા યુગો લગી
ઊંધે શિરે — વીસ, પચીસ, ત્રીસ
પચાસ, સિત્તેર, નવાણું–છિઃ છિઃ–

પૈસાને ગણવા કાજે આટલો ભાર આંકનો
જીભ પે ઝીલવો – પાઈ અગિયારે અટકી જતી,
પંદરે અટકે આનો : મર્યાદા સંસ્કૃતિતણી
સાચ્ચી એ સરકી ગૈ – આ સિતારો લોકશાહીનો :
પૈસો આ ચગવ્યો કેવો નેવાં નવ્વાણુનાં લગી !

....

ઠંડાં થયાં તમ બધાં ય ચિત્ત –
ન કોઈએ કાઢ્યું કદાપિ સરઘસ,
સૌ તંત્રીઓ ચૂપ – ન કોઈ નેતા
આવ્યો ધસી રક્ષણ–બાંગ મારતો.

વેપારી વાણિયા બુદ્ધિ વદતીઃ લપ ખાલી શી ?
સરકારી વાતનાં ઝાઝાં વલેસર કરાય ના.

સરસર ચોપડા પાનાં ખૂલે છે ને વસાય છે,
વહીએ ચડતાં પૈસા સીધા રૂપ્યક થાય છે.

ને સ્ટ્રીમ લાઈને સઘળા હિસાબ
લખાય : ના ક્યાંય ગુણ્યા–ન–ભાગ્યા;
ન પાઈ – આનો દમરો ય આથરેઃ
ઘંટા બજે ટાવરના પ્રસન્ન.

....

પ્રસન્ન સૌ – હું ય પ્રસન્ન – તો ય
છાનું ઉરે કો હૃસકું દબાયલું :
લવી ઉઠે કો મૃદુ મુગ્ધ સોણલું –
રે સૃષ્ટિ કો એક ગઈ સદાયની !

જોઉં ત્યહીં બાળક એક મુગ્ધ
રહી રહ્યો પાલવ માતનો ગ્રહી:
ચણા અને સાકરિયા - તું દે પૈ,
એં એં મને પૈ બસ: ને રૂપાળી
રતૂમડી પાઈ મળે, બજારથી
ખિસ્સું ભરી સાકરિયાથી, ખેલતો
ખાધે જતો, પાઈની પૂંજીમાંથી
પ્રસન્નતા શી મણુબંધ વ્હેતી!

રે પાઈ, તું ક્યાં પ્રથમે નિહાળી જે
રતૂમડી, બાળ હથેળીને વિષે
રમાડી ને જેહ અડાડી ગાલે:
રે બાઈ - જા, આંસુ બતાવતી ના.

ને ભાઈ પૈસો - ત્રણ પાઈનો તું:
ભણ્યા તને, હાથ ભરી તું દેત —
ને એક પૈસાથી જ પૂર્ણ થાતા
પૈસા તણા દાર - ખુમારી કેટલી!

પૈસો દિધો ભવ્ય પિતાજીએ શો
પ્રસન્ન થૈ - કેટલું કેટલું ચે
પૈસા થકી વ્હોર્યું - રમ્યા-કલોલ્યા:
હે ભાઈ, જા તું બહાદુર ખાસ્સો!
તને ન ઓછું પડશે - ભલે તું
થઈ ગયો પાઈ સમાન ક્ષીણ,
તો ચે રહ્યો - તેં સહુને ભગાડ્યાં!

હતા ઢબુભાઈ, તમે ય ખાસ્સા -
ભારે અરે એ રૂપિયાથી તો ય,
કક્ષા વિષે કામ વિશેષ આવતા,
વિદાય તો ક્યારની આપની થૈ -
'ઢ'નો ન કોએ, કદી કીધ શોક.

ને એક આનો બહુ યે ગણ્યો ભણ્યો :
તું બાર પાઇ – અપિ ચાર પૈસા –
હમુ થકી બે બનનાર – તો યે
ઘણા સમે હાથ વિષે જ લાધ્યો.

રે એટલી મિલ્કત આપનારું
ત્યારે હતું કોણ ? તને વહાલથી
જોયો કરો ઓપત રૌપ્ય દેહે –
શો કાંગરાળો – લઘુ બાલ આંગળી
સ્પર્શી રહી કેવી કિનાર તારી !

ને તું બન્યો જ્યાં બમણો – અરે ત્યાં
ચમત્કૃતિ શી સરજાઈ સૃષ્ટિમાં :
એ નાનકી રૌપ્યની પાંદડી તો
ચમેલી શી ફોરત ચિત્તને વિષે
સુચારુતાથી દિલને ભરી ગઈ !

બે આની – પાવલી – અર્ધો : રૂપાનાં રમ્ય દર્શનો :
'રૂપા નાણું ધરાવો લૈ, ચરણે દેવને હવે.'
ને નાની કોથળી ખોલી પિતાજી ધરતા ત્યહીં
સત્યનારાયણે દીધી લક્ષ્મી એ દેવને પદે.
ઘૃતની દીપિકા કેરાં તેજ ત્યાં પાવલી પરે,
શીળી આશિષ દેતાં શાં નિર્મળાં ત્યહીં નિર્ઝરે.

પાવલી–પતિ એ જ્યારે બન્યો બાળ, હિસાબમાં
ગણી જે શત કૈં વાર, શો પ્રસન્ન બની રહ્યો,
હજારી કુલગોટા શો – ને અર્ધો હાથ આવતાં
પિતાના રાજ્યનો જાણે અર્ધો ભાગી બની રહ્યો.

અને જ્યાં ગ્રહના પૂરા શુભ યોગ થયા – મળ્યો
પૂરો તે રૂપિયો = + × – ! એની પાસે ના ભેર કો હતી,
નગારાં નહિ, ના કોઈ પ્રેસના ય રિપોર્ટરો –
એના હર્ષ તણી ક્હાણી કયાયા વિણુ ર્હે ગઈ !

એમ એ સુખની સૃષ્ટિ વધતી વધતી ગઈ,
ચડતી પડતી ઓટે, શીંસમાં – છોળને તટે
નિજ કૈં રંગ છાંટી ગૈ – ઘરનાં ઘરવાસી એ
સલૂણાં સ્વજનો –
જાઓ! ભલે સ્વપ્ન હવે બનો!

....

" શું 'જાઓ' – કવિજી મારા! સ્વપ્નમાં રાચશો તમે –
કેટલી ઘોર હાનિ હા વરસી રહી જીવને!"

—ઉચ્ચારતા ચિંતક એક મિત્ર
ચશ્માં ઉતારી નિજ નાક–પૂલથી
કરે ધરી, તર્જની હાચકીને
આહ્વાન દેતા બજિયા ધણી રહ્યા:

" નથી આ પાઈ ને પૈસો આની બે આની પાવલી –
તણો પ્રશ્ન – મહા પ્રશ્ન આખીયે સંસ્કૃતિતણો –
વાણીના જેમનો – આખી ભાષાની તલ ક્ષેમનો:
ડગલે પગલે વસ્તુ વણાઈ જેહ જીવને,
જાગતાં ઊંઘતાં જેને રટી, ઘૂંટી રસાયણે,
રક્ત ને માંસ મજ્જા શું એક જે તત્ત્વ યે રહ્યાં,
બધું યે ઘડીના છઠ્ઠા ભાગે જાય રસાતલે!

સુહાગી સંસ્કૃતિ કેરાં ચીર આ તો ચિરાય રે –
વાણીનાં રત્ન મોંઘેરાં વખારે ધરબાય રે!

બે આની બુદ્ધિ યે કોને હવે ના દેશમાં રહી,
પાવલી ભર રે ક્યાં યે નહીં શાલુપ રે ટકી,
સોળ'ની વાત કહેવાને રે ભૂંડા આ અભાગિયો,
વીસિયો ત્રીસિયો સરપટ સરતો આ મસાલિયો,
અ-માગ્યો, અણપૂજેલો પૈસો શું કામ આવશે!"

અને વિજેતાની છટાથી ભવ્ય
વડી હસીને વિરમંત મિત્ર;

ત્યાં અન્ય મારા લઘુ બાળમિત્ર
લઘું કરે બે નવ પૈસ કેરા
સિક્કા તણી કાંગરીને રમાડતા
—હળુ હળુ વાય વધા મનામણી :

....

'વાત આ આપની બંધુ, વીસે વીસ વસા ખરી,
કિંતુ જ્યાં આપ શા સુજ્ઞ–ન લીતિ અમને જરી!

સંસ્કૃતિ વસી ક્યાં કિંતુ–વસમો પ્રશ્ન–એ વસી
બુદ્બુદો સમ આ સર્વ નામો ને રૂપને વિષે?
ક્ષણુની બાહ્ય આ રંગી ભંગીનાં ભમરાણુમાં?

જુઓ ગઇ કોડી, છતાં ય એ રહી
જડાઈ આ અક્કલ સંગ સર્વની,
અને બદામો ચલણુથી ઓસરી
અખંડ એ ફૂટી છતાં ય જીવતી.

ને 'બાબાશી' કહો બંધુ, માણુસો મહીં ના હજી?
ભલે ને ટંકશાળેથી સદાનો વીર એ ખસ્યો.

એમે ય આ પાઈ નિહાળશો તમે
સદા ય રાતી રમતી બજારમાં–
રે શાકવાળી પણુ જેથી લેથે
ઘરાકની અક્કલ પાઈ પાઈની!

ને એમ આખો પરિવાર પૂર્ણ
પૈસા અને આણુક પાવલીનો
પ્રાવીણ્ય ને કૌશલ વંશ જન્મ્યો
સદા ય મ્હાલી જનજીવને જયે.

અને જરા બંધુ, વધુ ઉંડા ઉંડા
જુઓ જઈ–આ કલદાર જે હતા
તે યે હવે ક્યાં? રણુકાર એના
ઘટે ઘટે બાજત તે સુણાય ક્યાં?

આજે નવું બૅન્કિંગ વિશ્વમાં બન્યું,
ને કાલ એથી નવતું હશે વળી :
તમારું જે સ્વાર્જિત લક્ષ કોટિ,
તમે ન તેને નિજ લેશ માનશો.

હવે તો લક્ષ્મીનાં સારાં ટાંકાં યે આખી સૃષ્ટિનાં
ખુલ્લાં થૈ વહશે સારાં સહરાઓ ભિંજાવતાં.

આ મારું – બસ – આ તારું : એ ભાષા ન હવે હશે,
નવાં બજેટ કૈં નાણાં-પ્રધાનો ઘડતા થશે.

રૂપુ અને તામ્ર ટનો ટનો હવે
ખાણો થકી બ્હાર બને, સુવર્ણ
ભલે ભલે ખૂબ બજારમાં ભમે –
એ તો બની ભસ્મ બધું સુસૂક્ષ્મ
આ માનવી દેહ વિષે જશે ભળી.

નવી કો જન્મશે શક્તિ, નવી કો ભક્તિ જન્મશે,
અને આ વ્હોરવા કેરી માથાકૂટ ટળી જશે.
બજારો જગનાં ત્યારે નવાં કૈં બનશે જ્યહીં –
નહીં જ્યાં ભાર નાણાંના – ન ક્ષુધાઓ અનેકધા.

આ ભૂમિમાં માનવ કેરી ત્યારે
એવી હશે શ્રી છલકંત સૂક્ષ્મ :
ભર્યાં ભર્યાં ખેતર ધાન્યથી હશે,
ઘરો હશે, વસ્ત્ર, વિહાર સૌ હશે.

હશે ભર્યા જ્ઞાન તણા મહાલયો,
ને શક્તિનાં સાધન સૌ સમર્થ,
આનંદના કોઈ અતાગ સાગરો –

જે જેને ક્ષણ જે કાંઈ જોઈશે જીવનાર્થ તે
અર્પંતી સભરા શક્તિ હશે કો પ્રેમસાગરા.

આ પૃથ્વીને પેટ પડેલ જીવ
ક્ષુધા તૃષા રોગથી આર્ત ના હશે,
ન દૈન્ય, અજ્ઞાનથી ક્લાંત ના હશે,
અસૌખ્યની ગ્લાનિથી ખિન્ન ના હશે.

વિશાળા આભના કુંડો ભરી જેમ હવા ઠરી,
એવી આ સંપતો સર્વ રાજશે ભૂમિને ભરી.

અને આ ભૂમિનું સ્તન્ય શતધા સૌ મનુષ્યને
લાધતાં – માનવી કેરી નવી સૂરત ત્યાં બને.

....

વિનમ્ર મિત્ર એ મારા વદી આ ચૂપ ત્યાં થયા,
કરી પુસ્તકને બંધ વીંચી આંખ વળી ગયા.

હું ખુલ્લી આંખથી – વિદ્વાન્ મિત્ર તે સ્તબ્ધ આંખથી
આકૃતિ એમની ખાસ્સી ક્ષણ ભર નીરખી રહ્યા.

'પૈસો નયો આ?' નિજ મૂછહીન
હાસ્યે હસી તે મિચકારી આંખ
બન્યા – રહ્યા બે જણ ત્યાં અમે હા:
ગીતા તણા – જાગ્રત : ઊંઘતા – શા.

....

હવે ના ગણવાની કૈં કડાકૂટ જરા હતી,
નયા પૈસા, નયા પૈસા, તારી અદ્‌ભુત શી ગતિ!

તા. ૧૩-૭-૬૨

*

નોંધ—આ કાવ્ય આમ તો ૧૯૫૭માં નયો પૈસો જન્મ્યો ત્યારે જ શરૂ થયેલું, ૧૯૫૭માં. પણ એની રમતાં રમતાં હાથ આવી ગયેલી શરૂની બે પંક્તિઓ પર ચણાયેલી ઇમારત ત્રણ ચાર વાર ઊભી થઈ થઈને પડી પડી ભાંગી. આ પાંચમા વર્ષે હવે જ્યારે આ પૈસો ફરી હામ થયો છે ત્યારે એ નાનકડા પૈસાએ પોતા ઉપર આટલી ઇમારત પાંચમી વાર ઊભી તો થવા દીધી છે. આવતી કાલની ચિંતા કર્યા વગર આજે તો એનો આભાર માનવાનું મન થાય છે. —સુ.

પાડોશી સાથે વાતચીત – ચર્ચા

૧ હિસાબ અને સરવૈયાં
૨ ફાસીઝમ અને કોમ્યુનિઝમ

પ્રશ્ન : ૧૫ મી ઓગસ્ટ આવી. હિસાબ કર્યો?

ઉત્તર : કાલચક્ર નિયમિત ફર્યા કરે છે, એટલે ૧૫ મી ઓગસ્ટ પણ નિયમ પ્રમાણે આવે. પણ આપણા હિસાબોમાં કોઈ એવી નિયતિ નથી કે જેથી નિયમ પ્રમાણે હિસાબો પૂરા થાય અને સરવૈયું કાઢી શકાય. અથવા કાઢીએ તો ખરા પડે!

હકીકતમાં તો આ કાળચક્રનું ફરવું અને તિથિઓ–તારીખોનું પુનરાવર્તન થવું એ કલ્પનામાત્ર છે અને વ્યવહારની સગવડને ખાતર માણસે ઊભો કરેલો સંકેત છે—'કન્વેન્શન' છે. પરિવર્તન ચક્રની ગતિએ થાય છે કે સીધી લીટીમાં ચાલે છે કે ગતિના કોઈ બીજા આકારમાં ચાલે છે તે વિશે આપણે કાંઈ જાણતા નથી. કલ્પનાઓ કરી શકીએ છીએ અને કરીએ છીએ; અને વ્યવહારની સગવડ ખાતર જોઈતા સંકેતો યોજી લઈ તેને સત્ય માની ચાલીએ છીએ.

પણ આ તો બીજી વાત થઈ. આપણે કાળનું સ્વરૂપ ચર્ચવા બેઠા નથી. આઝાદીનું વળી એક વર્ષ પૂરું થયું તેનો હિસાબ ગણવા બેઠા છીએ. પણ આ કાલના સ્વરૂપની ચર્ચા એ કંઈ તદ્દન અસ્થાને નથી. એના સંકેતના દોરાયા જ આપણે હિસાબો કાઢીએ છીએ. પણ ગ્રહ નક્ષત્રોની નિયત ગતિથી આપણે જે બીજા સંકેતો કરવા છેતરાઈએ છીએ તેને લઈને જ આમ તારીખનું પુનરાવર્તન થતાં આપણે હિસાબો લેવાની અને સરવૈયાં કાઢવાની ટેવ પાડી છે. પણ માનવ–જીવનની ઘટનાઓ એમ કોઈ હિસાબી ચોકઠામાં ગોઠવાઈ જતી નથી. વ્યવહારની અનુકૂળતા ખાતર એવું માની લઈએ છીએ પણ એ ફક્ત એક આભાસ જ છે.

જમીનમાં નાખેલા બીજનો હિસાબ ક્યારે કઢાય? અને કયી કક્ષાએ કઢાય? એનો અંકુર ફૂટે ત્યારે, કે થડ દેખાય ત્યારે, કે ડાળીઓ અમુક લાંબીપહોળી થાય ત્યારે, કે ફૂલ આવે ત્યારે, કે ફળ આવે ત્યારે, કે જીર્ણ શીર્ણ થઈ ફળ આપતું બંધ થાય ત્યારે? અગર બહુ ગરમીથી સુકાઈ જાય ત્યારે, કે અતિવૃષ્ટિથી કોહી જાય ત્યારે, કે તીડના ભારથી લચી પડે ત્યારે?—ઇતિહાસના બનાવોનો વિચાર કરીએ ત્યારે તેમાં પણ આવું જ દેખાય છે. છેલ્લા વિશ્વયુદ્ધ વખતે હિટલરે ફ્રાન્સને કદમબોસી કરતું કર્યું તે ક્ષણનો હિટલરે યુદ્ધનો કરેલો હિસાબ અને સરવૈયું સાચાં કે જ્યારે અજ્ઞાત રીતે પોતાની પ્રેયસી સાથે આપઘાત કર્યો તે ક્ષણનો હિસાબ સાચો? એ વિગ્રહમાં વિજય મળ્યો ત્યારે વિજેતાઓના કયા હિસાબો અને સરવૈયાં સાચાં? જો રશિયાની મદદ વિના જર્મનીને પરાસ્ત ન કરી શકાત તે રશિયા સાથે આજે પાશ્ચાત્ય દેશોને કેવો હિસાબ પ્રવર્તે છે?

એ રીતે જ ભારતના બે ભાગલા પાડ્યા એ ક્ષણનો હિસાબ અને સરવૈયાં છેવટનાં, કે હજી યે હિસાબ પૂરા થયા નથી એમ માનવું? મહત્ત્વના અંતરાયો દૂર થશે એવી સમજથી નેહરુ, પટેલ, વગેરેએ ભાગલા સ્વીકાર્યા; ગાંધીજીએ કહ્યું ભાગલાથી કોઈ મહત્ત્વના પ્રશ્નનું નિરાકરણ થશે નહિ. આ બન્નેમાંથી કયી ગણતરી સાચી? ભાગલા ન સ્વીકાર્યા હોત

તો અંગ્રેજોની ડખલ સતત ચાલુ જ રહી હોત; કદાચ પ્રજાએ અસાધારણ ધૈર્ય અને ક્ષમા રાખ્યાં હોત તો તે દૂર પણ થાત. પણ '૪૬-'૪૭માં પ્રજામાનસની સ્થિતિ અને એનો પરદેશીઓથી થતો ઉપયોગ, જનાબ ઝીણા જેની હા ન પાડે એવું કાંઈ થઈ શકે જ નહીં એવો અંગ્રેજ મુત્સદ્દીઓએ ઊભો કરેલો કોયડો—એ બધું વિચારતાં સર્વનાશ જ જેમને દેખાતો હતો તેઓએ "सर्वनाशे समुत्पन्ने अर्धं त्यजति पण्डित.।"—એ ન્યાયે દેશના ભાગલા સ્વીકારી સ્વરાજ્ય લઈ લીધું—એ ગણતરી ખોટી હતી એમ કોણ કહી શકે? અને છતાં, સ્વરાજ્ય મળ્યા પછી પાકિસ્તાન અને ભારતના જે જાતના સંબંધો ચાલુ રહ્યા છે તે વિચારતાં કોણ એમ કહી શકે કે ગાંધીજીની દૃષ્ટિ વધારે દીર્ઘ અને અગમને જોનારી ન હતી! ભારત વધારે પડતું બળવાન ન થાય એની ચિંતા બ્રિટનને અને અમેરિકાને ખરી. પણ પાકિસ્તાનને અલગ કર્યું એટલે એનો ઉપાય મળી ગયો. બ્રિટને અને અમેરિકાએ પાકિસ્તાનનું પડખું લીધું. અમેરિકાએ અઢળક આર્થિક ક્ષેત્રે મદદ આપી અને જબરદસ્ત લશ્કરી મદદ આપી. વળી ભારત ભૂખાળું થઈ સામ્યવાદી ન બને એટલા માટે એને અર્થક્ષેત્રે મદદ કરી જીવતું રાખ્યું!

સ્વરાજ્ય મળ્યું, સ્વતંત્રતા મળી, એ કોઈ પણ બીજા લાભ સાથે ન સરખાવી શકાય એવો અનન્ય જાતનો લાભ છે એમાં તો કાંઈ શંકા નથી; પણ પાકિસ્તાનની લશ્કરી તાકાતથી સતત શહેમાં રહેવું અને ભીખનો રોટલો માગી પેટ ભરવું એના કરતાં કોઈ પણ પ્રજાને વધારે ખરાબ સ્થિતિ શી હોઈ શકે? અને હાથી જેવા ચીન આગળ મગતરાનો ગણગણાટ કરવો એના જેવી શરમ કઈ?

ગાંધીજીનું રાજકારણ અને અર્થકારણ અથાગ ધીરજ અને ક્ષમા માગે એવું હતું અને અમલમાં મૂકીએ તો અથાગ ધીરજ હોય તો જ સફળ થાય. પણ એમાં સ્થાયી લાભ એ કે ભારત અખંડિત રહેત અને આવડી મોટી સંખ્યાના હાથપગને કામે લગાડી સ્વાધીનતા અને સન્માન સાથે પેટ ભરાત. પણ આ તો બધા પોલિટિકલ અને ઈકોનોમિક 'વુડ હેવ બીન'—કહેવાય.

રાજ્યક્ષેત્રે અત્યારે તો હિંદુસ્તાન અને પાકિસ્તાન બે અલગ દેશો છે એ હકીકત છે. બન્ને દેશો વચ્ચે પિતરાઈઓનાં—કૌરવ-પાંડવોનાં વેર—છે. અને અર્થક્ષેત્રે પશ્ચિમના દેશોની કૃપા ઉપર જીવવાનું છે. અને એ કૃપાનાં સારાં ફળ આવશે ત્યારે પણ, એ કૃપાની જે કિંમત મૂડી અને વ્યાજ રૂપે ચૂકવવી પડશે એનો વિચાર કરીએ ત્યારે આપણી સામાન્ય માણસની સામાન્ય બુદ્ધિ તો મૂંઝાઈ જાય એમ છે.

આ બધાં આયોજનો અને નિયોજનોના ભવિષ્યના લાભ તડોપડ હશે, છે; પણ જનસમાજની વ્યક્તિઓ તો મોંઘવારીને લીધે ત્રાહિ ત્રાહિ પોકારી રહી છે. આ બધું ક્યાં અટકશે એની કોઈને કલ્પના છે કે નહિ એ પણ સમજાતું નથી!

આમ છતાં એમ કેમ કહેવાય કે જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં પ્રગતિ,–સંખ્યાની પ્રગતિ,–થતી નથી? પ્રજાની સંખ્યા તો વધી જ છે, અને વધતી રહી છે, તે જો કે અનિષ્ટ ગણાય છે; છતાં પ્રજાની એકંદર સુખ-સ્વાસ્થ્યની તે સૂચક પણ નથી? જો કે દુઃખમાં યે સંતતિ ન વધે એવો કોઈ કુદરતી બાધ નથી. દેશમાં રસ્તાઓના માઈલોની સંખ્યા વધી છે, મુસાફરીઓ બહુ થાય છે, પરદેશ ઘણા બધા લોકો જાય છે, સીનેમાઓમાં જગા ખાલી

'સોસ્યાલિસ્ટ પેટર્ન'નો અમલ કરી પ્રજાને કરાવે જ છે। એટલે આ બેમાંથી કોઈ પણ એક પક્ષ ભવિષ્યમાં સત્તા ઉપર આવશે તો પ્રજાને તેમાં કશો ખાસ નવો અનુભવ નહીં થાય।

જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં અત્યારે જે સરકારી નિયંત્રણો છે તે જોતાં, પ્રજાનો કોક ભાગ એમ પોકારે છે કે આના કરતાં તો સામ્યવાદ હોય તો સારું; જ્યારે બીજો એમ પોકારે છે કે કોઈ સરમુખત્યારી આવે તો સારું। એટલે પ્રજાને આવો કોઈ ડર બતાવવાની જરૂર ન હતી.

હકીકતમાં તો ગુજરાતમાં વધી પડેલા આ બધા મોવડીઓએ થોડુંક આત્મપરીક્ષણ કરી અને જાતે જ સુધરી જવાની જરૂર છે। એવું ન બને તો, રોબર્ટ બર્ન્સની પેલી ઉક્તિ પ્રમાણે, "હે ભગવાન। બીજાઓ અમને જે રીતે જુએ છે તે રીતે અમે અમારી જાતને જોઈ શકીએ એવી દૃષ્ટિની બક્ષીસ આપ।"—એવી માગણી કરે.

અત્યારે તો હું સાચો, અને તમે બધા ખોટા, એમ માનનારાઓના હાથમાં કોંગ્રેસનું તંત્ર પડી જવાથી એની દુર્દશા થઈ છે એ તટ ઉપર રહીને જોનારને સ્પષ્ટ દેખાય છે।

બીજી એક વાત છાપામાં એવી વાંચી કે પ્રદેશ કોંગ્રેસ સમિતિનો પણ રાજ્યવહીવટમાં ફાળો છે તેનો સ્વીકાર કરવા જેવો છે। આ પણ રાજકારણની કોંગ્રેસીઓની એક અનોખી સમજણ છે। સ્વરાજ્ય ન હતું ત્યારે કોંગ્રેસને પોતાની સરકારોને નિયંત્રણમાં રાખવાની જે પરિસ્થિતિની આવશ્યકતા હતી તે સ્વરાજ્ય મળતાં ઘણી ઓછી થઈ ગઈ. કૃપાલાનીજી કોંગ્રેસના પ્રમુખ હતા ત્યારે તેમનું નિયંત્રણ પંડિત જવાહરલાલજી કે સરદાર પટેલ સ્વીકારતા ન હતા એ કૃપાલાનીજીના રાજીનામાના એક કારણ તરીકે જાણીતું થયું હતું.

હકીકતમાં તો બીજા દેશોમાં રાજકીય પક્ષો પોતાના પક્ષની સરકારના માણસોને અને સંસદની બહુમતીને પક્ષની રાજનીતિની અને અર્થનીતિની જે સમજણ હોય છે તેટલાથી જ સંતોષ માનતા હોય છે. વધારે પડતી ડખલ કરવાનો અધિકાર હોતો નથી. એક વખત મજૂરપક્ષની સરકારમાં મેજર એટલી જ્યારે વડાપ્રધાન હતા ત્યારે પક્ષના પ્રમુખ તરીકે પ્રોફે. લાસ્કી હતા; તે વખતે પક્ષ તરફથી સરકાર ઉપર રાજ્યવહીવટમાં કંઈક ડખલ કરવા જતાં શું પરિણામ આવ્યું તે જાણીતું છે. પક્ષને જો પોતાની સ્પષ્ટ રાજકીય અને આર્થિક નીતિ હોય તો તેની જે વ્યક્તિઓ પ્રધાનમંડળમાં જોડાય તેની તેમને સારી માહિતી હોય અને શ્રદ્ધા હોય એમ સ્વીકારી લેવું જોઈએ. પણ સરકાર તો સમગ્ર પ્રજા માટે હોય છે, પક્ષ એકલા માટે હોતી નથી. તેને બધાં દૃષ્ટિબિંદુઓનો વિચાર કરવાનો હોય છે. સરકારનાં પરાપૂર્વથી ચાલ્યાં આવતાં બંધનો હોય છે; ઘણાને રાજી રાખી કામ લેવાનું હોય છે.—એટલે પ્રધાનમંડળને પોતાના પક્ષની નીતિના ક્ષેત્રમાં રહી, રાજ્યવહીવટ ચલાવવાની સ્વાયત્તતા હોય છે. પક્ષનીતિનો કોઈ મોટો ભંગ થતો હોય તો જ કદાચ પક્ષ પ્રધાનમંડળનું ધ્યાન ખેંચી શકે. પણ પક્ષનો રાજ્યવહીવટમાં ફાળો છે એ સ્વીકારવું જોઈએ એમ કહેનારમાં ડેમોક્રેટિક ગવર્નમેન્ટના મૂળાક્ષરનું પણ જ્ઞાન છે કે નહીં તેની શંકા થઈ એ છે.

★

ફક્ત અર્ધો કલાક

પંડિતશ્રી સુખલાલજી

શ્રી. ગોખલેએ ગાંધીજી વિશે એવા મતલબનું કહેલું કે ગાંધી માટીને સોનું બનાવે તેવી શક્તિવાળા છે. ગોખલે એ કોઈ સામાન્ય દૃષ્ટિના ન હતા કે મિથ્યા પ્રશંસા કરે તેવા પણ ન હતા. એમને અનુભવથી ગાંધીજી વિશે જે સત્ય દેખાયું તે એક નાના વાક્યમાં પ્રગટ કર્યું. આપણે કહેવાતા સમજદારો પણ ગાંધીજી વિશે આવો જ વિચારમત ધરાવતા. જેઓ એમની વિચારસરણી સાથે સંમત નહતા તેઓ પણ ગાંધીજીને એક અનુભવી ઘડવૈયા તરીકે માનતા. આ ઉપરથી એટલું કહી શકાય કે ગાંધીજી કોઈ પણ વિચાર લોકો સમક્ષ મૂકે ત્યારે તે સ્વાનુભવમૂલક અને લાંબા ગાળાના પરિણામની દૃષ્ટિએ જ મૂકતા.

આવા ગાંધીજીના વિચારો અને કાર્યક્રમો પૈકી એક વિચાર અને કાર્યક્રમ એમણે ભારતના વિચારકો અને ભારતની મુક્તિના મક્કમ સૈનિકો સમક્ષ મૂકેલો. તે વિચાર એ હતો કે કોંગ્રેસના સભ્યોએ ફી પેટે કે કર્તવ્ય તરીકે અર્ધો કલાક દરરોજ કાંતવું. આ વિચાર અને પ્રસ્તાવની ઠેકડી લોકો ખાસ કરી ભણેલગણેલ અને વિશેષ બુદ્ધિશાળી ગણાતો વર્ગ કેવી કરશે તેની જાણ ગાંધીજીને નહોય એમ કલ્પી શકાય નહીં. ગાંધીજીને વિરોધનો જે મોટો ભય હતો તે તો સુશિક્ષિત અને સુસંસ્કારી ગણાતા વર્ગનો જ હતો. ઇતર વર્ગ ન સમજે તો યે છેવટે શ્રદ્ધાથી ગાંધીજીને અનુસરે; પણ સુશિક્ષિત અને સુસંસ્કારી લેખાતો વર્ગ એવી શ્રદ્ધા ન સેવે એ સ્વાભાવિક છે. અને એમની બુદ્ધિમાં દલીલોના પોટલા સંગ્રહાયા હોય એ પણ સ્વાભાવિક છે. એવા બુદ્ધિશાળી વર્ગે ગાંધીજીના વિચાર અને પ્રસ્તાવની અનેક રીત મશ્કરી કરેલી; એટલું જ નહીં પણ ગાંધીજીની કહેવાતી છાવણીમાં રહેનાર અનેક લોકોએ પણ, ભલે નમ્રતાપૂર્વક, ગાંધીજીના વિચારનું પાંગળાપણું દર્શાવેલું. હું જાણું છું ત્યાં સુધી બહુ જ થોડા માણસો એ વખતે ય હતા અને આજે ય છે કે જેઓ ગાંધીજીના વિચારનું મૂળ પકડી શક્યા હોય. અને તેમને ગાંધીજીનો એ વિચાર લાંબે ગાળે કેવાં કેવાં પરિણામો નીપજાવવાની શક્તિ ધરાવે છે એ સમજી શક્યા હોય. એવા સમજદાર પૈકી આજે થોડાક તો વિદ્યમાન છે જ. હું પોતે તે વખતે અને અત્યારે પણ, ગાંધીજીના એ વિચાર પાછળ શું તત્ત્વ રહેલું છે તેને જે રીતે સમજતો અને અત્યારે સમજું છું તે અત્રે દર્શાવવા ઇચ્છું છું.

ક્યારેક જુહૂને કિનારે સાંજે ફરતાં ગાંધીજીએ કોસાંબીજીને કહેલું કે અમેરિકા એ ભોગભૂમિ છે; અને ભારત કર્મભૂમિ છે. મેં તે વખતે ગાંધીજીને પૂછેલું કે અમેરિકા જેવો પ્રગતિથી ધમધમતો દેશ કર્મભૂમિ નહીં અને હિંદુસ્તાન જેવો અવશ્ય કરવાં જેવાં કામને પણ ટાળનાર દેશ કર્મભૂમિ કેવી રીતે? તેમણે એ વખતે તો અમેરિકાના એક ધનાઢ્ય પુરુષના વિલાસની અને ઇંગ્લાંડ કે ફ્રાન્સમાં આવી એક જ ખાણું લેવા માટે પુષ્કળ ધન ખરચવાની વાત કહીને અમેરિકાની ભોગભૂમિ વિશેની પોતાની માન્યતાનું સમર્થન કરેલું. એ વખતે આ વાત ત્યાંથી જ અટકી. પણ હિંદુસ્તાનને ગાંધીજીએ કર્મભૂમિ તરીકે વર્ણવ્યો એનું આંતરિક સમાધાન મને થયેલું નહીં. કદાચ ગાંધીજીએ જુદી જુદી અપેક્ષાથી આ દેશને કર્મભૂમિ તરીકે નિર્દેશ્યો હોય. એવો પણ સંભવ છે કે એમને અત્યારે ભારતમાં રહીને

જ કર્મ કરવા જેવું છે અને પરદેશમાં જઈને સમજદાર તેમ જ શક્તિશાળી માણસોએ કાંઈ કરવું હોય તો તેણે પહેલી પસંદગી પોતાના દેશને જ આપવી જોઈએ એવા આશયથી પણ, એ વાત કહી હોય. ગમે તેમ હો, પણ ગાંધીજીએ એ જુહુની વાતચીત પછી કૉંગ્રેસીઓ સમક્ષ અર્ધો કલાક કાંતવાની વાત મૂકેલી. એ એમ સૂચવે છે કે એમના મનમાં અર્ધો કલાક કાંતવા-કંતાવવાની પાછળ લાંબા ગાળે જે પરિણામો નીપજાવવાનો ખ્યાલ હતો તે જ મહત્ત્વનો હતો. અને સ્વરાજ્યપ્રાપ્તિ પછીની આટલાં વર્ષોની દેશની દશાનું ચિત્ર જોતાં એમ લાગ્યા વિના નથી રહેતું કે, એ ધૂની પુરુષે જે માત્ર અર્ધો કલાક કાંતવા-કંતાવવાની વાત મૂકેલી તેનાં મૂળ બહુ ઊંડાં હતાં અને ભારતના નાગરિકને કર્મશીલ અને કર્મઠ બનાવવાની દૃષ્ટિએ એ વિચાર સામાન્ય છતાં બહુ અસામાન્ય હતો.

ભારતનાં શાસ્ત્રોમાં અને લોકવ્યવહારમાં પણ કર્તવ્યકર્મનું જે મહત્ત્વ ગવાયું છે અને ગવાય છે, ખરી રીતે તે મહત્ત્વ પ્રજાજીવનને સ્પર્શ્યું નથી. આજે તો દરેક કુટુંબ, સમાજ, વ્યાપારી અને સરકારી ક્ષેત્રે જો કોઈ પ્રશ્ન મુખ્યપણે ચર્ચાતો હોય તો તે એ છે કે મોટા કે નાના કોઈ પોતાની ફરજ સમજીને અને યોગ્ય રીતે અદા નથી કરતું. આ ફરિયાદ શિક્ષણનાં બધાં જ ક્ષેત્રોમાં છે. બાવા, ત્યાગી, સાધુ એ બધા કર્તવ્ય ઉપર ભાર આપે છે અને એનો ઉપદેશ કરે છે; પણ એમનું કર્તવ્ય જાતે કાંઈ કરવાનું ન હોય એ રીતે તેઓ સમજે છે અને લોકો પણ સમજે છે. આના મૂળમાં શું છે એ પણ જાણવું જોઈએ.

આપણે જાણીએ છીએ કે ભારતમાં નૈષ્કર્મ્યસિદ્ધિનું બહુ ઊંચું સ્થાન લેખાય છે. પાલીમાં એક શબ્દ 'નેક્खम्म' આવે છે. આનો સંસ્કૃત પર્યાય 'નૈષ્કર્મ્ય' થઈ શકે અને 'નૈષ્કામ્ય' પણ થઈ શકે. જો નૈષ્કર્મ્ય પર્યાય લઈએ તો કામનો પરિત્યાગ એટલો સામાન્ય અર્થ નીકળે; અને જો નૈષ્કામ્ય પર્યાય લઈએ તો ઇચ્છાનો કે આસક્તિનો ત્યાગ એવો અર્થ નીકળે. પહેલા અર્થમાં પણ ખરી રીતે કામ માત્રનો ત્યાગ એ અભિપ્રેત નથી. પણ જે કામ આસક્તિથી તેમ મોહથી કરાતું હોય તેનો ત્યાગ વિવક્ષિત છે. એટલે એ પહેલો અર્થ અને બીજો નૈષ્કામ્ય અર્થ એ બન્ને એક જ કોટિમાં આવે છે.

પરંતુ આધ્યાત્મિકતાની અમુક ભૂમિકાને લક્ષી જે વાત કહેવામાં આવી હોય તે વાત એવી ભૂમિકા વિનાના લોકો સમક્ષ રાતદિવસ કહ્યા કરવાથી અને તેનું મહત્ત્વ ગાવાથી લોકો તો જે સહેલું પડે અને લાગે તે જ સ્વીકારી લે છે. ઊંડો અર્થ સમજી ન શકે અને એ અર્થને અમલમાં મૂકવાની ભૂમિકા પણ ન હોય ત્યારે સામાન્ય લોકવર્ગ એટલી વાત તો સહેલાઈથી [illegible] થશે કે કામ કરવું એ બંધન છે, પ્રવૃત્તિ એ જ માયા છે. એને ઊડીએ તો બેડો પાર.—આ અનધિકાર ઉપદેશમાંથી દરેક પંથના અનુયાયીઓમાં અને દરેક વર્ગના લોકોમાં એક જાતનું આળસ બહુ લાંબા કાળથી ઊંડાં મૂળ નાખી પેઠું છે.

આની પ્રતીતિ કરવા બહુ દૂર જવું પડે તેમ નથી. વર્ણધર્મની વાત લઈએ તો બ્રાહ્મણોનાં અમુક કર્તવ્ય, ક્ષત્રિય અને બીજા વર્ણોનાં અમુક કર્તવ્યો એ વાત સામાન્ય રીતે જાણીતી છે. પણ બ્રાહ્મણ કે બીજો કોઈ વર્ણ હંમેશાં એકસરખી સ્થિતિમાં રહ્યો નથી. એટલે શાસ્ત્રોમાં સંક્ષેપે સૂચિત કર્મો સિવાય બીજાં અનિવાર્ય કર્મો કરવાનો

પ્રસંગ આવે ત્યારે તેઓ ખંચાય; એટલું જ નહીં પણ કોઈ વિચારશીલ સાહસિક બ્રાહ્મણ વ્યાપારી બની અનેક ચીજોનો વ્યાપાર કરવા માગે તો એને પણ શરૂઆતમાં કાંઈક નિંદા વહોરવી પડે છે. એ જ રીતે ધર્મપંથનો કોઈ ત્યાગી અવશ્ય કરવા જેવું પણ દુન્યવી કામ બહુજનહિતાય બહુજનસુખાય કરે તોય એને પોતાના પંથ તરફથી વગોવણી સહેવા પ્રથમ તૈયાર રહેવું પડે છે. જાણે બધા જ હાથપગના અને શારીરિક કામો કરવા એક શૂદ્રવર્ગ જ સર્જ્યો હોય એવી જન્મસિદ્ધ સમજે ઉચ્ચ વર્ણના લોકોમાં ઘર કર્યું છે.

એક વાર હું અને મારી સાથે બે ત્રણ બ્રાહ્મણ પંડિતો અમે પ્રવાસ કરી રહ્યા હતા. સાથે અભણ પણ એક બીજો બ્રાહ્મણ હતો. ગાડાનો પ્રવાસ. ગાડું જોડનાર ક્યાંક ગયેલો. ઘણી વારે પણ ન આવ્યો. મેં કહ્યું કે તમે તો ગાડું હાંકતાં જાણતા હશો? પેલા અભણ બ્રાહ્મણે કહ્યું કે ગયેલો સાથી આવે અને બળદની કાંધે જોસરું મૂકે પછી તો હું જ ગાડું હાંકવાનો. મેં કહ્યું એમ કેમ? તમે તો ખેતી પણ કરો છો. એણે પેલા સુશિક્ષિત બ્રાહ્મણ પંડિતો સામે જ નિખાલસ દિલે કહ્યું કે અમે હળ હાંકીએ, ગાડું ચલાવીએ, પણ બળદને કાંધે ધૂસરી મૂકવી એ અમારે માટે વર્જ્ય છે! આ વાત ૧૯૧૦ની આસપાસ મિથિલાની છે. થોડાં જ વર્ષો પહેલાં મેં જાણીતા જૈન સાધુ શ્રી સંતબાલને એમ કહ્યાનું યાદ છે કે તમે તકલી અને રેંટિયાની વાત કરો છો, લોકો કાંતે એમ ઇચ્છો છો, તો પછી તમે પોતે કેમ નથી કાંતતા? એમણે જૈનસાધુની અકળ ભાષામાં કહ્યું કે ઉપદેશ કરવો એ જ અમારો ધર્મ છે.

આ તો બે દાખલા નમૂના રૂપે આપ્યા છે.

પણ આવા દાખલા શોધવા માટે જરાય ભૂતકાળમાં જવાની કે ઊંડાં પાણીમાં ઊતરવાની જરૂર નથી. આવા દાખલા તો દરેકને પોતપોતાનાં કુટુંબ, સમાજ, શિક્ષણક્ષેત્ર અને વ્યાપારી તેમજ સરકારી ઑફિસોમાંથી મળી આવશે. જે મોટો હોય તે નાના તરફ કામ માટે આંગળી ચીંધે; નાનો પોતાથી નાનો હોય એના તરફ આંગળી ચીંધે, અને જે કામ સમજણ અને ઉત્સાહથી કરવામાં આવે તો સરળતાથી અને તત્કાળ પાર પડે તેમ હોય તે કામ કાં તો અધૂરું રહે છે, કાં તો બગડે છે અને કાં તો લંબાતું જાય છે અગર તો એ થતું જ નથી! આ એક મોટો અનર્થ નૈષ્કર્મ્યસિદ્ધિ અને નૈષ્કામ્યનો અનધિકાર અર્થ સમજવાથી લોકજીવનમાં પૂરેપૂરો વ્યાપેલો છે. આની પાછળ નથી સમજણ કે નથી દુષ્પરિણામોની પરંપરાનો ખ્યાલ.

આજે શ્રી નેહરુ કે રાષ્ટ્રપતિ કે વિનોબા અગર બીજા કોઈ પ્રજાના જીવનમાં કર્તવ્યકર્મ કરી છૂટવાની ભાવના માટે રાતદિવસ કહે છે, લખે પણ છે, અને છતાંય જાણે બધા જ્યાં હોય ત્યાં જ યોગીની પેઠે સ્થિરમના છે!

એક મારા મિત્ર જે નિવૃત્ત પ્રાધ્યાપક છે અને વિદ્યાનક્ષેત્રે જાણીતા છે, ડૉક્ટર પણ છે, તેમણે ક્યારેક દિલ્હીમાં કે પૂનામાં, મળેલ વૈજ્ઞાનિકોની પરિષદમાં પ્રમુખ તરીકે કે વિશેષ-અતિથિ તરીકે આવેલ એક ઘણું કરી અમેરિકન વૈજ્ઞાનિકના ઉદ્‌ગારો મને કહેલા. એ ઉદ્‌ગારોનો સૂર એટલો જ હતો કે ભારતીઓમાં વૈજ્ઞાનિક બુદ્ધિ છે, સારા સારા વૈજ્ઞાનિકો પણ છે, પરંતુ મોટે ભાગે તે બધાને શરૂઆતથી જ ખુરશી ટેબલ ઉપર બેસી પોતાનો

વૈજ્ઞાનિક વૈભવ દર્શાવવાનો સંસ્કાર દેખાય છે. બહુ ઓછા એવા હશે કે જેઓ શરૂઆતથી ઠેઠ સુધી કરવાનાં બધાં કામો જાતે કરી ચૂક્યા હોય. જ્યારે અમારા દેશમાં સ્થિતિ જુદી છે. પહેલા પગથિયાથી ઉપરના પગથિયા સુધીનો બધો અનુભવ જાતે જ લેવામાં અને નાનાં મોટાં બધાં કામ જાતે જ કરી છૂટવામાં અમારા દેશવાસીને હીણપત નહીં પણ ગૌરવ લાગે છે.

હું સમજું છું ત્યાં સુધી ગાંધીજીના અર્ધો કલાક—માત્ર અર્ધો કલાક-કાંતવા કંતાવવાના વિચારની પાછળ, દીર્ઘદૃષ્ટિ એ હતી કે લોકો કંઈક આળસ ખંખેરતા શીખે વકીલો ડાક્ટરો પ્રાધ્યાપકો શિક્ષકો અને બીજા એવા શિષ્ટ ગણાતા લોકો જો આટલું કામ કરશે તો એની બીજા ઉપર વીજળીક અસર થશે. આજે આપણે જોઈએ છીએ કે ગામડાંમાં શારીરિક કાળી મહેનત કરનાર ખેડૂત કે બીજા વર્ગનો છોકરો અત્યારની સ્કૂલોમાં આવે છે ત્યારે એનું પહેલું કામ સામાન્ય રીતે એ હોય છે કે વંશગત બાપદાદાનાં કામો નકામાં છે એટલે કે ઘરનાં જરૂરી કામો પણ કરતાં ખમચાય છે. માબાપ અને બીજા વડીલો કામ કરતાં હોય ત્યારે આવા છોકરાઓ અને છોકરીઓ કાં તો ગપ્પાં મારતાં હોય છે અને કાં તો ભણવાને બહાને ચોપડીમાં માથું ઘાલી ભણવાનો ડોળ કરતા હોય છે! આ રોગ એટલે સુધી વ્યાપેલો છે કે ઘણા લોકો એમ કહેતા સંભળાય છે કે ભણાવવું એ તો સારું છે પણ ભણ્યા પછી અમારા છોકરા અમારા કામના નથી રહેતા!

સરકારી ઓફિસોનો જેને અનુભવ હશે તે કહી શકશે કે જેટલા માણસો વધારે તેટલું જ કામમાં મોડું મોડું! આ પ્રજાજીવનવ્યાપી અકર્મણ્યતાનો રોગ છે. ગાંધીજીના કહ્યા પ્રમાણે અર્ધો કલાક સમજીને ભણેલા-ગણેલાઓએ કાંત્યું હોત તો તેમનું ભણતર કે તેમની વિદ્યા કાચી રહી જાત કે પાછળ પડત એમ માનવાને કંઈ કારણ નથી. જેઓએ સમજપૂર્વક અને ખંતથી કાંત્યું છે તેવા આજે ઘણાયે મળી આવે કે જેમની વિદ્યાનું તેજ અને સમજણ, સમજણની સ્પષ્ટતા, બીજા કોઈ કરતાં ઊતરે તેવાં નથી. એ ખરું કે કાંતિ એટલે પુરુષાર્થનો બેડો પાર થઈ જાય, અગર તો બહુ સમજણવાળો થાય એવી વ્યાપ્તિ ન હોઈ શકે. પણ કાંતણ એ તો એક શારીરિક અને હાથકામ કરવાનું એક પ્રતીક માત્ર છે. ગાંધીજીને તે કાળે સૌને સુગમ થઈ શકે એવું આ પ્રતીક સૂઝેલું અને લોકો સમક્ષ રજૂ કરેલું. જો એકવાર એ પ્રતીક પકડાયું અને એનો અર્થ સમજાતો ગયો તો પછી તે વ્યક્તિ ગમે તે પ્રાપ્ત કામ કરવામાં પાછો ન પડે. કાંતણ અને રેંટિયો છોડી દે તો એને સ્થાને બીજું એથીયે વધારે મહત્ત્વનું શારીરિક કામ પણ સ્વીકારે. સરવાળે આળસનાં જે બીજો વર્ણધર્મ, આશ્રમધર્મ અને મોક્ષધર્મને નામે ફાલ્યાંફૂલ્યાં છે તેને નિર્મૂળ બનાવવા અને દેશને કર્મભૂમિ તરીકે જાગતો કરવો તેમજ જૂના અને વાસી ખ્યાલોને સ્થાને નવા અને તાજા જીવન વિષેના ખ્યાલો એક પ્રજા તરીકેના જીવનમાં સ્થિર કરવા એ જ મારી સમજણ પ્રમાણે ગાંધીજીના અર્ધો કલાકના કાંતણ પાછળનો મુખ્ય હેતુ હતો.

તા. ૧૩-૭-૬૨

卐

માનવતાના વેરી

સ્વામી આનંદ

નિશાળોમાં ઇતિહાસ શીખતો આજનો આપણો કુમળી વયનો કિશોર જંગીસખાં, તૈમુર, નાદીરને હજારો નિર્દોષ માણસોની કતલ કરનારા એશિયાના નરરાક્ષસો તરીકે ઓળખે છે. બંગાળાના નવાબ સિરાજદૌલાએ કલકત્તાની કાળકોટડીમાં ૧૪૪ માણસોને રાત આખી ગોંધી ગૂંગળાવી માર્યાની ઉટપટાંગ કહાણી અંગ્રેજ રાજકર્તાઓએ આપણી તેમજ પોતાની પ્રજાને ઇતિહાસને નામે પેઢીઓ સુધી ભણાવી. ઇંગ્લંડના રાજકવિએ તૈમૂરને ૪૦ (કે ૮૦?) હજાર માથાં વાઢીને, પોતાની કબર ચણનારો કહ્યો.

જે ગોરી પ્રજાઓએ આ બધા એશિયાઇ હત્યારાઓની સાચીખોટી કહાણીઓ ઇતિહાસને નામે દુનિયાની પ્રજાઓમાં વહેતી મૂકી તેમનો પોતાનો રેકોર્ડ 'અવરનું તો એક પણ આપનાં અઢાર છે' વાળે ન્યાયે એશિયાઇ હત્યારાઓને ક્યાંયે વટાવી જાય એવો છતાં તેમણે તે ધર્મપ્રેમ, દેશપ્રેમ, સામ્રાજ્યભક્તિ એવાં એવાં રૂપાળાં નામો દઇને રંગીન પ્રજાઓ આગળ સિફતથી મૂક્યો. જંગીસ તૈમૂર નાદીર આખરે તો વ્યક્તિગત વેરાગિયા કે વાવાઝોડાં હતાં જ્યારે એશિયા, આફ્રિકા, મધ્ય કે દક્ષિણ અમેરિકાની નિરુપદ્રવી, પાપભીરુ અને બાળકસમી નિર્દોષ પ્રજાઓ પર ધર્મ કે દેશને નામે સામુદાયિક ને સંગઠિત આક્રમણ કરી તેમનો નાશ કે રક્તશોષણ કરનારી સામ્રાજ્યવાદી ગોરી પ્રજાઓએ કરેલી કતલો ને વર્તાવેલા કાળા કેર ધર્મની કે દેશની ઉજ્જ્વળ સેવા તરીકે ઓળખાવવામાં આવી! ધર્મને નામે વર્ષો સુધી ચાલેલી ખ્રિસ્તી ક્રુઝેડો, ધર્મગુરુ પોપની આણા હેઠળ આખા યુરોપમાં ધર્મને નામે થએલી હજારો લાખો ધર્મપરાયણ ખ્રિસ્તીઓની હોળીઓ, ફરનાન્ડો કોરટીઝ અને બીજા સ્પેનવાસી હુમલાખોર વિજેતાઓએ મધ્ય અમેરિકામાં કરેલા કાળા કેર, બેલજીઅન કોંગોમાં રાજા લીઓપોલ્ડની હબસીઓના લોહીથી નીંગળતી રાજવટ, 'પડના બળવા પછી હિંદમાં પોતાની રાજવટનો ધાક બેસાડવા અંગ્રેજોએ ચલાવેલી બેફામ ખૂનરેજી, છેલ્લા બે મહાયુદ્ધમાં યુરોપના રાજકારણી મુત્સદીઓએ લાખકરોડને હિસાબે તોપખોઆને ચારેલા નવલોહિયા જુવાનો, તાજેતરમાં ફ્રરીએ ચડેલા નાઝી આર્યકોમે ભઠ્ઠીમાં જીવતા બાળેલા ૬૦ લાખ યહૂદીઓ, અને હિરોશીમા પર એટમ બોમ્બ ઝીકીને એક જ કોળિયે બે લાખ જેટલાં જાપાનીઓને ભરખનાર અમેરિકન વિમાનીના રેકોર્ડ આગળ આજે ઇતિહાસ ભણતા કિશોરની નજરમાં જૂના જંગીસ તૈમૂર બાપડા આળસુ અળસિયાં જેવા લાગે એમ છે.

× × ×

અણુશસ્ત્રોના ઉદ્રેકને કારણે આખી માનવજાતિને માથે આજે ઊભું થએલું જોખમ કેવું કારમું છે અને તે આજનાં બલાઢ્ય રાષ્ટ્રોના પરસ્પરના રાગદ્વેષોને કારણે કેટલું નજીક આવી લાગ્યું છે એનો ખ્યાલ આજે હવે સૌને કંઈક આવવા લાગ્યો છે.

જે વૈજ્ઞાનિકોએ આ શોધો કરવા પાછળ જીવતર સોંઘાં કર્યાં તેઓ આજે રાજદ્વારીઓને હાથે થઇ રહેલી તે શોધોની વિટંબણા જોઈ હાથ ઘસી રહ્યા છે. પણ મર્કટી રતન જોડી આપી દીધા પછી રાજદ્વારી ધણિયામાઓ આગળ એમનું હવે કશું ચાલતું નથી!

હિરોશીમા ઉપર એટમ બોમ્બ ઝીકનારો અમેરિકન જુવાન રાજદ્વારી કે મુત્સદ્દી નહોતો. સાદો વિમાની હતો. તેના દેશપ્રેમની ભાવનાને વટાવીને જેમણે તેને લાખો નિર્દોષ માનવી સ્ત્રીપુરુષબાળકોનો ખૂની બનાવ્યો એ રીઢા રાજધુરંધરો આજે હિરોશીમાની હોળીને ક્યાંયે ટપી જાય એવા જગવ્યાપી નરમેધ કરવાના પેંતરા ટાઢેકોઠે રચી રહ્યા છે જ્યારે એમની કારવાઈઓનો હાથો બનેલો પેલો વિમાની છેલ્લાં ૧૭ વરસોથી ઓપરી વળગેલ અશ્વત્થામાની જેમ પાગલ બનીને 'હું ખૂની' 'હું ખૂની' 'હિરોશીમાનો સંહાર કરનારો હું પોતે' એમ ચૌટેચકલે ને છાપાંઓની કટારોમાં પોકારતો ગામેગોંદરે રઝળી રહ્યો છે. ૯ વખત પાગલખાને પૂરાયો, ૭ વખત અમેરિકન સત્તાધીશોએ તેને જેલમાં પૂર્યો, ૨ વખત એણે પોતાનો જીવ કાઢી નાંખવા સારુ આપઘાતના પ્રયત્નો કર્યા! કુકર્મના પસ્તાવાનો કીડો અહોનિશ આઠે પહોર એને કોરી ખાય છે. પણ વૈજ્ઞાનિકોની કે આ બધી શેતાનિયતની સામે પોકાર કરનારા દુનિયાના ધુરંધર નીતિજ્ઞોની પેલા રીઢા રાજદ્વારીઓને કંઈ જ પડી નથી!

દુનિયાભરના લાખો લાખો પ્રામાણિક શ્રમજીવી માનવીઓએ સરજેલી અબજોની સંપત તેમનાં સુખઆરોગ્યસંતોષને ખાતર વપરાવાને બદલે આજે આ વિનાશકારી અણુશસ્ત્રો બનાવવા પાછળ જે રીતે પાણીની જેમ ખરચાઈ રહી છે તે અણુશસ્ત્રોના આખર નતીજા રૂપે એ ૪૮ અણુશોધો કરનારા વૈજ્ઞાનિકો તરફથી થઈ રહેલી આબાદીઓ એના માણસ આગને હવાલે મૂકે એમ છે. આની સામગ્રી વાટે આપણી માનવજાતિના કિસ્મતની હોડ રમનારા આજના મુત્સદ્દીઓ આગળ જૂના ચંગીઝ, તૈમૂર, સ્પેનિશ ઇન્ક્વીઝિશનવાળા કે તાજેતરમાં [illegible] મરેલ ૬૦ લાખ યહુદીઓનો સંહારક આઈકમેન બધા બાળકિયાં જેવા લાગે એમ છે.

અજબની વાત તો એ છે કે પોતાને જ્ઞાનવિજ્ઞાનની ટોચે પહોંચેલા ગણનારા આજના આ રાજદ્વારીઓ પોતે પણ પોતાની કારવાઈઓની શક્યતાઓને ધાકે આજે થથરી ઊઠ્યા છે. છતાં પોતાની આપઘાતી કારવાઈઓથી બાજ આવતા નથી. બલ્કે 'હાર્યો જુગારી બમણું રમે' તેમ પોતાની જ ઘેલછા, મદ અને ઝનૂનમાં બધા ઉન્મત્ત છે. અને જે વૈજ્ઞાનિકો એ તેમને આ અણુવિજ્ઞાનની નવાજેશ કરી તેમને ગજવે ઘાલીને ફરે છે.

આ વૈજ્ઞાનિકોમાંનો સૌથી મોટો નોબેલ ઇનામવિજેતા લાઈનસ પોલિંગ આજે હાથ ઘસી રહ્યો છે. એણે દુનિયાભરના એના ૧૧,૦૦૦ જાતભાઈઓ (વૈજ્ઞાનિકો)ની સહીઓ મેળવીને ધોડાપૂરે આવી રહેલા અણુશસ્ત્રોના સર્વનાશ સામે દુનિયાના રાજદ્વારીઓને ગંભીર ચેતવણીઓની ઝડી વરસાવી. પણ એના અને એની જમાતના આ પોકારોને કોઈ આજે સાંભળતા નથી. બલ્કે સરકારને નામે કાયદેસર કારવાઈઓ કરીને આવા વિરોધી સૂર કાઢનારા લોકોને મોઢે ડૂચા દેતાં કે તેમને જેલમાં ગોંધી દેતાં અચકાતા નથી!

કરવાવાળા હશે જ. દિલગીરીની વાત એટલી જ કે રસેલ ડોસાએ ગાંધીજીના વારસ હિંદને કરેલી અપીલનો જવાબ એને નેહરુ તરફથી નકારમાં જ મળ્યો! સધિયારાની બીના એટલી જ કે તે પછી તાજા નિવૃત્ત થએલા માજી રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે અણુઅખતરા સામે પરિષદ બોલાવીને અણુવિરોધી પ્રવૃત્તિ ઉપાડી છે.

વૈજ્ઞાનિક લાઇનસ પૉલિંગે આજની દુનિયા આગળ રજૂ કરેલી માહિતી સૌએ સમજી બૂઝી લેવા લાયક છે. જેથી કોઇને પણ પોતાની નિષ્ક્રિયતાને ઢાંકવા અજાણપણાનું બહાનું ન રહે.

એ વિજ્ઞાન શિરોમણિએ ટ્રાફાલ્ગર ચૉકની રેલી પ્રસંગે મોકલેલા નિવેદનનો સારાંશ અહીં આપું છું:

"અણુયુદ્ધની તૈયારીઓ વિષે દુનિયાને સાચી સમજ અપાતી નથી. એક વૈજ્ઞાનિક તરીકે એના પરિણામો તેમજ ભાવિનો મેં અભ્યાસ કર્યો છે. તેની મુખ્ય વિગતો ૧૧,૦૦૦ વૈજ્ઞાનિકોની સહીવાળી અરજી મેં ઘડી તેમાં આપી છે. દેશેદેશની સરકારોને તેમજ પ્રજાઓને આ અંગે જગાડવા તેમ જ અણુયુદ્ધના ઘોરમાં પરિણામો સમજાવવા મેં પ્રયત્નો કર્યાં છે. લેખો લખ્યા છે. પ્રવાસો ખેડ્યા છે. મારી નમ્ર અરજ એટલી જ છે કે એક જાણકાર વૈજ્ઞાનિક તરીકે મેં રજૂ કરેલી વિગતો અને હકીકતો વિશ્વાસપાત્ર પુરાવા તરીકે લેખાવી જોઇએ.'

"વળી એ પણ ધ્યાનમાં રાખવું ઘટે કે આ અણુતૈયારીઓ અત્યારની ઝડપે ચાલુ રહે તો થોડાં જ વર્ષોમાં મેં ગણાવેલી સામગ્રી ૧૦ ગણી વધશે, ને ગમે તે ક્ષણે આજની આખી દુનિયા અલોપ થશે. આ હું એક નિષ્ણાત વૈજ્ઞાનિકને નાતે કહું છું.

"અણુશસ્ત્રો સામે બચાવ જેવી વસ્તુ જ નથી.

"સને ૧૯૬૧માં અમેરિકા પાસે અણુશસ્ત્ર-સામગ્રીનો જથ્થો ૧,૦૦,૦૦૦ મેગેટન જેટલો હતો (મેગેટન=૧૦૦૦ ટન).

"રશિયા પાસે લગભગ ૫૦,૦૦૦ મેગેટન.

"સને ૧૯૪૫ માં આખી દુનિયાંમાં મળીને ૧,૦૦,૦૦૦ ટન ટી. એન. ટી. હતું (ટી. એન. ટી.= ડાઇનામાઇટ કરતાં ઘણો વધારે જોરાવર સ્ફોટક પદાર્થ). તે પછી દર વરસે તે બમણું થતું ગયું છે.

"અત્યારે અંદાજવામાં આવતી ૨,૫૦,૦૦૦ મેગેટન અણુસામગ્રી આખી દુનિયાભરના માનવીઓને માથે વહેંચી નાંખીએ તો પૃથ્વી પર જીવતા એકેક માણસના માથા દીઠ ૫૦૦ ટન ટી. એન. ટી. આવે!

"સોવિયેટ રશિયા પાસે આજે જે અણુ-જથ્થો છે તેની ૧ ટકા સામગ્રીનો ૦૮ ભાગ બ્રિટિશ ટાપુઓ પરના એકેએક માનવી પશુ પંખી કીડી મકોડી જીવમાત્રનો નાશ કરી નાંખવા સારુ પૂરતો છે.

"થોડાં જ વર્ષોમાં રશિયા પાસેની અણુ-સામગ્રી બમણી થશે. એક ૧૦૦ મેગેટન સ્ફોટક સામગ્રી લાદેલાં સેંકડો રૉકેટ એની પાસે હોવાનો અંદાજ છે જેમાંનાં ફક્ત ૪ આખા ગ્રેટ બ્રિટનના ફુરચેફુરચા ઉડાડી દઇ શકે. સોવિયેટ પાસેના હાલના અણુજથ્થાનો પાંચમો ભાગ એટલે કે ૧૦,૦૦૦ મેગેટન સામગ્રી આખા યુનાઇટેડ સ્ટેટ્સનો દાળવાટો કરી શકે. ૯૪ ટકા લોક ભુંજાઇને ભરખાઇ જાય. બાકી ૬ ૭ ટકા બચવા પામે તો તે આસપાસ ચોમેર પથરાએલા ભયાનક નાશ અને રોગચાળા વચ્ચે લૂલાં લંગડાં ખોડાં આંધળાં અગતિયાંની જેમ થોડીક વાર સુધી જીવલેણ વેદનાઓના વળવળાટ તરફડાટ વચ્ચે તરફડીને મરી રહે.

"કોબાલ્ટ નામનો બીજો એક રેડિયો સંચારભર્યો પદાર્થ શોધાયો છે જે ખરચાળ પણ નથી. અણુદ્રવ્યો જોડે એની મેળવણી

કરવામાં આવી હોય તો પૃથ્વી પર વસતા એકેક માનવીના માથાદીઠ ૫૦૦ને બદલે ૧૦૦૦ જેટલું સ્ફોટક દ્રવ્ય ત્રાટકી શકે."

લાઈનસ પોલિંગે યુનાઈટેડ નેશન્સને મોકલેલા વિનય નિવેદનમાં લખ્યું :

"આખી દુનિયા સર્વનાશને આરે આવી ઊભી છે. રાષ્ટ્રોએ આજે જે અણુજથ્થા પોતપોતાને ત્યાં ખડકયા છે તે આંતરરાષ્ટ્રીય સંબંધો વણસે તો જ સળગી ઊઠે એવું નથી. ક્યારેક કશા અણુચિંતવ્યા અકસ્માતને પરિણામે પણ તેમ થાય એવું જોખમ છે જ. આવી આફતને રાષ્ટ્રનેતાઓ અટકાવી નહિ શકે."

"સર્વનાશના જડબામાં આપણે સૌ પૂરજોસ ધસી રહ્યા છીએ એ વાતની આજે સૌને પૂરી જાણ હોવી જરૂરી છે. જે કોઈ દેશ આખો ભુંજાઈને કોલસો બની જશે તેમાં જો કદિ કોઈ રડ્યુંખડ્યું બચ્યું તોય તે પાછળ લાંબું બચવા નહિ પામે. આજે સ્થિતિ એવી છે કે કઈ ઘડીએ આ સર્વનાશ કોના પર ત્રાટકે એ કહી શકાય નહિ. એક વૈજ્ઞાનિકને નાતે બધી બાજુએ જોઈનિરખીને જ જે બધી શક્યતાઓ હું જોઈ રહ્યો છું તે જ તમારી સમક્ષ રજૂ કરું છું. માનવીમાત્રને સારુ આજે શસ્ત્રત્યાગ એટલો એક જ તરણોપાય રહ્યો છે.

"સોવિયેટ રાજ્યે અણુઅખતરા ફરી શરુ કર્યા ત્યારે મેં તેમને અપીલ કરેલી કે હાલ હાથ પરના અણુજથ્થા આખી માનવજાતિનો નાશ કરવા સારુ પૂરતા થઈને બાકી વધે એટલા મોજૂદ છે. હવે તેમાં વધારો કરવાની મુદ્દલ જરૂર નથી. આ અખતરાઓથી યુદ્ધ ફાટી નીકળવાનું જોખમ બહુ વધી પડશે. માટે ભલા થઈને આ અખતરા ફરીવાર શરુ ન કરો.

"અત્યાર લગીમાં થએલા અણુઅખતરાનાં પરિણામ આ પ્રમાણે આવશે : ૧,૬૦,૦૦૦ બાળકો હૃષ્ટાંગભંગ ને શરીરમનની શક્તિઓમાં ભયાનક પ્રમાણમાં ખોટીલાં જન્મશે. ૪૦,૦૦,૦૦૦ મૂએલાં જન્મશે કાં ગર્ભમાં કે જન્મતાં જ મરશે. વળી જો માનવજાતિ થોડીઘણી પણ બચી હશે તો આ ખોડખાંપણો પેઢીઓ સુધી પોતાના રોગ અને ખોડખાંપણો પોતાના વંશવારસોને વારસામાં મૂકતાં જશે. ૨,૦૦,૦૦૦ થી ૧૦,૦૦,૦૦૦ લોક દુનિયાભરમાં જુદા જુદા અસાધ્ય રોગો હેઠળ પીલાઈ પીલાઈને અકાળે મરશે. આટલો હિસાબ માત્ર ૨૦૦ મેગેટન દ્રવ્યોથી થનારા નાશનો છે.

"એકલા સોવિયેટ રાજ્યે ફરી શરુ કરેલા અણુઅખતરા અંગેનો આ હિસાબ છે. આ વર્તાવ નાઝીઓએ લાખો યહૂદીઓને ગેસકોઠીઓમાં ઓરી ઓરીને બાળ્યા તેને કયાંય ટપી જાય એવો છે. સત્ય, ન્યાય, આંતરરાષ્ટ્રીય કાયદો અને શાંતિ સ્થાપનાની વાત કરનારો કોઈ પણ માણસ આવી વાતને શાંતિસ્થાપનાના એક માર્ગ કે સાધન તરીકે ગણાવી જ કેમ શકે!

"આજની દુનિયાને ઉગારવાનો એકમાત્ર ઉપાય સાર્વત્રિક શસ્ત્રત્યાગ છે, બીજો કોઈ અવેજી ઈલાજ છે જ નહિ.

"આમાં દુનિયાના સર્વનાશની ધાસ્તી એકલી જ નથી. નૈતિક દૃષ્ટિ પણ છે જ. હું માનું છું કે અણુશસ્ત્રોના ઉપયોગ જેવી ભયાનક અનૈતિકતા આચરવાની વાત આજની દુનિયાની કોઈ પણ પ્રજાનો સમજદાર માણસ કરી શકે નહિ. એમ થાય તો દુનિયાનાં કરોડો અબજો માનવીની હોળી થાય. માનવી સંસ્કૃતિ ભુંજાઈને ભડથું થઈ જાય. આ નીતિનાશ છે. સંસ્કૃતિનું મરણ છે.

"વિશ્વશાંતિ એ એક જ તરણોપાય છે.

"મારી સરકાર તેમજ બ્રિટનની સરકાર પણ આ અખતરાઓ પાછા શરુ કરનાર છે. આમાં લાખો લોકોની ચોખ્ખી યોજનાપૂર્વકની કતલ જ રહેલી છે.

"વિજ્ઞાન અને સંશોધન પાછળ મેં જિંદગી ગાળી છે. સત્યની શોધને હું વર્યો છું. મારી જિંદગીભરની સિદ્ધિકમાણીનો આવો અવળો ઉપયોગ થતો હું જોઈ શકું નહિ. સત્ય વાત કહેવા, માનવજાતિની રક્ષા અને હિતને જોખમાવનારી બાબત અંગે મારા જ્ઞાન તેમજ અનુભવની સાખે સત્યકથન કરવા હાથ પરનાં કામ કોરે મૂકીને હું અહીં આવ્યો છું. આ અમેરિકાની સ્થાપનાને કાળે મૂળ પાયાનાં ૧૩ સંયુક્ત રાજ્યોએ પોતાના જન્મદિન (તા. ૪ થી જુલાઈ સને ૧૭૭૬) ને રોજ એકમતે કરેલી સુવિખ્યાત પ્રતિજ્ઞા અને ઘોષણા આજે ફરી એકવાર યાદ કરવા હું તમને વીનવું છું. એ ઘોષણાને યાદ કરો :

"'અમે સ્વયંસિદ્ધ સત્ય રૂપે માનીએ છીએ કે માણસમાત્ર સમાન તરીકે સરજાયાં છે. સરજનહારે તેમને જન્મસિદ્ધ હકો બક્ષ્યા છે જે ખૂંચવી લેવાનો કોઈને પણ અધિકાર નથી. આવા હકોમાં જિંદગી, આઝાદી તેમજ સુખને સારુ પુરુષાર્થ કરવાના હકોનો સમાવેશ છે. ... જે કોઈ પણ સરકાર કે હકૂમત આ માનવી અધિકારો પર તરાપ મારે તેને બદલવાનો કે ઉથલાવી નાંખીને જેમાં પોતાની સલામતી તેમજ સુરક્ષાની બાંહેધરી મળે એવા સિદ્ધાન્તોના પાયા પર નવી હકૂમત સ્થાપવાનો જનતાનો અધિકાર છે.'

"શરૂથી જ હું તમારી ૧૦૦ જણની અણુશસ્ત્રવિરોધી કમિટી અને આંતરરાષ્ટ્રીય જમાતનો ટેકેદાર રહ્યો છું. તમારી તા.૧૭-૯-૧૯૬૧ની અપૂર્વ રેલીમાં હું સામેલ હતો. એવો દેખાવ મેં બીજો કદિ જોયો નથી. વેથરફીલ્ડ ખાતે થએલા તમારા વિરોધ-નિદર્શનને પણ મેં જિગરજાનથી ટેકો આપ્યો હતો જો કે તે દિવસે હું મોસ્કોમાં તેમણે યોજેલા ફરીવારના અણુપ્રયોગો વિરુદ્ધ ભાષણ કરવામાં રોકાયેલ હોવાથી તમારી વચ્ચે હાજરી ભરી શક્યો નહોતો. પણ જે ૭ ભાઈઓ પર આ અંગે કેસ કરવામાં આવ્યા તેમને તેમજ શ્રી પેટ પૉટલ જેમણે એકલે પંડે દુનિયાંની સરકારો સામે માનવજાતિનો અત્યંત ઝળહળતો બચાવ કર્યો તેમને કહું છું કે:

"હું તમારી સૌની સાથે છું. તમારો બોલ તે મારો બોલ.

"માનવીની હત્યાના આયોજનનો વિરોધ કરવો, દેશની રક્ષા અને હિતને ખાતર પોતાના અંતરાત્માના અવાજને અનુસરીને વર્તવું, એ માણસમાત્રને માટે માત્ર લહાવો કે કુદરતી હક જ નથી. એ એની સર્વોપરિ નૈતિક ફરજ અને અતિ તાકીદની જવાબદારી છે. તમારા સત્યાગ્રહમાં ભાગનાર દરેક વ્યક્તિ આપણા સૌની રક્ષા અને ઉગારાને તેટલે અંશે વધુ શક્ય બનાવે છે.

"આપણે લડયે જ જશું ને જીતીશું."*

★

* 'પ્રસ્થાન' માટે ખાસ. લેખકની લેખિત સંમતિ મેળવ્યા વિના આ લેખ કે એનો કોઈ ભાગ છાપી શકાશે નહિ.

ગાંધી

ચિનુ મોદી

ક્યાં છે એ ગાંધી?
પુણ્ય પૂણીથી
સતનાં સૂતર
કાંતી કાઢી
કીધી અહિંસા આંટી
જેણે એ આંટીથી
પૃથ્વી આખી બાંધી
ક્યાં છે એ ગાંધી?

આજ નથી એ ગાંધી
જેણે પૃથ્વી આખી
સ્નેહ અને સહકાર તણાં
ઝીણાં શા તારે સાંધી,
આજ નથી એ ગાંધી!

લાખ ઉપાધિ ઊભી કરતાં
આજ ફરીથી
બોલી, બોલી
(બોલી? ના, ના, બોળી બોળી!)
તારાં વચનો ગાંધી
ક્યાં છે એ ગાંધી?

કૈંક ફૂંકાતા અહીં પવન તો
સત્તાની આ સમિરણ લહેરી
ઝંઝાનિલનો વાયુ થઈને
ફૂંકે છે આંધી
ક્યાં છે એ ગાંધી?

કણ કણ કાજે
કૈંક મથીને
ઊભી કરેલી તેં મહેલાતો
તૂટતી જાયે
ધીમે, ધીમે,
એની આજે કાંધી,
ક્યાં છે એ ગાંધી?

આજ લઈ લે જનમ ફરીથી
ઝેર ભલે હો, જામ ભરી લે
આવ રોકવા
જગની આજે
ફેલાતી આંધી
આવ ફરી હે ગાંધી!
આવ ફરી હે ગાંધી!!

卐

આઝાદીની અગ્નિપરીક્ષા

શાન્તિલાલ ઠાકર એમ. એ., બી. ટી.

ભારતમાતાને આઝાદ થયાં પંદર વર્ષનાં વહાણાં વાયાં. તેને આઝાદ કરતાં અનેક શહીદોએ પોતાનું લોહી વહાવ્યું છે. અંગઅંગના ક્રાન્તિકારી અગ્નિવર્ણા દિવસોમાં અનેક નવજુવાનો જીવનની આશાઓને ફગાવી દઈ, મનના મનોરથોને દાટી દઇ, સંસારનાં સુખોને તિલાંજલિ આપી, હસતે મુખડે ફાંસીને માંચડે ચઢી ગયા હતા. અસહકારનું આંદોલન, ૧૯૪૨ની આખરી લડત–આ બેમાં મહાત્માજીના કહેવાથી, સરદારની વીરહાકલથી અનેક ખેડૂતોની જમીન જપ્ત થઈ હતી, અનેક દેશસેવકો જેલમાં ગયા હતા, અનેક નવજુવાનોએ લાઠીમાર ખાધા હતા, અનેક બહાદુર રાષ્ટ્રભક્તો ગોળીથી વીંધાયા હતા.

અને સૌથી વધારે મહાન બલિદાન તે રાષ્ટ્રયજ્ઞમાં અપાયું હતું ખુદ મહાત્મા ગાંધીનું. તેમની અહિંસાનું લોહી ગોડસેની ગોળીથી વીંધાઇ પૃથ્વીને પખાળી ગયું. છતાં પૃથ્વીનાં પાપ ન પલળ્યાં!

ભારતીય સંસ્કૃતિની પીઠમાં અનેક ઋષિમુનિઓનાં તપ પડેલાં છે, ત્યાગ પડેલા છે, ચિંતન પડેલાં છે, ધ્યાનધારણા પડેલી છે. ચિંતનઘેરી વડલાની વડવાઈઓ જેવી ભારતની ધર્મશાખાઓ ચારે બાજુએ વિસ્તરીને પડેલી છે. તેની આધ્યાત્મિકતા અજોડ છે. તેની દૃષ્ટિ હમેશાં પરમ સુખ પર જ ચોંટેલી રહી છે, અને તે છે આત્મસુખ, બ્રહ્મસુખ. તે વિનાશી સંસારસુખના પ્રલોભનમાં કદી ફસાઇ નથી.

પણ તે જ ભવ્ય વારસાના વારસદાર ભારતમાં આજે શું જોવા મળે છે?

માંયકાંગલાં શરીર, નિસ્તેજ બુદ્ધિ, શિથિલ આચાર, વિલાસપ્રિયતા, વિષયસુખો માટે દીનતા, અબ્રહ્મચર્ય, મહેચ્છાનો અભાવ, સૂક્ષ્મ દૃષ્ટિનો અભાવ, લાંચરૂશ્વતની બદી, છેતરપિંડી, ઠગાઈ, વડીલો તરફ પૂજ્ય બુદ્ધિનો અભાવ, અવિનય, ગેરશિસ્ત, ટૂંકી દૃષ્ટિ, રેડિયો પરથી સંભળાતાં ક્ષુદ્ર ક્ષુલ્લક વિષયવૃત્તિને ઉત્તેજક ગીતો, સીનેમાનાં ભ્રષ્ટ કરે તેવાં દૃશ્યો, છીછરું ભણતર, વિદ્યાવ્યાસંગનો અભાવ!

આ બધામાંથી આવતી કાલનું ભારત કેવું સરજાશે? આઝાદી કેવી રીતે સુરક્ષિત રહેશે? પ્રજાનું ખમીર કેવી રીતે તેજસ્વી, પરાક્રમી, બલિષ્ઠ, વીર્યશાળી બનશે!

કંઇ સમજાતું નથી કે આપણે કયી બાજુએ ઢસેડાઈ રહ્યા છીએ! આપણે સમજદાર માનવીઓ તરીકે પૂર્વયોજના પ્રમાણે રાષ્ટ્રને ઘડીએ છીએ કે નિષ્પ્રાણ રમકડા પેઠે સંજોગો અને પરિસ્થિતિથી સંચાલિત થઈએ છીએ?

ચીન અને પાકિસ્તાન ધમકીઓ ઉચ્ચારે છે, આપણી ભૂમિમાં પગપેસારો કરી રહ્યાં છે, આપણને યુદ્ધસરંજામ પાછળ સ્વરક્ષણ માટે ધૂમ ખર્ચ કરવાની ફરજ પાડે છે. બગલમાં દુશ્મન હોય, અને કયો માણસ કે કયું રાષ્ટ્ર સુખે સૂઈ શકે! ઘાસની મોટી ગંજીમાં અગ્નિ મૂકીને પવન વાતો હોય તે દિશામાં તેની નજીક કયો ડાહ્યો માણસ ઊંઘી જાય!

આપણી આર્થિક સ્થિતિ પણ દિવસે દિવસે કફોડી બનતી જાય છે. અબજો રૂપીઆનું પરદેશોનું દેવું કરીને આપણે આપણી રાષ્ટ્રયોજનાઓને આગળ ધપાવી રહ્યા છીએ, પણ કેટલાં વર્ષોમાં આપણે વ્યાજ સાથે દેવું વાળી શકીશું! આપણી યોજનાઓ પૂરેપૂરી સફળ

થાય, તો પણ તેમાંથી ઉત્પન્ન થતી વસ્તુઓ વડે—અનાજ, લોખંડનો સામાન, સિમેન્ટ, નાનામોટા ઉદ્યોગોમાંથી પેદા થતી વસ્તુસામગ્રી વગેરે વેચીને આપણે કેટલું દેવું કેટલા વખતમાં વાળી શકીશું, તેની પણ નિશ્ચિત ગણતરી કરવી જરૂરી છે. કબૂલ છે કે આપણે અડધે આવ્યા પછી હવે તે યોજનાઓ પૂર્ણ કર્યે જ છૂટકો છે. પણ ગુંજાયેશ કરતાં વધારે મોટી બાથ ભરવાનાં માઠાં પરિણામ પણ આપણે ભોગવવા તૈયાર રહેવું જ જોઈએ. આપણે પચીસ વર્ષમાં બધું જ કરી નાખવાની ઉતાવળ શા માટે કરવી જોઈએ? પછી કાયદેસર આવનારું રાજ્યતંત્ર તેને વ્યવસ્થિત રીતે પૂર્ણ ન કરત? અધીરાઈ આવી મોટી લાંબાગાળાની યોજનાઓમાં કામ નથી આવતી. અને તેમાં વપરાતાં પ્રજાનાં નાણાં નકામાં ન વેડફાય, તેમાંથી ઉચાપત ન થાય, તેનો પૂરેપૂરો બદલો પ્રજાને મળે—આ બધું પણ જોવાની આપણી ફરજ છે.

રાજકારણમાં આપણે છેતરાઈએ નહિ, તેની તકેદારી રાખવાની જરૂર છે. અત્યારે તો અમેરિકા, બ્રિટન, ચીન, પાકિસ્તાન, યુરોપના ઘણાખરા દેશો ચોખ્ખી રીતે આપણી વિરુદ્ધ કામ કરી રહ્યા છે. રશિયા એકલું અવારનવાર આપણી તરફેણદારી કરે છે. પણ એકલી વોટની તરફેણદારી કરી, કાશ્મીર પ્રશ્નની ચર્ચાને અટકાવવા માત્રની તરફેણદારીથી આપણે સંતોષ માનવાનો નથી. યુદ્ધનો પ્રસંગ આવે અને રશિયા આપણને શસ્ત્રસરંજામ, નાણાં, યોગ્ય દોરવણી અથવા સલાહસૂચના આપે, તે પણ ખૂબ જરૂરી છે. અત્યારે તો હવે આપણે માટે કોઈ પસંદગી કરવાની તક રહી જ નથી. રશિયાના ખોળામાં જ હડસેલાઈને જવાનું રહ્યું છે. તે અણીને વખતે નાણાંથી, શસ્ત્રસરંજામથી મદદ ન કરે તો, આપણી શી દશા થાય? તટસ્થતાવાદનો અર્થ એવો તો ન જ થવો જોઈએ કે આપણો કોઈ ભેરુ કે સાથી જ ન રહે, આપણે એકલા અટૂલા પડી જઈએ, અમૂંઝણમાં મૂકાઈ જઈએ. આ રાજકારણના ક્ષેત્રમાં બહુ બોલવાથી, આપણા અભિપ્રાયો વણમાગ્યા આપવાથી, લાગતું-વળગતું ન હોય ત્યાં ઝંપલાવવાથી ઘણી વાર કામ બગડે છે—આપણા રાષ્ટ્રના સ્વાર્થને હાનિ પણ થાય છે. મૌન ઘણી વાર માણસને અને રાષ્ટ્રને વિકટ પરિસ્થિતિમાંથી બચાવી લે છે. જરૂર ઉપસ્થિત થાય, અને બોલ્યા સિવાય કાર્ય કરી નાખવું તે ડહાપણનું લક્ષણ છે. પહેલો ઘા રાણાનો, મૌનં સર્વાર્થસાધનમ્, ભસતા કુત્તા કાટે નહિ, ઊંડાં પાણી મૌન વહે—આ બધી કહેવતો અનુભવ પરથી ઘડાયેલી છે. મહાભારતમાંની રાજનીતિ આપણને આવી બાબતોમાં ઘણું ઘણું શીખવી શકે તેમ છે.

આનો અર્થ એમ નથી કે આપણે ડરપોક રહેવું, ભયથી જરૂર આવી પડે છતાં યે સ્પષ્ટ અભિપ્રાય ન ઉચ્ચારવો. અત્યારે વિશ્વના બધા જ દેશોનું રાજકારણ પરસ્પર બહુ સંકળાયેલું છે. વિચાર તો બધા જ રાષ્ટ્રોનો, આર્થિક દૃષ્ટિએ, યુદ્ધની દૃષ્ટિએ, સંસ્કૃતિની દૃષ્ટિએ, રાજકારણી મિત્રતા-અમિત્રતાની દૃષ્ટિએ, સમગ્ર રીતે અને સમગ્રપણે કરવો જ પડવાનો. પણ સરદાર પટેલ જેમ બોલતા થોડું અને કરી બતાવતા ઝાઝું—તે રસ્તો અપનાવવા જેવો છે. લોખંડી પુરુષો, કાર્યરત પુરુષો, ક્રિયાશીલ પુરુષો થોડું બોલે છે, પણ વખત આવ્યે કામ કરી બતાવે છે. લોઢું ગરમ થાય ત્યારે જ હથોડાનો પ્રહાર કરવો યોગ્ય છે. તે પણ એવો હોવો જોઈએ કે ધડાકો થાય. જે રાજકારણી નેતાના દેખતાં શત્રુઓના દાંત ગગડી જતા નથી અને જેની કૃપાથી મિત્રો યોગ્યતા પ્રમાણે પુરસ્કાર કે પદવી કે બઢતી પ્રાપ્ત કરતા નથી, તે નેતાપદ માટે જ યોગ્ય નથી, એમ કવિ ભારવિ 'કિરાતાર્જુનીય'માં કહે છે, તે બરાબર છે. આપણે તેવા નેતાઓની અત્યારે વધારે જરૂર છે. પ્રાન્તીયતાવાદ, દોસાદંગી, પદવીનો મોહ, સત્તાનો શોખ, ધન કમાવાની તકસાધુતા—આ બધાં દૂષણો અત્યારે આપણને ખતરનાક નીવડવાનો સંભવ છે.

આપણે આપણી લશ્કરી તાકાત પણ વધારવી જ પડશે. સૈન્યમાં સૈનિકો સંતુષ્ટ અને તાકાતવાન જોઈએ. શીખો અસંતુષ્ટ રહે તે ન ચાલે. રજપૂતોની લશ્કરી તાકાત અને તેમની મુત્સદ્દીગીરી રાષ્ટ્રસેવામાં લેવાવાં જ રહ્યાં. પાટણવાડિયા, ભીલ, કાઠી લોકો—આ બધી કોમોને લશ્કરમાં લઈ, તેમનાં શારીરિક બળનો, હિંમતનો, જુસ્સાનો પૂરો લાભ ઉઠાવી લેવો જોઈએ. તે લોકોની વચ્ચે સૈનિક શાળાઓ ખોલી, તેમને સમજાવી, યોગ્ય વેતન આપી, તેમની ભરતી કરવી જ જોઈએ. તેમને લશ્કરી વ્યૂહની, હવાઈ દળની, નૌકાસૈન્યની, રણગાડીની તાલીમ આપવી જ જોઈએ. મહારાષ્ટ્ર પ્રાન્ત, રજપૂતાના, પંજાબ—આ તો ભારતમાતાના ક્ષત્રિયપ્રાન્તો છે. તેમાં સર્વને સંગઠિત કરી, સંતુષ્ટ કરી, રાષ્ટ્રને કટોકટી આવે તો તેને પહોંચી વળવા સમર્થ બનાવવું પડશે. આ તો આપણો પ્રાણપ્રશ્ન છે.

બાળકોનાં શરીરનું બંધારણ મજબૂત બને તે જોવું જરૂરી છે, યુવાનોમાં હિંમત, શ્રમસહિષ્ણુતા, સાહસવૃત્તિ, બળ ખીલે તે પણ જરૂરી છે. શાળા–મહાશાળાઓમાં ઊંડું શિક્ષણ અપાય તે જરૂરી છે. રાષ્ટ્રપ્રેમ મજબૂત બને, પ્રાંતીયતાની દિવાલોમાં ફસાઈ ન જાય તેવો બળવાન બને, મરણને હસતે મોંએ વધાવી લે તેવો વીરત્વભર્યો બને તે જોવું જરૂરી છે.

એક એવી તાકાત પેદા થવી જોઈએ કે જે આપણે મહાત્મા ગાંધીજીની રાહબરી નીચે અંગ્રેજ સરકાર સામે લડતાં બતાવી હતી. તે સ્વાર્પણની ભાવના, બલિદાનની ભાવના, સંયમની અને શિસ્તની ભાવના, સંકુચિત પ્રાન્તીયતાના વાડાને સ્થાને સમગ્ર ભારતપ્રેમની ભાવના દરેક નાનામોટા નાગરિકમાં આવવાં જ જોઈએ. તે સિવાય ઊગરવાનો આરો નથી.

એને માટે સંયમ, બ્રહ્મચર્ય, તેજસ્વિતાની જરૂર છે. આપણે કુટુંબનિયોજનને નામે, કૃત્રિમ વંધ્યત્વનાં સાધનો અને શસ્ત્રક્રિયાઓની સલામતી હેઠળ નિર્વીર્ય, અસંયમી, કામલોલુપ અને સ્વચ્છંદી—મુક્તવિહારી તો નહિ બનીએ ને? આપણી ઊગતી નવપેઢી તે સાધનોના પ્રચારથી અને સીનેમા સંસ્કૃતિથી ભ્રષ્ટાચારી, અસંયમી, વિલાસી થશે, તો આપણે દેશની ભારેમાં ભારે કુસેવા કરી ગણાશે. મહાત્માજીએ પણ તેમના 'નીતિનાશને માર્ગે' નામના પુસ્તકમાં આ કૃત્રિમ સંતતિનિરોધનાં સાધનો સામે લાલબત્તી ધરી છે. આપણે તેમની સલાહને, તેમના અનુભવને આ બાબતમાં અવગણી રહ્યા છીએ તે તરફ ધ્યાન ખેંચવું ઉચિત સમજું છું.

આપણી આઝાદી અત્યારે ચારે બાજુએથી કસોટીમાંથી—અગ્નિપરીક્ષામાંથી પસાર થઈ રહી છે. બહુ ચેતીને ચાલવા જેવું છે. મક્કમતાથી ચાલવા જેવું છે, આત્મવિશ્વાસપૂર્વક ચાલવા જેવું છે, રાજકારણી મિત્રોને અને અમિત્રોને બરાબર પરીક્ષા કરીને સંબંધ બાંધવા કે છોડવા જેવું છે, ગંભીરતા રાખવા જેવું છે, મૌન જાળવી બળ કેળવવા જેવું છે, કારણકે સ્વરક્ષણ માટે પૂરતું બળ કેળવવું એનો અર્થ જ યુદ્ધ અટકાવવું એ થવાનો છે. સાચી અહિંસા આક્રમણભરી હિંસા માટે પૂર્ણસજ્જ બનવામાં નહિ, પણ સ્વરક્ષણ માટે પૂર્ણસજ્જ બનવામાં તો રહેલી જ છે.

આશા છે કે આ મુદ્દાઓ પર આપણી સરકાર અને પ્રજાજનો ખૂબ વિચાર કરી જરૂરી બધાં જ પગલાં ભરશે. ભારતમાતાનું ભાવિ મહાન છે, ઉજ્જવલ છે, ગૌરવ અપાવે તેવું છે. પણ તેમાં આપણી પેઢી ભૂલ કરી બેસશે, તો ઇતિહાસમાં સદાને માટે આપણે કપાળે કાળી ટીલી ચોંટશે. તેમ ન બને તેવી બુદ્ધિ અને શક્તિ પ્રભુ આપણને આપો. ભારતમાતાનો સદાયે જયજયકાર છો!

卐

ખતમ

પૂજાલાલ

[અનુષ્ટુપ]

સહેયજ્ઞ પ્રજા સર્જી પુરા બોલ્યા પ્રજાપતિ,
'છે એ કામદુઘા, વાધો પી પી પીયુષ એહનાં.'

[રથોદ્ધતા]

આપતાં ખતમ થાય તે ચઢે
ચોપડે ચતુર ચિત્રગુપ્તના;
વર્તમાન સહ ભૂતની મતા
ભાગ્ય-કોષ ભરતી ભવિષ્યના.

[માલિની]

સતત વિતરણો છે વૃદ્ધિનું મૂળ ઊંડું,
અમરત રસ જ્યાંથી પુષ્ટિદાતા પમાતા;
ખતમ થઈ જવામાં જે મઝા ઓર છે, તે
વિરલ જન જ જાણે, લ્હાવ લાખોય માણે.

[અનુષ્ટુપ]

રક્ષાય ના કશું રાખી મૂકવાથી અનામતે
કાળનો કર લેવાને લંબાયેલો જ હોય છે.

[માલિની]

ગતિ-પ્રગતિ જ ધારો, એ ન ઉલ્લંઘ્ય કોથી,
જતન અવસ્થા જે આદરે તે મરે છે;
લઈ દઈ ઝટ આગે જાય જે વારિ-વેગે
સમુદ્રવરનો તે પામતો પાર આરો.

[અનુષ્ટુપ]

દેવામાં ડર તો શાને? લેવામાં શરમે ય શી?
જાત માત્ર ન લેવાની; સર્વથી લેવું-દેવું સૌ.

[માલિની-અનુષ્ટુપ]

અરપણ-સમયે હો પ્રાણ હેરી પ્રફુલ્લતા,
પરિમલ પદ્મોનો પ્રમોદો પ્રેરતો બધો;

શતગુણ પરિણામો પામતું સૌ અપાયલું,
સુખ જ સુખ સધાતું દે ને લે તે ઉલેચનું.

[અનુષ્ટુપ]

જીવવાની કળા છે આ જિવાડી જાણતી જગે;
વિપરીતે વિપદ્ વ્યાપે શૂન્યે શૂન્ય શમાવતી.

[માલિની–અનુષ્ટુપ]

મર અમર બને છે મૃત્યુ કેરે રસાયણે,
ડર મરણતણો જ્યાં ત્યાં જીવંતે મરેલ છે;
અક્ષય – હૃદય રાચે અર્પણોમાં અખંડ જે,
જનન – મરણ તેનાં ચિરકાળ ચકાસતાં.

[અનુષ્ટુપ]

"આપ, આપ, સદા આપ; આપી આપી અલોપ થા;
આરોહ અમૃતે એમ:" ગાથા ગાજે સનાતની.

૨૬-૧૨-૬૧

★

વિદેશી હૂંડિયામણનો વિકટ પ્રશ્ન

—તેના નિવારણ અંગે અગિયાર મુદ્દાની એક યોજના—

ડૉ. મનુભાઈ પારેખ

અને

પદ્મકાન્ત ર. શાહ

શક્ય તેટલી ગતિથી લોકોનું જીવનધોરણ સુધારવાનું રાષ્ટ્રનું તેમજ ભારત સરકારનું એક મુખ્ય ધ્યેય છે. આ સિદ્ધ કરવા માટે રાષ્ટ્રનાં વિકાસકાર્યો જેવાં કે સંદેશ-વ્યવહાર (અં. કોમ્યુનિકેશન્સ), ખનિજ, શક્તિનું ઉત્પાદન, સિંચાઈ, કેળવણી, આરોગ્ય વિષયક સેવાઓ વગેરે પાછળ સારું એવું મૂડીનું રોકાણ જરૂરી થઈ પડશે. આપણો નિકાસ વ્યાપાર (અં. એક્સપોર્ટ ટ્રેડ) પરદેશમાંથી આપણા માટે આવશ્યક 'પ્લાન્ટ' અને તેની સામગ્રી ખરીદવા માટે પૂરતો સમર્થ નથી. આથી આપણી સરકારને વિદેશમાંથી ઘણું નાણું ઉછીનું લેવું પડે છે. અત્યારની આપણી સરકારની નીતિ દેશમાં વિદેશી મૂડીના રોકાણને ઉત્તેજન આપવાની છે.

પ્રથમ પંચવર્ષીય યોજનાના સમય દરમ્યાન પરદેશી હૂંડિયામણની રકમમાં રૂા. ૩૧૮ કરોડની ખાધ પડી હતી. આ પૈકી રૂા ૧૯૬ કરોડની તૂટ પરરાષ્ટ્રોની સહાય વડે પૂરવામાં આવી હતી અને બાકીના રૂા. ૧૨૨ કરોડ રાષ્ટ્રના પરદેશી હૂંડિયામણની અનામત રકમ-માંથી ઉપાડ કરીને મેળવવામાં આવ્યા હતા.

હૂંડિયામણની વિષમ તુલા (અં. એડવર્સ બેલેન્સ)

દ્વિતીય પંચવર્ષીય યોજનાના કાળમાં હૂંડિયામણના અનામતની વિષમ સ્થિતિ પ્રથમ યોજનાના સમય કરતાં અનેક ગણી વધારે હતી અને તેને માટે નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવી હતી:—

	કરોડ રૂપિયા
વિદેશી હૂંડિયામણના દેશના અનામતમાંથી ઉપાડ (હવે આ અનામતમાંથી વધુ ઉપાડ માટે ઘણી ઓછી સિલક રહી છે)	૬૦૦
પરરાષ્ટ્રોની સહાય	૮૭૨
અમેરિકાની પી એલ. ૪૮૦ યોજના અનુસાર ચીજવસ્તુઓના સ્વરૂપમાં મળેલી સહાય	૫૩૪
આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (અં. ઇન્ટરનેશનલ મોનેટરી ફન્ડ)માંથી ચોખ્ખો ઉપાડ	૫૫
	રૂા. ૨,૦૬૧ કરોડ

[આ સાથે સરખાવો પ્રથમ યોજનાની રૂા. ૩૧૮ કરોડની ખાધ]

ત્રીજી પંચવર્ષીય યોજના વખતે આ તૂટ નીચે પ્રમાણે સાંધવામાં આવશે એવો અંદાજ છે :—

પરરાષ્ટ્રોની સહાય	રૂા. ૨૬૦૦ કરોડ
પી. એલ. ૪૮૦ યોજના નીચે માલની આયાત	રૂા. ૬૦૦ કરોડ

આ ગણત્રી એવી રીતે કરવામાં આવી છે કે બીજી યોજનાના ગાળા દરમ્યાન આયાત કરેલા માલનું કુલ ઉત્પન્ન રૂા. ૩૦૫૩ કરોડ હશે જ્યારે તેની સરખામણીમાં ત્રીજી યોજના વખતે આ પ્રકારનું ઉત્પન્ન રૂા. ૩૭૦૦ કરોડ જેટલું થશે. આયાત વ્યાપારના આ દુર્જય લક્ષ્યને પહોંચવા રાષ્ટ્રને ભગીરથ પ્રયત્ન કરવો પડશે.

જો હાલની વિચારસરણી કાયમ રહે અને મૂડીના રોકાણ અને વપરાશની વસ્તુઓના ખર્ચ સંબંધમાં યથાયોગ્ય ભાર મૂકવામાં આવે અને અત્યારની જ ત્વરિત ગતિથી નિર્ણયો લેવામાં આવે તો એમ લાગ્યા વગર રહેતું નથી કે ચતુર્થ પંચવર્ષીય યોજના વખતે વિદેશી હૂંડિયામણની ત્રુટિ ત્રીજી યોજનાના સમય જેટલી જ, અર્થાત્ આશરે રૂા. ૩૨૦૦ કરોડની રહેશે. જો આમ બનશે તો આપણે માટે પરદેશી મૂડી પરનું વ્યાજ આપવાનું અને આંતરરાષ્ટ્રીય દેવું ચૂકવવાનું કાર્ય કદાચ અત્યંત મુશ્કેલ થઇ પડશે. હવે પછીનો દસકો આપણા દેશના વિકાસ માટે ખરો કસોટીનો સમય બની રહેશે. આ સમય દરમ્યાન આપણી અર્થવ્યવસ્થાને સ્વાવલંબી અને સ્થિર બનાવવા માટે તેમજ દેશના ઝડપી વિકાસના કાર્યને દૃઢ કરવા માટે આપણે સૌથી મોટો પ્રયત્ન આદરવો પડશે. આ પ્રકારની પરિસ્થિતિ માટે આપણી સરકાર જાગૃત છે અને તેથી તે દેશમાં બનતા માલની નિકાસ બને તેટલી વધારીને તેમજ દેશની અંદર આયાત શક્ય તેટલી ઘટાડીને આ ધ્યેય સિદ્ધ કરવા મથી રહી છે. આમ થશે ત્યારે જ રાષ્ટ્રનું જીવનધોરણ સતત ઊંચી સપાટી પર ટકેલું રહેશે અને આયાત-નિકાસ વ્યાપાર વચ્ચેનું ગાબડું પુરાવા લાગશે. પ્રસ્તુત લેખનો ઉદ્દેશ દેશની હૂંડિયામણની વિષમ પરિસ્થિતિમાંથી રસ્તો કાઢવા કેટલાંક ઉપયોગી સૂચનો જનતા સમક્ષ રજૂ કરવાનો છે.

આયોજન પંચે એવો અંદાજ બાંધ્યો છે કે ચાલુ યોજનાના ગાળા દરમ્યાન પ્લાંટ અને યંત્રસામગ્રીની આયાત રૂા. ૨,૨૩૦ કરોડ જેટલી થશે. આપણા દેશ માટે આ ધોરણે લાંબા સમય સુધી પ્લાંટ અને યંત્રસામગ્રી મંગાવ્યા કરવાનું શક્ય અથવા વાજબી ન ગણી શકાય. રાષ્ટ્રના દૃઢ અને શીઘ્ર વિકાસ માટે એ અગત્યનું છે કે પ્લાંટ અને યંત્રસામગ્રી અંગેની મોટા ભાગની જરૂરિયાતો દેશમાં જ બનાવી લેવાય. પરંતુ આ માટે યંત્રો બનાવવાનાં સાધનો (અં. મશીન ટૂલ્સ)ની વિદેશમાંથી આયાત કરવા દેવા ઉપર ઉદારતાપૂર્વક છૂટ આપવી રહેશે.

દેશમાં પ્લાંટ અને યંત્રસામગ્રીની જરૂરિયાત પ્રતિવર્ષ લાંબા સમય સુધી વધતી જતી રહેશે. યંત્રો બનાવવાને લગતાં કેટલાંક સાધનો હવે દેશમાં બનવા લાગ્યાં છે અને ભવિષ્યમાં તેમની સંખ્યામાં વધારો થશે. પણ સત્તાધિકારીઓના ધાર્યા કરતાં આ સાધનોની આવશ્યકતા અવિરોધ છે એમ લાગે છે. એમ સૂચવી શકાય કે અત્યારે નક્કી કરેલા રૂા. ૧૨૦ કરોડને બદલે રૂા. ૨૫૦ કરોડ યંત્રસામગ્રી માટેનાં સાધનો દેશ બહારથી મંગાવવા માટે ખાસ અને

પછી પણ જુદાં મૂકવા. ખાસ કરી લાંબા ગાળા સુધી જે યાંત્રિક સાધનો ઉપલબ્ધ ન થાય એવાં હોય તેમને માટે આવી વ્યવસ્થા ઉત્તમ ગણાશે એટલું જ નહિ પણ આ માટે સર્વ સાધારણ પરવાના (અં. ઓપન જનરલ લાયસેન્સ)ની જરૂર રહેશે.

બીજા કોઈ પણ ઉદ્યોગ માફક યંત્રો બનાવવાના ઉદ્યોગને પણ સંરક્ષણ આપવું ઇષ્ટ થઈ પડશે. અમુક લોકોના વર્ગને સ્વદેશી યંત્રસામગ્રી પ્રત્યે પૂર્વગ્રહ બંધાયો હોય એમ લાગે છે. આવા લોકો આથી મુખ્ય યાંત્રિક સામગ્રી પરદેશમાંથી મંગાવવાનું ઠરાવે છે. આ મુશ્કેલીનું નિવારણ આવી આયાત ઉપર જકાત નાંખીને થઈ શકે. હાલ આ જકાત જે ૧૫ ટકા છે તેને ૨૫ ટકા સુધી વધારી શકાય. પછી જો જરૂર પડે તો ઇચ્છિત પરિણામ મેળવવા આ જકાતમાં બીજો વધારો કરી શકાય.

પેટ્રોલિયમના પદાર્થો

ખનિજ તેલ અથવા પેટ્રોલિયમમાંથી મળતા પદાર્થોની માંગ પ્રતિવર્ષ ૧૧-૧૨ ટકાના હિસાબે વધતી જાય છે એવો અંદાજ કાઢવામાં આવ્યો છે. આ પદાર્થોમાં કેરોસીનની માંગ સૌથી વિશેષ છે અને તે તેજ પ્રમાણમાં વર્ષોવર્ષ વધ્યા કરે છે. ઘરવપરાશમાં બળતણ માટે કેરોસીનની માગણી દર વર્ષે વધ્યા કરે છે અને તે વધતી જશે એ નિર્વિવાદ છે. છેલ્લાં ત્રણ વર્ષમાં ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમના પદાર્થોની આયાત રૂ. ૨૨૭૯ કરોડ જેટલી થઈ હતી.* એવો અંદાજ લઈ શકાય કે આગામી પાંચ વર્ષની અંદર ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમના પદાર્થોની આયાત માટે રૂ. ૫૦૦ કરોડનું વિદેશી હૂંડિયામણ જોઈશે. જ્યાં સુધી આપણો આયાત ઉપર આધાર છે ત્યાં સુધી અમુક આર્થિક પગલાં (જેવાં કે, પેટ્રોલિયમ દ્રવ્યો પર આબકારી જકાત-ખાસ તો કેરોસીન ઉપર) લઈ રાષ્ટ્રને પોસાઈ શકે તે સપાટીએ આ માંગને સ્થિત કરી શકાય.

આયોજન પંચે પોતાના અહેવાલમાં ત્રીજી યોજનાને અંતે પેટ્રોલિયમના પદાર્થોની ખપત ૧૧૦ લાખ ટન જેટલી આંકી છે. અત્યારે આપણે ૬૦ લાખ ટન ક્રૂડ અને ૨૫ લાખ ટન પેટ્રોલિયમની વસ્તુઓ વિદેશમાંથી મંગાવીએ છીએ. આ ઉપરથી એમ લાગે છે કે આયોજન પંચનો અંદાજ કંઈક નીચી કક્ષાએ છે અને સંભવિત છે કે ત્રીજી યોજનાના અંતમાં આ ખપત કદાચ ૧૫૦ લાખ ટન સુધી થાય.

પરદેશથી આવતા અને ભારતમાં પેદા થતા ક્રૂડ ઓઈલના શુદ્ધિકરણ માટે વર્તમાન અને આયોજિત શક્તિના સંબંધમાં નીચેના આંકડા દર્શાવવામાં આવ્યા છે:—

	દસ લાખ ટન
આસામ ઓઇલ કંપની—ડિગબોઇ	૦.૪૦
બર્મા-શેલ રિફાઇનરી—મુંબઇ	૨.૯૦
એસો રિફાઇનરી—મુંબઈ	૨.૧૦
કાલટેક્ષ રિફાઇનરી—વિશાખાપટમ	૦.૯૦
નૂનમતી રિફાઇનરી—આસામ	૦.૭૫
બરાઉની રિફાઇનરી—બિહાર	૨.૦૦
ગુજરાતની નવી થનારી રિફાઇનરી	૨.૦૦
કુલ	૧૧.૦૫

* રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા, બુલેટિન, ઓક્ટોબર : ૧૯૬૧

૨૦ લાખ ટન ક્રુડ ઓઈલ મંગાવવા માટે ૧૨ થી ૧૪ કરોડ રૂપિયાનું હૂંડિયામણ લાગે. બીજી બાજુ, પેટ્રોલિયમના તૈયાર પદાર્થો વિદેશમાંથી ખરીદવા (૨૦ લાખ ટન ક્રુડ બરાબરના) માટે હૂંડિયામણ ૨૪ થી ૨૮ કરોડ રૂપિયા જેટલું જોઈએ. પરંતુ ભારતમાં જ ૨૦ લાખ ટન ક્રુડ ઓઈલની રિફાઈનરી નાખવા માટે ૧૪ કરોડનું હૂંડિયામણ જોઈએ; એટલે સ્પષ્ટ વાત તો એ છે કે દેશમાં જ રિફાઈનરી નાખવાથી ઘણું હૂંડિયામણ બચી શકે. આ ઉપરથી એવું સૂચન કરી શકાય કે ત્રીજી પંચવર્ષીય યોજનાને અંતે દેશમાં ૧૫૦ લાખ ટન ક્રુડ ઓઈલના વિશુદ્ધિકરણ માટે પૂરતી રિફાઈનરીઓ સ્થાપવામાં આવે. શરૂઆતમાં જરૂર પૂરતું ક્રુડ બહારથી મંગાવવામાં આવે અને જ્યારે દેશમાંથી ક્રુડ વધુ ને વધુ મળતું થવા લાગે ત્યારે વિદેશી ક્રુડની આયાત બંધ કરી તેને સ્થાને સ્વદેશી ક્રુડનો શુદ્ધિકરણ માટે ઉપયોગ કરવામાં આવે.

અનાજ

આપણે સ્વતંત્ર થયા ત્યારથી જ દેશમાં અનાજ સંબંધી કટોકટી ચાલી આવે છે. પ્રથમ યોજનાની શરૂઆતથી જ ભારત સરકારનું ધ્યેય અનાજની બાબતમાં પગભર થવાનું છે. દુર્ભાગ્યે હજુ સુધી આપણે આ ધ્યેયને પહોંચી શક્યા નથી અને હવે એમ આશા રાખવામાં આવે છે કે ત્રીજી યોજનાને અંતે આપણે અનાજની બાબતમાં સ્વાવલંબી બની શકીશું. બીજી પંચવર્ષીય યોજના દરમ્યાન લગભગ ૨૦૦ લાખ ટન જેટલું અનાજ બહારથી મંગાવવું પડ્યું હતું. ત્રીજી યોજનાના સમય દરમ્યાન આશરે ૧૭૦ લાખ ટન અનાજ બહારથી લાવવું પડશે. ૧૯૫૮ થી ૧૯૬૧ ના ત્રણ વર્ષના ગાળા દરમ્યાન રૂા. ૪૫૩ કરોડ અનાજ ખરીદવા પાછળ વપરાયા છે, જે નીચેના આંકડાઓથી સ્પષ્ટ થશે.—

	ઘઉં	ચોખા	અન્ય	
૧૯૫૮–૫૯	૧૧૫,૩૮	૪૦,૮૦	૩,૦૧	લાખ રૂપિયા
૧૯૫૯–૬૦	૧૨૯,૭૯	૧૬,૩૪	૩,૪૨	" "
૧૯૬૦–૬૧	૧૨૧,૬૭	૪૬,૮૮	૪,૮૧	" "

(રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા બુલેટિન—ઓક્ટોબર ૧૯૬૧ માંથી)

ભારત સરકાર અનાજનું તથા બીજું કૃષિજન્ય ઉત્પન્ન વધારવાની કોશિષ કરી રહી છે. આ માટે તે ખેતીવાડીમાં સુધારા, વિસ્તૃત ખેતી, સિંચાઈ, જંતુઓનો નાશ, વધુ સારું બિયારણ, ખાતરો, વગેરે સાધનોનો ઉપયોગ કરી રહી છે. છતાં એમ લાગે છે કે નાઈટ્રોજનનાં કૃત્રિમ ખાતરોના ઉત્પાદન તેમજ ઉપયોગ સંબંધી પૂરતું ધ્યાન અપાયું નથી. બીજી પંચવર્ષીય યોજનાના શરૂઆતને તબક્કે જ્યારે હૂંડિયામણની કટોકટી વર્તાતી હતી ત્યારે યોજનાના હાર્દમાં નાઈટ્રોજનનાં ખાતરોનો સમાવેશ કરવામાં આવ્યો નહતો કારણકે તે વખતે એવો ખ્યાલ રહ્યો હતો કે આ માટે નાણાંનો વિનિમય પૂરતા પ્રમાણમાં પ્રાપ્ય ન હતો. આ સમયે લોકોના અમુક વર્ગે ખાતરોના ઉત્પાદન માટેનાં કારખાનાં સ્થાપવાની બાબતને યોજનાના કેન્દ્રમાં સમાવવા માટે હિમાયત કરી હતી પરંતુ આ વાતને પૂરતો ટેકો ન મળવાથી ખાતરોનું ઉત્પાદન જોઈએ તેટલું થઈ શક્યું નહિ. પરિણામે રૂા. ૪૩ કરોડની કિંમતનાં ખાતરો પરદેશમાંથી મંગાવવાં પડ્યાં અને આવી મોટી રકમના હૂંડિયામણનો વ્યય થયો. આટલી જ

રકમ વડે, જો થોડી વધારે દીર્ઘદૃષ્ટિ વપરાઈ હોત તો, ખાતરોનાં ઉત્પાદન માટે એક બીજું કારખાનું ઊભું કરી શકાયું હોત. આ ઉદ્યોગ માટેનો કાર્યક્રમ એવો પાંગળો રીતે ઘડાયો છે કે હવે ત્રીજી યોજનાના કાળ દરમ્યાન રૂ. ૧૪૦ કરોડની કિંમતનું ખાતર પરદેશમાંથી આયાત કરવું પડશે.

ખેતીનું ઉત્પન્ન વધારવા માટે ચોક્કસ રસ્તો નાઈટ્રોજનનાં ખાતરો સાથે બીજા પ્રકારનાં ખાતરોનું સુયોગ્ય મિશ્રણ કરવાનો છે. સામાન્ય રીતે એમ ધારી શકાય કે એક ટન નાઈટ્રોજનના ખાતર વડે અનાજના ઉત્પાદનમાં ૧૦ ટન જેટલો વધારો મેળવી શકાય, અર્થાત્ ૧૦૦,૦૦૦ ટનની ઉત્પાદન ક્ષમતાવાળું ખાતર બનાવવાનું કારખાનું દશ લાખ ટન જેટલા અનાજની તુલનામાં મૂકી શકાય.

આયોજન પંચે સૂચવ્યું છે કે ત્રીજી યોજનાને અંતે નાઈટ્રોજનનાં ખાતરોના ઉત્પાદનનો લક્ષ્યાંક વાર્ષિક દસ લાખ ટનનો હોવો જોઈએ અને તેનો વપરાશ ૮૦૦,૦૦૦ ટન જેટલો જોઈએ. આ લક્ષ્યાંક દેશની જરૂરિયાતના પ્રમાણમાં અતિ નીચે લાગે છે અને તેથી તે વાર્ષિક ૧૫ લાખ ટન સુધી ઊંચે ચઢાવવો જોઈએ.

રૂનો કાચો માલ અને રેયોનનું સૂતર (અં. યાર્ન)

આયોજન પંચે " ત્રીજી પંચવર્ષીય યોજના "ના પૃષ્ઠ ૩૪ પર નીચે પ્રમાણે લખ્યું છે:—

" ...પરંતુ યોજનાને શરૂઆતથી જ હૂંડિયામણની તૂટ સંબંધી કપરી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો અને ૧૯૫૮માં તેની પુનઃવિચારણા કરવી પડી—બિનઅગત્યની ચીજ-વસ્તુઓની આયાત પર અસરકારક પ્રતિબંધો મૂકવા પડ્યા." આવી મુશ્કેલીઓ છતાં અને નાઈટ્રોજનનાં ખાતરોના અને શક્તિ ઉત્પાદન માટેનાં કારખાનાં સ્થાપવા સારુ નાણાંના વિનિમયની તંગી હોવા છતાં, ૧૯૫૮–૫૯, ૧૯૫૯–૬૦ અને ૧૯૬૦–૬૧નાં વર્ષો દરમ્યાન રૂ. ૧૫૦ કરોડની કિંમતની કાચા રૂની ગાંસડીઓની આયાત કરવામાં આવી હતી અને છેલ્લાં ચાર વર્ષોમાં રૂ. ૩૧ કરોડનું રેયોનનું સૂતર (અં. યાર્ન) પણ વિદેશથી મંગાવવામાં આવ્યું હતું. આમાંનો મોટો ભાગ દેશની અંદર જ વપરાઈ ગયો હતો. જો આને બદલે *એટલા જ હૂંડિયામણનો ઉપયોગ ખાતરોનાં અને શક્તિ ઉત્પન્ન કરવાનાં કારખાનાં બાંધવા* પાછળ થયો હોત તો વધુ યોગ્ય કહેવાત. હજુ પણ આ વિષયને ફરી વિચારી જોઈ આગામી વર્ષોમાં રૂ અને રેયોનના સૂતરની આયાત અટકાવવા માટે પગલાં લેવાં ઘટે.

હાલ દેશમાં ૪૦૦ રતલ વજનની એક એવી ૫૮૦ લાખ જેટલી રૂની ગાંસડીઓની ખપત છે. આમાંથી અંદાજે ૪૮૦ લાખ ગાંસડી જેટલું રૂનું ઉત્પાદન દેશમાં થઈ શકે છે. બાકીની જરૂરિયાત માટે હૂંડિયામણની અછતને લીધે પરદેશમાંથી રૂ મંગાવવું પાલવી શકે નહિ. આથી તેનું વધુ ઉત્પાદન દેશમાં જ કરવા માટે પ્રયત્નો થવા જોઈએ, વળી હૂંડિયામણની જરૂરિયાતને પહોંચી વળવા માટે આ ઉપરાંત દર વર્ષે ચાલુ આયાતમાંથી ક્રમિક રીતે ૨૫ ટકા ઘટાડતા રહેવું જોઈએ. રૂની આયાત માત્ર તૈયાર કાપડ બનાવવા માટે કરવામાં આવે છે. હવે રેયોનનાં કારખાનાંમાંથી વધતા પ્રમાણમાં રેયોનનું સૂતર મળવા લાગતાં પરદેશમાંથી રેયોન માલની આયાત કરવી બિનજરૂરી થશે.

વિદેશી મૂડીનું રોકાણ (અં. ફોરિન ઇન્વેસ્ટમેન્ટ)

અત્યારે ભારત સરકારે વિદેશના ઉદ્યોગપતિઓને આપણા દેશમાં મૂડી રોકવા માટે નિમંત્રણ અને ઉત્તેજન આપવાની નીતિ અપનાવી છે. કોઇ પણ દેશના વિકાસની પ્રાથમિક દશામાં વિદેશની મૂડીનું રોકાણ કદાચ લાભકર્તા થઈ પડે. રિઝર્વ બેન્ક ઓફ ઈંડિયાના મે, ૧૯૬૧ ના બુલેટિનમાંથી નીચે ઉતારેલા આંકડા ખાનગી ક્ષેત્રમાં વિદેશી મૂડીનું રોકાણ દર્શાવે છેઃ—

કોષ્ટક ૧ : (મુખ્ય) વિદેશી મૂડીનું રોકાણ

જુન આખરે	કુલ
૧૯૪૮	૨૫૫.૮ કરોડ રૂપિયા
૧૯૫૩	૩૯૨.૦ ,,
૧૯૫૫	૪૫૬.૧ ,,
૧૯૫૬	૪૯૩.૦ ,,
૧૯૫૭ *	૫૪૩.૦ ,,
૧૯૫૮ *	૫૭૨.૬ ,,
૧૯૫૯	૬૧૦.૭ ,,

(* સુધારેલા આંકડાઓ)

કોષ્ટક ૨ : વિદેશી મૂડીના દેશમાં પ્રવેશ અને વિદાયનો પ્રવાહ

(કરોડ રૂપિયામાં) * સુધારેલા આંકડા.

	૧૯૫૪ અને ૧૯૫૫ (વાર્ષિક સરાસરી)	૧૯૫૬	૧૯૫૭	૧૯૫૮ *	૧૯૫૯
(અ) ખાનગી વિદેશી મૂડીનો પ્રવેશ (ચોખ્ખો)	૧૪.૯	૨૪.૯	૧૭.૯	૨.૪	૧૦.૮
૧. કુલ પ્રવેશ	૧૯.૯	૩૧.૨	૨૬.૯	૨૬.૮	૨૫.૬
૧. (૧) દેશમાં રહેલી કમાણી	૧૨.૦	૧૯.૫	૯.૫	૯.૮	૧૫.૧
૧. (૨) રોકડ રકમના સ્વરૂપમાં પ્રવેશ	૧.૫	૩.૧	૫.૯	૪.૮	૩.૩
૧. (૩) બિનરોકડ પ્રવેશ	૬.૪	૮.૫	૧૧.૪	૧૨.૩	૭.૨
૨. દેશમાંથી વિદાયનો પ્રવાહ	૫.૦	૬.૩	૯.૧	૨૪.૪	૧૪.૮
(બ) સત્તાવાર થાપણ	૬.૪	૧૨.૧	૩૨.૧	૨૫.૩	૨૭.૩
(ક) ખાનગી ક્ષેત્રમાં કુલ પ્રવેશ	૨૧.૩	૪૩.૩	૫૯.૦	૫૨.૧	૫૨.૯
(ડ) ખાનગી ક્ષેત્રમાં ચોખ્ખો પ્રવેશ	૧૬.૩	૩૭.૦	૫૦.૦	૨૭.૭	૩૮.૧

નોંધ : ઉપરના આંકડા બેન્કોમાં રોકાયેલી મૂડી દર્શાવતા નથી. રૂપિયામણના દરના થએલા ફેરફારોની નોંધ કરીને આ આંકડા ગણવામાં આવ્યા છે. કુલ સરવાળાનો મેળ મળશે નહિ કારણ કે રકમોને પૂર્ણ સંખ્યામાં મૂકવામાં આવી છે.

કોષ્ટક ૩. વિદેશી અંકુશ નીચેની કંપનીઓનો નફો (કરોડ રૂપિયામાં)

	૧૯૫૬			૧૯૫૭			૧૯૫૮			૧૯૫૯		
	કુલ નફો	વહેંચેલો નફો	રાખેલો નફો	કુલ નફો	વહેંચેલો નફો	રાખેલો નફો	કુલ નફો	વહેંચેલો નફો	રાખેલો નફો	કુલ નફો	વહેંચેલો નફો	રાખેલો નફો
૧. પેટ્રોલિયમ	૧૬.૬	૬.૯	૯.૭	૧૨.૫	૭.૧	૫.૪	૧૧.૦	૫.૪	૫.૬	૧૦.૬	૪.૫	૬.૧
૨. કારખાનાંમાંથી (મેન્યુફેક્ચરીંગ)	૧૨.૪	૬.૮	૫.૬	૧૦.૭	૬.૯	૩.૮	૧૨.૯	૭.૮	૫.૧	૧૬.૧	૯.૦	૭.૧
૩. પ્લાન્ટેશનોમાંથી	૧૦.૭	૯.૦	૧.૭	૫.૩	૬.૮	૧.૫	૪.૯	૬.૩	−૧.૪	૫.૭	૪.૮	૦.૯
૪. અન્ય	૭.૦	૪.૫	૨.૫	૬.૬	૪.૮	૧.૮	૬.૪	૫.૯	૦.૫	૬.૦	૫.૦	૧.૦
કુલ	૪૬.૭	૨૭.૨	૧૯.૫	૩૫.૧	૨૫.૬	૧૨.૫	૩૫.૨	૨૫.૪	૯.૮	૩૮.૪	૨૩.૩	૧૫.૧

ઉપરનાં કોષ્ટકો પરથી સમજાશે કે ૧૯૫૯ના અંત સુધીમાં ભારતમાં વિદેશી મૂડીનું રોકાણ રૂ. ૬૧૦ કરોડ જેટલું થયું હતું અને સરાસરી રીતે તે વર્ષે રૂ. ૪૦ કરોડ લેખે વધતું જતું હતું. આ હિસાબે ગણતાં ૧૯૬૨ના અંતમાં આ પ્રકારનું રોકાણ રૂ. ૭૪૦ કરોડ જેટલું થઈ શકે.

વળી આ કોષ્ટકોમાંથી એ પણ જોઈ શકાશે કે ૧૯૫૮ અને ૧૯૫૯નાં વર્ષો દરમ્યાન વિદેશી મૂડી પરનો નફો ૬ ટકાથી કૈંક વિશેષ થયો હતો અને દર વર્ષે પરદેશમાં લગભગ ત્રણ ટકાને દરે એટલે કે રૂ. ૧૮ કરોડ પરદેશ વિદાય લેતા હતા. જેમ જેમ વર્ષો વહેતાં જશે તેમ તેમ વિદેશી કંપનીઓની થાપણ માત્ર નફાને પરિણામે બીજી મૂડીના ઉમેરા સિવાય ક્રમિક રીતે વધતી જશે. આમ વિદેશી હૂંડિયામણ જાહેર થએલા ડિવિડન્ડના નામે વિશેષ પ્રમાણમાં વિદેશમાં વિદાય થતું જશે. તે ઉપરાંત, ભારતમાં વસતી વિદેશી વ્યક્તિઓ પોતાની કમાઈના પૈસા વિદેશ મોકલવાને પરિણામે વિદેશી હૂંડિયામણ વપરાયા કરશે જેમ જેમ વિદેશી લોકોની દેશમાં થાપણ વધતી જશે તેમ તેમ તેની બહાર મોકલવાની માત્રા પણ મોટી થતી જશે. આથી એટલુ સ્પષ્ટ થાય છે કે વિદેશી મૂડીના રોકાણો પર દેશમાંથી બહાર વિદાય લેતા હૂંડિયામણની કોઈ રાયમર્યાદા દેશને પરવડી શકે તે ધોરણે બાંધવી આવશ્યક રહેશે આ જ કારણને લીધે વધુ વિદેશી મૂડીનું રોકાણ હિતાવહ ન થઈ શકે તે સ્વાભાવિક છે. અમુક પસંદગીના ઉદ્યોગોમાં જ મર્યાદિત સ્વરૂપમાં વિદેશી મૂડીના રોકાણના સિદ્ધાન્તનો ભવિષ્ય માટે સ્વીકાર થવો જોઈએ

ભારતમાંની પેટ્રોલિયમની કંપનીઓ વાસ્તવિક રીતે વિદેશી ઉદ્યોગ હસ્તક છે. ભારતની સરકારને આ કંપનીઓ સાથે કામ લેતા ઘણી બાબતોમાં મુશ્કેલીઓ પડે છે. વિદેશી મૂડી પતિઓ અને ભારત સરકાર સહિત ભારતના ખાનગી સાહસ વચ્ચેનો સંઘર્ષ રહ્યા કરશે એમ લાગે છે.

ભારતે છેલ્લાં દસ વર્ષોમાં ઉદ્યોગોની સ્થાપના સંબંધમાં નોંધપાત્ર પ્રગતિ સાધી છે. ભારતની જ વ્યક્તિઓએ ખાનગી તેમજ જાહેર ક્ષેત્રે ઘણા મોટા અને સર્વ પ્રકારની ખૂબીઓ ધરાવતા પ્લાન્ટો સફળતાપૂર્વક ઊભા કર્યા છે અને ચલાવ્યા છે. અનુભવી વૈજ્ઞાનિક વ્યવસ્થા અને સંચાલન સતત વધતા જાય છે. અહીં તેમજ પરદેશમાં વૈજ્ઞાનિક અને ટેકનિકલ શિક્ષણ પામેલી વ્યક્તિઓની સંખ્યામાં વધારો થતો જાય છે.

ઉપર નિર્દેશેલો સંઘર્ષ અત્યંત અલ્પ પ્રમાણમાં રાખવો હોય અને બહારની મૂડી ઉપર બહુ મદાર ન બાંધવો હોય તો ઇષ્ટ છે કે કોઈપણ એક ઉદ્યોગની અંદર વિદેશી મૂડીનું પ્રમાણ ૨૦ ટકાથી વધુ નહિ રહેવુ જોઈએ બાકીની મૂડી ભારતના ખાનગી અથવા જાહેર ક્ષેત્રમાંથી લાવેલી હોવી જોઈએ.

મૂડી વિરુદ્ધ વપરાશ

અમુક ચીજ વસ્તુઓની ગણના આવશ્યક તરીકે કરવામાં આવે છે, જેમકે, ખાતરો, કૉસ્ટિક સોડા, સોડા એશ, ફેરસ નૉન-ફેરસ (અં. નૉન-ફેરસ) ધાતુઓ, ટાયર માટેનું કાપડ, વગેરે. જો આ ચીજોનું ઉત્પાદન દેશમાં પૂરતા પ્રમાણમાં ન કરવામાં આવે તો દેખીતું છે કે તેમની આયાત પરદેશમાંથી કરવી પડે અને તેને માટે હૂંડિયામણ શોધવું પડે. દુર્ભાગ્યે

અત્યારે દેશમાં કોઈ ઉદ્યોગની સ્થાપના કરતા પહેલાં ઔપચારિક વિધિઓમા સમયનો બહુ દુર્વ્યય થાય છે આ કારણને લીધે અને આયોજન તથા તેને પાર પાડવામાં રહેતી ખામીઓને પરિણામે વિદેશી હુંડિયામણનો મહત્ત્વનો ભાગ ઉદ્યોગોમાં રોકાણ કરતાં ઉપભોગને સ્થાને વપરાઇ જાય છે।

દૃષ્ટાન્ત તરીકે ઉપર જોયુ તેમ, દ્વિતીય પંચવર્ષીય યોજનાની શરુઆતમા નાઈટ્રોજનનાં ખાતરો માટેના વધુ કારખાનાં તૈયાર કરવા માટે જોઈતું હુંડિયામણ મેળવવામાં આવ્યુ ન હતુ. હવે એમ લાગે છે કે આ નિર્ણય ભૂલભરેલો હતો કારણકે યોજનાનાં છેલ્લાં ત્રણ વર્ષો દરમ્યાન રૂ ૪૩ કરોડનુ વિદેશી હુંડિયામણ પરદેશમાંથી ખાતરોની આયાત પાછળ ખર્ચાયુ હતુ જો આટનુ જ હુંડિયામણ શરૂઆતથી જ ખાતરોના વધુ કારખાના સ્થાપવા માટે વાપરવામા આવ્યુ હોત તો અત્યાર સુધીમાં દેશની અંદર ૩૦૦,૦૦૦ ટન જેટલું નાઈટ્રોજનનુ પ્રમાણ ધરાવતાં ખાતરો વર્ષોવર્ષ ઉત્પન્ન થતા જતાં હોત અને તેને માટે હુંડિયામણ લાગત નહિ

અથવા તો કોસ્ટિક સોડાના ઉદ્યોગની વાત લઈએ હાલનાં વર્ષોમાં કોસ્ટિક સોડાનુ કારખાનુ નાખવા માટે જોઈતુ હુંડિયામણ યોગ્ય પ્રમાણમા અને સમયમર્યાદામાં ઉપલબ્ધ નથી તેથી પરિણામ એ આવ્યુ છે કે આ ઉદ્યોગનો વિકાસ જરૂર પ્રમાણે થઇ શકતો નથી. અને છતાંય ૧૯૫૮, ૧૯૫૯ અને ૧૯૬૦નાં વર્ષો દરમ્યાન રૂ ૧૧ કરોડ જેટલુ વિદેશી હુંડિયામણ પરદેશમાંથી ૨૬૨,૦૦૦ ટન કોસ્ટિક સોડા મંગાવવા માટે વપરાયુ હતું એ એક હકીકત છે.

જો આટલુ જ હુંડિયામણ વેળાસર કોસ્ટિક સોડાનાં કારખાના નાખવા પાછળ મેળવાયું હોત તો કદાચ આ ઉદ્યોગપૂરતો દેશ સ્વાવલંબી બની શક્યો હોત

સૂચનો

આ ઉપરથી મુખ્ય ચીજવસ્તુઓના ઉત્પાદન માટેનુ આયોજન બહુ સંભાળપૂર્વક કરવું ઘટે છે અને તેને માટે આવશ્યક હુંડિયામણ તાત્કાલિક ઉપલબ્ધ કરીને ઓછામાં ઓછા સમયમાં દેશ તે તે ઉદ્યોગો સંબંધમાં પગભર બની શકે તેવી યોજના ઘડવાની જરૂરિયાત રહે છે દાખલા—

૧ પ્લાટ અને યંત્રોની આયાત પરની જકાત ૧૫ ટકાથી વધારીને ૨૫ ટકા કરવી જોઈએ.
૨ યંત્રોને લગતા સાધનો (અ મશિન ટૂલ્સ)ની આયાત માટે રૂ ૧૨૦ કરોડની કિંમતનુ વિદેશી હુંડિયામણ મેળવવુ જોઈએ
૩ પેટ્રોલિયમના પદાર્થો પરની આબકારી જકાત વધારીને અથવા તો કોઇ બીજા ઉપાય વડે આ પદાર્થોની વપરાશ પર અંકુશ આણવો જોઈએ
૪ ઓછામાં ઓછા સમયમાં રાષ્ટ્રને ક્રૂડ ઓઇલના શુદ્ધિકરણની બાબતમા સ્વાવલંબી બનાવવો જોઈએ
૫ નાઈટ્રોજનનાં ખાતરોના રૂપમા નાઇટ્રોજનનુ ઉત્પાદન અને વપરાશ ૮૦૦,૦૦૦ ટનથી વધારીને ૧૫૦,૦૦,૦૦૦ ટન જેટલો કરવો જોઈએ
૬ કાચા રૂના માલને દેશની જરૂરિયાતના પ્રમાણમાં દેશમાં જ પેદા કરવા માટે સર્વ પ્રયત્નો આદરવા જોઈએ

૭ રૂની આયાતને વાર્ષિક નિકાસના ૨૫ ટકા લેખે પ્રતિવર્ષ ઘટાડતા રહી ત્રીજી યોજનાને અંતે રૂની માત્ર નહિવત્ આયાત કરવાની રહે તે જોવું જોઈએ.

૮ રેયોનના યાર્નની આયાત સદંતર બંધ કરવી જોઈએ.

૯ માત્ર પસંદગીના ઉદ્યોગમાં જ અલ્પ પ્રમાણમાં વિદેશી મૂડીના રોકાણનું ધોરણ નક્કી કરવું જોઈએ.

૧૦ છેવટની પરિસ્થિતિ એવી સર્જવી જોઈએ કે કોઈપણ ઉદ્યોગમાં વિદેશી મૂડીનું રોકાણ કુલ મૂડીના ૨૦ ટકાથી વધવું ન જોઈએ.

૧૧ આવશ્યક એવી ચીજવસ્તુઓના ઉત્પાદન માટેનું આયોજન અને તેને અમલમાં મૂકવાનું કામ સંભાળપૂર્વક કરવું જોઈએ જેથી કિંમતી હૂંડિયામણનો દુરુપયોગ ન થાય.

જો કે એટલું તો સ્પષ્ટ છે કે ઉપલાં સૂચનોને અમલી બનાવવા માટે દેશને ઘણો આત્મભોગ આપવો પડશે; પરંતુ તે વિના બીજો ઉપાય નથી. એમ માનવાને આપણી પાસે સબળ કારણ છે કે આ સૂચનોનો તાત્કાલિક અમલ કરવાથી જ ચતુર્થ યોજના માટેની વિદેશી હૂંડિયામણની પરિસ્થિતિ ત્રીજી યોજનાના સમય કરતાં પ્રમાણમાં સરળ બનશે; નહિ તો, ચોથી યોજના વખતે પણ હૂંડિયામણની કટોકટી આટલી જ તીવ્ર રહેશે.

૧૨–૭–૧૯૬૨

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૪૦

સ્નેહી ભાઈશ્રી,

> વિરહ વ્યાકુળ અંતરમાં દર્દ મીઠું જાગે, ને ઘરની યાદ સતાવે,
> મજલ કેટલી દૂર હજી, જે પ્રિયજનોનું મધુર મિલન કરાવે ?

કાન્તિ ગાંધી કવિ નથી, ટેક્નોલોજિસ્ટ છે, રેશનાલિસ્ટ છે છતાં તેને ઉપરો તરંગ કેવી રીતે સ્ફૂર્યો ? મીઠા દર્દની જ એ પ્રસાદી છે, માનવહૃદયનો જ એ પોકાર છે. કયો અભાગી જીવ ભલા આવી ઊર્મિવિરાનામાંથી મુક્ત રહી શકે તેમ છે ?

તા. ૨૯ મી ઑક્ટોબરની સાંજે એડન બંદરેથી સ્ટીમર ઊપડયા પછી રાત્રે સ્નેહી સહપ્રવાસીઓએ ડેક ઉપર મારી વરસગાંઠ ઊજવી ત્યારે તો હૈયું આનંદથી છલકાતું હતું. એ મહેફિલમાં મેં 'પ્રેમળ જ્યોતિ'નું ગીત ગાયું હતું તેની છેલ્લી કડી પણ મધુર મિલનની જ સૂચક હતી :

> રજની જશે ને પ્રભાત ઊજળશે, ને સ્મિત કરશે પ્રેમાળ
> દિવ્ય ગણોનાં વદન મનોહર, મારે હૃદય વસ્યાં ચિરકાળ
> જે મેં ખોયાં હતાં ક્ષણવાર.

પણ પછી કેબિનમાં જઈને મારી સાંકડી એકલવાયી શય્યામાં પડયો ત્યારે મન ચગડોળે ચડ્યું. હજી એક નહિ પણ પાંચ પાંચ રજની કાઢવાની બાકી હતી અને પછી તા. ૩જી નવેમ્બરે જ મધુરમિલનનું પ્રભાત ઊજળવાનું હતું ! છ મહિના નીકળી ગયા તો હવે આ પાંચ રાત અને ચાર દિવસ કાઢવાનું શું મુશ્કેલ હતું ભલા ? આઈન્સ્ટાઇનનો સાપેક્ષવાદ શીખવે છે કે સ્થળ બદલાતાં કાળની ગતિ પણ બદલાય છે. ઘર જેમ જેમ નજીક આવતું જાય છે તેમ તેમ પળેપળ યુગયુગ જેટલી લાંબી પણ લાગવા માંડે છે ! જીવને ધરપત રહેતી નથી. ઘરની નજીક આવતાં કુટુંબપ્રેમનું ગુરુત્વાકર્ષણ–ગ્રેવિટેશનલ પુલ–વધારે ને વધારે પ્રબળ બનતું જાય છે. આ કારણે જ કદાચ સંન્યાસીઓ ઘરથી દૂર દૂર ભાગી જાય છે તો જ સંન્યાસ ટકાવી શકતા હશે ! તેમની વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના તો જાણે ઘણી ઉદાત્ત છે જ છતાં એ પણ સાચું જ છે કે વિશ્વભ્રમણ અને સ્વર્ગવિહાર કરી આવ્યા બાદ પણ ઘેર ઇઝ નો પ્લેસ સ્વીટર ધેન સ્વીટ હોમ !

દર વર્ષે તો મારી વરસગાંઠ ભર્યા કુટુંબની વચ્ચે ઊજવાતી હતી પણ તે વર્ષે તે ભર-દરિયે ઊજવાઇ ત્યારે ઘરની તો કોઈ જ વ્યક્તિ હાજર નહોતી તેથી ઊજવણી પૂરી થયા બાદ કેબિનમાં ગયો ત્યારે ખૂબ સૂનું સૂનું લાગવા માંડ્યું. વિરહવેદના તીવ્ર બનની ગઈ અને તેમાંથી જ પેલો તરંગ સ્ફૂર્યો. હવે સમજાય છે કે 'સોર્સ ઑફ પોએટ્રી'નું રહસ્ય શું છે ! પેલું પત્ર નં. ૭માં રજૂ કરેલું "ચલો મુંબઈ, ચલો મુંબઈ, હવે તો એ જ ગુંજન છે"

વાળું મારું કાવ્ય પણ હોમસિકનેસ જ્યારે તીવ્ર બની હતી ત્યારે વિલાયતમાં જ સર્જાયું હતું—એ પોયેમ મેડ ઈન ઈન્ગ્લેન્ડ ! અને હવે સર્જાઇ એ પોયેમ મેડ ઈન મિડ ઓશન !

સ્ટીમરને બદલે અત્યારે વિમાનમાં હોઉં તો ચાર દિવસને બદલે ચાર કલાકમાં જ મુંબઇ પહોંચી જાઉં એમ લાગતું હતું. પણ હવે તો નાવ ભરદરિયે હતી. હવે શું થાય? હોમસિકનેસનો અત્યારે કાંઇ જ ઉપાય થઈ શકે તેમ નહોતો. પથારીમાં પાસાં ઘસીને ગુપચુપ પડી રહેવાનો જ એક માત્ર ઉપાય હતો અને બીજો હતો માનસિક ઉડ્ડયનનો ! મહાકવિ કાલિદાસના 'મેઘદૂત'ના યક્ષની જેમ कश्चित् कान्ताविरहगुरुणा स्वाधिकारात् प्रमत्तः ની દશામાં મૂકાઇને કલ્પનાની પાંખ ઉપર ઊડવાનું જ હવે તો બની શકે તેમ હતું અને મેઘદૂત આગળ ઊભરો ઠાલવી શકાય તેમ હતો કે :

मेघालोके भवति सुखिनोऽप्यन्यथावृत्ति चेतः
कण्ठाश्लेषप्रणयिनि जने किं पुनर्दूरसंस्थे ।

મહાકવિ કાલિદાસને કયા પ્રવાસની નૌકામાં આવી ભવ્ય કલ્પનાઓ સ્ફૂરી હશે તે તો કાવ્યહેતુ અન્વેષક જ કહી શકે તેમ છે પરંતુ એટલું તો ચોક્કસ જ છે કે આંતરવેદનાની સ્વાનુભૂતિ વગર આવી કલ્પનાઓ સ્ફૂરવી મુશ્કેલ છે. રામબાણ વગ્યાં હોય તે જ જાણે!

એક બાજુ હું વીસ વર્ષના મધુર લગ્નજીવન બાદ આવા વિચારો કરી રહ્યો હતો ત્યારે બીજી બાજુ એ જ નૌકામાં પ્રવાસ કરી રહેલા કેટલાક યુવકો કે જેઓ મૃગયા કરવા આવેલા દુષ્યન્તની જેમ વિલાયતમાં લાધેલી તેમની શકુન્તલાઓને વિલાયતમાં જ છોડીને ભારે હૈયે સ્વદેશ સિધાવી રહ્યા હતા તેઓ પણ કવિ કાલિદાસની જ એક બીજી કલ્પનાનો વિચાર કરી રહ્યા હશે કે गच्छति पुरः शरीरं धावति पश्चादसंस्तुतं चेतः । તેમનું વિમાન ઊંધી દિશામાં ઊડવાનું ઝંખતું હતું !

એડનથી મુંબઈની ઉતરતી ફ્લાગ તો ભાઈ ભારી લાગે છે! હજી તો બીજા ૧૬૫૦ માઈલની મજલ બાકી છે અને અત્યારથી ઊંઘ ઊડી જાય તે કેમ ચાલશે! 'ઉડ્ડતા પક્ષીનો ઉદ્ગાર' પત્ર નં. ૧૬૩ પણ બપોરે એડન ગામમાં જ લખીને ટપાલમાં નાખી દીધો હતો. હવે આગળનો ઊભરો બીજા ચાર દિવસ સુધી ક્યાં ઠાલવવો? હવે તો કેવળ મેઘદૂત જ સંદેશવાહક બની શકે તેમ હતો. બસ આ સ્થિતિ જ અકવિને પણ કવિ બનાવી મૂકે છે. પિંગળનું ભાન ભલે ન હોય પણ ઊર્મિઓ તો ઊછળે છે ને? બસ તો પછી ચીતરી નાખો કંઇ પણ કાચું પાકું. ઊર્મિઓને ગુંગળાવો નહિ, તેમને કંઈ પણ આવિષ્કાર આપો—પત્ર લખો, ડાયરી લખો કે કાવ્ય કરો! અને ખરેખર આ પ્રયોગથી આરતે આરતે મોડી મોડી પણ ઊંઘ તો આવી જ જાય છે. સૌ દર્દનું ઔસડ ઊંઘ!

૨૯ મીની રજની તો આમ ગઇ અને ૩૦મીનું પ્રભાત ગુર્દા ઊજળ્યું. 'દિવ્ય કરશે પ્રેમાળ'ની પ્રાર્થના પણ ફરી જાગીને હું ડેક ઉપર ખુલ્લી હવા ખાવા ગયો ત્યારે મશ્કરીમાં ધમાધમ ચાલતી હતી. વાત શી હતી? જાણ્યું ના નથી કે આજનો આખો દિવસ 'બાળદિન' તરીકે ઉજવવાનો હતો? કેટલાં બધાં રંગબેરંગી ભૂલકાંઓ ત્યાં ભેગાં થયાં હતાં. શીલા અને રોબર્ટ, આઇવીન અને એરિક, એની અને અનુપ, એમ સંખ્યાબંધ

સ્મિતભર્યાં વદન મનોહર પ્રેમાળ જોવા મળ્યાં. ભૂલકાંઓની નજર મારી ઉપર પડી એટલે પાછું 'અમે ગુજરાતના, દો જીનતાન'નું ધાંગાણું પણ મચ્યું. કેમ હવે વિષાદ દૂર થયો ને!

બાળકોની રમતગમતની હરીફાઈ શરૂ થઈ. એક ફૂટનો 'હાઈ' જંપ, લીંબુ અને ચમચાની રેસ, ઊંધા ચાલવાની રેસ, ગુલાંટબાજીની રેસ, ઘૂંટણિયાની રેસ, આંખે પાટા બાંધીને ચાલવાની રેસ, ફુગ્ગા ફુલાવવાની રેસ, એમ નવી નવી ગમ્મતવાળી હરીફાઈઓ જોવાની ખૂબ મજા આવી. કોઈ ટેણીઆઓ ગોઠીમડું ખાઈ જતા હતા તો કોઈ સમાધિ લગાવીને સ્થિર બેસી જ રહેતા હતા. તેમનાં માબાપ 'બક અપ જહોની' અને 'બક અપ એની' એમ કહીને તેમને જીતવાનું પ્રોત્સાહન આપતાં હતાં તેવામાં એક જહોની તો રેસ છોડીને મારી પાસે આવીને જીનતાન માગવા લાગ્યો!

બપોરે બાળકો માટે એક સ્પેશિયલ 'લંચિયન પાર્ટી' હતી જેમાં સરસ સરસ વાનગીઓ ઉપરાંત સીસોટીઓ, પીપુડાં, ફુગ્ગા, ચકરડીઓ જેવાં નાનાં નાનાં રમકડાંઓ પણ પીરસવામાં આવ્યાં હતાં. અહીં પણ માબાપોને પ્રોત્સાહન આપવું પડતું હતું કે 'ભાઈ, ખાઈ લે પછી પીપુડું વગાડજે!' સાંજે તેમની ફેન્સી ડ્રેસની હરીફાઈ હતી. એ દૃશ્ય ખરેખરું જોવા જેવું હતું. બેથી પાંચ વર્ષની ઉમરનાં ટેણીઆઓ ખૂબ અવનવા પોશાકો પહેરીને આવ્યાં હતાં. કોઈ ડૉક્ટર તો કોઈ નર્સ, કોઈ નર્તકી તો કોઈ સીને તારિકા, કોઈ રાજા તો કોઈ વિદૂષક, કોઈ દાદીમા તો કોઈ વડુરાણી, એમ બધાં જ બાળકો એવી તો મૌલિક સજાવટ કરીને આવ્યાં હતાં કે સ્ટીમરના કેપ્ટને બધાં જ બાળકોને 'પહેલું' ઇનામ આપ્યું—મીઠાઈનું એક એક મોટું પડીકું, પીપુડાં અને ફુગ્ગાઓના ઝુમખા!

આમ ૩૦મીનો દિવસ તો આનંદમાં નિર્ગમન થઈ ગયો. ૩૧મીના દિવસે પણ પ્રોગ્રામો મજેના હતા. તે દિવસે મોટાંઓની રમતગમતની હરીફાઈ હતી. પિન્ગપોન્ગ, રીંગ-ટેનિસ અને બ્રિજમાંથી પિન્ગપોન્ગનું ઇનામ ભાઈ પદ્મનાભન જીતી લાવ્યા. સાંજે શ્રી પુરુષોની ફેન્સી ડ્રેસની હરીફાઈ હતી તેનું પહેલું ઇનામ રાવળભાઈ જીતી લાવ્યા. અને કેમ ન જીતે? એમણે વેશભૂષા માટે મહેનત ઓછી કરી હતી! કોનો વેશ? હા, હા, સીધા સાદા ભિખારીનો વેશ. પણ એ વેશ કરવાનો સૌથી મુશ્કેલ હતો. સ્ટીમર ઉપર મેલાંઘેલાં અને ચીંથરેહાલ વસ્ત્રો લાવવાં ક્યાંથી? પણ ઇનામ જીતવા રાવળભાઈએ ભારે હિંમત કરી નાખી. પોતાનું એક ખમીસ અને એક પાયજામો તેમણે ફાડી નાખ્યા, કોલસા અને માટી ચોપડીને તે મેલાં કર્યાં, વાળ વેરવિખેર કરીને માટીથી તે મેલા કર્યા, વદન ઉપર ક્ષુધાતુર ભિક્ષુકના ભાવો રચ્યા, હાથપગે લકવો સર્જ્યો, જીભ ગળી બનાવી, શરીર પ્રસ્વેદબિંદુઓથી છવાઈ ગયેલું બનાવ્યું. આવા કરુણામૂર્તિ યોગીરાજ રાવળભાઈના ભિક્ષાપાત્રમાં સૌ કોઈને શિલિંગ બે શિલિંગ નાખવાનું મન સહેજે થઈ જાય તેવું હતું. ઇનામની તેમણે ભીક્ષા માગી નહોતી, તે તો સામે થઈને તેમને શોધતું આવ્યું!

બીજી બાજુ ખૂબ જ ધૃણાસ્પદ વેશ પેલા બીજાવાળીએ કર્યો હતો. માનશો? તે 'હીજડો' બન્યો હતો! ચપટ ચોળી અને છીછરી સાડી, બોખરો બકવાદ અને કર્કશ થાબોટા! આવો પોશાક પહેરીને ઉપરથી તે એલનબ્હેનને ડાન્સમાં બેંચવા લાગ્યો! એલનબ્હેન 'એક્સક્યુઝ મી' કહીને તેના પાશમાંથી છટક્યાં અને પેલા નાટકી છોકરાએ થાબોટા માર્યા!

આ ઉપરાંત બીજાં અનેક નરનારીઓ હરીફાઈમાં ઊતર્યાં હતાં. કોઈ આરબ તો કોઈ રેકોટ, કોઈ શેઠજી તો કોઈ રાજકુમારી, કોઈ ચર્ચિલ તો કોઈ હિટલર, એમ જાતજાતનાં પાત્રો રજૂ થયાં હતાં. પહેલાં અમે નક્કી કર્યું હતું કે મારે પણ આ હરીફાઈમાં ભાગ લેવો અને 'પૂજારી'નો વેશ સજવો. ધોતિયું તો મારી પાસે હતું જ (કે જે પહેરીને એક ઠંડીવાળી હવાના દિવસે હું બંગાળીબાબુની જેમ માન્ચેસ્ટર શહેરમાં પણ ઘૂમ્યો હતો! અને જેનાથી કુતૂહલ પામીને રસ્તે જનાર કેટલાક અંગ્રેજોએ મારા ફોટા પાડી લીધા હતા અને મારા 'ઑટોગ્રાફ્સ' પણ લખાવી લીધા હતા!). એક ભાઈ પાઘડી આપવા તૈયાર થયા હતા. એક ભાઈ આરતીની દીવી આપવા તૈયાર થયા હતા. પણ મારું મન માનતું નહોતું. પૂજારીની જેમ મંત્રોચ્ચાર તો હું સારી રીતે કરી શકું તેમ હતું, પરંતુ પૂજારીના જેવું ગોળમટોળ પેટ ક્યાંથી લાવવું, માથે ધારી અને શિખા ક્યાંથી લાવવાં, ગળામાં નાખવાની તુલસીની અને રુદ્રાક્ષની માળાઓ ક્યાંથી લાવવી, જનોઈ ક્યાંથી લાવવી,—આ બધા 'પ્રૅક્ટિકલ પ્રૉબ્લેમ્સ' આવીને ઊભા રહ્યા તેથી મારા વેશની વાત પડતી મૂકીને અમે બધાએ રાવળભાઈને ઈનામ જીતાડવાનું 'કૉન્સેન્ટ્રેટ' કરવાનું જ ડહાપણભર્યું માન્યું અને અંતે પુરવાર પણ થયું કે 'પૂજારી' કરતાં 'ભિખારી' જ ખરેખર તો ઈનામને લાયક હતો!

રાત્રે બધા પેસેન્જરોને 'ગાલા ડીનર' અને 'ગાલા ડાન્સ'નું આમંત્રણ મળ્યું હતું. 'ગાલા ડીનર' શરૂ થતાં પહેલાં દરેક નરનારીને ભાતભાતની વિદૂષક જેવી પૂંઠાની ટોપીઓ અને હેટ આપવામાં આવી હતી અને દરેકની બેઠક સામે પીપૂડાં, સીસોટીઓ, ફુગ્ગા, ચકરડીઓ, જેવી વસ્તુઓનાં પડીકાં મૂક્યાં હતાં. ડાઈનિંગ હૉલમાં ફુગ્ગાઓ લટકાવીને 'ફેસ્ટીવલ' જેવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું. સૌ કોઈએ બેઠક લીધા પછી પેલી ટોપીઓ પહેરીને સીસોટીઓ, પીપૂડાં વગેરે વગાડવા માંડ્યું અને ખૂબ રમૂજની હવા ફેલાઈ ગઈ. પછી ભોજનનું આકર્ષક રીતે છાપેલું "ગાલા મેનૂ" આવ્યું. તેમાં ખૂબ નવી નવી વાનગીઓ, મેવા મીઠાઈઓ અને ફરસાણો હતાં. જમ્યા બાદ એ જ ટોપીઓ પહેરીને બધાં ડાન્સ કરવા ડેક ઉપર ગયાં. મુંબઈ પહોંચ્યા પહેલાં આ છેલ્લો જ ડાન્સ હતો તેથી નાચનારાં સૌ કોઈએ પેટ ભરીને નાચી લીધું. અગાઉ હું પેલા છૂકછૂક ગાડીના ડાન્સ વિશે લખી ગયો છું તેમાં ભાઈ પદ્મનાભન પણ જોડાઈ ગયા હતા! અમારા જેવા જોનારાઓને આટલો બધો આનંદ થયો તો નાચનારાંઓને તો તેથી પણ વિશેષ આનંદ થયો જ હોવો જોઈએ!

૩૧મીનો દિવસ પણ આ પ્રમાણે આનંદમાં નિર્ગમન થઈ ગયો. બસ હવે વચમાં બે જ દિવસો બાકી અને ત્રીજા દિવસના મંગળ પ્રભાતે તો 'સ્મિત કરગે પ્રેમાળ!' દેખાશે બાળગોપાળનાં 'વદન મનોહર, જે મેં ખોયાં હતાં હાલ્યાર!' પુનર્મિલનની ઘડી નજીક આવતી જાય છે અને લોહીમાં ઉષ્મા વધે છે, રુધિરાભિસરણની ક્રિયા વેગવંતી બનતી જાય છે!

નવેમ્બરની પહેલી તારીખે સ્ટીમરના ઑફિશિયલ પ્રોગ્રામોમાં ઓટ આવી ગઈ હતી પરંતુ તે દિવસે એકાએક જ એક નવો પ્રોગ્રામ ઊભો થઈ ગયો—અંતરાબ્ધાતી સ્થાપીનતા વિશેની ચર્ચાઓ! સ્ટીમરના અખબાર 'પી. ઍન્ડ ઓ. વાયરલેસ ન્યૂઝ'માં તે દિવસે એક નાનકડા સમાચાર ચમક્યા: "૧૯૫૮નું સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક 'બે. જિવાગો'

નામની નવલકથાના લેખક પ્રખ્યાત સોવિયેટ કવિ અને નવલકથાકાર શ્રી. બોરીસ પાસ્તરનાકને આપવાનું જાહેર થયું છે. પરંતુ આ ઇનામ આપવાનો હેતુ રાજકીય છે એવો આક્ષેપ કરીને સોવિયેટ લેખક સંઘે પાસ્તરનાક ઉપર ઇનામ ન સ્વીકારવાનું દબાણ આણ્યું છે તેથી પાસ્તરનાકે ઇનામ સ્વીકારવાનો ઇન્કાર કર્યો છે." આ સમાચારે અમારી સ્ટીમર ઉપર પણ ચર્ચાનો વંટોળ ઊભો કર્યો.

સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક એક સોવિયેટ લેખકને પહેલી જ વાર પ્રાપ્ત થવાનો અવસર આખરે જ્યારે આવ્યો ત્યારે વળી સોવિયેટ લેખક સંઘને આ શું સૂઝ્યું! સંઘ આખો પાગલ તો નથી થઈ ગયો શું? રશિયાના સામ્યવાદી પ્રયોગ અને અદ્‌ભુત સિદ્ધિઓ પ્રત્યે ખૂબ જ સહાનુભૂતિપૂર્વક અને પ્રશંસાપૂર્વક જોનારાઓ પણ આ સમાચારથી મૂંઝવણમાં મુકાઇ ગયા—ખાસ તો એ કારણે કે આ ઘટના ક્રુશ્ચેવના રાજઅમલમાં બની હતી. ક્રુશ્ચેવે સ્તાલિનના જમાનામાં પ્રવર્તતી અંધ વ્યક્તિપૂજા, વિરોધીઓની ખૂની સાફસૂફી, અલ્ટ્રા-લેફ્ટીસ્ટ ક્રાન્તિનું ઘાતકી ઝનૂન વગેરે દૂષણોની કડક ટીકા કરી હતી અને પોતાનું તંત્ર હળવું અને ઉદાર બનાવ્યું હતું આમ છતાં પાસ્તરનાકની બાબતમાં આટલી બધી અસહિષ્ણુતા બતાવવાનું કારણ શું હશે? સૌ કોઈ વિચારમાં પડી ગયા અને સામ્યવાદના વિરોધીઓ તો ખૂબ ખુશ પણ થઇ ગયા — "જોયું ને! અમે તો કહેતા જ હતા! સામ્યવાદી દીપડો એનાં ચાઠાં કદાપિ બદલે ખરો કે!"

બન્ને પક્ષની દલીલોમાં તથ્ય તો દેખાતું જ હતું તેથી કશો પણ નિર્ણય કરવાનું ખૂબ મુશ્કેલ હતું. નોબેલ પારિતોષિક પાછળ ઘણીયે વાર રાજકીય દૃષ્ટિ હોય છે જ તે વાતનો ઇન્કાર પણ થઇ શકે તેમ નથી જ. શાંતિ માટેના ઇનામને માટે ગાંધીજી કરતાં ટ્રુમાન વધારે લાયક ઠરેલા તે આપણે ક્યાં નથી જાણતા! છતાં આપણા ટાગોર અને રામનની કદર આ પારિતોષિક માટે થઇ હતી તે પણ ભૂલવા જેવું નથી જ. ઇલ્યા એહરનબર્ગનાં લખાણો વાંચતી વખતે મારા મનમાં પણ પ્રશ્ન ઊઠતો હતો જ કે "શ્રી નોબેલ પ્રાઇઝ કમિટીને સોવિયેટ જગતમાં એવો એક પણ સમર્થ સાહિત્યકાર દેખાતો નથી કે જેને તેઓ નોબેલ પ્રાઇઝને લાયક ગણી શકે?" અને આખરે જ્યારે એક સોવિયેટ લેખક આ ઇનામને લાયક ઠર્યો ત્યારે તેના પોતાના જ દેશબંધુઓ ખુશ થવાને બદલે તેને ભાંડવા કેમ બેસી ગયા? સાહિત્યના ગુણદોષનું મૂલ્યાંકન રાજકીય દૃષ્ટિએ જ કરવું શું ઉચિત છે? સોવિયેટ સાહિત્યકારોને તેમના અંતરાત્માની સ્વાધીનતા વહાલી નથી શું?

એક બાજુ સવાલ એ હતો કે "કોઈપણ સ્વાધીન દેશમાં અંતરાત્માને વફાદાર માનવી જે રીતે વિચારે, લખે અને પ્રકટ કરે એવા તેના જન્મસિદ્ધ હકને મોઢે સમૂહકલ્યાણને નામે ડૂચો મારવાનું યોગ્ય ગણાય કે નહિ!" બીજી બાજુ સવાલ એ હતો કે "વાણીસ્વાતંત્ર્યને નામે કોઇ પણ લેખકને પોતાના દેશની ક્રાન્તિ અને નક્કર સિદ્ધિઓની હાંસી અને બદનામી કરવાનો પણ હક્ક ખરો કે નહિ!" કાશ્મીરનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનું સ્વપ્નું સેવનારા એક વખતના દેશભક્ત શેખ અબ્દુલ્લા ભારતની ક્રાન્તિને ઉતારી પાડે તેવું પુસ્તક લખે તો તે ભારતનો કોઈ પ્રકાશક પ્રકટ કરે ખરો કે? દ્રવિડ મુનેત્ર કળગમના નેતા અન્નાદુરાયને લોકસભામાં અને બહાર સુદ્ધાં તેમના પ્રિય સ્વપ્ન દ્રવિડીસ્તાનનો પ્રચાર કરવાનો હક્ક ખરો કે નહિ? બીજી બાજુ ભારત સરકારને શેખ અબ્દુલ્લા અને અન્નાદુરાયને વધારે 'બિરયાની' કરતાં અટકાવવા નજરકેદ કરવાનો કે તેથી પણ વધારે સજા કરવાનો હક્ક ખરો કે નહિ?

વિચારસ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્ય એ શું દરેક સંજોગમાં માનવીનો અબાધિત હક્ક હોવો જ જોઈએ ?

એક પક્ષનું કહેવું એમ હતું કે સ્વાતંત્ર્ય ઉપર કશું જ નિયંત્રણ ન હોવું જોઈએ. દરેક વ્યક્તિને તેને મન ફાવે તેમ બોલવાનું, લખવાનું, વર્તવાનું અબાધિત સ્વાતંત્ર્ય હોવું જ જોઈએ. તેમ કરતાં તે ભૂલ કરશે કે કશાને હાનિ પહોંચાડશે તો તે સ્વાનુભવથી જ શીખશે અને પછી પોતાની સ્વેચ્છાથી જ એવા હાનિકારક સ્વાતંત્ર્ય ઉપર જાતે જ કાપ મૂકશે. જુગારી, શરાબી, ચારિત્ર્યહીન માનવી પણ ખુવાર થયા પછી તો સમજશે જ કે તેનો માર્ગ ખોટો હતો અને તેનું સ્વાતંત્ર્ય મિથ્યા હતું. મતલબ કે આવા માણસોના સ્વાતંત્ર્ય ઉપર પણ કશા જ અંકુશો—પ્રોહિબિશન—ન હોવાં જોઈએ ! કલાકારોને અને લેખકોને પણ તેમને જેમ ચીતરવું હોય, જેમ લખવું હોય તેમ કરવા દેવું જોઈએ—પછી ભલે તેમની કલા કે સાહિત્યમાં છીછરાપણું, નગ્નતા, બીભત્સતા, ક્રૂરતા, હિંસાની હાકલ અને જૂઠાણું સુદ્ધાં હોય ! એ કલામાં દૈવત હશે તો લોકોને તે સ્વીકાર્ય લાગશે અને દૈવત નહિ હોય તો જનતા તેને પડતું મૂકશે. સૌ કોઈનું લેખનસ્વાતંત્ર્ય જળવાઈ રહ્યું હશે તો ગંદું, ઉશ્કેરણી-જનક અને અસત્ય લખનારને જવાબ આપનારા પણ ઘણા હશે જ અને તેમના જવાબો પણ જનતાને જોવા મળશે જ !

બીજા પક્ષનું કહેવું એમ હતું કે માનવસમાજના સફળ અને સુદૃઢ સંચાલન માટે અમુક અમુક નિયંત્રણો તો અનિવાર્ય જ છે—ફક્ત તે નિયંત્રણો, ફિન્નાખોરીભરેલાં ન હોવાં જોઈએ. માનવસ્વભાવ હજી અહંતારહિત, નિસ્વાર્થી મલિન વિચારોથી મુક્ત અને ઉદારતાપૂર્ણ બની શક્યો નથી એ ઇન્કાર ન કરી શકાય તેવું ઐતિહાસિક કટુ સત્ય છે; તેથી માનવસ્વભાવની આ ત્રુટિયુક્ત અવસ્થાને અનુરૂપ જ સમાજવ્યવસ્થા હોવી ઘટે છે, નહિ તો પૂર્ણસ્વાતંત્ર્યનો ગેરલાભ સમાજવિરોધી તત્ત્વો જ ઉઠાવ્યા કરશે. ટિકિટ, પાસપોર્ટ, વીસા, સર્ટિફિકેટ, લાયસન્સ, પરમિટ, જકાત, ફોરીન એક્સ્ચેન્જ, વગેરે નિયંત્રણો ન હોય, તો અપ્રામાણિકતાનું જ પૂરેપૂરું સામ્રાજ્ય વ્યાપી જાય. તેવી જ રીતે ફિલ્મની સેન્સરબોર્ડ, ચોપાનિયાંનું તંત્રીમંડળ, દેશદ્રોહી અને બીભત્સ લખાણ વિરુદ્ધના કાયદાઓ જેવું કંઈ ન હોય તો માનવીની અપકૃત અને હલકી વૃત્તિઓને પોષે તેવી ફિલ્મો અને પતનકારી વિચારો ફેલાવે તેવા સાહિત્યનો રાફડો ફાટયા વગર ન જ રહે. અંતરાત્માની સ્વાધીનતાને નામે સમાજને કચરો પીરસવાની છૂટ ન જ આપી શકાય. વ્યક્તિસ્વાતંત્ર્યને નામે કોઈને પણ સમાજવ્યવસ્થાની કિંમતી ઇમારતમાં સુરંગ ચાંપવાનું સ્વાતંત્ર્ય તો ન જ આપી શકાય. આગ લાગ્યા પછી બુઝાવવા બેસવું તેના કરતાં આગ લાગતી અટકાવવી તે જ વધારે ડહાપણભર્યું છે. વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને સમાજવ્યવસ્થાનો સુમેળ થઈ શકે તો તો ઘણી સારી વાત છે પરંતુ તે બે વચ્ચે મેળ ન ખાતો હોય ત્યાં 'પ્રાયોરિટી' તો સમાજવ્યવસ્થા અને સમૂહકલ્યાણને જ અપાવી જોઈએ. સમાજને હાનિ પહોંચાડે તેવા વ્યક્તિસ્વાતંત્ર્યનું નિયંત્રણ તો થવું જ જોઈએ.

સમાજવ્યવસ્થાને ખાતર વ્યક્તિના સ્વાતંત્ર્ય ઉપર અમુક નિયંત્રણો અનિવાર્ય છે એવી દલીલ સ્વીકાર્યા પછી પણ પ્રશ્ન તો ઊભો જ રહે છે કે કયું નિયંત્રણ સમાજના હિતમાં છે અને કયું સમાજને હાનિકર્તા છે તેનો નિર્ણય કોણ કરે ? માનવીના આચારવિચાર,

આહારવિહાર, રહેણીકરણી, તેણે સર્જેલી કોઈપણ સાહિત્યકૃતિ, સંગીતકૃતિ, કલાકૃતિ અથવા ફિલ્મ, નાટક, ભવાઈ કે નાચ એ બધાંનો મૂલ્યાંકનનો કોઈ સર્વમાન્ય માપદંડ છે ખરો કે? એક વ્યક્તિને ખૂબ ગમતી વસ્તુ બીજી વ્યક્તિને ખૂબ અણગમતી પણ હોય છે જ. તો પછી કોનો ગમોઅણગમો ચઢિયાતો ગણવો? આનો નિર્ણય કરવાનું કામ ખૂબ જ કપરું છે તેથી છેવટે તો સત્તાના સિંહાસન ઉપર બેસનારની રુચિઅરુચિ જ સૌ બાબતની જેમ આ બાબતમાં પણ નિર્ણાયક બની જાય છે. સત્તાધીશનો માપદંડ એ જ સીધી કે આડકતરી રીતે સર્વમાન્ય માપદંડ બની રહે છે—જીવનના દરેક ક્ષેત્રમાં અને કલાના ક્ષેત્રમાં તો ખાસ.

સત્તાધીશો સો ટકા સર્વમાન્ય હોય તો જ તેમનો માપદંડ પણ સો ટકા સર્વમાન્ય હોઈ શકે. પણ આ કદી પણ સંભવિત છે ખરું કે? નહીં જ. પરિણામે બહુમતીને માન્ય સત્તાધીશો લઘુમતીને પણ ન છૂટકે માન્ય રાખવા જ પડે છે—પછી ભલે તેનું નામ લોકશાહી કહેવાતું હોય. વ્યક્તિસ્વાતંત્ર્યના ચુસ્ત હિમાયતીઓને તો ખરી રીતે આવી લોકશાહી પણ "બહુમતીની જુલમશાહી"—"ટાયરની ઓફ ધી મેજોરિટી"—જેવી જ લાગે છે! લોકશાહી તંત્ર નીચે પણ અંતરાત્માની સ્વાધીનતા ક્યાં નથી રૂંધાતી! ગઈ ચૂંટણી વખતે શ્રી કૃષ્ણ મેનનની તરફેણમાં લખવાનું સ્વાતંત્ર્ય ભોગવવા જતાં ભાઈશ્રી 'સોપાન'ને કોન્ગ્રેસ તરફી જ કહેવાતા 'જન્મભૂમિ' પત્રનું તંત્રીપદ ક્યાં નહોતું છોડવું પડ્યું! અમેરિકામાં હાવર્ડ ફાસ્ટ જેવા સમર્થ લેખકનાં પુસ્તકોની હોળી પણ ક્યાં નહોતી થઈ? અને પોલ રોબસન જેવા મહાન સંગીતકારનું પાસપોર્ટ પણ વર્ષો સુધી અટકાવવામાં ક્યાં નહોતું આવ્યું! નિર્ભયપણે પોતાના વિચારો વ્યક્ત કરવાની સો ટકા સગવડ તો આ ભૂતળ ઉપર ક્યાંયે હોય તેમ લાગતું નથી.

બીજી બાજુ 'શ્રમજીવી વર્ગની સરમુખત્યારી'ના સિદ્ધાંત ઉપર રચાયેલા સોવિયેટ તંત્ર હેઠળ સો ટકા લોકશાહી કે નિર્ભેળ વ્યક્તિસ્વાતંત્ર્યનો દંભી દાવો પહેલેથી જ કરવામાં આવતો નથી. ત્યાંનું ચોકઠું વર્ગીય સરમુખત્યારીનું જ છે અને વિશાળ જનસમૂહનું જીવનધોરણ પૂરઝડપથી સુધારવાના ભગીરથ કાર્યની આડે આવતા સૌ કોઈ અંતરાયોને રૂંધાળવવાનું ત્યાં અનિવાર્ય મનાતું આવ્યું છે. પણ આમ કરવા જતાં સાચા અંતરાયોની ભેગા ભેગા પોતાના જ પંથના પણ જરાક આડા ફાટતા સહપ્રવાસીઓ પણ રૂંધાવા લાગ્યા. સ્તાલિને પોતાના જ સાથીઓનું આવું અસહ્ય અને નિર્દય રૂંધામણ કર્યું તેથી જનકલ્યાણને ક્ષેત્રે તેણે અદ્ભુત અને અપૂર્વ સિદ્ધિઓ મેળવી આપ્યા છતાં સામ્યવાદના નામને બટ્ટો તો લગાડ્યો જ.

સ્વતંત્ર અભિપ્રાયો ધરાવતા લેખકોના તો સૌથી બૂરા હાલ થયા. કેટકેટલા કલાકારોને આત્મહત્યા, દેશત્યાગ અને ભેદી અંતર્ધાનના ભોગ બનવું પડ્યું, સ્તાલિનનો બોલ જ આખરી બોલ મનાવા લાગ્યો. તેના ચોકઠામાં ગોઠવાઈ શકે તેની જ વાહવાહ બોલાવા લાગી. બીજા કેટલાક તો ચૂપકીદી પકડીને બેસી જ રહ્યા. પણ માનવીના સ્વભાવને કાયમને માટે ખીલડે બાંધી શકાતો નથી. માનવીની સ્વાધીનતા અને સર્જનશક્તિનું નિકંદન અશક્ય છે. જેલમાં પણ પુસ્તકો લખાય છે, બહાર આવે છે અને બીજા દેશોમાં છપાય છે એવું દેરદેર બનતું આવ્યું છે. પાસ્તરનાકની બાબતમાં પણ એમ જ બન્યું હતું અને તાજેતરમાં

'ધી ન્યુ ક્લાસ'ના લેખક મિલોવન જીલાસની બાબતમાં પણ એમ જ બન્યું છે—જે ઘટનાએ ટિટોના લલાટે પણ કાળી ટીલી લગાડી છે.

૧૯૫૬ માં ક્રુશ્ચેવે પોતે સ્તાલિન યુગની ચોંકાવનારી હકીકતો બહાર પાડી તેનાથી ઉત્સાહિત થઇને પાસ્તરનાકે 'ડૉ. ઝિવાગો' નામની પોતાની નવલકથાને 'નોવિ મીર' નામના માસિકના સંપાદકો સમક્ષ પ્રકાશન માટે રજૂ કરી. પણ 'નોવિ મીર' તેમજ અન્ય સોવિયેટ માસિકોએ અને પ્રકાશકોએ 'ડૉ. ઝિવાગો' છાપવાનો ઇન્કાર કર્યો. સોવિયેટ વિવેચકોએ અભિપ્રાય આપ્યો કે "ડૉ. ઝિવાગો' એ એક દુષ્ટ, સડેલ મનના ક્રાન્તિના દુશ્મનની જીવનકથા છે. ઝિવાગોનું પાત્ર અહંતાપૂર્ણ વ્યક્તિવાદનું પ્રતીક છે. તે પોતાને જ કેન્દ્રમાં રાખીને ક્રાન્તિના બનાવોના સારાનરસાપણાનો નિર્ણય કરે છે. આવા પાત્રને આધ્યાત્મિક આંતરવેદનાથી દ્રવતા પાત્ર તરીકે ન ગણી શકાય. એમાં તો ક્રાન્તિની બદનામી છે." આ પ્રમાણે આ કૃતિના ગુણદોષનું મૂલ્યાંકન સાહિત્યની દૃષ્ટિએ ન થતાં કેવળ રાજકીય દ્રષ્ટિએ જ થયું.

પણ છેવટે ઇટલીના એક સામ્યવાદી પ્રકાશકે જ 'ડૉ. ઝિવાગો' પ્રકટ કરી અને અનેક ભાષાઓમાં તેનાં ભાષાંતરો પણ થયાં. નોબેલ પ્રાઇઝ કમિટીએ ૧૯૫૮ નું સાહિત્ય માટેનું પારિતોષિક પાસ્તરનાકને આપવાનું જાહેર કર્યું—જો કે ઉપરથી આ પારિતોષિક તેનાં ઊર્મિકાવ્યો માટે હતું પરંતુ સાચી રીતે તો તે તેની આ છેલ્લી નવલકથા માટે જ હતું! પારિતોષિક આપવા પાછળ પશ્ચિમી સત્તાઓની મેલી રાજકીય દૃષ્ટિ ચોક્કસ હતી જ પરંતુ સોવિયેટ લેખક સંઘે તેને આ ઇનામ ન સ્વીકારવાનો આદેશ આપીને તો ઊલટું ક્રુશ્ચેવની સહિષ્ણુતાની અને શાંતિમય સહઅસ્તિત્વની નીતિને લાંછન લગાડયું. પાસ્તરનાકને ઇનામ સ્વીકારવા દીધું હોત તો કશું ખાટું મોળું થઈ જવાનું નહોતું. પાસ્તરનાકના પુસ્તકની સોવિયેટ જનતા ઉપર પડનારી સંભવિત હાનિકારક અસરને નાબૂદ કરી શકે તેવાં જવાબી પુસ્તકો લખી શકે તેવા સમર્થ લેખકો સોવિયેટ સમાજમાં હરગીઝ છે જ.

સ્ટીમર ઉપર જામેલી પાસ્તરનાક વિશેની આ ચર્ચામાં એક લેખક તરીકે સ્વાભાવિક રીતે જ મારી સહાનુભૂતિ પાસ્તરનાક તરફ જ વિશેષ હતી—લેખકના વિચારસ્વાતંત્ર્યના હક્કની દૃષ્ટિએ અને નહિ કે તેને પ્રદર્શિત કરેલા વિચારોની સત્યાસત્યની દૃષ્ટિએ. મને પોતાને પણ મારા વિચારોને કોઇ પણ ગૂંગળાવે તે મુદ્દલે પસંદ નથી. મને પૂછ્યાગાછ્યા વગર મારા લખાણમાં કોઈ કાપકૂપ કરે કે તેને ફેરવી નાખે તે મને પણ ગમતું નથી જ. 'વિલાયતની વાતો' આટલી લહેજતથી અને મોકળા મને લખી શકયો છું તેનું પ્રેરક કારણ જો કોઇ હોય તો તે એક જ છે અને તે એ કે તમે મારા લખાણમાં કદી કાપકૂપ કરતા નથી કે વાક્યો બદલી નાખતા નથી. મારી જોડણીમાં ક્ષતિઓ હોય છે તેને તમે સુધારી લો છો તે તો હરગીઝ મને ગમે છે જ. પણ તમે જો મારા વિચારો અને શૈલીને સુદ્ધાં સુધારવા માંડી હોત તો આ વાતો ક્યારનીયે અટકી ગઇ હોત! આ લેખમાળામાં પ્યુરિટનોને ન રુચે તેવા પણ કેટલાક વિષયો આવ્યા છે જ, છતાં તમે તે બધું છાપીને "મને મારી રીતે લખવા દો"ની અભિલાષા સફળ થવા દીધી છે તેથી જ ચાવીસ નક્કર પ્રકરણો ભરેલી નાવ હવે કિનારે આવી પહોંચી છે. આનો જશ તમને જ ઘટે છે. તમે જો કાતર ચલાવી હોત તો આ નાવ મધદરિયે જ ડૂબી ગઈ હોત!

આ કોમ્પ્લીમેન્ટ્સ હું તમને વિવેક કે ખુશામતને ખાતર નથી આપતો પરંતુ મારા સાહિત્યજીવનના કેટલાક અનુભવોના પરિણામે આપું છું. જો કે આ અનુભવોનું વિસ્તૃત વર્ણન આ લેખમાળામાં કરવું ઉચિત નથી જ છતાં પાસ્તરનાકના સંદર્ભમાં તેનો ઊડતો ઉલ્લેખ અપ્રસ્તુત નહિ જ લેખાય.

વર્ષો પહેલાં એક માસિકમાં મેં "માનવીમાં પશુતત્ત્વના અવશેષો" નામની એક લેખમાળા શરૂ કરેલી. તેનાં ચાર પ્રકરણો પ્રકટ થયા બાદ તે માસિકમાં લખવાનું જ બંધ કરી દેવાનો પ્રસંગ ઊભો થયો કારણ કે તેના તંત્રીશ્રીએ ચોથા પ્રકરણમાંથી એક આખો પેરેગ્રાફ જ ઉડાવી દીધો હતો—કપોળકલ્પિત દેવદેવતાઓના ભય વિશેનો! આ કારણે આ માસિક સાથેનો મારો વીસ વર્ષનો સંબંધ તૂટ્યો અને લેખમાળા ત્યાંથી જ અટકી પડી!

બીજો એક પ્રસંગ: ઈ. સ. ૧૯૩૬–૩૭ના અરસામાં મેં "વિધ્વંસક આશા" નામની એક વાર્તા 'પ્રસ્થાન'ના આદ્યતંત્રી શ્રી પાઠક સાહેબ ઉપર મોકલી હતી. શ્રી પાઠક સાહેબે તે વાર્તા પાછી મોકલતાં મને લખ્યું હતું કે "તમે લખો છો સારું પણ મારા માનવા પ્રમાણે તમારી વાર્તાની નાયિકા જેવી શિક્ષિત કન્યા એક ગાઢ પ્રેમીને તરછોડીને બીજા સાથે પ્રેમમાં પડી જઈ તેને પરણી જાય તે જીવનમાં સંભવિત લાગતું નથી તેથી હું આ વાર્તા 'પ્રસ્થાન' માટે સ્વીકારી શકું તેમ નથી. છતાં લખવાનું તો ચાલુ જ રાખજો કારણ કે તમારી શૈલી મજેની છે." મેં નિરાશ ન થતાં પાઠક સાહેબને લખી જણાવ્યું કે "આ આખી વાર્તા મારા મિત્રોના જીવનની સાચી ઘટના ઉપરથી જ લખી છે તેથી સંભવિતતાનો તો સવાલ જ ઊભો થતો નથી." અને સાથે સાથે મેં વાર્તાનાં પાત્રોનાં સાચાં નામ પણ પાઠક સાહેબ ઉપર મોકલી આપ્યાં. પાઠક સાહેબે વાર્તા પાછી મંગાવી. પરંતુ તે દરમ્યાન તો મેં તે વાર્તા શ્રી. 'સોપાન' ઉપર મોકલી આપી હતી અને તે 'ઊર્મિ'માં પ્રકટ પણ થઈ ગઈ હતી! પરન્તુ આટલા એક જ અનુભવને લીધે હું વર્ષો સુધી 'પ્રસ્થાન'માં લખતો બંધ થઈ ગયો હતો! મારામાં પણ અંતરાત્માની સ્વાધીનતાનું સ્વાભિમાન ખરું તો ખરું જ!

ત્રીજો એક પ્રસંગ તો હજી હું ભૂલી શકતો નથી. ૧૯૫૨માં મને "અણુશક્તિ અને વિશ્વશાંતિ" નામનું એક પુસ્તક તૈયાર કરવાની સૂચના આપણા એક અગ્રગણ્ય સાહિત્યકાર તરફથી મળી. તે અનુસાર મેં સાત પ્રકરણનું એક નાનકડું પુસ્તક બે જ માસમાં તૈયાર કરીને તેમને આપ્યું. તે પુસ્તકનો કેન્દ્રધ્વનિ હતો અણુશક્તિ અને સમાજવાદના સુમેળની હાકલ. પુસ્તકમાં રજૂ કરેલા વિચારો અને હકીકતો તો તેમને મંજૂર હતાં જ પરંતુ તે રજૂ કરવાની મારી પદ્ધતિ તેમની ઇચ્છા મુજબની નહોતી. મારું લખાણ તેમના મનપસંદ ચોકઠામાં બંધબેસતું આવતું નહોતું તેથી તેમણે મને મારા લખાણમાં ધરમૂળથી ફેરફારો કરવાનું સૂચવ્યું. પણ ભલા હું તેમની રીતે કેવી રીતે લખી શકું? હું તો મારી જ રીતે લખી શકું! એટલે એ આખું લખાણ અપ્રકટ જ રહ્યું છે! છેલ્લાં દસ વર્ષમાં આ ક્ષેત્રે થયેલી વિરાટ પ્રગતિ લક્ષમાં લેતાં મારું ૧૯૫૨નું એ લખાણ હવે તો ખૂબ 'આઉટ ઑફ ડેટ' પણ થઈ ગયું હોવું જોઈએ! તેને ખોલીને પાછું જોવાની પણ હવે તો હિંમત જ નથી ચાલતી!

આવા અનુભવોને લીધે જ હું પણ લેખકના અંતરાત્માની સ્વાધીનતા તેમજ વિચારો, ભાષા અને રજૂઆતની શૈલીના સ્વાતંત્ર્યમાં મક્કમ રીતે માનતો થઇ ગયો છું એટલું જ નહિ પણ મારા જેવા અનેક દુભાગેલા લેખકોના "માનવીય ગૌરવની પુનઃપ્રતિષ્ઠા" પણ ઝંખુ છું!

તા ૧લી નવેમ્બરનો દિવસ તો આ પ્રમાણે અંતરાત્માની સ્વાધીનતા વિશેની ચર્ચાઓમાં જ જોતજોતામાં પૂરો થઈ ગયો અને છેવટે મારા વિલાયતના પ્રવાસનો છેલ્લો દિવસ—તા ૨૭ નવેમ્બર—પણ ઊગી ચૂક્યો ચોવીસ કલાક બાદ તો ઘેર પહોંચવાનું હતું! મનમાં ખૂબ ઉમંગ હતો વળી દેશી તિથિ મુજબ આસો વદ છઠના દિવસે ફરી પાછી મારી વરસગાંઠ હતી આ આખો દિવસ સ્ટીમર ઉપર થયેલા સૌ કોઈ મિત્રોને છેલ્લા છેલ્લા મળી લેવામાં જ પસાર થઈ ગયો સામાન પેક કરી દીધો, કસ્ટમ ડેક્લેરેશનનું ફૉર્મ ભરી દીધું, ફૅન્સી ડ્રેસ અને ગાલા ડીનરના ફોટાઓની નકલો મેળવી, મિત્રોના હસ્તાક્ષરો અને સરનામાં લઈ લીધા, સ્ટીમરના સલૂનમાં વાળ કપાવ્યા, 'હોલ્ડ' નામના સ્ટીમરના વિરાટ પેટાળમાં મારી જગી કેબિનટ્રંક સલામત છે કે નહિ તે જોઈ લીધું અને હેટ, ઓવરકોટ અને બીજા પાંચ દાગીનાની પણ ચોકસાઈ કરી લીધી

રાત્રે ડેક ઉપર 'ટ્રેઝર હન્ટ'નો પ્રોગ્રામ હતો પરંતુ તેમાં મુંબઈ ઊતરનારાં પેસેન્જરોને રસ નહોતો સૌ કોઇ પોતપોતાનો સામાન આટોપવામાં ગુંથાઈ ગયા હતાં રાત્રે જમીને હું વહેલો સૂઈ તો ગયો પણ હવે ઊંઘ જ ક્યાંથી આવે! વહેલી સવારે તો સ્ટીમર મુંબઈના બારામાં પ્રવેશવાની હતી! સાડા ૭ મહિનાના વિરહ બાદ સ્વજનોનો પુનર્મિલાપ થવાનો હતો! તેમની સાથે કેટકેટલી વાતો કરવાની હતી, કેટકેટલી નવીનતાઓ બતાવવાની હતી! એક અઠવાડિયા પછી તેમની સાથે દીવાળી ઉજવવાની હતી! ચિત્ત પ્રસન્નતાથી અને ચક્ષુ હર્ષાશ્રુથી ભરાઈ ગયા હતાં પછી તેમાં નિદ્રાને ક્યાંથી સ્થાન મળે! છતાં એક બે કલાક થોડાંક ઝોકાં ખાઇ લીધાં

સાઉથમ્પ્ટનથી જિબ્રાલ્ટર વચ્ચેના ૧૩૦૦ માઈલ આટલાન્ટિક મહાસાગરમાં, જિબ્રાલ્ટરથી પોર્ટ સૈયદ વચ્ચેના ૨૦૦૦ માઈલ ભૂમધ્ય સમુદ્રમાં, પોર્ટ સૈયદથી એડન સુધીના ૨૩૦૦ માઈલ રાતા સમુદ્રમાં અને એડનથી મુંબઇ સુધીના ૧૬૫૦ માઈલ હિંદી મહાસાગરમાં—એ પ્રમાણે ચાર સમુદ્રોની અંદર કુલ ૭૨૫૦ માઈલની સફર કરીને તા ૧૭ મી ઑક્ટોબરે સાઉથમ્પ્ટનથી ઊપડેલી અમારી નૌકા 'કાર્થેજ' તા ૨૭ નવેમ્બરની વહેલી સવારે ત્રણ વાગે મુંબઈના પાણીમાં પેસી ચૂકી. બેલાર્ડ પીઅર ઉપરની બત્તીઓને ટમટમતી જોઇને દિલની ધડકન વધવા લાગી પરંતુ સ્ટીમરને બંદર ઉપર તો સવારે સાડાપાંચ વાગે લાવવામાં આવી હજી નીચે ઊતરવાનું તો સાત વાગ્યે મળવાનું હતું અમે વહેલા વહેલા પોશાક સજીને તૈયાર થઈ ગયા અને સ્ટીમર ઉપર છેલ્લો નાસ્તો પણ કરી લીધો

સ્ટીમરના ડેક ઉપરથી બંદર ઉપર રાહ જોતાં પોતાનાં સ્વજનો અને સ્નેહીઓને નિહાળવા સૌ કોઇ આતુર થઈ ગયાં હતાં બીજાનાં સ્વજનો ઉપર તો હવે નજર પણ પડતી નથી. સૌ કોઈ ટોળામાંથી પળવારમાં પોતાનાં જ સ્વજનોને શોધી કાઢે છે હું નજર

ફેરવતો હતો ત્યાં સામેથી એક સામટો સૂર સંભળાય છે: "પપ્પા! પપ્પા! પપ્પા!" હા, એ અવાજ ચિ. કિરણ, પ્રજ્ઞા અને મુકુરનો જ હતો. બાજુમાં શ્રીમતીજી પણ હાજર હતાં જ. ખોવાયેલી નજરો મળે છે. સૌ કોઈ હાથ ઊંચા કરીને સસ્મિત આવકાર આપે છે.

પણ જરા આ બાજુ તો જુઓ! બીજાં કેટલાં બધાં સ્નેહીઓ ઉભેલાં છે? સાળાઓ, સાળીઓ અને સાળાવેલીઓના ટોળામાં સ્વ૦ પૃથ્વીશ પણ હતો. હા, આ જ સ્થળ, આ જ સ્થળ કે જ્યાં તે મને તેડવા આવ્યો હતો. તે જ સ્થળે હું તેને એક જ વર્ષ બાદ વિદાય કરવા આવ્યો હતો અને તે જ અમારું છેલ્લું મિલન હતું! અહીંથી તે લંડન જવા ઊપડ્યો હતો અને પછી લંડનમાં તેનું અકાળ અવસાન કેવી કરુણ રીતે થયું હતું તેનું વિગતવાર વર્ણન મેં પત્ર નં. ૧૬ માં આપ્યું હતું તે તમને યાદ હશે જ. વહાલાંઓનું મિલનસ્થાન પણ આ અને કાયમની વિદાયનું સ્થાન પણ આ જ! અરેરે, કેવી કારમી યાદ!

જોતજોતાંમાં તો શ્રીમતીજી અને ચિ. પ્રજ્ઞા ડેક ઉપર આવી પહોંચ્યાં. સ્ટીમર ઉપર આવવાના બે જ પાસ મળ્યા હતા છતાં ચિ. કિરણ અને મુકુર પણ કંઈક કરામત કરીને ઉપર ધૂસી આવ્યા. સ્ટીમરના તૂતક ઉપર જ વહાલાંઓનું પુનર્મિલન થઈ ગયું! સૌ કોઈ મને વળગી પડ્યાં અને અમે એ અપૂર્વ અને આગવી 'હાશ!' અનુભવી.

મારા નિકટના મિત્ર શ્રી કાન્તિભાઈ દવે પણ ડેક ઉપર આવી પહોંચ્યા. આ બધાને મેં આખી સ્ટીમર બતાવી, મારી કેબિન બતાવ્યું અને સ્ટીમર ઉપર જીનતાન ખાઈ ખાઈને લાલબુંદ બનેલાં બૂલકાંઓ પણ બતાવ્યાં. ખીસામાં વધેલાં પૌંડ અને શિલિંગ વટાવીને તેના રૂપીઆ મેળવી લીધા અને અમે બધાં સ્ટીમર ઉપરથી નીચે બેલાર્ડ પીઅર ઉપર ઊતર્યાં.

બંદર ઉપર રાહ જોતાં ઊભેલાં બીજાં સ્નેહીઓ–પૃથ્વીશ અને પ્રેરણા, મહેન્દ્ર અને મંદાકિની, જગદીશ અને નિરંજના, મયૂરી અને મૃણાલ, ભાનુબ્હેન અને વિપુલ, રમા અને શિરીષ–એ બધાંને નજીકથી મળવાનું તો હજી મુશ્કેલ જ હતું. હજી તો કસ્ટમમાંથી સામાન છોડાવવાનો લાંબોચોડો વિધિ બાકી હતો. કહેવું પડશે કે આ વિધિ સ્વજન-મિલાપના નૈસર્ગિક ઉમંગને કઠોર રીતે રૂંધી નાખે છે. હારતોરા, હસ્તધૂનન, ચુંબન કે આલિંગન લઈને સત્કાર કરવા આવેલાં સ્નેહીઓ કસ્ટમના પિંજરાની બહાર રાહ જોઈ જોઈને થાકી જાય છે અને તેમનો ઉત્સાહ પણ મુંઝામણ અનુભવે છે! કેટલાક પ્રવાસીઓનો છૂટકારો તો આઠ દસ કલાક બાદ પણ થાય છે! સદ્‌ભાગ્યે મારો છૂટકારો જલદીથી થયો. આપણી પાસે સંતાડીને લાવવા જેવું હતું પણ શું?

અનુપને તેડવા તેનાં દેશી દાદીમા આવ્યાં હતાં. તેમણે એલનબ્હેન તથા અનુપનો કુમકુમ ચાંદલા, શ્રીફળ અને પુષ્પોથી સત્કાર કર્યો. એ પણ કેવું અનુપમ દૃશ્ય હતું! એક ભારતીય સાસુ પોતાની અંગ્રેજ પુત્રવધૂ અને અર્ધઅંગ્રેજ પૌત્રીને કેવા વહાલથી આવકારે છે! તે બધાંની વચમાંથી અનુપને બે મિનિટ ઉપાડી લાવીને મેં મારી આ લાડકી સહપ્રવાસિનીનું ઓળખાણ મારાં સ્વજનો સાથે કરાવ્યું–જો કે સ્ટીમર પરથી લખેલા મારા પત્રો દ્વારા તેઓ તેને ઓળખતાં તો હતાં જ પણ નજરે જોવા તો હમણાં જ મળ્યાં. રાજકોટને તેડવા તેમનાં સ્નેહીઓ પણ આવ્યાં હતાં, પરંતુ આ સમયે તો સૌ સૌનું

આવા અનુભવોને લીધે જ હું પણ લેખકના અંતરાત્માની સ્વાધીનતા તેમજ વિચારો, ભાષા અને રજુઆતની શૈલીના સ્વાતંત્ર્યમાં મક્કમ રીતે માનતો થઇ ગયો છું એટલું જ નહિ પણ મારા જેવા અનેક દુભાયેલા લેખકોના "માનવીય ગૌરવની પુનઃપ્રતિષ્ઠા" પણ ઝંખુ છુ!

તા ૧લી નવેમ્બરનો દિવસ તો આ પ્રમાણે અંતરાત્માની સ્વાધીનતા વિશેની ચર્ચાઓમાં જ જોતજોતામાં પૂરો થઈ ગયો અને છેવટે મારા વિલાયતના પ્રવાસનો છેલ્લો દિવસ—તા ૨૭ નવેમ્બર—પણ ઊગી ચૂક્યો ચોવીસ કલાક બાદ તો ઘેર પહોંચવાનું હતું! મનમાં ખૂબ ઉમંગ હતો વળી દેશી તિથિ મુજબ આસો વદ છઠના દિવસે ફરી પાછી મારી વરસગાંઠ હતી આ આખો દિવસ સ્ટીમર ઉપર થયેલા સૌ કોઈ મિત્રોને છેલ્લા છેલ્લા મળી લેવામાં જ પસાર થઈ ગયો સામાન પેક કરી દીધો, કસ્ટમ ડેકલેરેશનનું ફોર્મ ભરી દીધું, ફેન્સી ડ્રેસ અને ગાલા ડીનરના ફોટાઓની નકલો મેળવી, મિત્રોના હસ્તાક્ષરો અને સરનામાં લઈ લીધાં, સ્ટીમરના સલૂનમાં વાળ કપાવ્યા, 'હોલ્ડ' નામના સ્ટીમરના વિરાટ પેટાળમાં મારી જગી ટ્રંક સલામત છે કે નહિ તે જોઈ લીધું અને બેગ, ઓવરકોટ અને બીજા પાંચ દાગીનાની પણ ચોકસાઈ કરી લીધી

રાત્રે ડેક ઉપર 'ટ્રેઝર હન્ટ'નો પ્રોગ્રામ હતો પરંતુ તેમાં મુંબઈ ઊતરનારા પેસેન્જરોને રસ નહોતો સૌ કોઈ પોતપોતાનો સામાન આટોપવામાં ગુંથાઈ ગયા હતા રાત્રે જમીને હું વહેલો સૂઈ તો ગયો પણ હવે ઊંઘ જ ક્યાંથી આવે! વહેલી સવારે તો સ્ટીમર મુંબઈના બારામાં પ્રવેશવાની હતી! સાડા છ મહિનાના વિરહ બાદ સ્વજનોનો પુનર્મિલાપ થવાનો હતો! તેમની સાથે કેટકેટલી વાતો કરવાની હતી, કેટકેટલી નવીનતાઓ બતાવવાની હતી! એક અઠવાડિયા પછી તેમની સાથે દીવાળી ઉજવવાની હતી! ચિત્ત પ્રસન્નતાથી અને ચક્ષુ હર્ષાશ્રુથી ભરાઈ ગયા હતા પછી તેમાં નિદ્રાને ક્યાંથી સ્થાન મળે! છતાં એક બે ક્યાંક થોડાંક ઝોકાં ખાઈ લીધાં

સાઉધમ્પ્ટનથી જિબ્રાલ્ટર વચ્ચેના ૧૩૦૦ માઈલ આટલાન્ટિક મહાસાગરમાં, જિબ્રાલ્ટરથી પોર્ટ સૈયદ વચ્ચેના ૨૦૦૦ માઈલ ભૂમધ્ય સમુદ્રમાં, પોર્ટ સૈયદથી એડન સુધીના ૨૩૦૦ માઈલ રાતા સમુદ્રમાં અને એડનથી મુંબઈ સુધીના ૧૬૫૦ માઈલ હિંદી મહાસાગરમાં—એ પ્રમાણે ચાર સમુદ્રોની અંદર કુલ ૭૨૫૦ માઈલની સફર કરીને તા ૧૭ મી ઓક્ટોબરે સાઉધમ્પ્ટનથી ઊપડેલી અમારી નૌકા 'કોર્ફ્યુ' તા ૩ જી નવેમ્બરની વહેલી સવારે ત્રણ વાગ્યે મુંબઈના પાણીમાં પેસી ચૂકી. બેલાર્ડ પીઅર ઉપરની બત્તીઓને ટમટમતી જોઈને દિલની ધડકન વધવા લાગી પરંતુ સ્ટીમરને બંદર ઉપર તો સવારે સાડાપાંચ વાગ્યે લાવવામાં આવી હજી નીચે ઊતરવાનું તો સાત વાગ્યે મળવાનું હતું અમે વહેલા વહેલા પોશાક સજીને તૈયાર થઈ ગયા અને સ્ટીમર ઉપર છેલ્લો નાસ્તો પણ કરી લીધો

સ્ટીમરના ડેક ઉપરથી બંદર ઉપર રાહ જોતાં પોતાના સ્વજનો અને સ્નેહીઓને નિહાળવા સૌ કોઈ આતુર થઈ ગયાં હતાં બીજાનાં સ્વજનો ઉપર તો હવે નજર પણ પડતી નથી. સૌ કોઈ ટોળામાંથી પળવારમાં પોતાના જ સ્વજનોને શોધી કાઢે છે હું નજર

ફેરવતો હતો ત્યાં સામેથી એક સામટો સૂર સંભળાય છેઃ " પપ્પા ! પપ્પા ! પપ્પા ! " હા, એ અવાજ ચિ. કિરણ, પ્રજ્ઞા અને મુકુરનો જ હતો. બાજુમાં શ્રીમતીજી પણ હાજર હતાં જ. ખોવાયેલી નજરો મળે છે. સૌ કોઈ હાથ ઊંચા કરીને સસ્મિત આવકાર આપે છે.

પણ જરા આ બાજુ તો જુઓ ! બીજાં કેટલાં બધાં સ્નેહીઓ ઉભેલાં છે ? સાળાઓ, સાળીઓ અને સાળાવેલીઓના ટોળામાં સ્વ૰ પૃથ્વીશ પણ હતો. હા, આ જ સ્થળ, આ જ સ્થળ કે જ્યાં તે મને તેડવા આવ્યો હતો. તે જ સ્થળે હું તેને એક જ વર્ષ બાદ વિદાય કરવા આવ્યો હતો અને તે જ અમારું છેલ્લું મિલન હતું ! અહીંથી તે લંડન જવા ઊપડયો હતો અને પછી લંડનમાં તેનું અકાળ અવસાન કેવી કરુણ રીતે થયું હતું તેનું વિગતવાર વર્ણન મેં પત્ર નં. ૧૬ માં આપ્યું હતું તે તમને યાદ હશે જ. વહાલાંઓનું મિલનસ્થાન પણ આ અને કાયમની વિદાયનું સ્થાન પણ આ જ ! અરેરે, કેવી કારમી યાદ !

જોતજોતામાં તો શ્રીમતીજી અને ચિ. પ્રજ્ઞા ડેક ઉપર આવી પહોંચ્યાં. સ્ટીમર ઉપર આવવાના બે જ પાસ મળ્યા હતા છતાં ચિ. કિરણ અને મુકુર પણ કંઈક કરામત કરીને ઉપર ઘૂસી આવ્યા. સ્ટીમરના તૂતક ઉપર જ વહાલાંઓનું પુનર્મિલન થઈ ગયું ! સૌ કોઈ અને વળગી પડયાં અને અમે એ અપૂર્વ અને આગવી ' હાશ !' અનુભવી.

મારા નિકટના મિત્ર શ્રી કાન્તિભાઈ દવે પણ ડેક ઉપર આવી પહોંચ્યા. આ બધાંને મેં આખી સ્ટીમર બતાવી, મારી કેબિન બતાવ્યું અને સ્ટીમર ઉપર જીનતાન ખાઈ ખાઈને લાલચુંદ બનેલાં ભૂલકાંઓ પણ બતાવ્યાં. ખીસામાં વધેલાં પૌંડ અને શિલિંગ વટાવીને તેના રૂપીઆ મેળવી લીધા અને અમે બધાં સ્ટીમર ઉપરથી નીચે બેલાર્ડ પીઅર ઉપર ઊતર્યાં.

બંદર ઉપર રાહ જોતાં પેલાં બીજાં સ્નેહીઓ–પૃથ્વીશ અને પ્રેરણા, મહેન્દ્ર અને મંદાકિની, જગદીશ અને નિરંજના, મધુરી અને મૃણાલ, ભાનુબ્હેન અને વિપ્લવ, રમા અને શિરીષ–એ બધાંને નજીકથી મળવાનું તો હજી મુશ્કેલ જ હતું. હજી તો કસ્ટમમાંથી સામાન છોડાવવાનો લપિચોડો વિધિ બાકી હતો. કહેવું પડશે કે આ વિધિ સ્વજન–મિલાપના નૈસર્ગિક ઉમંગને કઠોર રીતે રૂંધી નાખે છે. હારતોરા, હસ્તધૂનન, ચુંબન કે આલિંગન લઈને સત્કાર કરવા આવેલાં સ્નેહીઓ કસ્ટમના પિંજરાની બહાર રાહ જોઈ જોઈને થાકી જાય છે અને તેમનો ઉત્સાહ પણ રૂંધામણ અનુભવે છે ! કેટલાક પ્રવાસી-ઓનો છુટકારો તો આઠ દસ કલાક બાદ પણ થાય છે ! સદ્ભાગ્યે મારો છુટકારો જલદીથી થયો. આપણી પાસે સંતાડીને લાવવા જેવું હતું પણ શું ?

અનુપને તેડવા તેનાં દેશી દાદીમા આવ્યાં હતાં. તેમણે એલનબ્હેન તથા અનુપનો કુમકુમ ચાંદલા, શ્રીફળ અને પુષ્પોથી સત્કાર કર્યો. એ પણ કેવું અનુપમ દશ્ય હતું ! એક ભારતીય સાસુ પોતાની અંગ્રેજ પુત્રવધૂ અને અર્ધઅંગ્રેજ પૌત્રીને કેવા વહાલથી આવકારે છે ! તે બધાંની વચમાંથી અનુપને બે મિનિટ ઉપાડી લાવીને મેં મારી આ લાડકી સહપ્રવાસિનીનું ઓળખાણ મારાં સ્વજનો સાથે કરાવ્યું–જો કે સ્ટીમર પરથી લખેલા મારા પત્રો દ્વારા તેઓ તેને ઓળખતા તો હતાં જ પણ નજરે જોવા તો હમણાં જ મળી. રાવજીભાઈને તેડવા તેમનાં સ્નેહીઓ પણ આવ્યાં હતાં, પરંતુ આ સમયે તો સૌ સૌનું

સભાળતા હતા તેથી તે બધાંને મળી શકાયું નહિ. શ્રી પદ્મનાભનનાં પત્નીશ્રી પણ હાજર હતાં જ. તેમણે મને પૂછ્યું: "કયું આ ગમે? મઝેમેં, તો હોને?" અને મેં જવાબ દીધો: "બહોત ખૂબ—હમ ઠીક હૈં!"

શ્રી. કાન્તિભાઈ દવેની મોટર આવી હતી તેમાં બેસીને અમે બધાં નવ વાગ્યે તો ઘેર પણ આવી પહોંચ્યાં. ઑફિસના સાથીઓ વતી શ્રી. નાદિરશાહ હુમસિયા અને શ્રી. ગિલરૉય મૂર્ઝેલો હારતોરા લઈને ઘેર જ આવ્યા હતા કારણ કે બંદર ઉપર કેટલી રાહ જોવી પડે છે તેનો તેમને પૂરેપૂરો ખ્યાલ હતો જ!–જો કે બંદર ઉપર પણ 'ઑફિશિયલી' અમારા પ્રવાસખાતાવાળા શ્રી. વિલ્સન અને ફોટોગ્રાફર શ્રી. ફરાન્દે તો આવ્યા જ હતા.

જોતજોતામાં તો હું અડોશપડોશના સંખ્યાબંધ સ્નેહીઓથી ઘેરાઈ ગયો. બધાંને જ બધી વાતો એકસામટી પૂછી નાખવાની ઇંતેજારી સ્વાભાવિક રીતે જ થતી હતી. પરંતુ હવે તમે જ કહો કે સાડા છ મહિનાના પ્રવાસની જે વાતો ચાલીસ મહિના સુધી 'પ્રસ્થાન'માં ચાલી તે બધી વાતો મળવા આવનારાઓને હું એક જ મુલાકાતમાં કેવી રીતે કહી શકું? છતાં પેલી ગીતાસાર જેવી રેકોર્ડ ખૂબ કામ લાગી! શ્રી નાદિરશાહ અને શ્રી. મૂર્ઝેલોએ તે પહેલવહેલી સાંભળી. પછી તો એક દિવસ અમારા ટેકનિકલ મેનેજર મિ. મીલ્બર્ને તેમને ઘેર એક પાર્ટીમાં મહેમાનોને સંભળાવવા પણ તે રેકોર્ડ મંગાવેલી. ત્યાં જનરલ મેનેજર મિ. વોર્ડે પણ તે સાંભળીને મને હાર્દિક અભિનંદન આપ્યાં હતાં.

છ મહિના બાદ જગતનું સર્વશ્રેષ્ઠ ગુજરાતી ભોજન અને તે પણ ઘરનું જમવા મળ્યું ત્યારે ખરેખરી તૃપ્તિ અનુભવી, લોહીમાં ખરેખરી તેજી અને ઉષ્મા આવ્યાં. વિલાયતમાં મનપસંદ, ભાવતું, તૃપ્તિકારક ખાવાનું દરરોજ મળતું નહોતું તે તો જાણે હકીકત જ છે. અઠવાડિયે પંદર દહાડે એકાદ વખત જ ઘરના ખોરાક જેવો સંતોષ થતો હતો —બાકીના દિવસોમાં તો મોઢામાં ઉપવાસી જેવી જ ફીક અને મોળ માર્યા કરતી હતી, જાણે દરરોજ એકાદશી જ ન હોય! પણ હવે તો તે બધું ગયું! હવે પાછાં દહીંવડાં અને ઢોકળાં, પાતરાં અને ખાખરા, પૂરણપોળી અને મોહનથાળ એ બધું મળવાનું જ હતું તે ખ્યાલથી ઘણો હર્ષ થતો હતો.

વિલાયતમાં એ વાતની તો પાકી ખાત્રી થઇ ગઇ હતી કે આપણા ગુજરાતી ખોરાકનો મુકાબલો કરી શકે તેવું સ્વાદિષ્ટ ભોજન જગતભરમાં બીજા કોઈનું જ નથી. ચાઈનીઝ ખોરાક કાંઈક હરીફાઈ કરી શકે ખરો. બાકી અંગ્રેજી ખોરાક તો સ્વાદની દૃષ્ટિએ છેલ્લા નંબરનો છે—ઍબ્સોલ્યુટલી ઈનસિપીડ! જો કે પૌષ્ટિકતા અને તંદુરસ્તીની દૃષ્ટિએ તો વિલાયતના ખોરાકમાં વાંધો લેવા જેવું કંઈ જ નથી, બલ્કે આ દૃષ્ટિએ તો તે આપણા ખોરાક કરતાં દરગીઝ ચડિયાતો જ છે. એ ફિક્કો ખોરાક ખાઈને તો છ મહિનામાં મારું બાર રતલ વજન વધ્યું હતું અને તંદુરસ્તી પણ પૂરેપૂરી જળવાઈ રહી હતી મુંબઈ આવીને પાછું એ બધું વધારાનું વજન અલોપ થઇ ગયું હતું! પણ આપણે વજનને શું કરવું છે—ખરી વસ્તુ તો છે સ્વાદની તૃપ્તિ અને મનનો સંતોષ!

મનની શાંતિ આખરે તો ઘરમાં જ છે–કેવળ ખોરાકની બાબતમાં જ નહિ પણ સ્નેહ વાત્સલ્ય વગેરે અનેક બાબતોમાં સુદ્ધાં–એ રહસ્યની પાકી પ્રતીતિ લાંબા પ્રવાસને અંતે

જેટલી સચોટતાથી થાય છે તેટલી બીજા કશાથી થઇ શકે તેમ નથી એમ મને તો લાગે છે. બાલ જગત અલબત્ત જોવા જેવું છે, જાણવા જેવું છે, એ વાત સાચી છતાં ઘર તે ઘર—પછી ભલે તે ગમે તેટલું સાદું હોય, અવિકસિત હોય, કે કંગાળ પણ હોય!

આવું માનતો હોવાથી જ્યારે હું આપણા કેટલાક વિલાયત જઈ આવેલા જુવાનોને પોતાના ઘરને અને પોતાના દેશને ઉતારી પાડતા જોઉં છું ત્યારે વિચારમાં પડી જાઉં છું. વિલાયતની માયા શું ખરેખર એવી વિચારી છે કે જે માનવીના પોતાનાં ઘર અને દેશ પ્રત્યેના પ્રેમ અને ભક્તિભાવનો પણ હ્રાસ કરી નાખે છે? વિલાયતની સંસ્કૃતિ શું ખરેખર એવી પોકળ અને છીછરી છે કે જેના છાંટા લાગવાથી માનવી મિથ્યાભિમાની અને મનનાં ફાંકાવાળો (સ્નોબિશ) બની જાય છે? આપણા કેટલાંક નરનારીઓ વિલાયત જઈ આવ્યા પછી વિલાયતની ઢબનું જ સર્વાંગી જીવન જીવવામાં જીવનની સાર્થકતા માને છે, તેમના વિચારો અને જીવનમૂલ્યો પણ વિલાયતી જ બની ગયેલાં હોય છે અને તેઓ સ્વર્ગમાંથી ઊતરી આવેલા કોઈ ફિરસ્તાઓ હોય તેવો આડંબર-સુપીરિયર એર્સ-ધારણ કરીને પૃથ્વી ઉપર જાણે અદ્ધર ચાલતાં હોય તેમ વર્તે છે! ભપકાદાર જીવન—ઓસ્ટેન્ટેશિયસ લિવિંગ—એ જ તેમનો આદર્શ બની જાય છે અને સાદા, ભલાભોળા, નૈસર્ગિક કુટુંબજીવન ગાળતા દેશબંધુઓનો ઉપહાસ પણ કરે છે.

વિલાયતના વસવાટ પછી માનવીમાં આવા પ્રકારનું પરિવર્તન થઈ જવું એ શું ખરેખર નિર્વિઘ્ન જ છે? હરગીઝ નહિ. ઊલટું આ નૂતન સંસ્કૃતિ નજરે જોયા પછી તો માનવી ખરી રીતે વધારે નમ્ર બનવો જોઈએ, તેની દેશભક્તિ વધારે જાગ્રત બનવી જોઈએ અને પોતાના દેશનો વિકાસ પણ અન્ય દેશોની કક્ષાનો ઝડપથી બને તેવી તીવ્ર ઝંખના તેનામાં જાગવી જોઈએ. આપણા અગ્રગણ્ય દેશનેતાઓનાં જીવન આ વાતની સાક્ષી પૂરે છે. વિલાયતની સંસ્કૃતિમાં ઘણી બાબતો પ્રશંસનીય અને અનુકરણીય સુદ્ધાં છે એ વાતનો ઈન્કાર થઈ શકે તેમ નથી; છતાં તેની નબળી બાજુઓ પણ છે જ તે ભૂલી જવા જેવું નથી. ભાનભૂલ્યાઓ આ નબળી બહિર્મુખ ચેતનાવાળી બાજુના આંધળા અનુકરણમાં જ જીવનની સાર્થકતા જુએ છે જ્યારે માતૃભૂમિની પ્રગતિ ઝંખનારાઓ વિલાયતની પ્રગતિ જોઈને અંતર્મુખ બને છે અને વિલાયત જઈ આવ્યા પછી કેવળ પોતાની ઉન્નતિ અને અંગત મોજમજાહમાં ડૂબી જવાને બદલે પોતે મેળવેલા નૂતન જ્ઞાન, અનુભવ અને આનંદનો લાભ પોતાના દેશબંધુઓને પણ આપે છે.

"વિલાયતની વાતો" આ ભાવનાથી લખવા હું પ્રેરાયો હતો તેથી જ આ પ્રવાસ-વર્ણન અનોખા પ્રકારનું બની શક્યું છે. મારી આ ભાવના પૂરેપૂરી સમજીને તમે જે મમતાથી તેને 'પ્રસ્થાન'માં સાગ ત્રણ વર્ષ સુધી ચમકાવ્યું છે તે મમતા પણ અનોખી જ છે. તમે આત્મીયતાના હક્કની રૂએ મારી પાસે લખાવવાનું દબાણ ન કર્યું હોત તો આ પત્રોનો કાચો માલ મારી અંગત ફાઇલોમાં જ પુરાઈ રહ્યો હોત. તેથી આ વાતો લખવામાં આપેલા અદ્‌ભુત પ્રોત્સાહન બદલ હું તમારો આ તકે અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

વિલાયતના પ્રવાસથી મને મારા ક્ષેત્રની ટેકનિકલ પ્રગતિ ઉપરાંત ત્યાંની સ્વચ્છતા, સભ્યતા અને સૌંદર્યની નવી કક્ષાઓ જોવા મળી, સમાજ અને કુટુંબરચનાનાં નવાં મૂલ્યો સમજવા મળ્યાં અને સ્નેહ, મૈત્રી, પ્રેમ, વ્યવહાર વગેરે વ્યક્તિગત સંબંધોની મર્યાદાઓ જોવા મળી. એ બધા લાભો બદલ હું મને વિલાયત મોકલનાર કંપની ઇમ્પીરિયલ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ (ઇન્ડિયા) પ્રાઇવેટ લિમિટેડનો અને મારા ઉપરી અધિકારીઓ મી વોર્ડ, ડા. સોલોકેલ્ડ, મિ. મિલ્મન અને મિ. પેરીનો અત્યંત ઋણી છું. તેમની શુભેચ્છાઓ વિના આ પ્રવાસ શક્ય જ ન બન્યો હોત.

અને અંતે વિદાય લેતાં પહેલાં મારે ખાસ આભાર તો મારા સેંકડો વાચકોનો માનવાનો છે. આ લેખમાળાએ મને એક નવા જ અનુભવનો સાક્ષાત્કાર કરાવ્યો છે અને તે છે લોકપ્રિય લખાણના લેખક પ્રત્યેનો વાચકોનો પ્રેમ અને આદર. માનવી માનવી વચ્ચેના સંબંધોમાં "સબસે ઊંચી પ્રેમ સગાઇ" છે. આ લેખમાળા દ્વારા હું વાચકો સાથે આવી સગાઈથી જોડાવાનો અધિકારી બન્યો છું એ વાતની અત્રે નોંધ લેતાં હર્ષ થાય છે. લેખકની "સબસે ઊંચી કમાઇ" પણ જો કોઇ હોય તો તે છે તેના પ્રશંસકો (ફેન્સ)ના પત્રો. એક તો મે પ્રવાસનો આનંદ અનુભવ્યો, બીજો પ્રવાસવર્ણન લખવાનો આનંદ અનુભવ્યો, અને ત્રીજો આનંદ અનુભવું છું તે પ્રશંસકોના પત્રો દ્વારા આ પ્રવાસવર્ણનના થયેલા હાર્દિક સત્કારનો આનંદ.

મારા લખાણ પ્રત્યે આવો પ્રેમ અને આવી મમતા દર્શાવનારાં સૌ ભાઇબહેનોનો આ તકે 'પ્રસ્થાન' દ્વારા આભાર માનું છું ખાસ તો પંડિત શ્રી. સુખલાલજી અને શ્રી. બચુભાઈ રાવત જેવા પીઢ સાહિત્યપારખુઓને પણ 'વિલાયતની વાતો' ગમી છે એ જાણી મને ખૂબ આનંદ થયો છે. હવે જ્યારે આ 'વિલાયતની વાતો' પુસ્તક રૂપે પ્રગટ થશે ત્યારે ગુજરાતની સાહિત્યરસિક જનતા તેને હૃદયપૂર્વકના પ્રેમથી આવકારશે જ એવી શ્રદ્ધા સહિત 'પ્રસ્થાન'ના વાચકોની રજા લઉં છું:

જય હિંદ! જય વિલાયત! જય જગત!

ટિળક જયંતી : ૧૯૬૨


લિ૦

શ્રી લક્ષ્મીનિવાસ
૫૮, ફિરોજશા મહેતા રોડ
વિલેપારલે–પૂર્વ
મુંબઈ – ૫૭

માનવી માત્રના સુખ, શાંતિ અને સ્વાધીનતા ઝંખનાર
સ્નેહાધીન
કાન્તિ ગાંધીના
સ્નેહવંદન

[સમાપ્ત]

પ્રકાશક : રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી, ૧૨/અ, ભારતીનિવાસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ
મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ.
તા. ૧૩-૮-૧૯૬૨



વર્ષ ૩૭
અંક ૧૧

સં. ૨૦૧૮
ભાદ્ર

આરોગ્ય અંક-૧૦

આદ્ય તંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

પ્રકાશક : [illegible] મિસ્ત્રી, ૧૭/અ, ભાગ્યનિવાસ પોથી?, એલિસબ્રિજ, અમદાવાદ
મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ
તા. ૧-૯-૧૯૬૨

→ જે ગ્રાહકોનું લવાજમ આસો અંકથી પૂરું થાય છે તે

'પ્રસ્થાન'ના ગ્રાહકોને

'પ્રસ્થાન'નો હવે પછીનો અંક આવતી તા. ૧ લી ઓકટોબરના રોજ બહાર પડશે. તે આસો અંક હશે.

એ અંક—આવતો અંક વી. પી. થી

નવું વર્ષ કારતકથી શરૂ થાય છે, પણ નવા વર્ષનો પ્રથમ અંક નૂતન વર્ષદિને જ ગ્રાહકોને મળે એમ અમે રવાના કરતા હોવાથી, વર્ષનો છેલ્લો અંક વી. પી. થી ગ્રાહકોને મોકલાય છે. અમે ગ્રાહકોને વિનંતી કરીએ છીએ કે તેઓ લવાજમ મ. ઓ. થી જ મોકલવાનું રાખે કારણ કે વી. પી. થી મોકલતાં ૦-૯-૦ આનાનો વી. પી. રજીસ્ટ્રેશન ખર્ચ ચડી જાય છે. છેલ્લા થોડા વખતથી સરકારે એના દરમાં ફરી વધારો કર્યો છે એટલે, તેમજ અંક વખતસર, બહાર પડે કે તરત જ મળી જાય એ માટે પણ, લવાજમ મ. ઓ. થી મોકલવું સલાહભર્યું છે. તેમ જતાં જેઓને એ પદ્ધતિ ફાવતી નથી તેમનું લવાજમ વસુલ કરવા અમે આવતો અંક—આસો અંક—તા. ૧-૧૦-૬૨ ની આસપાસ વી. પી. થી મોકલીશું તે સ્વીકારી લેવા વિનંતી છે. વી. પી. રૂા. ૭-૧૨ નયા પૈસાનું કરવામાં આવશે.

ગ્રાહકોએ જોયું હશે કે અમે 'પ્રસ્થાન'ને ઉત્તરોત્તર વૈવિધ્યવાળું તેમજ જીવનને ઉપયોગી થઈ પડે એવા વિષયો ઉપરના લેખો તેમજ ખાસ અંકો આપતું બનાવવા યત્નશીલ છીએ. આવતા વર્ષ દરમ્યાન સારી લેખમાળાઓ આપવાની યોજનાઓ વિચારીએ છીએ. અમારા એ યત્નમાં અમે આપનો સહકાર ઇચ્છીએ છીએ. જો અમારો આ યત્ન સાચી દિશામાં હોય તો આપના મિત્રમંડળને તેમજ આસપાસનાં સાર્વજનિક પુસ્તકાલયોને 'પ્રસ્થાન'ના ગ્રાહક બનાવવા ભલામણ છે.

આપ તો ગ્રાહક તરીકે ચાલુ રહેશો જ એવી શ્રદ્ધા અમે રાખીએ છીએ.

પ્રસ્થાન કાર્યાલય
પ્રાર્થના સમાજ મંદિર
રાયખડ : અમદાવાદ
તા. ૧-૯-'૬૨

વ્યવસ્થાપક

લવાજમ : હિંદમાં રૂા. ૬=૫૦ પરદેશના રૂા. ૧૦=૦૦
'પ્રસ્થાન' દર મહિનાની પહેલી તારીખે બહાર પડે છે.

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૪

ભાદ્ર : ૨૦૧૮

અંક ૫

આરોગ્ય–અંક

ધોળું ગુલાબ

'મૂસિકાર'

ધોળું ગુલાબ મુજને અરપો તમે આ
તે જોઉં ? કે સ્મિત ગુલાબ સફેદ જેવું
આછું સુગન્ધિ રમતું તવ ઓષ્ઠબિંબે
જે આ વધાવતું મને મુજ વર્ષગાંઠે ? ૧.

'આપ્યું સફેદ ગુલ આ તજીને ગુલાબી !'
ઊંડે વહે મનન : 'ચેતવવા મને શું
રંગે ડુબેલ જગના, રસમાં સુમગ્ન
જે મૂળ શોધ કરતો નહિ શુભ્ર કેરી ? ૨

'વર્ષો વહે મનુજ જન્મ તણાં અપોબ્યાં
કર્મો શુભાશુભ થતાં અટકે કદી ના
ભાવો વહે બહુલ અંતરમાં અજાણ્યા
જંજાળ જે શબલ તન્તુ તણી ગુથંતા ! ૩

'આધાર માનવ જગે નહિ તત્ત્વ કોઈ!
ના વા ક્રિયા શુભ ગણી શુભ એ રહેતી
ને જે ગણી અશુભ તે વિજયી બને કૂહે
"હું છું શુભા! સહુ કરો મુજ દાસ્ય લોકો." ૪

'ને અંતરે નજર નાખું તહિં કયાંયે
ના ભેદ કાંઈ કરતા, વહતા સ્વરૂપે
સૌ ક્ષેત્ર તૃપ્તિ નિજની કરવા જ શોધે!
ત્યાં શો વિવેક કરવો? કરતાં જ ક્લેશ! ૫

'હા! તત્ત્વ તન્તુ કરમાં કંઈ આવતો જો
તો બુદ્ધિ ચાપલ કરી ભરમાવી દેતી!
ને જો વિશુદ્ધ મતિથી કંઈ સત્ત્વ પામું
સંકલ્પશક્તિ શિથિલા પકડી ધરે ના!' ૬

'આ આર્ત રૌદ્ર મનનાં મમ સર્વ ધ્યાનો!'
'ધ્યાવું સફેદ શુભ આ'—'શુભ છે પ્રતીક
સુધ્યાન શુક્લ તણું એ'—સમજી મને આ
આપ્યું જ જીવન તણી સહચારિણી એ! ૭

જન્માષ્ટમી : ૨૦૧૮
તા. ૨૨-૮-૬૨

★

"અપૂર્વ વૈદ્ય" ને નમસ્કાર

અપૂર્વ મંગલાચરણ

બાપાલાલ ગ. વૈદ્ય

આર્યો ગ્રન્થની શરૂઆત મંગલાચરણથી કરે છે. ઇષ્ટદેવની સ્તુતિ સાથે ગ્રન્થકર્તા ગ્રન્થનો હેતુ પણ સાથે દર્શાવી દે છે. અહીં જે મંગલાચરણની વાત કરવાની છે તે વાગ્ભટના અષ્ટાઙ્ગ હૃદયના મંગલાચરણની છે. અમને લાગે છે કે આવું મંગલાચરણ આર્ષવાણીમાંથી જ સ્ફૂરી શકે અને સંસ્કૃત જેવી ભાષા જ આ ભાવ આટલા થોડા શબ્દોમાં વહન કરી શકે. બીજી કોઇ ભાષા આ ભાર વહન કરી શકે એમ નથી. ચાર લીટીમાં આ લેખકે અજબ ભાવ-ભંડાર ભરેલો છે. આજે જે મહાગ્રન્થોમાં લખાય છે અને છતાં ય વાચકના મનઃફલક ઉપર તે કાયમનો પ્રભાવ મૂકી જઇ શકતું નથી, તે અહીં ચાર પંક્તિના નાનકડા શ્લોકમાં ગ્રન્થના લેખક લઘુ વાગ્ભટે કલાત્મક રીતે રજૂ કર્યું છે અને વાચકોના ચિત્ત ઉપર કો અપૂર્વ પ્રભાવ પાડતું બતાવ્યું છે. આર્ષવાણીની આ પ્રતિભા છે. સંસ્કૃત ભાષાની આ ગુણ-ગરિમા છે. આ અપૂર્વ મંગલાચરણમાં કવિએ અપૂર્વ વૈદ્યનું ઉચિત સ્મરણ કરાવ્યું છે તે પણ આ અપૂર્વ મંગલાચરણને ઓર જ ઉઠાવ અને ગૌરવ અર્પે છે. વધુ વિસ્તાર ન કરતાં આ અપૂર્વ મંગલાચરણ જ જોઇશું:

रागादि रोगान् सततानुषक्तान्
अशेषकाय प्रसृतानशेषान् ।
औत्सुक्य मोहारतिदान् जघान
योऽपूर्व वैद्याय नमोऽस्तु तस्मै ॥

અર્થ:

વિષયાસક્તિ (राग), દ્વેષલોભાદિ પરિગ્રહ (आदि) વગેરે દેહ અને મનને સંતાપ આપનાર રોગો, જે પ્રાણિ-માત્રને સર્વકાલ માટે વળગેલા છે અને સૃષ્ટિ ઉપરના સર્વ શરીરધારી જીવોને વિશેષ કરી પીડી રહ્યા છે, જેમાંથી કોઇ પણ પ્રાણી મુક્ત રહી શકતું નથી, અને જે ઔત્સુક્ય=વિષયો તરફની ઉત્કંઠતા વા;અભિલાષા=, મોહ=કાર્યાકાર્ય અનભિજ્ઞત્વ; અરતિ=બેચેની, ચંચળતા વગેરેને જન્માવનાર છે: આવા રાગાદિ રોગોનો સંહાર કરનાર અપૂર્વ વૈદ્યને નમસ્કાર હો.

અપૂર્વ વૈદ્ય

રોગોનું કારણ અજબ કુશળતાપૂર્વક બતાવનાર આ કવિ અપૂર્વ વૈદ્યનું સ્મરણ કરે છે અને અમને લાગે છે એમાં જ આ મંગલાચરણની અપૂર્વતા છે.

દેહના રોગો મટાડનારા વૈદ્યો તો ઘણા છે પરંતુ રોગમાત્રના જન્મદાતા રાગાદિ રોગોને જડમૂળથી ઉખાડનાર કોઇ અપૂર્વ વૈદ્ય જ જોઇએ. અહીં રોગમાત્રનું કારણ પણ

આર્ષ દૃષ્ટિ જ દર્શાવી શકે એવું અપૂર્વ આપવામાં આવ્યું છે. સૃષ્ટિની સાથે જ રોગોની શરૂઆત છે અને સૃષ્ટિના અંત સાથે જ તેનો અંત થવાનો છે. પ્રાણીમાત્ર આ રોગના ઝપાટામાંથી ભાગ્યે જ મુક્ત રહી શકે છે, કારણ રોગનું કારણ તમસ્ અને રજસ્ આ બે દોષો છે અને જ્યાં સુધી પ્રાણી આ બન્નેમાંથી મુક્ત થઈ, સત્ત્વમય ન બની જાય ત્યાં સુધી રોગોનો તે ભોગ બનવાનો જ. માનવસ્વભાવ જ્યાં સુધી ઉત્ક્રાન્ત નહિ થાય, તમસ્ અને રજસ્‌માંથી નહિ છૂટે ત્યાં સુધી તેને માટે રોગમાંથી મુક્તિ છે જ નહીં. રોગોમાંથી છૂટવું હોય તો માનવસ્વભાવ ઉત્ક્રાન્તિ માગે છે—સત્ત્વગુણનો ઉત્કર્ષ માગે છે, ક્ષુદ્રતામાંથી મુક્તિ વાંચ્છે છે, માનવ તેનાં પૌર્વદૈહિક કર્મો સાથે જ અવતરે છે અને એ સારાં માઠાં કર્મો તેને ભોગવવાં જ પડે છે, જેને આર્યો "દૈવ" કહે છે. કાળા માથાનો મનુષ્ય ધારે તો પોતાનાં આ ભવનાં કાર્યો દ્વારા દૈવને મહાત કરી શકે છે. માનવમાં અનેક અપૂર્વ શક્તિઓ ભરેલી છે અને માનવમાત્ર ઊર્ધ્વગતિ તરફ પ્રયાણ કરવા જ નિર્મિત થયો છે. આ જ્ઞાન જેને જેટલું સત્વર લાધશે તે તેટલો સત્વર ઊર્ધ્વગામી બનશે અને ઊર્ધ્વગામી (સબ્લિમેશન) બનતાં તે ક્ષુદ્રતામાંથી છૂટી, મુક્તિમાર્ગનો પ્રવાસી બની રહેશે. આર્ષકવિએ ઉત્ક્રાંતિવાદનો ગૂઢ નિયમ પણ અહીં આપી દીધો છે.

ત્યારે કવિ અહીં અપૂર્વ વૈદ્યથી કોને યાદ કરે છે એ પ્રશ્ન સહેજે ઊઠે છે. કોઈ કહે છે કે આ અપૂર્વ વૈદ્ય એ બુદ્ધ ભગવાન છે.

'અષ્ટાઙ્ગ હૃદય' અને 'અષ્ટાઙ્ગ સંગ્રહ'નો લેખક એક જ છે એમ વિદ્વાનો માને છે. 'અષ્ટાંગ સંગ્રહ'માં મંગલાચરણનો આ શ્લોક લગભગ આવો જ છે,[1] ફેર ફક્ત "तमेक वैद्यं शिरसा नमामि" એટલો છે. એક વૈદ્ય અને અપૂર્વ વૈદ્ય બન્ને સંદિગ્ધ છે. ગણેશ સખારામ તર્ફે સંપાદિત કરેલ અ સં.માં પણ મંગલાચરણના શ્લોકમાં "बुद्धाय तस्मै नमः" પાઠ છે પરન્તુ આ તર્ફે શાસ્ત્રી અ. સં.ના ઉપોદ્‌ઘાતમાં કહે છે કે "बुद्धाय तस्मै नमः" આટલા ઉપરથી વાગ્ભટને બુદ્ધધર્માવલંબી ઠેરવવો યોગ્ય નથી, કારણ કે 'બુદ્ધ' શબ્દનો અર્થ ભગવાન થાય છે અને "अथर्वविहिता शान्तिः"નો ઉલ્લેખ કરનાર બૌદ્ધ કેમ સંભવી શકે? આથી "बुद्धाय तस्मै नमः"નો અર્થ જ્ઞાનવાન ઋષિઓને નમસ્કાર એવો કરવો જોઈએ.[2]

---

૧ કિંજવડેકરની અ. સં.ની આવૃત્તિમાં મંગલાચરણનો શ્લોક તદ્દન જુદો છે. જુઓ:

तृष्णादीर्घ मसद्विकल्प शिरसं प्रद्वेपचञ्चत्फणं
कामक्रोधविषं वितर्कदशनं रागं प्रचंडेक्षणम् ।
मोहास्यं स्वशरीर कोटरशयं चित्तोरगं दारुणं
प्रज्ञामंत्रबलेन यः शमितवान् बुद्धाय तस्मै नमः ॥

અર્થાત્ અહીં "बौद्धाय तस्मै नमः ॥ એવી સ્પષ્ટતા કરેલી છે.

૨ શ્રી બલદેવ ઉપાધ્યાય કૃત "ભારતીય દર્શન" (પૃ. ૧૭૯) માં કહ્યું છે કે "भैषज्यगुरु वैडूर्य प्रभराजसूत्र" હાલમાં જ પ્રકાશિત થયેલું છે. જુઓ Dr. N. Dutta Gilgit Mss. Vol. 1.

વૈદકશાસ્ત્રમાં બુદ્ધની 'महाभिषक्' સંજ્ઞા છે તથા બૌદ્ધ દાર્શનિક સાહિત્યમાં ભૈષજ્ય નામધારી ગ્રન્થો પણ મળે છે. જેવા કે "भैषज्यगुरुवैदूर्य प्रभ राजसूत्र" જે ચીન અને જાપાનમાં બૌદ્ધ સિદ્ધાન્તો માટે નિતાન્ત માન્ય છે.[1]

અ. હ.માં (સૂત્ર અ. ૯) કાલાકાલ વિભેદથી મૃત્યુનું દ્વૈવિધ્ય બતાવ્યા પછી "तथा मरणमुद्दिष्टं सौगतानां चतुर्विधम्—મરણ ચાર જાતનું છે એવો સૌગત સિદ્ધાન્ત પ્રતિપાદિત કરેલો છે. અ. હ માં કુષ્ઠ ચિકિત્સામાં :—

व्रतदम यमसेवा त्याग शीलाभियोगो
द्विजसुरगुरुपूजा, सर्व सत्त्वेषु मैत्री ।
शिव शिव सुततारा भास्कराराधनानि
प्रकटित मल पापं कुष्ठ मुन्मूलयन्ति ॥

"शीलाभियोग" બૌદ્ધાગમોમાં પ્રસિદ્ધ છે. આપણી સ્મૃતિઓમાં તે દૃગ્ગોચર થતો નથી. વળી 'ताराराधन' પણ વૈદિક આગમોમાં ક્યાંયે નથી. આ 'ताराराधन' સુગતાગમોમાં જ જોવામાં આવે છે. વળી આ જ ગ્રંથમાં (ઉ. સ્થા. અ ૫)

ईश्वरं द्वादशभुजं नाथमार्यावलोकितम् ।
सर्व व्याधिचिकित्सन्तं जपन् सर्वग्रहान् जयेत् ॥

આ શ્લોકમાં આવેલ "आर्यावलोकित" પણ વાગ્ભટને બુદ્ધધર્મીવર્ગમાં ઠેરવવા બસ છે.*

સ્વ૦ છગાણી સંપાદિત "अष्टांग संग्रह" (ઈ. સ. ૧૯૪૫: ચોખંબા સંસ્કૃત સીરીઝ) માં મંગલાચરણનો શ્લોક નીચે મુજબ આપેલો છે:

रागादि रोगाः सहजा समूला
येनाशु सर्वे जगतोऽप्यपास्ताः ।
तमेक वैद्यं शिरसा नमामि
वैद्यागमज्ञांश्च पितामहादीन् ॥

---

૧ તાંજોર સ્ટેટ લાયબ્રેરીના અધ્યક્ષ શ્રી. બ્હી. શ્રીનિવાસાચારિય સ્વઅષ્ટાંગ નિઘંટુને અંતે જે પ્રશસ્તિ આપે છે તે ઉપરથી તે વિદ્વાન વાગ્ભટને જૈનધર્મી માને છે. વિશેષ માટે પરાડકર શાસ્ત્રી સંપાદિત અ. હ ની સુંદર પ્રસ્તાવના જોવી.

* "अष्टांग संग्रह"માં વાગ્ભટે કહેલું છે કે

समधिगम्य गुरोरवलोकितात्
गुरुतराच्च पितुः प्रतिभां मया ।

અ. સં. ઉ. અ. ૫૦

અવલોકિતેશ્વર એ બૌદ્ધ દેવતા છે અને આ ઉપરથી વાગ્ભટ બુદ્ધ ભગવાનને જ સ્મરે છે એમ સાબિત થાય છે.

અર્થ :

રાગ છે આદિમાં એવા રોગો માણસ તથા જગતની સાથે જ જે ઉત્પન્ન થએલા છે, તેવો સકલ રોગોને સમૂલ જેને દૂર કરી દીધા છે એવા એક વૈદ્યને તથા વૈદ્યાગમ (આયુર્વેદ) ને જાણવાવાળા બ્રહ્માજી આદિને નતમસ્તક થઈ નમસ્કાર કરું છું.

१ क्षुद्रस्यचेतसो रजस्तमोभ्यां रज्जन रागः ।

હેમાદ્રિ: સત્ત્વરજતમ આ ત્રણ ગુણો છે. સત્ત્વ ગુણથી માનસિક કે શારીરિક રોગો ઉત્પન્ન થતા જ નથી. રજ અને તમ આ બન્ને ગુણોના વૈષમ્યમાંથી જ રોગો ઉત્પન્ન થાય છે. રાગ મનને દૂષિત કરનાર છે. વિકૃત રજોગુણ અને તમોગુણને લઈને શુદ્ધ મનને દૂષિત કરનાર રાગ છે.

२ मानसास्तु क्रोध शोकमय हर्ष विषादेर्ष्याभ्यसूया—दैन्यमात्सर्य काम लोभ प्रभृतय· इच्छा द्वेष भेदै : भवन्ति इति सुश्रुत ॥

રાગ છે આદિમાં એવા દ્વેષ અને ઇચ્છાથી ઉત્પન્ન થનાર ક્રોધ શોક ભય હર્ષ વિષાદ, ઇર્ષ્યા, અસૂયા, દૈન્ય, માત્સર્ય, કામ, લોભ આદિ માનસિક રોગો ઉત્પન્ન થાય છે. આ ઉત્પન્ન થતાં જ વાતપિત્તકફ દોષોમાં વૈષમ્ય જન્મે છે અને તેથી શારીરિક રોગો જન્મે છે.

३ रुजन्तीति रोगा· देहमनसी सन्तापयन्ति (अरुणदत्त :) જે મન અને શરીર બન્નેને પીડા કરી સંતાપ્યા કરે તે રોગ.

४ सहजाताः सहजाः, जन्मनः प्रभृति शरीरिणा सङ्गताः इति इन्दुः ॥

५ सततानुषक्ता· सर्वकलं प्रसृताः सहजा. (अरुणदत्तः) सततानुषक्त। नित्यमनुगताः न कदाचितैर्वियुक्तः संसारो भवति इति चन्द्रनन्दनः ।

६ सत्त्वरजस्तमांसि इति त्रयोगुणाः समविषमरूपेणा—व्यक्तमहदहङ्कारमनसां प्रकृति भूतधातवो मनसि वर्तन्ते तेषा दूषकौ यतो रजस्तमोगुणौ विषमावेव भवतो न तु समौ तस्मान्मानसदोष सञ्ज्ञौ इति गगाधरः ॥

રોગોનું ખરું કારણ અહીં વાગ્ભટે બતાવેલું છે. મન અને શરીર બન્નેને અસર કરનારા, બન્નેની સરહદો યા મર્યાદા જ્યાં સમાન હોય એવા માનસ-શારીર રોગોને આજે 'સાઇકો-સોમેટિક' નામે ઓળખવામાં આવે છે. પરંતુ મન અને શરીરની મર્યાદા નક્કી કરવી જ મુશ્કેલ છે. આજે સાયકો-સોમેટિક રોગો ઉપર ઘણા ગ્રન્થો લખાય છે, પરંતુ વાગ્ભટે અહીં સાગરને ગાગરમાં ભરી ખરેખર અદ્ભુતતા સર્જી છે.

કેવળ મનુષ્યોને જ નહીં—પ્રાણિમાત્રને પશુ, પક્ષી, વૃક્ષ. ગજ વગેરેને રોગો થાય છે એ પણ અહીં કહી દીધું છે. વૃક્ષાયુર્વેદ, પાલકાપ્યનો હસ્તાયુર્વેદ આ ગ્રન્થો સુપ્રસિદ્ધ છે. વૃક્ષોમાં પણ જીવ છે, પરંતુ તે 'તમસાચ્છન્ન' છે વગેરેનું સ્મરણ કરવું ઉચિત છે.

રોગો બે જાતના છે : (૧) માનસિક અને (૨) શારીરિક. માનસિક રોગોનું અધિષ્ઠાન મન છે. શારીરિક રોગોનું અધિષ્ઠાન શરીર છે. રાગાદિ અર્થાત્ કામ ક્રોધ લોભાદિથી ઉત્પન્ન રોગ મનમાં થાય છે જ્યારે જ્વર અતીસારાદિ રોગો શરીરમાં થાય છે. માનસિક રોગો મનને કષ્ટ આપે છે જ્યારે શારીરિક રોગો શરીરને. પરન્તુ આથી ફરી એમ ન માનવું જોઈએ કે મન અને શરીરના રોગોને એક બીજા સાથે સંબંધ નથી. મનના રોગો

મનને સંતાપે જ્યારે શરીરના રોગો શરીરને સંતાપે. ના એમ નથી. વાગ્ભટ ટીકાકાર અરુણદત્ત કહે છે કે આ બન્ને રોગોને ઘનિષ્ઠ સંબંધ છે. આધાર આધેય ભાવથી આ રોગોને ઘનિષ્ઠ સંબંધ છે.[1] લોઢાની કઢાઈ રૂપી આધારમાં લોખંડનો તપાવેલો ગોળો (આધેય) રાખવાથી કઢાઈ તપી જાય છે. આ પ્રમાણે આધારરૂપી તપ્ત થએલ તપેલી વા કઢાઈમાં ઠંડું ઘી (આધેય) રાખવામાં આવે તો આધાર પેઠે આધેય પણ ઉષ્ણ થઈ જ જાય છે. મન આધાર છે તો શરીર એનું આધેય છે. અર્થાત્ મન અને શરીરનો સંબંધ આધારાધેયનો છે. એને કોઈ જુદાં પાડી શકે એમ જ નથી.

સત્કાર્યવાદ મતથી વિચાર કરતાં પણ જ્વરાદિ સમસ્ત રોગ સૂક્ષ્મ રૂપથી જન્મથી જ શરીરમાં રાગાદિ-રોગોની પેઠે સંલગ્ન હોય છે.[2]

રોગોની આ કલ્પના આર્યોની સૌ વાતો પેઠે અમને અપૂર્વ-મૌલિક લાગે છે. આધારાધેય ભાવથી મન અને શરીર જેમ એક બીજામાં અનુસ્યૂત છે તેમ રોગો પણ સતતાનુષક્ત-જન્મથી તે મરણ સુધી જ-જીવન સાથે જોડેલા હોય છે જ. અને આથી કરી મનને સુધારવા, શરીરને યોગ્ય આહાર વિહારાદિથી સંરક્ષવા તે જીવનના ઉદાત્ત ભાવો ઉપર ખૂબ જ ભાર દે છે. જીવનની વિશુદ્ધિ વિના નીરોગી જીવન કદી સંભવે જ નહિ. આથી જ જગતની તમામ વૈદ્યક પદ્ધતિઓ કરતાં આયુર્વેદની આ મૌલિકતા છે-અપૂર્વતા છે. બીજી પદ્ધતિઓમાં રોગો મટાડવા સારો વિચાર છે—થઈ રહ્યો છે, પરંતુ આર્યોની આ સનાતન ભવ્ય મૌલિકતા આયુર્વેદને જીવનના શાસ્ત્ર તરીકે પ્રતિષ્ઠિત કરે છે. અપૂર્વ વૈદ્યને છાજે એવી આ અપૂર્વતા પણ ભવ્ય છે. વિશુદ્ધ જીવન વિના વિશદ બુદ્ધિ શક્ય નથી. વિશદ બુદ્ધિ વિના જીવનના વિશુદ્ધ નિર્ણયો શક્ય જ નથી.

ભગવાન તથાગત બુદ્ધના જીવને માનવજાત ઉપર જે અસર કરી છે તે અપૂર્વ નથી શું? અથવા આયુર્વેદનો પ્રાદુર્ભાવ કરનાર ભગવાન આદિદેવ ધન્વન્તરિનું અદ્ભુતશક્તિસંપન્ન દૈવત પણ શું અપૂર્વ નથી?[3]

મુમુક્ષુઓએ રોગોને કાઢવા હોય તો રાગાદિને જડમૂળથી કાઢવા જોઈએ. આ વિરાટ કાર્ય માટે સામાન્ય માણસનું કે વૈદ્યનું ગજું નથી. આ તો કોઈ વિરાટ વ્યક્તિનું-અપૂર્વ વૈદ્યનું જ કાર્ય છે. આવા અપૂર્વ શક્તિસંપન્ન વૈદ્યને નમસ્કાર કરી ગ્રન્થની શરૂઆત કરવી એ પણ શું ઓછું અપૂર્વ છે? ભલેને એ પછી બુદ્ધ ભગવાન હો, ધન્વન્તરિ હો, અશ્વિનો હોય, પુનર્વસુ હોય—કે તથાગત હોય. આ બધા અપૂર્વ વૈદ્યો છે. અપૂર્વ વૈદ્યને નમસ્કાર કરનાર આ અપૂર્વ લેખકને અમારાં સહસ્ર વંદનો.

✲

---

१ यथा धेयेन योगाश्केन संतप्तेन तदाधारस्य कटाहादेः संतापः । आधारेण च कटाहादिना संतप्तेन धेयस्य घृतादेः संतापः । तदेवं रागादयो द्वयं रुजन्ति इति व्याख्यमेतत् ॥ अरुणदत्तः

२ सत्कार्यवादिनां मते ज्वरादयोऽपि सूक्ष्मरूपेण एवमेव सततानुषक्ताः सर्वकालमात्मना संबद्धाः इति हेमाद्रिः ।

३ अपूर्वत्वम् च अद्भुतशक्तित्वम् । एतच्च ज्वरादि विलक्षणानां रोगाणां घातेन । ते च रागद्वेषः इति हेमाद्रिः ।

પ્રાણૈષણા

વૈદ્ય ફુલાભાઈ મથુરભાઈ પટેલ

એક વિદ્વાને કહ્યું છે કે આ ક્ષણે હું જીવું છું એ જ મારો વિજય છે. અને ખરેખર, એ બહુ મહત્ત્વનું કથન છે. માનવની સર્વ આશાઓ, મહેચ્છાઓ, સિદ્ધિઓ, જીવન છે ત્યાં સુધી છે. જીવનના અભાવમાં એ તમામનો શો ખપ? એટલે જ પ્રાણૈષણા-પ્રાણની ઇચ્છા-બધી એષણાઓમાં પ્રધાન સ્થાને છે. પ્રાણત્યાગમાં એષણામાત્રની સમાપ્તિ હોવાથી બીજું બધું છોડી દઈને શરીરનું પાલન કરવું જોઈએ. જીવતો મનુષ્ય જ પોતાના કર્મનું ઇચ્છિત ફળ ભોગવી શકે છે, એ દૃષ્ટિએ માનવી જીવનની કામના કરે એ યથાર્થ છે.

આ 'જીવન' શબ્દથી દીર્ઘજીવન વિવક્ષિત છે. મહર્ષિ ચરકે પહેલો અધ્યાય દીર્ઘંજીવિતીય લખ્યો છે. એમાં દીર્ઘ જીવનની આશાથી મહાતપસ્વી ભરદ્વાજ આયુર્વેદના મહાન આચાર્ય ઇન્દ્ર પાસે આયુર્વેદના અધ્યયન માટે ગયેલા અને એના અધ્યયનથી એમને દીર્ઘ સુખી જીવન મળેલું એમ જણાવેલું છે. પણ ક્રિયા વિના જ્ઞાન નકામું છે એટલે અધ્યયનનો અર્થ ઉપદેશ પ્રમાણે આચરણ છે. આચરણ વિના ફળપ્રાપ્તિ ક્યાંથી થાય? ધર્મ, અર્થ અને સુખના સાધન રૂપ આયુષ્યની કામના રાખનારે આયુર્વેદના ઉપદેશોમાં પરમ આદર રાખવો જોઈએ. આ આદેશમાંના 'આદર' શબ્દનો અર્થ પણ ઉપદેશ પ્રમાણે આચરણ કરવાનો છે. વ્યક્તિપૂજામાં વ્યક્તિની શારીરિક સગવડો સચવાય છે. એનાં ગુણ-ગાન ગવાય છે. એને પુષ્પહાર અર્પણ થાય છે. પણ એના ઉપદેશ પ્રમાણે વર્તવાને નામે મીંડું છે. એમાં સાચી પૂજાનો અભાવ છે એટલે એવા પૂજકને માટે એ પૂજ્ય વ્યક્તિનો જન્મ નિરર્થક છે. એ જ પ્રમાણે આયુર્વેદનું જ્ઞાન આચરણમાં ન મૂકાય તો એ કંઈ કામનું નથી એ દીવા જેવી વાત છે તેથી ભરદ્વાજે દીર્ઘ જીવનની આકાંક્ષા રાખી તેવી આપણે રાખીએ અને તેની પ્રાપ્તિ માટે તેમણે જે નિયમોનું પાલન કર્યું તે નિયમોને અનુસરીને આપણે આપણું જીવન ઘડીએ તો જ આપણી પ્રાણૈષણા સાર્થક થશે, બાકી મનોરથો તો કવિ કહે છે તેમ તટપ્રપાત છે.

અને આ દીર્ઘ જીવન પણ કેવું છે? એ છે અજર. રસાયન પ્રયોગોની ફલશ્રુતિમાં દીર્ઘ આયુષ્ય સાથે અજર શબ્દ જોડેલો છે. એટલે દીર્ઘ જીવન પણ સુખી જીવન છે. 'સો શરદ સુધી અમે જોઈ શકીએ, સો શરદ સુધી નાસિકા દ્વારા પ્રાણનું ગ્રહણ કરી શકીએ, સો શરદ સુધી સાંભળી શકીએ, સો શરદ સુધી સ્પષ્ટ બોલી શકીએ, સો શરદ સુધી દૈન્યરહિત રહીએ, અરે! સો શરદથીએ આગળ નીકળી જઈએ'—આ વેદમંત્રમાં જેની અભિલાષા રાખી છે તેવું મનોહર એ જીવન છે.

એ દીર્ઘ સુખી જીવનની ચાવી આપ્તોપદેશમાંથી મળી રહે છે. આપ્ત પ્રમાણ વેદ છે. બીજો પણ કોઈ શાસ્ત્રવાદ જે વેદના અર્થથી અવિરુદ્ધ હોય, પરીક્ષકો દ્વારા પ્રણીત હોય, શિષ્ટોને સમ્મત હોય, અને લોકોના અનુગ્રહને અર્થે પ્રેરિત હોય તે પણ આપ્ત

પ્રમાણ છે, એટલે સ્વીકાર્ય છે. આયુર્વેદ આ પ્રકારમાં આવે છે તેથી તેના ઉપદેશનું પાલન આપણે માટે એક કર્તવ્ય બની રહે છે. દાન, તપ, યજ્ઞ, સત્ય, અહિંસા અને બ્રહ્મચર્ય અભ્યુદય અને નિઃશ્રેયસની પ્રાપ્તિ કરાવે છે. આ ઉપદેશ આપણને આપ્તોપદેશમાંથી મળે છે. પણ આજનું બુદ્ધિવાદી માનસ પ્રશ્ન ઉઠાવશે કે દાન કરવાથી શો ફાયદો? સત્યના આચરણથી શો લાભ? બનવા જોગ છે કે એના પ્રશ્નનું સમાધાન ન થઈ શકે. દા. ત., સમદર્શી, સત્યવાદી અને આપ્તપુરુષની સેવા કરનાર નીરોગી રહે છે એ વચનની સાર્થકતા દલીલોથી સિદ્ધ ન પણ થાય. અને તેથી એ ઉપદેશ બુદ્ધિગમ્ય ન બને તેથી તેનો અનાદર થઈ શકે? જગતમાં બધું જ બુદ્ધિગમ્ય છે એમ કહી શકાશે? ઉલટું બુદ્ધિની શક્તિ પણ પરિમિત છે. નેતિ નેતિની ઉત્પત્તિ બુદ્ધિની પરિમિતતામાંથી થઈ છે. એટલે શ્રદ્ધાને પણ જગતમાં સ્થાન છે. આપ્તવાદ દલીલવાદ નથી. અમુક બાબતનું પરિણામ અમુક પ્રકારનું આવે છે એ અમારો અનુભવ છે. એનો અમે કોઈ પણ પ્રકારના સ્વાર્થ વિના ઉપદેશ કરીએ છીએ અને એનું પાલન કરનારને શુભની પ્રાપ્તિ થાય છે એવું અમે નજરે નિહાળીએ છીએ આ જ એમનો જવાબ છે. એથી સંતોષ ન થાય તો સાંભળનારનું નસીબ! એક સાધારણ દાખલો લઈએ. સવારે વહેલા શા માટે ઊઠવું! એ બુદ્ધિવાદીના પ્રશ્નને ઉત્તર મળશે ત્યારે મળશે, પણ આપ્તોપદેશ ઉપર શ્રદ્ધા રાખીને એનું આચરણ કરનારા તો ધન્ય થઈ ગયા છે એમાં શંકા નથી.

પ્રાણ-જીવનના ઉપાસક માટે ઋષિઓના આત્માની અમર કલારૂપ આપ્તોપદેશ પરમ પવિત્ર પંથ છે. આ પંથે પ્રયાણ કરનારને પ્રમાદ પાલવે તેમ નથી. જીવનના પરિપાલનમાં બે પરિસ્થિતિને અનુરૂપ વ્યવહાર ઘડવાનો છે—એક નીરોગી અને બીજી રોગી. નીરોગી અવસ્થામાં જેનાથી સ્વાસ્થ્ય જળવાઈ રહે અને જે વિકારો ઉત્પન્ન થયા નથી તેમની અનુત્પત્તિ રહે તેવા ઉપાયોનું નિત્ય સેવન કરવાનું છે, ત્યારે રોગી અવસ્થામાં રોગ થતાં વેંત જ તેના નિવારણ માટે શીઘ્ર ઉપચાર કરવાના છે. આ બન્નેને ધ્યાનમાં રાખીને આખું આયુર્વેદશાસ્ત્ર રચાયું છે. આપણે તેમાંથી આવશ્યક બાબતો અતિ સંક્ષેપમાં જોઈશું

ચરક લખે છે કે દેશ, કાલ અને શરીરના ગુણોથી વિપરીત ચેષ્ટાઓ અને આહારની વાનીઓનું સારી રીતે ક્રમશઃ સેવન, કાલ, કર્મ અને ઇન્દ્રિયોના અર્થોના અતિયોગ અને મિથ્યાયોગનો ત્યાગ, તમામ પ્રકારના અતિયોગનું પરિવર્તન, મળ, મૂત્ર વગેરેના ઉદીર્ણ વેગોનું અવિધારણ અને શક્તિથી અધિક શ્રમનો ત્યાગ—આટલી બાબતો આરોગ્યની સ્થિરતા માટે જરૂરી છે. આ ઉપદેશ સાદો હોવા છતાં ઘણો મૂલ્યવાન છે એટલે જ અન્યત્ર પણ સ્વસ્થવૃત્તને સંક્ષેપમાં કહેવાનો પ્રસંગ આવ્યો છે ત્યારે ચરકે આ જ ઉપદેશ બીજા શબ્દોમાં રજૂ કર્યો છે. જમાનો દોડધામનો છે, એટલો જ અકાળ મૃત્યુનો છે. પગે, ઘોડા ઉપર કે હાથી ઉપર મુસાફરી કરવાના દિવસો ચાલ્યા ગયા છે. આજે તો કલાકોમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરવાનો જમાનો આવ્યો છે. ત્યાં દેશ, કાલ અને શરીરની પ્રકૃતિને શું પથ્ય કે શું અપથ્ય છે એ વિચારવાનો વખત ક્યાં છે? રાતપાળીઓના, અતિશ્રમના, મોડી રાત સુધી રાત્રિવિહારના દિવસો છે ત્યાં ઇન્દ્રિયોના અતિયોગ કે મિથ્યાયોગને કોણ ગણકારવાનું છે? ખાધું ન ખાધું ને ટ્રેનો, મોટરો, કે અન્ય વાહનોને પકડવાની

ઉતાવળમાં શરીરશ્રમની અધિકતા કોને યાદ કરવા જેવી રહેવાની છે? કામની બળતરામાં મળમૂત્ર વગેરેની હાજતોનો નિકાલ કરવાનું કોને સૂઝવાનું છે? અથવા જમાનાને વશ થઈને એવાં સ્થાનોમાં કે મુસાફરીનાં વાહનોમાં ગોંધાઈ રહેવું પડતું હોય ત્યાં ઝાડા પેશાબ વગેરેના વેગોને રોકયા સિવાય બીજો આરો પણ કયાં હોય છે? વેગોનું વિધારણ ન કરો, વેગોનું વિધારણ ન કરો, એમ આયુર્વેદ તો ઊર્ધ્વબાહુ થઈને પોકારે છે પણ એને સાંભળવા છતાં તે પ્રમાણે આચરવાનું આજના માનવી માટે ઉપર જણાવ્યું તેમ શકય કયાં છે? કેટલેક સ્થળે અજ્ઞાનથી તો કેટલેક સ્થળે નિરુપાયથી એ આદેશનો ભંગ થતો રહે છે. પ્રાણૈષણા જે મુખ્ય એષણા છે તેને માટે બધું જ કરી છૂટવું જોઈએ છતાં તેને માટે જે તત્પરતા જોઈએ તેનો અભાવ આજના સાધનસંપન્ન કે સાધનહીન માનવીને કપાળે લખાયેલી વાત છે. એટલે આ ઉપદેશને આચારમાં મૂકવા જેટલા જે સદ્ભાગી હશે તેમના સુખી દીર્ઘ જીવનની ઈર્ષા એવા જીવનથી વંચિત દુનિયાને કરવાની રહેશે.

હવે બીમારીને જોઈએ. સ્વાસ્થ્યના નિયમોનું ઉલ્લંઘન એના મૂળમાં રહેલું છે. નસીબમાં હશે તેથી આ રોગ થયો, અને નસીબમાં હશે તો એ મટશે એવો દૈવવાદ ઘણા સેવે છે. પણ તે બરાબર નથી. ઘણા મટી શકે તેવા રોગ આવી વિચારસરણીને અનુસરીને ઉપેક્ષા પામે છે અને અસાધ્ય બની જાય છે. સાધ્ય રોગ અસાધ્ય બને છે, પણ અસાધ્ય રોગ સાધ્ય બનતો નથી. એટલે રોગની ઉપેક્ષા કરનારને છેવટે પસ્તાવું પડે છે. ચિકિત્સાની બાબતમાં દૈવવાદનું શરણું લેનારને ચરકે 'મિથ્યાબુદ્ધિ' કહ્યા છે અને તેમની સમક્ષ દાખલા-દલીલોથી ઉપચારની આવશ્યકતા સિદ્ધ કરી આપી છે. આપણે તેની વિગતમાં ઊતરીશું નહિ, પણ ઉપચારમાં પ્રમાદસેવન ન થવું જોઈએ એ બાબતમાં જે વચનો કહ્યાં છે તેમાંથી થોડાંકનું ઉદ્ધરણ કરીને બીમાર જગત એનો પણ વિચાર કરે એવી ઇચ્છા સાથે પ્રાણૈષણા સંબંધીના આ અલ્પ વક્તવ્યને સમાપ્ત કરીશું.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું પ્રધાન કારણ આરોગ્ય છે. રોગો તેનો, શ્રેયનો અને જીવનનો નાશ કરનારા છે.

ઉપચાર કરવામાં ના આવે તો રોગ ક્રમશઃ વૃદ્ધિ પામે છે. અને ધીમે ધીમે ઉત્તરોત્તર ધાતુઓમાં પ્રવેશ કરે છે ત્યાર પછી એ રોગનું વૃદ્ધિ પામેલા વૃક્ષની માફક ઉન્મૂલન કરી શકાતું નથી. સ્થિર, મહાન અને ગંભીર બનેલો એ રોગ કોઈ દુષ્ટ ગ્રહ મંત્રશક્તિને કુંઠિત કરે છે તેમ ઔષધની શક્તિનો પરાજય કરે છે. આંથી વિપરીત જે રોગ છે તે સુખસાધ્ય છે. જેણે મૂળ ઊંડાં નથી ઘાલ્યાં તેવા ક્ષુપની જેમ એનું સરળતાથી ઉત્પાટન થઈ શકે છે.

આ રોગ તો સાધ્ય છે એમ જે માણસ શરૂઆતમાં એની ઉપેક્ષા કરે છે તે થોડાક વખત પછી રોગ વધી જતાં મરી જ ગયો છે એમ જાણવામાં આવે છે.

જે રોગોત્પત્તિ પહેલાં કે રોગની તરુણ અવસ્થામાં સારી રીતે ઉપાય કરે છે તે ચિરકાળ સુધી સુખ ભોગવે છે.

[અનુસંધાન પૃ. ૧૯૧

વારસા – વિજ્ઞાન

ડૉ. કાન્તિલાલ અ. શાહ

ગુજરાતીમાં કહેવત છે કે "વડ તેવા ટેટા અને બાપ તેવા બેટા". અંગ્રેજીમાં પણ કહેવત છે કે "Like begets like". અર્થાત્ માતાપિતાના—એકલા પિતા કે એકલી માતાના જ નહિ—ગુણ વારસામાં ઊતરે છે. ઓક્સફર્ડ ડિક્શનરીમાં Heredity [આનુવંશિકતા અથવા વારસા]ની વ્યાખ્યા પણ એવી જ આપી છે—Tendency of like to beget like ["સમાન પ્રજા ઉત્પન્ન કરવાની ખાસિયત"]. પરંતુ આપણે એ પણ જાણીએ છીએ કે મોતીલાલને ત્યાં જવાહર પાકે છે, દલપતરામને ત્યાં નાનાલાલ પાકે છે; તો મહાત્મા ગાંધીને ત્યાં હરિલાલ પણ પાકે છે. હિરણ્યકશિપુને ત્યાં પ્રહ્લાદ જન્મે છે તો દેવતાના કોલસા બને છે! આવું શાથી બને છે? આ બને પ્રકારની ઘટનાઓનું રહસ્ય સમજવા વારસા-વિજ્ઞાન (અં: જિનેટિક્સ)નો અભ્યાસ આવશ્યક છે. આ વિજ્ઞાનના પોતાના નિયમો છે અને એ આપણને સમજાવે છે કે ઉપર્યુક્ત બંને ઘટનાઓનો ઉકેલ આ વિજ્ઞાન આપણને આપી શકે છે.

આપણે તો મુખ્યત્વે મનુષ્ય સાથે લેવા દેવા છે. મનુષ્યોમાં આ કાયદાઓ કેવી રીતે કામ કરે છે તે સમજવામાં જ આપણને ખરેખરો રસ છે. આ વિજ્ઞાનની સમજ તંદુરસ્ત અને નીરોગી માણસોના અભ્યાસમાંથી નહિ પરંતુ કેટલાક રોગો અને કેટલીક શારીરિક ખામીઓના અભ્યાસમાંથી મળે છે.

દાક્તરોએ જોયું કે કેટલાક એવા રોગો હોય છે જે માતા અગર પિતા—બેમાંથી એક—માં હોય છે અને સંતાનમાં ઊતરે છે; બધાં સંતાનમાં ન ઊતરતાં ઘણુંખરું પચાસ ટકામાં ઊતરે છે. પછી આવાં સંતાનોનાં જે સંતાનો (પૌત્ર પૌત્રીઓ વગેરે) થાય તેમનામાં પણ એ રોગ દેખાય છે અને એમ પેઢી દર પેઢી ઊતરી આવે છે.

બીજા પ્રકારના રોગો એવા જોવામાં આવે છે જેમાં મા કે બાપ બેમાંથી એકેમાં રોગ ન હોય છતાં એમનાં એક અગર બે સંતાનોમાં હોય. પહેલી નજરે આપણને એમ લાગે કે આવા રોગને આનુવંશિક કહી જ કેમ શકાય? પરંતુ આવા જે દરદીઓ હોય તેમનાં મામા માસીનાં કે કાકા ફેઇનાં સંતાનો જો તપાસવામાં આવે તો તેમનામાંથી પણ કેટલાંકમાં સદરહુ રોગ જોવા મળે છે. આ પણ આનુવંશિક [અં: હિરેડિટરી] રોગ જ હોય છે—કેટલાક એને કૌટુંબિક (અં: ફેમિલિયલ) કહે છે.

ત્રીજા પ્રકારના રોગ અગર દરદો એવાં પણ જોવામાં આવે છે જે સામાન્ય રીતે પુરુષોમાં જોવા મળે છે છતાં એમના પુત્રોમાં ઊતરતા નથી પરંતુ એમની પુત્રીઓ મારફત દોહિત્રમાં ઊતરે છે.

આ ત્રણે પ્રકારની ઘટનાઓ વારસા-વિજ્ઞાનના નિયમો મુજબ જ બને છે, પરંતુ એ નિયમો તામીમી વિજ્ઞાને શોધેલા નથી. એનો યશ વનસ્પતિશાસ્ત્રીને ફાળે જાય છે. એ માટે આપણે થોડું વિષયાન્તર કરવું પડશે.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં એક ઓસ્ટ્રીઅન સાધુ યાને પાદરી નામે ગ્રેગર મેન્ડલ પોતાના આશ્રમના નાના બગીચામાં જાતજાતના છોડ વાવતો અને એમનાં પર અખતરા કરતો. એના વટાણા પરના પ્રયોગો જ આપણા કામના છે. મેન્ડલ જોતો કે વટાણાના ઊંચા છોડના બીમાંથી બધા ઊંચા છોડ જ પેદા થતા, ને નીચા અગર ટૂંકા છોડના બીમાંથી બધા ટૂંકા છોડ જ ફૂટતા. પરંતુ કુદરતને કરવું તે મેન્ડલને એક તુક્કો સૂઝ્યો. ઊંચા અને નીચા છોડનો સંકર કરવાનો એને વિચાર આવ્યો. એકના પુંકેસર લઈ બીજાના સ્ત્રીકેસર સાથે મિલાવી એણે નવા છોડ ઉછેર્યા. આ છોડવા બધા જ ઊંચા થયા! અર્થાત્ ટૂંકાપણું એકે છોડમાં ન દેખાતાં સંતાઈ ગયું અથવા અપ્રગટ રહ્યું–એટલું જ નહિ, આપણે અપેક્ષા રાખીએ એમ ઊંચા અને નીચાનું મિશ્રણ થઈ મધ્યમ કદના છોડવા ન થયા પણ બધા જ ઊંચા ઊગ્યા! મેન્ડલ એટલેથી જંપ્યો નહિ. આ બીજી પેઢીના છોડવાઓનાં બી લઈ એણે એમનો ઉછેર કર્યો તો કેટલાક છોડવાઓ ઊંચા થયા ત્યારે થોડાક **નીચા** જ રહ્યા—એટલે કે નીચાપણું જે પ્રથમ સંતતિમાં અપ્રગટ રહ્યું હતું તે પાછું પ્રગટ થયું! મેન્ડલે એ પણ જોયું કે આ નીચા અગર ટૂંકા છોડવાઓના બીમાંથી પેઢી દર પેઢી ટૂંકા જ છોડ પેદા થયા, ત્યારે ઊંચા છોડવાઓના બીમાંથી બે પ્રકારના છોડ પેદા થયા—શુદ્ધ અને મિશ્ર—એટલે કે જે શુદ્ધ હતા તેમાંથી ઊંચા છોડવા જ પેદા થયા જ્યારે મિશ્રમાંથી થોડા ઊંચા અને થોડા નીચા એમ બે પ્રકારના છોડવા પેદા થયા. મેન્ડલ પોતાના અખતરાઓની નોંધ રાખતો અને ગણતરી પણ કરતો. આ ગણતરીમાં માલૂમ પડ્યું કે બીજી પેઢીનાં મિશ્ર બીમાંથી જે છોડ પેદા થતા તેમાંથી પોણા ભાગના (પંચોતેર ટકા) ઊંચા થતા અને પા ભાગના (પચીસ ટકા) ટૂંકા થતા. પોતાના આ અખતરાઓ પરથી મેન્ડલે કેટલાક નિયમો તારવ્યાઃ

(૧) મેન્ડલે જોયું કે બે ભિન્ન લક્ષણો—દા. ત. ઊંચાઈ અને નીચાઈ—વાળા છોડનો સંકર કરવામાં આવે તો પ્રથમ સંતતિમાં એક જ લક્ષણ અગર ગુણ પ્રગટ થાય છે, જ્યારે બીજું અપ્રગટ રહે છે; એટલે કે જે પ્રભાવી (અંઃ ડોમિનન્ટ) હોય છે તે દેખાય છે અને નિર્બળ (અંઃ રિસેસિવ) હોય છે તે દબાઈ જાય છે. આને પ્રભાવિતાનો નિયમ (લૉ ઑવ્ ડોમિનન્સ) કહે છે.

(૨) જે લક્ષણ અપ્રગટ રહે છે તે લુપ્ત નથી થતું પરંતુ પછીની પેઢીમાં પ્રગટ થાય છે, આને "લૉ ઑવ્ સેગ્રિગેશન" એટલે પૃથગ્ભવનનો નિયમ કહે છે. બે લક્ષણો (અથવા એમના ઘટકો) જુદા પડે છે.

(૩) વળી મેન્ડલને એ પણ જણાયું કે એક જ લક્ષણને બદલે બે બે લક્ષણવાળા દા. ત. લાલ ફૂલવાળા ઊંચા છોડ અને ધોળાં ફૂલવાળા નીચા છોડના પરાગનો સંકર કરવામાં આવે તો લાલાશ, ઊંચાઈ, નીચાઈ, તથા શ્વેતતા એ દરેક લક્ષણ જુદું જુદું પ્રગટ થાય છે, બે ભેગાં રહેતાં નથી. આ ઘટનાને સ્વતંત્ર વહેંચણી અથવા સ્વતંત્ર ફાળવણી કહે છે અને તેના નિયમને (લૉ ઑવ્ ઇન્ડિપેન્ડન્ટ એસોર્ટમેન્ટ) સ્વતંત્ર ફાળવણીનો નિયમ કહે છે.

આ બધા પ્રાયોગિક પરિણામોનો ખુલાસો શો? મેન્ડલે એવી કલ્પના કરી કે દરેક નર અને માદા છોડમાં ઉપર્યુક્ત બધાં લક્ષણોનું નિયમન કરનાર કંઈ તત્ત્વો અથવા દ્રવ્યો

હોવાં જોઈએ અને આ ઘટકો એક પેઢીમાંથી બીજી પેઢીમાં સ્વતંત્ર રીતે સંક્રમણ કરતા હોવા જોઈએ. આ પદાર્થ કે ઘટક માટે મેન્ડલે "'ફેકટર્સ' એવો સામાન્ય શબ્દ વાપરેલો અને આ પ્રકારની આનુવંશિકતાને 'ફેકટોરિયલ ઇનહેરિટન્સ' અથવા ઘટક–આનુવંશિકતા કહે છે.

મેન્ડલે ૧૮૬૫માં પોતાના પ્રયોગો પ્રસિદ્ધ કર્યાં હતા પરંતુ તે વખતના વિજ્ઞાનીઓનું લક્ષ આ પ્રયોગો તરફ ગયું નહિ. તે અરસામાં ચાર્લ્સ ડાર્વિનનું પુસ્તક 'ધિ ઓરિજિન ઓવ્ સ્પિશીઝ' પ્રસિદ્ધ થયું હતું અને વિદ્વાનો તેની જ ચર્ચામાં પડયા હતા. છેક ૧૯૦૦ની સાલમાં એકી સામટા ત્રણ જુદા જુદા દેશો–હોલેન્ડ, બેલ્જીઅમ અને જર્મનીના વિદ્વાનોના જોવામાં મેન્ડલનું લખાણ આવ્યું ને પુનપ્રસિદ્ધિ પામ્યું. પછી તો અનેક વનસ્પતિશાસ્ત્રીઓએ મેન્ડલના પ્રયોગો કરી ચકાસી જોયા માત્ર છોડવાઓમાં જ નહિ પરંતુ પશુ પંખી અને જંતુઓમાં પણ મેન્ડલના નિયમો કામ કરતા માલૂમ પડયા જેમ મેન્ડલના વટાણા ઇતિહાસપ્રસિદ્ધ બની ગયા તેમ અમેરિકન વિજ્ઞાની હન્ટ મોરગનની દ્રાક્ષમક્ષિકા (અં. ફ્રુટ ફ્લાય) પણ ઇતિહાસમાં અમર બની ગઈ. આ જાતની માખો પર અનેક પ્રકારના પ્રયોગો મોરગને કર્યા અને વારસાવિજ્ઞાનનું આપણું જ્ઞાન આગળ વધાર્યું. આ એક નાના જીવડા પ્રત્યે આ વિજ્ઞાનનું જેટલું ઋણ છે તેટલું બીજા કોઈ પ્રાણી કે માનવી પ્રત્યે નથી.

મેન્ડલે જે ઘટકો (અં: ફેકટર્સ)ની કલ્પના કરી એ ઘટકો કયા ? અને ખરેખર એવા ઘટકો અગર નિર્ણાયકો હોય છે ખરા ? આ સમજવા માટે આપણે થોડું કોશવિજ્ઞાન (અં. સાઇટોલૉજી)માં ઊતરવું પડશે. પરંતુ તે આવતે મહિને.

ક્રમશઃ]

卐

[અનુસંધાન પૃ ૧૮૮

નાનું ઝાડ જેમ અલ્પ પ્રયત્નથી કાપી શકાય છે, પણ અતિશય વધી ગયા પછી એ જ ઝાડ મહા મહેનતે કપાય છે. એ જ પ્રમાણે નવો રોગ સુખપૂર્વક મટાડી શકાય છે પરંતુ તે પ્રબળ થતા મુશ્કેલીથી મટે છે અથવા અસાધ્ય થઇ જાય છે.

રોગ પ્રથમ તો થોડો હોય છે, પણ પછીથી વધતો જાય છે અને દઢમૂળ થઇને દુર્મતિ દરદીનાં બળ અને આયુષ્યનું હરણ કરે છે.

રોગથી પીડાય નહિ ત્યાં સુધી મૂર્ખ મનુષ્યને ભાન આવતું નથી પણ પીડા થાય એટલે પછીથી વ્યાધિનો નિગ્રહ કરવાનો વિચાર કરે છે. પણ એવા દુર્બળ, વ્યાધિથી પીડિત, કૃશ, ક્ષીણ ઇન્દ્રિયોવાળા, દીન અને આયુષ્યહીન પુરુષને કોણ બચાવી શકે ?

તેથી જે માણસ પોતાનું આરોગ્ય ઇચ્છતો હોય તેણે રોગ ઉત્પન્ન થતા પહેલાં જ અથવા રોગ તરુણ હોય ત્યારે જ તેનો ઔષધોથી પ્રતિકાર કરવો જોઇએ.

卐

સૂંઠની ગુણશક્તિનો પરિચય

વૈદ્ય પ્રાગજી મોહનજી રાઠોડ

"**મારાં** પત્નીને ઘણા વખતથી આંતરડાનો વ્યાધિ હતો. વારંવાર ઝાડે જવું પડે. ઝાડો પાતળો ને કેટલીક વખત તો સંગ્રહણીનો ભય પેદા થાય એટલા વિશેષ પ્રમાણમાં ઉતરે. આ દરદ ખૂબ જ લાંબા વખતથી ચાલ્યા કરે છે. આ માટે અનેક દવાઓ કરી. ઝાડામાં ક્યારેક રાહત થાય પણ ઝાડા અટકતાં તુરત જ સોજા જેવું શરીરે ને પગે દેખાય. શરીર ભારે લાગે, જકડાઈ જાય અને કેટલીક વખત તો આ દરદની ઉગ્રતા વધી પણ જાય. અને જેવા ઝાડા થવા માંડે એટલે સોજો ઊતરી જાય.

' અનેક પ્રકારની દવાઓ કર્યા બાદ કંટાળીને અમે દવાઓ બંધ કરી એક અનુભવીના કહેવાથી નીચેનો પ્રયોગ શરૂ કર્યો :

"સૂંઠ બે આનીભારનો એક નાનો કકડો લઈ રાત્રે પાણી ભરેલા એક માટીના વાસણમાં મૂકી દેવો. આખી રાત રાખ્યા પછી સવારના એ કાઢી ધીમે ધીમે ઓરસિયા ઉપર ઘસી લેવો. બધો જ ઘસાઈ જાય એટલે વાટકીમાં લઈ એમાં થોડું મધ નાખીને ચાટી જવું. આ પ્રયોગ એક માસ કર્યો પછી ઝાડા બંધ થઈ ગયા છે. દસ્ત બંધાઈને આવે છે. જે વારંવાર જવું પડતું ને સતત ખણસ થયા કરતી એને બદલે હવે નિયમિત રીતે કેવળ સવાર–સાંજ જવાની જ કુદરતી હાજત થાય છે.

"આ દરદીની એક સ્થિતિ એવી હતી કે દરદીને સારી ભૂખ તો લાગતી જ ન હતી. શરીર ટકાવી રાખવા માટે પરાણે વખત થાય એટલે ખાવું પડતું. અને શક્તિ નહોતી છતાંય પરાણે ઘસડાઈને કામ કરવું પડતું. આ પ્રયોગ પછી સાચી ભૂખ લાગવા માંડી, ખોરાક લેવાય છે, અને પચે છે અને શરીર ઉપર અસર પણ જોઈ શકાય છે.

"બીજું પરિવર્તન એ થયું કે ઝાડા બંધ થતા ત્યારે જે સોજા આવતા, શરીર ભારે જડ–ચેતન વગરનું લાગતું તેને બદલે હવે સોજા થતા નથી, શરીર હળવું સ્ફૂર્તિવાળું લાગે છે.

"પહેલાં દસ્ત જતાં જ એ ઢગલાની જેમ પડી જતો. પેટ ખાલી થવા સાથે જ થાક વળતો, ક્યારેક તો ચક્કર આવતાં. આ પ્રયોગ પછી દસ્ત ક્રમે ક્રમે બંધાયેલો ઉતરે છે અને જેને મોઈગયો કહેવામાં આવે તેવો હોય છે. સૂંઠની આ શક્તિનો તમે જાહેર પ્રજાને ખ્યાલ આપો એ માટે આ વિગત લખી મોકલું છું."

—રમણલાલ

નોંધ:—સૂંઠના આ પ્રયોગને ભારતીય આયુર્વેદના વિજ્ઞાનની દૃષ્ટિએ જોઈએ તો આટલી વિગતો મહત્ત્વની છે. આયુર્વેદમાં સૂંઠને આમઘ્ન ગણવામાં આવી છે. આ દરદમાં ઝાડા કે સોજા આમ–જન્ય ઉપદ્રવો હોવાથી સૂંઠના આમઘ્નને ગુણે એમાં મહત્ત્વનું કાર્ય છે. आमेषु सगुणाम् सूठी એ એનું પ્રમાણવચન છે. સૂંઠ અનુલોમનની શક્તિ આપે છે, પાણીમાં પલાળવાથી એનો તીખો રસ જેનાથી તીવ્રતા ઉગ્રતા અને તીખાશ લાગે છે એમાં સૌમ્યતા આવે છે, અને પરિણામે પિત્તની ગરમી ઉગ્રતા શાંત બને છે.

[અનુસંધાન પૃ. ૨૧૦

सदैव नेत्ररक्षार्थे

ડૉ. પ્રફુલ્લભાઈ વૈદ્ય

આજે સમાજ પહેલાં કરતાં પોતાનાં ઘણાં કાર્યો અંગે વધુ ને વધુ જાગ્રત-સચેત થતો જાય છે, ખાસ કરીને આરોગ્ય અંગે. બાળમંદિરમાં જતાં બાળકોથી માંડીને ગામડાંનાં અભણ લોકો સુદ્ધાં-સૌ કોઈ-વિટામીનની વાત કરે છે. સમાજ આગળ ધપતો જાય છે તેની સાથે કેટલાક રોગો પણ આગળ ધપતા જાય છે અને એમાં સૌથી મુખ્ય છે-આંખના નંબર પોષણની ખામીને કારણે કે માતાપિતાના વારસાના પરિણામે નિશાળોમાં નાનાં નાનાં બાળકોને પણ હવે તો ચશ્મા આવેલા જોવામાં આવે છે. એ ચશ્મા ન આવે, આવ્યા હોય તો ઓછા થાય, અને મરતાં સુધી આંખની જ્યોતિ એવી ને એવી રહે એટલા માટે આયુર્વેદે આંખની હંમેશની રક્ષા માટે કેટલાક નીતિનિયમો બતાવ્યા છે. એ નિયમો ઉપરથી આપણે જોઈ શકીશું કે વર્ષો પહેલાના એ નિયમો આજે પણ જો પાળવામાં આવે તો આંખના ઘણા રોગોથી બચી શકાય છે આયુર્વેદ પાસે વિટામીન 'એ' બી' 'સી'નું વર્ણન નથી પરંતુ આજે પણ જે અદ્ભુત સામ્ય એણે વર્ણવેલા રોગોમાં ને વપરાનારા ઔષધોમાં જોવામાં આવે છે તે માન મુકાવે એવું છે. આંખના કેટલાક રોગોમાં વિટામીન 'એ'ની ખામી મોટો ભાગ ભજવે છે તો ડોડીનો એમણે આંખના રોગોમાં ખૂબ ઉપયોગ કર્યો છે. અને શાકશ્રેષ્ઠા ચક્ષુષ્યા વગેરે વિશેષણોથી એને નવાજી છે અને એમાંથી કોઈ દિવસ વિટામીન 'એ' નીકળી પડે તો નવાઈ નહિ. ચામડીના સંરક્ષણ માટે આધુનિકો વિટામીન 'સી'નો બહોળો ઉપયોગ બતાવે છે તો આયુર્વેદે ચામડીના વિકારોમાં આમળાં છૂટે હાથે વાપર્યાં છે જેમાં વિટામીન 'સ' પ્રચૂર પ્રમાણમાં છે.

હવે આયુર્વેદે જે નીતિ-નિયમો બતાવ્યા છે તે જોઈશું :

चक्षूरक्षायां सर्वकालं मनुष्यै-
र्यत्नः कर्तव्यो जीविते यावदिच्छा ।
व्यर्थो लोकोऽयं तुल्यरात्रिंदिवानां
पुंसामन्धानां विद्यमानेऽपि वित्ते ॥
त्रिफला रुधिरस्रुतिविशुद्धि-
र्मनसो निर्वृतिरञ्जनं च नस्यम् ।
शकुनाशनता सपादपूजा
घृतपानं च सदैव नेत्ररक्षा ॥
अहितादशनात्सदा निवृत्ति-
र्भृशभास्वच्चलसूक्ष्म वीक्षणाच्च ।
मुनिना निमिनोपदिष्टमेतत्
परमं रक्षणमीक्षणस्य पुंसाम् ॥ अ. उ. १३ । ९८–१००

ભાવાર્થ:—આંખોની રક્ષા માટે મરતાં સુધી મનુષ્યે પ્રયત્નશીલ રહેવું જોઈએ, કારણ કે મનુષ્ય પાસે ગમે તેટલી સંપત્તિ હોય તો પણ જો એવું આંખ સમું રતન જો નકામું હશે તો તેને માટે રાત્રિ અને દિવસ સરખા જ હોય છે અને એથી આ જીવન એને માટે વ્યર્થ છે. માટે સદૈવ નેત્રરક્ષા જેને કરવી છે તેવાઓએ આ નીતિનિયમોનું દિનચર્યાના એક ભાગ રૂપે પાલન કરવું જોઈએ

ત્રિફલા—હરડે, બહેડાં અને આમળાંનું સરખે ભાગે કરેલું ચૂર્ણ. બજારમાં આમળા મોટે ભાગે આખા ને આખા સુકવેલા મળે છે તે ન લેતા કાપેલા ને છાયા શુષ્ક કરેલા લેવા. ત્રિફલા રોજ દૂધ સાથે ફાકવા. ખાસ કરીને જેમને જરા પણ બંધકોષ રહેતો હોય તેમણે આનો ખાસ ઉપયોગ કરવો' अक्ष्यामयेषु त्रिफला । એટલે કે આંખના રોગોમાં ત્રિફલા સૌથી શ્રેષ્ઠ આયુર્વેદે વર્ણવી છે.

રુધિર સ્રુતિ—ફસ્ત ખોલાવવી આંખના ઘણા રોગોમાં આંખમાં લોહીના ભરાવાને કારણે લાલચોળ થઈ જાય છે, તથા રક્તદાબ—(અં: બ્લડપ્રેસર) વગેરે રોગોથી પણ આંખોને નુકસાન પહોંચે છે. રક્તસાર પુરુષ હોય, પિત્તપ્રકૃતિ હોય, રક્તની ગરમી હોય, બ્લડપ્રેસર અવારનવાર રહેતું હોય તેવાઓએ આનુ ખાસ પાલન કરવું ઘટે. એથી આંખની તો રક્ષા થશે જ પણ આ રોગોમાં પણ ઘણો ફાયદો થશે જ. આજે પણ બ્લડપ્રેસર ઘણું વધી જાય તો રક્તમોક્ષણ ડૉક્ટરો કરાવે છે. રક્તમોક્ષણ પંચકર્મનું એક અંગ છે.

વિશુદ્ધિ:—એટલે સંશોધન. વમન, વિરેચન, બસ્તિ, વગેરે ક્રિયાઓ દ્વારા શરીરને હમેશાં શુદ્ધ રાખવું. આયુર્વેદના પંચકર્મો સ્નેહ, સ્વેદન, આસ્થાપન, અનુવાસન અને રક્તમોક્ષણ છે. સ્નેહન એટલે અભ્યંગ વગેરે ક્રિયાઓ દ્વારા શરીરના અંગ પ્રત્યંગ સ્નિગ્ધ અને મૃદુ રાખવાં. સ્વેદન એટલે બાફ-નાહ લેવો તે અંગ્રેજીમાં એને 'સ્ટીમબાથ' કહે છે. આસ્થાપન અને અનુવાસન એ બસ્તિના પ્રકારો છે. બસ્તિને આયુર્વેદમાં અર્ધું ચિકિત્સાશાસ્ત્ર કહ્યું છે એટલે કે એના ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે.

પંચકર્મથી શરીરના કોષોમાં જમા થયેલો કચરો બહાર ફેંકાઈ જાય છે, અને શરીર આમૂલાગ્ર વિશુદ્ધ બને છે. શરીરના કોષોમાં કચરો ધીરે ધીરે જમા થાય છે અને વૃદ્ધાવસ્થાનું આજે આ એક મોટામાં મોટું કારણ ગણાવાયું છે આ ઉપરથી એ પણ જોઈ શકાય છે કે આજની 'નેચરોપથી' સંપૂર્ણપણે આયુર્વેદમાં આવી જ જાય છે.

મનસો નિવૃત્તિ—એટલે કે અચિંતા. કામનો બોજો મન ઉપર ન રાખવો. બેફીકરાઈ કેળવવી, જેને આજે અંગ્રેજીમાં 'સ્ટ્રેસ' કહે છે. અને હવે તો આધુનિક વિજ્ઞાન પણ કહે છે કે આ 'સ્ટ્રેસ' અનેક વિકારોને જન્મ આપે છે. 'સ્ટ્રેસ'ની અસર મગજ ઉપર થાય છે અને તેની અસર આંખો ઉપર થાય છે.

અંજનં—આંખમાં કોઈ પણ અંજન આંજવાની ટેવ રાખવી મેશ, મધ, તેલ, સુરમો વગેરે આંજવાની ટેવ—ખાસ કરીને નાનાં બાળકોને આજે પણ લગભગ દરેક ગૂજરાતી હિંદુ કુટુંબમાં પ્રચલિત છે. પરંતુ હવે આ ટેવ ભૂલાતી જાય છે અને મોટાઓમાં તો ભાગ્યે જ જોવામાં આવે છે.

નસ્યં—એટલે નાકમાં ટીપાં મૂકવાં તે. ઊર્ધ્વ જત્રુગત (હાંસડીની ઉપરના ભાગના) વિકારોમાં નસ્યને ખૂબ જ પ્રાધાન્ય આપેલું છે. ખાસ કરીને ગાયનું ઘી અને પકાવેલા તેલોનું નસ્ય આજે પણ વૈદ્યો વિવિધ રોગોમાં વાપરે છે અને ઘણીવાર એનાં અદ્ભુત પરિણામો જોવામાં આવ્યાં છે.

શકુનાશનતા—એટલે પક્ષીઓનું માંસ ખાવું તે. આજે આપણને આ વાંચીને પણ સૂગ ચઢશે પરંતુ આયુર્વેદે માંસનો ખૂબ છૂટથી ઉપયોગ કર્યો છે અને માંસરસ (શેરવો અગર માંસનો ઉકાળો)નો પથ્ય તરીકે અનેક રોગોમાં ખૂબ જ છૂટથી ઉપયોગ કર્યો છે. પક્ષીઓના માંસમાં વિટામીન 'એ'નું પ્રમાણ ભરપૂર હોય એ શક્ય છે.

માંસ ભક્ષણ કરનારી પ્રજા—યુરોપીઅનો, મુસલમાનો, ખ્રિસ્તીઓ, પારસીઓ વગેરેમાં આંખના વિકારો કે ચશ્મા આપણી હિંદુ પ્રજાની સરખામણીમાં બહુ જ ઓછા જોવામાં આવે છે. ગુજરાતી સમાજમાં 'ચશ્મા' વધતાં જ જાય છે. પોષણની ખામી એ આનો મોટામા મોટો દોષ છે. ઘઉં ઘંટીમાં દળાવીને અધૂરામાં પૂરું થુલુ ચાળી નાખીએ છીએ. ભાતને પોલીશ કરાવીને રાંધતી વખતે ઓસાવી નાખીએ છીએ. થુલુ ઢોરને ખવડાવીએ છીએ અને ઓસામણ કાં તો મોરીમાં જાય છે, કાં તો કપડાને આર કરવામાં એ કડક બનાવવામાં વપરાય છે! અને પરિણામે આપણે નરમ બનતા જઈએ છીએ.

સપાદપૂજા—પગની પૂજા કરવી, પગની રક્ષા માટે આયુર્વેદે अभ्यंग प्रक्षालन पादत्राणधारणं બતાવ્યા છે. અર્થાત્ માલીશ, ધોઈને બરાબર સાફ રાખવા, અને પગરખાં પહેરવા. કેટલાયે વૃદ્ધોને રાતે સૂતી વખતે ઘીનું અભ્યંગ પગે કરાવવાની ટેવ આજે પણ જોવામાં આવે છે. આંખનો અને પગનો સંબંધ જાણીતો છે જ. 'ચરણકમળ' શબ્દ ગોખવા કરતા 'ચરણકમળ' રાખતાં શીખીશું તો ચશ્મા જરૂર ઓછા થશે. હાઈસ્કૂલમાં જતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને મેં ઘણીવાર જોયાં છે અને એમાં મારા જોવામાં આવ્યું છે કે પારસી કે વ્હોરા છોકરા-છોકરીઓના પગ હમેશાં એકદમ સ્વચ્છ હોય છે, જ્યારે હિંદુ છોકરા-છોકરીના પગો ગંદા, ફાટેલા અને એવા જ એમનાં પગરખાં પણ હોય છે. બે ભોજન વખતે પગ બરાબર સાફ રાખીએ અને સૂતી વખતે હમેશાં સ્વચ્છ કરીને સૂવાની ટેવ જો રાખવામાં આવે તો ચરણકમળની સાર્થકતા અનુભવી શકાશે.

આપણા ઘણા વૃદ્ધોની નેત્રની જ્યોતિ મરતાં સુધી એવી ને એવી રહેતી એ ઘણાનો અનુભવ છે, કારણ કે એમનો મોટામાં મોટો ખાસ શોખ હોય તો તે શુદ્ધ ઘીનો હતો. આ ઉપરાંત અહિત આહાર વિહાર-અપથ્યો, અકરાંતિયાપણું, વિરુદ્ધ ભોજન વગેરેનો સદા ત્યાગ, ખૂબ જ તેજસ્વી, સૂક્ષ્મ અને ઝડપી પદાર્થો જોવાની ટેવ (જેમ કે સીનેમા લાઈટ) છોડી દેવી જોઈએ.

આ બધા ઉપાયો નિમિ-અર્થાત્ જનકે ઉપદેશેલા છે અને આંખનું પરમ રક્ષણ કરવા માટે ઉપયોગી છે

આ ઉપરાંત સિદ્ધભેષજ મણિમાલામાં એક ખાસ સૂચન કરવામાં આવ્યું છે.

सदैवदन्त पवनमक्षगं वाम दंष्ट्या ।
हरेत् नेत्रगदान् सर्वान् संशयश्चेत् परीक्ष्यताम् ॥

(સિદ્ધભોજ મણિમાળા)

અર્થાત્ સર્વ નેત્રરોગોને દૂર રાખવા માટે-હરવા માટે હમેશાં ડાબી બાજુની દાઢથી જ દાતણ ચાવવાનું રાખવું જોઈએ અને જેને આ વાતમાં સંશય હોય તે એની પરીક્ષા કરી જુએ.

બીજો જાણીતો પ્રયોગ છે પ્રાતઃકાળમાં નાકથી પાણી પીવું તે, ઉષ:પાન. એનાથી દૃષ્ટિ ગરુડ જેવી તીક્ષ્ણ અને તેજસ્વી થાય છે અને બુદ્ધિ ખીલે છે. મારા ત્રણેક સ્નેહીઓ કે જે વર્ષોથી આ પ્રયોગ કરે છે તેમની આંખો આજે, ૫૦–૫૫ વર્ષની ઉંમરે પણ, તેજસ્વી છે. અલબત્ત આ બધા વસ્તુ સમય અને શ્રદ્ધા માગે છે. લાંબો વખત પ્રયોગ ચાલુ રાખવો જ જોઈએ.

ધૂમ્રપાન:—આના વિષે પણ આયુર્વેદમાં અદ્ભુત વિધાનો કરવામાં આવ્યાં છે. જેને શિર, નાક કે આંખમાં કોઈ પણ રોગ હોય તેણે નાસિકા દ્વારા ધૂમપાન કરવું અને મોંથી ધુમાડો બહાર કાઢવો. કંઠગત રોગ હોય તો ધૂમ્રપાન મોંથી કરવું અને ધુમાડો પણ મોં વાટે જ બહાર કાઢવો. (આજે જેમ મોંથી પીને નાકથી ધુમાડો બધા બહાર કાઢે છે તેમ ન કરવું કારણ ધુમાડો પ્રતિલોમ માર્ગે થવાથી આંખોને અત્યંત નુકસાન કરે છે) એટલે કે આંખની સુરક્ષા ઇચ્છનાર જો મોંથી ધૂમ્રપાન કરે તો મોંથી જ ધુમાડો બહાર કાઢવો અને નહીં કે નાકથી. અગર નાકથી ધૂમ્રપાન કરી મોંથી ધુમાડો બહાર કાઢવો. :

(ચરક–સૂત્રસ્થાન—૫, ૪૩–૪૪)

ચક્ષુનું મહત્ત્વ-વૈદિક આર્યોની દૃષ્ટિએ—આ અને અન્ય ઉપચારોને આચરણમાં મૂકી આપણા પ્રાચીન આર્યો નેત્રની રક્ષાને જીવનમાં અગ્રપદ આપતા હતા. પોતાના સંપ્રદાય પ્રમાણે દિવસમાં એક, બે અથવા ત્રણ ત્રિકાળ સંધ્યાના અનુષ્ઠાનમાં તેઓ પ્રત્યેક જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયનું સ્પર્શન અને માર્જન (છાંટા નાંખવા) કરી સર્વ ઇન્દ્રિયોની અવિકલતાને સદૈવ દૃષ્ટિગત રાખતા હતા. સંધ્યાવિધિમાં એક મંત્ર છે જેનો એક સુપ્રસિદ્ધ અંશ છે—पश्येम शरदः शतम् । અર્થાત્ અમારી ચક્ષુરિન્દ્રિય સો વર્ષ સુધી કાર્યક્ષમ રહે ! એટલું જ નહિ પણ મંત્રના ઉપસંહારમાં તેઓ પ્રાર્થના કરતા હતા: भूयश्च शरदः शतात्-અમારી સર્વ ઇન્દ્રિયો સો વર્ષની મર્યાદા પછી પણ એટલી જ કાર્યક્ષમ રહો. આ લક્ષ્ય સિદ્ધ કરવા તેઓ કયા આહારવિહાર આદિનો ઉપયોગ પોતાના જીવનમાં કરતા હતા તેનું નિરૂપણ પૂર્વાચાર્યોના શબ્દોમાં કરવા આ લેખમાં નમ્ર પ્રયાસ કર્યો છે.

મૃત્તિકા [માટી]

વૈદ્ય પ્રભુભાઈ ભક્ત

મનુષ્ય શરીર તેમ જ સંપૂર્ણ જગતની ઉત્પત્તિના કારણભૂત જે પાંચ મૂલતત્ત્વ (પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ) હોય છે તેમાં માટી પાર્થિવ તત્ત્વનું એક પ્રધાન અંગ છે. મનુષ્ય શરીર આયુર્વેદાનુસાર પાંચ ભૌતિક છે, તેની સ્થિતિ માટે પંચભૂતાત્મક આહાર હોય છે. રોગોને દૂર કરનારા ઔષધ દ્રવ્યો પણ પાંચ ભૌતિક હોય છે. આથી માનવશરીરની ચિકિત્સામાં માટી એક બહુમૂલ્ય વસ્તુ છે. સંસારમાં જેમ જેમ પ્રાકૃતિક ચિકિત્સાનો વિકાસ થતો જાય છે તેમ તેમ માટીની ઉપયોગિતા વધુ પ્રકાશમાં આવતી જાય છે. પ્રાચીન આયુર્વેદ વાઙ્મયમાં પણ તેની ઉપયોગિતા સંબંધી ઘણાં અવતરણો છે. માટીના ઔષધીય પ્રયોગોનો પ્રચાર અને પ્રસાર પ્રાકૃતિક ચિકિત્સકોએ આયુર્વેદના મૂલ વચનોના આધાર પર જ કર્યો છે.

માટીના ગુણો—આયુર્વેદાનુસાર કાળી માટી ક્ષત-દાહ રક્તવિકાર-પ્રદર-કફ-પિત્ત-વ્રણ અને મૂત્રકૃચ્છ્રને દૂર કરે છે. આનો લેપ કરવાથી શિરામાંથી ઉત્પન્ન થયેલ સર્વાંગ શોથ દૂર થાય છે. માટી કૃમિ-વિષ-દુર્ગન્ધ-વિસૂચિકા (કોલેરા)-નેત્રરોગ-વિબંધ-વૃદ્ધિ (હાઈડ્રોસીલ)-અતિસાર-પામા-દંતશૂલ અને પ્રમેહને દૂર કરે છે.

મહાત્મા ગાંધીજીનું કથન છે કે આ શરીર આ માટીથી બન્યું છે અને એક દિવસ આ જ માટીમાં મળી જશે. એટલા માટે આ માટીની પટ્ટીને શિર પર અને પેટ પર રાખવાથી ઘણો જ લાભ થાય છે. મને અર્વાચીન ચિકિત્સામાં તેટલો વિશ્વાસ નથી જેટલો આ માટીની ચિકિત્સામાં છે. માટી શરીરના તમામ વિકારોને બહાર ખેંચી લે છે. આવા અદ્ભુત ગુણો જોઈ હું તેનો પ્રયોગ કરું છું અને તેના પ્રયોગની લોકોને ભલામણ કરું છું.

ભિન્ન ભિન્ન રોગો પર માટીના પ્રયોગો

રક્તવિકાર—શરીર પર થવાવાળી પિડિકાઓ-વિદ્રધિ-મધુમેહજન્યપિડિકા-અગ્નિદગ્ધવ્રણ-શ્વેતકુષ્ઠ-ગલિતકુષ્ઠ-ખસ-ખુજલી-ખરજવું-દરાજ વગેરે રક્ત અને ત્વચાના રોગોમાં ભીની માટીનો પ્રયોગ બહુ જ ગુણકારી છે. આ રોગોમાં ભીની માટીનો લેપ નિરંતર કરવાથી શરીરમાં રહેલી તમામ વિકૃતિઓ અવશ્ય દૂર થાય છે.

વિસૂચિકા—વિભિન્ન રોગોના જંતુઓને નષ્ટ કરવાની શક્તિ કાળી માટીમાં વિશેષ હોય છે. ૧ તોલા કાળી માટીમાં ૨૦ તોલા પાણી મેળવી ઉકાળવું થોડું પાણી બળે એટલે ઉતારી ગાળી લેવું. આ પાણી દર અર્ધો અર્ધો કલાકે ૧ તોલો પીવડાવવું. આથી ઝાડા-ઊલટી તેમ જ બીજા ઉપદ્રવો તત્કાળ દૂર થાય છે. આ પાણીમાં લીંબુનો રસ થોડો મેળવવામાં આવે તો તત્કાલ લાભ થાય છે. આ સિવાય આ રોગમાં અર્ધો ઇંચ જાડી કાળી માટીની ગાદી પેડુ પર મૂકવી હિતકારી છે. આવશ્યકતાનુસાર માટીની ગાદી બદલવી.

મૂત્રકૃચ્છ્ર—જે સ્તનપાન કરનાર શિશુને અથવા વયસ્ક પુરુષોને મૂત્રાવરોધ થાય તો તે સ્થિતિમાં નાભિની નીચે પેડુ પર માટીની ગાદી રાખવી. આથી બહુ જ થોડા સમયમાં મૂત્રાવરોધ દૂર થાય છે.

નેત્રરોગ—વારંવાર આંખો આવવી, આંખોમાં ખીલ થવા, આંખોની રતાશ,

આંખોમાંથી વારંવાર પાણી ટપકવું, આંખોનું તેજ ઓછું હોવું, વગેરે આંખોના રોગોમાં આંખોની ચારે તરફ માટીનો લેપ કરવો. તેમ જ માટીનું શુદ્ધ નીતરું પાણી આંખોમાં મૂકવું તથા આવશ્યકતાનુસાર માટીની પાતળી ગાદી મૂકવાથી આંખોના રોગો દૂર થાય છે.

માટીની ગાદી [Earth compress] : પ્રત્યેક રોગને દૂર કરવા માટે માટીની ગાદીનો ઉપયોગ કરવામાં આવે છે આને માટે શુદ્ધ અને રેતી વગેરેથી રહિત જમીનમાં બે થી ત્રણ ફૂટ ઊંડો ખાડો ખોદી તેમાંથી માટી કાઢવી જોઈએ અને તે માટીને સાફ કરી ગાળી લેવી અને તેની ગાદી બનાવવી. આ ગાદીને હાથ-પગ-ગળું-પેટ-પેડું-શિર વગેરે શરીરના કોઈ પણ ભાગમાં જ્યાં વેદના થતી હોય ત્યાં મૂકવામાં આવે છે. ત્યાર બાદ તેના પર એક સુતરનું કપડું રાખવું અને તેના પર એક ગરમ કપડું મૂકવું. તેના પર એક સાદા કપડાની પટ્ટી મૂકવી. આનો આશય એ છે કે માટી પોતાના સ્થાનેથી ખસી ન જાય. આ પટ્ટીના બન્ને છેડા પર સેફટી-પીન લગાવી દેવી. આ માટીની ગાદીના પ્રયોગ કરવાનો અનુકૂળ સમય રાત્રિ છે પરંતુ દિવસ દરમ્યાન પણ તેનો પ્રયોગ થઈ શકે છે. આ માટીની ગાદી સામાન્ય રીતે બે કલાક સુધી રાખવી જોઈએ. આથી વધુ સમય અથવા સંપૂર્ણ રાત્રિ સુધી પણ રાખવામાં આવે તો કંઈ હાનિ થતી નથી. જો કોઈ વ્યક્તિને આ પ્રકારની ગાદી રાતભર રાખવાથી ઊંઘ આવતી ન હોય તો તેને કાઢી નાખવી જોઈએ. કોઈ પણ પ્રકારની વેદનાનો વેગ બહુ જ તીવ્ર હોય તો આ માટીની ગાદીનો ઉપયોગ વારંવાર કરવો જોઈએ. થોડી થોડી વારે ગાદી બદલવી જોઈએ જેમ જેમ વેદના ઘટતી જાય તેમ તેમ તેનો પ્રયોગ પણ અલ્પ કરવો જોઈએ વેદનાયુક્ત સ્થાનની વિકૃતિને માટી બહુ જ ઝડપથી દૂર કરે છે. આથી બાહ્ય અને આભ્યન્તર બન્ને પ્રકારની વેદના દૂર કરવા માટે નિઃસંશય રૂપે માટીનો પ્રયોગ કરવો જોઈએ.

સર્વ રોગો અગ્નિની મન્દતા, અજીર્ણ, અને મળના સંચયથી થાય છે. માટે રોગોનાં મૂળ કારણોને દૂર કરવા માટે પેઢુ પર માટીની ગાદી રાખવી હિતકારી છે. કાયમની કબજિયાત દૂર કરવા માટે આ ઉપચાર સર્વશ્રેષ્ઠ છે.

મુદતિયા તાવ કે જેમાં તાવની ગરમી હમેશાં ૧૦૦° થી ઉપર જ રહે છે, કેટલીક વાર ૧૦૫ ડીગ્રી જેટલો પણ તાવ થઈ જાય છે. આ સ્થિતિમાં શિર પર બરફ મૂકવામાં આવે છે. આથી તાવનું ઉષ્ણતામાન ઘટી જાય છે. પરન્તુ ઘણા રોગીઓમાં પાછળથી શરદી વગેરે ઉપદ્રવો જોવામાં આવે છે. આથી આવી સ્થિતિમાં બરફની અપેક્ષાએ પેઢુ પર માટીની ગાદી રાખવામાં આવે તો રોગીનું ઉષ્ણતામાન જલદી ઓછું થઇ જાય છે અને બીજી કોઈ પણ પ્રકારની વિકૃતિ થતી નથી. માટીની ગાદી અથવા પટ્ટી પેઢુ પરથી લઈ લેવામાં આવે ત્યારે તેના પર હાથ રાખવાથી બહુ જ ગરમ માલુમ પડે છે, જેથી પ્રતીત થાય છે કે શરીરની ઘણી મોટી ગરમી ઓછી થઇ જાય છે. માટીની પટ્ટી યા ગાદી આવશ્યકતાનુસાર નિયત સમય સુધી રાખવી જોઇએ અને દિવસમાં ઘણી વાર બદલવી જોઇએ. રોગની તીવ્રતા હોય તો ગાદી શરૂઆતમાં જલદી જલદી બદલવી જોઈએ. રાત્રે સૂતી વખતે માટીની ગાદીને બાંધી દેવામાં આવે તો તેનાથી સારો લાભ થાય છે જ્યારે ગાદી બહુ જ ગરમ થઇ જાય ત્યારે તેને દૂર કરી બીજી ગાદી મૂકવી જોઇએ. જો એક વાર માટીની ગાદી રાખવાથી વેદના દૂર થાય નહીં તો તેને જ્યાં સુધી ઇચ્છિત લાભ ન થાય ત્યાં સુધી બદલતા રહેવું જોઈએ.

રક્તપ્રદર [લોહીવા]—આ એક બહુ જ ત્રાસદાયક વ્યાધિ છે. ઘણી બહેનો આ રોગથી પીડાય છે. શરમને કારણે સાચી હકીકતો વડીલો આગળ રજૂ કરી શકતી નથી. પરિણામે રોગનું સ્વરૂપ ગંભીર થતું જાય છે. જ્યારે સહન કરવાની શક્તિ રહે નહીં ત્યારે ચિકિત્સકો પાસે ઉપચાર કરાવવા જાય છે. જેથી કેટલીકવાર વધુ પડતા રક્તસ્રવને કારણે રુગ્ણાની સ્થિતિ ગંભીર થઇ જાય છે. આવી સ્થિતિમાં માટીની ગાદીનો પ્રયોગ એક સર્વ સંપૂર્ણ ઉપચારની ગરજ સારે છે. રુગ્ણાને સંપૂર્ણ આરામ આપવો. પલંગ પર ઉતાનાસાને રુગ્ણાને સુવડાવવી પગના ભાગ પર પલંગના પાયાને એક એક ઇંટ મૂકી ઊંચા કરવા. રુગ્ણાની નાભિની નીચે પેઢુ પર માટીની પહોળી ગાદી મૂકવી. આ ગાદી વારંવાર ગરમ થઇ જાય એટલે બદલ્યા કરવી. રાત્રે પણ ગાદી રાખવી. રોગની તીવ્રતાનુસાર ગાદીનો પ્રયોગ ચાલુ રાખવો. ૩૬ થી ૭૨ કલાકમાં રુગ્ણાને આશ્ચર્યજનક લાભ થાય છે. રક્તપ્રદરના ઘણા રોગીઓમાં હું આ પ્રાકૃતિક ઉપચાર જ કરાવું છું અને શતપ્રતિશત રોગીઓ સારા થાય છે.

આ ઉપચારો સાથે જો ઔષધોપચાર પણ ચાલુ રાખવામાં આવે તો બહુ જ જલદી રોગ સારો થાય છે. પ્રસંગવશ થોડા ઉપચારો સૂચવું છું:

(૧) ઉમરડાનું ઘન ૧ થી ૩ વાલ ત્રણ વાર દૂધ અને સાકર સાથે આપવું.

(૨) પલાશ-નિર્યાસ (ખાખરાનો ગુંદર) ૧ થી ૩ વાલ ત્રણ વાર દૂધ અને સાકર સાથે આપવો.

(૩) પુષ્પાનુગ ચૂર્ણ ॥ તોલો ત્રણ વાર સાકરના પાણી સાથે આપવું.

(૪) અધાભૂળાનું ચૂર્ણ ૧ થી ૨ વાલ ત્રણ વાર દૂધમાં આપવું.

(૫) તાંદળીઆના મૂળનું ચૂર્ણ ૧ વાલ ત્રણ વાર ચોખાના ઓસામણ અગર પાણી સાથે આપવું.

(૬) ફુલાવેલી ફટકડીનું ચૂર્ણ ૧ વાલ સાકરના પાણી સાથે ત્રણ વાર આપવું.

રક્તની અત્યધિક પ્રવૃત્તિ યોનિમાર્ગમાંથી થાય છે તે ઘાતક અર્બુદ (Cancer)ને કારણે છે કે નહિ તેની પણ પરીક્ષા કરી લેવી જોઈએ. રક્ત અતિદુર્ગન્ધયુક્ત, ઘણું કરીને નિરંતર તથા અતિ પ્રમાણમાં હોય, અને વય ૪૦ વર્ષની આસપાસ હોય, તો પ્રથમ આ રોગની આશંકા કરી નિષ્ણાત ચિકિત્સકો દ્વારા રોગપરીક્ષા કરાવી લેવી જોઈએ. જો રક્તસ્રાવ અર્બુદને કારણે હોય તો તેનો યોગ્ય ઉપચાર પ્રારંભથી જ શરૂ કરવો જોઈએ જેથી તે સાધ્ય બને. આથી જો વિપરીત અર્બુદનું ધ્યાન મનમાં ન રાખી રક્તપ્રદરની ચિકિત્સા કરવામાં આવે અને તેમાં સફળતા ન મળે તો પાછળથી રોગનું યથાર્થ નિદાન થાય તો જે કાળ વીતી ગયો છે તે કાળમાં તે રોગ સાધ્યથી અસાધ્ય દશામાં આવે છે. કારણ કે ઘાતક અર્બુદની સાધ્યતા તેના પ્રારંભિક નિદાનમાં જ છે. અર્બુદની શરૂઆતથી જ કાળી માટીનો પ્રયોગ ચાલુ કરવામાં આવે તો સફળતા મળે છે. અત્યધિક અવસ્થામાં ગર્ભાશય-નિર્હરણ એ જ એક સફળ ઉપચાર છે.

વૃદ્ધિ (હાઇડ્રોસીલ) તેમજ હર્નિયા (આંતરડું ઊતરવું): આ બંને રોગોમાં પણ માટીનો પ્રયોગ આશ્ચર્યજનક પરિણામ લાવે છે. વૃદ્ધિને દૂર કરવા માટે રાત્રે વૃષણો પર પાતળી મલમલના વસ્ત્રથી બનાવેલ ગાદી રાખી ઉપરથી ભીની લંગોટ બાંધી દેવો. સવારે ગાદી દૂર કરવી. સ્નાન કરતી વખતે વિકૃત વૃષણો પર શીતલ જલની ધારા કરવી. ગરમ પાણીનો પ્રયોગ વર્જ્ય છે. આ સિવાય કેવળ કાળી માટીનો લેપ પણ બહુ જ હિતકારી છે.

આ વ્યાધિને દૂર કરવા માટે ખડી માટીનો પ્રયોગ પણ સારો છે. ખડી માટી ૧ તોલો, ગધેડાની લાદ ૧ તોલો, આ બંનેને પીસી નગોળ અથવા એરંડાના પાનના રસમાં ખદખદતી તેનો કવોષ્ણ (સહી શકાય એટલો ગરમ) લેપ વૃષણો પર કરી લંગોટ બાંધી દેવી આથી વૃદ્ધિ અવશ્ય દૂર થાય છે.

હર્નિયાની પ્રારંભિક અવસ્થામાં એટલે કે જ્યાં સુધી આંતરડું ગોળીમાં આવ્યું નથી ત્યાં સુધી માટીની ગાદીથી નિશ્ચિત લાભ થાય છે. વૃષણોમાં આંતરડું આવી ગયા બાદ પણ આનો પ્રયોગ હિતકારી છે. કેટલાક રોગીઓને આથી લાભ થાય છે પરંતુ સ્થાયી લાભ થતો નથી. આ બન્ને રોગોમાં વિબંધ પર ખાસ ખ્યાલ રાખવો જોઈએ. મળપ્રવૃત્તિ સારી રીતે થતી હોય તો આ રોગોનો હુમલો થતો જ નથી. માટે આ બન્ને રોગોથી ગ્રસ્ત રોગીઓએ નિયમિત રૂપે સૂતના ફિકાળામાં દીવેલ લેવું જોઈએ.

દંતશૂલ—જડબાના જે તરફના ભાગના દાંતોમાં શૂલ થતું હોય તે તરફના ગાલ પર બહારની તરફ માટીની પટ્ટી અથવા ગાદી વારંવાર રાખવાથી દાંતોમાં થતું શૂલ બંધ થઈ જાય છે. બે ત્રણ વાર આ પ્રયોગ બરાબર કરવાથી હમેશને માટે દંતશૂલ બંધ થઈ જાય છે.

નસકોરી ફૂટવી—પિત્તપ્રધાન પ્રકૃતિવાળા રોગીઓને ગ્રીષ્મ ઋતુમાં વારંવાર નાકમાંથી રક્ત પડે છે. આવા રોગીઓ જો ઋતુની શરૂઆતથી જ માટીની ગાદી પેડુ પર રાખે તો આ રોગનો હુમલો થતો નથી અને રોગી સંપૂર્ણ સારો થઈ જાય છે.

સંક્ષેપમાં, માટી એ એક બહુ ગુણકારી ઔષધ દ્રવ્ય છે જેનો પ્રયોગ પ્રત્યેક પુરુષે કરવો જોઈએ. ઔષધોપચાર કરવાથી જે રોગો સહેલાઈથી દૂર થતા ન હોય તો તે સ્થિતિમાં માટીનો ઉપચાર અવશ્ય કરવો જોઈએ.

*

કોષ્ઠબદ્ધતા [કૉન્સ્ટિપેશન]

વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી

આજની સામાન્ય પ્રજાનો વ્યાપક વ્યાધિ એટલે કબજિયાત. તેને સંસ્કૃતમાં કોષ્ઠબદ્ધતા અને અંગ્રેજીમા કૉન્સ્ટિપેશન કહે છે. લીધેલા ખોરાકનો સમયસર પેદા થયેલો મળ ગુદાદ્વારથી વિના કષ્ટે નીકળી જાય તેનું નામ મળશુદ્ધિ; પરંતુ નિયમસર દસ્ત ન થાય, થાય તે પ્રમાણમાં ઓછો થાય, મળ કરતી વખતે કરાંજવું પડે, ઘણો સમય લાગે, અરધો-પરધો દસ્ત થાય અને પછી ગમે તેટલો વખત બેસી રહેતા છતાં દસ્ત થાય નહીં, અરધો બંધાયેલ અને અરધો ચીકણો, પાતળો, અપક્વ મળ થાય અને વારંવાર હાજત રહ્યા કરે—આ બધા મૂળ કોષ્ઠબદ્ધતાના જુદા જુદા પ્રકાર છે.

સામાન્ય તંદુરસ્ત માણસને આજે કરેલા ભોજનમાંથી ઉત્તપન્ન થયેલો પ્રાસાદ (રસ) જુદો પડતાં વધેલો કીટ (મળ) બીજા દિવસે સવારમાં શરીરમાંથી બહાર નીકળી જવો જોઈએ. પરંતુ છત્રીસ કલાક થઈ જવા છતાં પણ (આહાર લીધાને) મળ નીકળે નહીં અને આંતરડામાં ભરાઇ રહે ત્યારે તેને કબજિયાત કહી શકાય.

જ્વર આદિક રોગોનાં કારણે બીજા લક્ષણો સાથે મળાવરોધ થાય એ એક જુદી હકીકત હોવા છતાં તે તે રોગોમાં પણ મળાવરોધ છે તે હકીકત ચિકિત્સક ધ્યાનમાં જરૂર લે છે પરંતુ આપણે રોગ સાથે સંબંધ ધરાવતા મળાવરોધની આ જગ્યાએ વિચારણા કરતા નથી પરંતુ સામાન્ય જનસમાજને રોજ બરોજ જે મળશુદ્ધિ થવી જોઇએ તે થતી ન હોય (શહેરી જીવનનો કબજિયાત એ આજે મુખ્ય રોગ બની ગયો છે) તે માટે વિચારવાનું છે.

રોજની મળશુદ્ધિ થવામાં આમાશયની પાચનક્રિયા, યકૃત, અગ્ન્યાશય અને નાના આંતરડાના પાચક પિન્ડોની ક્રિયા, લીધેલા આહારની આંતરડામાં થતી ગતિ અને મોટા આંતરડામાં રસશોષણ ક્રિયા—આ સઘળી ક્રિયાઓ જો સમ્યક્ પ્રકારે થતી હોય છે (થવી જોઇએ), અને આંતરડા સાથે સંબંધ ધરાવનારી વાતવહા નાડીઓ (જ્ઞાનતન્તુ)ની સબળતા અને માનસિક અતિ શ્રમ, ચિન્તા અને શોક આદિકનાં અભાવવાળું જીવન આ બધા શારીરિક અવયવો અને માનસિક કારણોનો વિચાર પણ બુદ્ધિમાન ચિકિત્સકે કરવાનો હોય છે. સામાન્ય પ્રજાએ પણ શરીરની આંતરિક ક્રિયાઓની ભલે ખબર ન પડે છતાં માનસિક બાબતો તરફ લક્ષ આપવા જેવું અને વિચારવા જેવું તો છે. કબજિઆત અનેક રોગોની જનની તો છે જ પરંતુ ઘણું કબજિયાતવાળાના શરીરમાં એક પ્રકારનું દૂષી વિષ (Toxin) પેદા થાય છે અને સમગ્ર શરીરમાં વ્યાપે છે. કબજિયાતના દર્દીમાં સ્નાયુ-દૌર્બલ્ય, કામ કરવામાં ઉત્સાહનો અભાવ, શારીરિક અને માનસિક અવસાદ, મસ્તક હમેશાં ભારે રહેવું, અગ્નિમાંદ્ય, દાંત ઉપર છારી, અને મળના પોપડા બાઝવા, મોઢામાંથી દુર્ગંધ આવવી, હૃદયની ગતિ વધી જવી (પાલ્પિટેશન), થોડું કામ કરતાં શ્રમ લાગવો, ચીડિયો સ્વભાવ આદિ અનેક ફરીઆદો રહે છે.

આજે કબજિયાત શાથી આટલી વધી છે ?

આહારવિહારમાં સ્વચ્છંદ વૃત્તિ, પ્રકૃતિથી પ્રતિકૂળ ભોજન, વારંવાર અને અનેક વખત જાતજાતનું ખાવાની આદત, સમય થવા છતાં ભોજન ન કરવું, ઉપરાઉપરી ઉપવાસ,

અતિ સ્નિગ્ધ—મિષ્ટાન્ન ભોજન, વારંવાર વિરેચન (ઝાડો સાફ થવાની દવા) લેવાની ટેવ, શોક, ચિન્તા, ઉજાગરા, સતત મુસાફરી (ટ્રાવેલિંગની નોકરીઓ કરનાર), ચા-સિગારેટ, તમાકુનું વ્યસન, શારીરિક કસરતનો અભાવ, માનસિક વધુ પડતો બોજો વગેરે કારણો આપી શકાય. શહેરી જીવન ભોગવતા મધ્યમ વર્ગના અને નીચેના થરના મજૂરો અને કારીગરોનાં જીવનમાં ઊંડા ઉતરીએ તો જોવા મળે છે કે એમની ખોરાકની અનિયમિતતા, બહારનું ભેળ ભૂસું ખાવાની ટેવ, રાતપાળી અને બીજી રીતે વધુ કમાઈ લેવા માટે દિવસે નોકરી ઉપરાંત રાતનું ઉદ્યમથી રાખેનું કામ પૂરું કરનાર સુથાર-કડીઆ-મજૂરો-ઈલેક્ટ્રિક વાયરમેનો અને અન્ય આ પ્રકારનાં શ્રમજીવીઓ શરીરનું થોડાંક વર્ષોમાં સત્યાનાશ કાઢી નાખતા જોવામાં આવે છે. ઘોડાને ચાબુક મારી ચલાવવામાં આવે તેમ એમનો વધારાનો શ્રમ જીરવવા ચા અને બીડીઓ બેહદ વાપરે છે અને આયુષ્યને ટૂંકું કરી નાખે છે.

સુખી શ્રીમંતો અને ઉપરના થરનાં માનવીઓને શરીરનો શ્રમ હોતો નથી તેને બદલે માનસિક બોજો એટલી હદ બહારનો હોય છે કે તેમનાં જ્ઞાનતન્તુ શિથિલ થઈ જાય છે. બીજી તરફથી એમના ખોરાકમાં ચરબીનાં તત્ત્વો દૂધ, મીઠાઈ અને તળેલા પદાર્થો વિગેરે અને ચટાકાઓ એક તરફથી આંતરડાની શક્તિ નબળી બનાવી દે છે અને જ્ઞાનતન્તુની થકાવટ અને નિર્બળતા એમને કબજિયાતના ભોગ બનાવે છે.

જ્ઞાનતન્તુની શિથિલતા એ કબજિયાતના રોગીમાં મહત્ત્વનું એક કારણ છે. આંતરડામાં આહાર રસનું મંથન અને આગળ ગતિનો આધાર સફળ અને સશક્ત જ્ઞાનતન્તુ ઉપર આધાર રાખે છે.

બાલ્યાવસ્થામાં બાળકોને ચાનું વ્યસન જે વખતે એને દૂધ અને ફળ રસની જરૂર હોય તે વખતે તેના બદલે ચા પીવરાવવામાં આવે, બાળાગોળી અને બાળાગોટલીમાં જાયફળ જાવંત્રી અફીણ કે પોપરોડાનું ધન નંખાય, અને આવી બાળાગોટલીઓનું વ્યસન કરાવાય, તેથી અનેક રોગીઓને ઊછરની ઉંમરમાં જ્ઞાનતન્તુ શિથિલ થઈ જવાથી નાનપણથી જ કબજિયાતની શરૂઆત થઈ જાય છે (હાઈસ્કુલમાં ભણતાં છોકરાઓ અને છોકરીઓ, કોલેજિયનો મેંકડોની સંખ્યામાં કબજિયાતની ફરીઆદ કરતાં અમારી પાસે આવે છે) એટલું જ નહીં માતાના સગર્ભાવસ્થામાં કુપથ્યના કારણે, જન્મ લીધા પછી બાળકને ઝાડો થતો નથી, હરડે અને દીવેલ આપવા છતાં મળ થતો નથી, આવા કેસો પણ મેંકડો જોવામાં આવે છે.

અને આ રીતે વિદ્યાર્થી અવસ્થાના નવજુવાનો અને કિશોર અવસ્થાનાં બાળકોને કબજિયાત થાય છે અને સતત હેરાન કરતી હોય છે તો તેની અસર મસ્તિષ્ક અને બુદ્ધિના વિકાસની ઊણપમાં પરિણમે છે. યાદદાસ્ત મંદ પડતી જાય છે એટલે કબજિયાત લાગુ થાય તે કરતાં તે રોગ શરૂ જ ન થાય તે માટે કાળજી રાખવી જોઈએ.

આગ્નેય રસ અને સૌમ્ય રસનાં શોષણ માટે પ્રાણદા નાડીઓના તન્તુ (Vagi Nerve fibers) અને ઈડા-પિંગળા નાડીઓના તન્તુ (Sympathetic Nerve fibers) જવાબદાર માનવામાં આવે છે. તેમાં પ્રાણદા નાડીના તન્તુ ગતિનો રોધ કરે છે અને ઈડાપિંગળાના તન્તુ ગતિની વૃદ્ધિ કરે છે. આ પ્રમાણે એક બીજાના ઉપર અંકુશ રાખીને આંતર ક્રિયામાં પોતાના બળ અનુસાર સહાયતા આપે છે. આ જ્ઞાનતન્તુ નીચે બતાવેલાં અને ઉપર કહેવામાં આવેલાં કારણોથી, જ્યારે શિથિલ થઈ જાય છે ત્યારે યથોચિત કાર્ય નથી થઈ શકતું.

પાન્ડુ રોગ, સાંસર્ગિક જ્વર, ચિરકારી વૃક્કદાહ, મસ્તિષ્ક વ્યાધિ, અપસ્માર, ઉન્માદ, જ્ઞાનતન્તુનાં વ્યાધિ, ઉરુ સ્તંભ, શ્રમનો અભાવ, વૃદ્ધાવસ્થા, શારીરિક નિર્બળતા, મળ મૂત્રના વેગ રોકવાની ટેવ, લાંબા વખતનું અજીર્ણ, અધિક સંતાન થતાં, (સ્ત્રીઓને) ગર્ભાશય કે બીજકોશની વ્યાધિ, અફીણ આદિકનાં વ્યસન—આ કારણોથી આંતરડાનાં જ્ઞાનતન્તુ શિથિલ થઈ જાય છે.

મળાવરોધ રહેવા લાગે છે, એટલે મળમાંથી સેન્દ્રિય વિષનું રક્તમાં શોષણ થવા લાગે છે જેના પરિણામે જાતજાતના સ્થાનિક અને સાર્વદૈહિક વિકારોની ઉત્પત્તિ થવા માંડે છે. એપેન્ડિસાઇટિસ, આંતરડામાં વ્રણ, આમાશયની શિથિલતા, આમાશય વ્રણ, ઉદરશૂળ, કૃમિ, આધ્માન, દાંતના રોગો ને મોઢામાં છાલા ચાંદીઓ, અર્શ આદિ વ્યાધિઓ થાય છે.

સાર્વદૈહિક વિકારોમાં સ્મરણશક્તિ મંદ થવી, ચિત્તની અપ્રસન્નતા, ક્રોધી અને ચીડિયો સ્વભાવ, રક્તાભિસરણ ક્રિયામાં પ્રતિબંધ, શિરશૂળ, નિદ્રાભંગ, હૃદયની ગતિ દોડતાં કે ચાલતાં દાદરો ચઢતાં વધી જવી, અરુચિ, અગ્નિમાંદ્ય, નિસ્તેજતા, દર્શનશક્તિમાં ન્યૂનતા, હાથ-પગ તૂટવા, હાથ પગનાં તળિયાં ઠંડાં રહેવાં, નિર્બળતા, સહેજ કારણ મળતાં જ્વર આવી જવો, શરદી થઇ આવવી, કફવૃદ્ધિ, પ્રમેહ, સ્વપ્નદોષ, શુક્રસ્રાવ.

કબજિયાતના દરદીને કેવા રોગો ને કેવાં લક્ષણો થાય છે તે ફરી વર્ણન અમે એ માટે લખ્યાં કે આજે જરા જેટલું લક્ષણ બદલાતાં રોગની શોધ માટે મોટી દોડાદોડ અને યંત્રોની પકડમાં માનવી ફસાઈ પૈસાનું પાણી કરી નવા વહેમો એકઠા કરે છે ત્યારે તેનું મહત્ત્વનું કારણ જાથુની કબજિયાત હોય છે. તેને નિવારવાથી અનેક રોગોનું આપોઆપ શમન થઇ જાય છે.

વાચક એ પ્રશ્ન પૂછશે કે વાત સાચી. કબજિયાત મહીનાઓથી નહીં વર્ષોથી પાછળ પડી છે, અનેક ફાકી ફાકા ને ઓસડીઆં ટેબ્લેટો લઈ કંટાળ્યા છીએ. તમારો લેખ અમે એ માટે વાંચવા વિચારવા બેઠા છીએ કે તમે કોઈ એવો રસ્તો બતાવો છો સહેલાઈથી મળત્યાગ થાય અને કબજિયાત દૂર થાય.

હા, હું તમારા પ્રશ્નનો જવાબ હકારમાં આપીશ. મળત્યાગ કરવો કે થવો એ શરીરનો સ્વસંચાલિત ધર્મ છે, શરીરનાં બીજાં અંગો ઊપડે વસાય તે માટે કશીએ ફાકી કે ટેબ્લેટ લેવી નથી પડતી તો પછી વખતસર મળાશય ઊપડે, એકઠો થયેલો કચરો બહાર નીકળી જાય અને મળશુદ્ધિ થાય એ માટે મુશ્કેલી શા માટે હોઈ શકે? અને જો મુશ્કેલી છે તો આપણે કબજિયાત પાછળનું કારણ શોધવું જ પડશે.

તમે તમારી દિનચર્યા ઉપર નજર ફેરવી જુઓ. કહો કબજિયાત થાય-રહે એવી તમારા આહારવિહારમાં કોઈ ખામી છે? અને હોય તો તેને દૂર કરવા પ્રયત્ન શરૂ કરો, અને ધીરજપૂર્વક આંતરડાનું બળ વધે એવા પ્રથમ કુદરતી ઉપાયો તરફ વળો.

(૧) સવારના પાંચ વાગ્યે ઊઠો, જરૂર ઊઠો, અને રાત્રે ત્રાંબાના લોટામાં ભરી રાખેલું પાણી કપડેથી ગાળી ૨૦ થી ૩૦ તોલા સુધી પી લ્યો. આનું નામ ઉષ:પાન. એના ગુણનું વર્ણન નહીં કરું પરંતુ સેંકડો મનુષ્યની કબજિયાત નિયમિત કરાતા ઉષ:પાનથી દૂર થઇ છે.

(૨) ખોરાક ઘણો ધીમે, સારી રીતે ચાવીને ખુશમિજાજમાં પૂર્ણ શાન્તિ જાળવીને લો. આપણો ગુજરાતી ખોરાક બધી દૃષ્ટિએ પૂર્ણ છે, માત્ર અંદર રોજ એકાદ ફળનો

ઉમેરો કરવામાં આવે તો. કેળાં, સક્કરજન, જમરૂખ, પેપૈયું, કેરી, દ્રાક્ષ આ ફળો કબજિયાત દૂર કરવામાં મદદ કરે છે. ફોતરાંવાળાં કઠોળ તથા ભાજીનું સ્થાન નિત્ય આહારમાં હોવું ઘટે.

આટો બને તેટલો જાડો, ચોખા હાથછડના, કઠોળ ફોતરાંવાળાં લેવાનો આગ્રહ રાખો. જમ્યા પછી અરધો કલાક આરામથી ડાબા પડખે સૂવાનું રાખો. જમીને તરત ઘણું પાણી પીવું, અગ્નિ પાસે બેસવું, પાણીમાં તરવું, કસરત કરવી, મૈથુન કરવું, દોડવું, ચાલવું, ગાયનો ગાવાં, ભણવા બેસવું, આ સઘળું જમીને તરત-નુકસાન કરનાર છે. રસસ્રાવી ગ્રન્થિઓ ઉપર વિરુદ્ધ અસર નિપજાવી આંતર ને બીજા પાચક અવયવોની શક્તિ ઘટાડે છે અને કબજિયાતનો જન્મ થાય છે. મળશુદ્ધિ માટે જાજરૂમાં પ્રવેશ કર્યા પછી પણ ધીરજ રાખવી, થોડો વધુ વખત થાય તો અકળાવું નહીં, તેમ કરાંઝીને મળત્યાગ કરવાની આદત ન પાડવી.

ચાના જમાનામાં એક વખત ઊઠીને અને બીજી વખત ચા પીધા પછી એમ બન્ને વખત થઈને મળશુદ્ધિ થઇ જાય તેને રોગ ન માનવો.

ખોરાકમાં ફેરફાર કરીને સમજી વિચારી અનુભવીની સલાહ પ્રમાણે ખાસ પદાર્થો આહારમાં ઉમેરો કરવાથી પણ મળાવરોધ દૂર થાય છે.

રાત્રે સૂતાં અગાઉ પેઢા ઉપર પલાળેલી માટી, રોટલા જેટલી જાડી, કલાક મૂકવાથી ઘણાની કબજિયાત હમેશને માટે દૂર થઈ છે.

દશ વરસના જૂના કબજિયાતના એક દરદીને બધો ખોરાક બંધ કરાવી, સવારે એકલા મગ, બપોરે ત્રણ વાગે મોસંબીનો રસ એક ગ્લાસ, સાંજે એક રતલ તાંદલજાની ભાજી અને રાત્રે પેઢા ઉપર માટીનો પ્રયોગ—માત્ર દશ જ દિવસમાં વગર દવાએ ફાકી કે ફાકા સિવાય મળ સારી રીતે આવતો થયો. ભાજી-મગમાં સાધારણ તેલ-મરચાં હવેજ લીંબુની છૂટ આપી હતી. હમણાં બસ તબીઅત સરસ છે, દવા નથી લેવી પડતી, ઊલટાનું વજન વધ્યું છે.

ગ્લીસરાઇન શીરીંજ લેવાથી મળ શુદ્ધ થઇ જાય છે. ફાકડા ભરવા કરતાં આ સારું છે.

ઇસબગુલની ભુસી આખા દિવસમાં દોઢ તોલા જેટલી વારંવાર અથવા સવાર સાંજ લેવાથી આંતરડાની શ્લૈષ્મિક કળાની વિકૃતિ દૂર થઇને સવારના એક જ મળ આવે છે. પિત્ત પ્રકૃતિના ઉષ્ણતાવાળા-જૂના મરડાના દરદી મળ સુકાઈ જઈ લીંડીઓ જેવો થઈ જતો હોય તેવા દરદીને ઘણી વખત ઇસબગુલ અમૃત સમાન ગુણ કરે છે.

હરડે ૭ આની ભાર, મોટી સંચળ બે આની ભાર, બન્ને મેળવી પરોઢમાં પાંચ વાગે લઈ લેવામાં આવે તો, સવારના સાત વાગામાં પેટ સાફ થઇ જાય છે, વાયુ નીકળી પેટ દોષરહિત બને છે.

સિંધવ ૩ તોલા, અજમો ૩ તોલા, શુંઠ ૬ તોલા, મોટી હરડે સારી ૧૨ તોલા (ઠળીઆ વગર), ખાંડી કરેલું ચૂર્ણ અપાનવાયુ નીચે ઉતારી દસ્ત સારો લાવે છે. આમ દોષવાળાને અને ઊર્ધ્વ વાયુવાળા માટે ઉમદા વસ્તુ છે.

આંતરડાનું બળ વધારવા આંતરડા સાથે સંબંધ ધરાવતા જ્ઞાનતન્તુની શક્તિ સતેજ કરવા માટે, સુવર્ણ પર્પટી, અભ્રક ભસ્મ, તાપ્યાદિ લોહ, અગ્નિ તુંડિ, કર્પૂરાદિવટી, વગેરે દવાઓ સારા વૈદ્યની દેખરેખ નીચે થોડો વખત સેવન કરવાથી આંતરડાની શક્તિ વધે છે અને એની સંકોચ વિકાસની સ્વાભાવિક ક્રિયા શરૂ થતાં મળાવરોધ દૂર થાય છે.

સંપ્રાપ્તિ ભંગ

લાભશંકર જાદવજી ઠાકર એમ. એ.

શિર્ષક વાંચીને કોઈ વાચકમિત્રને કવિ ભાસની 'ઉરુભંગ' નામની અપૂર્વ નાટ્યકૃતિનું સ્મરણ થશે. ભીમ દુર્યોધનના ઉરુને ગદાથી ચૂર્ણ કરી નાખે છે એ પુરાણ-પ્રસિદ્ધ વસ્તુ પર કવિ ભાસે લઘુ નાટ્યકૃતિનું સંયોજન કરેલું છે. વૈદ્યે પણ ભીમકૃત્ય કરવાનું હોય છે. એ કૃત્ય કરી શકે તો જ વૈદ્યને વિજય વરે છે. ભીમે ઉરુનો ભંગ કર્યો હતો તેમ વૈદ્યને સંપ્રાપ્તિનો ભંગ કરવાનો હોય છે. આ સંપ્રાપ્તિ એટલે શું તે પ્રથમ વિચારીએ.

સંપ્રાપ્તિ એટલે વાતાદિ દોષના સંચયથી માંડીને પ્રકોપ-પ્રસર-સ્થાનસંશ્રય તથા વ્યાધિજન્મ સુધીની સળંગ પ્રક્રિયા. રોગના ઉપચારમાં વૈદ્યે સંપ્રાપ્તિભંગ કરવાનો હોય છે. અર્થાત્ રોગને ઉત્પન્ન કરનાર વચ્ચેની શૃંખલાને તોડી નાખવાની હોય છે. જે વૈદ્ય દર્દીના રોગની સંપ્રાપ્તિને બરાબર સમજી જાય છે અને સચોટ ઔષધપ્રયોગ કે ક્રિયાકર્મથી એ સંપ્રાપ્તિને તોડી નાખે છે તે વૈદ્ય પિયૂષપાણિ છે.

એક ઉદાહરણ

સંપ્રાપ્તિને મધુકોષકારે અસમવાયિ કારણ માન્યું છે. કોઈ પણ કાર્યની ઉત્પત્તિમાં ત્રણ કારણો હોય છે: સમવાયિ કારણ, અસમવાયિ કારણ અને નિમિત્ત કારણ. ઘડાની ઉત્પત્તિમાં માટી સમવાયિ કારણ છે. કૂપાલદ્વયનો સંયોગ અસમવાયિ કારણ છે અને કુંભાર, ગધેડા તથા અન્ય સાધનો નિમિત્તકારણ છે. રોગરૂપી કાર્યની ઉત્પત્તિમાં આહારવિહાર સમવાયિ કારણ, સંપ્રાપ્તિ અસમવાયિ કારણ તથા વાતાદિ દોષો નિમિત્ત કારણ છે. કપાલ-દ્વયના સંયોગરૂપ અસમવાયિ કારણના અભાવથી જેમ ઘડાનો અભાવ થાય છે, તે પ્રમાણે રોગમાં પણ સંપ્રાપ્તિરૂપ અસમવાયિ-કારણના અભાવથી રોગરૂપી કાર્યનો પણ અભાવ થાય છે. વિજયરક્ષિત લખે છે:

यथा — कपालमालासंयोगस्यासमवायिकारणस्य विनाशादपि घटाभावः तथा—रोगेऽपि संप्राप्तिलक्षणस्य संयोगस्य विनाशाद्रोगस्यापि विनाशः ॥

(મા. નિ. શ્લો. ૮-૯ પરની ટીકા)

સંપ્રાપ્તિનો નાશ કરવાથી રોગનો પણ નાશ થાય છે એમ કહેનાર શાસ્ત્ર કાર્ય-કારણના સંબંધ પર રચાયેલું શાસ્ત્ર છે. એને અવૈજ્ઞાનિક કે હંબગ કહેવું તે પ્રજ્ઞાપરાધ છે. અહીં કાસ (ઉધરસ)ની સંપ્રાપ્તિ અને એનો ભંગ કરવાથી મળેલી સફળતાનો અનુભવ પ્રસ્તુત કરું છું. પ્રથમ ઉધરસની સંપ્રાપ્તિ જુઓ:

अधःप्रतिहतो वायुरूर्ध्वस्रोतः समाश्रितः ।
उदानभावमापन्नः कण्ठे सक्तस्तथोरसि ॥
आविश्य शिरसः खानि सर्वाणि प्रतिपूरयन् ।
आभञ्जन्नाक्षिपन् देहं हनुमन्ये तथाऽक्षिणी ॥

नेत्रे पृष्ठमुरः पार्श्वे निर्भुज्य स्तम्भयंस्ततः ।
शुष्को वा सकफो वाऽपि कसनात्कास उच्यते ॥
(च. चि. १८ : ६, ७, ८)

નીચે તરફથી પ્રતિહત થયેલો વાયુ ઉપરના સ્રોતોનો આશ્રય કરી ઊંચે જવાના સ્વભાવને પ્રાપ્ત થતાં કંઠમાં તથા છાતીમાં રોકાઈને મસ્તકનાં સર્વ છિદ્રોમાં પ્રવેશ કરી તેઓને ભરી દઈ દેહ, હનુ, મન્યા તથા નેત્રને ભાંગતો તથા આક્ષિપ્ત કરતો નેત્ર, પીઠ, છાતી તથા પડખાને વાંકા વાળીને પછી સ્તબ્ધ કરતો સૂકો અથવા કફસહિત ઊંચી ગતિવાળો તથા છાતી વગેરેને પીડનારો હોવાથી 'કાસ' કહેવાય છે.

નીચેથી પ્રતિહત થયેલો વાયુ તે અપાન. અપાન અધોગમનશીલ છે. એની સ્વાભાવિક ગતિ નીચે તરફ છે. સંગ્રહકારે અપાનનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે. વિસ્તારભયે અહીં અવતરણ આપતો નથી. પોતાના અધોગામી સ્વભાવને ત્યજીને અપાન ઊર્ધ્વગામી બને છે. આ સંપ્રાપ્તિને તોડીને અપાનને જો અધોગામી બનાવી શકાય તો ઉધરસ ચમત્કારિક રીતે બંધ થઈ જાય છે. અપાનને અધોગામી કરવા માટે વાતજ કાસમાં બસ્તિપ્રયોગ પ્રશસ્ત છે. દર્દી જો એને માટે તૈયાર હોય તો એનો અવશ્ય ઉપયોગ કરવો. બસ્તિપ્રયોગથી બદ્ધમલનું નિષ્કાસન થાય છે. પક્વાશયમાં સ્નિગ્ધતા પ્રસરે છે. અપાનનું અનુલોમન થાય છે. પરિણામે કાસ ચમત્કારિક રીતે બેસી જાય છે. અહીં કહેવાની જરૂર નથી કે સાબુની એનીમા આપવી તે આયુર્વેદીય બસ્તિ નથી બલ્કે સાબુ જેવા રુક્ષ પદાર્થનો ઉપયોગ વિઘાતક છે. બસ્તિના પ્રકારો અને એમાં પ્રયોજાતાં દ્રવ્યોનું નિરૂપણ કરવાનો અહીં ઉપક્રમ નથી. બસ્તિ માટે સાદામાં સાદો પ્રયોગ એરંડતૈલમિશ્રિત સુખોષ્ણ જલનો કરી શકાય.

બસ્તિ લેવા માટે રોગી તૈયાર ન હોય તો એને આ સાથે એરંડતૈલને મિશ્રિત કરીને વિરેચન આપવું. એરંડતૈલ 'વાતગજ કેસરી' છે. સંચિત મલનો નિકાલ કરી અપાનના માર્ગાવરોધને એ દૂર કરશે. અપાનનું અનુલોમન કરશે. પરિણામે કાસ દૂર થશે. આ અનુભૂત પ્રયોગ છે. મલશુદ્ધિ થયા પછી કાસ બેસી જાય છે. આ પછી રોગીએ થોડા દિવસ સુધી નિદાનપરિવર્જન કરવું. અર્થાત્ જે આહારવિહારને કારણે કાસ થઈ હોય તે આહારવિહારનો ત્યાગ કરવો.

ક્ષતજ કાસ અને ક્ષયજ કાસમાં ઉપરનો પ્રયોગ કરવો નહીં. બાકીની વાતજ પિત્તજ અને કફજ ઉધરસમાં નિઃશંક રીતે દિવેલના વિરેચનનો ઉપયોગ કરી શકાય.

ઉપરનો સાદો સીધો પ્રયોગ અવશ્ય ફલદાતા છે. એમાં રોગરૂપી કાર્યની ઉત્પત્તિના અસમવાયિ કારણરૂપ સંપ્રાપ્તિનો નાશ થાય છે. અસમવાયિ કારણનો નાશ થતાં કાર્યનો પણ નાશ થાય છે. ઉપર ચડેલો અપાન અધોગામી થતાં કાસ દૂર થાય છે.

શિરોવેદના [He dache]

ગોવિંદ દવે

એસ્પ્રો અને એનેસીન જેવી આશુકારી દવાઓના આ યુગમાં માથાના દુખાવા વિશેનો લેખ જોઈને જ ઘણાનું માથું દુખશે માથાનો દુખાવો કયા કારણોથી થાય છે, તેમાં શું પથ્યપાલન કરવું તથા કયી દવા લેવી તે બધાની લંબાણભરી માથાકૂટ કર્યા કરતાં એસ્પ્રોની બે ટીકડીઓ લઈ લેવી તે જ સરળ માર્ગ છે એમ ઘણાને લાગતું હશે. પરંતુ માથાનો દુખાવો દૂર કરવાની પ્રક્રિયા દેખીતી રીતે ઘણી સરળ લાગતી હોવા છતાં તે કેટલાંક વિપરિણામો લાવે છે. આયુર્વેદશાસ્ત્રમાં તો એક રોગને મટાડતા જતાં બીજો રોગ ઉત્પન્ન થાય તેને સફળ ચિકિત્સા ગણવામાં નથી આવતી. ચિકિત્સાનું ધ્યેય આરોગ્યનું સ્થાપન કરવાનું છે, રોગનું નહીં. આયુર્વેદ વિશે એક બીજી માન્યતા પણ રૂઢ થયેલી છે કે તે ખૂબ લાંબી ચિકિત્સા પદ્ધતિ છે તે પણ ભ્રામક છે. આ લેખમાં બતાવેલી શિરોવેદનાની ચિકિત્સા વાંચ્યા પછી આ મુદ્દો વધુ સ્પષ્ટ થશે

શિરોવેદનાને આયુર્વેદમાં શિરોરોગ કે શિરસ્તાપ પણ કહે છે. જ્યારે દોષો મસ્તકમાં સ્થાનસંશ્રય કરે છે ત્યારે તે શિરોરોગ ઉત્પન્ન કરે છે. મસ્તકને આયુર્વેદમાં ઉત્તમાંગ કહ્યું છે. આપણા ધર્મગ્રંથોમાં અને આયુર્વેદમાં પણ મનુષ્યને ઊર્ધ્વમૂલ અને અધઃશાખા ધરાવનાર પ્રાણી ગણ્યો છે. અત્યારના વિજ્ઞાને પણ સાબિત કર્યું છે કે આપણા સમગ્ર શરીરમાં ફેલાયેલ જ્ઞાનતંતુઓનું કેન્દ્ર મગજ છે અને તે મસ્તકમાં આવેલું છે. તેથી તેમાં થતા રોગો તરફ બેદરકારી રાખવી તે મોટો પ્રજ્ઞાપરાધ ગણાય. સુશ્રુતે ઉત્તરતંત્રના ૨૫ અને ૨૬મા અધ્યાયોમાં શિરોરોગો વિશે ખૂબ સૂક્ષ્મ વિચારણા રજૂ કરી છે. તે શિરોરોગના ૧૧ પ્રકારો ગણાવે છે. અર્થાત્ શિરોવેદના થવાનાં ૧૧ કારણો છે અહીં વિસ્તારભયથી હું બધા પ્રકારો ગણાવતો નથી પરંતુ તેમાંના પ્રચલિત પ્રકારોનો ઉલ્લેખ કરું છું.

વાત, પિત્ત અને કફ એ ત્રણેય દોષોથી શિરોરોગ થાય છે. જો રક્ત વિકૃત થયું હોય તો પણ તે શિરોરોગ ઉત્પન્ન કરે છે. મસ્તકમાં જો કૃમિ થયા હોય તો તે પણ શિરોવેદના ઉત્પન્ન કરે છે. કૃમિજન્ય શિરોવેદનામાં નાક દ્વારા પાણીની સાથે રક્ત પણ નીકળે છે. તેથી તે બીજા પ્રકારો કરતાં ભિન્ન લક્ષણયુક્ત છે. જો રસ, રક્ત વગેરે ધાતુઓનો ક્ષય થયો હોય અને તેને પરિણામે શિરોવેદના થાય તો સ્વેદન, વમન, ધૂમ્રપાન અને નસ્ય વગેરે ઉપચારોથી તેની (શિરોવેદનાની) વૃદ્ધિ થાય છે. તેમાં તર્પણક્રિયા કરવી જરૂરી બને છે.

માથાના દુખાવાના એક પ્રકારને સૂર્યાવર્ત કહે છે. તેમાં સૂર્યોદય થાય ત્યારથી મસ્તકમાં ધીમી ધીમી વેદના શરૂ થાય છે અને સૂર્ય જેમ જેમ ઊંચે ચડે છે તેમ તેમ તે વેદના વધે છે. સૂર્યાસ્તની સાથે વેદનાનું પણ શમન થાય છે સૂર્યની ગરમી વધવાની સાથે આ રોગમાં વૃદ્ધિ થતી હોવાથી તેમાં પિત્તના આધિક્યનું અનુમાન સહેજે થઈ શકે તેમ છે.

માથાના દુખાવાના એક બીજા પ્રકારમાં મસ્તકના અર્ધ ભાગમાં જ ૧૦-૧૦ દિવસે, પખવાડિયે કે અકસ્માત ભેદન જેવી વ્યથા થઈ આવે છે. તેમાં શળો ભોંકાતા હોય તેવી વ્યથા અને ભ્રમણા જેવી પીડા થાય છે.

કેટલીક વખત મળનો વેગ રોકવાની ટેવને લીધે પણ શિરોવેદના થાય છે. જ્યારે છીંકનો વેગ રોકવાથી પણ શિરોવેદના થાય છે. આધુનિક વિજ્ઞાને પણ પ્રત્યક્ષ કર્યું છે કે મળના સડામાંથી હીસ્ટેમીન (કે હેકઝામીન) નામનું એક દ્રવ્ય ઉત્પન્ન થાય છે. તે રક્તમાં ભળે છે અને શિરાઓના આંતરિક સ્રોતને વિસ્તૃત બનાવે છે. તેના પરિણામે મસ્તકમાં રક્તનું દબાણ વધે છે અને પરિણામે શિરોવેદના ઉત્પન્ન થાય છે. આવે વખતે સાધારણ ગરમ પાણીમાં એરંડિયું મેળવીને બસ્તિ (એનીમા) લેવાથી તાત્કાલિક રાહત થાય છે.

માથાના દુખાવાનાં કારણોનો સંક્ષેપમાં ઉલ્લેખ કર્યા પછી તેના ઉપચારો વિશે આયુર્વેદનો મત જોઈએ.

કૃમિજન્ય શિરોરોગ તથા રસરક્તાદિ ધાતુઓના ક્ષયથી થતા શિરોરોગ સિવાયના કોઈ પણ શિરોરોગમાં નીચે બતાવેલ સામાન્ય ઉપાયો કરવા:

સૌથી પ્રથમ જે દર્દીને શિરોવિરેચન (નસ્ય) આપવાનું હોય તેના મસ્તક પર સ્નેહ (તેલ) ચોપડવો. ત્યાર પછી તેને થોડી વાર શેક કરવો. ત્યાર બાદ તેને એવી રીતે સુવાડવો કે જેથી તેના પગ કરતાં માથું નીચું રહે. પછી તેના નાકમાં મધ અને તેલના મિશ્રણમાં માલકાંકણી, મરી, પીપર, વાવડિંગ, અઘેડાના બીજ, વગેરેમાંથી એક, બે કે સમગ્ર દ્રવ્યોનું થોડું ચૂર્ણ મેળવવું. પછી તેને વરાળથી ગરમ કરવું. તેમાંથી ૬ થી ૧૦ ટીપાં દર્દીના નાકમાં ધીમે ધીમે પડવા દેવાં. આ રીતે કરવાથી મસ્તકમાં રહેલ દોષોનું નાક દ્વારા વિસ્રાવણ થઈ જાય છે અને શિરોવેદના શાંત થાય છે.

જો ઉપર્યુક્ત ઉપચાર કરવા છતાં વેદના શાંત ન થાય તો સ્નેહન અને સ્વેદન ક્રિયા કરવી અને પછી શિરાવેધ-ફસ્ત ખોલાવીને લોહીનું વિસ્રાવણ કરવું જોઈએ.

ઉપર શિરોવિરેચન આપવાની પદ્ધતિ બતાવી છે તે મુજબ ષડ્બિન્દુતેલનાં ૭-૧૦ ટીપાં નાકમાં નાખવાથી પણ શિરોરોગ દૂર થાય છે. ષડ્બિન્દુ તેલની બનાવટ કડાકૂટવાળી હોવાથી તે ઘેર બનાવવું સરળ નથી. પરંતુ અત્યારે ફાર્મસીઓમાંથી તૈયાર મળી શકે છે.

ક્ષયજ શિરોરોગમાં ઉપર્યુક્ત ચિકિત્સા કરવાથી વેદનાની વૃદ્ધિ થાય છે. તેથી તેમાં તે ન કરતાં શરીરનું બૃંહણ કરે તેવા સ્નિગ્ધ, ગુરુ અને બૃંહણીય દ્રવ્યોનું સેવન કરવું હિતાવહ છે. દૂધમાં અશ્વગંધાનું ચૂર્ણ અને સાકર મેળવીને લેવાથી શરીરનું બૃંહણ થાય છે. અશ્વગંધાનું ચૂર્ણ બે આનીભાર દિવસમાં બેથી ત્રણ વખત લેવાનું જોઈએ.

જો કૃમિને લીધે શિરોરોગ થયો હોય તો સૂંઠ, મરી, પીપર, કરંજ અને સરગવાના બીજનું ચૂર્ણ બકરીના મૂત્રમાં પીસીને તેનું નસ્ય ઉપર બતાવેલી વિધિ પ્રમાણે આપવાથી કૃમિ નષ્ટ થાય છે. આ દ્રવ્યો અત્યંત કૃમિનાશક છે.

સૂર્યાવર્ત નામના શિરોરોગમાં દૂધ અને ઘીનું સેવન પિત્તશામક હોવાથી અત્યંત લાભપ્રદ છે. તે ઉપરાંત ઉપર મધ અને ઘીમાં મરી વગેરેનું ચૂર્ણ નાખીને જે શિરોવિરેચન કરવાનું કહ્યું છે તે પણ કરવું જોઈએ. અર્ધાવભેદમાં પણ આ પ્રમાણે કરવું.

વજ અને પીપરનું ચૂર્ણ નાકમાં ફૂંકવાથી પણ સર્યાવર્ત અને અર્ધાવભેદક એ બંને રોગો દૂર થાય છે.

ઉપલસરી, નીલકમળ, કઠ અને જેઠીમધને કાંજીમાં વાટી ઘી અને તેલમાં મેળવી તેનો લેપ મસ્તક પર કરવાથી સૂર્યાવર્ત અને અર્ધાવભેદ બંનેમાં રાહત થાય છે.

ઉપર શિરોરોગના બધા પ્રકારોની અલગ અલગ ચિકિત્સા જોઈ. હવે ૧૧ પ્રકારના શિરોરોગ માટે એક જ પ્રકારની સામાન્ય ચિકિત્સા રજૂ કરું છું.

પ્રપૌંડરીકાદ્ય તેલ

પુંડરિક (કમળ), જેઠીમધ, પીપર, ચન્દન, ઉત્પલ એ બધાં દ્રવ્યો લઈ તેમને લસોટીને તેમનો કલ્ક બનાવવો. લગભગ ૦। શેર કલ્ક લઈ ૩ શેર આંબળાના રસમાં મેળવવો અને ૧ શેર તલનું તેલ લેવું. તે બધાનું મિશ્રણ કરી તેને ગરમ કરવું. જ્યારે બધું પાણી બળી જાય અને ફક્ત તેલ રહે ત્યારે તે તેલ ઉતારી લેવું.

ઉપર મુજબનું તેલ બનાવી તે તેલનાં ૬ થી ૧૦ ટીપાંનું નસ્ય લેવું. તેનાથી બધા પ્રકારના શિરોરોગ દૂર થાય છે.

આ ઉપરાંત રાજમાર્તંડનો એક પ્રયોગ રજૂ કરું છું:

નગોડ, લાંગલી (દુધિયોવછનાગ) અને અર્ક (આકડો) એ ત્રણથી સિદ્ધ કરેલું તેલ અથવા અપામાર્ગ (અઘેડા)થી સિદ્ધ કરેલું તેલ લઈને તેનો અભ્યંગ મસ્તક પર કરવાથી શિરોરોગનું શમન થાય છે.

આ રીતે આપણે શિરોરોગના પ્રકારો અને તે બધાની ચિકિત્સા જોયાં. આયુર્વેદમાં જડબાથી ઉપરના ભાગના તમામ રોગોને ઊર્ધ્વજત્રુગત રોગ કહે છે. ઊર્ધ્વજત્રુગત રોગોમાં પણ શિરોરોગને મગજ સાથે ઘનિષ્ટ સંબંધ હોવાથી તે રોગ તરફ બેદરકાર ન રહેતાં શીઘ્ર તેની ચિકિત્સા કરવી જોઈએ. અષ્ટાંગ હૃદયકારે શિરોરોગોની ચિકિત્સાનું મહત્ત્વ સમજાવતાં લખ્યું છે:

> ऊर्ध्वमूलमधः शाखामृषयः पुरुषं विदुः ।
> मूलप्रहारिणस्तस्माद् रोगान् शिघ्रतरं जयेत् ॥
>
> (अ. हृ. उत्तरतंत्र. अ. २४।५८)

અર્થાત્ ઋષિઓએ પુરુષને ઊર્ધ્વમૂલ અને અધઃશાખાવાળો કહ્યો છે તેથી તેના મૂળમાં પ્રહાર કરનાર શિરોરોગોને જેમ બને તેમ જલદી મટાડવા જોઈએ. તે મટાડવાની શ્રમણા માત્રથી સંતોષ ન મેળવતાં કારણને દૂર કરવા માટે આયુર્વેદીય સૂત્રગામી ચિકિત્સા જ કરવી જોઈએ. તેનાથી એક રોગને દૂર કરતાં બીજો રોગ કદી ઉપસ્થિત નથી થતો.

★

[અનુસંધાન પૃ. ૧૯૨

સૂંઠની દીપન, પાચન અને અનુલોમન શક્તિ વધવાથી એક બીજું પરિવર્તન એ થાય છે. કે આંતરડાં કે જેની ગતિ પાચનકાર્ય માટે સપોકારે ચાલતી હોય છે તેમાં જો આમજ સંગ્રહ કે વાયુનો પ્રકોપ હોય તો એ સપોકાર મનિયમે ચાલવાની, સંકોચ-વિકાસ થવાની શક્તિમાં ખામી આવે છે. વાયુનાં દબાણથી આંતરડાં પહોળાં રહે છે અને પરિણામે ખોરાકને એ દીવાલોની વચ્ચે દબાવીને અને મુલાયમ બનાવવાની—એમાંથી પોષણ આપનારાં તત્ત્વો શોષી લેવાની શક્તિ પણ નબળી પડે છે. સૂંઠના આ પ્રયોગથી આંતરડાની કુદરતી સ્થિતિસ્થાપકતા વધે છે અને પરિણામે ખોરાકનું સમ્યક પાચન થાય છે. વાયુ આંતરડામાં ભરાઈને સ્થિર રહેવાને બદલે ધકેલાઈને બહાર ફેંકાઈ જાય છે.

ભારતીય આયુર્વેદે નિર્માણ કરેલી સૂંઠની શક્તિનો આ પ્રયોગ દ્વારા પ્રત્યક્ષ પરિચય મળે છે. પ્રસૂતિ અવસ્થામાં આમ અને વાયુ બન્ને વધે છે. અને એટલા જ માટે પ્રસૂતિ અવસ્થામાં આમ અને વાયુ બન્ને વધે છે અને એટલા જ માટે પ્રસૂતિ અવસ્થામાં સૂંઠ અનિવાર્ય ગણવામાં આવી છે. આજે એનો ભાગ્યે જ ઉપયોગ થતો જોવા મળે છે. સ્ફેરમાં તો એ લગભગ બંધ થઈ ગઈ છે. અને પરિણામે આપણી શહેરી બહેનો વધારે નબળી બની છે. આપણો સમાજ સૂંઠની આ વૈભવી શક્તિ—જીવનશક્તિ વધારવામાં ગુણશક્તિનો વિચાર અને આચાર કરે એવી આશા રાખીએ.

વાહનો અને તેનાથી થતા રોગો

વૈદ્ય નવનીતલાલ પંડ્યા

જેમ જેમ કાળની ગતિ ફરતી રહે છે તેમ તેમ મનુષ્યે કાળને નિયમનમાં લાવવા વાહનોનો ઉપયોગ કરવા માંડ્યો. વર્ષો પૂર્વે હજારો માઇલ પહોંચવા માટે દિવસો અને મહીનાઓ થઇ જતા હતા તેને સ્થાને હાલમાં કલાકો અને દિવસમાં જ તેનું અંતર મર્યાદિત બન્યું છે. આ વાહનોના ઉપયોગથી મનુષ્યના શરીર ઉપર શી શી અસર થાય છે તેનો અત્રે વિચાર કરીશું.

પુરાતન કાળમાં વાહનો તરીકે પ્રાણીઓનો ઉપયોગ થતો હતો. તેમાં પણ બહુ ઝડપી વાહન તરીકે ઘોડાનો ઉપયોગ થતો હતો. ઘોડા, હાથી, ઊંટ વગેરે પ્રાણીઓ ઉપર બેસી લોકો મુસાફરી કરતાં હતાં. જો કે દેવતાઓના વાહનો તરીકે ઉંદર, બીલાડી, ઘેટાં, વાઘ, સિંહ, મોર, ઐરાવત હાથી, ગધેડું, પાડો, આખલો, ગરૂડ અને મગર વગેરે પ્રાણીઓના વર્ણન ધર્મશાસ્ત્રોમાં જોવામાં આવે છે; પણ વ્યવહારમાં મનુષ્યો આ પ્રાણીઓનો વાહન તરીકે ઉપયોગ કરતાં હશે કે કેમ તે એક શંકા છે ઘોડા, હાથી અને ઊંટ ઉપર બેસી મુસાફરી થાય અથવા તેની સાથે બે ચક્રની કે ચાર ચક્રવાળી ગાડી જોડીને પણ મુસાફરી થઇ શકે.

આયુર્વેદમાં નીચે પ્રમાણેના વાહનો ગણાવ્યાં છેઃ गजयान, उष्ट्रयान, रथयान, अश्वयान, અને समुद्रयान.

वातश्लेष्म गदार्तानामहिता भ्रमकृत्तरि : ।
पित्तानिलकरो हस्ती हृदग्न्यायुपुष्टी वर्धन : (यो. २)

વાયુ અને કફના દરદીઓમાં રથની મુસાફરી અહિત છે.
હાથી ઉપર બેસી ફરવાથી વાયુ અને પિત્તનાં દરદો થાય છે.

घोटकारोहण वातपित्ताग्निश्रमकृन्मतम् । (यो. २)

ઘોડા ઉપર બેસી મુસાફરી કરવાથી વાતપિત્તની વૃદ્ધિ થાય છે.
જઠરાગ્નિ વિકૃત બને છે અને શરીરને થાક લાગે છે.

કેટલાક રોગના નિદાન માટે વાહનોનો ઉપયોગ કરવાથી નિદાન જાણી શકાય છે.

શરીરના કયા ભાગમાં શલ્ય પેઠું છે તે જાણવા માટે शल्यअन्वेक्षणाय नष्टेस्नायुशिरास्रोतो धमनी-स्वसमेपथि अश्वयुक्त रथं खड्चकं आरोप्य रोगिणम् शीघ्रं नयेत् । तत्स्तस्य सरम्मात् शल्यमादिशेत् (वाग्भट) ભાંગેલાં પૈડાંવાળા રથમાં દરદીને બેસાડી તેને ઘોડા જોડીને ઝડપથી તે રથ ચલાવવાથી શરીરના જે ભાગમાં પીડા થાય ત્યાં શલ્ય છે એમ જાણવું.

વાહનોનો ગમે તેટલો અભ્યાસ હોય છતાં પણ તેનો અતિ પ્રમાણમાં ઉપયોગ કરવાની સુશ્રુતે ના કહી છે કારણ કે તેનાથી શરીરમાં વાયુનો પ્રકોપ થાય છે.

" यानवाहन न अभ्यति सेवेत् " स. चि. अ २९

વાહન ઉપર અભ્યાસ હોવા છતાં પણ વધુ બેસવું નહીં. અશ્મરી રોગની ચિકિત્સામાં કહ્યું છે કે નિર્મળ મદ્ય પીને શીઘ્ર વેગવાળા રથમાં કે ઘોડા ઉપર બેસીને જવું જોઇએ, તેનાથી શર્કરા નીકળી જાય છે. च. चि. अ. २६

અકસ્માતથી અથવા ખાટે અજાણ્યાં વાહનોમાં મુસાફરી કરવાની આયુર્વેદમાં ના કહી છે. संदिग्धनावं वृक्षं च नारोहेत्-दुष्टयानवत् ।

હાથી કે ઘોડા ઉપર બેસી મુસાફરી કરતાં તેને વેગથી રોકવાથી ક્ષતજ કાસ થાય છે. "युद्धाध्वगजनिग्रहै" (च. चि अ. १८) હાથી કે ઘોડાને વેગથી રોકવાથી ક્ષતજ કાસ થાય છે.

"हस्त्यश्वोष्ट्रैर्गच्छतः इत्यादि गमन वातरक्तो विशेषतः"

(सु. नि अ. १)

હાથી, ઘોડા કે ઊંટ ઉપર ચઢીને મુસાફરી કરવાથી વાતરક્ત (Gout) ગાઉટ નામનો વ્યાધિ થાય છે એમ સુશ્રુત કહે છે.

"नित्यं द्रुत पृष्ठ यानात्" (च. चि. अ. २६)

આવી વાહનો ઉપર મુસાફરી કરવાથી મૂત્રકૃચ્છ્ર અને બસ્તિકુંડલ (મૂત્રાઘાત) પણ થાય છે.

દોડતા પ્રાણીઓને કે વાહનોને જોરથી રોકતા અટકાવતાં ઉરક્ષત નામનો વ્યાધિ થાય છે.

'वृषं हयं वा धावन्तं दम्यं वा

अन्य निगृह्णतः शिलाकाष्ठाश्मनिर्घातात् क्षिपतो

निघ्नतः परान्" । (चा. चि. अ. ११)

अधियानस्यवाऽत्युच्चै र्दूरं वा मजतो द्रुतम्

महानदीं वा तरतो हयैर्वा सहधावतः ।

ઊંચા અવાજે ભજન-ગાયનો ગાતાં, દૂર સુધી ઝડપથી ચાલતાં, મોટી નદીને તરતાં, શીઘ્રતાથી અત્યંત નૃત્ય કરતાં, એકાએક, દૂર સુધી કુદતાં, ઘોડાઓ સાથે દોડતાં, વજનદાર હથિયારને ફેંકતાં (ભાલ, ભાલા, તીર, બોમ્બ વગેરે) ઉરઃક્ષત નામનો વ્યાધિ થાય છે એમ મહર્ષિ ચરક કહે છે.

આન્ત્રવૃદ્ધિઃ—शीतलोय अवगाहनैः, धारणेण आराध, विषमांग प्रवर्तितो (चा. नि अ. ११) ઠંડા પાણીથી સ્નાન કરવાથી, વજનદાર ભાર ઊંચકીને ચાલવાથી, અથવા વિષમ સ્થિતિમાં બેસવા-ઊઠવાથી આન્ત્રવૃદ્ધિ થાય છે પગથી ચલાવનાર સાયકલવાળા કે રીક્ષાવાળાને તથા હાથગાડી ચલાવનાર માણસોને પણ આન્ત્રવૃદ્ધિ થાય છે એ જાણીતી હકીકત છે.

અસૃગ્દરઃ—"यान च शोकात् भाराभिघातात् ।" સ્ત્રીઓને વધુ પડતી મુસાફરી કરવાથી તથા વજન ઊંચકીને ચાલવાથી અને શોકથી આર્તવવિકારનો રોગ થાય છે.

ગર્ભસ્રાવ અને ગર્ભપાત—સગર્ભા સ્ત્રીઓને ખરાબ વાહનોમાં મુસાફરી કરવાથી અથવા ખરાબ રસ્તાવાળાં વાહનોમાં મુસાફરી કરવાથી, ગર્ભસ્રાવ કે ગર્ભપાત થાય છે.

વાયુનો પ્રકોપઃ—"यानंगमनम्" વધુ પડતી વાહનોમાં મુસાફરી કરવાથી શરીરમાં વાયુનો પ્રકોપ થાય છે.

અર્શ—ઘોડા કે ઊંટ ઉપરની મુસાફરી કરવાથી અર્શ રોગ થાય છે. "પૃષ્ઠયાન" એમ સુશ્રુત કહે છે. સાયકલ, મોટર સાયકલ કે મોટરની સીટ જો બરાબર ન હોય તો તેવી જગ્યા ઉપર બેસી મુસાફરી કરવાથી પણ અર્શ રોગ થય છે. ઉદ્‌ભ્રાન્તયાન (વિક્ષોભ કરનાર) વાહન ઉપર તથા ઉષ્ટ્રયાન એટલે કે ઊંટ ઉપર મુસાફરી કરવાથી અર્શ થાય છે.

આધુનિક દૃષ્ટિએ વિચાર

ઝડપી વાહનો હોય પણ તેમાં બેસવાની જગ્યા સારી હોય, વાહનની ગતિથી શરીરને આંચકા ન લાગતા હોય તથા વાહનની ગતિથી સામેની દિશાની હવા આપણાં શરીર ઉપર જોરથી ન લાગતી હોય, વાહનની ગતિનો અવાજ કાનના પડદા ઉપર વધુ પડતો ન લાગતો હોય, તેમ જ વાહનની એકસરખી ગતિ હોય તો તેની શરીર ઉપર કોઈ ખરાબ અસર થતી નથી; પણ તેથી વિરુદ્ધ હોય તો શરીરને થાક લાગે, માથું ઘૂમ મારી જાય, ચક્કર આવે, તૃષા લાગે, તથા કાનમાં ધાક પડે છે પહેલાંના વખતમાં ઝડપી વાહન તરીકે અશ્વયાન-ઘોડો ગણાતું હતું અને તેની ઉપર વધુ મુસાફરી કરવાથી "भातशः स्वेद मूर्च्छास्रपित्त तृष्णा क्लम श्रमात् दाह विवर्णता कुर्यादेतां श्च्छायां व्यपरति ॥" (यो. र.) સ્વેદ, મૂર્છા, રક્તપિત્ત, તૃષા, થાક, બેચેની, દાહ, શરીરની વિવર્ણતા વગેરે લક્ષણો થાય છે.

મોટર કે ગાડીની સીટ જો બરાબર ન હોય તો તે ચલાવનારને બેસનારને ઠીક પડતું નથી. ઘણા ડ્રાયવરોને વાત રોગના દરદો કટીશૂળ, જાનુશૂળ, અને થાકની ફરિયાદો હોય છે. આ બધા વાયુના જ વિકારો છે વાયુયાન—એરોપ્લેનમાં મુસાફરી કરનારને ઓછામાં ઓછો અવાજ આવે તેવી જાતની તેમાં રચના કરવામાં આવી છે આ ઉપરાંત અવાજની અને હવામાનની અસર મુસાફરી કરનારને થાય છે કે નહીં તેના માટે તેનાં હૃદયની પરીક્ષા ખાસ કરવામાં આવે છે સમુદ્રયાન-સ્ટીમરમાં મુસાફરી કરનાર માટે પણ આ માટે સૌ પ્રથમ ડાક્ટરી પરીક્ષામાંથી પસાર થવું પડે છે.

વાહન ગમે તે પ્રકારનું હોય પણ તે શરીરને ઝડપથી લઈ જાય છે. એટલે તેનાથી વાત પ્રકોપ થાય એમ આયુર્વેદ માને છે ટ્રેનમાં ગમે તેટલી સારી સુખરૂપ મુસાફરી ફર્સ્ટ ક્લાસમાં કરવા છતાં, છ કલાકની ટ્રેનની મુસાફરી કર્યા બાદ આપણા શરીરને થાક લાગે છે; થાક એ વાયુનું જ લક્ષણ છે.

ફેરી મૂલ્યાંકન

વૈદ્ય મોચ્છવલાલ કૃ. ભટ્ટ

આજના સમયે દરેક જૂની બાબતનો ફરી વિચાર કરી તેની ઉપયોગિતા લાગે તો તેને બિરદાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે, આપણું પુરાણું સંગીત, વૈદક, ખગોળ, સ્થાપત્ય અને પ્રાચીન કલાઓના નવાં મૂલ્યાંકન થાય છે. અને તે ઉપયોગી માલમ પડવાથી રાજસત્તા તરફથી પણ તેને સારું ઉત્તેજન આપવામાં આવ્યું છે. રાજસત્તાનું ધ્યેય ઉમદા હોવા છતાં તેનો બરાબર અમલ કરનાર અને સાદ ઝીલનાર ન હોય તો જેટલી ઝાપી પ્રગતિ થવી જોઈએ તેટલી થતી નથી. વળી પ્રજાના ઘણા મોટા સમૂહોમાંથી અને ખુદ આપણા નેતાઓમાંથી પાશ્ચાત્ય સંસ્કૃતિનો વ્યામોહ દૂર થયો નથી. એટલે દેશી જ્ઞાન વિજ્ઞાનને ઉત્તેજન આપતી વખતે, દેશી વિદ્યા તથા તેના ઉપાસકને ઓરમાન માતાના પુત્ર જેવો ગણવામાં આવે છે. 'ઘરકા સાધુ જોગટા અને પરદેશકા સિદ્ધ' એ ન્યાયે એક મોટા 'સાહિત્યાચાર્ય' કે 'વ્યાકરણાચાર્ય' થયેલ દેશી ડીગ્રીવાળાને કોઈક પાઠશાળામાં બહુ બહુ તો રૂ. ૪૦-૫૦ માં જ આપણા લોકો રોકે છે; જ્યારે પરદેશ જઈ સંસ્કૃતનો પીએચ ડી થઈ આવેલ હોય તે રૂ. ૫૦૦ નો પગાર મેળવી પ્રોફેસર કહેવાય છે અને સભાઓમાં તેનું બહુમાન કરવામાં આવે છે. આવી જ રીતે બીજાં ક્ષેત્રોમાં પણ બની રહ્યું છે. હિંદી વિદ્યાઓમાં પ્રજાજીવનને ઘડનારાં અણમોલ તત્ત્વો જેવાં કે સંસ્કૃતિ, શીલ, આચારવિચાર, તેજ, બુનિયાદ, નૈતિક અને સામાજિક ઉચ્ચ કક્ષાનું બંધારણ, ઇ૦ હતાં. તેને કોઈક વાર તો પશ્ચાદ્ ભૂમિમાં ધકેલી દેવામાં આવે છે. પૂ. ગાંધીજી, શ્રી અરવિંદ, શ્રી રમણ મહર્ષિ, શ્રી રવીન્દ્રનાથ ટાગોર, સ્વામી દયાનંદ સરસ્વતી, શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રી વિવેકાનંદ ઇ૦ મહાત્માઓએ પાછલી સદીમાં આપણી પુરાણી સંસ્કૃતિનું અને તેનાં સારાં તત્ત્વોનું ફરી મૂલ્યાંકન કરતાં પ્રજા શીખે તે માટે આશ્રમો સ્થાપી કલા-સંસ્કૃતિ અને વિદ્યાની સુરક્ષા કરી છે. સરકાર તરફથી પણ વિકાસ ઘટકો, સમાજ કલ્યાણ કેન્દ્રો, શિશુ કલ્યાણ કેન્દ્રો, બાલ મંદિરો, શાળાઓ અને મહાવિદ્યાલયોની સ્થાપના થઈ છે તથા રેડીઓ પ્રવચનો અને પ્રોગ્રામો દ્વારા ઘણો પ્રયત્ન થઈ રહ્યો છે. પણ સરકારી પ્રચારકોમાં લાંબે ગાળે સેવાવૃત્તિને બદલે ઘણે સ્થળે પેટ માટે વેઠ એવું બની જાય છે. માટે સેવા કાર્યકરો એ વિષે સતત જાગૃત રહે તેવું ઇચ્છીએ.

આરોગ્ય વિભાગમાં આપણી સંસ્કૃતિનાં કેટલાંક સારાં તત્ત્વોનું ફરી મૂલ્યાંકન કરતાં સમયની અગ્નિપરીક્ષામાં તે શુદ્ધ સુવર્ણવત્ ઠરેલાં છે. તે અત્રે દર્શાવવા નમ્ર પ્રયાસ કરવામાં આવે છે તેને પ્રજા અપનાવશે તો જીવન સુખી, સપીનુ, લાંબું જરૂર બને એ નિઃસંશય વાત છે

૧ વહેલા ઊઠવું-વહેલા સૂવું : વેદકાળથી બ્રાહ્મ મુહૂર્તે ઉત્થાન-નો ઉપદેશ ચાલ્યો આવે છે. ઘણાં મંદિરોમાં ચાર વાગ્યે નોબત કે ચોઘડીઆં વાગે છે ઘણાં રાજ્યોમાં પહેલાં રાત્રે દશ વાગ્યે તથા પ્રાતઃકાળે ચાર વાગ્યે ડંકા કે તોપ ફોડી પ્રજાને સૂવાના અને

ઊંઘવાના સમયની જાણ કરવામાં આવતી, અને લોકો તે પ્રમાણે ટેવાઈ જઈ નિયકર્મે આટોપી કામધંધે વળગી જતા. પણ હવે આજના ધમાલીઆ અને સદોદિત ચિંતાના યુગમાં વહેલા ઊંઘવાનું અને વહેલા ઊઠવાનું કોને મળે છે? સૌને પોતાને અનુકૂળ રીતે પોતાના ધંધાના હિસાબે સમય બદલાવવો પડે છે. કોઈક પેટને ખતર મોડા સૂવે છે, રાત્રે ઉજાગરા પણ કરે છે, અને વળી પાછો સવારમાં વહેલો ઊઠી બીજું કામ હાથમાં લે છે. મોંઘવારી એટલી વધતી જાય છે કે કુટુંબના નિર્વાહ માટે બે ઘડી કસમ કે નોકરી કર્યા વગર તેનો છૂટકો હોતો નથી. પણ કેટલાક એદી-વિષયી લોકો છે જે મોડા સૂઈ મોડા ઊઠે છે. વ્યાપારીઓ રાજદ્વારીઓ અને રાતના રખડુઓ તો પૂરી નિદ્રા લેતા જ નથી, આ બધાને યુવાવસ્થા હોય ત્યાં સુધી તો શરીર પર નુકસાનીનાં કંઈ ચિહ્નો દેખાતાં નથી, પરંતુ ધીમે ધીમે તેમના વાતતંત્ર (nervous system), પાચનક્રિયા, મજ્જાતંતુતંત્ર વગેરે બગડવાથી લાંબે ગાળે તેમની આયુષ્ય મર્યાદા ટૂંકી થઈ જાય છે, બંધકોશ, સંગ્રહણી, જ્ઞાની દરદો, બ્લડપ્રેશર, હોજરીનાં ક્ષત, અજીર્ણ, ઉન્માદ ઈ દરદોનું જન્મસ્થાન, અનિદ્રા-અતિનિદ્રા-કે વિષમ રીતે લેવામાં આવેલ નિદ્રા બને છે. મોડું ઊઠવાથી શરીર જડ, સ્ફૂર્તિ વિનાનું, થયાનો ઘણાને અનુભવ છે જ.

આયુર્વેદ પણ કહે છે: ब्राह्ममुहूर्ते या निद्रा सा पुण्यक्षयकारिणी ॥ એમ કહેવાય છે, કે સૂર્યોદય પછી ઊઠવામાં ઘણું નુકસાન છે માટે બ્રાહ્મ મુહૂર્તે ન ઉઠાય તો કમમાં કમ છ સાત વાગ્યે તો પથારીત્યાગ કરવો જ જોઈએ. સૂર્યોદય સમયે પૃથ્વી અને સૂર્ય વચ્ચે ચુંબકીય આકર્ષણ વિશેષ રહે છે તેથી સૂતેલ માણસના શરીરની વિદ્યુતનો ક્ષય થાય છે અને તેથી મગજ અને જ્ઞાનતંતુઓમાં શૈથિલ્ય ઢીલાપણું આવી સ્ફૂર્તિનો અભાવ થાય છે, વળી વહેલા ઊઠવાથી સ્ફૂર્તિ સારી રહે છે એટલે શૌચાદિ, પ્રાર્થના ઇત્યાદિથી આરામથી પરવારી શકાય છે અથવા વાચન-અધ્યયન-અને કામગારોથી વધુ કામ થઈ શકે છે. એ લાભ વિશેષ છે. પણ આગળ કહ્યું તેમ, કોઈ પેટ માટે પોતાની આર્થિક સ્થિતિ સધ્ધર કરવા, તો કોઈ વિષયોમાં મસ્ત બની, તો કોઈ આળસુ બની આ નિયમ તોડે છે. આમાં કોઈને પરાણે સંજોગોને આધીન થવું પડે છે, એટલે જ્યાં સુધી આર્થિક અસમાનતા અસંતોષ કે અજ્ઞાન ઈ૦ રહેશે ત્યાં સુધી આ નિયમનું પાલન સંપૂર્ણપણે કોઈ કરવાના નથી પણ તેથી તેનાં પરિણામો ઓછા જ પીડ્યા વિના રહેશે? માટે દરેક મૂળ નિયમને વળગી રહેવા પ્રયત્ન કરવો રહ્યો, અને રાજ્યનીતિએ પણ સૌને મહેનત પછી અમુક સમય આરામ મળે, એવા સમયો કાનૂનથી વારંવાર નક્કી કરવા જોઈએ.

૨ પ્રાતઃ વંદના : સવારમાં ઊઠી ઈશ્વરને પ્રથમ વંદન કરવાં જોઈએ. કારણ કે આપણને તેણે જીવતા ઉઠાડ્યા. નહિ તો રાત્રિમાં જ ઘણાનાં હૃદય બંધ થઈ કે નીકળી

'પ્રસ્થાન'ના ગ્રાહકોને

દીવાળીએ વર્ષ પૂરું થાય છે એટલે જે ગ્રાહકોનું લવાજમ બાકી હોય તેમણે પોતાનું લવાજમ મ. ઓ. થી યા ચેકથી યા રૂબરૂ મોકલી આપવા વિનંતી છે.

તા. ૩૧-૯-૬૨ વ્યવસ્થાપકો

એટલે આંતરડાંમાં સ્વયં સંચાલન થઈ મળ ઊતરે છે. શહેરમાં જાજરૂનો ઉપયોગ કર્યા સિવાય બીજો ઉપાય જ હોતો નથી. કારણ મળત્યાગ માટે એક માઈલ દૂર જવા જેટલો સમય પણ હોતો નથી બધું જ કાર્ય મિનિટોમાં અંકિત હોય છે. એટલે નજીકમાં ખાનગી કે જાહેર જાજરૂમાં જવું પડે છે. જ્યાં જાહેર જાજરૂઓ પૂરતાં હોતાં નથી ત્યાં જનતા સવારમાં બધી શેરીઓ બગાડી મૂકે છે—અથવા જાહેર જાજરૂઓ મ્યુનિસિપાલિટી તરફથી જોઈએ તેવાં સ્વચ્છ રાખવામાં આવતાં નથી, તેથી માણસને અણગમો થઈ ઝાડો ઊતરતો નથી. માટે પ્રજાની તંદુરસ્તી માટે, અને મળત્યાગની સગવડ માટે જાહેર જાજરૂઓ પૂરતા પ્રમાણમાં બનાવવાં અને સ્વચ્છ રખાવવાં જોઈએ સાથે જનતા પણ જાણી જોઈને ખરાબ કરવાની કળા તેમાં ન અજમાવે તો સારું છે. આજે તો આપણાં રેલવેનાં જાજરૂઓ કે મ્યુનિસિપલ જાજરૂઓનું બીભત્સ દર્શન કરીને આપણી ઉચ્ચ સંસ્કૃતિ કેટલી હીન દશાએ પહોંચી છે તેનો ખ્યાલ આવશે વળી સારી રીતે શૌચ થાય તે માટે મોટેરાંઓએ પોતાના તેમજ બાળકોના ખોરાક તરફ ધ્યાન રાખવું જોઈએ. શૌચત્યાગ કયાં કરવો તે સમજાવવું જોઈએ. અને શૌચ બાદ પાણીથી ગુદા તથા રાખ કે માટી અને સાબુથી હાથપગ બરાબર ધોવાની ટેવ પાડવી જોઈએ ડ્રાયક્લીનિંગ યુરોપમાં જરૂરી હશે, આપણા દેશની સંસ્કૃતિને છાજે એમ નથી. મળ સાફ ન આવતો હોય તેવા લોકોએ આહારમાં ફેરફાર, પાણીનો વધુ ઉપયોગ, ચાલવાની કે બીજી કસરતો આસનો ઈ૦ નો આશ્રય લેવો જોઈએ. સૌથી સારો રીત એ છે કે કસરત, આસન અને સમયસર ઝાડે જવાની ટેવ રાખવાથી, સારી રીતે મળત્યાગ થશે જ. મળત્યાગ ન થવાથી શિરઃશૂલ, નેત્રરોગ, જ્વર, ખુજલી, અરુચિ, કાળજાનો બળાવો, ઉદર રોગ, અર્શ, ગોળો, ઈ૦ થાય છે. માટે દરરોજ પેટમાં હોમીએ છીએ તો તેનો કચરો પણ રોજ દૂર કરવો જ રહ્યો. ત્રણ ચાર દિવસે એક વાર સંડાસ જાય છે તે રોગી છે.

૫ અભ્યંગ-વ્યાયામ—શ્રી ચરક ઈ૦ મહર્ષિઓએ શૌચ કર્યા બાદ તેલ માલીશ કરી થોડો વ્યાયામ કસરત કરી સ્નાન કરવાનો આદેશ કરેલ છે. તે જણાવે છે કે, તૈલાભ્યંગ-માલીશ કરવાથી ચામડી મુલાયમ બને છે, માંસનું સુસંગઠન થાય છે, શરીર સુડોળ બને છે, બલવૃદ્ધિ અને ચામડીને સારું સ્પર્શજ્ઞાન પ્રાપ્ત થાય છે त्वच्यपरमोऽभ्यंगः॥ વળી મારપીટ થાય તો હાડકાં જલદી તૂટતાં નથી. બધી જ ઇન્દ્રિયો—જેમકે માથું, કાન, આંખ, મુખ, હાથ, પગ, છાતી, કટિ ઈ૦ને પુષ્ટિ અને બળ મળે છે, વાયુનું શમન થાય છે; ફાટ-તોડ બંધ થાય છે. અભ્યંગ શિયાળામાં રોજ અને બીજી ઋતુઓમાં કમમાં કમ આઠ દિવસે કરવો જોઈએ. આજે ઘી ખાવા નથી મળતું તો તેલ માલીશથી પણ શરીરનું સ્નેહકાર્ય થાય છે અને સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. જેને સમય મળે તેણે આ ક્રિયા કરવા જેવી છે. તો વાના દરદો માટે વિટામિનો અને ફરગાપાયનો ઓછાં ખાવાં પડશે, નિદ્રાની દવાઓ ફીનોબાર્બીટોલોને રવાડે ઓછું ચડવું પડશે! અને શાન્ત નિદ્રા આવી જશે. જેને રસ હોય તે અભ્યંગ વિશે આયુર્વેદનું સાહિત્ય વાંચે.

કસરત—અભ્યંગ પછી થોડીક કસરત જેઓને દિવસમાં બિલકુલ વ્યાયામ ન મળતો

હોય તેણે અવશ્ય કરવી જોઈએ જેનાથી કસરત ન થાય તે ફરવા જાય અથવા આસનો કરે. આમ કરવાથી શરીરનાં ઝેર નીકળી જાય છે, અને શરીર હલકું, કામ કરવા સમર્થ બને છે. ભૂખ લાગે છે, મેદ ક્ષય થાય છે શરીર સુડોળ બને છે. કસરત ન થઈ શકે તેણે રમતોમાં ભાગ લેવો જોઈએ શરીરને કોઈ હિસાબે સ્થિતિસ્થાપક—elastic—રાખવાથી વાર્ધક્ય નજીક આવતું નથી ગુજરાતમાં વ્યાયામ પ્રત્યે દુર્લક્ષ્ય દેખાય છે તે દૂર કરવાની ખાસ જરૂર છે.

૬ સ્નાન : આયુર્વેદ કહે છે સ્નાન **શ્રમહર ચીજોમાં શ્રેષ્ઠ છે :** થાકોડો દૂર કરવા, દારૂ પીવાની, જીંજર સોડા પીવાની કે શરબતો પીવાની કે ધુમ્રપાન કરવાની આજે જે બૂરી આદતો પડી છે તેનો ઉકેલ સ્નાનમાં પડ્યો છે. ગ્રામપ્રજા ખેતી કે ઇતર કાર્યની મહેનત બાદ સાંજે સ્નાન કરી ભોજન લે છે ઉષ્ણકાળમાં બે વાર સ્નાન કરવું જોઈએ અને તેમ ન બને તો કમસે કમ એક વાર રોજ સ્નાન કરવું જોઈએ. પણ આજે ગ્રામ્યપ્રજા અને શહેરની વર્ગીકૃત જાતિ કે નીચલા થરની પ્રજા રોજ સ્નાન કરતી નથી. આથી શરીર ગંદું તથા કપડાં પણ ગંદાં-ધાંચીની ઘાણી જેવાં બને છે અભણ પ્રજાની વાત છોડી દઈએ તો આપણા કેટલાક ભણેલા સખ્ખો પણ શિયાળામાં તો આઠ દિવસે એકવાર નહાતાં હોય છે. હોસ્ટેલોમાં, કલબોમાં આવી કઈંક વ્યક્તિઓ મળશે. તેઓએ સ્નાનને સનાતનીઓનો ધર્મ માન્યો છે એટલે સુધરેલાઓએ રોજ એમ કરવું જરૂરી નથી એમ સમજે છે. પણ સૌએ સમજવું જોઈએ કે સ્નાન કરવાથી શ્રમ ઉપરાંત મેલ-પસીનો દૂર થાય છે, સ્ફૂર્તિ આવે છે, મન પ્રફુલ્લ અને પવિત્ર બને છે, ચામડીના વિકારો, દાદર, ખસ ખુજલી થતાં નથી.

पवित्रं वृष्यमायुष्यं श्रमस्वेदमलापहम् ।
शरीरबल सन्धानं स्नानमोजस्करं परम् ॥ चरक

મનુષ્યશરીરમાંથી દશ્ય કે અદશ્ય રીતે પસીનો નીકળ્યા જ કરે છે તથા ચામડીની ગ્રંથીઓ ચીકણો મેલ કાઢયા કરે છે. તે રોજ સાફ ન કરીએ તો ચામડીનાં છિદ્રોને પૂરી દે છે અને બહાર નીકળતા મળને રોકીને રક્તમાં પ્રવેશાવે છે. આથી રક્તવિકાર, મનો-વિકાર, આળસ, ખુજલી અને ઉષ્ણરોગ થાય છે. મેદસ્વીનો પસીનો તો ઘણો જ વાસ મારે છે એનો અનુભવ મંદિર કે એવી સાંકડી જગામાં ઘણાં માણસ ભેગાં થાય છે ત્યારે થાય છે. વળી સ્નાન ન કરનારની ચીકણી બનેલી ચામડી પર અનેક પ્રકારના ચામડીના રોગોનાં બીજજંતુ ઉછરે છે. માટે ગમે તે હિસાબે સ્નાન કરવું આવશ્યક છે. અને હિન્દુ ધર્મ-શાસ્ત્રોએ તો સ્નાનને અધિક મહત્ત્વ આપ્યું છે. પીવાના પાણીની અને સ્નાન માટે પાણીની સગવડ, નપાણીઆ મુલકોમાં અને ગ્રામ્ય વિસ્તારમાં કરવી એ રાજકર્તાઓનું પ્રથમ કર્તવ્ય ગણાય. એક બાજુ શહેરોમાં મબલખ પાણી વહી જાય છે, કળશીયા પાણીથી કામ ચાલે એમ હોય ત્યાં શહેરી લોકો બાલ્દીઓ ઢાળવે છે જ્યારે બીજી બાજુ ગ્રામ્ય જનતાને પીવાનું સ્વચ્છ પાણી કે નહાવાનું પાણી પણ નથી મળતું ત્યાં રોગો ન થાય તો બીજું શું થાય? પાણીની સગવડ કરવી અને એવી આળસુ અને ગંદા ગોબરા લોકોને નહાવાના તથા કપડાં સ્વચ્છ રાખવાના ફાયદા વારંવાર સમજાવવા ઘણું કરવાનું છે.


૭ પ્રાર્થના કે ઉપાસના : આજે વિજ્ઞાન આગળ વધતું જાય છે તેમ તેમ ઘણા લોકોને ઈશ્વરના અસ્તિત્વ વિષે શંકા કે અનાસ્થા જાગી છે તે કહે છે કે અમુક વ્યક્તિઓએ પોતાના સ્વાર્થ ખાતર ઈશ્વરનો ડર બતાવી ભોળી જનતાને લૂંટી છે. પણ લૂંટવાની વાત કરીએ તો તો ભલા વૈજ્ઞાનિકોના વિજ્ઞાનનો દુરુપયોગ કરીને રાજલોલુપ પ્રજાઓએ ક્યાં બીજી પ્રજાઓને રેંસી નાંખી નથી? અને ધનલોલુપ માલેતુજારોએ ક્યાં પ્રજાનાં ધન માલ ઓહીઆં કર્યાં નથી? સારી વસ્તુનો અમુક માણસો સત્તાના બળે દુરુપયોગ કરે, તેથી ઈશ્વર કે વિજ્ઞાનની સત્તા કે સારાપણાને બાધ આવતો નથી. માની લઈએ કે પૂર્વકાળમાં જમનો ડર કે ઈશ્વરી ન્યાયનો ડર બતાવી લોકોને ડાર્યા છે પણ તેનાથી ઘાતકી કે ક્રૂર માણસો સારે રસ્તે ચડ્યાના પણ દાખલા નોંધાયા છે. સમાજવાદ હોય તો ઈશ્વરવાદની જરૂર નથી એમ કદાચ કહીએ તો પણ સમાજવાદ કેવળ મનુષ્ય મનુષ્ય વચ્ચે જ સદ્ભાવના રાખવાનું કહે છે, જ્યારે ઈશ્વરવાદ દરેક જીવમાત્ર ઈશ્વરે પેદા કરેલ હોવાથી પરસ્પર ભાઈ ભાંડું છે અને તેમને મનુષ્ય સાથેના જીવનમાં ઓછેવત્તે અંશે ઉપકારક સ્થાન હોવાથી તેમના પ્રત્યે ક્રૂર થવાને બદલે દયા પ્રેમ અને આર્દ્રભાવ રાખવાનું અને તેમનું પણ પોષણ કરવાનું ફરમાન કરે છે. આથી જ હિન્દુ ધર્મશાસ્ત્રો શ્રાદ્ધ, તર્પણ, હોમ, બલિકર્મયજ્ઞ, વૈશ્વદેવ ઇ૦ ક્રિયાઓમાં સૂક્ષ્મ જીવો—કીડીથી માંડી કાગડા, કૂતરા, ગાય વ૦ પ્રાણીઓનો પણ ભાગ કલ્પ્યો છે, જ્યારે આજે સમાજવાદની વાત કરનારા મૂગાં જીવોની કતલ કરી કે કરાવી તેનાં રક્ત માંસ-હાડ ચામડાં વેચી પૈસો જ ભેગો કરવામાં મચ્યા રહે છે. સર્વ ભક્ષણની હવે હદ આવી રહી છે. ભૂતકાળના હિરણ્યાક્ષ તે આવા જ હશે ને! બસ બધે સુવર્ણ જ ભાળે! અને બધેથી સુવર્ણ લૂંટી ભેગું કરે! ન્યાય અને તર્કશાસ્ત્રને અનુસરી આયુર્વેદ શાસ્ત્રમાં ઈશ્વરને નિયંતા, ચેતનાવાન, પ્રેરક અને સર્વશક્તિમાન માન્યો છે. સાચો વૈજ્ઞાનિક કુદરતમાં, દરેક ક્રિયામાં, કોઈ અતિમાનવ-Superhuman શક્તિનો અનુભવ કરે છે. તે જ શક્તિ આ જગતને રચે છે, પોષે છે, ચલાવે છે અને પ્રલયસમયે પોતામાં સમાવી દે છે. માટે દરેક જીવ-કે મનુષ્યે તેના ઉપકારો સમરીને તેને નમન કરવું જોઈએ. પ્રાર્થનાથી હૃદય દ્રવે છે. પાપનો એકરાર કરવાથી તે શુદ્ધ બને છે. અને કઠોરતાને સ્થાને દયા, પ્રેમ અને દૂજી ઊર્મિઓ સ્થાન લે છે. આવું થાય ત્યારે તમારા હૃદયમાં ઈશ્વરનો વાસ થયો જાણજો આનું નામ જ ભક્તિ છે, યોગ છે કે કર્મ છે. તેમાંથી પ્રેરણા લઈ સત્ કર્મ કરવાથી આત્માનું અને બીજાનું ભલું થાય છે. માટે પ્રાર્થનાનું મહત્ત્વ બાળકોને બચપણથીજ સમજાવવું જોઈએ. સ્નેહ વિના જીવતર જીવવા જેવું રહેતું નથી, સ્નેહ અને દયા એના પર જ મનુષ્ય અને ઈતર જીવોનો સમાજ ટકી રહે છે. स्नेहसारोऽयपुरुष। રુચિની ભિન્નતાને લઈને પ્રાર્થના અનેક રીતે થઈ શકે પણ છેવટે સમુદ્રમાં જેમ નદીઓ હલવાય છે તેમ બધા ધર્મ, પંથ કે વાદની પ્રાર્થનાઓ સત્ય સ્વરૂપ એક જ તત્ત્વ ઈશ્વરમાં સમજાઈ જાય છે. [અપૂર્ણ


[આહાર, વસ્ત્રપરિધાન, નિદ્રા અને વૃત્તિ ઉપાયો, ધંધો રોજગાર—દર્શાવતો બાકીનો ભાગ આવતા અંકમાં આવશે.]

૭ પ્રાર્થના કે ઉપાસના : આજે વિજ્ઞાન આગળ વધતું જાય છે તેમ તેમ ઘણા લોકોને ઈશ્વરના અસ્તિત્વ વિષે શંકા કે અનાસ્થા જાગી છે તે કહે છે કે અમુક વ્યક્તિઓએ પોતાના સ્વાર્થ ખાતર ઈશ્વરનો ડર બતાવી ભોળી જનતાને લૂંટી છે. પણ લૂંટવાની વાત કરીએ તો તો ભલા વૈજ્ઞાનિકોના વિજ્ઞાનનો દુરુપયોગ કરીને રાજલોલુપ પ્રજાઓએ કયાં બીજી પ્રજાઓને રેંસી નાખી નથી? અને ધનલોલુપ માલેતુજારોએ કયાં પ્રજાનાં ધન માલ ઓહીઆં કર્યાં નથી? સારી વસ્તુનો અમુક માણસો સત્તાના બળે દુરુપયોગ કરે, તેથી ઈશ્વર કે વિજ્ઞાનની સત્તા કે સારાપણાને બાધ આવતો નથી. માની લઈએ કે પૂર્વકાળમાં જમનો ડર કે ઈશ્વરી ન્યાયનો ડર બતાવી લોકોને ડાર્યા છે પણ તેનાથી ઘાતકી કે ક્રૂર મનુષ્યો સારે રસ્તે ચઢયાના પણ દાખલા નોંધાયા છે. સમાજવાદ હોય તો ઈશ્વરવાદની જરૂર નથી એમ કદાચ કહીએ તો પણ સમાજવાદ કેવળ મનુષ્ય મનુષ્ય વચ્ચે જ સદ્‌ભાવના રાખવાનું કહે છે, જ્યારે ઈશ્વરવાદ દરેક જીવમાત્ર ઈશ્વરે પેદા કરેલ હોવાથી પરસ્પર ભાઈ ભાંડું છે અને તેમને મનુષ્ય સાથેના જીવનમાં ઓછેવત્તે અંશે ઉપકારક સ્થાન હોવાથી તેમના પ્રત્યે ક્રૂર થવાને બદલે દયા પ્રેમ અને આર્દ્રભાવ રાખવાનું અને તેમનું પણ પોષણ કરવાનું ફરમાન કરે છે. આથી જ હિન્દુ ધર્મશાસ્ત્રો શ્રાધ્ધ, તર્પણ, હોમ, બલિકર્મયજ્ઞ, વૈશ્વદેવ ઇ૦ ક્રિયાઓમાં સૂક્ષ્મ જીવો—કીડીથી માંડી કાગડા, કૂતરા, ગાય વ૦ પ્રાણીઓનો પણ ભાગ કલ્પ્યો છે, જ્યારે આજે સમાજવાદની વાત કરનારા મૂંગાં જીવોની કતલ કરી કે કરાવી તેનાં રક્ત માંસ–હાડ ચામડાં વેચી પૈસો જ ભેગો કરવામાં મચ્યા રહે છે. સર્વ ભક્ષણની હવે હદ આવી રહી છે. ભૂતકાળના હિરણ્યાક્ષ તે આવા જ હશે ને? બસ બધે સુવર્ણ જ ભાળે! અને બધેથી સુવર્ણ લૂંટી ભેગું કરે! ન્યાય અને તર્કશાસ્ત્રને અનુસરી આયુર્વેદ શાસ્ત્રમાં ઈશ્વરને નિયતા, ચેતનાવાન, પ્રેરક અને સર્વશક્તિમાન માન્યો છે. સાચો વૈજ્ઞાનિક કુદરતમાં, દરેક ક્રિયામાં, કોઈ અતિમાનવ–Superhuman શક્તિનો અનુભવ કરે છે. તે જ શક્તિ આ જગતને રચે છે, પોષે છે, ચલાવે છે અને પ્રલયસમયે પોતામાં સમાવી દે છે. માટે દરેક જીવ–કે મનુષ્યે તેના ઉપકારો સમરીને તેને નમન કરવું જોઈએ. પ્રાર્થનાથી હૃદય દ્રવે છે. પાપનો એકરાર કરવાથી તે શુદ્ધ બને છે. અને કઠોરતાને સ્થાને દયા, પ્રેમ અને કૂણી ઊર્મિઓ સ્થાન લે છે. આવું થાય ત્યારે તમારા હૃદયમાં ઈશ્વરનો વાસ થયો જાણજો આનું નામ જ ભક્તિ છે, યોગ છે કે કર્મ છે. તેમાંથી પ્રેરણા લઈ સત્ કર્મ કરવાથી આત્માનું અને બીજાનું ભલું થાય છે. માટે પ્રાર્થનાનું મહત્ત્વ બાળકોને બચપણથીજ સમજાવવું જોઈએ. સ્નેહ વિના જીવતર જીવવા જેવું રહેતું નથી, સ્નેહ અને દયા એના પર જ મનુષ્ય અને ઇતર જીવોનો સમાજ ટકી રહે છે. स्नेहसारोऽयपुरुष। રુચિની ભિન્નતાને લઈને પ્રાર્થના અનેક રીતે થઈ શકે પણ છેવટે સમુદ્રમાં જેમ નદીઓ ઠલવાય છે તેમ બધા ધર્મ, પંથ કે વાદની પ્રાર્થનાઓ સત્ય સ્વરૂપ એક જ તત્ત્વ ઈશ્વરમાં સમજાઈ જાય છે.

[અપૂર્ણ

[આહાર, વસ્ત્રપરિધાન, નિદ્રા અને વૃત્તિ ઉપાયો, ધધો રોજગાર—દર્શાવતો બાકીનો ભાગ આવતા અંકમાં આવશે.]



માકો
આપની
સેવામાં!
જનતાની માગણીને સંપૂર્ણ રીતે સંતોષ તેવા કાપડનું અમે ઉત્પાદન કરીએ છીએ.
જહાંગીર વકીલ
ગ્રુપ મિલ્સ
જહાંગીર વકીલ મિલ્સ — અમદાવાદ
ન્યુ જહાંગીર વકીલ મિલ્સ — ભાવનગર
નવજીવન મિલ્સ — કલોલ (ઉ. ગુજ)
SANFORIZED



વર્ષ ૩૭
અંક ૧૨

સં. ૨૦૧૮
આસો

આદ્ય તંત્રી
સ્વ૰ રામનારાયણ વિશ્વનાથ પાઠક 卐 સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્રી


સાચા અર્થમાં સ્વરાજ્યની
સ્થાપના એટલે
પંચાયતી રાજ્ય
ગુજરાતમાં પંચાયતરાજ પ્રયોગ નથી, પણ લોકશાહી વિકેન્દ્રીકરણ માટેનું મક્કમ પગલું છે... સાચા અર્થમાં સ્વરાજની રચના થાય અને રાષ્ટ્ર-ઘડતરનાં અતિ મહત્ત્વના કામમાં દરેક સ્તરના લોકોને પોતાનો ફાળો આપવાની તક મળે તે માટે ગ્રામ, તાલુકા અને જીલ્લા ત્રણે સ્તરની પંચાયતોને વ્યાપક કર્તવ્યો, વિશાળ અખત્યારીઓ અને પૂરતાં સાધનો આપવાની જોગવાઈ કરવામાં આવી છે.
—ડૉ. જીવરાજ મહેતા

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૪ આસો : ૨૦૧૮ અંક ૬

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧ યુરોપીઅન કોમન માર્કેટ

૨ સુપ્રીમ કોર્ટનો ચુકાદો—બોધભાવાદિક

પ્રશ્ન : યુરોપીઅન કોમન માર્કેટ અંગે કોમનવેલ્થના વડા પ્રધાનોની પરિષદ થઈ; તેનો નતીજો શો ?

ઉત્તર : કહેવું બહુ મુશ્કેલ છે. એમાં જે આર્થિક મુદ્દાઓ છે તે વિશે અભિપ્રાય આપવા માટે,—અરે સમજવા માટે પણ, અર્થશાસ્ત્રમાં નિપુણતા હોવી જોઈએ અને તે પણ અસાધારણ કોટિની. યુરોપ-અમેરિકાનું અર્થકારણ અને એશિયા-આફ્રિકાનું અર્થકારણ, આ બન્નેની પરસ્પર અસર અને તેમાં યે વૈજ્ઞાનિક શોધખોળોના પરિણામે થતાં એકાએક ઔદ્યોગિક પરિવર્તનો—આનું જ્ઞાન જોઈએ. આ બધું જાણવું-સમજવું મુશ્કેલ છે. તેમાં યે વળી, આપણે તો અર્થશાસ્ત્રનું સાધારણ જ્ઞાન પણ ધરાવીએ નહિ! એટલે દરેક બાબતમાં અભિપ્રાય આપવો જોઈએ એવી વેનિટીથી પ્રેરાઈ અભિપ્રાય આપવાનું સાહસ કરી શકીએ! બાકી તો છાપાંઓમાં જુદા જુદા કહેવાતા નિષ્ણાતોના અભિપ્રાયો આવે તે વાંચીએ, અને એ પણ પરસ્પર એટલા વિરોધી હોય કે આ બાબતને અગમનિગમનો કોયડો ગણી બાજુ ઉપર જ રાખીએ.

આપણા મોવડીઓના કહેવા પ્રમાણે, કોમનવેલ્થના એક સભ્ય તરીકે ભારતની ઈંગ્લાંડ સાથે, અને તે દ્વારા બીજા દેશો સાથે વેપાર કરવાની, ખાસ કરીને નિકાસનો વેપાર કરવાની જે સગવડ છે તે સગવડ જતી રહેશે, અથવા ઓછી થઈ જશે. આપણે બીજાની મહેરબાની પર જીવીએ છીએ એના જે અનેક પુરાવા છે તેમાંનો આ એક છે. સ્વરાજ્ય મળ્યું, સ્વ-તંત્ર-તા મળી, ત્યારથી આપણને આપણા દેશની સ્થિતિનું સ્વભાન થવા લાગ્યું છે. અને તેમાં આપણે મોટે ભાગે પરાવલંબી, પરાધીન છીએ એ હકીકત ચિત્ત ઉપર ત્રિછાની જેમ ભોંકાયા કરતી હોય છે.

. પરસ્પર ઉપકારી થવું એ વૈયક્તિક જીવનમાં, સામાજિક જીવનમાં, રાષ્ટ્રીય જીવનમાં અને રાષ્ટ્રાંતરીય જીવનમાં આવશ્યક તત્ત્વ છે. એમાં તો કંઈ શરમાવા જેવું કે દુઃખી થવા જેવું

નથી. પણ પરસ્પરોપકારિત્વ અને પરાવલંબિત્વ એ બે જુદી વસ્તુઓ છે. ગાંધીજીનો સ્વાવલંબી માર્ગ તો આપણે હવે સર્વથા તજી દીધો છે—માણસના હાથપગની શક્તિઓથી અને પ્રાણીઓની મદદથી ઉદ્યોગ અને વાહનવ્યવહાર પ્રથમ તબક્કે ચાલે અને એમાં ખૂટતું યંત્રશક્તિથી ઉમેરી શકાય—એ વાત તો હવે રગશિયા ગાડા યુગની કહેવાય! આપણે તો 'હવાઈ યુગ'ના માણસો છીએ. આપણા મોવડીઓના શિરોમણિ જવાહરલાલજી આપણને હંમેશાં 'નવો યુગ સમજો, સમજો!', 'જૂના યુગમાંથી બહાર નીકળો!' 'જરીપુરાણા વિચારો છોડી દો!' વગેરે વગેરે સતત ઉદ્ઘોષણા કરતા જ હોય ત્યારે આ ગાડાનો ચીલો કોણ સ્વીકારે? જાણે કે, સત્ય-હિત-કલ્યાણ એ બધાંનો આધાર કાળનાં જૂનાં નવાં સ્વરૂપો ઉપર જ આધાર રાખતો હોય! જાણે કે સત્ય, હિત કે કલ્યાણનું પોતાનું કોઈ સ્વરૂપ જ ન હોય! આવી વિચારસરણી દેશમાં ચાલતી હોય, અને પોતે જેટલું જીરવી શકે એટલું જ પોતાને હિતાવહ છે એ સામાન્ય પથ્યાપથ્ય નિયમનો વિચાર કરવો એ પણ જૂનવાણી જેવું ગણાય ત્યાં ગાંધીજીનાં દર્શનની શી કિંમત? આ વિચારો અને ભાવનાઓ આપણા અર્થશાસ્ત્રના અગાધ અજ્ઞાનનું જ પરિણામ છે એમ વખતે કોઈ કહે તો આપણે તે સ્વીકારી લેવું જોઈએ. અસ્તુ

પણ આ યુરોપીય કોમન માર્કેટની ઘટના રાજકીય દૃષ્ટિએ પાશ્ચાત્ય વિશ્વમાં અને તે દ્વારા સમગ્ર વિશ્વમાં કોઈ મોટી ક્રાન્તિ કરનારી દેખાય છે. બીજા વિશ્વયુદ્ધના મિત્રો અને શત્રુઓમાંથી કેટલાકે આજે સ્થાન બદલી લીધાં છે. રશિયા જેની મદદ એ વિશ્વયુદ્ધ જીતવા અનિવાર્ય રીતે આવશ્યક હતી તે આજે પશ્ચિમની દુનિયાનો મોટામાં મોટો પ્રતિપક્ષી છે. આ બાજુનો પ્રતિપક્ષી યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા, જેની મદદ વિના પણ જર્મની ઉપર ઇંગ્લાંડ, ફ્રાન્સ અને તેમના બીજા મિત્રો વિજય મેળવી ન શકત!

યુદ્ધનો વિજય યુ. એસ. એ.એ હીરોશીમા ઉપર એટમ બોમ્બ નાખીને મેળવ્યો. આ એટમ બોમ્બનું શસ્ત્ર પહેલાં એકલા અમેરિકાને સ્વાધીન હતું; અને સમગ્ર વિશ્વની સંપત્તિ તેની પાસે ખેંચાયેલી હોવાથી આ જાતનાં અસ્ત્રો બનાવવાનું, નવાં શોધવાનું તેને જ પરવડે એમ હતું. આ શસ્ત્ર અને સંપત્તિના બળથી યુ. એસ. એ. પશ્ચિમ મંડળ ઉપર વર્ચસ ધરાવનાર બની ગયું. પણ સામેથી, રશિયાએ પણ, યેન કેન પ્રકારેણ, અમેરિકાને હંફાવી દે એવું, એટમ બોમ્બનું શસ્ત્ર તૈયાર કર્યું અને અવકાશી ગમનાગમનની કરામતોમાં આગળ થઈ ગયું. બીજા વિશ્વયુદ્ધને અંતે કે પરિણામે, ઇંગ્લાંડને પોતાનું સામ્રાજ્ય વિખેરવું પડ્યું. ઇંગ્લાંડની એ જરૂરિયાતથી હિંદને અને બીજા દેશોને સ્વરાજ્ય મળ્યું! પણ આ સામ્રાજ્યના વિસર્જન પછી બ્રિટનનો મહિમા ઓછો થતો ગયો. પશ્ચિમના રાજકારણમાં ઇંગ્લાંડની રાજકીય સમતુલા સાચવવાની શક્તિ હતી તે જતી રહી. બ્રિટને પણ અણુશક્તિવાળાં શસ્ત્રો તૈયાર કર્યાં. પણ તે યુ. એસ. એ. કે રશિયાની કક્ષા જેવાં નહિ.

ગયા વિશ્વયુધ્ધના બે મોટા પ્રતિપક્ષીઓ—જર્મની અને ફ્રાન્સ—એક સદીથી પણ વધારે શત્રુભાવે રહેલા એ બે દેશો! તેમાં જર્મનીના પશ્ચિમ વિભાગે દુનિયાને ચકિત કરે એવા ઉદ્યોગથી પોતાની સ્થિતિ સુધારી લીધી, એટલું જ નહિ પણ સમૃદ્ધ કરી, બીજાના દેવાદાર મટી લેણદાર થવાની સ્થિતિમાં આવી ગયું.

ફ્રાન્સ તેના રાજકારણની આંતરિક નબળાઈને કારણે ઠેકાણે પડતું ન હતું એ અવસરે, દ' ગોલ જેવા મહાન નેતાને સુકાનીનું સ્થાન મળ્યું અને તેણે અસાધારણ દીર્ઘદૃષ્ટિ અને મક્કમતાથી ફ્રાન્સની સ્થિતિ સદ્ધર કરવા પ્રયત્ન કર્યો. અર્થકારણને મજબૂત કર્યું, અલ્જીરિયાનો બોજો દૂર કર્યો અને અણુશક્તિનાં શસ્ત્રો ઉત્પન્ન કરવાની શક્તિ કેળવી; અને ઉત્પન્ન કર્યાં ! આવું ત્રિવિધ સામર્થ્ય પ્રાપ્ત કર્યા પછી જૂના શત્રુ સાથે નવી દોસ્તી કરી. ફ્રાન્સનો દ' ગોલ પશ્ચિમ જર્મની ગયો અને ત્યાં અસાધારણ સત્કાર પામ્યો, અને યુરોપને અત્યાર સુધી ખેદાનમેદાન કરતા ફ્રેન્કો-જર્મન વેરભાવને અત્યાર પૂરતો તો નાબૂદ કર્યો. યુરોપના કૉન્ટીનેન્ટની આ બે પ્રજાઓએ એક થઈ સમગ્ર કૉન્ટીનેન્ટની સ્થિતિ સદ્ધર કરવા યુરોપીઅન કૉમન માર્કેટની યોજના કરી. આ યોજના કેવળ અર્થકારણ પૂરતી મર્યાદિત રહે એ અસંભવિત છે. એમાંથી યુરોપનું નવું રાજકારણ પણ ઊભું થાય છે : આ જે નવું રાજકારણ ઊભું થતું દેખાય છે તેથી મેં કહ્યું કે યુરોપમાં—પશ્ચિમમાં અને તે દ્વારા આખા વિશ્વમાં, એક નવી ક્રાન્તિ આવી રહી છે. મને લાગે છે કે ફ્રાન્સ, જર્મની અને યુરોપના બીજા નાનામોટા દેશોનું આર્થિક અને રાજકીય સંગઠન એ આ નવા યુગની મોટી ઘટના છે. આ સંગઠન રશિયાને શિકસ્ત આપવા કે માપમાં રાખવા માટે જ એકલું નથી, મને લાગે છે કે તે યુ. એસ. એ.ને પણ માપમાં રાખવા માટે છે.

પહેલા વિશ્વયુદ્ધ પહેલાં, વિશ્વમાં યુરોપનું વર્ચસ્ હતું પણ તેમાં રાષ્ટ્રીય વેરો નિર્બળ બનાવનાર તત્ત્વો હતાં. તે નિર્બળ બનાવનાર તત્ત્વોને દૂર કરી, યુરોપ આજે ફરીથી પોતાનું વર્ચ વધારે સામર્થ્યથી સિદ્ધ કરવા ઊભું થયું છે. એટલે કે વિશ્વમાં હાલમાં જે યુ. એસ. એ. અને રશિયા એ બે મહાબળો છે તેની સામે આ ત્રીજું મહાબળ ઊભું થાય છે. આ ત્રીજું મહાબળ એ એશિયા-આફ્રિકાના દેશોને ક્ષય રૂપ થાય એવી જે શંકા શ્રી. જવાહરલાલ નેહરુએ દર્શાવી છે તે તેમની રાજકીય સૂઝ કેટલી જાગૃત છે તેનો પુરાવો આપે છે.

બ્રિટન પહેલાં તો ટાપુમાં રહ્યું રહ્યું પોતાના સામ્રાજ્યબળે યુરોપના રાજકારણમાં ધાંધલ મચાવી શકતું અને પોતાનો સ્વાર્થ સાધી શકતું. પણ સામ્રાજ્ય ગયા પછી એનું સામર્થ્ય રહ્યું નહિ. કૉમનવેલ્થ દેશોની પાંચશેરી જેવું તો નહિ, પણ વીંછીઓની ટોપલી જેવું છે. એટલે જો બ્રિટને પોતાનું સ્થાન યુરોપમાં સાચવવાનું હોય તો યુરોપીઅન કૉમન માર્કેટમાં તેણે દાખલ થવું જ જોઈએ; અને તો જ પોતાની પરંપરાગત રાજકીય કુનેહથી એ યુરોપના રાજકારણમાં પોતાનું વર્ચસ્ રાખી શકે. પણ નવું ભાન પામેલા ફ્રાન્સ અને જર્મની ઇગ્લાંડને કેટલું ફાવવા દેશે એ એક પ્રશ્ન છે. યુરોપમાં-ફ્રાન્સમાં-પેરીસમાં રહેતા આપણા એક હિંદી ભાઈ પેરીસમાં શી માન્યતા ચાલે છે તેનો પડઘો એક પત્રમાં પાડે છે તે હું તમને જણાવું :

"પંડિત નેહરુ કૉમનવેલ્થ કૉન્ફરન્સમાંથી અહીં ફ્રેન્ચ રાજદ્વારી વ્યક્તિઓના સમાગમ માટે પેરીસ આવેલા છે. દ ગોલની નેતાગીરી નીચે ફ્રાન્સ ધીમે ધીમે યુરોપમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે. અને કૉમન માર્કેટની મદદથી યુરોપ સંગઠિત થાય છે. અંગ્રેજ લોકો ટાપુવાસી મનોવૃત્તિ ત્યાગીને યુરોપમાં જોડાવા માગે છે. પણ

તે લોકોનું સ્થાન જર્મન તથા ફ્રેન્ચ લોકોની પાછળ રહેશે. એટલે તે માટે ઇંગ્લાંડમાં હાલમાં ઘણો ઊહાપોહ ચાલે છે. . . . "

આમ, યુરોપીઅન કોમન માર્કેટની ઘટના કેવળ આર્થિક નથી રહેતી પણ રાજકારણી બની જાય છે અને કંઈક નવાં બળો ઉત્પન્ન કરે છે જેનો ક્યાસ આજે કાઢી ન શકાય।

* * *

પ્રશ્ન : ગુજરાત યુનિવર્સિટીની બોધભાષાના પ્રશ્ન અંગે સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ જોયું ? શું પરિણામ આવશે ?

ઉત્તર : હમણાં 'ટાઇમ્સ ઑફ ઇંડિયા'માં હડતાલ પડી છે એટલે એ છાપું વાંચવા મળતું નથી. એટલે અંગ્રેજીમાં એ જજમેન્ટ વાંચવા મળ્યું નથી. ગુજરાતી છાપાં ઉપરથી ભાવાર્થ બરાબર સમજાતો નથી. પણ હું એટલું સમજ્યો છું કે બોધભાષા વિશે મર્યાદા કરવાનો અધિકાર આપણા બંધારણની રૂએ રાજ્ય સરકારને નથી અને તેથી એ રાજ્ય સરકારે હયાતિમાં આણેલી ગુજરાત યુનિવર્સિટીને પણ નથી. એમાં પ્રાદેશિક ભાષા બોધ-ભાષા થવાને પાત્ર છે એ મુદ્દાના ગુણદોષની કોઈ ચર્ચા અથવા અભિપ્રાય હોય તો મને ખબર નથી.

એક રીતે આ જજમેન્ટ આવકારવા જેવું છે, જો એને પરિણામે મધ્યસ્થ સરકાર શિક્ષણનાં મહત્ત્વનાં તત્ત્વોની સમગ્ર દેશ માટે દોરવણી પૂરી પાડે તો. મધ્યસ્થ સરકારનો આ વિષયમાં અક્ષમ્ય પ્રમાદ રહ્યો છે. એને પરિણામે બીજા કોઈ પણ ક્ષેત્ર કરતાં શિક્ષણના ક્ષેત્રમાં આજે વધારેમાં વધારે અરાજકતા છે. એ પ્રમાદ અનેક દંભોનું ઓઠું બન્યું છે મધ્યસ્થ સરકારના શિક્ષણ પ્રધાન પાર્લમેન્ટમાં એમ જાહેર કરતા જણાયા છે કે યુનિવર્સિટીના શિક્ષણમાં પણ બોધભાષા તરીકે પ્રાદેશિક ભાષાને સ્થાન મળવું જોઇએ. રાષ્ટ્રભાષા તરીકે કે સાંકળતી ભાષા તરીકે – લિન્ક લેન્ગવેજ તરીકે – હિંદીને સ્થાન મળવું જોઇએ અને જ્ઞાનનાં દ્વાર તરીકે તેમ જ રાષ્ટ્રાંતરીય વ્યવહારના સાધન તરીકે અંગ્રેજીનું સ્થાન હોય. આ ખ્યાલો એવા છે કે જેમાં કંઇ ચર્ચાને સ્થાન નથી – સર્વમાન્ય નહિ તો બહુમાન્ય થાય એવા છે. પણ એનો વ્યવસ્થિત અમલ રાષ્ટ્રના પ્રદેશોમાં થતો નથી. અને એ ન થવાનું એક કારણ મધ્યસ્થ સરકારની દોરવણીનો અભાવ છે. આ ચુકાદાથી જો એ દોરવણી મળે તો એ એક સારું પરિણામ ગણાય.

આ પ્રશ્નના ગુણદોષ વિશે તો આપણે અનેક વાર ચર્ચા કરી ગયા છીએ એટલે એમાં કંઈ નવું કહેવાનું નથી. શિક્ષણનું અને સર્જનનું વાહન સ્વભાષા જ હોઈ શકે। પણ તેનો અર્થ એવો નહિ કે એને શ્વાસ લેવાને પ્રાણ પ્રાપ્ત કરવાને નાક કે નસકોરાં ન હોય। પહેલાં મેં બીજી એક ઉપમા આપી હતી : ગુજરાતી એક એવું પંખી છે કે જેને ઊડવાને માટે અંગ્રેજી અને સંસ્કૃત એ બે પાંખોની જરૂર છે. એમાં એટલું સ્પષ્ટી-કરણ કરવું જોઇએ કે એ ઊડવાના પ્રાણ અને શક્તિ તેના પોતાનાં હોવાં જોઇએ। રૂપકો મૂકી દઇ સીધી ભાષામાં કહીએ તો શિક્ષણ અને સર્જનનો સારામાં સારો વિકાસ એટલે કે જ્ઞાનઅર્જનનો અને જ્ઞાન-સર્જનનો સારામાં સારો વિકાસ સ્વભાષા દ્વારા થઈ

શકે, પણ તેને પોષણ, સમૃદ્ધિ અને વ્યાપકતા મળે તે માટે સંસ્કૃત અને અંગ્રેજી આવશ્યક છે

પણ ખરો પ્રશ્ન હાલની પરિસ્થિતિમાં શું કરવું એ છે. આમાં હું ગૂજરાત વિદ્યાપીઠના અનુભવને અનુસરું છું. તેમાં શિક્ષણ મુખ્યતયા ગુજરાતીમાં અપાતું હતું, પણ અંગ્રેજી કે હિંદીમાં શિક્ષણ આપવા – લેવાનો પ્રતિબંધ ન હતો. આ તો કેવળ વહીવટના વિવેકની અને કુનેહની બાબત છે. એ આપણી યુનિવર્સિટીને – કે જે નિયમોનો ઉપયોગ પોતાને જરૂરી રાખવામાં કરે છે તેને ન સૂઝ્યો, કહો કે તેના અગ્રેસરોને ન સૂઝ્યો. તેને પરિણામે ફેંસલા માટે હાઈકોર્ટમાં જવાની અઘટિત ઘટના બની.

આમાં હિંદી વિશે મેં કંઈ કહ્યું નહિ. એનું કારણ હિંદી વિશે મને અનાદર છે એમ ન સમજશો; પણ ભાષાઓના અભ્યાસી તરીકે હું માનું છું કે ગુજરાતી અને અંગ્રેજીમાં શિક્ષણ પામેલાને, – અરે નહિ પામેલાને પણ – હિંદીમાં બોલવા – લખવાનો સરળ વ્યવહાર કરવા માટે છ થી બાર મહિના કરતાં વધારે સમયની તાલીમની જરૂર નથી. અલબત્ત, બુદ્ધિને અગમ્ય અને સુરુચિને ડંખે એવી જે નવી હિંદી ભાષા તેના કેટલાક પક્ષકારો આગળ ધરે છે તેની હું વાત કરતો નથી. એ ભાષા તો હિંદીભાષી પ્રદેશોના લોકોને પણ આવડતી નથી. એ લોકો તો જે ભાષાનો વ્યવહાર કરે છે તે સંસ્કૃત અને ઉર્દૂના મિશ્રણવાળી, જેને ગાંધીજીએ 'હિંદુસ્તાની' નામ આપ્યું હતું તે જ છે.

બાકી, હિંદી સાહિત્ય અને વાઙ્મયના અભ્યાસને જેમ બીજાં સાહિત્ય – બંગાળી મરાઠી વગેરેને જે સ્થાન હોય તે આપવું જોઈએ.

આપણી પ્રાદેશિક ભાષાઓને ભૂલાવી દઈને એક હિંદીને જ આખા દેશની ભાષા કરવાની વાત મને સ્વપ્ના જેવી મિથ્યા લાગે છે. ધારો કે રાજકીય જોહુકમીથી આખા દેશની ભાષા તરીકે હિંદી લદાય તો પચ્ચીસ પચીસ વર્ષના ગાળામાં, ભાષાના ઘડતરમાં જે કુદરતી કારણો પ્રવર્તે છે તેને પરિણામે, હિંદી ભાષા પણ પ્રદેશે પ્રદેશે બદલાઈ જવાની, પહેલાં બોલચાલમાં અને પછી લખાણમાં. એટલે કે હાલમાં ન્યુ ઇન્ડો-આર્યનના જે પ્રકારો ઉત્તર હિંદમાં પ્રચારમાં છે તે જ પાછા નવા ફેરફારો સાથે હયાતિમાં આવવાના. દક્ષિણમાં વિકૃતિ પામી હિંદીનું કેવું રૂપ થાય એ કલ્પવું મુશ્કેલ છે.

એ વાત સાચી કે સમગ્ર દેશમાં વ્યવહાર કરવા માટે આપણને એક ભાષા જોઈએ. અત્યારે સામાન્ય માણસો તે વ્યવહાર હિંદી બોલી દ્વારા કરે છે. આ પ્રચલિત વસ્તુસ્થિતિને વધારે વ્યવસ્થિત અને નિયમબદ્ધ કરવી એ જ આપણું ધ્યેય હોવું જોઈએ; નહિ કે સ્વભાષાને સ્થાને એને મૂકવાનું કે શાનદાર રૂપી અંગ્રેજીને સ્થાને મૂકવાનું.

૨૭-૯-૬૨

★

પરદેશી લોટ મળતાં ખાદ્યો

બાપાલાલ ગ. વૈદ્ય

આ કમભાગી દેશમાં રોગચાળો વ્યાપક છે, ગરીબાઈ વ્યાપક છે, અજ્ઞાન વ્યાપક છે, બનાવટી દવાઓ બનાવવાનાં ષડ્યંત્રો વ્યાપક છે, ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ વ્યાપક છે, આટલું ઓછું હોય તેમ હમણાં હમણાં અમુક ખોરાક ખાવાથી ઝેરની અસર થઈ હજારો માણસો મૃત્યુ પામ્યાના ચોંકાવનારા સમાચાર પણ વ્યાપક બન્યા છે. આસામ અને પશ્ચિમ બંગાલમાં હમણાં આ પ્રમાણે food poisoning–ફૂડ પોઈઝનિંગના ૬૦૦ કેસો પ્રસિદ્ધિમાં આવ્યા છે. માલ્ડામાં રાઇનું ભેળસેળવાળું તેલ ખાવાથી ૪૦૦ દરદીઓને લકવા જેવા રોગો થયા છે એમ પહેલાં જાહેર કરવામાં આવ્યું હતું. હવે એવું જાહેર કરવામાં આવ્યું છે કે પરદેશથી આવતા લોટમાં જંતુઘ્ન ઔષધોનો સ્પર્શ થતાં આ પ્રમાણે થવા પામ્યું છે. નિશાળનાં બાળકોને આવા લોટની ભાખરીઓ ખાવામાં આપવામાં આવી હતી અને બધાં જ છોકરાં આ રોગમાં સપડાયાં છે.

આજે અમેરિકા તરફથી ઘણી જાતનાં ફૂડ પાર્સલો ભારતને દાન તરીકે મળે છે. આમાં ઘઉંનો લોટ પણ હોય છે. આગબોટોમાં લોટ સાથે બીજી ઘણી વસ્તુઓ પણ આયાત થાય છે. જંતુઘ્ન દવાઓ પણ આજે અનેક જાતની ભારતને ભેટમાં મળે છે. કહેવાય છે કે આ જંતુઘ્ન દવાઓ સાથેના સંસર્ગથી આ પ્રમાણે લોટમાં ઝેર પ્રવેશે છે। જંતુઘ્ન દવાઓનો છંટકાવ આજે સાર્વત્રિક બનેલ છે.

કેરાલા અને મદ્રાસમાં ખાંડ અને આટામાં આ પ્રમાણે જંતુઘ્ન ઔષધો સ્ટીમરમાં જ ભેળસેળ થયાં હતાં અને પરિણામે ૪૦૦ બાળકો મરણશરણ થયાં હતાં. આ વખતે ખૂબ ખળભળાટ મચ્યો હતો. ધારાસભામાં ઉહાપોહ થાય છે. સરકાર હવે જાગૃત બનશે એવું આશ્વાસન પણ મળે છે અને છતાં ય આસામ-બંગાલમાં તાજેતરમાં જ ૬૦૦ મરણો ખાદ્ય-ઝેરથી થયાં! સરકારે કહ્યું છે કે હવેથી જે ખાદ્ય પાર્સલો પરદેશથી આવશે તે તમામ ફૂડ મિનિસ્ટ્રીને હવાલે સોંપવામાં આવશે અને એની બરાબર તપાસ કરાવાયા પછીથી જ વહેંચાશે; ઠીક છે.

આપણી સરકાર પરપ્રત્યયનેય બની લાગે છે. ગામડાંપ્રધાન આ દેશમાં બહારથી આટો શું કામ આવવા દે છે? મોટે ભાગે તે મેંદો હશે જેમાંથી બિસ્કીટ વગેરે બનાવવામાં આવતું હશે. શું ભારતમાં લોટ દળવાની મિલો પણ ઓછી પડે છે કે જેથી તૈયાર આટો આયાત કરવો પડે છે?

મોટાં મોટાં ગોડાઉનો (વખારો)માં અનાજ સડે છે, ઉભાય છે, જંતુઘ્ન દવાઓ એની ઉપર છાંટવામાં આવે છે. આની અસરથી પણ આવા કેસો બનતા જ હશે. આનો ઇલાજ શો! અમો કહીશું કે મિલોમાં દળાયેલો આ પ્રાણહીણ આટો સદંતર બંધ કરવો. જેમકે શહેરોમાં મોટી પ્રચંડ બિસ્કીટ બનાવનારી ફેક્ટરીઓ માટે આ આટો વપરાય છે. આખા ઘઉંના લોટનાં બિસ્કીટ ફેક્ટરીઓ પોતાની પાસેની લોટની મિલોમાં શું ઘઉં ન દળાવી શકે? મેંદા જેવો સત્વહીન લોટ શું કામ લોકોને ખવરાવો છો? કલમના એક જ ગોદાથી મેંદાનું ઉત્પાદન અને આયાત બંધ કરવાથી શું આભ તૂટી પડવાનું છે? આ કંઈ એવો

પદાર્થ નથી જેના વિના ન જ ચલાવી શકાય. પરંતુ આપણી સરકાર યુરોપ અમેરિકાનું અનુકરણ કરવામાં શૂરી છે અને મુધરેલ દેશ કહેવડાવવા આવી ઘણી અક્કલ વગરની વાનગીઓ આયાત કરે છે જ. આજે લોકોએ બહાર ખાવામાં માઝા મૂકેલી છે. આપણા દેશના પ્રચલિત ધર્મોમાં બહારનું ખાવાનો નિષેધ પોકારેલો હતો. વૈષ્ણવ, જૈન, સ્વામીનારાયણ ઇત્યાદિ સંપ્રદાયોમાં બહારનું ભોજન ન જ ખવાય એવી પ્રણાલિકાએ ઊંડાં મૂળ ઘાલ્યાં હતાં. જોતજોતામાં આ ધર્મીઓ પણ હવે બહારનું ખાતા થઈ ગયા છે. ધર્મચુસ્ત બહેનો પણ હવે તેમના પતિઓ સાથે હોટેલોમાં ખાતી થઈ ગઈ છે. અડકવા આભડવાનો ડર ટળી ગયો છે, ખાવાપીવાની મર્યાદાઓનો લોપ થઈ ગયો છે. આ સ્થિતિમાં આરોગ્ય વગેરે બહારથી આવતું હોય તો નવાઈ નહીં.

જે લોકો અમારું આ લખાણ વાંચે તેને તો અમો જરૂર કહીશું કે કૃપા કરી બહારનું ખાવાનું બંધ કરો. ઘર જેવી શુદ્ધિ બહાર હોટેલો કે દુકાનોમાં ન જ સચવાય. બહારથી ભલે તમને તે શુદ્ધ અને સ્વચ્છ લાગતી હોય, મોટા પાયા ઉપર જ્યાં રંધાતું હોય ત્યાં ઘર જેવી સ્વચ્છતા ન જ સચવાય. એટલે બહાર હોટેલોનું ખાવાનું બંધ જ કરવું એ જ શ્રેયસ્કર છે. તુરત જ પ્રશ્ન ઊઠશે કે આજે શહેરોમાં સવારમાં નોકરી ઉપર ચડવાનું હોય, ઘર દૂર રહ્યું હોય ત્યાં હોટેલો સિવાય કેમ ચાલે? તો અમો કહીશું કે ગમે તેવા કાયદાઓ મ્યુનિસિપાલિટી અને કોર્પોરેશનો ભલે કરે આ પ્રાણહીન સ્વાદપ્રચુર ખોરાકથી શક્તિ હણાવાની અને રોગો પણ થવાના જ. ઘરથી ભાથું ન લવાય શું? ઇચ્છા હોય ત્યાં બધું જ શક્ય છે. મોટાં શહેરો સિવાય બીજાઓ આ દૂષણથી દૂર રહી શકે એમ છે. પરંતુ આજે તો ગામડે ગામડે સ્વાદહીન સિરકીઓ વેચાવા લાગ્યાં છે. એટલે ભ્રષ્ટાચાર વ્યાપક બન્યો છે...

હવે પંચાયત રાજ્ય આવી રહ્યા છે. આપણી પંચાયતો સાચે સત્ત્વપૂર્ણ ખોરાક લોકોને મળે છે કે નહિ તે જોશે? મેંદાનાં વાસી બિસ્કીટો, ચાની હોટેલો, બંધ કરશે? સ્વચ્છ દૂધ મળી શકે એવો પ્રબંધ કરશે? છાશની પરબો મંડાવશે? છાશ લસ્સી, ચોકીની હોટેલો કાઢશે? લોકોને બહારનું ખાતાં અટકાવશે? અમો ધારતા નથી કે પંચાયતોમાં આ દૃષ્ટિ હોય. જ્યાં આપણા પ્રધાનોમાં જ આવી દૃષ્ટિ નથી ત્યાં બીજાની વાતો શી કરવી?

મહિલા સમાજને અમારો અવાજ પહોંચતો હોય તો અમો કહીશું કૃપા કરી તમો આ બજારથી દૂર રહેજો. તમો અને તમારાં કુટુંબ બહારનું ન ખાવાનું વચન લો. ગમે તેવું બોટેલું પાણી મેંઢે તમો તો ન જ માંડો. શેરડીનો રસ ગમે તેવા એંઠા પ્યાલામાં પીતી બહેનોને હું જોઉં છું ત્યારે કમકમી ઊઠું છું. એક ગંદા પાણીની ડોલમાં જ બધા પ્યાલાઓ તે ધુવે છે અને આ જ પ્યાલાઓ બધા મોઢે લગાવે છે! ચેપી રોગો ફેલાય છે અને લોકો હાથે કરીને માંદા પડે છે. આપણે સુદૃઢ આરોગ્યની કયા મોઢે વાતો કરીએ છીએ? સમજવા છતાં કર્તવ્યમાં કંઈ જ ઉતારવામાં આવતું નથી એ આ યુગની કરુણતા છે. જ્ઞાનપ્રચારના આટઆટલા સાધનો છતાં કશું જ ઊંડે ઊંડે સ્થિર થઈ શકતું નથી એક કાને સાંભળીને બીજે કાને બહાર નીકળી જતું લાગે છે!

ઓ આચાર્યો, ગુરુઓ, પ્રાધ્યાપકો, આગ્રહો, માતાઓ, કવિઓ, લેખકો! આવતી કાલ આપણી પાસેથી આનો જવાબ માગશે, કે તમોએ આ સ્થિતિમાં શું કર્યું?

['શિક્ષણભારતી'-સપ્ટેમ્બર: ૧૯૬૨ માંથી સાભાર ઉદ્ધૃત]

★

"સિતમ કથાઓ–૧૯૬૧"

સ્વામી આનન્દ

પશ્ચિમની ગોરી મહાપ્રજાઓ વચ્ચે આજે ચાલી રહેલી દુનિયા આખી ઉપર સત્તા જમાવવાની હોડદરીફાઈને કારણે જે મેલાં સંગઠનો અને પ્રચાર ચાલી રહ્યાં છે તેમાં સાચ અને જૂઠની માત્રા કેટલી એનું માપ ભાગ્યે કોઈ કાઢી શકે. રશિયા અમેરિકા સામે અને અમેરિકા રશિયા સામે મંડાયાં છે. બીજાં રાષ્ટ્રોના પણ ઓછે-વત્તે અંશે એ જ ઘાટ છે. બધાં શાંતિ, આઝાદી અને પછાત પ્રજાઓના ઉદ્ધારની રઢ લગનીને જોરે ઉજળાં દેખાવા મથે છે પણ દરેકના પગ તળે શું બળી રહ્યું છે એની લાજશરમ કોઈને નથી. એમની એક-બીજા સામેની ચીખલફેંક કથરોટ કૂંડાને હસે તેવી છે.

પોતાને વ્યક્તિમાત્રના લખવા બોલવા -મતવાદના સ્વાતંત્ર્યના જન્મસિદ્ધ હક્કોના સંરક્ષક કહેવડાવનારી ફ્રાન્સ અમેરિકા વગેરે અગ્રગણ્ય દેશોની લેખાતી લોકશાહીઓ પોતાના સામ્રાજ્ય દેશોની જ નહિ પણ પોતાના જ હાડમાંસની પરઆશ્રિતોની, પણ પોતાને અળખામણી થનારી, વ્યક્તિઓ ઉપર હજુ આજેય કેવા કેવા અન્યાય અને અકથ્ય જુલમો ગુજારી શકે છે એની દિલ વલોવી મૂકનારી સત્તાવાર હકીકતો રજૂ કરતી એક નાનીશી ચોપડી પીટર બેનેન્સન નામના સજ્જને તાજેતરમાં Persecution–1961 (સિતમ કથાઓ–૧૯૬૧) એવે નામે પેંગ્વિન ગ્રંથમાળામાં પ્રગટ કરી છે. ઓક્સફર્ડમાં ઊંચી કેળવણી પામેલા આ પ્રખ્યાત અંગ્રેજ ધારાશાસ્ત્રીએ કાયદાની સુધારણા અને હક્કના જુલમ–અન્યાયના કેસો લડનાર તરીકે પશ્ચિમની દુનિયામાં ઊંચી નામના મેળવી છે.

આજે જુદા જુદા દેશોમાં રાજદ્વારી, ધાર્મિક, સામાજિક ક્ષેત્રે પોતાના વિચારો અભિપ્રાયો તેમજ પ્રવૃત્તિઓને કારણે હકૂમતની ત્રાસવૃત્તિ અને જુલમોના ભોગ થઈ પડનારાઓના મુકદ્દમાઓમાં તટસ્થ નાતે હાજર રહી તે વિશે જાહેર ચર્ચાઓ ઉપાડવી, લખીને કે આકાશવાણી ઉપર બોલીને તે અંગેનો પ્રચાર કરવો, વગેરે કામો એઓ કરે છે.

દેશેદેશમાં કોઈપણ ભોગે કાયદાનું સાર્વભૌમત્વ જાળવવાનો આગ્રહ ધરાવનારા અને તે અંગે કમાલ પ્રયત્નો કરી છૂટવા માગનારા ધારાશાસ્ત્રીઓની એક સંસ્થા એમણે ગયે વર્ષે ૧૯૬૧માં અમેરિકા–રશિયાની ગુલામી પ્રથાઓની નાબૂદીની શતાબ્દિ ઉજવાઈ તે અવસરે લંડન ખાતે સ્થાપી. આ સંસ્થા અંતરાત્માના અવાજને વફાદાર રહીને ચાલવાના ગુના માટે દેશદેશની જેલોમાં ગોંધાઈને વર્ષોથી સબડી રહેલા રાજદ્વારી કેદીઓ વિશેની પ્રમાણભૂત માહિતી એકઠી કરે છે.

આ સંસ્થાએ તમામ દેશના આવા કેદીઓના છુટકારા માટે એક ગોરી અપીલ બહાર પાડી છે, અને તે અંગે પીટર બેનેન્સન આખા યૂરોપ અમેરિકામાં ખૂબ પ્રચાર ચલાવી રહ્યા છે. આ ચોપડીમાં યૂરોપ એશિયાના દેશોના મળીને નવ ચૂંટેલા કેસોની હકીકતો રજૂ કરવામાં આવી છે. શ્રી બેનેન્સનની રજૂઆત પાછળની મુખ્ય દલીલ કે વિચારધારા આવી છે :

પ્રજાની સુરક્ષાની જવાબદારી જેને માથે છે એવી કોઈપણ હકૂમતને કે સરકારને તેની સલામતી જોખમમાં મૂકે એવી પ્રવૃત્તિઓ કરનારા વિરોધીઓને અટકાયતમાં કે જેલમાં મૂકવાની ફરજ પડે એ સમજી શકાય તેવી વાત છે. પણ તેવું જોખમ વીતી ગયા પછી પણ તેમને છોડવા આજની સરકારો રાજી નથી હોતી. વળી નવાં નવાં સ્થપાયેલાં પ્રજાતંત્રોને એમના પર રાતદિવસ

ચાલતી ટીકાના વરસાદ હેઠળ કામ કરવું દોહ્યલું થઈ પડે એ પણ આપણે સ્વીકારીએ. પણ એ બધું છતાં તેટલા ખાતર એવા વિરોધીઓ કે ટીકાકારોને કાયમને માટે કેદમાં રાખવા એ કોઈ રીતે વાજબી ઠરતું નથી. તે કરતાં તો તમે તેમને દેશ છોડી કોઈ પરદેશમાં જઈ વસવાનું કહી શકો. સો પચાસ વર્ષ અગાઉ આમ થતું, ને સ્વદેશની સરકાર જોડે અણબનાવ વાળા સંખ્યાબંધ રાજદ્વારીઓ કે ક્રાંતિકાર સ્વદેશ છોડી બીજા દેશોમાં જઈ વસવાટ કરતા. લડાઈનાં વર્ષો પછી બધા દેશોએ પરદેશના આવાગમન અંગેના કાયદા આકરા કરી મૂક્યા અને જૂની રસમ બંધ થઈ.

આમ છતાં જે કારણોસર આવા લોકોને પરદેશ સટકી જઈને વસવાની ફરજ પડતી તે કારણો અને પરિસ્થિતિઓ તો આજે ઊલટી વધુ તીવ્ર થઈ પડી છે. આનો ઈલાજ શોધવાના પ્રયત્નો પડી ભાગ્યા છે. જે દેશો રાજદ્વારી નિરાશ્રિતોને આશરો આપવાની બાબતમાં પંકાતા, તેઓ પણ આજે મૈત્રી આંતરરાષ્ટ્રીય જૂથબંધીઓને કારણે તેમ કરતાં અચકાય છે.

તેથી આવા આશ્રય શોધનારા લોકોની સચ્ચાઈ અને નિષ્ઠા તપાસી ચકાસીને તેમને ને હકૂમતને બેઉને મદદરૂપ થવા માગનારી સંસ્થાઓ કે મંત્રીમંડળો દરેક દેશમાં સ્થપાવાં જોઈએ કે જે કોઈ ને કોઈ આંતરરાષ્ટ્રીય સંસ્થાના આશરા હેઠળ કામ કરે યુરોપના દેશોમાં આજે આવું રહ્યું નથી.

યુરોપમાં માનવી હકોની રક્ષા કરનારી એક સંસ્થા છે, જેણે તેની મેમ્બર પ્રજાઓ માટે ઓછામાં ઓછાં એવાં ચોક્કસ ધોરણો નક્કી કર્યાં છે. તે મુજબ જે જે સરકારોને કે પ્રજાતંત્રોને અમુક લોકો પર તેમની અનિષ્ટ કારવાઈઓને કારણે અંકુશ મૂકવા પડ્યા હોય તેઓ નક્કી કરેલા સમયને અંતરે વખતોવખત પોતાની નીતિનો બચાવ જાહેર જનતા આગળ રજૂ કરવાનું કબૂલે.

પણ આજના રાષ્ટ્રસંચાલકો જો કે માનવી અધિકારોના મહાન સિદ્ધાંતોની જાહેરાતો તો વખોણવારે કરતા હોય છે છતાં, તેવા સિદ્ધાંતોને અમલી બનાવવા માટેની કશી વ્યવસ્થા કબૂલવા ખુશી નથી હોતા. આજ સદીઓના કાળમાં એકલા યુરોપ ખંડે જ જન્મસિદ્ધ એવા માનવી અધિકારોની પરંપરા પાડી છે. પણ ત્યાંયે ફ્રાન્સ જેવા અગ્રણી પ્રજાતંત્રે તેને બહાલી આપી નથી.

પોતાને લોકશાહી કહેવડાવનારાં પ્રજાતંત્રો જો વ્યક્તિનો બીજા બધાથી જુદા પડવાનો હક ન કબૂલે અને એને અરુચિકર હોય એવા અભિપ્રાયો પ્રત્યે પણ માનઆદર જાળવતાં નહિ શીખે તો સરવાળે કોઈની જ ખેરિયત નથી. આટલી વાત જો આજે આપણે સમજતાં શીખીએ તો આપણાથી જુદા પડનારાઓના વિચારો અને અભિપ્રાયોને સાંખી લેતાં પણ જરૂર આપણે શીખીશું.

આમ થાય તો જેલોના દરવાજા અને અટકાયતી છાવણીઓનાં ફાટક હાલથી ઊઘડે. માનવીના વિચારોમાં બીવા જેવું કશું નથી, સિવાય કે આપણે તે સમજી ન શકીએ. અને ચાહે તેવી વસમી પરિસ્થિતિ વચ્ચે પણ જો વ્યક્તિસ્વાતંત્ર્યને પૂરેપૂરું રક્ષણ આપવાની તાકાત આજે આપણે ન બતાવી શકીએ, તો એવી લોકશાહી સરકારો કે પ્રજાતંત્રોને નભાવવાનો કે ટકાવી રાખવાનો કશો અર્થ નથી. આઝાદીનો અર્થ જ 'અનેક વિચારોમાંથી પોતાને રુચે તે વિચારો કે અભિપ્રાયો ધરાવવાના દરેક વ્યક્તિના હક માટેની પ્રજાકીય બાંહેધરી' એવો છે.

એક સૈકા અગાઉ અબ્રાહમ લિંકને અમેરિકાની રાષ્ટ્રીય કોંગ્રેસને મોકલેલા સુપ્રસિદ્ધ સંદેશામાં પૂછેલું : 'શું પ્રજાતંત્રોના હાડમાં જ એવો કોઈ દોષ પડેલો છે, કે જેથી કાં તો એની હકૂમત ચલાવનારી સરકારો માથાભારે થઈને પોતાની પ્રજાને અકળાવે, કાં પોતે નરમઘેંસ

રહીને પ્રજામાંના માથાભારે તત્ત્વોને અંકુશમાં રાખવામાં નિષ્ફળ નીવડીને જાતે જ મરી રહે ? સામુદાયિક સુતંત્ર અને વ્યક્તિગત સ્વાતંત્ર્ય વચ્ચે અદાવત હોવી શું એટલી અનિવાર્ય છે ? ના એવું ન જ હોવું જોઈએ.'

સાચી વાત તો એ છે કે કમાલ દરજ્જાની સુધીના વ્યક્તિસ્વાતંત્ર્ય વગર પ્રજાકીય સુતંત્ર અંતે તૂટી જ પડવાનું. પોતાના વિરોધીઓને જેલોમાં ગોંધી મૂકીને કે તેમના લખાણ પ્રચાર આદિને દાબી દઈને તાત્કાલિક રાહત ભલે તમે ભોગવી લ્યો, પણ સરવાળે એ તમારાં હાડકાં ભાંગનારી લાકડીઓ જ નીવડશે. માણસ માત્રમાં આઝાદી તમન્ના ભૂખ તરસ જેટલી જ પાયાની છે. કોઈ જુલમી રાજતંત્ર કાયમ ટકી શક્યું નથી. પરભેળના બળવાથી ઉથલી નહિ પડે તો એના પોતાના જ હાડમાંના સગા કોહવાટ એને પોલુંઢમ કરી મૂકશે ને એ બહારના દબાણ સામે ઝાક નહિ ઝાલે.

ત્યારે શું માનવજાતિએ તેવા દિવસની વાટ જોઈને બેસી રહેવું ? કે સુભેગનો દિવસ વહેલા આણવા મથવું ? આનો પોતાની પાસે શો જવાબ છે એ દરેક વ્યક્તિ વિચારે.

આજે દુનિયાભરમાં રાજદ્વારી અટકાયતો, જેલો અને જુલમસિતમો હેઠળ રીબાઈ રહેલા માનવીઓ માણસમાત્રના હૈયામાં પડેલી પાયાની ઝંખનાનાં પ્રતિનિધિઓ છે એ બધા તમારા અને મારા વ્યક્તિગત સ્વાતંત્ર્યના અધિકારોને અકે કરાવવા સારુ આજે ટીપેટીપે પોતાનાં લોહી આપી રહ્યાં છે, તસુતસુને હિસાબે પોતાના પંડનાં બલિદાન આપી રહ્યાં છે

આવાં નર માનવીઓની વીતક કથાઓ આ પીટર બેનેન્સને પ્રગટ કરેલી પ્રસ્તુત પુસ્તિકામાં છે. પોતાના દેશની સરકારોને કે પોતાના પડોશીઓને અણગમતા વિચારો કે અભિપ્રાયો રજૂ કરનારા લોકોને મધ્યે વીસમી સદીના છ દાયકા વીત્યા પછી આજને કાળે પણ શું શું વીતી શકે એની આ વાનગીઓ છે. વળી વસમામાં વસમાં વીતકો વાળા કે વધુમાં વધુ નામાંકિત માણસો ઉપર વીતેલાં વીતકોની કથાઓ ચૂંટીને અહીં રજૂ કરી છે એવું પણ નથી. આ નવ કથાઓમાંની બે સંક્ષેપે 'પ્રસ્થાન'માં આપવા માગું છું.

૧

અલ્જીરિયાનો તરફદાર

(મૉરીસ ઑડિન)

ફ્રાન્સની હકૂમત હેઠળના અલ્જીરિયાનો વતની, ફ્રેન્ચ અલ્જીરિયાનો ટોચ ગણિતી અને એની યુનિવર્સિટીનો અધ્યાપક હતો. ફ્રેન્ચ વંશકુળનો છતાં પોતાને અલ્જીરિયન ગણાવતો, ને અલ્જીરિયાની આઝાદીનો તરફદાર હતો. ઊંચા ગણિતશાસ્ત્રમાં એની મહાન યોગ્યતાની કદર જ્યારે પારીસની યુનિવર્સિટીએ ૧૯૫૭ના ડિસેમ્બરમાં એને ડાક્ટરની પદવી એનાયત કરીને કરી, ત્યારે આ ૨૫ વરસના પરણેલા અને ત્રણ બાળકોવાળા જુવાન મેધાવીના જીવતા મૂઆની ખબર કે હતી નહોતી. સરકારવાળા એને સરકારી અટકમાંથી ભાગી છૂટેલો જીવતો ફરારી શખ્સ બતાવતા હતા. પણ ઘણા એને ફ્રેન્ચ સરકારના લશ્કરીઓએ રીબાવીને મારી નાખ્યાનું માનતા.

ઑડિન કમ્યુનિસ્ટ હતો. ૧૯૫૫માં અલ્જીરિયાની કમ્યુનિસ્ટ પાર્ટીને ગેરકાયદે જાહેર કરવામાં આવી, અને એના મેમ્બરોને પક્ષે એકબીજાને મદદરૂપ થનારું કોઈપણ કામ કે પ્રવૃત્તિ રાજ્યવિરુદ્ધના કાવતરા રૂપ લેખાશે એમ જાહેર થયું. ૧૯ મી માર્ચ '૫૭ને દિને ફ્રેન્ચ લશ્કરી જમાતે રીતસરની ખૂનખરાબી કરીને સ્વાતંત્ર્યવાદી અલ્જીરિયનો બધાને દાબી દીધા.

આ પછી થોડા જ અરસામાં ૧૦મી જુન ૧૯૫૭ને દિને કમ્યુનિસ્ટ પાર્ટીના હાજ નામના છાપાને લશ્કરીઓએ પકડ્યો. ઑડિનના ઘરમાં પોલ કાસબરો નામના એક બંધ

કમ્યુનિસ્ટને દવાદારૂ કર્યાનો એની સામે આરોપ હતો. વળતે દિવસે ઑાડિનને પણ બે લશ્કરીઓ ઘેર આવીને પકડી ગયા. એમાંના એક લઈ જતી વેળાએ ઑાડિનની ધણિયાણીને કહેલું, ' પૂછપરછ માટે લગાર લશ્કરી થાણે લઈ જઈએ છીએ. ગલ્લા હશે તો હાલમાં પાછા આવશે. '

બાઈએ પતિનું મોં ફરી કદી ન જોયું.

ઑાડિનનો ગુનો એટલો જ હતો કે એણે એક માંદા સામ્યવાદીને પોતાના ઘરમાં આશરો દીધો. આવી રીતે માણસને પરહેજ કરવાની લશ્કરીઓને કશી કાયદેસર સત્તા નહોતી. પાછળથી તા. ૨૧ મી જૂને પાછલી તારીખ ૧૨મી નાંખીને અમલદારે વારંટ ઉપર સહી કરેલી. વળી ગિરફતાર કરેલા ઇસમને કાયદાની રૂએ ૨૪ કલાકમાં માજિસ્ટ્રેટ આગળ ઊભો કરવો જોઈએ ને ખાસ પરિસ્થિતિમાં ૪૮ કલાકમાં. આ અડચણને બગલ દેવા ફ્રેન્ચ લશ્કરી ખાતાએ ' હોસ્પિટલ ' છાવણીઓ ઊભી કરેલી. આવી કોઈ છાવણી પણ નજીક ન હોવાથી ઑાડિનને લશ્કરીઓએ પોતાના અલ-બાયર ખાતેના ' પૂછતપાસ ' મથકે જ આખર સુધી ગોંધી રાખ્યો. વચ્ચે એક દિવસ બાજુના મકાનમાં લઈ ગયેલા એટલું માત્ર. રાજકાજના કારણોસર માણસોને પકડવાની અને વગર કેસ ચલાવ્યે તેમને ગમે તેટલા વખત સુધી ગોંધી રાખવાની અપાયેલી આવી સત્તા સામે ગવર્નર જનરલ આગળ પ્રોટેસ્ટ નોંધાવીને પોલીસ ખાતાના સેક્રેટરી જનરલ ટેટને રાજીનામું આપેલું.

હવે ડૉ. હજાજની જુબાની સાંભળો :

" તા. ૧૧–૧૨ જૂનની રાત્રે લશ્કરીઓ મને પકડી લઈ ગયા. એમના થાણામાં લઈ જઈને પહોંચાડ્યા પછી રાતના લગભગ એક વાગ્યે એ જ મકાનની એક ભંડારખાના જેવી ઓરડીમાં મને ઑાડિન પાસે લઈ ગયા. અહીં અપોરે ઑાડિનને વિજળીના આંચકા દઈને અને ઘડો એક પાણી નળી વાટે પેટમાં ઘાલીને રીબાવવામાં આવ્યો હતો. આંચકા દેવા સારુ કાનની બૂટે ને પગની ટચલી આંગળિયે વીજળીની ક્લીપો લગાડવામાં આવેલી તે જગાએ કાળી પડી ગઈ હતી. એની સમક્ષ મારે મોઢે કહેવડાવ્યું કે ' આના રહેઠાણમાં મેં કાલબળેરોની દાક્તરી કરી હતી. ' પછી મને પાછો મારી જગાએ લઈ ગયા. પણ ઘણીવાર સુધી ઑાડિનની ચીસો હું સાંભળતો રહ્યો, જે ડૂચો દીધેલા મોંએથી નીકળતી હોય એમ લાગતું હતું."

બીજે એક માણસ ધરપકડવાળી સવારે ઑડિનના રહેઠાણ પર ગયેલો. તેની કેફિયત પણ નોંધાઈ છે. એણે લશ્કરીને ફ્લૅટનું બારણું ખોલીને ગિરફતાર ઑાડિનને લઈ જતાં જોયેલો. આ હેનરી એલગ નામના માણસે પોતાની વીતક કથાની ચોપડી લખી છે, ને આજે ત્રણ વરસની સખત જેલ ભોગવી રહ્યો છે. એણે લખ્યું છે કે ઑાડિન સામેનું તહોમતનામું ઑાડિનની ગેરહાજરીમાં દાખલ કરવામાં આવ્યું હતું. વધુમાં એ લખે છેઃ

"વીજળિક રીબામણીની પહેલી રાતે પ્રથમ મને અંગૂઠા ઝલાવીને મારવા માંડ્યો. પછી ઑાડિનને મારા રૂમમાં લાવ્યા. એ ફીક્કો અને ભયભીત થઈ ગયો હતો. બીજો લશ્કરી એને કહે ' અલ્યા ઑાડિન ! કાલે રાતે તને જે જે પ્રસાદી મળી તે આને સંભળાવ, અને સમજાવ કેટલી વસે સો થાય છે તે. '

" ઑાડિન 'વસમું છે, હેનરી ' એટલું જ બોલ્યો.

"પેલા દૈત્યોએ એને કેટલો રીબાવ્યો હશે અને મારા ઉપર પણ હવે શેની શેની શરૂઆત થવાની હશે એનો સ્પષ્ટ ખ્યાલ મને આવ્યો."

ડૉ હજાજ કહે છે : આ વીજળી આંચકા તેમ જ પાણીની રીબામણી અંગે સૌથી મોટી વાત એ છે કે એનાં કશાં ચિન્હ કે નિશાનીઓ ભાગ્યે જ કોઈ દાખલામાં શરીર ઉપર રહે છે.

એ લખે છે "ધરપકડની વખતની સવારે અને બાથરૂમ ખાણાના એક રૂમમાં મને નવસ્ત્રો કરીને એક લાકડાના પાટિયા ઉપર ચત્તોપાટ સુવાડવામાં આવ્યો મારા હાથના કાંડા ને પગની ઘૂંટીઓ પાટિયા જોડે બાંધ્યાં પછી જમણા પગની ટચલી આંગળીએ અને જમણા કાનની બૂટે ધાતુના બે ચિમટા કેબલની જેમ ચોંટાડ્યા જે વાયરિંગ મેગ્નેટોને જોડેલા હતા લશ્કરીઓ મને સવાલો પૂછતા જાય અને વખતેવખત મેગ્નેટો ચાલુ કરતા જાય ચાલુ થતાં વેંત આખા શરીરને જીવલેણ આંચકો આવે ને પ્રાણઘાતક પીડા થાય મોઢે ડૂચો દે એટલે ચીસો ન નાંખું તે કેટલી વાર સુધી આ ચાલુ હશે તે હું કહી નથી શકતો

"બપોરના ત્રણથી ચાર વચ્ચે ફરી પાછો મને ત્યાં જ લઈ જવામાં આવ્યો મારે અંગૂઠે નાનો કાપો જામ પડેલો જોઈ પેલો ચિમટો મારી ગુહ્યેન્દ્રિયને લગાડ્યો પણ આથી જોઈતું પરિણામ ન મળવાથી લશ્કરીઓએ પાણીની રીબામણી શરૂ કરી મારો ચહેરો એક કપડાથી ઢાંકી મારા મોઢાના જડબામાં ગોખ ઠેરવી, જેથી તે બંધ ન થઈ શકે પછી મારું નાક દબાવી રાખીને ગળામાં રબરની નળી નાખ્યા બાદ એક પછી મારા પેટમાં ભરવા માંડ્યું પણ થોડી જ સેકંડોમાં મારો શ્વાસ બંધ થઈ જતાં એ નાકો અટક્યા એક જણે મારા પેટ પર પગ દાબ્યો તેવી જ ઊલટી થઈને પાણી નીકળી ગયું એ જ વેગ ફરીફરીને આમ નિભાવ્યા પછી પાંચ વાગ્યે આરામ'

તે જ રાત્રે આ ડૉ. હેન્સને ઑડિન પાસે લઈ જવામાં આવ્યો ઑડિનને કાને ને પગની આંગળીએ કાપા બાંધ હતા ને એનું જ પ[?] ફાડીને એને મોઢે ડૂચો દેવામાં આવેલો

આરાઢિયા બાદ ફરી એકવાર બેઉની મુલાકાત કરાવવામાં આવી પછી ઑડિન તથા હેનરીને એક કિલોમીટર જેટલે દૂર બીજા એક મથકે જીપમાં લઈ જવામાં આવ્યા બેઉને હાથે હાથકડી નાખીને ડ્રાઇવરની બાજુમાં બેસાડ્યા ને પાછળની સીટ પર બે સશસ્ત્ર લશ્કરીઓ સબમશીનગનો સાથે બેઠા પણ પેલા મથકે કશું ન થયું, ને સાંજે પાછા લઈ આવવામાં આવ્યા વળી એક ટ્રકમાં હાથકડી નાખીને બેસાડ્યા ને સામે લશ્કરી પહેરેગીરો બેઠા

આ ૧૯મી જૂન પછી કોઈએ ઑડિનને જીવતો ન જોયો આ પછીની હકીકતને સારુ ભરોસાપાત્ર લેખાય એવો પ્રત્યક્ષ પુરાવો મળ્યો આવ્યો નથી લાગે છે કે બીજા એક આદે નામના શખ્સ સામે પુરાવો મેળવવા માટે ફરી એકવાર એને વીજળીના આંચકા તેમજ પાણીની રીબામણીની રીબાવવામાં આવ્યો હશે

આ પછી ડૉ. હેન્સ અને હેનરીના કહેવા મુજબ તા. ૨૨મી જૂનથી લશ્કરીખાતાની રૂખ બદલાઈ 'પૂછપરછ' ઓછી પડી, રીબામણી બંધ થઈ અને બેઉને અલગ કાયમ છાવણીમાં લઈ જવામાં આવ્યા

ઑડિન વિશે લશ્કરીખાતાએ જાહેર કર્યું કે તા. ૨૧મી જૂનની સાંજે ચાલતી મોટરમાંથી કૂદકો મારીને ઑડિન ભાગી ગયો ખાતાના અમલદારે તા. ૨૫મી જૂને રિપોર્ટ રજૂ કર્યો તેમાં જણાવ્યું કે ઑડિનને તા. ૨૧મી જૂને રાતના ૯ વાગ્યે પૂછપરછ માટે અલ-બાયરથી લઈ જવા જીપમાં પાછલી બેઠક પર બેસાડેલો કેદી ભયંકર ન હોવાથી પહેરાવાળો સાર્જન્ટ આગળ બેઠો એક આકરા વળાંક આગળ જીપ ધીમી પડતાં કેદી જીપમાંથી કૂદીને સડકથી ડાબે ઝાડીઓનાં ઝુંડ હતાં તેના નીચાણમાં થઈ નજીક જ આવેલા એક મકાન પાછળ અલોપ થયો પહેરેગીર પણ પાછળ કૂદ્યા ને ભાગેલા કેદીની દિશામાં તેણે મશીનગન ચલાવી પણ કેદીનો પત્તો ન લાગ્યો ફક્ત ભૂરા પગરખાંવાળા સાર્જન્ટને એક સ્થાનિક દાક્તરે પોતાના ઘર સામે થઈને એક પડછાયો પસાર થતો જોવાનું કહ્યું

ઑડિનના અંતનુ પગેરું મેળવવા તેની ધણિયાણીએ તથા 'મોરીસ ઑડિન કમિટી'એ બહુ પ્રયત્નો કર્યા ઑડિનના કેસ પર જેણે રાજીનામું આપેલુ તે પેન સ વડાનો તેમજ બીજા પુરાવા મેળવ્યા, અદાલતમાં દાવો નોંધાવ્યો, ચોક્કસ લશ્કરી સામે ઑડિનનુ ખૂન કર્યાનો ખુલ્લો આરોપ કર્યો. પણ કોઈ અમલદારે કમિટીને ન જવાબ આપ્યો, ન બદનક્ષીની ફરિયાદ નોંધાવી. કમિટીના અનુમાન મુજબ ૨૧ મી જૂનની સાંજે એક લશ્કરી અમલદારે ઑડિનનું ગળું દાબીને એનો જીવ લીધો, ને તે જ સાંજે એની લાશને ઠેકાણે પાડી જીપમાંથી ભાગ્યાની ને હાલના દાક્તરે એને પોતાના ઘર આગળથી ભાગતો જોયાની વાતો બધી જોડી કાઢવામાં આવી હતી.

શ્રીમતી ઑડિને ૧૯૫૭ના જુલાઈમાં જ અલ્જીરિયાની ટ્રિબ્યુનલ આગળ દાવો નોંધાવેલો શરુમાં જ એના વકીલને અલ્જીરિયા આવવા દેવા સામે લશ્કરી ખાતાએ વાંધો લીધો તે સામે પૂરા પ્રોટેસ્ટ પ્રયત્નો પછી માંડ વકીલને રજા મળી. પણ અઢાર મહિના વીત્યા તોય કેસની સુનાવણી નીકળે જ નહિ ! અદાલત મુદતો નાખ્યે જાય ૧૯૫૯ના જાન્યુઆરીની એક સવારે અચાનક અલ્જીરિયાની લશ્કરી અદાલતમાં રાજ્યને ઉથલાવી પાડવાના કાવતરાનો મુકદ્દમો નોંધાયાનુ જાહેર થયુ જેના આરોપીઓમા ઑડિનનું નામ મોજૂદ હતુ આ બીના ઉપર પારીસમાં જબ્બર અદોલન ઊભું થયું. શ્રીમતી ઑડિનવાળો દાવો અલ્જીરિયાથી ફ્રાન્સના કોઈ ખૂણાના ગામે ખસેડવામાં આવ્યો, જ્યાં બીજાં બે વરસ સુધી તે વળી પાછો ખાંજરે પડી રહ્યો !

પેલા ટેટન નામના જે પોલીસ સેક્રેટરી જનરલે ઑડિનના મામલા અંગેની લશ્કરી ખાતાની કારવાઈઓ સામે થઈને રાજીનામું આપેલુ, તેણે શ્રીમતી ઑડિનના પક્ષમા પેલા લશ્કરી આરોપીની ઉલટતપાસ અંગે સાક્ષી આપવા ચાર વાર રેનીસ ગામ સુધી ધક્કા ખાધા. દરેક વખતે સુનાવણીની તારીખે પેલા આરોપી અમલદારને દૂર ગામની ડયુટી ઉપર મોકલી દેવામાં આવે, ને એ બહાને એ ગેરહાજર રહે ! બીજા એક વડા લશ્કરીની સાક્ષી ફરિયાદીના પક્ષમા થાય એમ હતુ, તેને તાબડતોબ સરકારી કામે અમેરિકા મોકલી દેવામાં આવ્યો ! વળી પાછી સુનાવણી મુલતવી રહી.

સને ૧૯૬૦ની ૨૦ મી જાન્યુઆરીને દિને લા વૉઇસ દુ નૉર્દ નામના અખબારે 'મોરીસ ઑડિન કમિટી' ઉપર હુમલો કરીને એને જૂઠાં અનુમાનો કાઢનારી કહી કમિટીએ તરત એના તંત્રી સામે ફરિયાદ નોંધાવી, અને પેલા ટેટન પોલીસ વડા ઉપરાંત અલ્જીરિયાના ખાસ વડા પોલીસ અમલદારોને પોતાના ટેકામાં સાક્ષીદાર તરીકે નોંધાવ્યા ઉપરાંત, તપાસપંચના એક સભ્ય જેણે લશ્કરી તેમજ મુલકી વડા અધિકારીઓને જે રીતે એમની નોકરીને જોખમ પહોંચવાની ને એવી ધાકધમકીઓને જોરે સાક્ષી આપતા રોકવામાં આવતા હતા તે સામે પ્રોટેસ્ટ તરીકે રાજીનામુ આપેલુ તેને, તથા ફ્રેન્ચ કોલોનીઅલ સર્વિસમા ગવર્નર જનરલનો હોદ્દો ધરાવેલ રૉબર્ટ દેલાવિની જેવા વડાઓને પણ પોતાના તરફથી સાક્ષી તરીકે નોંધાવ્યા. પણ એમાંના કોઈની અદાલતમા સાક્ષી થઈ જ નહિ ! ન્યાય ખાતાના પ્રધાને પોતાના હકની રૂએ વચ્ચે પડીને દાવાને બિનમુદત મુલતવી રખાવી દીધો !

કમિટીએ નોંધાવેલા ૭ સાક્ષીઓ પોતાની જુબાનીમાં જે પુરાવા રજૂ કરવાના હતા તેના ફકરા પણ છાપાંમા પ્રગટ થયા, જેમાં ઑડિનના ખૂનનો આરોપ લશ્કરીઓ પર ખુલ્લી રીતે થયો હતો આમ છતાં છમાંના એકે સામે કોઈએ બદનક્ષીની ફરિયાદ નોંધાવી નહિ.

વીજળી અને પાણી વાટે અટકાયતીઓની રીબામણી કરવાની પ્રથા ફ્રેન્ચ લશ્કરીખાતામા

ચાલુ હોવાનું પુરવાર થયું છે. સેનાપતિ બોલાર્ડેઅરે આ રીતો સામે પ્રોટેસ્ટ કરેલો. તેના ઉપરી સેનાપતિ માસુએ તેને બોલાવીને તે પાછો ખેંચી લેવા સમજાવ્યો. બોલારે ન માન્યું. પણ માસુથી વડા સેનાપતિ એલાર તથા કમાન્ડર ઇન ચીફ પ્રધાન, ગવર્નર જનરલ, યુદ્ધમંત્રી, બધાએ માસુની ત્રાસનીતિનો બચાવ કર્યો ! તેથી બોલારે રાજીનામું આપ્યું, જે સ્વીકારવામાં આવ્યું !

આખા ફ્રાન્સમાં આજે સૌથી પીઢ અને સન્માન્ય લેખાતા ધારાશાસ્ત્રી ગાર્સોને આ ઑડિન કેસ વિશે લખ્યું :

'અમને બતાવવામાં આવી તે ફાઇલના કાગળપત્રો પરસ્પર વિરોધી હકીકતોથી ભરપૂર છે, જે પરથી કશા નિર્ણય પર આવી ન શકાય આ કાગળપત્રો વાંચીને ભાગ્યે કોઈ બેચેન થઈ ઊઠ્યા વગર રહી શકે.'

ઑડિનનો કેસ તપાસવા નીમાએલા કમિશનમાં જડજો, ધારાશાસ્ત્રીઓ, વડા મુલકી અમલદારો અને પ્રોફેસરો હતા. તેમને આ કેસનું મોમ શું હતું જડયું નહિ એમણે વધુ તપાસ માટે દબાણ કર્યું ત્યારે સેનાપતિ એલાર્ડે તપાસ ટ્રિબ્યુનલ નીમી, જેણે દોડાદોડ ઑડિન નાસી છૂટ્યાનો ફેંસલો નોંધીને હાથ ધોયા !

ફ્રેન્ચ રેડિકલ સોશ્યલિસ્ટ પાર્ટીના ૧૯૫૭ના નવેમ્બરમાં મળેલા વાર્ષિક અધિવેશન (૧૯૫૫-૫૬)માં ફ્રાન્સના વડા પ્રધાનપદે પૂગેલા પીઅરી મેન્દીસ ફ્રાંસે ફ્રેન્ચ સરકાર ઉપર ઑડિનનું ખૂન કર્યાનો આરોપ ખુલ્લંખુલ્લા કરેલો. અધિવેશનમાં ફ્રેન્ચ પ્રધાનમંડળના બે પ્રધાનો હાજર હતા, જેમાંના એક, ઑડિન અલ્જીરિયન યુનિવર્સિટીનો અધ્યાપક હોવાથી તેના જેટલો ખાસ નિસ્બત ધરાવતા હતા. આમ છતાં એમાંથી એકે પ્રધાને મેંસ્યોર મેન્દીસ ફ્રાંસને રદિયો આપવાની હિમ્મત કરી નહિ.

ફ્રેન્ચ પાર્લમેન્ટમાં જાહેર સભાઓમાં, ચોપડી ચોપાનિયાંમાં એમ ઠેર ઠેર ઑડિનનું ખૂન જ કરાવવામાં આવ્યાનો આરોપ મૂકાયો છે. પણ આટલાં વર્ષોમાં ફ્રેન્ચ સરકારે સત્તાવાર રીતે કદી એકવાર પણ એ આરોપનો ઇન્કાર કરવાની હિમ્મત કરી નથી. જે લશ્કરી અમલદારે ઑડિનનો જીવ લીધાનું મનાય છે તેનું નામ પણ ફ્રાન્સ આખામાં સૌની જીભે છે. છતાં તે અમલદારે પણ આજ સુધી કોઈની સામે કોરટ અદાલત કરવાની કે બદનક્ષીનો દાવો માંડવાની હિમ્મત કરી નથી

અદાલતી ફેંસલો મેળવવા શ્રીમતી ઑડિને તેમજ ઑડિન કમિટીએ વર્ષો લગી કરેલા તમામ પ્રયાસો નિષ્ફળ નીવડ્યા છે. સામા પક્ષનાં કોઈ છાપાં તો એટલે સુધી જાહેર કરી ચૂક્યા છે કે તેવો અદાલતી ફેંસલો અમે કોઈ પણ કાળે લાવવા દઈશું નહિ !

આમ વડામાં વડા ફ્રેન્ચ પ્રધાનો, લશ્કરીઓ, મુલકી અમલદારો જાણે છે કે ઑડિન જાનથી માર્યો ગયો છે. પણ ફ્રેન્ચ લશ્કરી ખાતાની કે સરકારની સત્તાવાર જાહેરાત મુજબ ઑડિન ૨૧ મી જૂન ૧૯૫૭ને રોજ નાસી છૂટ્યો ને જીવતો છે.

ફ્રેન્ચ લશ્કરી ખાતાની પ્રતિષ્ઠા ખરેખર જોખમાઈ છે. મૌન સેવ્યાથી તે સુધરી જાય એમ નથી.

જેઓ પોતાના વિરોધીઓને રીબાવે છે તેમનું નીચાજોણું અસલમાં તમને પોતાને જ અને વધુ ભયંકર નીવડે છે.

આપણાં સૌનાં

નટવરલાલ પ્રભુલાલ બુચ

સમાજીકરણનો વિચાર પ્રથમ આપણે ત્યાં પશ્ચિમમાંથી આવ્યો એમ મનાય છે. આ માન્યતા તદ્દન ખોટી છે. આવી માન્યતા ભારતીય સમાજ જીવનના અવલોકન અને અભ્યાસનો અભાવ બતાવે છે આપણે ત્યાં કાંઈ પણ સારું હતું નહી અને છે નહીં એવી લઘુતાગ્રંથીથી પીડાતા અને પશ્ચિમના મોહમાં અંધ બનેલા લોકો જ આવી માન્યતા રજૂ કરે છે. સમાજીકરણ ભારતમાં વેદકાળથી હતું અને આજ પણ મોજુદ છે. પશ્ચિમે જ્યારે સમાજીકરણનો વિચાર કર્યો ત્યારે તે, બહુ બહુ તો, જડ વસ્તુઓના સમાજીકરણ સુધી પહોંચી શક્યું. આપણે ત્યાં ચેતન પ્રાણીઓને વેદના વારાથી માંડીને તે આજ સુધી સમાજની મિલકત ગણવામાં આવે છે. આ મિલકત તે કૂતરાં.

કૂતરાં આપણાં સૌનાં છે. આપણા પૂર્વજોએ આપણી દાનવૃત્તિ, પ્રેમ વગેરે અનેક ગુણો ખીલવવા માટે બહુ જ ડહાપણપૂર્વક કૂતરાંને આપણી સામાજિક મિલકત તરીકે સ્થાપી દીધાં છે વ્યક્તિવાદી પશ્ચિમે કૂતરાંઓને પણ વૈયક્તિક મિલકત બનાવી દીધાં છે. આપણે એ ભૂલ નથી કરી. સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો ભારત દેશમાં માથાદીઠ એક નહીં તો યે કુટુંબદીઠ એક એક કૂતરું છે જ. આ બાબતમાં પશ્ચિમનું આંધળું અનુકરણ આપણે કરી બેઠા હોત તો કદાચ આપણે કૂતરાંને કુટુંબદીઠ એક એક વહેંચી આપણી સમાજીકરણની ભાવનાના પણ ટુકડે-ટુકડા કરી બેઠા હોત. ખુદ ગાંધીજીએ પણ "ઘર ઘર એક કૂતરું ને વધે તેટલાનો વિનાશ" એ સૂત્ર આપવાની ભૂલ કરી હતી. પણ ભારતીય સંસ્કૃતિ એમ તો ગાંધીજી જેવાને પણ મચક આપે એવી નથી. તેને લીધે કૂતરાં આપણી સામાજિક મિલકત રહ્યાં અને રહેશે

કૂતરાં આપણા જીવનમાં ઓતપ્રોત થઈ ગયાં છે ગામ હોય ત્યાં ઢેડવાડો હોય એ કહેવત તો છે, તેના સ્થૂલ અર્થમાં, થોડા વખતની મહેમાન છે, પણ ગામ હોય ત્યાં કૂતરાં હોય એ પરિસ્થિતિ તો સદૈવ રહેશે. યત્ર યત્ર ગ્રામઃ તત્ર તત્ર શ્વાનઃ। તર્કશાસ્ત્રમાંના આ પ્રકારનું આ વિધાન છે. એટલે કે એનો વ્યત્યાસ પણ નિરપવાદ સત્ય હોય છે. તેથી એ પણ એટલું જ સાચું છે કે યત્ર યત્ર શ્વાનઃ તત્ર તત્ર ગ્રામઃ। જ્યાં જ્યાં કૂતરાં ત્યાં ત્યાં માણસ રસ્તે ભૂલા પડ્યા હોઈએ, રાત પડી ગઈ હોય, બીકથી છાતી ધડક ધડક થતી હોય, ત્યાં દૂરથી કૂતરાં ભસવાનો અવાજ સાંભળીએ ત્યારે કેવી આશા કેવો આનંદ કેવી હિંમત આવે છે! તે વખતે કૂતરાંનું ભસવું કેવું આહ્લાદક, સંગીતમય, રોચક લાગે છે!

કૂતરાંને સામાજિક મિલકત બનાવી આપણે આપણી નિષ્કામ વૃત્તિ પોષી શક્યા છીએ. ગાયને આપીએ ત્યારે સાથે દૂધની અપેક્ષા હોય છે, અતિથિને આપીએ ત્યારે ક્યારેક આપણું પણ એવું જ આતિથ્ય થાય તેવી આશા રહે છે, દેવ અને દ્વિજને આપીએ ત્યારે પણ તેમાં આલોક અને પરલોકમાં ફળ પામવાની સકામતા હોય જ છે. પણ કૂતરાંને આપીએ ત્યારે તો દાનની પાછળ નરી નિસ્વાર્થતા જ રહેલી હોય છે.

નિઃસ્વાર્થ દાનવૃત્તિ એ એક ભારે મોટો સદ્ગુણ છે, જે આપણાં સૌનાં એવાં કૂતરાંને આભારી છે.

નિયમિતતા પણ કૂતરાં પાસેથી શીખવા મળે છે. તમે થોડા દિવસ સુધી કોઈ કૂતરાને બરાબર અગિયાર વાગ્યે ખાવાનું આપો એટલે તે રોજ બરાબર અગિયારે આવશે જ—એમાં એક મિનિટનો ફેર નહિ પડે. વચ્ચે મારો રેડિયો ખોટકાઈ ગયેલો ત્યારે હું અમારા ઘરના હેવાયા એક કૂતરાના આ રીતે પોતાનો ભાગ લેવા આવવાના સમય સાથે મારી ઘડિયાળ મેળવી લેતો—એ કૂતરો અગિયાર વાગ્યે આવે જ અને એ કૂતરો આવે ત્યારે અગિયાર વાગ્યા જ હોય! આમ કૂતરાં પાસેથી નિયમિતતા શીખી શકાય છે—જો કે હું પોતે એ ટેવ શીખી શક્યો નથી અને તેથી રોજ સાંજે ઘરે મોડો આવવા બદલ મારે ગૃહિણીનો ઠપકો સાંભળવો પડે છે. મારી એ કુટેવે કૂતરાંની પૂંછડીનું અનુકરણ કરી લીધું તેથી મારે હવે નિયમિતપણામાં કૂતરાંનું અનુકરણ કરવાનો અવકાશ રહ્યો નથી.

માણસની જુદી જુદી વૃત્તિઓને આવિષ્કાર અને પોષણ આપવા માટેનું સારામાં સારું સાધન અને સસ્તામાં સસ્તું સાધન કૂતરાં છે. ઉપર દાનવૃત્તિના પોષણ વિશે વાત થઈ ગઈ. તે જ રીતે મારા એક શિક્ષક મિત્ર પોતાના ક્રોધને આવિષ્કાર આપી તેને શાંત કરવા માટે કૂતરાંનો ઉપયોગ કરે છે. તેઓ શિક્ષક છે અને ઠોઠ કે તોફાની વિદ્યાર્થીને જુએ ત્યારે તેમના હાથમાં ચમક આવે છે. પણ હવે નવી કેળવણીના યુગમાં વિદ્યાર્થીઓને શારીરિક સજા કરવાની બંધી છે. તેથી વિદ્યાર્થી પરનો પોતાનો ક્રોધ તેઓ રસ્તામાંનાં કૂતરાં પર ઠાલવી લે છે. બીજા એક મિત્ર વળી પોતાનો પોતાની બૈરી પરનો ક્રોધ, આ સુધરેલા યુગમાં બૈરીને મારનાર તરીકે ટીકાપાત્ર ન થવા માટે, કૂતરાં પર ઉતારી લે છે. આપણો સમાજ પોતાની દુર્વૃત્તિઓને આ રીતે કૂતરાં દ્વારા માર્ગ આપી શકે છે, તેમને માણસો પર તે ઠાલવવી પડતી નથી, અને આપણે હિટલરની પેઠે યહૂદીઓને શોધવા જવું પડતું નથી. આ રીતે આપણી સામાજિક મિલકત એવાં આ કૂતરાં આપણી માણસાઈના રક્ષક બની રહે છે. અને જ્યાં કૂતરાં એટલાં તો ઉદાર અને ભૂલી જવા તત્પર હોય છે કે આજ મારીએ તો પણ કાલ આપણી પાસે પૂંછડી હલાવતાં આવે. આપણો ભારતીય સમાજ શાંતિપ્રિય છે તેને માટે આપણે આપણી આ સહિયારી મિલકતના ઋણી છીએ.

ક્રોધવૃત્તિનું શમન જેમ કૂતરાંથી થાય છે, તેમ બાળપ્રેમ અને તેમાંથી માનવ-પ્રેમનો વિકાસ પણ આપણામાં કૂતરાં દ્વારા થાય છે. કૂતરાંનાં ગલૂડિયાં પાછળ આપણાં બાળકો કેવાં ઘેલાં બને છે! દિવસ આખો, ખાવાનું સુદ્ધાં ભૂલી આ બાળકો કુરકુરિયાં-ઓને રમાડવા, જમાડવામાં લાગ્યાં રહે છે. આમ કૂતરાં માનવીના બાલ્યથી જ તેનામાં વત્સલતાનાં—ખરું કહીએ તો વત્સલતા કે વાત્સલ્યતાનાં—બીજ નાખવાપોષવાનું કામ કરે છે.

મેં તો અંગત રીતે, ગુરુ દત્તાત્રેયની પેઠે કૂતરાંને મારા ગુરુ માન્યાં છે: હું તેમની પાસેથી શક્તિની કરકસર શીખ્યો છું. રસ્તામાં કૂતરું પડ્યું હોય અને એકાદ વાહન નીકળે તો કૂતરું તે કયું વાહન છે અને કેટલે દૂર છે તે માત્ર એક આંખ, ને તે પણ એક ચતુર્થાંશ જેટલી ઉઘાડીને જોઈ લે છે અને જો રસ્તામાં તે વાહનને તરી જઈ નીકળી જવા જેટલી જગ્યા હોય તો તે ખસતું જ નથી. અને જો પૂરતી જગ્યા ન હોય અને પોતે

ખસવું જ પડે તો, જો એક દોરાવા ખસવાથી કામ ચાલે તો બે દોરાવા કૂતરું હરગિઝ નહીં ખસે. આમાં શક્તિની કરકસર સાથે તુલના (judgment) કરવાની શક્તિ પણ રહેલી છે.

સહકારભાવના કૂતરાંઓમાં સ્વાભાવિક જ હોય છે. એક કૂતરાએ કોઈ કારણસર ભસવાનું શરૂ કર્યું કે તરત જ આજુબાજુ જ્યાં હોય ત્યાંથી કૂતરાં ભસતાં નીકળી પડવાનાં અને બધાં એકસાથે ભસાભસ કરી મૂકવાનાં; અલબત્ત આ સહકારભાવના વ્યાપક નથી હોતી, પણ દલબન્ધીની ભાવના સાથે જોડાયેલી હોય છે. માણસમાં પણ આવી દલબન્ધીયુક્ત સહકારભાવના ચૂંટણી જેવા પ્રસંગોએ જોવામાં આવે છે. આમાં કોણ કોની પાસેથી શીખ્યું તે કહેવું મુશ્કેલ છે. મને લાગે છે કે સહકારભાવના બાબતમાં કૂતરાં આપણા ગુરુ છે અને દલબન્ધી બાબતમાં આપણે તેમના ગુરુ છીએ.

માણસનો કૂતરાં માટેનો આ પ્રેમ કેટલીક વાર અનહદ બની જાય છે. ધર્મરાજે પોતાના કૂતરાને છોડીને સ્વર્ગમાં જવાની પણ ના પાડી દીધી હતી—એવો અનન્ય સાધારણ તેમને પોતાના કૂતરા માટેનો પ્રેમ હતો. ધર્મરાજે શરૂ કરેલી શ્વાનપાલનની આ પ્રવૃત્તિ છેક આજના—હવે તો ગઈ કાલના—રાજા નવાબો સુધી ચાલુ રહેલી. કેટલાક રાજાઓએ ખુદ પોતાના મહેલની બરાબરી કરે તેવા શ્વાનમહાલયો બંધાવેલાં. તેવા એક શ્વાનમહાલયમાં આરામથી રહેતાં અને ખાઈ પી તગડાં બનેલાં કૂતરાં જોઈ એક ભિખારીએ પોતે આવતે ભવ રાજાના કૂતરા તરીકે જન્મે એવું વરદાન ભગવાન પાસે માગ્યું હતું. એક નવાબે તો પોતાની પસંદગીના એક શ્વાન વરકન્યાને રૂ. ૨૦,૦૦૦ ના (આજના રૂ. એક લાખના) ખર્ચે પરણાવેલાં અને તેમનું ફૂલેકું ચડાવેલું તે વાત મશહુર છે. મને પણ એક વાર તે જ નવાબનાં બે કૂતરાં જોડે રેલવેના ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરવાનું સદ્ભાગ્ય સાંપડેલું. (તે દિવસનું રેલભાડું પણ મારા એક સહાધ્યાયી યુવરાજમિત્રે આપેલું એમ મને યાદ છે.)

પણ કેટલીક વાર માનવસમાજનો આ શ્વાનપ્રેમ અકળાવે તેટલી હદ સુધી જાય છે. એક શહેરના મહાજનમંડળને તે શહેરના શ્વાનમંડળ માટે એટલો બધો પ્રેમ હતો કે તેઓ હડકાયાં કૂતરાંને પણ મારવા ન દે—ભલે તેવાં કૂતરાં માણસોને કરડી તેમના જાન જોખમમાં મૂકી દે! મૂળ તો માણસ માટે કૂતરાં છે, પણ કેટલીક વાર આમ કૂતરાં માટે માણસ હોય તેવું બની જાય છે! એક રીતે જોઈએ તો અહિંસાની આ પરાકાષ્ઠા ગણાય.

હમણાં હમણાં આપણી સરકાર કલ્યાણ રાજ્ય બનવા તરફ જાય છે તેથી આપણી આ સામાજિક મિલકત બાબત મને થોડી ચિન્તા રહે છે: હું પોતે કલ્યાણ રાજ્યનો (Welfare State) નહીં પણ કલ્યાણ સમાજનો (Welfare Society) પુરસ્કર્તા છું. આજે શ્વાનસૃષ્ટિને સામાજિક મિલકત ગણી તેનું સમાજ તરફથી જ, સરકારની કશી દખલગીરી કે ગ્રાન્ટ વિના જે પોષણવર્ધન થયા કરે છે અને તે પણ વિકેન્દ્રિત રીતે, એ કલ્યાણસમાજનું એક અદ્ભુત લક્ષણ છે. પણ હવે કલ્યાણરાજ્ય બનવા તરફ જતું ભારત—કદાચ આપણી આ સામાજિક મિલકત-કૂતરાંનાં પોષણવર્ધનનો પ્રશ્ન, સમાજની બીજી પ્રવૃત્તિઓની પેઠે, પોતાના હાથમાં લે અને પછી ગાંધીજીનું મેં ઉપર કહેલું સૂચન "ઘર ઘર એક કૂતરું અને નખશિખાતનો નાશ—નો અમલ પણ કરે. તો પછી કૂતરાંનું અને તેમનાથી આપણામાં પોષાતા બધા સદ્ગુણોનું આવી બન્યું સમજવું. પણ બીજી રીતે જોઉં છું ત્યારે હમણાં આપણી રાષ્ટ્રીય સરકારનું વલણ જોતાં મને આશા બંધાય છે કે આવું કાંઈ નહીં થાય. કારણ કે હમણાંથી ગાંધીજીનું નામ અમર થાય તે માટે આપણે

ત્યાં શહેરે શહેરે 'ગાંધી માર્ગ' રખાય છે; પણ એ માર્ગે વાહનવ્યવહાર સિવાય ગાંધીજીના બીજા વિચારોનો વ્યવહાર થતો નથી. એટલે ગાંધીજીની કૂતરાં વિશેની સલાહ પણ અવગણાશે એવી મને આશા રહે છે ગાંધીજીનું નામ અમર કરવા ઉપરાંત ગાંધીજીનું કામ અમર કરવાની ચિન્તા સેવાશે ત્યારે જોયું જશે.

બે વસ્તુઓ—જડ તેમ જ ચેતન—ભેગી થાય કે રહે ત્યારે તેમની વચ્ચે આઘાત—પ્રત્યાઘાત અને આદાન–પ્રદાન થાય જ. આ ન્યાયે આપણાં સહવાસી કૂતરાં પાસેથી આપણે જેમ કેટલાંક ગુણો–ટેવો પ્રાપ્ત કર્યાં તેમ આપણાં કેટલાંક ગુણો–ટેવો તેમણે પણ પ્રાપ્ત કર્યાં છે. જેમકે, ભસે ઝાઝું તે કરડે થોડું એ કેટલાંક કૂતરાંની ખાસિયત, બોલે ઝાઝું તે કરે થોડું એવા માનવીઓના સ્વભાવનું પ્રતિબિંબ છે. તે જ રીતે પોતાની શેરીનાં નહીં તે પોતાનાં દુશ્મન કૂતરાં જ હોય એમ માની બીજી શેરીનાં કૂતરાં તેમને ભસવાની કે કરડવા દોડવાની ટેવ, જે પોતાના પક્ષમાં નહીં તે પોતાના વિરોધી—Those who are not with us are against us—એવું ગૃહીત ગણી અન્ય પક્ષનાંને વગોવવા કે નુકસાન કરવા તૈયાર થઇ જનારાં માણસોના સ્વભાવનો જ પડઘો છે.

'પેસિવ રિઝિસ્ટન્સ'-અનાક્રમક સામનો, મને લાગે છે, આપણે કૂતરાં પાસેથી શીખ્યા છીએ. ગાંધીજીએ જે સત્યાગ્રહ શીખવ્યો. તે અન્યાયની સામે વાપરવાના શસ્ત્ર તરીકે. એમાં સત્યાગ્રહ આચરનાર પોતે દોષિત અને અન્યાય કરનાર નથી હોતો. પણ કૂતરાં જે પ્રકારનો સત્યાગ્રહ શીખવે છે તે તો પોતે દોષ કર્યો પછી સામો માણસ જ્યારે તેનો રોષ કાઢવા આવે ત્યારે તેમાંથી બચવા માટેનો સત્યાગ્રહ છે. એક વખત એક કૂતરો મારા ઘરના રસોડામાં છાનોમાનો ઘૂસી જઇ, હતી તેમાંથી અર્ધી પૂરણપોળી ખાઈ ગયો અને બાકીની પોતાના મોઢાના સ્પર્શથી નકામી કરી ગયો. ખબર પડતાં હું ડંડો લઇ તેની પાછળ દોડ્યો. પણ તે તો આવીને મારા ડામચિયા નીચે ભરાઈ ગયો! મેં ડંડો પૂરો અડકાડ્યો નહીં હોય ત્યાં તો તે કરુણ આક્રંદ કરવા લાગ્યો, અને જાણે કે અંગભંગવિકલ બની ગયો. તો પણ ગુસ્સાને કારણે એકાદ ડંડો મેં લગાવ્યો અને તેણે તો, ભાઈ, એવો ભયંકર આક્રોશ કર્યો કે મારો ગુસ્સો ક્યાંયે ગળી ગયો. હું પોતે મારાથી શરમાયો અને અર્જુનના હાથમાંથી જેમ ગાંડીવ સરી પડ્યું હતું તેમ મારા હાથમાંથી ધોકો નીચે પડી ગયો. જો મેં વધુ મારવાની ધૃષ્ટતા કરી હોત તો કદાચ પાડોશી ભેગા થઈ જાત, મને ક્રૂર કહી કૂતરાનો પક્ષ કરત અને કૂતરાને બદલે હું જ દોષિત ગણાત. પેલો કૂતરો તો પછી મને નિઃશસ્ત્ર જોઈ, લાગ લઇ પૂંછડી પાછલા પગ વચ્ચે દબાવી, બૂમાબૂમ કરતો ભાગ્યો. ગાંધીજીનો સત્યાગ્રહ ન્યાય અને સત્યનો વિજય કરાવે છે; પણ શ્વાન સત્યાગ્રહ અન્યાય અને અસત્યને જિતાડે છે. ત્રાગાં કરવાની રીત આપણે આ શ્વાનગુરુ પાસેથી શીખ્યા છીએ.

ત્યારે અનેક રીતે આપણી આ સામાજિક મિલકત એટલે કે કૂતરાં આપણને ખૂબ ખૂબ ઉપયોગી છે. અને તે છતાં તે આપણને મોંઘાં પડતાં નથી. આપણે તેમને બટકું રોટલો આપીએ તે સિવાયની બધી વ્યવસ્થા પોતા પૂરતી શ્વાન સમાજ પોતે કરી લે છે. કૂતરાં ક્યાં સુવે છે વગેરે કશી ચિન્તા આપણે કરવી પડતી નથી. એમનું રાજ્ય તેઓ પોતે ચલાવે છે. તો પછી આપણે તેમને માટે અન્યથા વિચાર શા માટે કરવો? સહઅસ્તિત્વના આ યુગમાં આપણા સ્વરાજ અર્થે શ્વાનોનું સ્વરાજ સારી રીતે ચાલી શકશે.

☆

વારસા – વિજ્ઞાન

ડૉ. કાન્તિલાલ શાહ

૨

કોઈ પણ મકાનનો આપણે વિચાર કરીએ તો આપણે જોઈએ છીએ કે મકાન નાનું હોય કે મોટું હોય, સુંદર હોય કે બેઢંગુ હોય, ઈંટો વિના તે બની શકતું નથી; અર્થાત્ ઈંટ એ મકાનનું ઘટક અથવા એકમ (અં: યુનિટ) છે—ઈંટ વિના મકાન બને નહિ. તેવી જ રીતે પ્રત્યેક ચેતન—ઝાડ, પશુ, પંખી, પ્રાણી કે માનવીનું શરીર કોશોનું (અં: સેલ) બને છે. એમ કહો કે કોશ એ જીવનનું યુનિટ છે. આપણા જીવનની શરૂઆત પણ એક કોશથી જ થાય છે. આ કોશને ફલિત કોશ અથવા ફલિત બીજ (અં: ફર્ટિલાઈઝ્ડ ઓવમ્) કહે છે. માતાના એક કોશ-સ્ત્રીબીજ-નું પિતાના એક કોશ-શુક્રાણુ-(અં: સ્પર્મ) સાથે મિલન થઈ ફલિત કોશ બને છે; પછી આ કોશમાંથી બે, ચાર, આઠ, સોળ, એમ લાખો અને કરોડો કોશ બને છે, અને આ કોશોનું જ આપણું શરીર બનેલું છે. એકમાંથી બે કોશ કેવી રીતે પેદા થાય છે? પ્રત્યેક કોશમાં જીવરસ (અં: પ્રોટોપ્લેઝમ) હોય છે. આ જીવરસ બે પ્રકારનો છે: (૧) કોશના કેન્દ્રમાં છે તે; અને (૨) કેન્દ્રની આજુબાજુ છે તે. કોશના કેન્દ્રમાં જે જીવરસ છે તે વિશિષ્ટ પ્રકારનો છે. આ ભાગને કોશનું કેન્દ્ર (અં: ન્યુક્લિઅસ) કહે છે. કોશમાં ચાલતી આદાન-પ્રદાનની કે ઘડભાંજની ક્રિયાનું આ ન્યુક્લિઅસ નિયમન કરે છે તેથી આપણે એને કોશેશ કહીશું. આ કોશેશને શક્તિશાળી માઈક્રોસ્કોપમાં તપાસતાં તેમાં એક કક્ષાએ સૂતરના તાંતણા જેવા તંતુઓ દેખાય છે. આ તંતુઓ અમુક રંગ ગ્રહણ કરી લે છે તેથી એમને રંગસૂત્રો (અં: ક્રોમોસોમ્સ) કહે છે. મનુષ્ય, વાનર, દેડકાં કે માખીના કોશો હોય અગર વનસ્પતિના કોશો હોય—બધામાં આ રંગસૂત્રો હોય છે, અને તેમની સંખ્યા જુદી જુદી હોય છે. દા. ત. મનુષ્યમાં આવા ૪૬ રંગસૂત્રો હોય છે, વાનરમાં ૪૮, દેડકામાં ૨૬, ફળમાખી (અં: ફ્રુટફ્લાઈ)માં ૮ અને વટાણામાં ૧૪ હોય છે.

જ્યારે કોશનું વિભાજન થાય છે એટલે કે એકમાંથી બે કોશ બને છે, ત્યારે આ ક્રિયા કોશેશથી શરૂ થાય છે. એમાં રહેલા રંગસૂત્રોના બે ભાગ પડે છે અને પ્રત્યેક કોશમાં આ રંગસૂત્રો સમાન સંખ્યામાં વહેંચાઈ જાય છે. પરંતુ આ ક્રિયાની ખૂબી એ છે કે પ્રત્યેક રંગસૂત્રના દાતણની ચીરી જેવાં બે ફાડિયાં બને છે, અને આવું એકેક ફાડિયું સરખે ભાગે વહેંચાઈ જાય છે, અર્થાત્ પ્રત્યેક નવા કોશમાં ૪૬ રંગસૂત્રો (ફાડિયાં) જાય છે અને હજારો લાખો કોશો બને તથાપિ રંગસૂત્રોની સંખ્યા કાયમ ને કાયમ-૪૬ જ રહે છે. વળી નવા કોશમાં ગયેલાં ફાડિયાં આજુબાજુના જીવરસમાંથી જરૂરી પોષણ મેળવી તગડાં—મૂળ રંગસૂત્ર જેવાં-બની જાય છે.

આમ છે, તો પછી જ્યારે શુક્રાણુ અને સ્ત્રીબીજનું મિલન થાય ત્યારે ૪૬+૪૬=૯૨ રંગસૂત્રો ભેગાં થવાં જોઈએ. પરંતુ અહીં જ કુદરતની કરામત જોવાની છે. જ્યારે સ્ત્રીબીજ અને શુક્રાણુઓ પેદા થાય છે ત્યારે જે આદ્યકોશોમાંથી આ બે પ્રકારના કોશો બને છે તેમાં જ્યારે વિભાજન થાય છે ત્યારે રંગસૂત્રોનું દુભાજન થાય છે (ફાડિયાં નહિ), અર્થાત્ બે

હિસ્સા પડે છે. અને પ્રત્યેક શુક્રાણુમાં તથા પ્રત્યેક સ્ત્રીબીજમાં છેંતાળીસથી 'અર્ધ' સંખ્યામાં એટલે ૨૩ રંગસૂત્રો જાય છે. આ દુભાજનની ક્રિયા માટે 'મિયોસિસ' એવો અંગ્રેજી શબ્દ વપરાય છે. જ્યારે સામાન્ય વિભાજનની ક્રિયા (ફાડિયાં વાળી) માટે 'માઈટોસિસ' એવો શબ્દ વપરાય છે.

આ રંગસૂત્રો તે જ મેન્ડલના ઘટકો (અં: ફેક્ટર્સ) છે. જ્યારે શુક્રાણુ અને સ્ત્રીબીજનું મિલન થાય છે ત્યારે આ રંગસૂત્રોનું જ મિલન થાય છે, અને માતાપિતા તરફથી જે કંઈ વારસો મળવાનો હોય છે તે આ રંગસૂત્રો દ્વારા જ મળે છે. આપણામાં જે કંઈ વ્યક્તિત્વ પ્રગટ થવાનું હોય—આપણું સ્ત્રીત્વ કે પુરુષત્વ, આપણો રંગ, આપણો ઘાટ, આપણો સ્વભાવ—બધું ગર્ભાધાનના કાળથી જ નિર્માણ થઈ જાય છે. આ જે વારસા સંપત્તિ હોય છે તેમાં ગર્ભાધાન પછી કશો ફેરફાર થઈ શકતો નથી.

અને માટે જ ગર્ભમાં રહેલું બાળક પુત્ર થશે કે પુત્રી થશે તે શરૂઆતથી નક્કી થઈ ગયેલું હોય છે. કોઈ ક્રિયાથી કે દવાથી એમાં ફેરફાર થઈ શકતો નથી. બાળકની જાતિ (નર કે નારી)નું કારણ શુક્રાણુ હોય છે; જાતિ પર સ્ત્રીબીજની કશી અસર પડતી નથી. પુરુષના રંગસૂત્રોને તપાસતાં એમાં જે ૪૬ રંગસૂત્રો હોય છે તે જોડકાં બનીને પડેલાં જણાય છે દરેક જોડકું સમાન સૂત્રોનું બનેલું હોય છે, પરંતુ એક જોડકાનાં સૂત્રો અસમાન હોય છે. બે સૂત્રોમાંથી એક મોટો હોય છે, બીજો નાનો. મોટા સૂત્રને 'એક્સ' (આપણે ના કહીશું) કહે છે, ત્યારે નાનાને 'વાય' (આપણે ન કહીશું) કહે છે. શુક્રાણુઓ પેદા થાય છે ત્યારે બે પ્રકારના શુક્રાણુઓ બને છે. બાવીસ સૂત્રો તો બધામાં એક જ પ્રકારના હોય છે, પરંતુ ત્રેવીસમો સૂત્ર ભિન્ન હોય છે. પચાસ ટકા શુક્રાણુઓ ના સૂત્રવાળા હોય છે, ને બાકીના પચાસ ન સૂત્રવાળા હોય છે. આ ન સૂત્રવાળા શુક્રાણુઓ જ્યારે સ્ત્રીબીજને મળે છે ત્યારે નર બાળક પેદા થાય છે, અને ના સૂત્રવાળા શુક્રાણુથી ફલિત થતા સ્ત્રીબીજમાંથી કન્યા પેદા થાય છે. સ્ત્રીબીજ બધાં સરખા સૂત્રોવાળાં હોય છે. તે પ્રત્યેકમાં ના સૂત્ર હોય છે. આમ રંગસૂત્રનું બંધારણ જોતાં બે ના વાળાં બાળકો (નાના અથવા XX) પુત્રીઓ બને છે અને ના તથા ન વાળાં બાળકો (નાન અથવા XY) પુત્રો બને છે. પુરુષત્વ અથવા સ્ત્રીત્વનું નિર્માણ કરનાર આ બે રંગસૂત્રો જ હોય છે, અને તેથી ગર્ભની શરૂઆતથી જ લિંગનું નિર્માણ થઈ જાય છે.

મેન્ડલ કે મોરગનની માફક મનુષ્યો પર કંઈ પ્રયોગો થઈ શકે નહિ; પહેલું તો એ કે કોઈ વૈજ્ઞાનિકની સગવડ ખાતર સ્ત્રી પુરુષો પરણતાં નથી; બીજું એ કે એક દંપતીને સંતાનો થાય તેની સંખ્યા પણ મર્યાદિત—આ જમાનામાં તો વિશેષે કરીને. એટલી નાની સંખ્યા હોય ત્યાં મેન્ડલના ગુણોત્તર (અં: રેશિયો ઝ) લાગુ પણ ન પાડી શકાય. વળી આ દંપતીને જે સંતાનો થાય તેમની પછીની પેઢીનાં બાળકો—પૌત્રો પૌત્રીઓ—ના અભ્યાસ માટે તો પેલા વિજ્ઞાનીને વરસો સુધી રાહ જોવી પડે—એના વાળ પણ ધોળા થઈ જાય. આમ હોઈ વારસા-વિજ્ઞાનના અભ્યાસ માટે વારસામાં ઊતરતા હોય તેવા રોગોવાળાની વંશાવળીઓ જોવી પડે.

આગળ મેં કહ્યું કે રોગ અગર ખોડના અભ્યાસ દ્વારા માનવીમાં વારસા-વિજ્ઞાનનો અભ્યાસ શક્ય બન્યો છે. એટલે આપણે પહેલાં વિષમગોરણ (અં: ઍબ્નૉર્મલ) વારસાનો વિચાર કરીએ.

આંખના રોગો : આંખ એ એવી ઇંદ્રિય છે કે એમાં થતા રોગોનો અભ્યાસ સહેલો છે. વસ્તુતઃ બીજી ઇંદ્રિયોના રોગોમાં આનુવંશિકતા કેટલો ભાગ ભજવે છે તે વિષે આપણું જ્ઞાન મર્યાદિત છે, પરંતુ આંખના ઘણા રોગો વિષે કંઈક વધારે જાણીએ છીએ. રતાંધળાપણું એ એવો રોગ છે. કેટલાક લોકો જન્મથી જ રતાંધળા હોય છે. રતાંધળા મનુષ્યનું બહુ અચ્છું ચિત્ર દલપતરામના 'મિથ્યાભિમાન' નાટકમાં મળે છે. નેટલશિપ નામના સંશોધકે લગભગ બે હજાર માણસોની હકીકત ભેગી કરીને એક મોટી વંશાવળિ બનાવી હતી—કદાચ બીજા કોઈ રોગની આવડી મોટી વંશાવળિ નોંધાઈ નહિ હોય. આ રોગ પ્રભાવી (ડ: ડૉમિનન્ટ) છે.

મોતિયો : ઘડપણમાં જે મોતિયો થાય છે તે વારસામાં ઊતરે છે કે નહિ તે કહેવું મુશ્કેલ છે. પરંતુ જે મોતિયા જન્મપ્રાપ્ત હોઈ નાનાં બાળકોમાં દેખાય છે, તે મોતિયા વારસામાં ઊતરે છે. આ ખામી પ્રભાવી છે. પ્રખ્યાત નેત્રનિષ્ણાત ડ્યુક એલ્ડર તો એટલે સુધી કહે છે કે આવા મોતિયાવાળાએ નહિ પરણવું જોઈએ—અર્થાત્ આ રોગ વારસાગત છે તે વાત નિઃશંક છે.

(ક્રમશઃ)

વહાલા શિશુને

જયન્તીલાલ આચાર્ય

ફૂટ્યો વ્હાલા મુજ હૃદયના આંગણે ફૂલ જેમ ?
કે પંખી શો મથત ઉડવા ક્લાન્ત કીધો વિસામો ?
કે દાદાનું બિરુદ અમથું અર્પવા વ્હાલસોયું
ખોળાને આ સભર ભરીને દર્દનું દાન દીધું ?

જન્મ્યો દર્દી ! અકળ દરદે ઊંહકારો કરંતો,
ઘેલી દાદીતણી હરખની શુશ્રૂષાને વહંતો,
માસીના વા ઉરઉમળકે ચુંબનો કૈં ઝીલંતો,
ને માતાની અમીવરસતી ધાર હોઠે ભરંતો !

"મારો મુન્નુ મધુર મીઠડો ઝૂલશે પારણામાં,
ગાશું હાલો, રમત રમશું,"—સ્વપ્ન કૈં સેવતી શી
હર્ષે માસી ટગમગ થતાં નેત્ર મૂંગાં નિહાળી,
"ને ખોયામાં પરમ દિવસે હીંચશું પ્રાણપુષ્પ !"

સ્વપ્નોના એ સહુ અભરખા રીત શી હા પૂરાય ?
ખોયું આ તો અહીં રહી ગયું ને થયો તું વિદાય !

કપડવણજ,
૯-૪-૧૯૬૦

ફેરી મૂલ્યાંકન

વૈદ્ય ઓચ્છવલાલ કૃ. ભટ્ટ

[ગતાંકથી ચાલુ]

૮ આહાર અને આહારવિધિ : આહાર ઉપર તો ઘણાં પુસ્તકો લખાયાં છે, ટૂંકમાં સારી રીતે બનાવેલ, અનુકૂળ ગંધ, રસ, રંગ અને સ્પર્શવાળો, સ્નિગ્ધ, મધુર રસ-પ્રધાન આહાર કે અન્ન પ્રાણીઓનો પ્રાણ છે :

इष्ट गन्धवर्णरसस्पर्श विधि विहितमन्नपानं प्राणिनां प्राणमाचक्षते कुशला: । (चरक)

વળી હિતાહાર અને મિતાહારથી જ વ્યાધિઓ થતા નથી, જીવન દીર્ઘ બને છે. સારા અને યુક્તિપૂર્વક તથા શાંતિપૂર્વક સેવેલ અન્નપાનથી શરીર બંધાય છે. અને અહિત તેમજ જેમ તેમ અશાન્ત રીતે કરેલ અન્નના સેવનથી રોગો થાય છે. આથી જ આહારના વિધિ-નિષેધો અને અનશન વ્રતો તથા નિયમો આયુર્વેદ તેમજ ધર્મશાસ્ત્રે બતાવ્યાં છે. જે તે પ્રકારનું, કાળે અકાળે, સ્થાને અસ્થાને, અને શરીર-દેશ-કાળ-માત્રા ઈત્યાદિનો વિચાર કર્યા વિના અન્નપાનનું સેવન આજ ચોતરફ થઈ રહ્યું છે. ધર્મ અને શાસ્ત્રને ગપગોળા ગણી અશનલોલુપો કે ધન કે સત્તાલોલુપો આચાર વિચારનો ત્યાગ કરે છે. વળી આજે સ્વચ્છ, શુધ્ધ, તત્ત્વવાળો, યુક્તાહાર મેળવવો મુશ્કેલ થયો છે. દરેક બાબતમાં ભેળસેળ તો ખરી જ અ થી અનેક રોગો થાય છે અને થવાના જ. પછી પાન્ડુ, ક્ષય, કેન્સર, એસિડિટી, સંગ્રહણી, વાતવ્યાધિ, સંધિવા, એવા રોગો જન્મે ત્યારે રીસર્ચ કરવા દોડીએ છીએ-બહારથી રસીઓ અને ઈન્જેક્શનો મંગાવી લોકો પર લાદીએ છીએ-ડોકટરો અને વૈદો લોકોની આ અજ્ઞાન અને અસહાય સ્થિતિનો લાભ લઈ ખીસ્સાં કાતરવા તૈયાર થઈ જાય છે. વળી જગતમાં જે વિસંવાદ જોવામાં આવે છે તેનું મૂળ તો મનુષ્યોના આહારમાં પડ્યું છે. મહાન યોગશાસ્ત્રી ભગવાન પતંજલિ કહે છે કે " આહારશુધ્ધિથી જ સત્ત્વશુધ્ધિ થાય છે. અને સત્ત્વશુધ્ધિ વડે જ નિશ્ચળ બુધ્ધિ-સ્મૃતિ પ્રાપ્ત થાય છે. " પણ આજની દુનિયાને સત્ત્વશુધ્ધિની જરૂર લાગતી નથી પૈસો, સત્તા, મોજમજાહ, એ જ જીવનનું ધ્યેય ગણાતું જાય છે કેટલાક જરૂરીઆત કરતાં વધુ સંચય કરે છે, જ્યારે કેટલાકને મૂઠી ધાન માટે ફાંફાં મારવા પડે છે! ત્યાં વળી ઘી-દૂધ અને તેલ ચોખ્ખાં તદ્દન સ્વપ્નવત્ છે. સસ્તી રોટીને દેશવટો દઈ પાઉં બિસ્કીટ-તેય મોંઘાં અને વાસી ખવડાવવામાં આવે છે. લોજો કેન્ટીનોમાં ટેબલ, ટેબલ ક્લોથ, ખુરશી, પંખા ઈ૦ બાહ્ય ટાપટીપ હોય છે, પણ આહારની સ્વચ્છતા, બનાવનારની સ્વચ્છતામાં તો મોટું મીંડું. અનેકવાર ભેળસેળના ગુના કરનાર છટકી શા માટે જાય છે? શા માટે અસ્વચ્છ ખોરાક આપતી લોજો કે હોટેલો બંધ કરાવવામાં નથી આવતી? લાગવગ આમાં પૂરો સાથ આપે છે. ખરું તો આહાર એ જ પ્રજા છે. આહાર-અન્નની સુરક્ષા માટે નીચે પ્રમાણે વ્યવસ્થા જરૂર થવી જોઈએ:

(૧) ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારને સખત સજા કરવી. પ્રજાની જીવાદોરી સાથે તેને ચેડાં ન કરવા દેવાય.

(૨) લોજો, કેન્ટીનો, હોટેલો, હોસ્ટેલો-જ્યાં સ્વચ્છ આહાર સ્વચ્છ રીતે ન બનાવાતો કે ન અપાતો હોય તેનાં લાયસન્સ રદ કરી દેવાં.

(૩) સ્કુલોમાં બાળકોને તથા સમસ્ત પ્રજાને રેડીઓ-પ્રદર્શનો-ઇ૦ દ્વારા સ્વચ્છ-સમતોલ અને સાત્વિક આહાર કેમ લેવાય તે શીખવવું. તે શાન્તિથી સમજપૂર્વક ખાય તેમ બતાવવું.

(૪) બધા જ વર્ગનાં મનુષ્યો-સમતોલ અને તાત્વિક ખોરાક ખરીદી શકે માટે ખાદ્ય પદાર્થોનું ભાવનિયમન સરકારે કરવું જોઇએ. મોંઘું અન્ન એ કાંઇ ઊંચું જીવનધોરણ ન કહેવાય.

રોટીના પ્રશ્ને જગતમાં અનેક તાંડવ ખેલાયાં છે. અનેક જાતની બદીઓ-શિયળભંગ, ચોરી, લૂંટ, ગેરરીતિઓ, આપઘાત અને ખુનામરકી પણ તેમાંથી જન્મે છે. છતાં આપણે હજુ ૧૯૭૫માં અન્ન સ્વાવલંબન થવાની દૂરગામી આશા આપીએ છીએ! પણ ગરીબ, મધ્યમ વર્ગનાં અન્નનાં દુઃખ વાતોનાં તાણું કરાવે અને ટેક્સ અને ભાવવધારો ચાલુ રાખે ઓછાં ગમવાનાં છે? ચમકવાળાં વસ્ત્રો પહેરી, હવાઈ જહાજમાં ઊડતા અને કારોમાં દોડતા નેતા કે ધનિક વર્ગને આ વર્ગોનાં દુઃખ સમજાશે નહિ. વળી તેઓ આહારમાં દૂધ, ઘી, ફળ, શાકભાજી આ બધું પૂરતું ક્યારે પામશે તે તો ઇશ્વર જાણે.

૯ વસ્ત્ર પરિધાન—આજે જ્યાં જુઓ ત્યાં અપ-ટુ-ડેટ વસ્ત્રો, નાઈલોન-! બસ નાઇલોન-નો જ પોકાર શોકે કે. મથું ખુલ્લું રાખીએ છીએ અને પગને ઢાંકવા રૂ. ૨૦-૨૫નો ખર્ચ કરીએ છીએ. સૌને છેલબટાઉમાં ખપવું છે. વસ્ત્ર પ્રાથમિક રીતે શરીરના સંરક્ષણ માટે છે, વળી સમાજમાં સ્ત્રી-પુરુષ-મર્યાદા જળવાય તે માટે છે, તથા ધંધા, ઋતુ અને માણસના દરજ્જા પ્રમાણે તેમાં થોડું પરિવર્તન કરવું પડે છે. ઘણી કોમોને પોતાનો ગણવેશ હોય છે. શરીરનાં ગુહ્ય કે અદૃશ્ય અંગો બરાબર ઢંકાય એ પહેલાં વસ્ત્ર પહેરવાનો હેતુ હતો. આજે વસ્ત્ર બારીક પહેરી કે વસ્ત્ર ખસેડી નાખી સ્ત્રી પુરુષો પોતાનાં તે તે અંગોનો જાણીબૂજી દેખાવ કરે છે! શ્રીસ્વામીનારાયણે 'શિક્ષાપત્રી' માં સ્પષ્ટ લખ્યું છે કે જે વસ્ત્રો પહેર્યાં થકી અંગો આરપાર દેખાય તેવું ઝીણું વસ્ત્ર કદાપિ પહેરવું નહિ. જ્યારે આજે તે જ ભગવાનને તેના ભક્તો નાઈલોન પહેરાવી દેકારો કરે છે! યાદ રાખો કે કપડાં સાદાં, શરીરની આમ ઢાંકે એવાં, સ્વચ્છ અને ધંધાને અનુરૂપ પહેરવાં જોઇએ. આજે તો કપડાં પણ ઘણાં મોંઘાં થઈ ગયાં છે ગુજરાત અને બીજા પ્રાંતોમાં કંઈક પ્રજા ચીંથરેહાલ-નગ્ન સ્વરૂપમાં ભટકે છે. ઉનાળાના ધોમધખતા તાપમાં અડવાણા ચાલે છે. આ બધાંને વસ્ત્ર અને પગરખાં મળે તેનો વિચાર પ્રથમ કરીએ. પછી જ આપણને નાઇલોન પહેરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, જો આપણે ખરા સમાજવાદી હોઈએ તો.

૧૦ નિદ્રાઃ—શ્રી ચરક કહે છે કે-निद्रायत्तं बलं पुष्टिं शुक्रयत्तं च जीवितं। નિદ્રાથી બળ મળે છે. અને શુક્રનું રક્ષણ કરવાથી જીવન લાંબું થાય છે. નિદ્રાને આધીન સુખ દુઃખ છે. આયુષ્ય, પુષ્ટિ, બળ, વીર્ય, બધું જ નિદ્રાથી પ્રાપ્ત થાય છે. નિદ્રા ન લેવામાં આવે તો કૃશતા, જડતા, મગજમાં અસુખ, બેચેની, ઇ૦ થાય છે મોડી વહેલી કે દિવસે નિદ્રા કરવાથી પણ સ્વાસ્થ્ય બગડે છે. ઉન્માદ, અપસ્માર, યક્ષ્મા, સંગ્રહણી, પાન્ડુ, ઇ૦ રોગોનો પ્રાદુર્ભાવ આગળ ઉપર થાય છે. આહાર, નિદ્રા અને બ્રહ્મચર્યને જીવનના તથા શરીર-મંદિરના ત્રણ સ્તંભો કહ્યા છે

[અનુસંધાન પૃ. ૨૪૯

ભલામણ

અનુ૦ : સરોજિની મહેતા એમ. એ.

પોતાને આવું મહાભાગ્ય સાંપડશે એવી આશા રાખવાની એની હિંમત જ નહોતી. નાના ગામના મુખીનો દીકરો, ઝાં મારેં, બીજા અનેકની માફક કાયદાનો અભ્યાસ કરવા પેરિસ આવેલો. એક પછી એક જુદાં જુદાં કાફેની મુલાકાત લેતાં ઘણાએક વિદ્યાર્થીઓ સાથે એને મૈત્રી થઈ હતી. બીઅર પીતાં પીતાં એ સૌ રાજકારણની ચર્ચા કરતા. એમને માટે ઝાંને ખૂબ માનવૃત્તિ ઉત્પન્ન થઈ હતી. એટલે સુધી કે જો ગજવામાં પૈસા હોય તો મિત્રોનાં પીણાંનાં બિલ પણ પોતે ચૂકવી આપતો.

ભણ્યા પછી એણે કાયદાની પ્રેક્ટિસ શરૂ કરી. કેટલાક કેસ મળ્યા. પણ બધામાં નસીબે હાર જ મળી. એક દિવસ છાપામાં વાંચ્યું કે એના વિદ્યાર્થી દિવસોનો એક મિત્ર ડેપ્યુટી (અમલદાર) નીમાયો હતો એટલે ઝાં તો એનો તાબેદાર થઈને રહ્યો. કંઈ પણ મુશ્કેલ કામ હોય તો ફેરા આંટા ખાઈને પણ કરી આપે, જરા જેટલી પણ જરૂર હોય તો એ મિત્ર તેડવા મોકલે. એની સાથે કોઈ જાતનું પારકાપણું નહિ.

રાજકારણની ચાલબાજીને પરિણામે એ અમલદાર એકદમ પ્રધાન નીમાયો. છ મહિના પછી ઝાં મારેં સ્ટેટ કાઉન્સિલર (સરકાર નિયુક્ત ધારાસભ્ય) બન્યો.

આ નિમણૂકથી ઝાં એટલો તો ફુલાઇ ગયો કે મગજ જ ખોઇ બેઠો ! લોકોને દેખાડવા જ રસ્તામાં ફરવા નીકળે—જાણે એના ઉપર નજર કરવાથી લોકોને ખબર પડવાની હોય કે આ ધારાસભ્ય છે ! પોતાના ઓળખીતા અને વગર ઓળખીતા દુકાનદારોને અને ભાડુતી ગાડીવાળાને સુદ્ધાં કહે કે " હું ધારાસભ્ય છું ને તો..." વગેરે. નવી મળેલી સત્તાને લઇને સૌ કોઈના ઉપર મુરબ્બીવટ કરવા ખૂબ જ ઉત્સુક રહેતો. જે કોઈ મળે તેને ગમે ત્યારે મદદ કરવા માટે પૂછે ને તે પણ ખૂબ ઉદારતાથી.

રસ્તામાં કોઈ ઓળખીતો નજરે પડયો કે એના તરફ સીધી દોટ મૂકી જ છે. ખૂબ ખુશાલીમાં આવી જઇ એની સાથે હાથ મિલાવે, એની તબિયતની ખબર પૂછે ને જવાબની વાટ જોયા વિના જ બોલી ઊઠેઃ " તમને ખબર છે ને કે હું સ્ટેટ કાઉન્સિલર નીમાયો છું. તમારી સેવામાં હાજર છું. મારે લાયક કંઇ કામ હોય તો વિના સંકોચે જરૂર કહેજો હોં ! મારી પદવી એવી છે કે મિત્રો માટે ઘણું કરી શકાય. "

એ મિત્રને લઇ નજીકના કાફેમાં જાય અને કાગળ અને શાહી કલમ મંગાવે. " વેટર, એક જ કાગળની જરૂર છે. જરા આમને એક ભલામણની ચિઠ્ઠી આપવી છે. "

આવી ચિઠ્ઠીઓનો પાર ન રહ્યો. દિવસમાં વીસ, પચીસ ને કોઈ વાર પચાસ પણ થઈ જતી ! નાની મોટી હોટેલો ને ફેશનેબલ રેસ્ટોરાં, બધે જ બેસીને ચિઠ્ઠીઓ લખી આપતો. જાતજાતના અમલદારો પર લખનો—મેજિસ્ટ્રેટથી માંડી પ્રધાનો સુધી. અને પોતાના અંતરમાં અત્યંત પ્રસન્ન રહેતો.

એક દિવસ કાઉન્સિલની ઓફિસમાં જવા નીકળ્યો ને વરસાદના છાંટા શરૂ થયા. પહેલાં તો ગાડી કરવાનો વિચાર કર્યો પણ પછી માંડી વાળ્યું ને ચાલતા જવાનું ઠરાવ્યું.

ઝાપટું તો ખૂબ જોરમાં પડવા મંડયું ને રસ્તા જળબંબાકાર થઈ ગયા. મારેંને એક મકાનના બારણામાં આશરો લેવો પડ્યો. એક ધોળા વાળવાળો પાદરી પણ ત્યાં વરસાદથી બચવા ઉભેલો હતો. સ્ટેટ કાઉન્સિલર નીમાયા પહેલાં માને પાદરી લોકો પર ખાસ ભાવ નહોતો. પણ હમણાં એક વખત એક મોટા કાર્ડિનલ–મુખ્ય ધર્મગુરુએ એની સલાહ લીધી ત્યારથી પાદરીઓ માટેની લાગણી વધી ગઈ હતી.

વરસાદ તો એટલા જોરથી પડવા મંડ્યો કે બન્નેને બારણામાંથી ખસીને અંદર સિપાઈની ઓરડીમાં આશ્રય લેવો પડ્યો. પોતાની જાહેરાત કરવાનો લોભ શ્રીયુત મારેંથી છોડાયો નહિ.

"પાદરી સાહેબ, હવા ઘણી ખરાબ છે."

પાદરીએ માથું હલાવી કહ્યું: "હાજી. ને તેમાંએ થોડા દિવસ માટે પેરિસ આવ્યા હોઇએ ત્યારે તો એનો બહુ જ કંટાળો આવે."

"હં—ત્યારે તમે બહારગામથી આવો છો?"

"હાજી. હું તો બેચાર દિવસ માટે જ આવ્યો છું."

"ખરેખર, બેચાર દહાડા સારુ માણસ આવે ને ત્યારે હવાપાણી આવાં ખરાબ હોય તો તો બહુ જ કંટાળો આવે. અમે ઓધ્ધેદારો તો રોજ પેરિસમાં રહીએ એટલે અમને એવું કંઈ ન લાગે."

જવાબ દીધા વગર પાદરીએ રસ્તા તરફ જોયું ને વરસાદ ઓછો થતો હોય એમ લાગવાથી ચાલવા માંડ્યું. એને જતો જોઈ મારેંએ બૂમ પાડીઃ "અરે, પલળીને લચકાબોળ થઈ જશો. જરા વાર ઊભા રહો. હમણાં વરસાદ બંધ પડશે."

પાદરી જરા ખચકાયો ને પછી બોલ્યોઃ "પણ મારે બહુ ઉતાવળ છે. મારે ખાસ જરૂરી કામ છે."

"પણ આમ તો તદ્દન પલળી જશો. ક્યાં જવું છે?" જરા અચકાઇને પાદરીએ કહ્યું: "પેલે રૉયાલ (શાહી મહેલ) તરફ જાઉં છું."

"તો તો રજા આપો તો મારી છત્રી તમને ઓઢાડું, પાદરી સાહેબ. હું સ્ટેટ કાઉન્સિલમાં જ જાઉં છું. હું સ્ટેટ કાઉન્સિલર છું."

ઘરડો પાદરી મારેં તરફ તાકીને ઘડીક જોઈ રહ્યો ને પછી બોલ્યોઃ "બહુ આભાર સાહેબ. તમારી માગણી સ્વીકારું છું."

પાદરીનો હાથ પકડી મારેંએ ચાલવા માંડ્યું ને આખે રસ્તે એને શીખામણ આપતો રહ્યોઃ "જોજો, ગટર છે, સંભાળજો. અને ગાડીનાં પૈડાંથી તો આઘા જ રહેજો. નહિ તો તમારા ઉપર કીચડનો છટકાવ કરી દેશે! છત્રીઓ તરફ નજર રાખતા રહેજો—સળિયા આંખમાં ન ભોંકાય. તેમાં યે આ બૈરાંને તો જરાએ દરકાર નથી હોતી–ભલે એમની છત્રીઓ બીજાને ગમે ત્યાં વાગે; પોતે જરા ખસીને પણ નહિ ચાલે. જાણે આખું ગામ પોતાના બાપનું હોય એમ સમજે છે. મને લાગે છે કે એમની કેળવણી પર બિલકુલ ધ્યાન અપાયું નથી." અને એમ કહી શ્રી મારેં ખી–ખી કરતા હસ્યા.

જવાબ દીધા વગર પાદરી તો ચાલ્યા કરતો હતો. કપડાં બગડે નહિ માટે ધીમે ધીમે જ્યાં જરા કોરી જગા દેખાય ત્યાં પગ મૂકી ચાલતો.

શ્રી મારેંએ વાગ્ધારા ચાલુ રાખી: "પેરિસમાં તો આરામ લેવા જ આવ્યા હશો."

"ના કામ છે."

"બહુ જરૂરી છે? શું કામ છે તે પૂછું તો વાંધો છે? મારાથી મદદ થઈ શકે તેવું હોય તો બહુ ખુશીથી કરીશ."

પાદરી જરા મુંઝવાયો હોય એમ લાગ્યું.

"અં–એ તો જરા અંગત બાબત છે. જરા મારા બિશપ સાથે મુશ્કેલી ઊભી થઈ છે: એક ફેંસલો કરવાનો છે—અમારા ધર્મમંડળ સંબંધી.છે."

મારેંજીની આતુરતા વધી ગઈ. "અરે, એવી બાબતોનો નિર્ણય તો સ્ટેટ કાઉન્સિલમાં જ થાય છે. મારી મદદ લો તો સારું."

"હાજી. હું સ્ટેટ કાઉન્સિલમાં જ જાઉં છું. આપની ઘણી મહેરબાની. મોસ્યોર લેસ્પેર અને મોસ્યોર સાવોને મળવાનું છે. અને કદાચ મોસ્યોર પતીપાને પણ મળું."

શ્રીયુત મારેં ચાલતાં ચાલતાં ઊભા રહી ગયા. "અરે—એ તો બધાએ મારા મિત્રો છે—મારા ખાસ જાની મિત્રો. બધા બહુ અચ્છા આદમીઓ છે. હું તમારે માટે ભાર મૂકીને ભલામણ કરીશ; મારા પર ભરોસો રાખજો."

પાદરીએ ખૂબ જ આભાર માન્યો.

મારેં બોલી ઊઠ્યો: "આભાર માનો તમારા નસીબનો કે અકસ્માત મારો ભેટો થઈ ગયો. જોજો ને બધું કેવું સરળતાથી પાર પડે છે તે."

વાતો કરતા બન્ને સ્ટેટ કાઉન્સિલમાં આવી પહોંચ્યા. મોં. મારેં પાદરીને પોતાની ઓફિસમાં લઈ ગયા અને એને સગડી નજીક બેસાડી પોતે ટેબલ આગળ બેઠા અને લખવા માંડ્યું:

"વહાલા મિત્ર—એક બહુ જ લાયક, ભલા પાદરીની ભલામણ કરવા રજા લઉં છું. એમનું નામ—"

અને ઊંચું જોઈ પાદરીને પૂછ્યું: "આપનું નામ?"

"આબે સેંત્તુર."

શ્રીયુત મારેંએ કલમ આગળ ચલાવી: "આબે સેંત્તુરને એક કામમાં તમારી થોડી મદદની જરૂર છે. વિગતો તમને એ જણાવશે. પ્રિય મિત્ર, કોઈનું ભલું કરવાની આ તક મળી તેથી બહુ ખુશ થયો છું."

અને આવી ત્રણ ચિઠ્ઠીઓ લખી પાદરીને આપી. પાદરી વાંકો વળી વળી અનેક વખત આભાર માનતો ચાલ્યો ગયો.

ઓફિસનું કામ કરી શ્રી મારેં ઘેર ગયા અને શાંતિથી દિવસ પસાર કરી રાત્રે નિરાંતે ઊંઘ્યા. સવારે ઊઠ્યા ત્યારે ખૂબ આનંદમાં હતા. અને હાથ મોઢું ધોઈ પ્રસન્નચિત્તે છાપાં વાંચવા બેઠા. પહેલું પેપર ખોલ્યું તે એક ઉદ્દામ પક્ષનું હતું. આગલા જ પાના ઉપર મોટા અક્ષરે લખેલું મથાળું નજરે પડ્યું—

"આપણા ધર્મગુરુઓ અને ઓહ્દેદારો"

"ધર્મગુરુઓનાં અપકૃત્યોનો કોઇ પાર જ નથી. સેંત્પુર નામનો પાદરી, જે રાજ્યની સામે કાવતરું કરવા માટે જેલમાં જઇ આવ્યો છે અને જેણે એવાં કાળાં કામો કર્યાં છે કે અમે તે અત્રે છાપી પણ શકતા નથી, અને પહેલાં પણ એને પાયરી પરથી નીચે ઉતારી મૂકયો હતો એવો શક છે તથા હમણાં પણ જેને એના બિશપે વર્ણવી પણ ન શકાય એવાં કારણો માટે પદભ્રષ્ટ કર્યો છે, તેને સ્ટેટ કાઉન્સિલર શ્રી મારેંએ પાંખમાં લીધો છે અને આવા બદમાશને ત્રણ અમલદારો ઉપર ભલામણની ચિઠ્ઠીઓ આપી છે. સ્ટેટ કાઉન્સિલરના આ વર્તન તરફ અમે પ્રધાનોનું લક્ષ દોરીએ છીએ."

શ્રી મારેં કૂદકો મારી ઊભા થયા, છાપું જોરથી પછાડ્યું અને દોડ્યા પોતાના મિત્ર પતીપાને ત્યાં. એને જોતાં જ મિત્ર ગાજી ઊઠયોઃ "તમારી અક્કલ ગૂમ થઇ હતી કે શું? આવા ભામટાની મને ભલામણ કરી?"

ગભરાટના માર્યા મારેંજી બોલી ઊઠયાઃ "ના, ના, હું પોતે જ છેતરાઇ ગયો. મોઢા ઉપરથી કેવો ભલો દેખાતો હતો. મને બનાવી ગયો—ખરેખર બહુ શરમજનક રીતે મને બનાવી ગયો. હવે તો મારી તમને એ જ વિનંતી છે કે એને સખતમાં સખત શિક્ષા કરો. હું જાતે જ એટોર્ની જનરલ અને પેરિસના આર્ચ બિશપને મળીશ—હા આર્ચ બિશપને જ."

અને ત્યાં જ મિત્રના ટેબલ ઉપર બેસી ચિઠ્ઠી લખવા માંડીઃ–"મહેરબાન સાહેબ, આપને જણાવવાની રજા લઉં છું કે આબે સેંત્પુર નામના પાદરીનાં જુઠાણાં અને કાવતરાંનો હું ભોગ બન્યો છું. બેશરમપણે એણે મારા વિશ્વાસનો લાભ લીધો. એની આજીજીથી હું ભોળવાયો" વગેરે.

અને કાગળ પૂરો કરી પોતાની સહી કરી મિત્ર તરફ ફરીને કહ્યુંઃ "જુઓ ભાઇ, આનાથી તમને શીખામણ મળી ને કે કદી પણ કોઇની ભલામણ કરવી નહિ।"

[ગાય દ મોપાસાની વાર્તા ઉપરથી]

[અનુસંધાન પૃ. ૨૪૫

૧૦. વૃત્તિ ઉપાયો=ધંધોરોજગારઃ—આયુર્વેદ કહે છે: वृत्ति उपायान् निषेवेत् ये स्युः धर्माऽविरोधिन.—ધર્મથી અવિરુદ્ધ એવો જીવનનિર્વાહનો રોજગાર કરવો. જેમકેઃ અધ્યયન, અધ્યાપન, કૃષિ, ગોરક્ષા, વાણિજ્ય, સેવા–ચાકરી પણ આજે તો જ્યાં જુવો ત્યાં, છળ–અનીતિ વાળા જ પૈસા પાત્ર થઈ પડ્યા છે. મોટાં મહાલયો અને ગાડી-કાર નીચે બહુધા પાયામાં અપ્રામાણિકતા અને ઠગાઇ જ હશે. સૌને એક જ રાતમાં ધનાઢ્ય થવાની લગની છે; પણ જ્યારે લુંટાનાર (exploited) જાગૃત થશે ત્યારે બધું જમીનદોસ્ત થશે. માટે હમેશાં યાદ રાખો કે નીતિથી પ્રાપ્ત કરેલ ધન જ ટકી રહે છે:

સહેજ મિલા સો દૂધ બરાબર, મંગ લીયા સો પાની;
ખીંચ લીયા સો રગત બરાબર ગોરખ બોલે વાણી.

આમ કેટલાક દૈનિક આચારોનું મૂલ્યાંકન કર્યું, જે આચરતાં પ્રજાજીવનને તંદુરસ્ત અને ધર્મમય તથા ઉજ્જવલ જરૂર બનાવશે.

★

આરોગ્યની દૃષ્ટિએ

ગોળ ને ખાંડના ગુણ-દોષની ચર્ચા

વૈદ્ય પ્રાગજી મોહનજી રાઠોડ

"છેલ્લા કેટલાક વખતથી મારા મનમાં એક પ્રશ્ન ઘોળાયા કરે છે. તમે જાણો છો કે આજે દેશ અને દુનિયામાં દિવસે દિવસે ખાંડનું ઉત્પાદન વધી રહ્યું છે. એનો વપરાશ પણ અનેક ગણો વધી ગયો છે અને પરિણામે ગોળ અને ગોળની બનાવટો તરફ એક પ્રકારનો અણગમો, ઉપેક્ષાવૃત્તિ પેદા થઈ છે. શું ખરેખર ગોળ કરતાં ખાંડ વધારે હિતકર છે? કે પછી આ સંબંધમાં લોકોની માન્યતાઓ ભ્રમણાઓથી ભરેલી છે? આરોગ્યની દૃષ્ટિએ ગોળ અને ખાંડનો વિચાર કરીએ તો હિતકર શું ગણાય? શા માટે એના ગુણદોષની ચર્ચા કરીને તમે આ સંબંધમાં યોગ્ય માહિતી ન આપો? સરકાર જે રીતે આ ઉદ્યોગને અનુમોદન આપે છે તે સંયોગોમાં આજે ગોળનું ઉત્પાદન ઘટ્યું છે. એનો વપરાશ પણ ઓછો થયો છે. એટલે પણ મારા જેવા અનેક માણસો એના ગુણ-દોષની સાચી માહિતીની ભ્રમણામાં રહ્યા કરે છે આજે તો એવી પણ એક ઉક્તિ પ્રચલિત થઈ રહી છે કે 'ખાંડ વિનાની રાંડ રસોઈ.' આ બધું પ્રાચીન સંસ્કારથી વિચારનારી બુદ્ધિ સ્વીકારતી નથી અને છતાં ય એ સ્વીકાર્યા વગર છૂટકો નથી એવી વૈજ્ઞાનિક હરણફાળ નજરે પડે છે ત્યારે મતિ મૂંઝાય છે. વિસ્તૃત રીતે આ પ્રશ્નની ચર્ચા કરશો તો આભારી થઈશ."

— મનુભાઈ

તમારી સંવેદના હું સમજી શકું છું. ખાંડ અને ગોળ બન્ને એક જ પ્રકારના ખોરાકમાંથી બનાવવામાં આવતાં પૃથક્ પૃથક્ ગુણ-દોષવાળાં ખાદ્ય ઘટકો છે. ગોળ આજે ઓછો થઈ રહ્યો છે અને ખાંડનો વપરાશ વધી રહ્યો છે. તેનાં કારણોમાં સૌથી પ્રધાન-પણે જોઈએ તો મને તો કેવળ સ્વાદની પસંદગી જ કારણભૂત લાગે છે. કોણ જાણે કેમ પણ આજના વિજ્ઞાનયુગમાં જેમ અનેક પ્રકારના ખ્યાલો બદલાયા છે, તેમાં ખોરાક અંગેના ખ્યાલો પણ વિકૃત થયા છે.

સૌથી પહેલાં એ જોઈએ કે રોજિંદા જીવનમાં પણ ગળપણ શા માટે લેવું જોઈએ? ખોરાકશાસ્ત્રમાં મધુર રસને વૈજ્ઞાનિક રીતે જોઈએ તો કાર્બોહાઈડ્રેટ્સ ગણવામાં આવ્યા છે. માનવી જીવનમાં આ કાર્બોહાઈડ્રેટ્સ-ખોરાકના પાચન માટેની ગરમી પૂરી પાડે છે. રક્ત કણોમાં ગ્લુકોઝ દ્વારા સ્નાયુઓમાં ખોરાકનું જ્વલન કાર્ય નિયમિત રાખે છે. અને એ રીતે માનવ શરીરની ગરમી હૂંફ ટકાવી રાખે છે.

આ ગળપણના જુદા જુદા પ્રકારો નક્કી કરવામાં આવ્યા છે: દ્રાક્ષ શર્કરા, ફળ શર્કરા, મધુ શર્કરા, દુગ્ધ શર્કરા, ઘાસ શર્કરા, ઈક્ષુ શર્કરા—આ દરેકને કેવળ મધુર રસની દૃષ્ટિએ જ વિચારવાને બદલે એમાં સંપૂર્ણ ખોરાકની દૃષ્ટિએ જ વિચાર કરવો જોઈએ અને તો જ આપણે ખોરાકના મૂલ્યની દૃષ્ટિએ એને ન્યાય આપી શકીએ. આ દરેક પ્રકારનું-ખોરાકનાં પાચન અને પોષણની દૃષ્ટિએ વિશિષ્ટ મૂલ્ય નક્કી થયું છે. કેટલીક મધુરતા જલદી પચે છે, તો કેટલીક મધુરતાને પચવાને માટે વિલંબ થાય છે. અને તેમાં ય જ્યાં સુધી એમાં વિશિષ્ટ પ્રકારના અંતઃસ્ત્રાવી રસો ન ભળે ત્યાં સુધી એ પચતી પણ નથી.

અને આથી જો આ પથ્યા વિનાની મધુરતાનો માનવ શરીરમાં સંગ્રહ થઇ જાય તો આપણે જાણીએ છીએ તેમ કેટલાક રોગો પેદા થાય છે-ખાસ કરીને ચામડીના રોગો, સ્નાયુઓના રોગો, મધુ પ્રમેહ વગેરે ગણવામાં આવ્યા છે.

આપણો મહત્તનો પ્રશ્ન એ છે કે ખાંડ અને ગોળમાં આરોગ્યની દૃષ્ટિએ હિતકર શું છે? આ સંબંધમાં નીચેના આંકડાઓ અને વિધાનો આપની માહિતી માટે આપું છું.

ખાંડ અને ગોળ બન્ને શેરડીમાંથી પેદા થનારા પદાર્થો છે. પણ ગોળ કરતાં ખાંડમાં જે રાસાયણિક પ્રક્રિયાને કારણે શુદ્ધિકરણ થાય છે, એથી શેરડીમાં રહેલી અન્ય પોષક શક્તિ દૂર થાય છે. અને કેવળ મધુરતા જ રહે છે. આ મધુરતા પણ અન્ય ઘટકોથી સંમિશ્રિત નહિ પણ કેન્દ્રિત બને છે. અને પરિણામે ઠીક તીવ્ર ઉગ્ર થાય છે. ખાંડનું ગળપણ ગોળ કરતાં વધારે છે કારણ કે એમાં કેવળ ગળપણ જ કેન્દ્રિત કરવામાં આવે છે. આ કેન્દ્રિત ગળપણ સંબંધમાં નીચેનો એક અભિપ્રાય રજૂ કરું છું.

ખોરાકશાસ્ત્રના નિષ્ણાત રોબર્ટ મેક કેરીશન એમના 'ફૂડ' નામના લઘુ ગ્રંથમાં લખે છેઃ "જ્યારે વિશેષ પ્રમાણમાં મધુર રસો લેવામાં આવે છે ત્યારે એનો વધારાનો જથ્થો આંતરડામાં સંગ્રહાય છે અને પરિણામે એમાં ગેસ વધે છે. આંતરડામાં એક પ્રકારની અળસ પેદા કરે તેવી અમ્લતા ઉત્પન્ન થાય છે. આથી અજીર્ણ, અપચો ને ઝાડા જેવાં દરદો પેદા થાય છે. મધુર રસનું વિશેષ પ્રમાણ ખોરાકનાં બીજાં પોષક ઘટકોનું પાચન ને શોષણકાર્યને પણ અવરોધે છે. આવી મધુરતાથી દાંતમાં સડો પેદા થાય છે અને કેટલીક વખત એમાંથી ઉત્પન્ન થતી ચરબી બેડોળપણું પણ નોતરે છે. મધુર રસનાં પાચન માટે પ્રજીવક બી આવશ્યક છે. પણ સફેદ સાકરમાંથી આ તત્ત્વોનો નાશ થાય છે અને પરિણામે મધુર રસોનું પાચન-શોષણ પણ મંદ પડે છે."

પ્રાતઃસ્મરણીય ગાંધીજીએ ખોરાકશાસ્ત્ર ઉપર અનુકરણીય માર્ગદર્શન આપે તેવો એક લઘુ ગ્રંથ તૈયાર કર્યો છે. ખોરાક અને ખારાકના સુધારામાંથી નીચેની નોંધ રજૂ કરવાનું મન થાય છેઃ

કેન્દ્રિત સાકર એ કુદરતી ખોરાક નથી. ખાંડમાં જે તત્ત્વો નથી તે ગોળ કે જૂની સાકરમાંથી મળે છે. આ તત્ત્વો આ પ્રમાણે છેઃ

પ્રજીવક... ... ...B	ચૂનો... ... ...૦·૦૫
... ...૩·૬	ફોસ્ફરસ ... ...૦·૩૮
ચરબી ... ... ૦·૬	મેગ્નેશિયમ-લોહ...૧૧·૪૦
ખનીજ ક્ષારો ... ...·૬૫	

રોજિંદા જીવનમાં સાકરનું તત્ત્વ લેવાનું વધ્યું છે. તેના પરિણામે નીચેના રોગો પણ ઠીક મોટા પ્રમાણમાં વધી રહ્યા છે. આ રોગોમાં દાંતના રોગો, ચરબી વધવાના રોગો, ખોટી ગરમીના રોગો, જ્ઞાનતંતુના રોગો અને વિશેષ રીતે ચયાપચયના રોગો પેદા થાય છે. રોજિંદા જીવનમાં માણસ જે ખાય તેનું શરીરસંવર્ધનમાં-જીવનશક્તિમાં પરિવર્તન થાય છે અને એમાંથી છૂટા પડેલા મળ દ્રવ્યો શરીરરચનામાંથી બહાર ફેંકાઈ જાય. એવી પ્રક્રિયા પેદા કરવામાં સાકર અવરોધાત્મક સ્થિતિ પેદા કરે છે.

સાકરનો એક વિશેષ દોષ શરીરનાં શુદ્ધ તત્ત્વોનો નાશ કરવાનો છે. આપણે આગળ જોયું તેમ, સાકર એક વિશિષ્ટ પ્રકારની અમ્લતા પેદા કરે છે જેને ઓગ ઝેલિક એસિડ કહેવામાં આવે છે. આ અમ્લતા એવા પ્રકારની છે કે જો એમાં ચૂનાનાં તત્ત્વો ભળે તો જ શરીરરચનામાંથી દૂર થાય. આમ ચૂનાનાં તત્ત્વોને ભોગે એ દૂર થાય. એટલે એનું સીધું પરિણામ એ આવે છે કે સાકર ખાનારનાં હાડકાં નબળાં પડે છે. અને પરિણામે શરીર-સંવર્ધનથી એક અવરોધાત્મક સ્થિતિ પેદા થાય છે.

ગોળમાં જે ઉત્તમ પ્રકારનાં ખનીજ તત્ત્વો મળી શકે છે તે સાકરમાં મળતાં જ નથી એટલે એક વિશિષ્ટ સ્થિતિ એ પણ પેદા થતી જોવામાં આવી છે કે આજે દિવસે દિવસે માનવીની જાતીય જીવનશક્તિ ક્ષીણ થતી જાય છે. જાતીય ઉશ્કેરાટ – ઉત્તેજના તીવ્ર બને છે. અને છતાંય કેમ જાણે માનવી જીવનમાંથી જાતીય જીવનશક્તિનો હ્રાસ થઈ રહ્યો હોય એવું જોવા મળે છે. મારા વૈદકીય વ્યવસાયમાં આજે જે પ્રકારના નાઉમેદ, નાહિમ્મત લોકો જોવા મળ્યા છે અને જે પ્રકારની જાતીય દવાઓ ઉપર જીવન જીવવાની વૃત્તિ જાગ્રત થઈ રહી છે તે જોતાં એમાં આજનો ખાંડનો અતિ વપરાશ ઓછેવત્તે અંશે કારણભૂત હોય એમ માનવાનું મન થાય છે.

ખાંડનો આટલો મોટો વપરાશ, એના ગુણતત્ત્વની દૃષ્ટિએ નથી પણ સ્વાદ દૃષ્ટિને આભારી છે. જેમ રોજિંદા જીવનમાં આજે અનેક પ્રકારનાં હલકાં રસસ્વાદોનો ઉપયોગ કરવાની લક્ષ્યામણી સ્થિતિ પેદા થઈ છે, તેવું જ આ ખાંડ માટે પણ કહી શકાય. આજે તો શાકમાં, દાળમાં, સામાન્ય કોઈ પણ ખોરાકમાં, સાકર-ખાંડ નાખવી અનિવાર્ય બની ગઈ છે કારણ કે એ પ્રકારનો સ્વાદ કરવાની ટેવ પડી છે. લોકોને ખાંડના લાડુ ગમે છે પણ ગોળના લાડુ ગમતા નથી. આ નહિ ગમવાનું કારણ કેવળ સ્વાદની સમજણ છે.

શેરડીમાં જે સંરક્ષણાત્મક શક્તિ આપવાની ગુણશક્તિ છે તે ખાંડમાંથી મળતી નથી એ સ્પષ્ટ અને વૈજ્ઞાનિક સત્ય હોવા છતાં ય આજની સરકાર ખાંડનાં કારખાનાં જ વધારી રહી છે તે જોતાં એટલું જ કહેવું જોઈએ કે આજની સરકારની દૃષ્ટિ અર્થતંત્ર ઉપર છે—માનવીના આરોગ્યને ભોગે એનો પ્રચાર થઈ રહ્યો છે.

આજનાં પ્રજીવક ગોળીનાં ઓષધો, આજના ખનીજ ક્ષારોની બનાવટો અને અનેક બીજા તૈયાર રાસાયણિક ખનિજો મેળવીને ખાંડના ઉપયોગને પરિણામે પેદા થતી ખામી પૂરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે! આજે મેંદાનો વપરાશ વધ્યો છે; ઘઉંનો વપરાશ ઘટ્યો છે: એની પાછળ પણ આ જ માનસ પડ્યું છે.

એક બાજુથી ગૃહઉદ્યોગનો વિચાર કરવો છે જ્યારે બીજી બાજુ ખાંડનો ઘોડાપૂરના વેગે પ્રચાર કરવો છે! આ સ્થિતિ આપણને ક્યાં લઈ જશે એ તો આવતી કાલનું ભાવી કહેશે. પણ આજે તો એટલું જ કહેવું જોઈએ કે સત્ત્વ છોડીને નિસત્ત્વ ખાવાનો આજનો વૈજ્ઞાનિક જમાનો છે. વિચારવંત લોકો આ પ્રશ્નને વિચારે એવી અપેક્ષા રાખીએ. તમે આ પ્રશ્નની ચર્ચા કરવાની તક આપી એ માટે આભાર.

***

આ પ્રશ્ન ઉપર ગુજરાતની અધિકારી વ્યક્તિઓ વિશેષ પ્રકાશ પાડે. આ પ્રશ્નને શાસ્ત્રીય રીતે ચર્ચતા લેખો મોકલવા આમંત્રણ આપું છું. —સંચાલક

પ્રકાશક : રણછોડલાલ કેસુરભાઈ મિસ્ત્રી, ૧૨/અ, ભારતીનિવાસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ.
મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ.
તા. ૧-૧૦-૧૯૬૨

The PRASTHAN
Regd. No. G.

